

पूर्वमहर्षिविरचितः

योगसारः

पद्मीयवृत्ति-तद्गुर्जरभावानुवाद-विभूषितः

प्रथमो भागः

प्रेरकाः

परमपूज्य-वैराग्यदेशनादक्ष-आचार्यदेव-

श्रीमद्विजय-हेमचन्द्रसूरीश्वराः

पूर्वमहर्षिविरचितः

योगसारः

पद्मीयवृत्ति-तद्गुर्जरभावानुवाद-विभूषितः

प्रथमो भागः

प्रेरकाः

परमपूज्य-वैराग्यदेशनादक्ष-आचार्यदेव-श्रीमद्विजय-

हेमचन्द्रसूरीश्वराः ।

मूलसंशोधको वृत्तिकारो भावानुवादकारः सम्पादकश्च

परमपूज्य-श्रीसीमन्धरजिनोपासक-आचार्यदेव-श्रीमद्विजय-

हेमचन्द्रसूरीश्वराणां

शिष्याणुः

मुनिरत्नबोधिविजयः

003057
04.13

प्रकाशकः

श्रीजिनशासनआराधनाट्रस्टः

मुम्बई

प्राप्तिस्थानम्

श्रीजिनशासनआराधनाट्रस्टः

- **श्री चन्द्रकुमारभाई जरीवाला**
  दुकान क्र. ६, बद्रिकेश्वर सोसायटी, मरीन ड्राईव 'इ' रोड,
  नेताजी सुभाष रोड, मुम्बई-२
  फोन नं. ०२२-२२८१८४२०, २२८१८३९०, मो. ९८२०८३७९५५

- **श्री चन्द्रकान्तभाई एस. सङ्घवी**
  ६/बी, अशोका कोम्पलेक्ष, पहेला गरनाला पासे,
  पाटण-३८४२६५, (उत्तर गुजरात)
  फोन नं. ०२७६६-२३१६०३, मो. ९९०९४६८५७२

आवृत्तिः प्रथमा **प्रतयः ३००**

मूल्यम् : रू. ५००-००

प्रकाशनसंवत्सरः - वी.सं. २५४०, वि.सं. २०७०, इ.स. २०१४

एतद्ग्रन्थस्वामित्वं श्रीजैनश्वेताम्बरमूर्त्तिपूजकसङ्घस्यैव ।

© श्रीजिनशासनआराधनाट्रस्ट

अस्य ग्रन्थरत्नस्य कस्याऽपि अंशस्य ग्रहणात्पूर्वं टीकाकार-सम्पादकप्रकाशकलिखिताऽनुमतिर्ग्राह्या । इदं ग्रन्थरत्नं ज्ञानद्रव्यव्ययेन प्रकाशितम्, अतो गृहस्थैर्ज्ञाननिधौ मूल्यार्पणेनाऽस्य स्वामित्वं कार्यम् ।

मुद्रक : भरत ग्राफिक्स

न्यू मार्केट, पांजरापोळ, रिलीफ रोड, अहमदाबाद-३८०००१.

Ph. : 079-22134176, Mob. : 9925020106

E-mail : bharatgraphics1@gmail.com

YOGSĀR

COMPOSED BY AN UNKNOWN SAINT OF THE PAST

WITH

'PADMĪYA' COMMENTARY

AND

ITS GUJARATI VERSION

PART-I

INSPIRATIONS

REVEREND ACHARYADEV SHREEMADVIJAY HEMCHANDRASURISHWAR MAHARAJ

CORRECTOR, COMMENTATOR, TRANSLATOR AND EDITOR

A DISCIPLE OF

REVEREND ACHARYADEV SHREEMADVIJAY HEMCHANDRASURISHWAR MAHARAJ,

MUNI RATNABODHI VIJAY

PUBLISHER

SHREE JINSHASAN ARADHANA TRUST, MUMBAI

• Published By •

SHREE JINSHASAN ARADHANA TRUST

• First Published •

VIRA ERA 2540 • VIKRAM ERA 2070 • 2014 A.D.

FIRST EDITION

COPIES - 300

Price : Rs. 500.00

• AVAILABLE AT •


SHREE JINSHASAN ARADHANA TRUST

SHREE CHANDRAKUMAR B. JARIWALA

Shop No. 6, Badrikeshwar Society, Marine Drive, 'E' Road,
Netaji Subhash Road, Mumbai-400 002.
Tel. : 022-22818420, 22818390, Cell : 9820837955

SHREE CHANDRAKANT S. SANGHVI

6/B, Ashoka Complex, Near First Garnala,
Patan-384265 (North Gujarat)
Tel. : 02766-231603, Cell : 9909468572



कृपावर्षा

सिद्धान्तमहोदधि-सच्चारित्रचूडामणि-सुविशालगच्छसर्जक-आचार्यदेवश्रीमद्विजय-**प्रेमसूरीश्वराः**

न्यायविशारद-वर्धमानतपोनिधि-गच्छाधिपति-आचार्यदेवश्रीमद्विजय-**भुवनभानुसूरीश्वराः**

समतासागर-संयमसमर्पणादिगुणगणार्णव-पन्न्यासप्रवरश्री-**पद्मविजयगणिवराः**

आज्ञाप्रसादः

सिद्धान्तदिवाकर-गीतार्थगच्छाधिपति-आचार्यदेवश्रीमद्विजय-**जयघोषसूरीश्वराः**

प्रेरणापीयूषम्

वैराग्यदेशनादक्ष-प्राचीनश्रुतोद्धारक-आचार्यदेवश्रीमद्विजय-**हेमचन्द्रसूरीश्वराः**

अहो सुकृतम्!

अस्य ग्रन्थरत्नस्य प्रकाशने ज्ञाननिधिद्रव्यार्पणेन सहायीभूतः

परमपूज्य-अध्यात्मयोगि-आचार्यदेव-श्रीमद्विजय कलापूर्णसूरीश्वर-पट्टधर-परमपूज्य-आचार्यदेव-श्रीमद्विजय-कलाप्रभसूरीश्वर-परमपूज्य-आचार्यदेव-श्रीमद्विजय-कल्पतरुसूरीश्वराणां

पुण्यप्रेरणया

श्री भरुडिया विशा ओसवाल श्वे. मू. तपा. जैन सङ्घः

भरुडिया-कच्छस्थः

तं भूरि भूरि अनुमोदयामः ।

પ્રકાશકીય

'પદ્મીયા' વૃત્તિ અને તેના ગુર્જર **ભાવાનુવાદથી** વિભૂષિત **'યોગસાર'** નામના આ ગ્રન્થરત્નનને પ્રકાશિત કરતાં આજે અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ. પૂર્વેના કોઈ **અજ્ઞાત મહાપુરુષે** આ મૂળગ્રંથની રચના કરી છે. પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન મુનિરાજશ્રી રત્નબોધિવિજયજીએ અનેક હસ્તલિખિત પ્રતોના આધારે આ મૂળગ્રંથનું સંશોધન કર્યું છે તથા મૂળગ્રંથના રહસ્યોને પ્રગટ કરનારી **પદ્મીયા વૃત્તિ** નામની સરળ સંસ્કૃત ટીકા રચી છે. મુનિરાજશ્રીએ પદ્મીયા વૃત્તિનો સરળ **ગુજરાતી ભાવાનુવાદ** પણ લખ્યો છે. આમ આ ગ્રંથના અભ્યાસ દ્વારા યોગસારનો સાંગોપાંગ અભ્યાસ થાય છે. અપૂર્વ શ્રુતસેવા કરવા બદલ મુનિરાજશ્રીની અમે ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

પરમ પૂજ્ય શ્રીસીમન્ધરજિનોપાસક આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના કૃપા-પ્રેરણા-માર્ગદર્શનથી અમારું ટ્રસ્ટ છેલ્લા પાંત્રીસ વર્ષથી જિનશાસનના સાતક્ષેત્રની ભક્તિ કરી રહ્યું છે. તેમાં પણ શ્રુતોદ્ધારનું કાર્ય વિશેષ રીતે થઈ રહ્યું છે. આજ સુધીમાં પાંચસોથી વધુ શાસ્ત્રોનો સમુદ્ધાર અમારા ટ્રસ્ટ વડે થયો છે. આગળ પણ ઉત્તરોત્તર ચઢિયાતી શ્રુતસેવા કરી શકીએ એવી શ્રુતાધિષ્ઠાયિકા સરસ્વતીદેવીને પ્રાર્થના કરીએ છીએ.

આ પુસ્તકનું સુંદર મુદ્રણકાર્ય કરનાર ભરત ગ્રાફિક્સવાળા ભરતભાઈ અને મહેન્દ્રભાઈને પણ આ પ્રસંગે ધન્યવાદ આપીએ છીએ.

આ પુસ્તકનું આકર્ષક ટાઈટલ તૈયાર કરનાર મલ્ટી ગ્રાફિક્સવાળા મુકેશભાઈને પણ ધન્યવાદ આપીએ છીએ.

આ ગ્રન્થરત્નના અભ્યાસ દ્વારા સહુ જીવો પોતાની મુક્તિને નિકટ બનાવે એ જ શુભાભિલાષા.

લિ.

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટના

ટ્રસ્ટીગણ

ચંદ્રકુમારભાઈ બી. જરીવાલા **લલીતભાઈ કોઠારી**

પુંડરીકભાઈ એ. શાહ **વિનયચંદ કોઠારી**

प्रकाशकीयम्

पूर्वमहर्षिविरचितं **पद्मीयवृत्ति-तद्गुर्जरभावानुवाद-विभूषितं योगसारं** सहर्षं प्रकाशयामः । **अज्ञातनामधेयैः** पूर्वमहर्षिभिरेतद्ग्रन्थरत्नं विरचितम् । परमपूज्यवैराग्यदेशनादक्ष-आचार्यदेव-श्रीमद्विजय-**हेमचन्द्रसूरीश्वराणां** शिष्यरत्नेन मुनिराजश्रीरत्नबोधिविजयेनाऽनेक-हस्तलिखितप्रतिसाहाय्येनैष मूलग्रन्थः संशोधितः । मुनिवर्येण मूलग्रन्थगतरहस्योद्घाटनार्थं **'पद्मीया वृत्तिः'** इत्याख्या सरलसंस्कृत-वृत्तिर्विरचिता । मुनिवर्येण पद्मीयवृत्तेः सरल**गुर्जरभावानुवादो**ऽपि विरचितः । इत्थमेतद्ग्रन्थरत्नस्याऽभ्यासेन योगसारस्य साङ्गोपाङ्गोऽभ्यासो जायते । अपूर्वश्रुत-सेवाकर्त्तारं मुनिवर्यं भूरि भूरि अनुमोदयामः ।

परमपूज्य-श्रीसीमन्धरजिनोपासक-आचार्यदेव-श्रीमद्विजय-**हेमचन्द्रसूरीश्वराणां** कृपा-प्रेरणा-मार्गदर्शनैरस्माकं ट्रस्टः गतपञ्चत्रिंशद्वर्षैः जिनशासनस्य सप्तक्षेत्राणां शोभनां भक्तिं करोति । तत्राऽपि श्रुतोद्धारकार्यं सविशेषं भवति । अद्यावधि पञ्चशताधिकशास्त्राणां समुद्धारः अस्माकं ट्रस्टेन विहितः । अग्रेऽपि वयं प्रवर्धमानां श्रुतसेवां कर्त्तुं शक्ता भविष्याम इति श्रुताधिष्ठायिकां श्रुतदेवतां प्रार्थयामहे ।

अस्य ग्रन्थरत्नस्य पठनेन सर्वे जीवा मुक्तिं प्राप्नुवन्त्विति अभिलषामः ।

लि.

श्री-जिनशासन-आराधना-ट्रस्टस्य ट्रस्टिमहाशयाः

चन्द्रकुमारभाइ बी. जरीवाला **ललीतभाइ कोठारी**

पुण्डरीकभाइ ए. शाह **विनयचन्द कोठारी**

અંતર્મુખી સદા સુખી

મહેશભાઈ શાકમાર્કેટમાં ગયા. ત્યાં શાક વેચનારા મણીબેને મહેશભાઈને કહ્યું, 'ભાઈ ! આ પ્રેરણાબેન ભણેલા હશે, નહીં ?' મહેશભાઈ બોલ્યા, 'માસી, તમને એની ક્યાંથી ખબર પડી ?' મણીબેન બોલ્યા, 'એ બહેને પહેલા ટમેટાં ખરીદ્યા, પછી સંતરા લીધાં, ત્યારપછી દૂધી થેલીમાં નાખી અને માથે તરબૂચ મૂક્યું છે, એટલે કહું છું !'

આ ટુચકાનો સાર એટલો છે કે ગણતર વિનાના ભણતરની કશી કિંમત નથી. આધુનિક શિક્ષણ લગભગ ગણતર વિનાનું હોય છે. વિદ્યાર્થીઓ આગળ વધીને પૈસા કમાઈ શકે એ માટે ભણે છે. શિક્ષક પણ પૈસા માટે ભણાવે છે. વિદ્યાર્થીઓને ભણાવાતાં વિષયો પણ અર્થવિહીન હોય છે. તેથી જ ભણ્યા પછી પણ સાચું જ્ઞાન તેમને મળતું નથી. સાચું શિક્ષણ તો એ કહેવાય કે જેનાથી આત્મામાં ગુણો વધે.

સાચું જ્ઞાન પણ જીવનમાં પરિણમવું જોઈએ. તો જ એ આપણને આધ્યાત્મિકમાર્ગે આગળ વધારે છે. નહીંતર એ માત્ર બોજારૂપ બની જાય છે. જ્ઞાન એ તો સાધન છે. તેનાથી આત્માને અને એની ગુણસમૃદ્ધિને ઓળખીને તે ગુણસમૃદ્ધિની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાનો છે. જ્ઞાન મેળવીને બહાર વધવાનું નથી પણ અંદરમાં વધવાનું છે.

જ્ઞાન જ્યારે આત્મામાં પરિણમે છે ત્યારે આપણી દૃષ્ટિ બદલાઈ જાય છે. બાહ્ય દુનિયા એ જ હોવા છતાં જ્ઞાન પરિણમ્યા પછી આપણને એ નવી લાગે છે.

એક સાધકે ત્રીસ દિવસ ભીતર ઊતરવાની ઘનિષ્ઠ સાધના કરી. એકત્રીસમા દિવસે ગુરુ સાથે તે નગરની બહાર નીકળ્યો. તેણે ગુરુને કહ્યું, 'આખું નગર બદલાઈ ગયેલું લાગે છે !' ગુરુ હસીને બોલ્યા, 'નગર તો એનું એ જ છે, તું બદલાઈ ગયો છે !'

જ્ઞાની બાહ્ય દુનિયાના કાર્યોમાં રચ્યો-પચ્યો ન રહે. તે અંદરમાં ઊતરી જાય. તેથી જ દુનિયાને એ નવી દૃષ્ટિથી જુવે.

જીવનવ્યવહાર એ જ રીતે ચાલતો હોવા છતાં જ્ઞાન પરિણમ્યા પછી ભાવ બદલાઈ જાય છે. જીવનમાં થતી ક્રિયાઓને માત્ર જોવાનું અને એના પરથી આત્માને સુધારવાનું થાય છે. પણ એ ક્રિયાઓમાં ભળવાનું થતું નથી.

એક સાધકને પૂછવામાં આવ્યું, 'પહેલાં પણ તમે ખાતાં હતા, પીતા હતાં, આજે પણ એ બધું ચાલે છે. તો ફરક શું પડ્યો ?' સાધકે કહ્યું, 'પહેલા એ બધું હું કર્તૃત્વના ભાવથી આસક્તિપૂર્વક કરતો હતો. આજે એ બધું થયા કરે છે અને હું જોયા કરું છું.'

આમ, જ્ઞાન મળ્યા પછી બાહ્ય ભાવોથી નિર્લેપ બનીને અધ્યાત્મમાં ઊતરી જવું જોઈએ. અધ્યાત્મજગતમાં ઊતરવાનો માર્ગ બતાવનારો ગ્રંથ એટલે જ **'યોગસાર'**. યોગ એટલે ભગવાને બતાવેલી, આપણને મોક્ષમાં લઈ જનારી બધી આરાધનાઓ. એ આરાધનાઓનો સાર 'આત્મવિશુદ્ધિ પામવી અને આત્માને પરમાત્મા બનાવવો' એ છે. યોગસારમાં યોગના આ સારની સુંદર છણાવટ કરાઈ છે.

આ મૂળગ્રંથ પાંચ પ્રસ્તાવોમાં વહેંચાયેલો છે. પહેલા પ્રસ્તાવમાં પરમાત્માના વાસ્તવિક સ્વરૂપનો ઉપદેશ અપાયો છે. તેમાં ૪૬ ગાથાઓ છે. બીજા પ્રસ્તાવમાં તત્ત્વોના સારરૂપ ધર્મનો ઉપદેશ અપાયો છે. તેમાં ૩૮ ગાથાઓ છે. ત્રીજા પ્રસ્તાવમાં સમતાનો ઉપદેશ અપાયો છે. તેમાં ૩૧ ગાથાઓ છે. ચોથા પ્રસ્તાવમાં સત્ત્વનો ઉપદેશ અપાયો છે. તેમાં ૪૨ ગાથાઓ છે. પાંચમા પ્રસ્તાવમાં ભાવશુદ્ધિનો ઉપદેશ અપાયો છે. તેમાં ૪૯ ગાથાઓ છે. આમ આ ગ્રંથ ૨૦૬ ગાથાનો છે. બધી ગાથાઓ સંસ્કૃત ભાષામાં અને અનુષ્ટુબ્ છંદમાં રચાયેલી છે. ગ્રંથકારે તે તે પ્રસ્તાવમાં આવનારા વિષયો દૃષ્ટાંતો, તર્કો વગેરે દ્વારા ખૂબ સુંદર રીતે સમજાવ્યા છે. ગાથાઓની રચના ખૂબ જ સરળ શૈલીમાં કરાઈ છે. તેથી અન્વય વિના પણ ગાથાઓના શબ્દાર્થનો બોધ સહેલાઈથી થઈ શકે છે. સતત બાહ્યભાવોમાં મગ્ન રહેતાં આપણા આત્માને અંતર્મુખ બનાવવા આ ગ્રંથ ખૂબ ઉપયોગી છે.

આ ગ્રંથ કોઈક **અજ્ઞાત પૂર્વાચાર્યએ** રચેલ છે. તેઓ અત્યંત નિઃસ્પૃહી હતા. તેથી જ ગ્રંથમાં તેમણે ક્યાંય પણ પોતાના નામનો ઉલ્લેખ કર્યો નથી. તેઓ ખૂબ ઊંચા અને અંદરમાં ઊતરેલા સાધક હતા. તેમણે ઘણા શાસ્ત્રોનું અધ્યયન કરી પોતાના જીવનના અનુભવોનો નિચોડ આ ગ્રંથમાં ઠાલવી દીધો છે. આ ગ્રંથ રચી તેમણે આપણા જેવા પામર જીવો ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે. આ ગ્રંથમાં ક્યાંય પણ તેમણે રચનાસમય પણ લખ્યો નથી. તેથી તેઓ ક્યારેય થયા અને આ ગ્રંથ ક્યારે રચાયો તે જાણવું શક્ય નથી. બધી ગાથાઓ સરળ લાગે છે, પણ તેમની પાછળ ઘણું ઊંડું રહસ્ય રહેલું છે. ચિંતનના મહાસાગરમાં ડૂબકી લગાવનારને તે રહસ્યરત્નો હાથ લાગે છે.

'યોગસાર' મૂળગ્રંથનું મેં ઘણી હસ્તલિખિત પ્રતોના આધારે સંશોધન કર્યું છે. બધી હસ્તલિખિત અને મુદ્રિત પ્રતોની સંકલના કરી યોગ્ય પાઠ મેં મૂળગાથામાં જોડ્યો છે અને પાઠાંતરો નીચે ટીપ્પણમાં આપ્યા છે. આ હસ્તલિખિત પ્રતો અને મુદ્રિત પ્રતનો પરિચય આ મુજબ છે -

A - આ પ્રત પાટણના શ્રીહેમચન્દ્રાચાર્યજ્ઞાનમંદિરની છે. તેની ઉપર લેખનસંવત લખેલ નથી.

B - આ પ્રત પાટણના શ્રીહેમચન્દ્રાચાર્યજ્ઞાનમંદિરની છે. તેની ઉપર લેખનસંવત લખેલ નથી. આ પ્રત ઘણી અશુદ્ધ છે.

C - આ પ્રત પાટણના ભાભાના પાડાના જ્ઞાનભંડારની છે. તેની ઉપર લેખનસંવત લખેલ નથી. આ પ્રતમાં ત્રીજા પ્રસ્તાવની ગાથાઓના ક્રમમાં થોડો ફેરફાર છે અને ચોથા-પાંચમા પ્રસ્તાવોની અમુક ગાથાઓ ત્રીજા પ્રસ્તાવમાં મૂકેલી છે.

D - આ પ્રત પાટણના શ્રીહેમચન્દ્રાચાર્યજ્ઞાનમંદિરની છે. તેની ઉપર લેખનસંવત લખેલ નથી.

E - આ પ્રત પાટણના શ્રીહેમચન્દ્રાચાર્યજ્ઞાનમંદિરની છે. તેની ઉપર લેખનસંવત લખેલ નથી.

F - આ પ્રત પાટણના શ્રીહેમચન્દ્રાચાર્યજ્ઞાનમંદિરની છે. તેની ઉપર લેખનસંવત લખેલ નથી.

G - આ પ્રત પાટણના શ્રીહેમચન્દ્રાચાર્યજ્ઞાનમંદિરની છે. તેની ઉપર લેખનસંવત લખેલ નથી.

H - આ પ્રત પાટણના શ્રીહેમચન્દ્રાચાર્યજ્ઞાનમંદિરની છે. તેની ઉપર લેખનસંવત લખેલ નથી. આ પ્રતમાં યોગસારની માત્ર ૬૨ ગાથાઓ જ છે.

I - આ પ્રત પાટણના શ્રીહેમચન્દ્રાચાર્યજ્ઞાનમંદિરની છે. તેની ઉપર લેખનસંવત લખેલ નથી. આ પ્રતમાં પણ યોગસારની માત્ર ૬૨ ગાથાઓ જ છે.

J - આ પ્રત પાટણના શ્રીહેમચન્દ્રાચાર્યજ્ઞાનમંદિરની છે. તે વિક્રમ સંવત ૧૭૨૪, માગશર સુદ ૨, શુક્રવારે રાજનગરમાં લખાઈ છે.

K - આ પ્રત પાટણના શ્રીહેમચન્દ્રાચાર્યજ્ઞાનમંદિરની છે. તેની ઉપર લેખનસંવત લખેલ નથી.

L - આ પ્રત પાટણના શ્રીહેમચન્દ્રાચાર્યજ્ઞાનમંદિરની છે. તેની ઉપર લેખનસંવત લખેલ નથી.

M - આ પુસ્તક મુદ્રિત યોગસારનું છે. તેનું સંપાદન પંડિતવર્ય હરગોવિંદદાસ ત્રીકમચંદ શેઠે કરેલ છે. તે વારાણસીની જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા તરફથી વિક્રમ સંવત ૧૯૭૬ માં પ્રકાશિત થયેલ છે.

આમ બાર હસ્તલિખિત પ્રતો અને એક મુદ્રિત પુસ્તકના આધારે યોગસારનું સંશોધન કરેલ છે. આ બધી હસ્તલિખિત પ્રતોની ફોટોકોપી આપનાર તે તે જ્ઞાનભંડારોના વ્યવસ્થાપકોનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. પૂજ્ય મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ

અને પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી પાટણના ઘણા હસ્તલિખિત ભંડારોની હસ્તલિખિત પ્રતોનું સ્કેનિંગ થયેલ. મને ઉપરની ફોટોકોપીઓ તેમાંથી મળેલ છે. મને આ ફોટોકોપીઓ મુનિરાજશ્રી કૃપારત્નવિજયજી મહારાજે મેળવી આપી છે. આ પ્રસંગે બન્ને પૂજ્યોનો અને મુનિરાજશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. મુનિરાજશ્રી, પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રુતસમુદ્ધારના કાર્યમાં કોઈપણ જાતના નામની સ્પૃહા વિના પડદા પાછળ રહીને રાત-દિવસ અથાગ પરિશ્રમ કરી રહ્યા છે. તેમની અદ્વિતીય ગુરુભક્તિ અને શ્રુતભક્તિને ધન્યવાદ આપું છું.

યોગસારની ટીકા લખવાનું સૂચન ઘણા વર્ષો પૂર્વે મને મુનિરાજશ્રી કૃતપુણ્યવિજયજીએ કરેલ. ત્યારે તો મેં યોગસાર મૂળગ્રંથ જોયો કે વાંચ્યો પણ ન હતો. ત્યારે મારામાં ટીકા લખવાની યોગ્યતા કે ભાવના ન હતી. પણ મુનિરાજશ્રીનું સૂચન એક બીજારૂપે અંદર પડ્યું હતું. અવસર આવ્યો અને સંયોગો મળ્યા એટલે તે બીજમાંથી આ ટીકાવૃક્ષનું સર્જન થયું. સૂચન કરવા બદલ મુનિરાજશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. જો કે, મારામાં આ મહાન ગ્રંથની ટીકા રચવાની યોગ્યતા નથી, છતાં મૂળગ્રંથ વાંચ્યા પછી મને ખૂબ ગમી ગયો અને એની ગાથાઓ પર ચિંતન કરતાં કરતાં મને જે સ્ફૂર્યું તે મેં ટીકામાં લખ્યું છે. આ ટીકા સરળ સંસ્કૃત ભાષામાં લખી છે. તે વિદ્વત્તાનું પ્રદર્શન કરવા માટે નહીં, પણ આ મહાન ગ્રંથના રહસ્યો સ્વ-પર ઉભયના હૃદયમાં પ્રતિષ્ઠિત કરવા રચી છે.

આ ટીકામાં મેં કોઈ ન્યાયની શૈલીનો કે વ્યાકરણના સૂત્રોનો ઉપયોગ કર્યો નથી. ટીકા એટલી સરળ છે કે સંસ્કૃતની બે બુક કર્યા પછી પણ વાંચવામાં આવે તો બોધ સહેલાઈથી થાય. ટીકામાં પ્રથમ દરેક ગાથાની અવતરણિકા લખી છે. પછી મૂળગાથા લખી તેનો અન્વય કર્યો છે. પછી અન્વયના આધારે શબ્દોનો સામાન્ય અર્થ કર્યો છે. ત્યાર પછી વિશેષ વિવેચન કર્યું છે. અનેક શાસ્ત્રપાઠો દ્વારા તે તે પદાર્થોને સમજાવવાનો અને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરેલ છે. આ ટીકાને ૧૪૪ ગ્રંથોના ૪૦૧ શાસ્ત્રપાઠો દ્વારા વિભૂષિત કરી છે. ગ્રંથોના નામ અને શાસ્ત્રપાઠો બોલ્ડ ટાઈપમાં આપ્યા છે જેથી તેમની તરફ તરત ધ્યાન જાય. ટીકામાં આવતાં સુવાક્યો પણ બોલ્ડ ટાઈપમાં લીધા છે. આ સુવાક્યો જીવનમાં ઉતારીએ તો અનેક પ્રકારે લાભ થાય. ટીકામાં જરૂર પડે ત્યાં શંકાઓ ઉઠાવીને તેના સમાધાનો પણ કર્યા છે. જરૂર પડે ત્યાં દૃષ્ટાંતો પણ ટાંક્યા છે. દરેક ગાથાની વૃત્તિને અંતે ટૂંકમાં સાર પણ લખ્યો છે.

વિક્રમ સંવત ૨૦૬૬ વર્ષે પૂજ્ય ગુરુદેવશ્રીની નિશ્રામાં રાજસ્થાનમાં સિરોડીનગરમાં કેવલબાગતીર્થમાં ઉપધાનતપની આરાધના થઈ. તે વખતે ત્યાંના સુંદર અને શાંત વાતાવરણમાં શ્રીમુનિસુવ્રતસ્વામીની છત્રછાયામાં પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાથી આ ટીકાનું સર્જન થયું. કેન્સર જેવી ભયંકર બીમારીમાં પણ સમતાપૂર્વક માસક્ષમણ જેવા ઉગ્ર તપોની

સાધના કરનાર અજોડ સાધક, પરમ પૂજ્ય ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના પ્રથમ શિષ્યરત્ન અને લઘુબંધુ, મારા દાદાગુરુદેવ, પરમ પૂજ્ય સમતાસાગર પંન્યાસપ્રવરશ્રી **પદ્મવિજયજી** મહારાજાના નામ પરથી આ ટીકાનું નામ **'પદ્મીયા વૃત્તિ'** રાખ્યું છે. પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર, ગીતાર્થગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા અને પરમપૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ, ગુરુદેવશ્રી આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ આ ગ્રન્થરત્નને પ્રકાશિત કરવાની અનુમતિ આપી તે બદલ તે પૂજ્યોનો ખૂબ ખૂબ આભાર માનું છું અને કૃતજ્ઞભાવે તેમને વંદું છું.

આ સંપૂર્ણ ટીકાનું સંશોધન સંશોધનની દુનિયામાં પ્રખ્યાત અમારા સમુદાયના એક વિદ્વદ્વર્ય મહત્માએ કરેલ છે. પણ સંશોધક તરીકે પોતાનું નામ લખવાની તેમની ઈચ્છા ન હોવાથી અહીં તેમનું નામ લખ્યું નથી. તેમનો આભાર માનવા સાથે તેમને ધન્યવાદ આપું છું. આ ટીકા રચતાં રચતાં અને પ્રુફો જોતાં જોતાં મને તો ખૂબ જ લાભ થયો છે. વાચકોને પણ સટીક આ ગ્રન્થના પારાયણ દ્વારા ખૂબ લાભ થશે એમાં બેમત નથી. સટીક આ ગ્રન્થ એકવાર વાંચીને પૂરો કરવા માટે નથી. પણ વારંવાર આ ગ્રન્થનું પઠન, ચિંતન, મનન કરીને એના પદાર્થો જીવનમાં ઉતારવાના છે. આ ગ્રન્થનો જો બરાબર અભ્યાસ કરવામાં આવે અને એને જીવનમાં ઉતારવામાં આવે તો જીવનપરિવર્તન થયા વિના ન રહે, બહારની દુનિયામાંથી નિવૃત્તિ લઈ અંદરની દુનિયામાં વિહરવાનું મન થાય, દોષો દૂર થાય અને ગુણો પ્રગટે, અંદરમાં રહેલા પરમાત્મા પ્રગટ થાય, તાત્ત્વિક ધર્મની આરાધના થાય, સમતા અને સત્ત્વ આત્મસાત્ થાય અને આત્માની વિશુદ્ધિ થાય. શક્તિશાળી આત્માઓએ તો આ મૂળગ્રંથ કંઠસ્થ કરી તેને આત્મસાત્ કરવા જેવો છે. સટીક આ ગ્રન્થનું વાંચન કર્યા પછી અનેકને એના વાંચન માટે પ્રેરણા કરવી.

ખરેખર, આ એક અવ્વલ કોટીનો ગ્રંથ છે. અધ્યાત્મ જગતના શિખરો સર કરવા માટે આ ગ્રન્થ પગથિયાનું કામ કરી આપણને ઊંચે ચઢાવશે. આ ગ્રન્થને ખૂબ ચાવી-ચાવીને વાંચવો, એટલે કે ખૂબ ચિંતન-મનનપૂર્વક વાંચવો.

સંસ્કૃત ભાષાને નહીં જાણનારા જીવો પણ આ મહાન ગ્રન્થના અભ્યાસથી વંચિત ન રહી જાય અને આ ગ્રન્થ આબાલ-ગોપાલ સર્વત્ર પ્રસિદ્ધ બને અને લોકભોગ્ય બને એ ઉદ્દેશ્યથી આ સટીક ગ્રંથનો **ગુજરાતી ભાષામાં ભાવાનુવાદ** પણ મેં લખ્યો છે. ભાવાનુવાદમાં ટીકાની જ વાતો સરળ ગુજરાતી ભાષામાં રજૂ કરી છે. તેથી બાળજીવો પણ આ ગ્રન્થના મર્મને સમજવા ભાગ્યશાળી બનશે.

ટીકા અને ભાવાનુવાદ સહિત આ ગ્રન્થ ઘણો વિશાળકાય બની જવાથી આ ગ્રન્થને બે ભાગોમાં વિભાજિત કર્યો છે. પહેલા ભાગમાં પહેલા, બીજા અને ત્રીજા પ્રસ્તાવોનો સમાવેશ કર્યો છે. ચોથા અને પાંચમા પ્રસ્તાવોનો સમાવેશ બીજા ભાગમાં કર્યો છે.

ગ્રન્થની શરૂઆત થતાં પહેલા વિસ્તૃત વિષયાનુક્રમ મૂકેલ છે. તેનાથી ગ્રન્થના વિષયોનો સામાન્ય બોધ થશે. ગ્રન્થના વિષયોનો વિશેષ અને વિશદ બોધ તો ગ્રન્થસાગરમાં ડૂબકી લગાવ્યા પછી જ થશે.

ગ્રન્થની પૂર્ણાહુતિ બાદ ગ્રન્થની શોભામાં અભિવૃદ્ધિ કરનાર છ પરિશિષ્ટો મૂક્યા છે.

પહેલા પરિશિષ્ટમાં યોગસારની મૂળગાથાઓ મૂકી છે. તેથી કંઠસ્થ કરનારને સરળતા પડે.

બીજા પરિશિષ્ટમાં યોગસારની મૂળગાથાઓની અકારાદિક્રમે સૂચિ આપી છે.

ત્રીજા પરિશિષ્ટમાં પદ્મીયાવૃત્તિમાં સાક્ષી તરીકે બતાવેલા ગ્રન્થોની સૂચિ છે.

ચોથા પરિશિષ્ટમાં પદ્મીયાવૃત્તિમાં બતાવેલા શાસ્ત્રપાઠોની સૂચિ છે.

પાંચમા પરિશિષ્ટમાં યોગસાર મૂળમાં અને પદ્મીયા વૃત્તિમાં બતાવેલા દૃષ્ટાંતોની સૂચિ છે.

છઠ્ઠા પરિશિષ્ટમાં પદ્મીયાવૃત્તિમાં ટાંકેલા સૂક્તરત્નોની સૂચિ છે.

પરમ કૃપાળુ પરમાત્મા અને પરમ પૂજ્ય ભીમભવોદધિતારક ગુરુદેવશ્રી વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના કૃપા, પ્રેરણા અને માર્ગદર્શન વડે જ આ સંશોધન, સર્જન અને સંપાદન શક્ય બન્યું છે. એ પૂજ્યોના ચરણોમાં કૃતજ્ઞભાવે અનંતશઃ વંદના.

ગ્રન્થકાર એક મહાન સાધકપુરુષ હતા. જ્યારે હું અલ્પબુદ્ધિવાળો છું. મેં મારા ક્ષયોપશમ અનુસાર ગ્રન્થકારના આશયને પ્રગટ કરવાનો પ્રયાસ કર્યો છે. છતાં મતિમંદતાના કારણે ક્યાંય ગ્રન્થકારના આશય વિરુદ્ધ નિરૂપણ કર્યું હોય અને ટીકામાં બીજી કોઈપણ જાતની ક્ષતિ રહી ગઈ હોય કે જિનાજ્ઞાવિરુદ્ધ નિરૂપણ થયું હોય તો તે બધાની ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચું છું અને બહુશ્રુત વિદ્વાનોને તે સુધારવાની પ્રાર્થના કરું છું.


ઘણા ફૂલોનો રસ નિચોવ્યા પછી થોડું અત્તર મળે છે. તે અત્તરનું ટીપું પણ મનને અને શરીરને તરબતર કરી દે છે. હા, અત્તરની શીશીને ખીસ્સામાં રાખી મૂકવા માત્રથી તેની સુગંધ મળતી નથી. તે શીશીને ખીસ્સામાંથી કાઢી તેનું ઢાંકણું ખોલી, હાથ પર અત્તર લઈને નાકથી સૂંઘવાથી સુગંધ મળે છે.

ઘણા શાસ્ત્રોનું અવગાહન કર્યા પછી યોગનો જે સાર મળ્યો તે ગ્રન્થકારે આપણને આ ગ્રન્થમાં પીરસ્યો છે. થોડો પણ સાર આપણા જીવનને આરાધનાથી તરબતર કરી દેશે. હા, આ ગ્રન્થ માત્ર વાંચી જવાથી આરાધનાની સુગંધ નહીં મળે. વાંચ્યા પછી એના પર ચિંતન-મનન કરી એને જીવનમાં ઉતારવાથી જીવન આરાધનાથી મઘમઘાયમાન બનશે.

આ ગ્રન્થના શબ્દો માત્ર ગ્રન્થસ્થ ન રહેતાં હૃદયસ્થ, જીવનસ્થ અને આત્મસ્થ બને એ જ શુભાભિલાષા. સટીક આ ગ્રન્થના અભ્યાસ દ્વારા સર્વે જીવો અંતર્મુખ બની શીઘ્ર પરમપદને સન્મુખ બને એ જ અભ્યર્થના.

પિંડવાડા (રાજસ્થાન)
વિ.સં. ૨૦૬૯
અષાઢ સુદ-૬
(પ્રભુવીરચ્યવનકલ્યાણકદિન)

- પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ
આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી**
મહારાજનો શિષ્યાણુ
મુનિ રત્નબોધિવિજય



परिणतिं विना ज्ञानं बहूपयोगि न भवति । परिणतं ज्ञानमध्यात्ममार्गे प्रवर्त्तयति । शुष्कं ज्ञानं भाररूपं भवति । ज्ञानं खलु साधनम् । तेनाऽऽत्मगुणसमृद्धिं प्रत्यभिज्ञाय तत्प्राप्त्यर्थं प्रयतनीयम् । ज्ञानेन बहिः न प्रवर्धनीयं परन्त्वन्तः प्रवर्धनीयम् । ज्ञानी सांसारिककार्येषु न निमज्जति । स स्वात्मनि निमज्जति । तत एव स विश्वं नूतनदृष्ट्या पश्यति । अतो ज्ञानप्राप्त्यनन्तरं बहिर्भावेषु निर्लेपीभूयाऽध्यात्ममार्गे प्रवर्त्तनीयम् ।

अध्यात्ममार्गे प्रवर्त्तको ग्रन्थो '**योगसारः**' । मोक्षप्रापिकाः सर्वा आराधना योगरूपाः । सर्वासामाराधनानां सारः - आत्मविशुद्धिं कृत्वा परमात्मत्वप्राप्तिः । योगसारेऽयं सारः सुष्ठु विवेचितः ।

अयं मूलग्रन्थः पञ्चप्रस्तावात्मकः । षट्चत्वारिंशद्वृत्तात्मके प्रथमे प्रस्तावे परमात्मनो यथावस्थितं स्वरूपमुपदिष्टम् । अष्टत्रिंशद्वृत्तात्मके द्वितीये प्रस्तावे तत्त्वसाररूपो धर्म उपदिष्टः । एकत्रिंशद्वृत्तात्मके तृतीये प्रस्तावे समतोपदिष्टा । द्विचत्वारिंशद्वृत्तात्मके चतुर्थे प्रस्तावे सत्त्वमुपदिष्टम् । एकोनपञ्चाशद्वृत्तात्मके पञ्चमे प्रस्तावे भावशुद्धिरुपदिष्टा । इत्थमयं ग्रन्थः षडधिकद्विशतवृत्तप्रमाणः । संस्कृतभाषानिबद्धेऽनुष्टुब्वृत्तगुम्फितेऽस्मिन्ग्रन्थे ग्रन्थकारेण तत्तत्प्रस्तावगतविषया दृष्टान्ततर्कादिपुरस्सरं सुष्ठु प्रज्ञापिताः । सरलपद्धत्या रचितानां वृत्तानां शब्दार्थबोधः सुगमः । सततं बाह्यभावेषु निमग्नस्याऽऽत्मनोऽन्तर्मुखीकरणार्थमयं ग्रन्थोऽतीवोपयोगी ।

अज्ञातनामधेयैः पूर्वाचार्यैरयं ग्रन्थः सन्दृब्धः। निःस्पृहसत्तमैस्तैर्ग्रन्थे क्वाऽपि स्वनामोल्लेखो न कृतः । साधकप्रष्ठैस्तैरनेकशास्त्राण्यवगाह्य स्वानुभवनवनीतमस्मिन्ग्रन्थे भृतम् । अस्य ग्रन्थस्य विरचनेन तैर्वयं बहूपकृताः । ग्रन्थे क्वाऽपि रचनासंवत्सरस्याऽनुपलब्ध्या ते कदा महिमण्डल-मलञ्चक्रुः कदा च तैरयं ग्रन्थो विरचित इति न ज्ञायते । ग्रन्थगतवृत्तानि सरलानि परन्तु रहस्यार्थभृतानि । ते रहस्यार्थाश्चिन्तनगम्याः ।

अनेकहस्तलिखितप्रतिसाहाय्येन मयाऽयं मूलग्रन्थः संशोधितः । उपलब्धहस्तलिखित-मुद्रितप्रतीनां सङ्कलनां कृत्वा मयोचित्तः पाठो मूलवृत्तेषु निबद्धः पाठान्तराणि च टिप्पण्यां न्यस्तानि । संशोधनोपयुक्तहस्तलिखितमुद्रितप्रतीनां परिचय एवं ज्ञेयः -

A - पत्तनस्थश्रीहेमचन्द्राचार्यज्ञानमन्दिरसत्कायामस्यां प्रत्यां लेखनसंवत्सरो नोपलभ्यते ।

B - पत्तनस्थश्रीहेमचन्द्राचार्यज्ञानमन्दिरसत्कायामस्यां प्रत्यां लेखनसंवत्सरो नोपलभ्यते । इयमतीवाशुद्धा ।

C - पत्तनस्थभाभापाटकज्ञानालयसत्कायामस्यां प्रतौ लेखनसंवत्सरो नोपलभ्यते । अत्र तृतीये प्रस्तावे वृत्तान्युत्क्रमनिबद्धानि । अत्र चतुर्थपञ्चमप्रस्तावगतानि कानिचिद्वृत्तानि तृतीये प्रस्तावे निबद्धानि ।

D - पत्तनस्थश्रीहेमचन्द्राचार्यज्ञानमन्दिरसत्कायामस्यां प्रतौ लेखनसंवत्सरो नोपलभ्यते ।

E - पत्तनस्थश्रीहेमचन्द्राचार्यज्ञानमन्दिरसत्कायामस्यां प्रतौ लेखनसंवत्सरो नोपलभ्यते ।

F - पत्तनस्थश्रीहेमचन्द्राचार्यज्ञानमन्दिरसत्कायामस्यां प्रतौ लेखनसंवत्सरो नोपलभ्यते ।

G - पत्तनस्थश्रीहेमचन्द्राचार्यज्ञानमन्दिरसत्कायामस्यां प्रतौ लेखनसंवत्सरो नोपलभ्यते ।

H - पत्तनस्थश्रीहेमचन्द्राचार्यज्ञानमन्दिरसत्कायामस्यां प्रतौ लेखनसंवत्सरो नोपलभ्यते । अत्र द्विषष्टिवृत्तान्येव सन्ति ।

I - पत्तनस्थश्रीहेमचन्द्राचार्यज्ञानमन्दिरसत्कायामस्यां प्रतौ लेखनसंवत्सरो नोपलभ्यते । अत्राऽपि द्विषष्टिवृत्तान्येव सन्ति ।

J - पत्तनस्थश्रीहेमचन्द्राचार्यज्ञानमन्दिरसत्केयं प्रतिर्वैक्रमीये १७२४ वर्षे मार्गशीर्ष-शुक्ल-द्वितीयायां राजनगरे लिखिता ।

K - पत्तनस्थश्रीहेमचन्द्राचार्यज्ञानमन्दिरसत्कायामस्यां प्रतौ लेखनसंवत्सरो नोपलभ्यते ।

L - पत्तनस्थश्रीहेमचन्द्राचार्यज्ञानमन्दिरसत्कायामस्यां प्रतौ लेखनसंवत्सरो नोपलभ्यते ।

M - इदं पुस्तकं मुद्रितयोगसारसत्कम् । तच्च शेठ-त्रीकमचन्द-पुत्र-पण्डितवर्य-हरगोविन्ददासेन सम्पादितम् । वाराणसीस्थ-जैनविविधसाहित्यशास्त्रमालानामसंस्थया वैक्रमीये १९७६ वर्षे तत् प्रकाशितम् ।

इत्थं द्वादशहस्तलिखितप्रतीनामेकमुद्रितप्रतेश्च साहाय्येन मयाऽयं ग्रन्थः संशोधितः । हस्तलिखितप्रतिप्रापकतत्तज्ज्ञानालयव्यवस्थापकेभ्यो धन्यवादं प्रयच्छामि । पूज्यमुनिराजश्री-जम्बूविजयानां पूज्यगुरुदेवानाञ्च प्रेरणया पत्तनस्थानेकहस्तलिखितज्ञानालयसत्कहस्तलिखितप्रतीनां स्केनिंगकार्यं सम्पन्नम् । उपर्युक्तप्रतीनां फोटोकोपयो मया तस्मात् मुनिराजकृपारत्नविजयसाहाय्येन लब्धाः । पूज्येभ्यो मुनिवर्याय च धन्यवादं प्रयच्छामि । योगसारवृत्तिनिर्माणसूचकं मुनिराजकृत-पुण्यविजयायाऽपि धन्यवादं ददामि ।

यद्यप्येतन्महाग्रन्थवृत्तिविरचनयोग्यता मयि न विद्यते तथाप्यस्य ग्रन्थस्य पठनानन्तरमयं ग्रन्थो मह्यमतीव रुचितः । ततोऽस्य वृत्तानां चिन्तनेन यद्यद्स्फूरितं तत्तन्मया वृत्तौ निबद्धम् । सरलसंस्कृतभाषानिबद्धेयं वृत्तिर्मया स्वपरेषां हृदये ग्रन्थगतरहस्यानां प्रतिष्ठार्थं विरचिता, न तु पाण्डित्यप्रदर्शनार्थम् । अस्यां वृत्तौ न्यायपद्धतेर्व्याकरणसूत्राणां वा प्रयोगो न कृतः । ततो विशिष्टशास्त्राऽभ्यासरहितानां संस्कृतभाषामात्रज्ञानवतामप्यस्या बोधः सुखेन जायते । वृत्तिरचना-पद्धतिः अवतरणिका-मूलगाथा-अन्वय-शब्दार्थ-विशेषार्थ-क्रमेण ज्ञेया । इयं वृत्तिश्चतुश्चत्वारिंशदधिकशतग्रन्थानामेकाधिकचतुःशतपाठैरलङ्कृता । इयं वृत्तिश्चालना-प्रत्यवस्थान-दृष्टान्त-सङ्क्षिप्तसारैर्विभूषिता । वैक्रमीये २०६६ वर्षे पूज्यगुरुदेवनिश्रायां मरुभूमौ सिरोडीनगरे केवलबागतीर्थे उपधानतपसि प्रवर्त्तमाने श्रीमुनिसुव्रतस्वामिकृपया पूज्यगुरुदेवाशीर्भिर्मयेयं वृत्तिर्विरचिता । परमपूज्य-प्रगुरुदेव-समतासागर-पन्न्यासप्रवरश्रीपद्मविजयगणिवरनाम्नाऽस्या वृत्तेर्नाम **'पद्मीया वृत्तिः'** इति स्थापितम् । नामप्रागट्यमनिच्छतैकेन विद्वद्वर्यप्रख्यातसंशोधकमहात्मनेयं वृत्तिः साद्यन्तं संशोधिता । कृतज्ञभावेन तस्मै धन्यवादमर्पयामि । सवृत्तिकोऽयं ग्रन्थो न केवलं सकृदेव पठनीयः, परन्तु पुनः पुनः परिशीलनेनाऽस्यैदम्पर्यार्थो ज्ञेयः । ततः स आत्मसात्कर्त्तव्यः । मेधाविभिरयं मूलग्रन्थः कण्ठस्थीकर्त्तव्यः ।

संस्कृतभाषाज्ञानरहितजनानां कृते मया सवृत्तिकस्याऽस्य ग्रन्थस्य **गुर्जरभावानुवादो**ऽपि दृब्धः । ततो बालजीवा अप्यस्य ग्रन्थस्य रहस्यानि बोद्धुं शक्ष्यन्ति ।

सवृत्तिकः सभावानुवादोऽयं ग्रन्थो विशालकायः । ततोऽयं द्वयोर्भागयोर्विभक्तः । प्रथमद्वितीयतृतीयप्रस्तावात्मकः प्रथमो भागः । चतुर्थपञ्चमप्रस्तावात्मको द्वितीयो भागः ।

ग्रन्थप्रारम्भात्पूर्वं विस्तृतो विषयानुक्रमो न्यस्तः । तेन ग्रन्थगतविषयाणां सामान्यबोधो भविष्यति ।

ग्रन्थसमाप्त्यनन्तरं षट् परिशिष्टानि न्यस्तानि ।

प्रथमं परिशिष्टं योगसारमूलवृत्तात्मकम् ।

द्वितीये परिशिष्टे योगसारस्य मूलवृत्तानामकारादिक्रमेण सूचिर्न्यस्ता ।

तृतीये परिशिष्टे पद्मीयवृत्तिगतसाक्षिग्रन्थानां सूचिर्न्यस्ता ।

चतुर्थे परिशिष्टे पद्मीयवृत्तिगतशास्त्रपाठानां सूचिर्न्यस्ता ।

पञ्चमे परिशिष्टे सवृत्तिकेऽस्मिन्ग्रन्थे दर्शितानां दृष्टान्तानां सूचिर्न्यस्ता ।

षष्ठे परिशिष्टे पद्मीयवृत्तिगतसूक्तरत्नानां सूचिर्न्यस्ता ।

परमकृपालुपरमात्मनां परमपूज्यभीमभवोदधितारकगुरुदेव-वैराग्यदेशनादक्षाचार्यदेवश्रीमद्विजय-हेमचन्द्रसूरीश्वराणाञ्च कृपाप्रेरणामार्गदर्शनैरेव मयाऽस्य ग्रन्थस्य संशोधन-वृत्तिसर्जन-अनुवाद-सम्पादनानि कृतानि। तान्पूज्यान्कृतज्ञभावेनाऽनन्तशो वन्दे ।

सवृत्तिकस्याऽस्य ग्रन्थस्य संशोधने वृत्तिनिर्माणेऽनुवादे सम्पादने च या काचित् क्षतिः कृता जाता वा स्यात्तत्कृते क्षमां याचे विदुषश्च तच्छुद्ध्यर्थं प्रार्थये ।

पुस्तकस्थोऽयं ग्रन्थो हृदयस्थो जीवनस्थ आत्मस्थश्च करणीयः । सवृत्तिकमेनं ग्रन्थमभ्यस्य सर्वे जीवा अन्तर्मुखीभूय शीघ्रं परमपदं प्रत्युन्मुखा भवन्त्वित्यभिलषति -

पिण्डवाडा (राजस्थान)
वि.सं. २०६९, अषाढ शुक्ल ६,
(प्रभुवीरच्यवनकल्याणकदिनम्)

परमपूज्यवैराग्यदेशनादक्षाचार्यदेवश्रीमद्विजय-
हेमचन्द्रसूरीश्वराणां
शिष्याणुः
रत्नबोधिविजयो मुनिः ।

TOWARDS THE ETERNAL WORLD

Without implement and experience, knowledge is not so useful. Right knowledge which is implemented in the life, makes us proceed on the path of eternal world. Knowledge devoid of implement is like a burden. Knowledge is an equipment. Using it we should know our eternal wealth of virtues and try to attain it. After gaining knowledge, we shouldn't grow outwards, but we should grow inwards. True scholar doesn't get engrossed in worldly matters. He dives in his soul. So, he sees the world with a new angle. Thus, after gaining true knowledge we should abstain from the worldly matters and march on the eternal path.

'Yogsar' is a scripture which leads us to the path of soulpurity. Yog means religious rituals. Sar means essence. The essence of all the religious rituals is to attain omniscence through soulsublimation. This essence is very well described in this scripture named Yogsar.

This scripture is divided into five 'Prastavas'. The first prastava, containing fortysix anushtub verses, describes the true nature of Parmatma. The second prastava, containing thirtyeight verses, depicts the true nature of religion which is the essence of all the elements. The third prastava, containing thirtyone verses, shows the importance of apathy. The fourth prastava, containing fortytwo verses, narrates the importance of spirit. The fifth prastava, containing fortynine verses, shows the importance of emotional sublimation. Thus, this scripture is composed of two hundred and six anushtub verses. The author has described the above-mentioned topics very well with the help of illustrations and logics. To make the soul, which is constantly engrossed in the external world, engrossed in the eternal world, this scripture is a materpiece.

This scripture is composed by an **unknown saint of the past.** Being desireless of publicity he has not mentioned his name anywhere in the scripture. He was a great practitioner of eternal rites. After a deep study of many scriptures, he has presented the essence of his experience in this scripture. He has greatly obliged us by composing this scriputre. He has not mentioed the composition-year anywhere in this scripture. So, we are not able to know about the period during which he ornamented this earth. The verses composed by him in this scripture are simple, but filled with great hidden meaning. This hidden meaning can be known by deep thinking.

I have corrected this scripture with the help of many manuscripts. After the compilation of all the manuscripts and printed script, I have joined the proper version in the text and the rest versions in the footnote. The list of manuscripts and printed script used by me in the correction-process of this scripture is as follows –

A - This manuscript is from Shree Hemchandracharya Gyanmandir of Patan. The year of writing is no mentioned in it.

B - This manuscript is from Shree Hemchandracharya Gyanmandir of Patan. The year of writing is not mentioned in it. There are many mistakes in it.

C - This manuscript is from Gyanalaya of Bhabhapada in Patan. In it, the verses of the third prastava are randomly arranged and some verses of the fourth and the fifth prastavas are put in the third prastava.

D - This manuscript is from Shree Hemchandracharya Gyanmandir of Patan. The year of writing is not mentioned in it.

E - This manuscript is from Shree Hemchandracharya Gyanmandir of Patan. The year of writing is not mentioned in it.

F - This manuscript is from Shree Hemchandracharya Gyanmandir of Patan. The year of writing is not mentioned in it.

G - This manuscript is from Shree Hemchandracharya Gyanmandir of Patan. The year of writing is not mentioned in it.

H - This manuscript is from Shree Hemchandracharya Gyanmandir of Patan. The year of writing is not mentioned in it.

I - This manuscript is from Shree Hemchandracharya Gyanmandir of Patan. The year of writing is not mentioned in it. There are only sixtytwo verses in it.

J - This manuscript from Shree Hemchandracharya Gyanmandir of Patan was written in the year 1724 of Vikram Era in Rajnagar.

K - This manuscript is from Shree Hemchandracharya Gyanmandir of Patan. The year of writing is not mentioned in it.

L - This manuscript is from Shree Hemchandracharya Gyanmandir of Patan. The year of writing is not mentioned in it.

M - This is a printed book of Yogsar. It was edited by Pandit Hargovinddas, the son of Sheth Trikamchand. It was published by Jain-Vividh-Sahitya-Shastramala of Varanasi in the year 1976 of Vikram Era.

Thus, with the help of twelve manuscripts and one printed book I have corrected this scripture. I thank the donors of the photocopies of the manuscripts for their help. With the advice and guidance of Reverend Muni Jambuvijay Maharaj and Reverend Gurudevshree the manuscripts of many manuscript-libraries in Patan were scanned. I received the photocopies of above mentioned manuscripts from that work with the help of Muniraj Kruparatnavijay Maharaj. I am very grateful to them. I also thank Muni Krutpunyavijay Maharaj at this moment, who suggested me to write a commentary on Yogsar.

Though I am not so talented to write a commentary on this great scripture, I very much liked this scripture after reading it and so, after thinking on its verses, I composed the commentary with the thoughts that sprouted in my mind. I have composed this commentary to establish the great truths hidden in this scripture in the hearts of all people, not to show my talent. I have not used any hard logic or hard grammar in this commentary. So, those who have studied Sanskrit language and have not studied any sanskrit scriptures can also understand it. The commentary of each verse consists of preface, verse, anvay (simpler from of the verse in which the words of the verse are arranged in order), literal meaning and description. I have quoted four hundred and one versions of one hundred and fortyfour scriptures in the commentary. I have decorated the commentary by questions, answers, illustrations and short summaries.

In the year 2066 of the Vikram Era, Updhan Tap was held in Kevalbaug tirth at Sirodinagar in Rajasthan under the guidance of reverend gurudevshree. At that time, by the divine blessings of shree Munisuvratswami Bhagwan and gurudev I composed this commentary. I named this commentary as **'Padmiya Vritti'** by the name of my grand-gurudev Reverend Pannyas Shree Padmavijay Maharaj. This commentary has been checked by an intelligent Mahatma of my group, wellknown for his checkingworks. He didn't want to disclose his name. So, I haven't mentioned his name. I am very grateful to him too at this moment.

This scripture along with its commentary is not for reading just once and understanding its literal meaning, but after reading it thoroughly again and again its moral should be known and applied in our lives. Talented persons must cram and recite the verses.

For the persons, who don't know sanskrit, I have **translated** the commentary in **Gujarati language**. So, even the common people can understand the underlying meaning of the scripture.

This scripture is divided into two parts. The first part consists the first, second and third prastavas. The second part consists the fourth and fifth prastavas.

The topics in the scripture can be known from the index given at the beginning.

At the end I have composed six appendixes.

The first appendix consists the verses of Yogsar.

The second appendix consists the alphabatical list of the verses of Yogsar.

The third appendix cosists the list of scriptures mentioned in the Padmiya commentary.

The fourth appendix consists the list of versions, taken from different scriptures, in the Padmiya commentary.

The fifth appendix consists the list of illustrations mentioned in the text and the commentary.

The sixth appendix consists the list of golden sentences in the Padmiya commentary.


I have corrected, composed, translated and edited this scripture with its commentary and translation by the grace of Bhagwan and my gurudev Reverend Acharyadev Shreemadvijay Hemchandrasurishwarji Maharaj. I bow to him with great reverence.

I apologize for the mistakes committed by me in the correction, composition, translation and edition of this scripture. I request the scholars to mend them.

This scripture printed in this book should be established in the heart, in the life and in the soul. I wish that after studying this scripture along with its commentary, all should refrain from the external world, move towards the eternal world and quickly march to attain omniscence.

– A disciple of
Reverend Acharyadev Shreemad
Vijay Hemchandrasurishwarji Maharaj,
Muni Ratnabodhivijay

Pindwada (Rajashthan)
14-7-2013



આ કાળના અજોડ સાધક,
કેન્સર જેવી ભયંકર બીમારીમાં
ઉગ્ર તપશ્ચર્યાના આરાધક, ગુરુકૃપાપાત્ર,
ગુરુસમર્પિત, સમતાસાગર, દાદાગુરુદેવ

પન્ન્યાસપ્રવર શ્રી પદ્મવિજયજી મહારાજા

અને

ભીમભવોદધિતારક વૈરાગ્યદેશનાદક્ષ,
શ્રીસીમન્ધરજિનોપાસક,
પ્રાચીનશાસ્ત્રસમુદ્ધારપ્રેરક ગુરુદેવ

આચાર્યદેવ શ્રીમદ્વિજય

હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને

આ ગ્રન્થરત્ન સાદર સબહુમાન સમર્પિત કરતાં
અત્યંત આનંદ અનુભવું છું.

– મુનિ રત્નબોધિ વિજય

विषयानुक्रमः

क्र.	विषयः	वृत्त क्र.	पृष्ठ क्र.
A	**प्रथमः प्रस्तावः** **પહેલો પ્રસ્તાવ**	१-४६	१-१३५
१	वृत्तिकर्त्तुर्मङ्गलम् । વૃત્તિકારનું મંગળ		१
२	यथाशक्ति परोपदेशदाने यतितव्यम् । શક્તિ મુજબ બીજાને ઉપદેશ આપવામાં યત્ન કરવો જોઈએ.		२
१	**अनुबन्धचतुष्टयप्रतिपादनम् ।** **ચાર અનુબંધ કહેવા.**	१/१	३-१०
१	पञ्चप्रस्तावात्मकस्य योगसारस्य सर्वाग्रम् । પાંચ પ્રસ્તાવવાળા યોગસારના કુલ શ્લોકો.		३
२	पराभिमततीर्थकृतः पुनर्भवमागच्छन्ति । બીજા દર્શનવાળાને માન્ય તીર્થંકરો ફરી સંસારમાં આવે છે.		४
३	रागद्वेषौ संसारस्य बीजभूतौ । રાગ-દ્વેષ સંસારના બીજરૂપ છે.		५
४	'विवर्जितम्' इत्यत्र 'वि'इत्युपसर्गस्य प्रयोजनम् । 'विवर्जितम्' શબ્દમાં 'वि' ઉપસર્ગનું પ્રયોજન.		६
५	द्विविधाः परमात्मानस्त्रिविधाश्चात्मानः । બે પ્રકારના પરમાત્મા અને ત્રણ પ્રકારના આત્મા.		७
६	गम्भीरार्थमिदं शास्त्रम् । આ શાસ્ત્ર ગંભીર અર્થવાળું છે.		८
७	योगसारस्याऽर्थः । યોગસારનો અર્થ.		९
८	अनुबन्धचतुष्टयम् । ચાર અનુબંધો.		१०
२	**ध्यानविषयप्रतिपादनम् ।** **ધ્યાનનો વિષય કહેવો.**	१/२	११-१४
१	योगी यद् ध्यायति तत्र तन्मयतां याति । યોગી જેનું ધ્યાન કરે છે તેમાં તન્મય બને છે.		११

क्र.	विषयः	वृत्त क्र.	पृष्ठ क्र.
२	द्विविधं ध्यानम् ।		१२
	બે પ્રકારનું ધ્યાન.		
३	प्रशस्तं वस्तु ध्यातव्यम् ।		१३
	સારી વસ્તુનું ધ્યાન કરવું.		
४	नित्यं वीतरागो ध्यातव्यः ।		१४
	હંમેશા વીતરાગનું ધ્યાન કરવું.		
३	**वीतरागः कुत्र ध्यातव्यस्तद्ध्यानेन च किं भवति ?**	**१/३**	**१५-१६**
	વીતરાગનું ધ્યાન ક્યાં કરવું અને તેના ધ્યાનથી શું થાય છે ?		
१	परमात्मा शुद्धस्फटिकसङ्काशो निष्कलश्च ।		१५
	પરમાત્મા શુદ્ધ સ્ફટિક જેવા અને કળા વિનાના છે.		
२	आत्मनि ज्ञातः परमात्मा परमपदं दत्ते ।		१६
	આત્મામાં જણાયેલા પરમાત્મા પરમપદ આપે છે.		
४	**आत्मनि परमात्मनो ज्ञानं कदा भवति ?**	**१/४**	**१७-१९**
	આત્મામાં પરમાત્માનું જ્ઞાન ક્યારે થાય છે ?		
१	मलिनात्मा स्वात्मनि परमात्मानं न जानाति ।		१७
	મેલો આત્મા પોતાનામાં પરમાત્માને જાણતો નથી.		
२	चक्रकदोषस्तत्परिहारश्च ।		१८
	ચક્રક દોષ અને તેનું નિરાકરણ.		
३	साम्येन नैर्मल्ये जाते आत्मनि परमात्मा प्रतिभासते ।		१९
	સામ્યથી નિર્મળતા થયે છતે આત્મામાં પરમાત્મા જણાય છે.		
५	**समतासम्पादनोपायः ।**	**१/५**	**२०-२२**
	સમતા પામવાનો ઉપાય.		
१	कषायविगमक्रमात् साम्यं शुद्धं भवति ।		२०
	કષાયોના નાશના ક્રમથી સામ્ય શુદ્ધ થાય છે.		
२	कषायविगमक्रमः ।		२१
	કષાયોના નાશનો ક્રમ.		
३	मोहनीयं कर्म कर्मणां राजा ।		२२
	મોહનીય કર્મ કર્મોનો રાજા છે.		
६	**साम्यशुद्धिक्रमेण परमात्मनः प्रादुर्भावः ।**	**१/६**	**२३-२४**
	સામ્યની શુદ્ધિના ક્રમથી પરમાત્માનું પ્રગટ થવું.		
१	साम्यशुद्धिक्रमेणाऽऽत्मनो विशुद्धिर्भवति ।		२३
	સામ્યની શુદ્ધિના ક્રમથી આત્માની વિશુદ્ધિ થાય છે.		

ક્ર.	विषयः	वृत्त ક્ર.	પૃષ્ઠ ક્ર.
૨	विशुध्यत आत्मनः प्रभुः स्फुटः स्यात् । વિશુદ્ધ થતાં આત્મામાંથી પ્રભુ પ્રગટ થાય છે.		૨૪
૭	**कदा परमात्मा सर्वथा प्रकटीभवति ?** **ક્યારે પરમાત્મા સંપૂર્ણ રીતે પ્રગટ થાય છે ?**	૧/૭	૨૪-૨૬
૧	साम्ये सर्वशुद्धे प्रभुः सर्वस्फुटीभवेत् । સામ્ય સંપૂર્ણપણે શુદ્ધ થયે છતે પ્રભુ સંપૂર્ણ રીતે પ્રગટ થાય.		૨૫
૨	विशुद्धात्मनः परमात्मा प्रादुर्भवति । વિશુદ્ધ આત્મામાંથી પરમાત્મા પ્રગટ થાય છે.		૨૬
૮	**आत्मा कथं शुद्धो भवति ?** **આત્મા શી રીતે શુદ્ધ થાય છે ?**	૧/૮	૨૭-૨૯
૧	शुद्ध आत्मैव परमात्मतां भजते । શુદ્ધ આત્મા જ પરમાત્મા બને છે.		૨૭
૨	कषायाऽपगमे आत्मैव परमात्मा भवति । કષાયો દૂર થયે છતે આત્મા જ પરમાત્મા બને છે.		૨૮
૯	**आत्मा कथं परमात्मत्वं त्यजति ?** **આત્મા શી રીતે પરમાત્માપણાને ત્યજે છે ?**	૧/૯	૨૯-૩૧
૧	प्रबलीभूताः कषाया आत्मानं मलिनं कुर्वन्ति । પ્રબળ થયેલા કષાયો આત્માને મેલો કરે છે.		૨૯
૨	कषायाणामनर्थकृत्त्वम् । કષાયોનું નુકસાનકારીપણું.		૩૦
૩	कषायैः सहैव युद्धं कर्त्तव्यम् । કષાયોની સાથે જ યુદ્ધ કરવું.		૩૧
૧૦	**कषायहननोपदेशः ।** **કષાયોને હણવાનો ઉપદેશ.**	૧/૧૦	૩૧-૩૩
૧	कषायनोकषायाः शिवद्वारार्गलीभूताः । કષાયો અને નોકષાયો મોક્ષમાર્ગના આગળીયા જેવા છે.		૩૨
૨	कषायनोकषाया निहन्तव्याः । કષાયો અને નોકષાયોને હણવા.		૩૩
૧૧	**कषायहननोपायः** **કષાયોને હણવાનો ઉપાય**	૧/૧૧	૩૩-૪૪

ક્ર.	વિષય:	વૃત્ત ક્ર.	પૃષ્ઠ ક્ર.
૧	क्षमादिभिः क्रोधादयो हन्तव्याः ।		૩૫
	ક્ષમા વગેરેથી ક્રોધ વગેરેને હણવા.		
૨	क्रोधस्यापायाः ।		૩૬
	ક્રોધના નુકસાનો.		
૩	क्षमाधारणोपायाः ।		૩૭-૩૮
	ક્ષમા રાખવાનાં ઉપાયો.		
૪	मानस्याऽपायाः ।		૩૯
	માનના નુકસાનો.		
૫	माननिग्रहोपायः ।		૪૦
	માનને કાબૂમાં રાખવાનો ઉપાય.		
૬	मायाया अपायाः ।		૪૧
	માયાના નુકસાનો.		
૭	मायानिग्रहोपायः ।		૪૨
	માયાને કાબૂમાં રાખવાનો ઉપાય.		
૮	लोभस्याऽपायाः ।		૪૩
	લોભના નુકસાનો.		
૯	लोभनिग्रहोपायः ।		૪૪
	લોભને કાબૂમાં રાખવાનો ઉપાય.		
૧૨	**नोकषायहननोपायः ।**	**૧/૧૨**	**૪૪-૪૭**
	નોકષાયોને હણવાનો ઉપાય.		
૧	दृढधैर्येण नोकषाया जेतव्याः ।		૪૬
	દૃઢ ધૈર્યથી નોકષાયોને જીતવા.		
૧૩	**कषायनोकषायहननफलम् ।**	**૧/૧૩**	**૪૭-૪૯**
	કષાયો અને નોકષાયોને હણવાનું ફળ.		
૧	रागद्वेषमयेष्वान्तरवैरिषु हतेषु साम्यं सुनिश्चलं भवति ।		૪૮
	રાગ-દ્વેષ રૂપી અંદરના દુશ્મનો હણાયે છતે સામ્ય ખૂબ સ્થિર થાય છે.		
૨	साम्ये सुनिश्चले आत्मैव परमात्मतां यायात् ।		૪૯
	સામ્ય ખૂબ સ્થિર થયે છતે આત્મા જ પરમાત્મા બને છે.		
૧૪	**परमात्माऽऽत्मनोऽभिन्नः ।**	**૧/૧૪**	**૫૦-૫૧**
	પરમાત્મા આત્માથી અભિન્ન છે.		

ક્ર.	વિષયઃ	વૃત્ત ક્ર.	પૃષ્ઠ ક્ર.
૧	रागाद्यञ्जनमार्जनात् लक्षितः परमात्मैक्यं भजति । રાગ વગેરેનો મેલ સાફ કર્યા પછી ઓળખાયેલ પરમાત્મા જીવાત્માથી અભિન્નરૂપે જણાય છે.		૫૦
૨	आत्मपरमात्मैक्यज्ञाने रागादयः प्रतिबन्धकाः । આત્મા અને પરમાત્માની એકતાના જ્ઞાનમાં રાગ વગેરે પ્રતિબંધકો છે.		૫૧
૧૫	**आत्मपरमात्मनोरैक्ये ज़ाते आत्मानः कीदृशा जायन्ते ?** **આત્મા અને પરમાત્માની એકતા થવા પર આત્માઓ કેવા બને છે ?**	**૧/૧૫**	**૫૧-૫૩**
૧	कर्ममालिन्यशोधनादात्मानः परमात्मतुल्या जायन्ते । કર્મની મલિનતા શુદ્ધ થવાથી આત્માઓ પરમાત્માની સમાન બને છે.		૫૨
૨	कर्मभिरात्मनो गुणा आवृताः । કર્મોએ આત્માના ગુણો ઢાંક્યા છે.		૫૩
૧૬	**परमात्मानो न भिन्नस्वरूपाः ।** **પરમાત્માઓનું સ્વરૂપ જુદું જુદું નથી.**	**૧/૧૬**	**૫૪-૫૬**
૧	परमात्मा न भिद्यते । પરમાત્મામાં ભેદ નથી.		૫૪
૨	षडुपकरणवर्त्तिजलज्ञातम् । છ વાસણોમાં રહેલ પાણીનું દૃષ્ટાંત.		૫૫
૧૭	**परमात्मनोऽभिन्नत्वे कारणम् ।** **પરમાત્મા અભિન્ન હોવાનું કારણ.**	**૧/૧૭**	**૫૬-૫૮**
૧	गुणतः परमात्मा एक एव ગુણથી પરમાત્મા એક જ છે.		૫૭
૧૮	**परमात्मन एकत्वस्य दृष्टान्तेन समर्थनम् ।** **'પરમાત્મા એક છે' એ વાતને દૃષ્ટાંતથી સમજાવવી.**	**૧/૧૮**	**૫૮-૬૧**
૧	जातरूपदृष्टान्तः । સુવર્ણનું દૃષ્ટાંત.		૫૮
૨	शुद्धं सुवर्णं गुणापेक्षयैकमेव । શુદ્ધ સુવર્ણ ગુણોની અપેક્ષાએ એક જ છે.		૫૯
૩	गुणाऽपेक्षया एकत्वमन्यत्राऽपि प्रसिद्धम् । ગુણોની અપેક્ષાએ એકપણું બીજે પણ પ્રસિદ્ધ છે.		૬૦

ક્ર.	विषयः	वृत्त ક્ર.	પૃષ્ઠ ક્ર.
૧૯	**परमात्मनो गुणाः ।** **પરમાત્માના ગુણો.**	૧/૧૯	૬૧-૬૬
૧	परमात्मा रूपरहितश्चिद्रूपो नीरुजः शिवश्च । પરમાત્મા રૂપ વિનાના, જ્ઞાનમય, રોગ વિનાના અને ઉપદ્રવ વિનાના છે.		૬૩
૨	सिद्धिक्षेत्रस्य स्वरूपम् । સિદ્ધિક્ષેત્રનું સ્વરૂપ.		૬૪
૩	परमात्माऽनन्तो नित्यश्च । પરમાત્મા અનંત અને નિત્ય છે.		૬૫
૪	परमात्माऽनन्तसुखभाक् । પરમાત્મા અનંત સુખવાળા છે.		૬૬
૨૦	**परमात्मा पक्षपातरहितः ।** **પરમાત્મા પક્ષપાત વિનાના છે.**	૧/૨૦	૬૭-૬૯
૧	आराधितः परमात्मा शिवं कुरुते । આરાધાયેલા પરમાત્મા મોક્ષ આપે છે.		૬૮
૨	परमात्मा सर्वत्र समः । પરમાત્મા બધે સમાન છે.		૬૯
૨૧	**कृतकृत्यस्य परमात्मन आराधनोपायः ।** **કૃતકૃત્ય એવા પરમાત્માની આરાધના કરવાનો ઉપાય**	૧/૨૧	૭૦-૭૨
૧	आज्ञापालनात्परमात्माऽऽराद्धः स्यात् । આજ્ઞાનું પાલન કરવાથી પરમાત્માની આરાધના થાય છે.		૭૧
૨	परमात्माज्ञा - चित्तं निर्मलीकर्त्तव्यम् । પરમાત્માની આજ્ઞા - ચિત્તને નિર્મળ કરવું.		૭૨
૨૨	**परमात्मनोऽन्या आज्ञाः ।** **પરમાત્માની અન્ય આજ્ઞાઓ**	૧/૨૨	૭૩-૭૬
૧	सर्वदा सम्यग्ज्ञानदर्शनशीलानि पोषणीयानि । હંમેશા સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રને પુષ્ટ કરવા.		૭૪
૨	परमात्माज्ञा - रागादिदोषा निहन्तव्याः । પરમાત્માની આજ્ઞા - રાગ વગેરે દોષોને હણવા.		૭૫
૨૩	**परमात्माज्ञाया माहात्म्यम् ।** **પરમાત્માની આજ્ઞાનું માહાત્મ્ય.**	૧/૨૩	૭૬-૮૦

ક્ર.	વિષયઃ	વૃત્ત ક્ર.	પૃષ્ઠ ક્ર.
૧	परमात्माज्ञा कर्मद्रुमकुठारिका ।		૭૭
	પરમાત્માની આજ્ઞા કર્મરૂપી વૃક્ષને છેદવા માટે કુહાડી સમાન છે.		
૨	द्वादशाङ्गीप्रमाणम् ।		૭૮
	દ્વાદશાંગીનું પ્રમાણ.		
૩	परमात्माज्ञा द्वादशाङ्गार्थसारभूता ।		૭૯
	પરમાત્માની આજ્ઞા દ્વાદશાંગીના અર્થના સારરૂપ છે.		
૪	परमात्माज्ञाऽतिदुर्लभा ।		૮૦
	પરમાત્માની આજ્ઞા બહુ મુશ્કેલીથી મળે એવી છે.		
૨૪	**जिनाज्ञापालनापालनाभ्यां लाभहानी ।**	**૧/૨૪, ૨૫, ૨૬**	**૮૦-૮૬**
	જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું પાલન કરવાથી અને ન કરવાથી થતાં લાભ અને નુકસાન.		
૧	विश्ववत्सलस्त्रिलोकनाथः श्रीवीरः ।		૮૩
	વિશ્વ ઉપર વાત્સલ્યવાળા અને ત્રણ લોકના નાથ એવા શ્રીવીરપ્રભુ.		
૨	जिनाज्ञाविराधका भवे भ्रमिष्यन्ति		૮૪
	જિનાજ્ઞાની વિરાધના કરનારા સંસારમાં ભમશે.		
૩	जिनाज्ञाराधका मुक्तिं प्रयाताः ।		૮૫
	જિનાજ્ઞાની આરાધના કરનારા મોક્ષે ગયા.		
૨૫	**जिनाज्ञाया माहात्म्यम् ।**	**૧/૨૭**	**૮૬-૮૯**
	જિનાજ્ઞાનું માહાત્મ્ય.		
૧	जिनाज्ञैव सर्वजन्तुहिता मोक्षैकपद्धतिश्च ।		૮૭
	જિનાજ્ઞા જ બધા જીવોને હિતકારી છે અને મોક્ષનો એકમાત્ર રસ્તો છે.		
૨	जिनाज्ञापालनमेव चारित्रम् ।		૮૮
	જિનાજ્ઞાનું પાલન એ જ ચારિત્ર છે.		
૩	जिनाज्ञैव संसारोच्छेदिनी ।		૮૯
	જિનાજ્ઞા જ સંસારનો નાશ કરનારી છે.		
૨૬	**जिनाज्ञापालनोपायाः ।**	**૧/૨૮**	**૯૦-૯૭**
	જિનાજ્ઞાનું પાલન કરવાના ઉપાયો.		
૧	ध्यानयोगेनाऽऽज्ञापालनं भवति ।		૯૧
	ધ્યાનયોગથી આજ્ઞાનું પાલન થાય છે.		

ક્ર.	વિષયઃ	વૃત્ત ક્ર.	પૃષ્ઠ ક્ર.
૨	भावसारस्तुतिस्तवैराज्ञापालनं भवति । ભાવપૂર્વક ઉત્તમ સ્તુતિ-સ્તવનો બોલવાથી આજ્ઞાનું પાલન થાય છે.		૯૨
૩	पूजादिभिराज्ञापालनं भवति । પૂજા વગેરેથી આજ્ઞાનું પાલન થાય છે.		૯૩
૪	पूजाप्रकाराः । પૂજાના પ્રકારો.		૯૪
૫	सप्तदशविधा पूजा । સત્તર પ્રકારની પૂજા		૯૫
૬	सुचारित्रचर्ययाऽऽज्ञापालनं भवति । ચારિત્રનું સુંદર પાલન કરવાથી આજ્ઞાનું પાલન થાય છે.		૯૬
૨૭	**जिनाज्ञापालनोपायः ।** **જિનાજ્ઞાનું પાલન કરવાનો ઉપાય.**	**૧/૨૯**	**૯૭-૯૯**
૧	भावस्तवद्रव्यस्तवस्वरूपम् । ભાવસ્તવ અને દ્રવ્યસ્તવનું સ્વરૂપ.		૯૮
૨૮	**द्रव्यस्तवोऽपि कल्याणाय स्यात् ।** દ્રવ્યસ્તવ પણ કલ્યાણ માટે થાય છે.	**૧/૩૦**	**૯૯-૧૦૧**
૧	परमात्मा चिन्तामण्यादिकल्पः । પરમાત્મા ચિંતામણિ વગેરે જેવા છે.		૧૦૦
૨	भावस्तवाऽसमर्थेन द्रव्यस्तवोऽवश्यं कर्त्तव्यः । ભાવસ્તવ કરવા અસમર્થ જીવે દ્રવ્યસ્તવ અવશ્ય કરવો.		૧૦૧
૨૯	**द्रव्यस्तवस्य माहात्म्यम्** **દ્રવ્યસ્તવનું માહાત્મ્ય.**	**૧/૩૧**	**૧૦૧-૧૦૪**
૧	जिनभक्तेः फलम् । જિનભક્તિનું ફળ.		૧૦૩
૨	द्रव्यस्तवोऽभ्युदयकारको भावस्तवो महोदयकारकः । દ્રવ્યસ્તવ અભ્યુદય કરનાર છે, ભાવસ્તવ મોક્ષ આપે છે.		૧૦૪
૩૦	**द्रव्यस्तवकर्त्तुर्विरतिरपि भवेत् ।** **દ્રવ્યસ્તવ કરનારને વિરતિ પણ મળે છે.**	**૧/૩૨**	**૧૦૪-૧૦૬**
૧	विरतिधरः कर्मनिर्मथनं प्रति प्रक्षरितः सिंहः । વિરતિધર કર્મોનો નાશ કરવા માટે વિફરેલા સિંહ જેવો છે.		૧૦૬

ક્ર.	વિષય:	વૃત્ત ક્ર.	પૃષ્ઠ ક્ર.
૩૧	**श्रावकोऽपि पूजाद्यैः शिवमाप्नोति ।**	૧/૩૩	૧૦૬-૧૦૮
	શ્રાવક પણ પૂજા વગેરેથી મોક્ષ પામે છે.		
૧	आज्ञाराधनया सुखं प्राप्यते ।		૧૦૮
	આજ્ઞાની આરાધનાથી સુખ મળે છે.		
૩૨	**अन्वयव्यतिरेकौ ।**	૧/૩૪	૧૦૮-૧૧૦
	અન્વય અને વ્યતિરેક .		
૧	आज्ञाराधनासुखयोरन्वयव्यतिरेकौ		૧૦૯
	આજ્ઞાની આરાધના અને સુખના અન્વય-વ્યતિરેક.		
૨	आज्ञाविराधनादुःखयोरन्वयव्यतिरेकौ		૧૧૦
	આજ્ઞાની વિરાધના અને દુ:ખના અન્વય-વ્યતિરેક.		
૩૩	**उपसंहारः ।**	૧/૩૫	૧૧૧-૧૧૨
	ઉપસંહાર.		
૧	परमात्माऽऽज्ञापलने लीनैः परमात्माऽऽत्मनि ज्ञायते ।		૧૧૧
	પરમાત્માની આજ્ઞાનું પાલન કરવામાં લીન જીવોને આત્મામાં પરમાત્મા જણાય છે.		
૨	आत्मनि ज्ञातः परमात्मा मोक्षं कुरुते ।		૧૧૨
	આત્મામાં જણાયેલ પરમાત્મા મોક્ષ આપે છે.		
૩૪	**परमात्मनो नामभेदेऽपि नाऽर्थभेदः ।**	૧/૩૬	૧૧૨-૧૧૫
	પરમાત્માના નામો જુદા હોવા છતાં પણ પરમાત્મા એક જ છે.		
૧	एकस्य वस्तुनोऽनेकाः पर्यायशब्दाः ।		૧૧૩
	એક વસ્તુના અનેક પર્યાયવાચી શબ્દો હોય છે.		
૨	परदर्शनाभिमतबुद्धकपिलादिषु नार्थाभेदः ।		૧૧૪
	અન્ય ધર્મોને માન્ય બુદ્ધ, કપિલ વગેરેમાં પરમાત્માના સ્વરૂપનો અભેદ નથી.		
૩	यस्य वचनं स्याद्वादगर्भं स उपास्यः ।		૧૧૫
	જેનું વચન સ્યાદ્વાદથી યુક્ત હોય તેની ઉપાસના કરવી.		
૩૫	**परमात्मनोऽर्थभेदं विकल्प्य परस्परं मात्सर्यमादधानानां चेष्टा ।**	૧/૩૭	૧૧૬-૧૧૭
	પરમાત્માને જુદા જુદા માનીને એકબીજા પર ઈર્ષ્યા કરનારાની ચેષ્ટા.		
૧	अज्ञानिनः परमात्मविषये विवदन्ते ।		૧૧૬
	અજ્ઞાનીઓ પરમાત્માના વિષયમાં વિવાદ કરે છે.		

ક્ર.	विषयः	वृत्त ક્ર.	પૃષ્ઠ ક્ર.
૨	અજ્ઞાનજાત્ માત્સર્યાદ્દર્શનિનો વિવદન્તે । અજ્ઞાનથી થયેલી ઈર્ષ્યાથી ધાર્મિકો વિવાદ કરે છે.		૧૧૭
૩૬	**परमात्मस्वरूपज्ञातारो न विवदन्ते ।** **પરમાત્માનું સ્વરૂપ જાણનારા વિવાદ કરતાં નથી.**	**૧/૩૮**	**૧૧૮-૧૨૦**
૧	तत्त्वविश्रान्तदृष्टयो महात्मानो न विवदन्ते । જેમની દૃષ્ટિ તત્ત્વમાં વિશ્રાંત થઈ છે એવા મહાત્માઓ વિવાદ કરતાં નથી.		૧૧૯
૩૭	**परमात्मनः स्वरूपम् ।** **પરમાત્માનું સ્વરૂપ.**	**૧/૩૯**	**૧૨૦-૧૨૩**
૧	परमात्मा वीतरागः । પરમાત્મા વીતરાગ છે.		૧૨૧
૨	यत्र रागस्तत्राऽन्ये दोषा भवन्त्येव । જ્યાં રાગ હોય છે ત્યાં અન્ય દોષો હોય છે જ.		૧૨૨
૩૮	**दोषैर्दूषितो देवो भवितुं नार्हति ।** **દોષોથી દૂષિત વ્યક્તિ પરમાત્મા બનવા માટે યોગ્ય નથી.**	**૧/૪૦**	**૧૨૩-૧૨૫**
૧	माध्यस्थ्यमवलम्ब्य तत्त्वबुद्ध्या परमात्मस्वरूपं निश्चीयताम् । મધ્યસ્થ બનીને તત્ત્વબુદ્ધિથી પરમાત્માના સ્વરૂપનો નિશ્ચય કરવો.		૧૨૪
૩૯	**रागादिदूषितः शुभोऽपि देवो नाऽऽराध्यः ।** **રાગ વગેરેથી દૂષિત સારા પણ દેવની આરાધના ન કરવી.**	**૧/૪૧**	**૧૨૫-૧૨૬**
૧	रागदयो दोषाः सर्वसङ्क्लेशकारकाः । રાગ વગેરે દોષો બધા સંક્લેશને કરનારા છે.		૧૨૫
૨	दोषदूषितदेवेन न किमपि प्रयोजनम् । દોષથી દૂષિત દેવનું કંઈ પણ કામ નથી.		૧૨૬
૪૦	**वीतरागं ध्यायन्भवी वीतरागो भवेत् ।** **વીતરાગનું ધ્યાન કરનાર સંસારી જીવ વીતરાગ બને છે.**	**૧/૪૨**	**૧૨૭-૧૨૮**
૧	भ्रमरीं ध्यायन्तीलिका भ्रमरी भवेत् । ભમરીનું ધ્યાન કરનારી ઈયળ ભમરી બને છે.		૧૨૭
૪૧	**रागिदेवं ध्यायन्रागी भवेत् ।** **રાગીદેવનું ધ્યાન કરનારો રાગી બને છે.**	**૧/૪૩**	**૧૨૮-૧૩૦**
૧	कामुकः कामुकीं ध्यायन् कामैकविह्वलो भवेत् । કામી પુરુષ પ્રિયાનું ધ્યાન કરતો કામથી આકુળ થાય.		૧૨૯

ક્ર.	વિષય:	વૃત્ત ક્ર.	પૃષ્ઠ ક્ર.
૪૨	**रागादिकृता हानिः ।**	૧/૪૪	૧૩૦-૧૩૨
	રાગ વગેરેથી કરાયેલ નુકસાન.		
૧	रागादयो पाप्मानः ।		૧૩૦
	રાગ વગેરે પાપીઓ છે.		
૨	रागादयो भवभ्रमणकारणम् ।		૧૩૧
	રાગ વગેરે સંસારભ્રમણનું કારણ છે.		
૪૩	**निगमनम् ।**	૧/૪૫	૧૩૨-૧૩૪
	છેલ્લો નિર્ણય.		
૧	वीतरागं ध्यायन् वीतरागः सन् विमुच्यते ।		૧૩૨
	વીતરાગનું ધ્યાન કરનાર વીતરાગ બનીને મુક્ત થાય છે.		
૨	रागादिमोहितं ध्यायन् सरागः सन् बध्यते ।		૧૩૩
	રાગ વગેરેથી મોહિત થયેલાનું ધ્યાન કરનાર રાગી થઈને બંધાય છે.		
૪૪	**यो वीतरागः स एव देवो निश्चीयताम् ।**	૧/૪૬	૧૩૪-૧૩૫
	જે વીતરાગ છે તેને જ દેવ માનો.		
૧	वीतरागो भविभवदम्भोलिः स्वतुल्यपदवीप्रदश्च ।		૧૩૫
	વીતરાગ સંસારી જીવના સંસારનો નાશ કરવા વજ્ર સમાન છે અને પોતાની સમાન પદવી આપનાર છે.		
B	**द्वितीयः प्रस्तावः**	૧-૩૮	૧૩૬-૨૨૧
	બીજો પ્રસ્તાવ		
૧	**साम्प्रतं लोका दृष्टिरागेण मोहिताः**	૨/૧	૧૩૬-૧૩૮
	હાલ લોકો દૃષ્ટિરાગથી મોહિત થયેલા છે.		
૧	साम्प्रतं लोकाः स्वाग्रहग्रस्ताः ।		૧૩૭
	હાલ લોકો સ્વાગ્રહવાળા છે.		
૨	साम्प्रतं लोकाः प्रायस्तत्त्वपराङ्मुखाः ।		૧૩૮
	હાલ લોકો પ્રાયઃ તત્ત્વથી પરાઙ્મુખ છે.		
૨	**दृष्टिरागस्य भयङ्करता ।**	૨/૨	૧૩૯-૧૪૦
	દૃષ્ટિરાગની ભયંકરતા.		
૧	दृष्टिरागो महामोहः ।		૧૩૯
	દૃષ્ટિરાગ એ મહામોહરૂપ છે.		
૨	दृष्टिरागो महाभवो महामारो महाज्वरश्च ।		૧૪૦
	દૃષ્ટિરાગ એ મોટો સંસાર છે, મોટો મારનાર છે અને મોટો તાવ છે.		

क्र.	विषयः	वृत्त क्र.	पृष्ठ क्र.
३	**दृष्टिरागनिर्माणकारणम् ।** **દૃષ્ટિરાગને બનાવવાનું કારણ.**	२/३	१४१-१४३
१	दृष्टिरागो जनपाताय निर्मितः । દૃષ્ટિરાગ લોકોને પાડવા માટે બનાવાયો છે.		१४१
२	दृष्टिरागो मत्सरहेतुः । દૃષ્ટિરાગ ઈર્ષ્યાનું કારણ છે.		१४२
४	**मोहोपहतचित्ताः स्वयं नष्टा मुग्धं जनं नाशयन्ति ।** **મોહથી હણાયેલા ચિત્તવાળા જીવો સ્વયં સંસારમાં પડેલા છે અને ભોળા લોકોને સંસારમાં પાડે છે.**	२/४	१४३-१४६
१	चतस्रो भावनाः । ચાર ભાવનાઓ.		१४४
२	दृष्टिरागिणो मैत्र्यादिभिरसंस्कृताः । દૃષ્ટિરાગવાળા જીવો મૈત્રી વગેરે ભાવનાઓથી સંસ્કાર પામેલા નથી.		१४५
३	दृष्टिरागिणो जनानपि पातयन्ति । દૃષ્ટિરાગવાળા જીવો લોકોને પણ પાડે છે.		१४६
५	**मैत्र्यादिभावनानां स्वरूपम् ।** **મૈત્રી વગેરે ભાવનાઓનું સ્વરૂપ.**	२/५	१४७-१४९
६	**मैत्र्यादिभावनानां विषयाः ।** **મૈત્રી વગેરે ભાવનાઓના વિષયો.**	२/६	१४९-१५१
७	**मैत्र्यादिभावनानां माहात्म्यम् ।** **મૈત્રી વગેરે ભાવનાઓનું માહાત્મ્ય.**	२/७	१५१-१५३
१	मैत्र्यादिभावना धर्मकल्पद्रुमस्य मूलम् । મૈત્રી વગેરે ભાવનાઓ ધર્મરૂપી કલ્પવૃક્ષના મૂળ સમાન છે.		१५२
२	मैत्र्यादिभावनाज्ञानाभ्यासविकलानां धर्मोऽतिदुर्लभः । મૈત્રી વગેરે ભાવનાઓના જ્ઞાન અને અભ્યાસ વિનાના જીવો માટે ધર્મ કરવો ખૂબ જ મુશ્કેલ છે.		१५३
८	**मोहान्ध्यस्य फलम् ।** **મોહના અંધાપાનું ફળ.**	२/८	१५३-१५५
१	मोहान्ध्यस्य वैचित्र्यम् । મોહના અંધાપાની વિચિત્રતા.		१५५
९	**मोहान्ध्यस्य स्वरूपम् ।** **મોહના અંધાપાનું સ્વરૂપ.**	२/९,१०	१५५-१५७

ક્ર.	વિષય:	વૃત્ત ક્ર.	પૃષ્ઠ ક્ર.
૧	मत्सरिणस्तत्त्वसारतो दूरोत्सारिताः ।		૧૫૭
	ઈર્ષ્યાળુઓ તત્ત્વરૂપી સારથી દૂર થાય છે.		
૧૦	**मत्सरिणामनर्थस्य दृष्टान्तेन प्रतिपादनम् ।**	**૨/૧૧**	**૧૫૭-૧૫૯**
	ઈર્ષ્યાળુના નુકસાનને દૃષ્ટાંતથી સમજાવવું.		
૧	मत्सरिणोऽन्योऽन्यं दोषग्रहणाद्धताः ।		૧૫૮
	ઈર્ષ્યાળુઓ એકબીજાના દોષો લઈને હણાયેલા છે.		
૨	परेषु यद्दृश्यते तदात्मन्यागच्छति ।		૧૫૯
	બીજામાં જે દેખાય છે તે પોતાનામાં આવે છે.		
૧૧	**मत्सरिणामनर्थस्य कारणम् ।**	**૨/૧૨**	**૧૫૯-૧૬૧**
	ઈર્ષ્યાળુના નુકસાનનું કારણ.		
૧	मोहमोहिताः परदोषग्रहणं कुर्वन्ति ।		૧૬૦
	મોહથી મોહિત થયેલા જીવો બીજાના દોષોનું ગ્રહણ કરે છે.		
૧૨	**स्वदोषदर्शनस्य माहात्म्यम् ।**	**૨/૧૩**	**૧૬૧-૧૬૩**
	પોતાના દોષોને જોવાનું માહાત્મ્ય.		
૧	नरैः परदोषदर्शनवत्स्वदोषदर्शने यतितव्यम् ।		૧૬૨
	મનુષ્યોએ બીજાના દોષો જોવાની જેમ પોતાના દોષો જોવામાં યત્ન કરવો.		
૨	स्वदोषदर्शनमजरामरत्वाय रससिद्धिः ।		૧૬૩
	પોતાના દોષો જોવા એ અજરામરપણા માટેની રસસિદ્ધિ છે.		
૧૩	**परदूषणदायिनां समता न विद्यते ।**	**૨/૧૪**	**૧૬૩-૧૬૬**
	બીજાને દોષ આપનારાઓમાં સમતા નથી હોતી.		
૧	जिनशासनस्य सारः समता ।		૧૬૪
	જિનશાસનનો સાર સમતા છે.		
૧૪	**साम्यतत्त्वस्य स्वरूपम् ।**	**૨/૧૫, ૧૬**	**૧૬૬-૧૭૨**
	સામ્યતત્ત્વનું સ્વરૂપ.		
૧	मानेऽपमाने च समत्वम् ।		૧૬૭
	માન અને અપમાનમાં સમતા.		
૨	निन्दायां स्तुतौ लेष्टौ काञ्चने च समत्वम् ।		૧૬૮
	નિંદામાં, સ્તુતિમાં, ઢેફામાં અને સોનામાં સમતા.		
૩	जीविते मरणे लाभेऽलाभे दरिद्रे धनवति च समत्वम् ।		૧૬૯
	જીવનમાં, મરણમાં, લાભમાં, નુકસાનમાં, દરિદ્રને વિષે અને ધનવાનને વિષે સમતા.		

क्र.	विषयः	वृत्त क्र.	पृष्ठ क्र.
४	शत्रौ मित्रे सुखे दुःखे शुभाशुभेषु चेन्द्रियविषयेषु समत्वम् ।		१७०
	શત્રુને વિષે, મિત્રને વિષે, સુખમાં, દુઃખમાં, સારા અને ખરાબ ઈન્દ્રિયોના વિષયોમાં સમતા.		
५	सर्वत्र समचित्तैर्भाव्यम् ।		१७१
	બધે સમાન ચિત્તવાળા થવું.		
१५	**साम्यस्य माहात्म्यम् ।**	**२/१७**	**१७२-१७५**
	સામ્યનું માહાત્મ્ય.		
१	अष्टौ योगाङ्गानि ।		१७३
	યોગના આઠ અંગો.		
२	साम्यमष्टाङ्गयोगस्य सारभूतम् ।		१७४
	સામ્ય એ આઠ અંગવાળા યોગના સારરૂપ છે.		
१६	**साम्यस्य योगसारत्वस्य दृष्टान्तेन समर्थनम् ।**	**२/१८**	**१७५-१७६**
	સામ્યનું યોગના સારપણું દૃષ્ટાંતથી સમજાવવું.		
१	योगाभ्यासः साम्यसाराय क्रियते ।		१७६
	યોગનો અભ્યાસ સામ્યરૂપી સાર માટે કરાય છે.		
१७	**अद्य कल्येऽपि साम्येनैव कैवल्यम् ।**	**२/१९**	**१७७-१७८**
	આજે કે કાલે પણ સામ્યથી જ કેવળજ્ઞાન મળશે.		
१	समत्वाप्तौ प्रमादो न कर्त्तव्यः ।		१७८
	સમતા પામવા માટે પ્રમાદ ન કરવો.		
१८	**कालुष्ये सति देवोपासना निरर्थिका ।**	**२/२०**	**१७८-१८०**
	કલુષિતપણું હોતે છતે દેવની ઉપાસના નકામી છે.		
१	देवोपासना साम्यप्राप्त्यर्थमेव कर्त्तव्या ।		१८०
	દેવની ઉપાસના સમતા પામવા જ કરવી.		
१९	**साम्याऽभावे बाह्यो वेषो निरर्थकः ।**	**२/२१**	**१८०-१८२**
	સમતા ન હોય તો બહારનો વેષ નકામો છે.		
२०	**समताऽभावे बाह्या आचारा निरर्थकाः ।**	**२/२२**	**१८२-१८३**
	સમતા ન હોય તો બહારના આચારો નકામા છે.		
१	व्रतादिभिश्चित्तं समताभास्वरं कर्त्तव्यम् ।		१८३
	વ્રત વગેરે વડે ચિત્તને સમતાથી દેદીપ્યમાન કરવું.		
२१	**साम्याऽभावे बाह्यक्रिया अकिञ्चित्कराः ।**	**२/२३**	**१८४-१८६**
	સમતા વિના બાહ્ય ક્રિયાઓ કંઈ લાભ કરતી નથી.		

ક્ર.	विषयः	वृत्त ક્ર.	પૃષ્ઠ ક્ર.
૧	इन्द्रियरोधादिभिः साम्यतत्त्वमुन्मीलनीयम् । ઈન્દ્રિયોનો નિરોધ વગેરે વડે સમતારૂપી તત્ત્વનો વિકાસ કરવો.		૧૮૫
૨૨	**समत्वं विना गच्छभेदा निरर्थकाः ।** **સમતા વિના ગચ્છના ભેદો નકામા છે.**	**૨/૨૪**	**૧૮૬-૧૮૮**
૧	परगच्छीयेषु द्वेषो न विधेयः બીજા ગચ્છવાળા પર દ્વેષ ન કરવો.		૧૮૭
૨	तत्त्वममलं मनः । નિર્મળ મન એ તત્ત્વ છે.		૧૮૮
૨૩	**बाह्यकुग्रहो निरर्थकः ।** **બહારનો કદાગ્રહ નકામો છે.**	**૨/૨૫**	**૧૮૮-૧૯૨**
૧	तापसभरतादिभिर्बाह्यकुग्रहो न कृतः । તાપસો અને ભરત વગેરેએ બહારનો કદાગ્રહ ન કર્યો.		૧૮૯
૨	साम्यं विना बाह्याडम्बरो निरर्थकः । સમતા વિના બહારનો આડંબર નકામો છે.		૧૯૦
૩	व्यवहारनिश्चयनयाश्रितः साम्यं लभते । વ્યવહારનય અને નિશ્ચયનયનું આલંબન લેનાર સમતા પામે છે.		૧૯૧
૨૩	**समत्वमाहात्म्यस्य दृष्टान्तैः समर्थनम् ।** **સમતાના માહાત્મ્યને દૃષ્ટાન્તો વડે સમજાવવું.**	**૨/૨૬**	**૧૯૨-૧૯૫**
૧	दृढप्रहारिणोत्तमो योगः सेवितः । દૃઢપ્રહારીએ ઉત્તમ યોગ આચર્યો.		૧૯૨
૨	चिलातीपुत्रेणोत्तमो योगः सेवितः । ચિલાતીપુત્રે ઉત્તમ યોગ આચર્યો.		૧૯૩
૩	इलापुत्रेणोत्तमो योगः सेवितः । ઈલાપુત્રે ઉત્તમ યોગ આચર્યો.		૧૯૪
૨૪	**येन केन प्रकारेण चित्तं चन्द्रोज्ज्वलं कार्यम् ।** **કોઈપણ રીતે ચિત્તને ચન્દ્ર જેવું ઉજ્જવળ કરવું.**	**૨/૨૭**	**૧૯૫-૧૯૬**
૧	अन्ये ग्रहकुग्रहास्त्यक्तव्याः । બીજા આગ્રહો અને કદાગ્રહો છોડવા.		૧૯૬
૨૫	**चित्तनिर्मलीकरणप्रकाराः ।** **ચિત્તને નિર્મળ કરવાના પ્રકારો.**	**૨/૨૮**	**૧૯૭-૧૯૮**

ક્ર.	विषयः	वृत्त ક્ર.	પૃષ્ઠ ક્ર.
૧	मनोवाक्कायचेष्टाभिर्मनो निर्मलीकर्त्तव्यम् । મન-વચન-કાયાની ચેષ્ટાઓ વડે મનને નિર્મળ કરવું.		૧૯૭
૨૬	**चित्तनिर्मलीकरणोपायः ।** **ચિત્તને નિર્મળ કરવાનો ઉપાય.**	**૨/૨૯**	**૧૯૮-૨૦૦**
૧	चित्तं चञ्चलं सदैवोत्पथचारि च । ચિત્ત ચંચળ છે અને હંમેશા ઉન્માર્ગે ચાલનારું છે.		૧૯૮
૨	चित्तस्योपयोगपरैः स्थेयम् । ચિત્તનું ધ્યાન રાખવું.		૧૯૯
૩	उन्मार्गं गच्छन्मनो वारणीयम् । ઉન્માર્ગે જતાં મનને અટકાવવું.		૨૦૦
૨૭	**चित्तशुद्धिर्दुष्करा ।** **ચિત્તની શુદ્ધિ મુશ્કેલ છે.**	**૨/૩૦**	**૨૦૦-૨૦૩**
૧	मलधारित्वतपोऽक्षनिरोधाः सुकराः । મેલને ધારણ કરવો, તપ કરવો અને ઈન્દ્રિયોનો નિરોધ કરવો સહેલો છે.		૨૦૧
૨	मनःशुद्ध्यर्थं विशेषेण यतनीयम् । મનની શુદ્ધિ માટે વિશેષ રીતે યત્ન કરવો.		૨૦૨
૨૮	**चित्तशुद्धेर्दुष्करत्वस्य हेतुः ।** **ચિત્તની શુદ્ધિ મુશ્કેલ હોવાનું કારણ.**	**૨/૩૧**	**૨૦૩-૨૦૬**
૧	पापबुद्ध्या पापं भवेदिति मुग्धोऽपि वेत्ति । 'આ પાપ છે' એવી બુદ્ધિથી પાપ થાય છે એ ભોળો માણસ પણ જાણે છે.		૨૦૩
૨	धर्मबुद्ध्या यत्पापं क्रियते तद्बुधैर्निपुणं चिन्त्यम् । 'આ ધર્મ છે' એવી બુદ્ધિથી જે પાપ કરાય છે તેને પંડિતોએ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું.		૨૦૪
૩	पापरूपा धर्मप्रवृत्तिर्हेया । પાપરૂપ ધર્મપ્રવૃત્તિ છોડવી.		૨૦૫
૨૯	**चित्तशुद्धेर्दुष्करत्वस्य द्वितीयं कारणम् ।** **ચિત્તની શુદ્ધિ મુશ્કેલ હોવાનું બીજું કારણ.**	**૨/૩૨**	**૨૦૬-૨૦૮**
૧	आत्मन्यणुमात्रा अपि गुणा दृश्यन्ते । પોતાનામાં રહેલા નાના પણ ગુણો દેખાય છે.		૨૦૬

ક્ર.	विषयः	વૃત્ત ક્ર.	પૃષ્ઠ ક્ર.
૨	આત્મનિ પર્વતસ્થૂલા અપિ દોષા ન દૃશ્યન્તે । પોતાનામાં પર્વત જેવા મોટા પણ દોષો દેખાતાં નથી.		૨૦૭
૩૦	**स्वदोषा द्रष्टव्याः, स्वगुणा नैव ।** **પોતાના દોષો જોવા, પોતાના ગુણો ન જોવા.**	૨/૩૩	૨૦૮-૨૧૦
૧	ગુણવતિ યો દોષાન્પશ્યતિ તસ્ય ચારિત્રં નાસ્તિ । ગુણવાનમાં જે દોષોને જુવે છે તેનામાં ચારિત્ર નથી.		૨૦૯
૨	દૃષ્ટિમોહો દિગ્મોહ ઇવ પ્રબલઃ । દૃષ્ટિમોહ દિશાઓના મોહની જેમ બળવાન છે.		૨૧૦
૩૧	**जना आत्मनो धर्ममेव मन्यन्ते, न परस्य ।** **લોકો પોતાના ધર્મને જ માને છે, બીજાના ધર્મને નહિ.**	૨/૩૪,૩૫	૨૧૧-૨૧૪
૧	જનૈર્વિવિધા ધર્માઃ સ્થાપિતાઃ । લોકોએ વિવિધ ધર્મોની સ્થાપના કરી.		૨૧૨
૨	જના બાહ્યફટાટોપાત્તત્ત્વવિભ્રાન્તદૃષ્ટયઃ । બહારના આડંબરને લીધે લોકોની દૃષ્ટિ તત્ત્વના ભ્રમવાળી થઈ છે.		૨૧૩
૩	જનાઃ સ્વસ્વદર્શનરાગેણ મિથો વિવદન્તિ । લોકો પોતપોતાના દર્શનના રાગથી પરસ્પર વિવાદ કરે છે.		૨૧૪
૩૨	**तात्त्विको धर्मः कुत्र विद्यते ?** **તાત્ત્વિક ધર્મ ક્યાં છે ?**	૨/૩૬	૨૧૫-૨૧૬
૧	ધર્મવિષયે આત્મપરચિન્તા વૃથા । ધર્મના વિષયમાં 'આ મારો' અને 'આ બીજાનો' એવી ચિંતા નકામી છે.		૨૧૫
૨	યત્ર સામ્યં તત્રૈવ ધર્મઃ । જ્યાં સમતા છે ત્યાં જ ધર્મ છે.		૨૧૬
૩૩	**तात्त्विकधर्मस्य विशेषस्वरूपम् ।** **તાત્ત્વિક ધર્મનું વિશેષ સ્વરૂપ.**	૨/૩૭	૨૧૬-૨૧૯
૧	ક્ષાન્ત્યાદિર્દશધા ધર્મઃ સર્વધર્મશિરોમણિઃ । ક્ષમા વગેરે દશ પ્રકારનો ધર્મ બધા ધર્મોમાં શ્રેષ્ઠ છે.		૨૧૭
૨	ક્ષમાદિદશવિધો ધર્મઃ । ક્ષમા વગેરે દશ પ્રકારનો ધર્મ.		૨૧૮
૩	મૈત્ર્યાદિકૃતકર્મણાં સામ્યવતામેવ ક્ષમાદિદશવિધો ધર્મો ભવતિ । મૈત્રી વગેરે ભાવનાઓથી ભાવિત થયેલા સમતાવાળા જીવોને જ ક્ષમા વગેરે દશ પ્રકારનો ધર્મ હોય છે.		૨૧૯

ક્ર.	विषयः	વૃત્ત ક્ર.	પૃષ્ઠ ક્ર.
૩૪	**द्वितीयप्रस्तावस्योपसंहारः ।**	૨/૩૮	૨૨૦-૨૨૧
	બીજા પ્રસ્તાવનો ઉપસંહાર.		
૧	साम्यं समस्तधर्माणां सारः ।		૨૨૦
	સમતા બધા ધર્મોનો સાર છે.		
૨	बाह्यं दृष्टिग्रहं मुक्त्वा चित्तं निर्मलं कर्त्तव्यम् ।		૨૨૧
	બાહ્ય દર્શનોનો કદાગ્રહ છોડીને ચિત્તને નિર્મળ કરવું.		
C	**तृतीयः प्रस्तावः**	૧-૩૧	૨૨૨-૨૯૯
	ત્રીજો પ્રસ્તાવ		
૧	**मूढबुद्धीनां स्वरूपम् ।**	૩/૧	૨૨૨-૨૨૫
	મૂઢબુદ્ધિવાળાઓનું સ્વરૂપ.		
૧	साम्यं सहजानन्दं ददाति ।		૨૨૩
	સમતા સહજ આનંદને આપે છે.		
૨	वैषयिकं सुखं दुःखदं दुःखोत्पाद्यञ्च ।		૨૨૪
	વિષયજન્ય સુખ દુઃખ આપનારું છે અને દુઃખને ઉત્પન્ન કરનારું છે.		
૨	**वैषयिकं सुखमिच्छतां मूढबुद्धीनां विचित्रा चेष्टा ।**	૩/૨	૨૨૫-૨૨૭
	વિષયજન્ય સુખને ઈચ્છનારા મૂઢબુદ્ધિવાળાઓની વિચિત્ર ચેષ્ટા.		
૧	कषायविषया दुःखम् ।		૨૨૫
	કષાયો અને વિષયો દુઃખરૂપ છે.		
૨	कषायविषया दुःखरूपा इति जनः स्फुटं वेत्ति ।		૨૨૬
	કષાયો અને વિષયો દુઃખરૂપ છે એમ લોકો સ્પષ્ટ રીતે જાણે છે.		
૩	जीवा कषायविषयान्प्रति धावन्ति ।		૨૨૭
	જીવો કષાયો અને વિષયો તરફ દોડે છે.		
૩	**मूढबुद्धिः सुखस्याऽभिमुखोऽपि न भवति ।**	૩/૩	૨૨૮-૨૨૯
	મૂઢબુદ્ધિવાળો જીવ સુખને સન્મુખ પણ થતો નથી.		
૧	सर्वसङ्गपरित्यागः सुखम् ।		૨૨૮
	બધા સંગનો ત્યાગ એ સુખ છે.		
૨	मूढाः सर्वसङ्गपरित्यागस्याऽभिमुखा न जायन्ते ।		૨૨૯
	મૂઢ જીવો સર્વ સંગનો ત્યાગ કરવાને સન્મુખ થતાં નથી.		
૪	**सूक्ष्मबुद्धीनामप्येतद्द्वयं दुर्भेदम् ।**	૩/૪	૨૩૦-૨૩૧
	સૂક્ષ્મ બુદ્ધિવાળા જીવો માટે પણ આ બે બાબત મુશ્કેલીથી સમજાય એવી છે.		

ક્ર.	विषयः	वृत्त ક્ર.	પૃષ્ઠ ક્ર.
૧	अनुभवरहितं ज्ञानं रूक्षम् । અનુભવ વિનાનું જ્ઞાન લૂખું છે.		૨૩૧
૫	**कषायविषयस्वरूपम् ।** **કષાયો અને વિષયોનું સ્વરૂપ.**	૩/૫,૬	૨૩૨-૨૩૬
૧	कषायस्वरूपम् । કષાયોનું સ્વરૂપ.		૨૩૩
૨	विषयस्वरूपम् । વિષયોનું સ્વરૂપ.		૨૩૪
૩	विषया मृगतृष्णिकासन्निभाः । વિષયો ઝાંઝવાના નીર જેવા છે.		૨૩૫
૪	कषायविषयाः सर्वं जनं दुःखयन्ति । કષાયો અને વિષયો બધા લોકોને દુઃખ આપે છે.		૨૩૬
૬	**सर्वसङ्गत्यागजसाम्यसुखस्य वर्णनम् ।** **બધા સંગના ત્યાગથી મળનારા સમતાના સુખનું વર્ણન.**	૩/૭	૨૩૬-૨૩૯
૧	साम्यसुखमद्वितीयम् । સમતાનું સુખ અજોડ છે.		૨૩૭
૨	साम्यसुखमिन्द्रचक्रवर्त्तिवासुदेवसुखादधिकम् । સમતાનું સુખ ઈન્દ્ર, ચક્રવર્તી અને વાસુદેવના સુખ કરતા વધુ છે.		૨૩૮
૭	**साम्यसुखप्राप्त्युपायः ।** **સમતાના સુખને પામવાનો ઉપાય.**	૩/૮,૯, ૧૦,૧૧	૨૩૯-૨૪૯
૧	कषायनोकषायविलये साम्यमुज्जृम्भते । કષાય-નોકષાયનો નાશ થવા પર સમતા પ્રગટે છે.		૨૪૧
૨	क्रोधमानलोभविलयोपायः । ક્રોધ, માન અને લોભના નાશનો ઉપાય.		૨૪૨
૩	मायाशोकविलयोपायः । માયા અને શોકના નાશનો ઉપાય.		૨૪૩
૪	हर्षारतिविलयोपायः । હર્ષ અને અરતિના નાશનો ઉપાય.		૨૪૪
૫	रतिभयविलयोपायः । રતિ અને ભયના નાશનો ઉપાય.		૨૪૫

ક્ર.	विषयः	वृत्त ક્ર.	પૃષ્ઠ ક્ર.
६	जुगुप्सावेदविलयोपायः ।		२४६
	જુગુપ્સા અને વેદના નાશનો ઉપાય.		
७	अप्रवीचारा अनन्तगुणसुखाः ।		२४७
	મૈથુન નહીં કરનારા દેવો અનંતગુણ સુખવાળા છે.		
८	भोगसुखात्प्रशमसुखमनन्तगुणम् ।		२४८
	ભોગના સુખ કરતા પ્રશમનું સુખ અનંતગણું છે.		
९	रागादिक्षये मुनेः समता विजृम्भते ।		२४९
	રાગ વગેરેનો ક્ષય થવા પર મુનિની સમતા પ્રગટે છે.		
८	**रागादिकृतापायः ।**	**३/१२**	**२४९-२५१**
	રાગ વગેરેએ કરેલું નુકસાન.		
१	भावजीवितं विवेकः ।		२५०
	વિવેક એ ભાવજીવન છે.		
२	रागादिभ्योऽन्यतरेणाऽपि विवेको नश्यति ।		२५१
	રાગ વગેરેમાંથી કોઈપણ એક વડે પણ વિવેક નાશ પામે છે.		
९	**उत्पद्यमाना एव रागादयो निवारणीयाः ।**	**३/१३**	**२५१-२५३**
	ઉત્પન્ન થતાં જ રાગ વગેરેને અટકાવવા.		
१	द्विविधाः शत्रवः ।		२५२
	બે પ્રકારના દુશ્મનો.		
१०	**आन्तरशत्रुभिः सह युद्धे आत्मनो जये पराजये वा किं भवति ?**	**३/१४**	**२५४-२५६**
	અંદરના દુશ્મનોની સાથેના યુદ્ધમાં આત્માનો જય કે પરાજય થાય તો શું થાય છે ?		
१	युद्धं द्विविधम् ।		२५४
	યુદ્ધ બે પ્રકારનું છે.		
२	अभ्यन्तरवैरिभिरात्मनि जिते दुःखागमः ।		२५५
	અંદરના દુશ્મનો વડે આત્મા જિતાયે છતે દુઃખ આવે છે.		
३	आत्मनाऽभ्यन्तरवैरिषु जितेषु सौख्यागमः ।		२५६
	આત્મા વડે અંદરના દુશ્મનો જિતાયે છતે સુખ આવે છે.		
११	**साम्यसौख्यवर्णनम् ।**	**३/१५**	**२५६-२५८**
	સમતાના સુખનું વર્ણન.		
१	शमरसे लय एव सहजानन्दताऽऽत्मारामतोन्मनीकरणानि ।		२५७
	શમરસમાં લીનતા એ જ સહજ આનંદપણું છે, આત્મરમણતા છે, ઉદાસીનતા છે.		

ક્ર.	विषयः	वृत्त ક્ર.	પૃષ્ઠ ક્ર.
૧૨	**साम्यं कुत्र कुत्र धार्यम् ।** **સમતા ક્યાં ક્યાં રાખવી ?**	૩/૧૬,૧૭	૨૫૮-૨૬૦
૧	सर्वत्र साम्यं सेव्यम् । બધે સમતા રાખવી.		૨૫૮
૨	मनोवाक्कायेषु साम्यं सेव्यम् । મન-વચન-કાયાથી સમતા રાખવી.		૨૫૯
૩	सर्वक्रियासु साम्यं धर्त्तव्यम् । બધી ક્રિયાઓમાં સમતા રાખવી.		૨૬૦
૧૩	**समताऽऽधानार्थं हितशिक्षा ।** **સમતા લાવવા માટે હિતશિક્ષા.**	૩/૧૮	૨૬૧-૨૬૩
૧	स्वमेवैकं समं कुरु । એક પોતાને જ સમ કર.		૨૬૨
૨	आत्मा मित्रममित्रञ्च । આત્મા મિત્ર છે અને દુશ્મન છે.		૨૬૩
૧૪	**साम्यहेतवोऽपि लोकानुवृत्त्या सेविताः साम्यं न साधयन्ति ।** **લોકોનું અનુવર્તન કરવા સેવાયેલા સમતાના હેતુઓ પણ સમતાને સાધતાં નથી.**	૩/૧૯	૨૬૩-૨૬૬
૧	श्रुतं साम्यहेतवे । શ્રુત સમતા માટે છે.		૨૬૪
૨	श्रामण्यं योगाभ्यासश्च साम्यहेतवे । ચારિત્ર અને યોગોનો અભ્યાસ સમતા માટે છે.		૨૬૫
૩	जनः साम्याद्बहिः प्लवते । લોકો સમતાની બહાર કૂદે છે.		૨૬૬
૧૫	**लोकानुवृत्तित्यागोपदेशः ।** **લોકોના અનુવર્તનનો ત્યાગ કરવાનો ઉપદેશ.**	૩/૨૦	૨૬૬-૨૬૯
૧	स्वात्मा विषमो दोषमन्दिरं स्वाधीनश्च । પોતાનો આત્મા વિષમ, દોષોનું મંદિર અને સ્વાધીન છે.		૨૬૭
૨	परोऽस्वाधीनः । અન્ય વ્યક્તિ આપણને આધીન નથી.		૨૬૮
૩	अस्वाधीनं परं समीकर्त्तुं किमाग्रहः ? આપણને આધીન નહીં એવી અન્ય વ્યક્તિને સમાન કરવા માટે શા માટે આગ્રહ કરવો ?		૨૬૯

ક્ર.	विषयः	वृत्त ક્ર.	પૃષ્ઠ ક્ર.
૧૬	**स्वात्मा कथं समीभवति ?**	૩/૨૧	૨૬૯-૨૭૨
	પોતાનો આત્મા શી રીતે સમ થાય ?		
૧	छिद्यमानस्य वृक्षस्य भूष्यमाणस्य च वाजिनो रोषतोषौ न भवतः । છેદાતાં વૃક્ષને અને શણગારાતાં ઘોડાને ગુસ્સો અને આનંદ થતાં નથી.		૨૭૦
૨	योगी समो भवति । યોગી સમ થાય છે.		૨૭૧
૧૭	**समताऽऽनन्दप्राप्त्यर्थं प्रभूतः परिश्रमः कर्त्तव्यः ।**	૩/૨૨	૨૭૨-૨૭૪
	સમતાના આનંદને પામવા ઘણી મહેનત કરવી જોઈએ.		
૧	सूर्यो जनस्य तापाय सोमश्च शीताय खिद्यते । સૂર્ય લોકોને તાપ આપવા અને ચન્દ્ર લોકોને ઠંડક આપવા શ્રમ કરે છે.		૨૭૨
૨	सूर्यसोमाभो योगी सहजानन्दतां भजेत् । સૂર્ય અને ચન્દ્ર જેવો યોગી સહજ આનંદપણાને પામે છે.		૨૭૩
૧૮	**अशुभध्यानत्यागोपायः ।**	૩/૨૩	૨૭૪-૨૭૬
	અશુભ ધ્યાનના ત્યાગનો ઉપાય.		
૧	गुडादिदानेन शिशुर्यत्किञ्चित्त्याज्यते । ગોળ વગેરે આપીને બાળક પાસેથી કંઈ પણ છોડાવાય છે.		૨૭૫
૨	चलं चित्तं शुभध्यानेनाऽशुभं त्याज्यते । ચંચળ મનને શુભ ધ્યાન આપીને તેની પાસેથી અશુભધ્યાન છોડાવાય છે.		૨૭૬
૧૯	**मुनिः क्लेशांशमपि न स्पृशति ।**	૩/૨૪	૨૭૬-૨૭૮
	મુનિ ક્લેશના અંશને પણ અડતાં નથી.		
૧	मुनिर्मैत्र्याद्यमृतसम्मग्नो भवति । મુનિ મૈત્રી વગેરે ભાવનાઓના અમૃતમાં ડૂબેલો હોય છે.		૨૭૭
૨૦	**ज्ञानी इहैव परमं सुखमनुभवति ।**	૩/૨૫	૨૭૯-૨૮૧
	જ્ઞાની અહીં જ શ્રેષ્ઠ સુખને અનુભવે છે.		
૧	बालकोऽज्ञानात् शत्रुमित्रादिकं न वेत्ति । બાળક અજ્ઞાનને લીધે શત્રુ-મિત્ર વગેરેને જાણતો નથી.		૨૭૯
૨૧	**अज्ञानिनो हितशिक्षा ।**	૩/૨૬	૨૮૧-૨૮૩
	અજ્ઞાનીને હિતશિક્ષા.		

ક્ર.	विषयः	वृत्त ક્ર.	પૃષ્ઠ ક્ર.
૧	परमात्मगुर्वात्मानस्तोषणीयाः ।		૨૮૨
	પરમાત્મા, ગુરુ અને આત્માને ખુશ કરવા.		
૨	अन्यैस्तोषितैर्न कोऽपि लाभः ।		૨૮૩
	બીજાઓને ખુશ કરવાથી કોઈ લાભ થતો નથી.		
૨૨	**जनेन तुष्टरुष्टेन किं तत्र च तोषरोषौ किम् ?**	**૩/૨૭**	**૨૮૪-૨૮૭**
	લોકો ખુશ થાય કે નારાજ થાય તેનાથી શું ફાયદો ? અને તેમની ઉપર પ્રેમ કે ગુસ્સો કરવાથી શું ફાયદો ?		
૧	जनः कषायविषायाक्रान्तो बहिर्बुद्धिश्च ।		૨૮૪
	લોકો કષાયો-વિષયોથી ભરાયેલા અને બાહ્યબુદ્ધિવાળા છે.		
૨	तुष्टरुष्टेन जनेन न कोऽपि लाभः ।		૨૮૫
	લોકો ખુશ થાય કે ગુસ્સે થાય તો પણ કંઈ પણ લાભ નથી.		
૩	जने तोषरोषाभ्यां न कोऽपि लाभः ।		૨૮૩
	લોકો ઉપર ખુશ થવાથી કે ગુસ્સે થવાથી કંઈ પણ લાભ નથી.		
૨૩	**रोषनिवारणोपायः ।**	**૩/૨૮**	**૨૮૭-૨૯૦**
	દ્વેષને નિવારવાનો ઉપાય.		
૧	कालानुभावतो लोकाः प्रायोऽसदाचारिणः ।		૨૮૮
	કાળના પ્રભાવે લોકો પ્રાયઃ ખરાબ આચારવાળા હોય છે.		
૨	भवस्थितिं संविभाव्याऽसदाचारिजनेषु द्वेषो न कर्त्तव्यः ।		૨૮૯
	સંસારનું સ્વરૂપ વિચારીને ખરાબ આચારવાળા લોકો ઉપર દ્વેષ ન કરવો.		
૨૪	**रोषतोषाऽकरणफलम् ।**	**૩/૨૯**	**૨૯૦-૨૯૪**
	રાગ-દ્વેષ ન કરવાનું ફળ.		
૧	मुनिर्निःसङ्गो भवेत् ।		૨૯૧
	મુનિ સંગરહિત બને છે.		
૨	मुनिर्निर्ममः शान्तश्च भवेत् ।		૨૯૨
	મુનિ મમતા વિનાનો અને શાંત થાય છે.		
૩	मुनिर्निरीहः संयमे च रतो भवेत् ।		૨૯૩
	મુનિ ઈચ્છારહિત અને સંયમમાં રત થાય છે.		
૨૫	**उपमया समतानन्दस्य वर्णनम् ।**	**૩/૩૦**	**૨૯૪-૨૯૬**
	ઉપમાથી સમતાના આનંદનું વર્ણન.		

ક્ર.	विषयः	वृत्त ક્ર.	પૃષ્ઠ ક્ર.
૧	रवितप्तोऽध्वगः सद्वृक्षं प्राप्य निर्वाति । સૂર્યથી તપેલો મુસાફર સારા વૃક્ષને પામીને ઠંડકને અનુભવે છે.		૨૯૫
૨	मोक्षाध्वस्थस्तपस्तप्तो योगी परं लयं प्राप्य निर्वाति । મોક્ષના માર્ગમાં રહેલો, તપથી તપેલો યોગી સર્વોત્તમ લયને પામીને ઠંડકને અનુભવે છે.		૨૯૬
૨૬	**योगी समतानन्दं प्राप्य किं करोति ?** **યોગી સમતાના આનંદને પામીને શું કરે છે ?**	૩/૩૧	૨૯૬-૨૯૯
૧	योगिनः संयमदेहः साम्यवर्मणा वर्मितो भवति । યોગીનું સંયમરૂપી શરીર સમતાના બખ્તરથી રક્ષાયેલું હોય છે.		૨૯૭
૨	धीरो मोहध्वजिनीं लीलया विध्वंसयति । ધીર પુરુષ મોહની સેનાનો રમતમાં નાશ કરે છે.		૨૯૮
૩	साम्याप्तिर्मोहहननोपायरूपा । સમતાની પ્રાપ્તિ એ મોહને હણવાના ઉપાયરૂપ છે.		૨૯૯

• • •

पूर्वमहर्षिविरचितः

योगसारः

पद्मीयवृत्ति-तद्गुर्जरभावानुवाद-विभूषितः

प्रथमो भागः

प्रथमद्वितीयतृतीयप्रस्तावात्मकः

अज्ञातकर्तृकः

योगसारः

पद्मीयवृत्तिसमलङ्कृतः

प्रथमः प्रस्तावः

पद्मीया वृत्तिः - मङ्गलम् -

श्रीमज्जिनेश्वरान्सर्वान्, मोक्षमार्गोपदेशकान् ।
सकलान्गुरुदेवांश्च, मोक्षमार्गस्य साधकान् ॥१॥
ग्रन्थञ्च योगसाराख्यं, मोक्षमार्गस्य दर्शकम् ।
तथा तस्य प्रणेतारं, पूर्वर्षिमुपकारिणम् ॥२॥
प्रणम्य भक्तिभावेन, स्मृत्वा च श्रुतदेवताम् ।
करोमि योगसारस्य, वृत्तिं सरलबोधदाम् ॥३॥

भूमिका - अवाप्तजिनशासनैर्ज्ञाततत्त्वैर्गुरुप्रदत्ताधिकारैर्जीवैः संसारसागरनिमज्जज्जन्तू-

---

યોગસાર અને તેની પદ્મીયા વૃત્તિનો ભાવાનુવાદ

પ્રથમ પ્રસ્તાવ

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - બાહ્ય-અભ્યંતર સંપત્તિથી યુક્ત, મોક્ષમાર્ગનો ઉપદેશ આપનારા બધા જિનેશ્વર ભગવંતોને, મોક્ષમાર્ગની સાધના કરનારા બધા ગુરુ ભગવંતોને, મોક્ષનો માર્ગ બતાવનારા 'યોગસાર' નામના ગ્રંથને અને તેની રચના કરનારા ઉપકારી એવા પૂર્વના મહાત્માને ભક્તિભાવથી નમસ્કાર કરીને અને સરસ્વતી દેવીનું સ્મરણ કરીને યોગસારની સરળ બોધ આપનારી વૃત્તિ હું રચું છું.

ભૂમિકા - જિનશાસન પામેલા જીવોએ તત્ત્વોને જાણ્યા પછી અને ગુરુએ અધિકાર

त्तारणाय **यथाशक्ति परोपदेशदाने यतितव्यम्** । यदुक्तं - **धर्मबिन्दौ द्वितीयाध्याये 'नोपकारो जगत्यस्मिन्-स्तादृशो विद्यते क्वचित् । यादृशी दुःखविच्छेदा, देहिनां धर्मदेशना ॥१२॥'** एवंकरणेन हृदयं विशालं भवति मैत्री च सुविस्तृता भवति । महात्मनां हृदयं दुःखिजीवानां दुःखं दृष्ट्वा करुणयाऽऽर्द्रं भवति । दुःखनिर्दलन-तात्त्विकोपायो जिनमार्गस्याऽऽराधना । ततः करुणार्द्रान्तःकरणा महात्मानो जीवान् जिनमार्गं दर्शयन्ति । जिनमार्गस्याऽऽराधनया ते दुःखमुक्ताः सुखयुक्ताश्च भवन्ति । योगसारनाम्नोऽस्य ग्रन्थस्य प्रणेतारोऽपि परदुःखप्रहाणभावनयैवैनं ग्रन्थं ग्रथितवन्तः । तेऽतिनिःस्पृहा आसन् । अत एव तैर्ग्रन्थमध्ये स्वनामाऽपि न निबद्धम् ।

अवतरणिका - मङ्गलाऽभिधेयाद्यनुबन्धचतुष्टयप्रतिपादनार्थं ते आद्यं वृत्तमुपन्य-स्यन्ति -

---

આપ્યા પછી સંસારસાગરમાં ડૂબતા જીવોને પાર ઉતારવા **શક્તિ મુજબ બીજાને ઉપદેશ આપવા પ્રયત્ન કરવો જોઈએ. ધર્મબિન્દુના બીજા અધ્યાયમાં** કહ્યું છે કે - 'જીવોને દુઃખોનો નાશ કરનારી ધર્મદેશના આપવા જેવો આ જગતમાં કોઈ ઉપકાર નથી. (૧૨)' એમ કરવાથી હૃદય વિશાળ થાય છે અને મૈત્રી ખૂબ વિસ્તૃત થાય છે. મહાત્માઓનું હૃદય દુઃખી જીવોનું દુઃખ જોઈને કરુણાથી ભીનું થઈ જાય છે. બધાં દુઃખોને દૂર કરવાનો સાચો ઉપાય જિનેશ્વર ભગવાને બતાવેલા માર્ગની આરાધના છે. તેથી કરુણાથી ભીનાં હૃદયવાળા મહાત્માઓ જીવોને જિનેશ્વર ભગવંતોએ બતાવેલ માર્ગ બતાવે છે. તે માર્ગની આરાધના કરીને તેઓ દુઃખથી મુક્ત થાય છે અને સુખી થાય છે. યોગસાર નામના આ ગ્રન્થના રચયિતા મહાત્માએ પણ બીજા જીવોનાં દુઃખોને દૂર કરવાની ભાવનાથી જ આ ગ્રન્થની રચના કરી છે. તેઓ ખૂબ જ નિઃસ્પૃહી હતા. તેથી જ તેમણે ગ્રન્થમાં ક્યાંય પોતાનું નામ પણ જણાવ્યું નથી.

અવતરણિકા - મંગળ-અભિધેય વગેરે ચાર અનુબન્ધોને જણાવવા તેઓ પહેલો શ્લોક રચે છે -

मूलम् - [1]प्रणम्य परमात्मानं, रागद्वेषविवर्जितम् ।
योगसारं प्रवक्ष्यामि, गम्भीरार्थं समासतः ॥१॥

अन्वयः - रागद्वेषविवर्जितं परमात्मानं प्रणम्य गम्भीरार्थं योगसारं समासतः प्रवक्ष्यामि ॥१॥

पद्मीया वृत्तिः - पञ्चप्रस्तावात्मकेऽस्मिन्ग्रन्थे प्रथमः प्रस्तावः षट्चत्वारिंशद्वृत्तात्मकः, द्वितीयोऽष्टात्रिंशद्वृत्तात्मकः, तृतीय एकत्रिंशद्वृत्तात्मकः, चतुर्थो द्विचत्वारिंशद्वृत्तात्मकः, पञ्चमश्चैकोनपञ्चाशद्वृत्तात्मकः । इत्थं सर्वाग्रेणायं ग्रन्थः षडधिकद्विशतवृत्तप्रमाणः । प्रत्येकं श्लोकोऽन्वयानुसारेण विवर्णयिष्यते मया ।

रागद्वेषविवर्जितं - तत्र रागोऽभिष्वङ्गरूपो द्वेषोऽप्रीत्यात्मकः, रागश्च द्वेषश्चेति रागद्वेषौ, तौ विवर्जितौ येनेति रागद्वेषविवर्जितः, तमिति रागद्वेषविवर्जितम् । इदं परमात्मनो विशेषणम् । तच्च परमात्मनो स्वरूपं दर्शयति, यतः सर्वे परमात्मानो रागद्वेषमुक्ता एव

शब्दार्थ - રાગ-દ્વેષ વિનાના પરમાત્માને નમસ્કાર કરીને ગંભીર અર્થવાળા યોગસારને સંક્ષેપમાં કહીશ. (૧)

पद्मीयावृत्तिनो भावानुवाद - આ ગ્રન્થમાં પાંચ પ્રસ્તાવો છે. તેમાં પહેલા પ્રસ્તાવમાં ૪૬ શ્લોકો છે, બીજા પ્રસ્તાવમાં ૩૮ શ્લોકો છે, ત્રીજા પ્રસ્તાવમાં ૩૧ શ્લોકો છે, ચોથા પ્રસ્તાવમાં ૪૨ શ્લોકો છે, પાંચમા પ્રસ્તાવમાં ૪૯ શ્લોકો છે. આમ આ ગ્રન્થનું પ્રમાણ ૨૦૬ શ્લોકોનું છે. દરેક શ્લોકનું વર્ણન હું અન્વયને અનુસારે કરીશ.

રાગ પ્રીતિરૂપ છે અને દ્વેષ અપ્રીતિરૂપ છે. પરમાત્માએ આ બન્નેને વર્જ્યા છે. પરમાત્મા રાગદ્વેષરહિત છે. 'રાગ-દ્વેષ વિનાના' એ વિશેષણ પરમાત્માનું સ્વરૂપ જણાવે છે, કેમકે બધા ય પરમાત્માઓ રાગ-દ્વેષ વિનાના જ હોય છે, રાગ-

---

१. H, I प्रत्योः - ६२ श्लोका एव सन्ति । तद्यथा - १/१, १/२, १/२१, १/३३, १/३६, १/३९, १/४०, १/४२, १/४३, १/४४, १/४५, २/१, २/२, २/३, २/११, २/१२, २/२०, २/२२, २/३०, २/३१, २/३५, २/३६, २/३७, २/३८, ३/१, ३/७, ३/१६, ३/१८, ३/१९, ३/२०, ३/२५, ३/२६, ३/२७, ३/२९, ४/२६, ५/३२, ५/३६, ५/३७, ५/३८, नोपकारो जगत्यस्मिन्, तादृशो विद्यते क्वचित् । यादृशी दुःखविच्छेदा देहिनां धर्मदेशना ॥, ३/२, ३/३, ३/४, ३/५, ३/६, ३/८, ३/९, ३/१०, ३/११, ३/१२, ३/१३, ३/१४, ३/१५, ३/१७, ३/२१, ३/२२, ३/२३, ३/२४, ३/२८, ३/२४, ३/३०, ३/३१ ।

सन्ति, न तु केचिदपि रागद्वेषयुक्ताः । तच्च विशेषणं परतीर्थिकाभिमततीर्थकृतो व्यवच्छिनत्त्यपि, यतः परतीर्थिका एवं मन्यन्ते यदुत तीर्थकृतः स्वतीर्थनिकारं दृष्ट्वा पुनर्भवमागच्छन्ति । उक्तञ्च **श्रीसिद्धसेनदिवाकरसूरिभिरेकविंशतिद्वात्रिंशिकायाम्** - **'दग्धेन्धनः पुनरुपैति भवं प्रमथ्य निर्वाणमप्यनवधारितभीरनिष्टम् । मुक्तः स्वयं कृतभवश्च परार्थशूरस्त्वच्छासनप्रतिहतेष्विह मोहराज्यम् ॥२/१८॥'** अन्यत्राप्युक्तम् - **'ज्ञानिनो धर्मतीर्थस्य, कर्त्तारः परमं पदम् । गत्वा गच्छन्ति भूयोऽपि, भवं तीर्थनिकारतः ॥' श्रीहरिभद्रसूरिसन्दृब्ध-श्रीषड्दर्शनसमुच्चयस्य ४६तम वृत्तस्य श्रीसोमतिलकसूरिकृतटीकायामप्युक्तम् - 'अपरे हि सौगतादयो मोक्षमवाप्यापि तीर्थनिकारादिसम्भवे भूयो भूयो भवमवतरन्ति ।' श्रीषड्दर्शनसमुच्चयस्य ४६तम वृत्तस्याज्ञातकर्तृकावचूर्यामप्युक्तम् - 'अपरे सौगतादयः मोक्षं प्राप्ता अपि स्वतीर्थतिरस्कारदर्शने पुनर्भवमवतरन्तः श्रूयन्ते ।'** इदं च तेषां भवे पुनरागमनं रागद्वेषाविनाभावि ।

દ્વેષવાળા પરમાત્મા હોતા નથી. વળી 'રાગ-દ્વેષ વિનાના' એ વિશેષણ અન્ય દર્શનવાળાઓએ માનેલા તીર્થંકરોનો વ્યવચ્છેદ કરે છે, કેમકે તેઓ એમ માને છે કે તીર્થંકરો પોતાના તીર્થની હાનિ જોઈને પાછા સંસારમાં આવે છે. **શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજી**એ **એકવિંશતિદ્વાત્રિંશિકા**માં કહ્યું છે કે - '(બુદ્ધ વગેરે) કર્મરૂપી ઈંધન બળી ગયા (ક્ષય થઈ ગયા) પછી ભયને ગણકાર્યા વિના નિર્વાણને મથીને ફરી સંસારમાં આવે છે. આ અનિષ્ટ છે. સ્વયં મુક્ત થઈને પરોપકારમાં પરાક્રમી એવો તે ફરી સંસાર માંડે છે. હે પ્રભુ ! તારા શાસનના વિરોધીઓમાં અહીં મોહરાજાનું રાજ્ય પ્રવર્તે છે. (૨/૧૮)' બીજે પણ કહ્યું છે - 'જ્ઞાની અને ધર્મતીર્થના કરનારા પરમપદમાં જઈને પોતાના તીર્થની હાનિ જોઈને ફરી પણ સંસારમાં જાય છે.' **શ્રીહરિભદ્રસૂરિજી**એ રચેલ **શ્રીષડ્દર્શનસમુચ્ચયના ૪૬મા શ્લોકની શ્રીસોમતિલકસૂરિજી કૃત ટીકા**માં પણ કહ્યું છે - 'બીજા બુદ્ધ વગેરે (અન્ય દર્શનના તીર્થંકરો) મોક્ષ પામીને પણ તીર્થની હાનિ વગેરે થવા પર ફરી ફરી સંસારમાં અવતરે છે.' **શ્રીષડ્દર્શનસમુચ્ચય**ના **૪૬મા શ્લોકની અજ્ઞાતકર્તૃક અવચૂરિ**માં પણ કહ્યું છે - 'બીજા બુદ્ધ વગેરે (અન્ય દર્શનના તીર્થંકરો) મોક્ષને પામીને પણ પોતાના તીર્થનો તિરસ્કાર જોઈને ફરી સંસારમાં અવતરે છે એવું સંભળાય છે.' આ તેમનું સંસારમાં પાછું આવવું એ રાગ-દ્વેષથી જ થાય છે.

रागद्वेषौ संसारस्य बीजभूतौ । ताभ्यामेव संसारस्य प्रादुर्भावो वृद्धिश्च भवति । रागो मायालोभरूपः द्वेषश्च क्रोधमानरूपः । यदुक्तं **पुष्पमालायां मलधारिश्रीहेमचन्द्रसूरिभिः - 'माया लोहो रागो, कोहो माणो य वन्निओ दोसो । निज्जिणसु इमे दुन्निवि, जइ इच्छसि तं पयं परमं ॥३२१॥'** (**छाया** - माया लोभो रागः, क्रोधो मानश्च वर्णितो द्वेषः । निर्जय इमौ द्वावपि, यदि इच्छसि तत्पदं परमम् ॥३२१॥) इत्थं च कषायाणामपि संसारबीजत्वं सुसङ्गतमेव । यतो रागद्वेषौ संसारबीजभूतौ तत एवेयं परमात्मनो परमाऽऽज्ञा वर्त्तते - रागद्वेषौ वर्जनीयाविति । उक्तञ्च **उपदेशरहस्ये महोपाध्यायश्रीयशोविजय-गणिभिः - 'किं बहुणा इह जह जह, रागद्दोसा लहुं विलिज्जंति । तह तह पयट्टिअव्वं, एसा आणा जिणिंदाणं ॥२०१॥'** (**छाया** - किं बहुना इह यथा यथा, रागद्वेषौ लघु विलीयेते । तथा तथा प्रवर्त्तितव्यं, एषा आज्ञा जिनेन्द्राणाम् ॥२०१॥) **रागद्वेषयोरपि रागोऽनिष्टतरः, द्वेषकारणत्वात् ।**

अंशतो रागद्वेषयोर्वर्जनं संसारिसत्त्वेष्वपि दृश्यते, परमात्मभिस्तु रागद्वेषौ सर्वथा क्षपितौ । एतामेव परमात्मनो विशेषतां मनसि सम्प्रधार्य ग्रन्थकृद्भिः 'वि' इति उपसर्ग

રાગ-દ્વેષ સંસારના બીજરૂપ છે. તેમનાથી જ સંસારની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય છે. રાગ માયા-લોભરૂપ છે અને દ્વેષ ક્રોધ-માનરૂપ છે. **પુષ્પમાળા**માં મલધારી શ્રીહેમચન્દ્રસૂરિ મહારાજે કહ્યું છે કે - 'માયા અને લોભ એ રાગ છે અને ક્રોધ અને માન દ્વેષ કહેવાય છે. તું તે પરમપદને ઇચ્છે છે તો આ બન્ને (રાગ-દ્વેષ)ને જીતી લે.' (૩૨૧) આમ 'કષાયો સંસારના બીજરૂપ છે' એ વાત પણ બરાબર ઘટે છે. જેથી રાગ-દ્વેષ સંસારના બીજરૂપ છે તેથી જ પરમાત્માની આ પરમ આજ્ઞા છે કે 'રાગ-દ્વેષ વર્જવા'. **ઉપદેશરહસ્ય**માં **મહોપાધ્યાયશ્રીયશોવિજયજી** મહારાજે કહ્યું છે કે - 'અહીં વધુ કહેવાથી શું ? જેમ જેમ રાગદ્વેષનો શીઘ્ર નાશ થાય તેમ તેમ પ્રવર્તવું - એ જિનેશ્વરોની આજ્ઞા છે. (૨૦૧)' **રાગ-દ્વેષમાં પણ રાગ વધુ ખરાબ છે, કેમકે દ્વેષનું પણ કારણ રાગ જ છે.**

આંશિક રીતે સંસારી જીવો પણ રાગ-દ્વેષને વર્જે છે, પરમાત્માઓએ તો રાગ-દ્વેષનો સંપૂર્ણ રીતે ક્ષય કર્યો છે. સંસારી જીવો કરતાં પરમાત્માની આ જ વિશેષતાને મનમાં રાખીને ગ્રન્થકારે 'વિ' ઉપસર્ગ મૂક્યો છે. પરમાત્માએ રાગ-દ્વેષ ફરી

उपन्यस्तः । परमात्मना रागद्वेषौ विशेषेणाऽपुनर्भावरूपेण सर्वथा वर्जितौ । परमात्मानो चरमभवे क्षपकश्रेणिमारुह्य प्रथमं रागद्वेषौ क्षपयन्ति, तदनन्तरमेव तेषामन्यानि सर्वाणि वैशिष्ट्यानि प्रादुर्भवन्ति । एतद्द्योतनार्थमेव परमात्मनोऽनन्तेषु वैशिष्ट्येषु सत्स्वपि ग्रन्थकृद्भिः 'रागद्वेषविवर्जितौ' इति मूलभूतं विशेषणमत्रोपन्यस्तम् । अनेन विशेषणेनेदमपि सूच्यते - आत्मना परमात्मत्वप्राप्त्यर्थं सर्वप्रथमं रागद्वेषयोर्विवर्जनं कर्त्तव्यमिति ।

परमात्मानं - परमः- समग्रगुणयुक्तत्वादन्यात्मापेक्षया सर्वश्रेष्ठः, अत्ति-तांस्तान्पर्याया-नाच्छतीति आत्मा, परमश्चासौ आत्मा चेति परमात्मा, तमिति परमात्मानम् । परमात्मनाम-नन्तत्वेऽप्यत्र जात्यपेक्षयैकवचनम् । तेन वस्तुतो ग्रन्थकृद्भिरत्राऽनन्तेभ्यः परमात्मभ्यो नमस्कारः कृतः । संसार्यात्मानः कर्मपाशबद्धाः सन्ति, परमात्मानस्तु कर्मपाशमुक्ताः सन्ति । परमात्मानो द्विविधाः-भवस्था भवनिर्मुक्ताश्च । तत्र भवस्थाः परमात्मानः सयोगि-केवलि-अयोगिकेवल्याख्यत्रयोदशचतुर्दशगुणस्थानकवर्त्तिनो ज्ञेयाः । ते घातिकर्मरहिताः सन्ति । अघातिकर्माणि तु तेषामप्यात्मनि विद्यन्ते । तथाऽपि घातिकर्मनाशानन्तरमघाति-

---

ઉત્પન્ન ન થાય એ રીતે તેમને સર્વથા દૂર કર્યા છે. પરમાત્માઓ સાંસારિક અવસ્થામાં છેલ્લા ભવમાં ક્ષપકશ્રેણી માંડી પહેલા રાગ-દ્વેષને ખપાવે છે, ત્યાર પછી જ તેમના બીજા ગુણો પ્રગટ થાય છે. આ જણાવવા માટે જ પરમાત્માના અનંતા ગુણો હોવા છતાં પણ ગ્રન્થકારે 'રાગ-દ્વેષ વિનાના' એવુ તેમનું મૂળ વિશેષણ અહીં મૂકયું છે. આ વિશેષણ મૂકવા વડે એ પણ સૂચવ્યું છે કે આત્માએ પરમાત્મા બનવા સહુથી પહેલા રાગ-દ્વેષ છોડવા જોઈએ.

પરમાત્મા બધા ગુણોથી યુક્ત હોવાથી બીજા આત્માઓની અપેક્ષાએ સહુથી શ્રેષ્ઠ છે. તે તે પર્યાયોને પામે તે આત્મા. શ્રેષ્ઠ એવા આત્મા તે પરમાત્મા. તે પરમાત્માને (નમસ્કાર કરીને હું યોગસારને કહીશ). પરમાત્મા અનંતા હોવા છતા પણ અહીં જાતિની અપેક્ષાએ એકવચનનો પ્રયોગ કર્યો છે. તેથી વાસ્તવમાં ગ્રન્થકારે અહી અનંતા પરમાત્માઓને નમસ્કાર કર્યો છે. સંસારી આત્માઓ કર્મની જાળમાં બંધાયેલા છે, પરમાત્માઓ તો કર્મના બંધનમાંથી મુક્ત થયેલા છે. પરમાત્મા બે પ્રકારે છે - જગતમાં વિચરતા અને મોક્ષમાં ગયેલા. તેમાં જગતમાં વિચરતા પરમાત્મા સયોગીકેવલી અને અયોગીકેવલી નામના તેરમા-ચૌદમા ગુણઠાણે રહેલા છે. તેઓ ઘાતીકર્મથી છૂટેલા છે. તેઓ હજી અઘાતીકર્મના

कर्मनाशस्त्ववश्यम्भावीति भाविनि भूतवदुपचारं कृत्वाऽत्रोक्तं यत्परमात्मानः कर्मपाशमुक्ता भवन्ति । भवस्था अपि परमात्मानो द्विविधाः-तीर्थकृतः सामान्यकेवलिनश्च । तत्र तीर्थकृन्नामकर्मविपाकवेदिनोऽष्टप्रातिहार्य-चतुस्त्रिंशदतिशय-पञ्चत्रिंशद्वाणीगुणादिविशिष्ट-ऋद्धिसमन्विता धर्मतीर्थस्थापकास्तीर्थकृतस्तदन्ये च सामान्यकेवलिनः । भवनिर्मुक्ताः परमात्मानोऽष्टभ्यः कर्म्मभ्यः सर्वथा मुक्ताः । संसार्यात्मानः साधनां कृत्वा कर्म्म क्षपयित्वा परमात्मत्वमवाप्नुवन्ति । इदमुक्तं भवति-**कर्म्मरहित आत्मैव परमात्मा ।**

आत्मानस्त्रिविधाः-बहिरात्मानोऽन्तरात्मानः परमात्मानश्च । तत्र स्वीयं शुद्धस्वरूपं विस्मृत्य ये बाह्यभावेष्वेव रतिं कुर्वन्ति बाह्यभावप्राप्त्यर्थमेव च यतन्ते ते बहिरात्मानः । स्वीयं शुद्धस्वरूपं लक्ष्यीकृत्य तत्प्राप्त्यर्थं ये यतन्ते तेऽन्तरात्मानः । प्राप्तस्वशुद्धस्वरूपा आत्मान एव परमात्मानः । उक्तञ्चाध्यात्मसारे **विंशतितमे आत्मानुभवाधिकारे** - **'विषयकषायावेशः, तत्त्वाश्रद्धा गुणेषु च द्वेषः । आत्माऽज्ञानं च यदा, बाह्यात्मा**

બંધનમાંથી છૂટ્યા નથી. છતાં પણ ઘાતીકર્મોના નાશ પછી અઘાતી કર્મોનો નાશ તો અવશ્ય થવાનો છે. તેથી ભવિષ્યકાળમાં ભૂતકાળનો ઉપચાર કરીને અહીં કહ્યું કે પરમાત્મા કર્મના બંધનમાંથી મુક્ત થયેલા છે. જગતમાં વિચરતા પરમાત્મા પણ બે પ્રકારે છે - તીર્થંકર ભગવંતો અને સામાન્ય કેવળી ભગવંતો. તીર્થંકર ભગવંતો તીર્થંકર નામકર્મના ઉદયને ભોગવનારા, આઠ પ્રાતિહાર્ય - ચોત્રીશ અતિશય-વાણીના પાંત્રીશ ગુણ વગેરે વિશિષ્ટ ઋદ્ધિવાળા અને ધર્મતીર્થના સ્થાપક છે. તે સિવાયના પરમાત્મા તે સામાન્ય કેવળી ભગવંતો છે. મોક્ષમાં ગયેલા પરમાત્મા આઠે કર્મોથી સર્વથા મુક્ત થયેલા છે. સંસારી આત્મા સાધના કરી કર્મ ખપાવી પરમાત્મા બને છે. કહેવાનું તાત્પર્ય આવું છે કે **કર્મરહિત આત્મા એ જ પરમાત્મા છે.**

આત્મા ત્રણ પ્રકારના છે - બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. પોતાના શુદ્ધસ્વરૂપને ભૂલીને જેઓ બાહ્યભાવોમાં જ આનંદ પામે છે અને બાહ્ય પદાર્થોની પ્રાપ્તિ માટે જ યત્ન કરે છે તે બહિરાત્માઓ છે. પોતાના શુદ્ધસ્વરૂપને લક્ષ્ય બનાવી તેની પ્રાપ્તિ માટે જેઓ પ્રયત્ન કરે છે તે અંતરાત્માઓ છે. પોતાના શુદ્ધસ્વરૂપને પામેલા આત્માઓ જ પરમાત્મા છે. **અધ્યાત્મસારમાં વીશમા આત્માનુભવાધિકાર**માં કહ્યું છે - 'જ્યારે વિષય-કષાયનો આવેશ, તત્ત્વોમાં અશ્રદ્ધા, ગુણોમાં દ્વેષ અને

स्यात्तदा व्यक्तः ॥२२॥ तत्त्वश्रद्धा ज्ञानं, महाव्रतान्यप्रमादपरता च । मोहजयश्च यदा स्यात्, तदान्तरात्मा भवेद्व्यक्तः ॥२३॥ ज्ञानं केवलसञ्ज्ञं, योगनिरोधः समग्रकर्म्महतिः । सिद्धिनिवासश्च यदा, परमात्मा स्यात्तदा व्यक्तः ॥२४॥'

प्रणम्य - प्रकर्षेण बहुमानभावसम्भूतेन नत्वा नमस्कृत्य । परमात्मनो नमस्करणेन हृदयं तं प्रति प्रह्वीभवति । ततो भगवदनुग्रहः प्राप्यते । ततः प्रारीप्सितं कार्यं विघ्नं विना समाप्तिमियर्त्ति ।

गम्भीरार्थं - गम्भीराः-अगाधाः सूक्ष्ममतिगम्याः प्रभूताश्चेत्यर्थः, अर्थाः - वाच्यानि, गम्भीरा अर्था यस्मिन् स गम्भीरार्थः, तमिति गम्भीरार्थम् । इदं पदं योगसारमिति पदस्य विशेषणम् । तच्च इदं विशिनष्टि यद् अयं ग्रन्थः शब्दप्रमाणापेक्षया परिमितः, परन्तु अर्थप्रमाणापेक्षयाऽपरिमितः । ते चार्थाः शब्दार्थ-वाक्यार्थ-महावाक्यार्थ - ऐदम्पर्यार्थ - पर्यालोचनेन ज्ञायन्ते । अल्पाक्षरमपरिमितार्थमिदं शास्त्रं रचयद्भिर्ग्रन्थकृद्भिः खलु कलशे उदधिर्भृतः । 'गम्भीरार्थं' इति विशेषणमेतदपि सूचयति यदयं ग्रन्थो न मन्दमतिज्ञेयः

આત્માનું અજ્ઞાન હોય, ત્યારે બાહ્યાત્મા વ્યક્ત થાય છે. (૨૨) જ્યારે તત્ત્વોની શ્રદ્ધા, જ્ઞાન, મહાવ્રતો, અપ્રમાદમાં તત્પરતા અને મોહનો જય થાય છે ત્યારે અંતરાત્મા વ્યક્ત થાય છે. (૨૩) જ્યારે કેવળજ્ઞાન, યોગનિરોધ, બધા કર્મોનો નાશ અને મોક્ષમાં નિવાસ થાય છે ત્યારે પરમાત્મા વ્યક્ત થાય છે. (૨૪)'

ગ્રન્થકારે ગ્રન્થની શરૂઆતમાં રાગ-દ્વેષ વિનાના પરમાત્માને બહુમાનભાવથી ઉત્પન્ન થયેલ પ્રકર્ષ વડે નમસ્કાર કર્યો છે. પરમાત્માને નમસ્કાર કરવા વડે હૃદય તેમના પ્રત્યે બહુમાનભાવવાળુ થાય છે. તેથી પરમાત્માની કૃપા મળે છે. તેથી શરૂ કરવા ઇચ્છેલ કાર્ય વિઘ્ન વિના પૂર્ણ થાય છે.

'યોગસાર' નામનો આ ગ્રન્થ ગંભીર અર્થવાળો છે, એટલે કે સૂક્ષ્મ બુદ્ધિથી જાણી શકાય એવા અને ઘણા અર્થોવાળો છે. આ વિશેષણથી એમ જણાવ્યું કે આ ગ્રન્થના શબ્દો પરિમિત છે પણ તેના અર્થો અપરિમિત છે. શબ્દાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થની વિચારણા કરવાથી તે અર્થો જાણી શકાય છે. થોડા શબ્દો અને ઘણા અર્થોવાળા આ શાસ્ત્રની રચના કરીને ગ્રન્થકારે ખરેખર ગાગરમાં સાગર ભરી દીધો છે. આ વિશેષણ એ પણ સૂચવે છે કે મંદબુદ્ધિવાળા જીવો આ

परन्तु विशालपरिकर्मितप्रज्ञगम्यः । अतोऽस्य ग्रन्थस्य केवलं शब्दार्थं ज्ञात्वाऽऽत्मा कृतकृत्यो न मन्तव्यः, किन्त्वस्य ग्रन्थस्य गम्भीरानर्थान् ज्ञातुं यतनीयम्। भूमावधोऽधः खननेन प्रभूतं जलमवाप्यते । एवं पुनः पुनरेतद्ग्रन्थस्य पर्यालोचनेन रहस्यार्था ज्ञायन्ते ।

योगसारं - 'योगसार'इतिनामकम् । मोक्षेण सह योजयन्तः सर्वेऽपि मनोवाक्काय-व्यापारा योगस्वरूपा ज्ञेयाः । यदुक्तं **ज्ञानसारे योगाष्टके** - '**मोक्षेण योजनाद्योगः सर्वोऽप्याचार इष्यते ।... ॥२७/१॥**' **योगविधानविंशिकायां श्रीहरिभद्रसूरिभिरप्युक्तं** - '**मुक्खेण जोयणाओ जोगो सव्वोवि धम्मवावारो.. ॥१७/१॥**' (**छाया** - मोक्षेण योजनात् योगः सर्वोऽपि धर्मव्यापारः... ॥१७/१॥) सारः नवनीतम् । योगानां सारः प्रतिपाद्यविषयो यस्य स योगसारः, तमिति योगसारम् । प्रभूते गोरसे मथितेऽल्पं नवनीतं प्राप्यते । एवं प्रभूतेषु योगग्रन्थेषु पठितेषु तदुक्तयोगेषु चातीवाभ्यस्तेषु योगस्य सारः प्राप्यते । ग्रन्थकृद्भिः पठनाभ्यसनायासः कृतः । तत्फलरूपो यः सारस्तैः प्राप्तस्ते

ગ્રન્થના મર્મને જાણી નહીં શકે પણ વિશાળ અને પરિકર્મિત બુદ્ધિવાળા જીવો આ ગ્રન્થના મર્મને જાણી શકશે. માટે આ ગ્રન્થના માત્ર શબ્દાર્થને જાણીને સંતોષ ન માનવો પણ આ ગ્રન્થના રહસ્યભર્યા અર્થોને જાણવા પ્રયત્ન કરવો. જમીનમાં નીચે-નીચે ખોદવાથી ઘણું પાણી નીકળે છે. એમ વારંવાર આ ગ્રન્થના પદાર્થોનું ચિંતન કરવાથી આ ગ્રન્થના રહસ્યભર્યા અર્થો જણાય છે.

મોક્ષની સાથે જોડી આપનારી મન-વચન-કાયાની બધી ક્રિયાઓને યોગ કહેવાય છે. **જ્ઞાનસાર**માં કહ્યું છે કે 'મોક્ષની સાથે જોડી આપતાં હોવાથી બધાય આચારોને યોગ કહેવાય છે..... (૨૭/૧)' **શ્રીહરિભદ્રસૂરિજીએ** પણ **યોગવિધાનવિંશિકા**માં કહ્યું છે કે - 'મોક્ષની સાથે જોડવાથી બધો ય ધર્મવ્યાપાર એ યોગ છે... (૧૭/૧)' સાર એટલે નવનીત. આ ગ્રન્થમાં યોગોનો સાર કહેવાશે. ઘણી છાશ વલોવીએ ત્યારે થોડું માખણ નીકળે છે. એમ ઘણા યોગગ્રન્થોનો અભ્યાસ કર્યા પછી અને તેમાં કહેલ યોગનો ખૂબ અભ્યાસ કર્યા પછી યોગનો સાર મળે છે. ગ્રન્થકારે યોગગ્રન્થો ભણવાની અને યોગનો અભ્યાસ કરવાની મહેનત કરી છે. તેના ફલરૂપે તેમને જે સાર મળ્યો તે તેઓ આપણને આપવા તૈયાર થયા છે. તેથી આપણને પ્રયાસ વિના આ સાર મળી ગયો. તેથી ગ્રન્થકાર આપણા ખૂબ

तमस्मभ्यं दातुं प्रवृत्ताः । ततोऽस्माभिर्यत्नं विनैष सारो लब्धः । अतो ग्रन्थकारोऽस्माकमतीवोपकारी । अस्माभिरयं सारः स्वजीवने पालनीयः । एवं ग्रन्थकारायासः सफलो भविष्यति वयञ्चाऽल्पांशेन ऋणमुक्ता भविष्यामः ।

समासतः - सङ्क्षेपेण मितशब्दैर्न तु प्रसक्तानुप्रसक्तार्थविवेचनेनेत्यर्थः । सङ्क्षिप्तं शास्त्रं सर्वैरुपादेयं भवति । विस्तृतशास्त्रपठनार्थं स्तोका एव प्रवर्त्तन्ते ।

प्रवक्ष्यामि - प्रकर्षेण यथा जीवा योगस्य माहात्म्यं सम्यगवगम्य स्वजीवने योगमाचरेयुस्तथा वक्ष्यामि-कथयिष्यामि ।

अत्र पूर्वार्द्धेन ग्रन्थकृद्भिरिष्टदेवतानमस्काररूपं मङ्गलं कृतमुत्तरार्द्धेन चाभिधेयमभिहितम् । प्रयोजनसम्बन्धौ समार्थ्यगम्यौ । तौ ग्रन्थान्तरेष्वनेकशो विवेचिताविति ग्रन्थविस्तारभिया नाऽत्र प्रतिपाद्येतेऽस्माभिः । तत एव तौ ज्ञेयौ ॥१॥

अवतरणिका - इत्थं मङ्गलादिकं प्रतिपादितम् । ध्यानं मोक्षप्राप्तेः परममङ्गम् । अतस्तस्य विषयमादौ प्रतिपादयति -

---

જ ઉપકારી છે. આપણે આ સાર આપણા જીવનમાં ઉતારવો જોઈએ. એમ કરવાથી ગ્રન્થકારની મહેનત સફળ થશે અને આપણે એમના ઋણમાંથી કંઈક મુક્ત થઈ શકીશું.

અહીં ગ્રન્થકાર યોગનો સાર સંક્ષેપમાં કહેશે, વિસ્તારથી નહીં, એટલે કે પ્રાસંગિક અર્થોનું વિવેચન આમાં નહીં કરાય. સંક્ષેપમાં રચાયેલા શાસ્ત્રનો અભ્યાસ બધા કરે છે. વિસ્તારવાળા શાસ્ત્રને ભણનારા થોડા જ હોય છે.

ગ્રન્થકાર અહીં યોગનો સાર ખૂબ સુંદર રીતે કહેશે, જેથી શ્રોતાઓ યોગનું માહાત્મ્ય જાણીને પોતાના જીવનમાં યોગને આચરે.

આ શ્લોકના પૂર્વાર્ધથી ગ્રન્થકારે ઇષ્ટદેવતાને નમસ્કાર કરવા રૂપ મંગળ કર્યું અને ઉત્તરાર્ધથી અભિધેય કહ્યું. પ્રયોજન અને સંબંધ સામર્થ્યથી જાણવા. તેમનું વિવેચન અન્ય ગ્રન્થોમાં અનેકવાર કરાયું હોવાથી અહીં ગ્રન્થનો વિસ્તાર થવાના ભયથી અમે તેમનું પ્રતિપાદન કરતા નથી. તે ગ્રન્થોમાંથી જ તે જાણી લેવા. (૧)

અવતરણિકા - આમ મંગળ વગેરે કહ્યા. ધ્યાન એ મોક્ષપ્રાપ્તિનું શ્રેષ્ઠ અંગ છે. માટે પહેલા તે ધ્યાનનો વિષય બતાવે છે -

मूलम् - यदा ध्यायति यद्योगी, याति तन्मयतां तदा ।
ध्यातव्यो वीतरागस्तन्- नित्यमात्मविशुद्धये ॥२॥

अन्वयः - योगी यदा यद् ध्यायति तदा तन्मयतां याति, तद् आत्मविशुद्धये नित्यं वीतरागो ध्यातव्यः ॥२॥

पद्मीया वृत्तिः - योगी - योगः पूर्वोक्तस्वरूपः, सोऽस्याऽस्तीति योगी-योगस्याऽऽसेवकः । **यदा** - यस्मिन्कांले, अविशिष्टकाले न तु प्रतिनियतकाले इत्यर्थः । **यत्** - अनिर्दिष्टस्वरूपं वस्तु । **ध्यायति**-प्रणिदधाति ध्यानविषयीकरोतीति यावत् । तत्र स्थिरमध्यवसानं ध्यानम् । यदुक्तं **ध्यानशतके श्रीजिनभद्रगणिक्षमाश्रमणैः**-'**जं थिरमज्झवसाणं तं झाणं, जं चलं तयं चित्तं । .... ॥२॥**' (**छाया** - यत् स्थिरमध्यवसानं तत् ध्यानं, यत् चलं तत् चित्तम् ।... ॥२॥)

ध्यानं द्विविधं - प्रशस्तमप्रशस्तञ्च । पुनरप्येकैकं द्विविधं-प्रशस्तं ध्यानं धर्मशुक्लभेदात्, अप्रशस्तं तु ध्यानमार्त्तरौद्रभेदात् । तत्राऽऽर्त्तध्यानेन तिर्यग्गती रौद्रध्यानेन नरकगतिर्धर्मध्यानेन देवगतिः शुक्लध्यानेन च स्वर्गापवर्गावाप्येते । उक्तञ्चाऽ**ध्यात्मसारे षोडशे ध्यानाधिकारे**- '**प्रमत्तान्तगुणस्थाना-नुगतं तन्महात्मनाम् । सर्वप्रमादमूलत्वात्, त्याज्यं**

शब्दार्थ - યોગી જ્યારે જેનું ધ્યાન કરે છે ત્યારે તન્મય થઈ જાય છે. તેથી આત્માની વિશુદ્ધિ માટે હંમેશા વીતરાગનું ધ્યાન કરવું. (૨)

પદ્મિયાવૃત્તિનો ભાવાનુવાદ - યોગી એટલે યોગનું આસેવન કરનાર. ધ્યાન કરવું એટલે મનથી એકાગ્ર થવું. ધ્યાન એટલે સ્થિર અધ્યવસાય. **ધ્યાનશતકમાં શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણજી**એ કહ્યું છે કે, 'જે સ્થિર અધ્યવસાય છે તે ધ્યાન છે, જે ચલ અધ્યવસાય છે તે ચિત્ત છે.'

ધ્યાન બે પ્રકારે છે - શુભ અને અશુભ. વળી તે બન્ને પણ બે-બે પ્રકારના છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ શુભધ્યાનના પ્રકાર છે. આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન એ અશુભધ્યાનના પ્રકાર છે. આર્ત્તધ્યાનથી તિર્યંચગતિ મળે છે, રૌદ્રધ્યાનથી નરકગતિ મળે છે, ધર્મધ્યાનથી દેવગતિ મળે છે અને શુક્લધ્યાનથી સ્વર્ગ અને મોક્ષ મળે છે. **અધ્યાત્મસારના સોળમા ધ્યાન અધિકારમાં** કહ્યું છે - 'તેથી પ્રમત્તસંયત ગુણસ્થાનક સુધીના ગુણસ્થાનકો સુધી રહેનારું, તિર્યંચગતિ આપનારું આર્ત્તધ્યાન બધા પ્રમાદોનું

तिर्यग्गतिप्रदम् ॥१०॥ निर्दयत्वाननुशयौ, बहुमानः परापदि । लिङ्गान्यत्रेत्यदो धीरै-स्त्याज्यं नरकदुःखदम् ॥१६॥ शीलसंयमयुक्तस्य, ध्यायतो धर्म्यमुत्तमम् । स्वर्गप्राप्तिं फलं प्राहुः, प्रौढपुण्यानुबन्धिनीम् ॥७२॥ एतच्चतुर्विधं शुक्ल-ध्यानमत्र द्वयोः फलम् । आद्ययोः सुरलोकाप्ति-रन्त्ययोस्तु महोदयः ॥८०॥'

અધુના સૂત્રમનુસ્ત્રિયતે પુનઃ-**तदा**-તસ્મિન્કાલે ધ્યાનસમયે ઇત્યર્થઃ । **तन्मयतां**-તન્મયઃ તત્સ્વરૂપઃ ધ્યેયસ્વરૂપઃ, તસ્ય ભાવઃ તન્મયતા, તામિતિ તન્મયતામ્, ધ્યાનવિષયેણ સહાઽભેદભાવમિત્યર્થઃ । **याति**-પ્રાપ્નોતિ । યોગી યસ્ય ધ્યાનં કરોતિ તેન તસ્યાઽભેદો ભવતિ । અત એવ વિવક્ષિતવસ્તુનો જ્ઞાતા તત્ર ચોપયુક્તસ્તસ્ય વસ્તુન આગમતો ભાવનિક્ષેપ ઉચ્યતે । ધ્યેયે પ્રશસ્તે સતિ ધ્યાતા પ્રશસ્તધ્યેયસ્વરૂપો ભવતિ । ધ્યેયેઽપ્રશસ્તે સતિ ધ્યાતાઽપ્રશસ્તધ્યેયસ્વરૂપો ભવતિ । યસ્મિન્ધ્યાતેઽશુભકર્મ બધ્યતે તદપ્રશસ્તધ્યેયમ્ । યસ્મિન્ધ્યાતે શુભકર્મ બધ્યતે શુભાશુભં વા કર્મ મુચ્યતે તત્પ્રશસ્તં ધ્યેયમ્ । ધ્યાનં પ્રણિ-ધાનરૂપમ્। **प्रणिधानकृतं च कर्म तीव्रविपाककृद्भवति** । इदं શુભાશુભકર્મણોર્વિષયે

મૂળ હોવાથી મહાત્માઓએ ત્યજવું. (૧૦) નિર્દયપણું, પશ્ચાત્તાપ ન થવો, બીજાની આપત્તિમાં બહુમાન એ આ રૌદ્રધ્યાનના લિંગો છે. ધીરોએ નરકદુઃખ આપનાર એ રૌદ્રધ્યાન ત્યજવું. (૧૬) શીલ અને સંયમથી યુક્ત અને ઉત્તમ એવા ધર્મધ્યાનને કરનારાનું ફળ મોટા પુણ્યનો અનુબંધ કરાવનાર સ્વર્ગની પ્રાપ્તિ કહી છે. (૭૨) આ ચાર પ્રકારનું શુક્લધ્યાન છે. એમાં પહેલા બેનું ફળ દેવલોકની પ્રાપ્તિ છે અને છેલ્લા બેનું ફળ મોક્ષ છે. (૮૦)'

જેનું ધ્યાન કરાતું હોય તેને ધ્યેય કહેવાય. ધ્યાન કરનારને ધ્યાતા કહેવાય. યોગી જ્યારે જેનું ધ્યાન કરતો હોય ત્યારે તે તે ધ્યેયની સાથે તન્મય થઈ જાય છે એટલે કે ધ્યેયના સ્વરૂપવાળો થાય છે. તે જેના ધ્યાનમાં હોય તેની સાથે તેનો અભેદ થઈ જાય છે. માટે જ અમુક વસ્તુના જ્ઞાનવાળા અને તેમાં ઉપયોગવાળા જીવને તે વસ્તુનો આગમથી ભાવનિક્ષેપો કહેવાય છે. ધ્યેય જો શુભ હોય તો ધ્યાતા તે શુભધ્યેયસ્વરૂપ બને છે. ધ્યેય જો અશુભ હોય તો ધ્યાતા તે અશુભધ્યેયસ્વરૂપ બને છે. જેના ધ્યાનથી અશુભકર્મ બંધાય તે અશુભ ધ્યેય છે. જેના ધ્યાનથી શુભ-કર્મ બંધાય તે શુભધ્યેય છે. ધ્યાન એ પ્રણિધાનરૂપ છે. **પ્રણિધાન (એકાગ્રતા) પૂર્વક બંધાયેલું કર્મ તીવ્ર ફળ આપે છે.** આ બાબત શુભ અને અશુભ કર્મોના વિષયમાં

समानम्। अतः प्रशस्तं वस्त्वेव ध्यातव्यम्, पुण्यबन्धनिर्जराकारित्वात्, न त्वप्रशस्तं वस्तु, पापबन्धकारित्वात्।

मुमुक्षव आत्मविशुद्ध्यर्थं यतन्ते। प्रशस्तानि वस्तून्यनेकप्रकाराणि सन्ति। तत्र कस्मिन्वस्तुनि ध्याते सत्यात्मनो विशुद्धिर्भवतीति शङ्कायाः समाधानमुत्तरार्धेन ददाति ग्रन्थकारः। **तद्**-तस्मात्, यतो ध्याता ध्येयस्वरूपो भवति ततः, **आत्मविशुद्धये**-आत्मा कर्मबद्धो जीवः, विशुद्धिः-निर्मलता, आत्मनो विशुद्धिरिति आत्मविशुद्धिः, तस्यै इति आत्मविशुद्धये, आत्मनः शुद्धस्वरूपप्राप्त्यर्थमिति भावः। अनादिकालात् कर्म्मनिगड-बद्धा आत्मानः संसारकानने परिभ्रमन्ति। अनन्तज्ञान-अनन्तदर्शन-अनन्तचारित्र-अनन्त-सुख-अनन्तशक्ती-त्यादिकमात्मनः स्वरूपम्। कर्मभिरात्मनः स्वरूपमावृतम्। कर्मभि-रात्मनः स्वरूपं मलिनीकृतम्। स्वभावदशाप्राप्त्यर्थं कर्मनाशः कर्त्तव्यः। तथा चाऽऽत्मा विशुद्धो भवति। **नित्यम्** - सदैव, न तु कदाचित्। भययुक्ते स्थाने यथाऽस्माभिः सदैव जागरूकैर्भूयते न तु क्षणमात्रमपि प्रमादः क्रियते, तथाऽऽत्मविशुद्धिनिमित्तमपि वीतराग-

---

સમાન રીતે જાણવી. માટે શુભ વસ્તુનું જ ધ્યાન કરવું, કેમકે તેનાથી પુણ્યબંધ અને કર્મનિર્જરા થાય છે. અશુભવસ્તુનું ધ્યાન ન કરવું, કેમકે તેનાથી પાપકર્મનો બંધ થાય છે.

મુમુક્ષુઓ આત્માની વિશુદ્ધિ માટે પ્રયત્ન કરે છે. શુભવસ્તુઓ ઘણા પ્રકારની છે. તેમાં કઈ વસ્તુનું ધ્યાન કરવાથી આત્મા વિશુદ્ધ થાય એવી શંકાનું સમાધાન ગ્રન્થકાર શ્લોકના ઉત્તરાર્ધ વડે આપે છે. ધ્યાતા ધ્યેય સ્વરૂપ બનતો હોવાથી આત્માની વિશુદ્ધિ માટે એટલે કે આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે હંમેશા વીતરાગનું ધ્યાન કરવું. જેમના આત્મા ઉપરથી સર્વથા રાગ-દ્વેષ નીકળી ગયા છે તે વીતરાગ છે. અનાદિકાળથી કર્મોની બેડીમાં બંધાયેલ આત્મા સંસારરૂપી અટવીમાં પરિભ્રમણ કરે છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતશક્તિ વગેરે આત્માના સ્વરૂપો છે. કર્મોએ આત્માનું સ્વરૂપ ઢાંકી દીધું છે. કર્મોએ આત્માનું સ્વરૂપ મલિન કર્યું છે. સ્વભાવદશાને પામવા કર્મોનો નાશ કરવો જોઈએ. કર્મોનો નાશ થવાથી આત્મા વિશુદ્ધ થાય છે. આત્માની વિશુદ્ધિ માટે હંમેશા પરમાત્માનું ધ્યાન કરવું, ક્યારેક ક્યારેક નહીં. ભયવાળા સ્થાનમાં આપણે હંમેશા સાવધાન રહીએ છીએ, એક ક્ષણનો ય પ્રમાદ કરતાં નથી. તેમ આત્માની વિશુદ્ધિ માટે પણ હંમેશા વીતરાગનું ધ્યાન કરવું, એક સમય માટે પણ

ध्यानेन विना न स्थेयम्। यथा यथा वीतरागो ध्यायते तथा तथा कर्मनिर्जरणेनाऽऽत्मनो विशुद्धिर्भवति। आत्मनि चानन्तानन्ताः कर्मपुद्गला बद्धाः। ततस्तन्निर्जरणकृते क्षणमपि जिनध्यानेन विना न स्थेयम्। **वीतरागः** - विशेषेण - सर्वथा इतो-गतो रागः - पूर्वोक्तस्वरूप उपलक्षणाद्द्वेषोऽपि यस्मात्स वीतरागः। **ध्यातव्यः** - ध्यानविषयीकर्त्तव्यः। अनेनाऽऽत्मविशुद्धिनिमित्तं ध्यातव्यो विषयो दर्शितः। वीतरागे ध्याते ध्याता तत्स्वरूपो भवति। ततश्च तस्याऽऽत्मा विशुद्धो भवति। यथेलिका भ्रमरीध्यानेन भ्रमरीत्वमश्नुते एवं योगी वीतरागध्यानेन वीतरागत्वमाऽऽसादयति। उक्तञ्च - **परमात्मपञ्चविंशतिकायां महोपाध्यायश्रीयशोविजयगणिवरैः - 'इलिका भ्रमरीध्यानाद्, भ्रमरीत्वं यथाऽश्नुते। तथा ध्यायन् परात्मानं, परमात्मत्वमाप्नुयात् ॥२४॥'** वीतरागत्वमेव चात्मविशुद्धिः।

ननु यदि नित्यं वीतराग एव ध्यातव्यस्तर्ह्यावश्यकादियोगानामुपदेशो व्यर्थः स्यादिति चेत् ? न, आवश्यकादियोगा अपि वीतरागध्यानमेव, तेषां वीतरागेणैव प्रतिपादितत्वाद् वीतरागत्वप्राप्त्यर्थमेव चाऽऽसेवनात् ॥२॥

તેમના ધ્યાન વિના ન રહેવું. જેમ જેમ વીતરાગનું ધ્યાન કરાય છે તેમ તેમ કર્મનિર્જરા થવાથી આત્માની વિશુદ્ધિ થાય છે. આત્માની ઉપર અનંતાનંત કર્મો લાગેલા છે. તેથી તેમની નિર્જરા કરવા માટે એક ક્ષણ માટે પણ વીતરાગના ધ્યાન વિના ન રહેવું. 'વીતરાગ' શબ્દ દ્વારા આત્માની વિશુદ્ધિ માટે ધ્યાનનો વિષય બતાવ્યો. વીતરાગનું ધ્યાન કરવાથી ધ્યાતા વીતરાગસ્વરૂપ બની જાય છે. તેથી તેનો આત્મા વિશુદ્ધ થાય છે. ભમરીનું ધ્યાન કરતાં કરતાં ઈયળ ભમરી બની જાય છે. એમ યોગી વીતરાગનું ધ્યાન કરતાં કરતાં વીતરાગ બની જાય છે અને આત્માની વિશુદ્ધિને પામે છે. **પરમાત્મપંચવિંશતિકામાં મહોપાધ્યાયશ્રીયશોવિજયજી**એ કહ્યું છે, 'જેમ ભમરીના ધ્યાનથી ઈયળ ભમરીપણું પામે છે તેમ પરમાત્માનું ધ્યાન કરતો જીવ પરમાત્મપણું પામે. (૨૪)' વીતરાગપણું એ જ આત્માની વિશુદ્ધિ છે.

પ્રશ્ન - જો હંમેશા વીતરાગનું જ ધ્યાન કરવાનું હોય તો આવશ્યક વગેરે યોગોનો ઉપદેશ વ્યર્થ બને ?

જવાબ - ના, આવશ્યક વગેરે યોગો પણ વીતરાગનું ધ્યાન જ છે, કેમકે તેમને બતાડનારા વીતરાગ જ છે અને વીતરાગ બનવા માટે જ તેમનું આચરણ કરાય છે. (૨)

अवतरणिका - वीतरागो ध्यातव्य इत्येतद्दर्शितम्। अधुना स कुत्र ध्यातव्यस्तद्ध्यानेन च किं भवति ? इत्येतद्दर्शयति -

मूलम् - [1]शुद्धस्फटिकसङ्काशो, निष्कलश्चात्मनाऽऽत्मनि ।
परमात्मेति [2]स ज्ञातः, प्रदत्ते परमं पदम् ॥३॥

अन्वयः - आत्मना आत्मनि शुद्धस्फटिकसङ्काशो निष्कलश्च परमात्मेति ज्ञातः स परमं पदं प्रदत्ते ॥३॥

पद्यीया वृत्तिः - आत्मना - संसारिजीवेन, **आत्मनि** स्वस्वरूपे, **शुद्धस्फटिक-सङ्काशः** - शुद्धो निर्मल आवरणरहितः, स्फटिकः रत्नविशेषः, सङ्काशः सदृशः, शुद्धश्चासौ स्फटिक इति शुद्धस्फटिकस्तेन सङ्काश इति शुद्धस्फटिकसङ्काशः। स्फटिकरत्नं वर्णरहितं भवति। तद् यादृशेनोपरागेणोपरक्तं भवति तद्वर्ण्णाभं भवति। उपरागेण मुक्तं तच्छुद्धं भवति। एवं कर्मोपरागेणोपरक्तः संसारिजीवो निकारभावं प्राप्नोति। कर्ममलमुक्तस्तु स एव शुद्धपरमात्मस्वरूपो भवति। **निष्कलः** - निर्गता कला-कर्मरूपा दोषरूपा विभाव-दशारूपा वा यस्मात्स निष्कलः। निष्कल इति कारणरूपं विशेषणं, शुद्धस्फटिकसङ्काश इति कार्यरूपं विशेषणम्। इदमुक्तं भवति यत एव निष्कलस्तत एव शुद्धस्फटिक-

---

અવતરણિકા - વીતરાગનું ધ્યાન કરવું જોઈએ એ બતાવ્યું. હવે 'તેનું ધ્યાન ક્યાં કરવું ? અને તેના ધ્યાનથી શું થાય છે ?' એ બતાવે છે -

શબ્દાર્થ - આત્મા વડે આત્મામાં શુદ્ધ સ્ફટિક જેવા અને કળા વિનાના પરમાત્મા તરીકે જણાયેલા વીતરાગપ્રભુ પરમપદ આપે છે. (૩)

પદ્મિયાવૃત્તિનો ભાવાનુવાદ - સ્ફટિકરત્ન રંગ વિનાનું હોય છે. તેની પાછળ જેવો રંગ હોય તે તે રંગનું બની જાય છે. પાછળનો રંગ દૂર થાય એટલે તે નિર્મળ બની જાય છે એટલે કે પોતાના મૂળસ્વરૂપમાં આવી જાય છે. એમ આત્માની ઉપર કર્મ લાગવાથી આત્માનો સ્વભાવ ઢંકાઈ જાય છે. કર્મરૂપી મેલથી મુક્ત થયેલ તે જ આત્મા શુદ્ધપરમાત્માસ્વરૂપ બની જાય છે. પરમાત્મા કળારહિત છે એટલે કે કર્મરહિત, દોષરહિત અને વિભાવદશારહિત છે. પરમાત્મા નિર્મળ સ્ફટિકરત્ન જેવા

---

१. शुद्धः स्फटिक..... - FI २. सज्ज्ञातः - A, C, D, F, G, JI

सङ्क्लाशः । **च**शब्दः समुच्चये । **परमात्मा** - सिद्धस्वरूप आत्मा । **इति** - एवम्प्रकारेण । **ज्ञातः** - अवगतः, संसार्यात्मा कर्मणा कलङ्कितः कर्ममलरहितस्तु स एव परमात्मा - इति ज्ञातः । एवं ज्ञाते सति स आत्मेदमवगच्छति यदुत परमात्मत्वं न कस्माच्चिद्बाह्यस्थानादात्मन्यानेयम्, किन्तु तदात्मनि विद्यते एव, केवलं तत्प्रकटीकरणार्थं प्रयतितव्यम् । परमात्मत्वेन ज्ञातः **स** - वीतराग एव तस्मै **परमं** - श्रेष्ठं **पदं** - स्थानं सिद्धत्वरूपं **प्रदत्ते** - प्रकर्षेण यथा तन्नाऽपगच्छति तथा दत्ते यच्छति । जगति विविधानि पदानि सन्ति, किन्तु न किञ्चिदपि पदं सिद्धत्वतुल्यम् । अतः सिद्धत्वं परमपदमुच्यते ।

येनाऽऽत्मना ज्ञातं यदुत कर्ममलरहित आत्मैव परमात्मा स सर्वयत्नेन परमात्मत्वप्राप्त्यर्थं प्रवर्त्तते । फलतः स परमपदं प्राप्नोति । यो जानाति मम गृहस्याधस्तान्निधानं विद्यते स तत्प्राप्त्यर्थं न प्रमाद्यति । एवं यो जानाति-ममाऽऽत्मन्येव परमात्मत्वं विद्यते इति, स तत्प्राप्त्यर्थं न प्रमाद्यति । स शीघ्रं तत् प्राप्नोति । तत उपचारादुक्तमात्मनि ज्ञातः परमात्मा तस्मै परमपदं ददाति ॥३॥

છે. પરમાત્મા કળા રહિત છે માટે જ શુદ્ધ સ્ફટિક જેવા છે. આત્મા પોતાના સ્વરૂપમાં શુદ્ધ સ્ફટિક જેવા અને કળારહિત એવા પરમાત્માને જાણે, એટલે કે સંસારી આત્મા કર્મથી કલંકિત છે, કર્મમલથી રહિત તે જ આત્મા પરમાત્મા છે એમ જાણે એટલે તે આત્માને એ ખબર પડે છે કે પરમાત્માપણું કોઈ બહારના સ્થાનમાંથી લાવી આત્માની ઉપર સ્થાપિત નથી કરવાનું પણ તે તો આત્મામાં છે જ, માત્ર તેને પ્રગટ કરવાનો પ્રયત્ન કરવાનો છે. આત્મામાં પરમાત્મા તરીકે જણાયેલ વીતરાગ પ્રભુ જ આત્માને પરમપદ એટલે કે મોક્ષ આપે છે. તે ક્યારેય ચાલ્યું જતું નથી. દુનિયામાં વિવિધ પદો છે, પણ એકે ય પદ મુક્તિપદની તોલે આવે તેવું નથી. માટે જ તેને પરમપદ કહેવાય છે. પરમપદ એટલે સર્વશ્રેષ્ઠ પદ.

જે આત્માએ જાણ્યું કે કર્મમલરહિત આત્મા જ પરમાત્મા છે તે બધા પ્રયત્નપૂર્વક પરમાત્મા બનવાની પ્રવૃત્તિ કરે છે. પરિણામે તે પરમપદ પામે છે. જે મનુષ્યને ખબર હોય કે મારા ઘરની નીચે નિધાન છે તે તેની પ્રાપ્તિ માટે પ્રમાદ કરતો નથી. એમ જેને ખબર પડે કે આત્મામાં જ પરમાત્મા છે તે તેને પામવા પ્રમાદ કરતો નથી. તે જલ્દીથી તેને મેળવે છે. માટે અહીં ઉપચારથી કહ્યું કે આત્મામાં જણાયેલ પરમાત્મા તે આત્માને પરમપદ આપે છે. (૩)

अवतरणिका - आत्मनि ज्ञातः परमात्मा परमपदं ददातीति दर्शितम् । अधुना-ऽऽत्मनि परमात्मनो ज्ञानं कदा भवति ? इत्येतद्दर्शयति -

मूलम् - किन्तु न ज्ञायते तावद् - यावन्मालिन्यमात्मनः ।
जाते साम्येन नैर्मल्ये, स स्फुटः प्रतिभासते ॥४॥

अन्वयः - किन्तु यावदात्मनः मालिन्यं तावन्न ज्ञायते (आत्मनि परमात्मा), साम्येन (आत्मनो) नैर्मल्ये जाते स्फुटः स प्रतिभासते ॥४॥

पद्मीया वृत्तिः - कश्चिदेवं मन्येत-परमपदप्राप्तिस्त्वयत्नसाध्या, यतस्तत्कृते केवल-मात्मनि परमात्मा ज्ञातव्य इति । तस्मै जनाय ग्रन्थकारो अनेन वृत्तेन प्रत्युत्तरं ददाति । आत्मनि परमात्मत्वे ज्ञाते सति परमपदप्राप्तिरचिरेण भवत्येव, **किन्तु** - परन्तु-आत्मनि परमात्मनो ज्ञानस्य दुर्लभतां द्योतयति, **यावत्** - यावन्तं कालं, **आत्मनः** - जीवस्य, असुमतः, **मालिन्यं** - मलिनः-अशुचिमान्, तस्य भाव इति मालिन्यम्, **विद्यते** इत्यत्राऽ-ध्याहार्यम्, **तावत्** - तावन्तं कालं, आत्मनो मालिन्ये विद्यमाने सति इत्यर्थः, **न**शब्दो निषेधे, **ज्ञायते** - अवगम्यते, **आत्मनि परमात्मा** इत्यत्राऽध्याहार्यम् । आत्मनो मालिन्यं कर्म्मकृतम् । मदिरामत्तो जनः स्वात्मानं न जानाति । एवं कर्म्मणा मलिनीकृतो जीवः

અવતરણિકા - 'આત્મામાં જણાયેલા પરમાત્મા પરમપદ આપે છે' એ બતાવ્યું. હવે આત્મામાં પરમાત્માનું જ્ઞાન ક્યારે થાય છે ?' એ બતાવે છે -

શબ્દાર્થ - પણ જ્યાં સુધી આત્મા મલિન છે ત્યાં સુધી આત્મામાં પરમાત્મા જણાતા નથી. સમતાથી જ્યારે આત્મા નિર્મળ થાય છે ત્યારે આત્મામાં પરમાત્મા સ્પષ્ટ રીતે જણાય છે. (૪)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - કોઈક એમ માને કે - પરમાત્મા બનવું તો બહુ સહેલું છે, કેમકે તેની માટે માત્ર આત્મામાં પરમાત્માને જાણવાના છે. તે વ્યક્તિને ગ્રન્થકારશ્રી આ શ્લોકથી જવાબ આપે છે. આત્મામાં પરમાત્માનું જ્ઞાન થયે છતે પરમપદની પ્રાપ્તિ ટૂંક સમયમાં થાય જ છે, પણ આત્મામાં પરમાત્માનું જ્ઞાન થવું સહેલું નથી, મુશ્કેલ છે, કેમકે જ્યાં સુધી આત્મા મલિન છે ત્યાં સુધી એ જ્ઞાન થતું નથી. આત્મા કર્મથી મલિન છે. દારૂના નશામાં રહેલ માણસ પોતાની જાતને જાણતો નથી. એમ કર્મથી મલિન થયેલો જીવ પોતાના સ્વરૂપને જાણતો નથી. તેથી

स्वस्वरूपं न जानाति । अयं भावः - आत्मनि विद्यमानं परमात्मानं स न वेत्ति ।

ननु यावदात्मनि परमात्मनो ज्ञानं न भवति तावन्न तत्प्रागट्यार्थं यत्नो भवति, यावन्न तत्प्रागट्यार्थं यत्नो भवति तावन्न कर्म्मकृतं मालिन्यमपगच्छति, यावच्च कर्म्मकृतं मालिन्यं नापगच्छति तावन्नात्मनि परमात्मनो ज्ञानं जायते इति स्पष्टमत्र चक्रकदोष इति चेत् ? उच्यते, देशत आत्मनो नैर्मल्ये जाते आत्मनि परमात्मनो ज्ञानं भवति, देशतश्चात्मनो मालिन्यापगमार्थमात्मनि परमात्मनो ज्ञानं नाऽऽवश्यकम्, तद्विनाऽपि समतादिभिस्तस्य सम्भवात् । अथवा द्वितीयवृत्तोक्तप्रकारेण वीतरागे वीतरागत्वस्य ध्यानेनाऽऽत्मनो देशतो नैर्मल्यं भवति, ततस्तस्य स्वात्मनि परमात्मनो ज्ञानं भवति। अतो न चक्रकदोषोऽत्राऽवतरति ।

एनमेव भावं मनसिकृत्य ग्रन्थकारो अस्य वृत्तस्य पश्चाद्धं कथयति। अथवा पूर्वार्द्धेनेदं ज्ञातं - आत्मनो मालिन्येऽनपगते सत्याऽऽत्मनि परमात्मा न ज्ञायते इति ।

આત્મામાં જ પરમાત્મા છે એવું જ્ઞાન એને થતું નથી.

પ્રશ્ન - જ્યાં સુધી આત્મામાં પરમાત્માનું જ્ઞાન ન થાય ત્યાં સુધી તેને પ્રગટ કરવાનો પ્રયત્ન થતો નથી. જ્યાં સુધી આત્મામાં રહેલ પરમાત્માને પ્રગટ કરવાનો પ્રયત્ન થતો નથી ત્યાં સુધી કર્મ વડે કરાયેલ આત્માની મલિનતા દૂર થતી નથી. જ્યાં સુધી કર્મ વડે કરાયેલ આત્માની મલિનતા દૂર થતી નથી ત્યાં સુધી આત્મામાં પરમાત્માનું જ્ઞાન થતું નથી. આમ સ્પષ્ટ રીતે અહીં ચક્રક દોષ આવે છે.

જવાબ - આંશિક રીતે આત્મા નિર્મળ થાય એટલે આત્મામાં પરમાત્માનું જ્ઞાન થાય છે. આંશિક રીતે આત્માની મલિનતા દૂર કરવા આત્મામાં પરમાત્માનું જ્ઞાન જરૂરી નથી, તેના વિના પણ સમતા વગેરેથી આત્માની મલિનતા દૂર થઈ શકે છે. માટે અહીં ચક્રક દોષ આવતો નથી. અથવા બીજા શ્લોકમાં કહ્યા મુજબ વીતરાગમાં વીતરાગપણાનું ધ્યાન કરવાથી આત્મા આંશિક રીતે નિર્મળ થાય છે. પછી તેને પોતાના આત્મામાં પરમાત્માનું જ્ઞાન થાય છે.

આ જ ભાવને મનમાં રાખીને ગ્રન્થકારશ્રી આ શ્લોકનો ઉત્તરાર્દ્ધ કહે છે. અથવા, પૂર્વાર્દ્ધથી એ જાણ્યું કે આત્માની મલિનતા દૂર ન થાય ત્યાં સુધી આત્મામાં પરમાત્માનું જ્ઞાન ન થાય. તેથી કોઈક પ્રશ્ન કરે છે - 'તો પછી આત્માની મલિનતા

ततः कश्चित्प्रश्नयति - 'कथं तर्ह्याऽऽत्मनो मालिन्यमपगच्छति ?' इति । ततो ग्रन्थकारः पश्चार्द्धेनोत्तरं ददाति-**साम्येन**-समः - तुल्यः, तस्य भावः साम्यम्, तेनेति साम्येन । यः सर्वानसुमतः स्वात्मतुल्यान्पश्यति स समो यो वेष्टानिष्टेषु सर्वपुद्गलेषु सर्वप्रसङ्गेषु च समानमनोवृत्तिको भवति स समः । **आत्मन** इत्यत्राध्याहार्यम् । **नैर्मल्ये** - निर्गतो मलः कर्मरूपो यस्मात्स निर्मलः, तस्य भावो नैर्मल्यं, तस्मिन्निति नैर्मल्ये, **जाते** - सम्पन्ने, समो रागद्वेषमान्द्यरूपेण साम्येन देशकर्मनाशरूपं नैर्मल्यमासादयति । तस्मिन्सञ्जाते **स्फुटः** - स्पष्टः, **सः** - आत्मनि परमात्मा, **प्रतिभासते** - ज्ञायते । समतया निर्मलता जायते, तया चात्मनि परमात्मतुल्यता ज्ञायते । इदमत्र ज्ञापितं-आत्मनि परमात्मज्ञानकृते प्रथममात्मा निर्मलीकर्त्तव्यः, आत्मनश्च निर्मलीकरणार्थमात्मनि समताऽऽधेया ॥४॥

अवतरणिका - साम्येन नैर्मल्ये जाते आत्मनि परमात्मा प्रतिभासते इति दर्शितम् । अधुना समतासम्पादनोपायं दर्शयति -

---

શી રીતે દૂર થાય ?' તેથી ગ્રન્થકારશ્રી ઉત્તરાર્દ્ધથી જવાબ આપે છે - સમતાથી આત્માની મલિનતા દૂર થાય છે. સમતા એટલે સમભાવ. જે બધા જીવોને પોતાના આત્માની સમાન જુવે છે તે સમ છે, અથવા, ઈષ્ટ અને અનિષ્ટ બધા પુદ્ગલો વિષે અને બધા પ્રસંગો વિષે જેનું માનસિક વલણ સમાન હોય તે સમ છે. સમતાથી આત્મા નિર્મળ થાય છે. આત્મા નિર્મળ થાય એટલે આત્મામાં પરમાત્માનું જ્ઞાન થાય છે. આત્મા ઉપરથી કર્મનો મેલ દૂર થાય એટલે આત્મા નિર્મળ થાય છે. સમ વ્યક્તિ રાગદ્વેષની મંદતારૂપ સમતા વડે કર્મોના આંશિક નાશરૂપ નિર્મળતાને પામે છે. આત્મા નિર્મળ થાય એટલે આત્મામાં પરમાત્માનું જ્ઞાન થાય છે. આમ સમતાથી નિર્મળતા થાય છે અને નિર્મળતાથી પરમાત્મતુલ્યતા જણાય છે. અહીં એ જણાવ્યું કે આત્મામાં પરમાત્માના જ્ઞાન માટે પહેલા આત્માને નિર્મળ કરવો અને આત્માને નિર્મળ કરવા આત્મામાં સમતા લાવવી. (૪)

અવતરણિકા - સમતાથી નિર્મળતા થાય એટલે આત્મામાં પરમાત્મા જણાય છે એમ બતાવ્યું. હવે સમતા પ્રાપ્ત કરવાનો ઉપાય બતાવે છે -

मूलम् - तत्त्वनन्तानुबन्ध्यादि-कषायविगमक्रमात् ।
आत्मनः [1]शुद्धिकृत्साम्यं, शुद्धं शुद्धतरं भवेत् ॥५॥

अन्वयः - आत्मनः शुद्धिकृत् तत् साम्यं तु अनन्तानुबन्ध्यादिकषायविगमक्रमात् शुद्धं शुद्धतरं भवेत् ॥५॥

पद्मीया वृत्तिः - आत्मनः-कर्ममलिनस्य जीवस्य, **शुद्धिकृत्** - शुद्धिः मलापगमः, तां करोतीति शुद्धिकृत्, **तत्** - पूर्वश्लोकोपन्यस्तमाऽत्मनो निर्मलतासम्पादकम्, **साम्यं** - समभावः, **तु**-पुनः, **अनन्तानुबन्ध्यादिकषायविगमक्रमात्** - अनन्तं संसारमनुबध्नन्तीति अनन्तानुबन्धिनः, ते आदौ येषामप्रत्याख्यानावरण-प्रत्याख्यानावरण - सञ्ज्वलनानामिति अनन्तानुबन्ध्यादयः, उपलक्षणात् नोकषाया अपि ग्रहीतव्याः, ते च ते कषायाश्चेति अनन्तानुबन्ध्यादिकषायाः, कष्यन्ते - दुःखीक्रियन्ते प्राणिनोऽस्मिन्निति कषः-संसारः, आयः-लाभः, यैः कषस्याऽऽयो भवति ते कषायाः क्रोध-मान-माया-लोभरूपाः, ते प्रत्येकमनन्तानुबन्ध्यादिभेदाच्चतुर्विधाः, अनन्तानुबन्ध्यादिकषायाणां विगमः-उपशमः क्षयोपशमः क्षयो वेति अनन्तानुबन्ध्यादिकषायविगमः, तस्य क्रमः कर्मग्रन्थादिषु प्रसिद्धा परिपाटिर्व्यापारो वेति अनन्तानुबन्ध्यादिकषायविगमक्रमः, तस्मात्, **शुद्धं**-मलरहितं,

शब्दार्थ - આત્માની શુદ્ધિ કરનારું તે સામ્ય અનંતાનુબંધી વગેરે કષાયો દૂર થવાના ક્રમથી વધુ ને વધુ શુદ્ધ થાય છે. (૫)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - જેમાં પ્રાણિઓ દુઃખી કરાય છે તે કષ એટલે સંસાર. આય એટલે લાભ. જેનાથી સંસારનો લાભ થાય તે કષાય. તે ક્રોધ, માન, માયા, લોભ એમ ચાર પ્રકારના છે. વળી તે દરેક અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એમ ચાર પ્રકારના છે. ઉપલક્ષણથી નોકષાયો પણ લઈ લેવા. કષાયોનો વિગમ એટલે કષાયોનો ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષય. ક્રમ એટલે અનુક્રમ અથવા વ્યાપાર. કષાયોનો વિગમ જે ક્રમથી થાય છે તે કર્મગ્રન્થ વગેરેમાં ઉપશમશ્રેણિ-ક્ષપકશ્રેણિ વગેરે સ્વરૂપે બતાવ્યો છે. કષાયોના વિગમના ક્રમથી આત્માની શુદ્ધિ કરનારું સામ્ય વધુ ને વધુ શુદ્ધ થાય છે. જેમ જેમ આત્મા ઉપરથી કષાયો દૂર થાય છે તેમ તેમ આત્મામાં વધુ ને વધુ

१. शुद्धकृत् - AI

शुद्धतरं-अतिशयेन शुद्धं, **भवेत्**-स्यात् ।

कषायविगमक्रमश्चायं-प्रथमतोऽनन्तानुबन्धिकषायापगमः, ततोऽप्रत्याख्यानावरणप्रत्याख्यानावरणकषायापगमः, ततः नपुंसकवेदापगमः, ततः स्त्रीवेदापगमः, ततो हास्य-रति-अरति-शोक-भय-जुगुप्सापगमः, ततः पुरुषवेदापगमः, ततः सञ्ज्वलनकषायापगमः । कषायविगमस्यायं क्रमः पुरुषवेदोदयेन क्षपकश्रेणिमारुढस्य ज्ञेयः । अन्यवेदोदयेन क्षपकश्रेणिमारुढस्य कषायविगमक्रमोऽन्यथा भवति । कषायाणामुपशमस्य क्षयोपशमस्य च क्रमोऽप्यन्यथा भवति । ग्रन्थविस्तरभयात्स नाऽत्र दर्श्यते । तज्जिज्ञासुभिः कर्मग्रन्थादिशास्त्रेभ्यः स ज्ञेयः ।

साम्यस्य प्रतिपन्थिनः कषायाः । अत्र अनन्तानुबन्ध्यादिकषायग्रहणेन चारित्रमोहनीयं कर्म गृहीतम् । तदुपलक्षणाद्दर्शनमोहनीयं कर्मापि गृह्यते । तत इदं कथितं भवति - साम्यस्य प्रतिपन्थि मोहनीयं कर्म । ततो यावदात्मनि मोहनीयकर्मणः प्राबल्यं तावन्न साम्यं प्रादुर्भवति । यथा यथा हि मोहनीयकर्मणो नैर्बल्यं जायते तथा तथाऽऽत्मनि

સમતાનો વિકાસ થાય છે.

કષાયોના વિગમનો ક્રમ આ પ્રમાણે છે - સૌથી પહેલા અનન્તાનુબન્ધી કષાયો દૂર થાય, પછી અપ્રત્યાખ્યાનાવરણ કષાયો અને પ્રત્યાખ્યાનાવરણ કષાયો દૂર થાય, પછી નપુંસકવેદ દૂર થાય, પછી સ્ત્રીવેદ દૂર થાય, પછી હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા દૂર થાય, પછી પુરુષવેદ દૂર થાય, પછી સંજ્વલન કષાયો દૂર થાય. પુરુષવેદના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને કષાયોનો વિગમ આ ક્રમે થાય છે. અન્યવેદના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને કષાયોના વિગમનો ક્રમ અન્ય રીતે હોય છે. કર્મના ઉપશમ અને ક્ષયોપશમનો ક્રમ પણ જુદો છે. ગ્રન્થનો વિસ્તાર થવાના ભયથી અહીં તે બતાવ્યો નથી. તે જાણવાની ઇચ્છાવાળાઓએ કર્મગ્રન્થ વગેરે શાસ્ત્રોમાંથી તે જાણી લેવો.

કષાયો સમતાના વિરોધી છે. અહીં કષાયના ગ્રહણથી ચારિત્રમોહનીય કર્મ લીધું છે. તેના ઉપલક્ષણથી દર્શનમોહનીય કર્મ પણ લઈ લેવું. તેથી કહેવાનો ભાવ આવો છે - સમતાનું વિરોધી મોહનીય કર્મ છે. તેથી જ્યાં સુધી આત્મામાં મોહનીય-કર્મની પ્રબળતા છે ત્યાં સુધી સમતા પ્રગટ થતી નથી. જેમ જેમ મોહનીયકર્મ નિર્બળ થાય છે તેમ તેમ આત્મામાં સમતા પ્રગટ થાય છે. જેમ જેમ મોહનીયકર્મ

साम्यं प्रादुर्भवति । यथा यथा मोहनीयकर्म निर्बलीभवति तथा तथाऽऽत्मा सम्यक्त्वं देशविरतिं सर्वविरतिमुपशमश्रेणिं क्षपकश्रेणिञ्च प्राप्नोति । एवमात्मनः साम्यं विशुद्धं विशुद्धतरं विशुद्धतमञ्च जायते । यथा यथा साम्यं विशुध्यति तथा तथा आत्माऽपि निर्मलीभवति ।

मोहनीयं कर्म कर्मणां राजा कीर्त्यते । तस्मिन् हते शेषकर्माण्यवश्यं नश्यन्ति । उक्तञ्च **प्रशमरतौ - 'मस्तकसूचिविनाशात्तालस्य, यथा ध्रुवो भवति नाशः । तद्वत्कर्मविनाशो हि, मोहनीयक्षये नित्यम् ॥२६६॥'** ततो मोहनीयकर्मछेदनार्थं यतितव्यम् ।

अयमत्र तात्पर्यार्थः - आत्मनि परमात्मानं ज्ञातुमात्मा निर्मलीकर्त्तव्यः, साम्येनाऽऽत्मा निर्मलीभवति, साम्यसम्पादनार्थं मोहनीयकर्मणो विगमः कर्त्तव्यः ॥५॥

अवतरणिका - साम्यं कथं शुध्यति ? इति दर्शितम् । अधुना साम्यशुद्धिक्रमेण परमात्मनः प्रादुर्भावं दर्शयति -

---

નબળુ પડે છે તેમ તેમ આત્મા સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ પામે છે. આમ આત્માની સમતા વિશુદ્ધ, વધુ વિશુદ્ધ અને અતિશય વિશુદ્ધ થાય છે. જેમ જેમ સમતાની વિશુદ્ધિ થાય છે તેમ તેમ આત્મા પણ નિર્મળ થાય છે.

મોહનીય કર્મ એ કર્મોનો રાજા કહેવાય છે. તે હણાયે છતે શેષકર્મો અવશ્ય નાશ પામે છે. **પ્રશમરતિ**માં કહ્યું છે, 'જેમ માથાની સોયનો વિનાશ થવાથી તાડવૃક્ષનો અવશ્ય નાશ થાય છે, તેમ મોહનીયકર્મનો ક્ષય થવા પર સર્વકર્મોનો વિનાશ અવશ્ય થાય છે.' માટે મોહનીયકર્મનો વિનાશ કરવા પ્રયત્ન કરવો.

અહીં તાત્પર્યાર્થ આ પ્રમાણે છે - આત્મામાં પરમાત્માનું જ્ઞાન કરવા માટે આત્માને નિર્મળ કરવો જોઈએ. સમતાથી આત્મા નિર્મળ થાય છે. સમતાને લાવવા મોહનીયકર્મનો વિનાશ કરવો જોઈએ. (૫)

અવતરણિકા - સમતા શી રીતે શુદ્ધ થાય ? એ બતાવ્યું. હવે સમતાની શુદ્ધિના ક્રમથી પરમાત્મા પ્રગટ થાય છે એ બતાવે છે -

मूलम् - साम्यशुद्धिक्रमेणैव, [१]स विशुध्यत आत्मनः ।
सम्यक्त्वादिगुणेषु स्यात्, स्फुटः स्फुटतरः प्रभुः ॥६॥

अन्वयः - साम्यशुद्धिक्रमेणैव सम्यक्त्वादिगुणेषु विशुध्यत आत्मनः स प्रभुः स्फुटः स्फुटतरः स्यात् ॥६॥

पद्मीया वृत्तिः - साम्यशुद्धिक्रमेण - साम्यं-प्राक्प्रदर्शितशब्दार्थं, शुद्धिः-प्रागुक्तार्था, साम्यस्य शुद्धिरिति साम्यशुद्धिः, तस्याः क्रमः-मोहनीयकर्मविगमक्रमफलरूपा परिपाटि-र्व्यापारो वेति साम्यशुद्धिक्रमः, तेन, **एव**शब्दः साम्यविशुद्धिक्रमं विनाऽऽत्मविशुद्धि-क्रमस्याऽसम्भवं द्योतयति, **सम्यक्त्वादिगुणेषु** - सम्यक्त्वं-जिनोक्ततत्त्वेषु श्रद्धानरूपमादौ येषां देशविरतत्व-सर्वविरतत्व-उपशमकत्व-क्षपकत्व-उपशान्तकषायत्व-क्षीणकषायत्व-वीतरागत्वादीनामिति सम्यक्त्वादयः, ते च ते गुणाश्चेति सम्यक्त्वादिगुणाः, तेषु, तृतीयार्थे सप्तमी ज्ञेया, ततोऽयमर्थः सम्यक्त्वादिगुणैः, **विशुध्यतः** - विशुद्धिं प्राप्नुवतः, **आत्मनः** - संसारिणो जीवात्, **सः** - पूर्वोक्तः, **प्रभुः** - परमात्मा, **स्फुटः** - प्रकटः, **स्फुटतरः** - अधिकः प्रकटः, **स्यात्** - भवति ।

पूर्वस्मिन्वृत्ते इदमुक्तं-मोहनीयकर्मविगमक्रमेणात्मनः साम्यं विशुद्धं भवति । अस्मिन्वृत्ते इदं कथयति-साम्यविशुद्धिक्रमेणाऽऽत्मनो विशुद्धिर्भवति । यथा यथा साम्यं विशुध्यति

शब्दार्थ - સમતાની શુદ્ધિના ક્રમથી જ સમ્યક્ત્વ વગેરે ગુણોમાં વિશુદ્ધ થતા આત્મામાંથી તે પરમાત્મા વધુ ને વધુ સ્પષ્ટ થાય છે. (૬)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - સમતાની વિશુદ્ધિના ક્રમથી જ આત્માની ક્રમશઃ વિશુદ્ધિ થાય છે, બીજી રીતે નહીં. સમતાની વિશુદ્ધિનો ક્રમ એટલે મોહનીય કર્મના વિનાશના ક્રમના ફળરૂપ અનુક્રમ અથવા વ્યાપાર. સમતાની વિશુદ્ધિથી આત્માના ગુણોની વિશુદ્ધિ થાય છે. તે ગુણો આ પ્રમાણે છે - સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, ઉપશમકપણું, ક્ષપકપણું, ઉપશાંતકષાયપણું, ક્ષીણકષાયપણું, વીતરાગપણું વગેરે. આત્માના ગુણોની વિશુદ્ધિ થતા આત્મામાંથી તે પરમાત્માનું પ્રત્યક્ષ વધુ ને વધુ સ્પષ્ટ થાય છે.

પૂર્વેના શ્લોકમાં એમ કહ્યું હતું કે મોહનીયકર્મના વિગમના ક્રમથી આત્માની સમતા વિશુદ્ધ થાય છે. આ શ્લોકમાં એમ કહે છે કે સમતાની વિશુદ્ધિના ક્રમથી

१. सुविशुध्यत - A, FI

तथा तथा आत्मनो विशुद्धिः भवति । आत्मनो विशुद्धिः सम्यक्त्वादिगुणैर्भवति । इदमुक्तं भवति - यथा यथा साम्यं विशुध्यति तथा तथाऽऽत्मा सम्यक्त्वादिगुणान्प्राप्नोति । ततः साम्यविशुद्धिक्रमेणाऽऽत्मोत्तरोत्तरगुणप्राप्तिरूपां विशुद्धिमासादयति । **यथा यथाऽऽत्मनि गुणानां प्रादुर्भावो भवति तथा तथाऽऽत्मनि विद्यमानस्य परमात्मन आविर्भावो भवति ।**

अयमत्रोपनिषद्भूतोऽर्थः-गुणप्राप्तिरेव परमात्मप्रादुर्भूतिः । यावन्तो गुणा आत्मनि प्रकटीभवन्ति तावान्परमात्मा तत्राऽऽविर्भवति । आत्मनि सर्वगुणेषु प्रकटीभूतेषु स परमात्मदशां व्रजति । अशुद्धसुवर्णस्य तापनेन मलो दूरीभवति शुद्धं च सुवर्णं प्रकटीभवति । एवं कर्ममलिनात्मनः साम्येन कर्माणि दूरीभवन्ति परमात्मा च प्रादुर्भवति ॥६॥

अवतरणिका - साम्यशुद्धिक्रमेण परमात्मा स्फुटो भवतीति दर्शितम् । अधुना कदा परमात्मा सर्वथा प्रकटीभवति ? इत्येतद्दर्शयति -

मूलम् - सर्वमोहक्षयात्साम्ये, सर्वशुद्धे [1]सयोगिनि ।
सर्वशुद्धात्मनस्त्वेष, प्रभुः सर्वस्फुटीभवेत् ॥७॥

આત્માની વિશુદ્ધિ થાય છે. જેમ જેમ સમતાની વિશુદ્ધિ થાય છે તેમ તેમ આત્માની વિશુદ્ધિ થાય છે. આત્માની વિશુદ્ધિ સમ્યક્ત્વ વગેરે ગુણો વડે થાય છે. એટલે કે જેમ જેમ સમતાની વિશુદ્ધિ થાય છે તેમ તેમ આત્મા સમ્યક્ત્વાદિ ગુણોને પામે છે. તેથી સમતાની વિશુદ્ધિના ક્રમથી આત્મા ઉત્તરોત્તર ગુણોની પ્રાપ્તિરૂપ વિશુદ્ધિને પામે છે. **જેમ જેમ આત્મામાં ગુણો પ્રગટ થાય છે તેમ તેમ આત્મામાં રહેલ પરમાત્મા પ્રગટ થાય છે.**

અહીં રહસ્યાર્થ આ પ્રમાણે છે - ગુણોની પ્રાપ્તિ એ જ પરમાત્માનું પ્રાગટ્ય છે. જેટલા અંશે આત્મામાં ગુણો પ્રગટે છે તેટલા અંશે તેમાં પરમાત્મા પ્રગટે છે. આત્મામાં બધા ગુણો પ્રગટ થતા આત્મા પરમાત્મદશાને પામે છે. અશુદ્ધ સુવર્ણને તપાવવાથી મેલ દૂર થાય છે અને શુદ્ધ સુવર્ણ પ્રગટ થાય છે. એમ કર્મથી મલિન આત્મામાંથી સામ્ય દ્વારા કર્મો દૂર થાય છે અને પરમાત્મા પ્રગટ થાય છે. (૬)

અવતરણિકા - સામ્યની શુદ્ધિ વડે પરમાત્મા પ્રગટ થાય છે એ બતાવ્યું. હવે ક્યારે પરમાત્મા સંપૂર્ણ રીતે પ્રગટ થાય છે ? એ બતાવે છે -

શબ્દાર્થ - બધા મોહનો ક્ષય થવાથી સમતા સંપૂર્ણ રીતે શુદ્ધ થયે છતે સયોગી

१. सुयोगिनि - D, सयोगिनः - MI

अन्वयः - सर्वमोहक्षयात् साम्ये सर्वशुद्धे (सञ्जाते सति) सयोगिनि सर्वशुद्धात्मनस्त्वेष प्रभुः सर्वस्फुटीभवेत् ।

पद्मीया वृत्तिः - सर्वमोहक्षयात् - सर्वः - अशेषभेदप्रभेदसहितः, मोहः-मोहनीय-कर्म, सर्वश्चासौ मोहश्चेति सर्वमोहः, क्षयः - नाश आत्मतः सत्तोच्छेदरूपो न तु विनाश-रूपः, वस्तुनः सर्वथा विनाशस्याऽसम्भवात्, वस्तुन एकस्या अवस्थाया अवस्थान्तर-प्राप्तिर्नाश इति व्यवह्रियते । मोहनीयकर्मणोऽपि सर्वथा नाशोऽशक्यः । आत्मनः पृथक्कृत्य कार्मणवर्गणापुद्गलत्वेन तस्य स्थापनं तु शक्यम्, इदमेव तस्य नाश इति व्यवह्रियते । सर्वमोहस्य क्षय इति सर्वमोहक्षयः, यद्वा मोहस्य क्षय इति मोहक्षयः, सर्वः - सर्वथा चासौ मोहक्षयश्चेति सर्वमोहक्षयः, तस्मात्, **साम्ये** - प्रागुक्तार्थे, **सर्वशुद्धे** - सर्वैः प्रकारैः शुद्धः-निर्मल इति सर्वशुद्धः, तस्मिन्, **सञ्जाते सती**त्यत्राध्याहार्यम्, **सयोगिनि** - योगाः-मनोवाक्कायरूपाः, सह योगैर्वर्त्तते इति सयोगी, तस्मिन्निति सयोगिनि सयोगिकेव-ल्यवस्थायामित्यर्थः, **सर्वशुद्धात्मनः** - सर्वथा शुद्धः-घातिकर्मरहित आत्मा-स्वरूपं यस्य स सर्वशुद्धात्मा, तस्मात्, **तु** - पुनः, **एषः** - बुद्धौ साक्षात् प्रतिभासमानः, **प्रभुः** - परमात्मा, **सर्वस्फुटीभवेत्** - स्फुटः-प्रकटः, सर्वथा स्फुट इति सर्वस्फुटः, न सर्वस्फुट इति असर्वस्फुटः, असर्वस्फुटः सर्वस्फुटो भवेत्स्यादिति सर्वस्फुटीभवेत् ।

કેવલી અવસ્થામાં સર્વથા શુદ્ધ થયેલા આત્મામાંથી આ પરમાત્મા સર્વથા પ્રગટ થાય છે. (૭)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - મોહનીયકર્મનો સંપૂર્ણ ક્ષય એટલે આત્મા ઉપરથી તેની સત્તાનો નાશ, નહીં કે મોહનીયકર્મનો નાશ, કેમકે કોઈ પણ વસ્તુનો સર્વથા નાશ શક્ય નથી. વસ્તુઓનું જે એકસ્વરૂપમાંથી અન્ય સ્વરૂપમાં રૂપાન્તર થાય છે તેને આપણે વ્યાવહારિક ભાષામાં નાશ કે ક્ષય કહીએ છીએ. મોહનીયકર્મનો પણ સર્વથા નાશ શક્ય નથી. પણ આત્મા ઉપરથી તેને છૂટું કરી કાર્મણ વર્ગણાના પુદ્ગલોરૂપે ફેરવવું શક્ય છે. આને જ મોહનીયકર્મનો ક્ષય કહેવાય છે. મોહનીયકર્મનો સર્વથા ક્ષય થાય એટલે સામ્ય શુદ્ધ થાય છે. સામ્ય શુદ્ધ થવા પર આત્મા ઉપરથી ઘાતીકર્મનો મેલ દૂર થાય છે અને આત્મા સર્વથા શુદ્ધ થાય છે. આ અવસ્થા સયોગીકેવલી ભગવંતોની છે. તે સયોગી કેવલી અવસ્થામાં સર્વથા શુદ્ધ થયેલા આત્મામાંથી પરમાત્મા સંપૂર્ણ રીતે પ્રગટ થાય છે.

यस्य तारतम्येन यस्य तारतम्यं भवति तस्य प्रकर्षेण तस्य प्रकर्षोऽपि भवति । मोहनीयकर्मणः क्षयस्य तारतम्येन साम्यशुद्धेस्तारतम्यं भवति । ततो मोहनीये सर्वथा क्षीणे प्रकृष्टा साम्यशुद्धिर्भवति । साम्यशुद्धेस्तारतम्येन आत्मविशुद्धेरपि तारतम्यं भवति । ततो यदा साम्यशुद्धिः परमप्रकर्षप्राप्ता भवति तदाऽऽत्मविशुद्धिरपि प्रकृष्टा भवति । आत्मविशुद्धेस्तारतम्येन परमात्मप्रादुर्भावस्य तारतम्यं भवति । ततो आत्मनि सर्वथा विशुद्धे तत्र परमात्मन आविर्भावोऽपि सम्पूर्णतया भवति । अयं च परमात्मप्रादुर्भावः सयोगिकेवलिनामत्रयोदशगुणस्थानके भवति । तत्र घातिकर्माणि सर्वथा क्षीणानि सन्ति । ततो मेघपटलावरणनिर्मुक्तः सूर्यो यथा सर्वथा प्रकटीभवति तथा तत्र घातिकर्ममेघावरण-विमुक्तः परमात्मसूर्यः सर्वथा प्रकटीभवति । यदुक्तं **योगशास्त्रे चतुर्थे प्रकाशे - 'रागादिध्वान्तविध्वंसे, कृते सामायिकांशुना । स्वस्मिन् स्वरूपं पश्यन्ति, योगिनः परमात्मनः ॥५३॥'** अनेन वृत्तेन फलस्वरूपः परमात्मप्रादुर्भावो दर्शितः । पूर्ववृत्तैः परमात्मप्रादुर्भावमार्गः प्रदर्शितः ॥७॥

જેની તરતમતાથી જેની તરતમતા થાય છે તેના પ્રકર્ષથી તેનો પ્રકર્ષ પણ થાય છે. મોહનીયકર્મના ક્ષયની તરતમતાથી સમતાની શુદ્ધિની તરતમતા થાય છે. તેથી મોહનીયકર્મનો સર્વથા ક્ષય થયે છતે સમતાની પ્રકૃષ્ટ શુદ્ધિ થાય છે. સમતાશુદ્ધિની તરતમતાથી આત્મવિશુદ્ધિની પણ તરતમતા થાય છે. તેથી જ્યારે પ્રકૃષ્ટ સમતાશુદ્ધિ થાય છે ત્યારે પ્રકૃષ્ટ આત્મવિશુદ્ધિ પણ થાય છે. આત્મવિશુદ્ધિની તરતમતાથી પરમાત્મપ્રાગટ્યની તરતમતા થાય છે. તેથી આત્મા સર્વથા વિશુદ્ધ થયે છતે તેમાં પરમાત્માનું પ્રાગટ્ય પણ સંપૂર્ણ રીતે થાય છે. આ પરમાત્માનું પ્રાગટ્ય સયોગી કેવલી નામના તેરમા ગુણસ્થાનકે થાય છે. ત્યાં ઘાતી કર્મોનો સર્વથા ક્ષય થયો છે. તેથી જેમ વાદળના આવરણમાંથી બહાર આવેલ સૂર્ય સંપૂર્ણ રીતે પ્રગટ થાય છે તેમ તેરમા ગુણઠાણે ઘાતીકર્મોરૂપી વાદળના આવરણમાંથી મુક્ત થયેલ પરમાત્મારૂપી સૂર્ય સર્વથા પ્રગટ થાય છે. **યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં** કહ્યું છે - 'સમતારૂપી કિરણ વડે રાગાદિના અંધારાનો નાશ કરાયે છતે યોગીઓ પોતામાં પરમાત્માનું સ્વરૂપ જુવે છે. (૫૩)' આ શ્લોકમાં પરમાત્માના પ્રાગટ્યરૂપ ફળ બતાવ્યું છે. પૂર્વશ્લોકોમાં પરમાત્માના પ્રાગટ્યનો માર્ગ બતાવ્યો હતો. (૭)

अवतरणिका - शुद्धात्मनः परमात्मा सर्वथा प्रकटीभवतीति दर्शितम् । अधुना आत्मा कथं शुद्धो भवति ? इति दर्शयति -

मूलम् - कषाया अपसर्पन्ति, यावत्क्षान्त्यादिताडिताः ।
तावदात्मैव शुद्धोऽयं, भजते परमात्मताम् ॥८॥

अन्वयः - यावत् क्षान्त्यादिताडिताः कषाया अपसर्प्पन्ति तावदयं शुद्ध आत्मैव परमात्मतां भजते ॥८॥

पद्मीया वृत्तिः - यावत् - यावत्प्रमाणम्, **क्षान्त्यादिताडिताः** - क्षान्तिः क्रोधाभावः, सा आदौ येषां नम्रता - सरलता - सन्तोषादीनामिति क्षान्त्यादयः, तैस्ताडिताः - निर्णाशिता इति क्षान्त्यादिताडिताः, **कषायाः** - प्रागुक्तशब्दार्थाः, **अपसर्प्पन्ति** - आत्मनः दूरीभवन्ति, **तावत्** - तावत्प्रमाणम्, **अयं** - स्वसंवेदनप्रत्यक्षसिद्धः, **शुद्धः** - पवित्रीभूतः, **आत्मा** - संसारीजीवः, **एव**शब्द आत्मातिरिक्तो न कश्चिदपि परमात्मतां भजते इति द्योतयति, **परमात्मतां** - परमात्मनो भाव इति परमात्मता, तां, **भजते** - प्राप्नोति ।

आत्मा यैः कषायैः पीड्यते तत्प्रतिपक्षिभिर्गुणैस्ते कषाया हन्तव्याः । कषायाः कथं हन्तव्या इति ग्रन्थकार एव स्वयमग्रे एकादशे वृत्ते वक्ष्यति । दण्डादिभिस्ताडितश्चौरः सर्प्पः श्वाऽन्यो वा तस्मात्स्थानात्शीघ्रमपगच्छति । एवं क्षमादिभिस्ताडिताः कषाया

અવતરણિકા - 'શુદ્ધ આત્મામાંથી પરમાત્મા સર્વથા પ્રગટ થાય છે' એ બતાવ્યું. હવે આત્મા શી રીતે શુદ્ધ થાય છે ? એ બતાવે છે -

શબ્દાર્થ - જેટલા પ્રમાણમાં ક્ષમા વગેરેથી હણાયેલા કષાયો દૂર થાય છે તેટલા પ્રમાણમાં આ શુદ્ધ આત્મા જ પરમાત્મપણાને પામે છે. (૮)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - પ્રતિકૂળતાને સહન કરવી એનું નામ ક્ષમા. ક્ષમા એટલે ક્રોધનો અભાવ. જેટલા પ્રમાણમાં ક્ષમા, નમ્રતા, સરળતા, સન્તોષ વગેરેથી હણાયેલા કષાયો દૂર થાય છે તેટલા પ્રમાણમાં પવિત્ર થયેલો આ સંસારી જીવ પરમાત્માપણાને પામે છે.

આત્મા જે કષાયો વડે પીડાય છે તેના પ્રતિપક્ષી ગુણો વડે તે કષાયોને હણવા. કષાયોને શી રીતે હણવા ? એ ગ્રન્થકારશ્રી સ્વયં આગળ અગિયારમા શ્લોકમાં કહેશે. દંડ વગેરેથી મરાયેલ ચોર, સાપ, કૂતરો કે બીજો કોઈ તે સ્થાનમાંથી

आत्मतः शीघ्रमपगच्छन्ति । कषायाऽपगमेनाऽऽत्मा स्वात्मलाभरूपां शुद्धिमासादयति । ततश्च स एव स्वयं परमात्मस्वरूपो भवति । यथा यथा कषायाऽपगमो भवति तथा तथा विशुद्धिद्वारेणाऽऽत्मा परमात्मस्वरूपो भवति । वैरिणामपगमे जनैः स्वतन्त्रता प्राप्यते । एवं कषायरिपूणामपगमे आत्मना स्वतन्त्रतारूपा परमात्मताऽवाप्यते । अनेन वृत्तेनेदमपि सूचितम् - आत्मैव परमात्मा भवतीति । अनेन 'परमात्माऽनादिसिद्ध एव भवति, न कोऽपि संसारिजीवः परमात्मत्वं प्रासुं शक्नोती'ति परमतमपास्तम्, यतो न कश्चिदनादिसिद्धः परमात्मा समस्ति । सर्वेऽपि परमात्मानः पूर्वावस्थायां संसार्यात्मान एवाऽऽसन् । साधनां कृत्वा तैः स्वात्मनि वर्त्तमानं परमात्मत्वं प्रादुर्भावितं, ततश्च ते परमात्मानः सञ्जाताः । इत्थमन्येऽपि जीवाः परमात्मत्वं प्रासुं शक्नुवन्ति । जगति जीवाः पदप्राप्त्यर्थं यतन्ते । पदप्राप्त्यनन्तरमपि ते उत्तरोत्तरपदं प्रासुं सततं प्रयत्नशीला भवन्ति । तेषां पदस्य लिप्सा न हीयते नाऽपि पूर्यते । ततो यावज्जीवं ते पदप्राप्त्यर्थं क्लिश्यन्ते, न च सुखलवमप्यनु-

---

જલ્દીથી ભાગી જાય છે. એમ ક્ષમા વગેરેથી હણાયેલા કષાયો આત્મામાંથી જલ્દીથી ભાગે છે. કષાયો દૂર થવાથી આત્મા પોતાના સ્વરૂપની પ્રાપ્તિરૂપી શુદ્ધિને પામે છે. જેમ જેમ કષાયો દૂર થાય છે તેમ તેમ વિશુદ્ધ થવા દ્વારા આત્મા પરમાત્માસ્વરૂપ બને છે. દુશ્મનો દૂર થાય એટલે લોકો સ્વતન્ત્રતા પામે છે. એમ કષાયોરૂપી દુશ્મનો દૂર થાય એટલે આત્મા સ્વતન્ત્રતારૂપ પરમાત્માપણાને પામે છે. આ શ્લોકથી આ પણ સૂચિત કર્યું કે - આત્મા જ પરમાત્મા બને છે. આનાથી 'પરમાત્મા અનાદિસિદ્ધ છે, એટલે કે અનાદિકાળથી તેવા સ્વરૂપમાં રહેલ જ છે, કોઈ સંસારી જીવ પરમાત્માપણાને પામી શકતો નથી' એવી અન્યદર્શનવાળાઓની માન્યતાનું ખંડન કર્યું, કેમકે કોઈ અનાદિસિદ્ધ પરમાત્મા નથી. બધા ય પરમાત્માઓ પૂર્વ અવસ્થામાં સંસારી આત્માઓ જ હતા. સાધના કરીને તેમણે પોતાના આત્મામાં રહેલ પરમાત્માપણાને પ્રગટ કર્યું. તેથી તેઓ પરમાત્મા બન્યા. આ રીતે બીજા જીવો પણ પરમાત્માપણાને પામી શકે છે. જગતમાં જીવો પદવી પામવા યત્ન કરે છે. પદવી મળ્યા પછી પણ તેઓ ઉત્તરોત્તર પદવી પામવા સતત પ્રયત્નશીલ હોય છે. તેમની પદવી પામવાની લાલસા ઓછી થતી નથી અને પૂરાતી પણ નથી. તેથી જીવનભર તેઓ પદવી પામવા કષ્ટો અનુભવે છે અને જરા ય સુખને અનુભવતાં નથી. પરમાત્માપણું એ સૌથી ચઢિયાતું પદ છે. તે મળ્યા પછી બીજા કોઈ પદ

भवन्ति । परमात्मत्वं तु सर्वश्रेष्ठं पदम् । तत्प्राप्त्यनन्तरमन्यपदलिप्सा न जायते साद्यनन्तं च कालं यावत्सुखमनुभूयते । ततोऽन्यपदप्राप्तियत्नं परित्यज्य परमात्मत्वप्राप्त्यर्थमेव यतनीयम् ॥८॥

अवतरणिका - आत्मा कथं परमात्मत्वं भजते ? इति दर्शितम् । अधुना स कथं तत् त्यजति इति दर्शयति -

मूलम् - उपसर्पन्ति ते यावत्-प्रबलीभूय देहिषु ।
स तावन्मलिनीभूतो, जहाति परमात्मताम् ॥९॥

अन्वयः - यावत् ते प्रबलीभूय देहिषु उपसर्पन्ति तावत् मलिनीभूतः स परमात्मतां जहाति ॥९॥

पद्यीया वृत्तिः - **यावत्** - यावत्प्रमाणम्, **ते**-कषायाः, **प्रबलीभूय** - प्रकृष्टम्-आत्मनां पातने समर्थं बलं - प्रभावो येषां ते प्रबलाः, न प्रबला इति अप्रबलाः, अप्रबलाः प्रबला भूत्वेति प्रबलीभूय-जीवपातसमर्थप्रभाववन्तो भूत्वा, **देहिषु** - आत्मसु, **उपसर्पन्ति** - प्रविश्य निश्चला भवन्ति, **तावत्** - तावत्प्रमाणम्, **मलिनीभूतः** - मलिनः-दोषैः कलङ्कितः, न मलिन इति अमलिनः, अमलिनो मलिनो भूत इति मलिनीभूतः - दोषैः कलुषीभूतः, **सः** - आत्मा, **परमात्मतां** - परमात्मस्वरूपं, **जहाति** - त्यजति ।

પામવાની ઇચ્છા થતી નથી અને સાદિ-અનંત કાળ સુધી સુખ અનુભવાય છે. તેથી બીજા પદ પામવાની મહેનત છોડી પરમાત્માપણાને પામવા માટે જ પ્રયત્ન કરવો. (૮)

અવતરણિકા - આત્મા શી રીતે પરમાત્મા બને છે ? એ બતાવ્યું. હવે આત્મા શી રીતે પરમાત્માપણાનો ત્યાગ કરે છે ? એ બતાવે છે -

શબ્દાર્થ - જેટલા પ્રમાણમાં તે કષાયો પ્રબળ થઈને જીવોમાં આવે છે તેટલા પ્રમાણમાં મલિન થયેલો તે આત્મા પરમાત્માપણાને ત્યજે છે. (૯)

પદ્યીયાવૃત્તિનો ભાવાનુવાદ - જેટલા પ્રમાણમાં કષાયો આત્માને પાડવા સમર્થ એવા પ્રભાવવાળા થઈને આત્મામાં પેસીને નિશ્ચલ થાય છે તેટલા પ્રમાણમાં મલિન થયેલો આત્મા પરમાત્માપણાનો ત્યાગ કરે છે.

यद्यात्मा क्षमादिभिः कषायान्न नाशयति प्रत्युत स्वस्मिंस्तेभ्यः स्थानं ददाति तर्हि ते कषाया बलवन्तो भवन्ति। ततश्च दृढतमाः सञ्जातास्ते आत्मनो न निर्गच्छन्ति। ते आत्मानं दोषैर्मलीमसं कुर्वन्ति। ततश्चाऽऽत्मा स्वीयं शुद्धं स्वरूपं विस्मरति विभावदशामेव च स्वभावदशां मन्यते। ततः स न स्वीयं शुद्धस्वरूपं प्रासुं यतते। फलतः स स्वस्मिन्वर्त्तमानां परमात्मतां त्यजति। क्रोधः प्रीतिं नाशयति, मानः विनयं नाशयति, माया मैत्रीभावं नाशयति, लोभः सर्वं नाशयति। उक्तञ्च - **दशवैकालिकसूत्रेऽष्टमाध्ययने - 'कोहो पीइं पणासेइ, माणो विणयणासणो। माया मित्ताणि नासेइ, लोभो सव्वविणासणो ॥३८॥'** (**छाया** - क्रोधः प्रीतिं प्रणाशयति, मानो विनयनाशनः। माया मित्राणि नाशयति, लोभः सर्वविनाशनः ॥३८॥) आबाल्यादुरभ्राणां मध्ये वसन् सिंहो यथा स्वभावभूतं सिंहत्वं त्यजति विभावभूतं चोरभ्रत्वं स्वीकरोति तथा कषायैरभिभूत आत्मा स्वभावभूतां परमात्मतां त्यजति विभावभूतां च संसारितां प्राप्नोति। कषाया जीवस्य संसारवृक्षं सिञ्चन्ति वर्धयन्ति च। उक्तञ्च - **दशवैकालिकसूत्रेऽष्टमाध्ययने - 'कोहो अ माणो अ अणिग्गहिया, माया अ लोभो अ पवड्ढमाणा। चत्तारि**

જો આત્મા ક્ષમા વગેરે વડે કષાયોનો નાશ ન કરે, ઊલટું પોતાની અંદર તેમને સ્થાન આપે તો તે કષાયો બળવાન બની જાય છે. પછી ખૂબ દૃઢ થયેલા તેઓ આત્મામાંથી નીકળતાં નથી. તેઓ દોષો વડે આત્માને ખૂબ મલિન કરે છે. તેથી આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ ભૂલી જાય છે અને વિભાવદશાને જ સ્વભાવદશા માને છે. તેથી તે પોતાના શુદ્ધસ્વરૂપને પામવા પ્રયત્ન કરતો નથી. પરિણામે તે પોતાની અંદર રહેલા પરમાત્માપણાને ત્યજે છે. ક્રોધ પ્રેમનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મૈત્રીભાવનો નાશ કરે છે, લોભ બધાનો નાશ કરે છે. **દશવૈકાલિકસૂત્રના આઠમા અધ્યયનમાં ૩૮મી ગાથા**માં આ જ વાત કહી છે. જેમ બાળપણથી ઘેટાઓની વચ્ચે રહેનારો સિંહ પોતાના સ્વભાવરૂપ સિંહપણાને છોડે છે અને વિભાવરૂપ ઘેટાપણાને સ્વીકારે છે, તેમ કષાયોથી હારેલો આત્મા પોતાના સ્વભાવરૂપ પરમાત્મપણાને છોડે છે અને વિભાવરૂપ સંસારીપણાને સ્વીકારે છે. કષાયો જીવના સંસારવૃક્ષને સિંચે છે અને વધારે છે. **દશવૈકાલિકસૂત્રના આઠમા અધ્યયન**માં કહ્યું છે - 'નિયંત્રણ વિનાના ક્રોધ અને માન, અને વધતા એવા માયા અને લોભ - આ ચાર સંપૂર્ણ કે કાળા કષાયો સંસારના મૂળને સિંચે છે. (૪૦)'

एए कसिणा कसाया, सिञ्चन्ति मूलाइं पुणब्भवस्स ॥४०॥' (**छाया** - क्रोधश्च मानश्च अनिगृहीतौ, माया च लोभश्च प्रवर्द्धमानौ । चत्वार एते कृष्णाः कषायाः, सिञ्चन्ति मूलानि पुनर्भवस्य ॥४०॥) यथा यथा कषायाः प्रबला भवन्ति तथा तथा ते आत्मनो मालिन्याऽऽपादनेन तं परमात्मस्वरूपाच्च्यावयन्ति ।

अस्मिन्वृत्ते इदमुक्तं - कषायवशवर्त्ती आत्मा परमात्मतां त्यजतीति । तत कषाया एव परमार्थत आत्मनो वैरिणः । ततस्तैः सहैव युद्धं कर्त्तव्यम्, न तु बाह्यशत्रुभिः । कषायान्निर्जित्याऽऽत्मा परमात्मत्वं प्रापणीयः । बाह्यशत्रवस्त्वात्मनोऽपकारे निमित्तभूता एव । उक्तञ्च **उत्तराध्ययनसूत्रे नवमाध्ययने - 'अप्पाणमेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ । अप्पणामेव अप्पाणं, जइत्ता सुहमेहए ॥३५॥'** (**छाया** - आत्मनैव युध्यस्व, किं तव युद्धेन बाह्यतः । आत्मनैव आत्मानं, जित्वा सुखमेधते ॥३५॥)॥९॥

अवतरणिका - कषायप्राबल्येनाऽऽत्मा परमात्मतां त्यजतीति दर्शितम् । अतः कषायहननोपदेशं ददाति -

मूलम् - कषायास्तन्निहन्तव्या-स्तथा तत्सहचारिणः ।
नोकषायाः शिवद्वारा-र्गलीभूता मुमुक्षुभिः ॥१०॥

જેમ જેમ કષાયો પ્રબળ થાય છે તેમ તેમ તેઓ આત્માને મલિન કરીને તેનું પરમાત્માસ્વરૂપ દૂર કરે છે.

આ શ્લોકમાં એમ કહ્યું કે કષાયોનાં વશમાં રહેલ આત્મા પરમાત્મપણાને ત્યજે છે. તેથી વાસ્તવમાં કષાયો જ આત્માના દુશ્મન છે. તેથી તેમની સાથે જ યુદ્ધ કરવું, બાહ્યશત્રુઓ સાથે નહીં. કષાયોને જીતીને આત્માને પરમાત્મા બનાવવો. બાહ્યશત્રુઓ તો આત્માનો અપકાર કરવામાં માત્ર નિમિત્તરૂપ છે. **ઉત્તરાધ્યયનસૂત્રમાં નવમા અધ્યયનમાં** કહ્યું છે - 'પોતાની સાથે જ યુદ્ધ કર, બહારના યુદ્ધથી તને શું ફાયદો ? જીવ પોતાનાથી પોતાને જીતીને સુખ પામે છે. (૩૫)' (૯)

અવતરણિકા - કષાયો પ્રબળ થવાથી આત્મા પરમાત્મપણાને છોડી દે છે એમ બતાવ્યું. એટલે કષાયોને હણવાનો ઉપદેશ આપે છે -

अन्वयः - तत् मुमुक्षुभिः शिवद्वारार्गलीभूताः कषायास्तथा तत्सहचारिणो नोकषाया निहन्तव्याः ॥१०॥

पद्मीया वृत्तिः - **तत्** - तस्मात्, यतः कषायनिर्जित आत्मा परमात्मत्वं त्यजति तस्मात्कारणादित्यर्थः, **मुमुक्षुभिः** - मुक्तिं प्रासुमिच्छव इति मुमुक्षवः, तैः, **शिवद्वारार्गलीभूताः** - शिवः - मोक्षः, तस्य द्वारमिति शिवद्वारम्, अर्गला - परिघः, न अर्गला इति अनर्गलाः, अनर्गला अर्गला भूता इति अर्गलीभूताः, शिवद्वारस्याऽर्गलीभूता इति शिवद्वारार्गलीभूताः, मुक्तिप्राप्तौ विघ्नीभूता इत्यर्थः, **कषायाः** - पूर्वोक्तस्वरूपाः, **तथा**शब्दः - समुच्चये, **तत्सहचारिणः** - तैः - कषायैः सह - सार्द्धं चरितुं - विपाकादि दर्शयितुं शीलं येषां ते तत्सहचारिणः, **नोकषायाः** - नोशब्दोऽत्र देशनिषेधवचनो न साक्षात्कषायस्वरूपाः परन्तु तैः सह विपाकदर्शिनो हास्यादयो वक्ष्यमाणाः, **निहन्तव्याः** - निःशेषतया क्षपयितव्याः ।

कषायाश्चतुर्विधाः - क्रोधमानमायालोभरूपाः । ते प्रत्येकं चतुर्विधा अनन्तानुबन्ध्यप्रत्याख्यानावरणप्रत्याख्यानावरणसञ्ज्वलनभेदात् । इत्थं कषायाः षोडशविधाः । नोकषाया हास्यादयो नवविधाः । तेषां स्वरूपमग्रे दर्शयिष्यते । ते स्वयं न कषायरूपाः, परन्तु

शब्दार्थ - તેથી મુમુક્ષુઓએ મોક્ષના દરવાજાના આગડીયા સમાન કષાયો અને તેમના સહચારી નોકષાયોને હણવા. (૧૦)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - કષાયો મોક્ષના દરવાજાના આગડીયા સમાન છે, એટલે કે મુક્તિની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે. કષાયોથી જિતાયેલ આત્મા પરમાત્મપણાને ત્યજે છે. તેથી આત્માને કર્મના પાંજરામાંથી છોડાવવા ઇચ્છનારાઓએ કષાયો અને તેમના સહચારી નોકષાયોને હણવા. નોકષાયો કષાયોની સાથે ફળ આપવા વગેરેના સ્વભાવવાળા છે. તેથી તેઓ કષાયોના સહચારી કહેવાય છે. તેઓ સાક્ષાત્ કષાય સ્વરૂપ નથી, પણ તેઓ કષાયોની સાથે પોતાનું ફળ બતાવે છે.

કષાયો ચાર પ્રકારના છે - ક્રોધ, માન, માયા, લોભ. તે દરેક ચાર પ્રકારના છે - અનન્તાનુબન્ધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન. આમ કષાયો ૧૬ પ્રકારના છે. નોકષાયો હાસ્ય વગેરે નવ પ્રકારના છે. તેમનું સ્વરૂપ આગળ બતાવાશે. તેઓ સ્વયં કષાયરૂપ નથી, પરન્તુ કષાયોના પોષક છે.

कषायान्पुष्णन्तीति नोकषाया इत्युच्यन्ते। इत्थं पञ्चविंशतिविधं चारित्रमोहनीयं कर्म्म। तदात्मनः स्वरूपरमणतारूपस्य चारित्रगुणस्य प्रतिघातं करोति। चारित्रमोहनीयग्रहणेनाऽत्र दर्शनमोहनीयमपि ग्रहीतव्यम्। तत्त्रिविधं-मिथ्यात्वमोहनीयमिश्रमोहनीयसम्यक्त्वमोहनीय-भेदात्। तदात्मनः क्षायिकसम्यक्त्वगुणस्य प्रतिघातं करोति। इत्थं मोहनीयकर्माऽऽत्मनो गुणान्प्रतिहन्ति। इदं मोहनीयं कर्म्म मुक्तिपुरीप्राप्तौ विघ्नीभूतम्। यावदात्मनि मोहनीयं कर्म्म विद्यते तावन्नाऽऽत्मनो मुक्तिपुर्यां प्रवेशो भवति। मोहनीये हते आत्मनो निर्वाणनगरे प्रवेशः सुकरः सञ्जायते। कुत्रचित्स्थाने प्रवेष्टुकामेन तद्द्वारस्यार्गला प्रथममुद्घाटनीया, तत एव तस्य तत्र प्रवेशो भवति। एवं मुक्तौ प्रवेष्टुकामैः प्रथममर्गलीभूतं मोहनीयं कर्म्म निहन्तव्यम्। तत एव तेषां तत्र प्रवेशः शक्यः ॥१०॥

अवतरणिका - कषायहननोपदेशं दत्त्वाऽधुना कषायहननोपायं दर्शयति -

मूलम् - हन्तव्यः क्षमया क्रोधो, मानो मार्द्दवयोगतः।
माया [1]चार्जवभावेन, लोभः सन्तोषपोषतः ॥११॥

માટે નોકષાય કહેવાય છે. આમ ચારિત્રમોહનીયકર્મ ૨૫ પ્રકારનું છે. તે આત્માના સ્વરૂપરમણતારૂપ ચારિત્રગુણનો ઘાત કરે છે. ચારિત્રમોહનીયના ગ્રહણથી દર્શનમોહનીય પણ અહીં લઈ લેવું. તે ત્રણ પ્રકારે છે - મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહ-નીય અને સમ્યક્ત્વમોહનીય. તે આત્માના ક્ષાયિકસમ્યક્ત્વગુણનો ઘાત કરે છે. આમ મોહનીયકર્મ આત્માના ગુણોને ઢાંકી દે છે. આ મોહનીયકર્મ મુક્તિપુરીની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે. જ્યાં સુધી આત્મા ઉપર મોહનીયકર્મ હોય ત્યાં સુધી આત્માનો મુક્તિપુરીમાં પ્રવેશ થતો નથી. મોહનીયકર્મ હણાયે છતે આત્માનો મોક્ષમાં પ્રવેશ સહેલાઈથી થાય છે. કોઈ સ્થાનમાં પેસવાની ઈચ્છાવાળાએ પહેલા તેના દરવાજાનો આગડીઓ ખોલવો જોઈએ, પછી જ તે ત્યાં પેસી શકે છે. એમ મોક્ષમાં જવાની ઈચ્છાવાળાએ પહેલા આગડીયારૂપ મોહનીયકર્મને સંપૂર્ણ રીતે હણવું જોઈએ. પછી જ તેનો ત્યાં પ્રવેશ થઈ શકે છે. (૧૦)

अवतरणिका - કષાયોને હણવાનો ઉપદેશ આપીને હવે કષાયોને હણવાનો ઉપાય બતાવે છે -

१. चार्जवयोगेन - DI

अन्वयः - क्रोधः क्षमया हन्तव्यः, मानो मार्दवयोगतः (हन्तव्यः), मायाऽऽर्जवभावेन (हन्तव्या) लोभश्च सन्तोषपोषतो (हन्तव्यः) ॥११॥

पद्मीया वृत्तिः - क्रोधः-अप्रीतिरूपः, **क्षमया** - उपशमभावेन, **हन्तव्यः** - जेतव्यः, **मानः** - स्वोत्कर्षपरापकर्षरूपः, **मार्दवयोगतः** - मृदोर्भाव इति मार्दवम्, तस्य योगः - आत्मन्याधानम्, तस्मात्, नम्रतयेत्यर्थः, **हन्तव्य** इति पदमावृत्त्याऽत्रापि द्रष्टव्यम्, **माया** - स्वमनोगतभावस्य निगूहनेन बहिरन्यभावप्रदर्शनरूपा, **आर्जवभावेन** - ऋजोर्भाव इति आर्जवम्, तच्चासौ भावश्चेति आर्जवभावः, तेन, सरलतयेत्यर्थः, **हन्तव्ये**ति पदं लिङ्गपरावृत्त्याऽत्राप्यनुकर्षणीयम्, **लोभः** - तृष्णागृद्धिरूपः, **च**शब्दः समुच्चये, **सन्तोषपोषतः** - सन्तोषः तृष्णामूर्च्छाऽभावः, तस्य पोषो वृद्धिरिति सन्तोषपोषः, तस्मात्, **हन्तव्य** इति पदमत्राप्यनुवर्त्तनीयम्। उक्तञ्च **दशवैकालिकसूत्रस्याऽष्टमाध्ययने** - **'उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे। मायं चज्जवभावेण, लोभं संतोसओ जिणे ॥३९॥'** (**छाया** - उपशमेन हन्यात् क्रोधं, मानं मार्दवेन जयेत्। मायां चार्जवभावेन, लोभं संतोषतः जयेत् ॥३९॥) **योगशास्त्रे**ऽप्युक्तम् - **'क्षमया मृदुभावेन, ऋजुत्वेनाप्यनीहया। क्रोधं मानं तथा मायां, लोभं रुन्ध्याद्यथाक्रमम् ॥४०८॥ क्षान्त्या क्रोधो मृदुत्वेन, मानो**

शब्दार्थ - ક્રોધને ક્ષમાથી હણવો, માનને મૃદુતાના સંબંધથી હણવો, માયાને સરળતાથી હણવી અને લોભને સંતોષના પોષથી હણવો. (૧૧)

पद्मीयावृत्तिनो भावानुवाद - ક્રોધ અપ્રીતિરૂપ છે. ક્ષમા એટલે ઉપશમભાવ. ઉપશમભાવથી અપ્રીતિને દૂર કરવી. માન એટલે પોતાની જાત ચઢિયાતી લાગે અને બીજા નીચા લાગે તે. મૃદુતા એટલે નમ્રતા. આત્મામાં નમ્રતા લાવીને માનને દૂર કરવો. માયા એટલે પોતાના મનના ભાવો છુપાવીને બહાર જુદા ભાવો બતાવવા તે. આર્જવભાવ એટલે સરળતા. સરળતાથી માયાને દૂર કરવી. લોભ એટલે તૃષ્ણા અને આસક્તિ. તૃષ્ણા એટલે જે ન હોય તે મેળવવાની ઇચ્છા અને આસક્તિ એટલે જે હોય તે ન છોડવાની ઇચ્છા. સન્તોષ એટલે તૃષ્ણા અને મૂર્ચ્છાનો અભાવ. સંતોષને વધારીને લોભને દૂર કરવો. **દશવૈકાલિકસૂત્ર**ના **આઠમા અધ્યયન**માં પણ આ જ વાત કહી છે - 'ઉપશમથી ક્રોધને હણવો, મૃદુતાથી માનને જીતવો, ઋજુભાવથી માયાને જીતવી, સંતોષથી લોભને જીતવો. (૩૯)' **યોગશાસ્ત્ર**માં પણ કહ્યું છે - 'ક્ષમાથી, મૃદુભાવથી, સરળતાથી અને અનિચ્છાથી અનુક્રમે ક્રોધ, માન, માયા અને લોભને હણવા. (૪૦૮)' **યોગશાસ્ત્ર**ની ૩૪૯મી

मायार्जवेन च । लोभश्चानीहया जेयाः, कषाया इति सङ्ग्रहः ॥३४९॥' शान्तसुधा-रसेऽप्युक्तम् - 'क्रोधं क्षान्त्या मार्दवेनाभिमानम्, हन्या मायामार्जवेनोज्ज्वलेन । लोभं वारांराशिरौद्रं निरुन्ध्याः, सन्तोषेण प्रांशुना सेतुनेव ॥८/३॥'

कषाया जीवस्य सर्वथाऽहितं कुर्वन्ति । उक्तञ्चाचाराङ्गसूत्रे - **'एस खलु निरए, एस खलु गंथे, एस खलु मारे, एस खलु मोहे ।' (छाया** - एष खलु निरयः, एष खलु ग्रन्थः, एष खलु मारः,. एष खलु मोहः ।)

क्रोधकरणेन परस्य पराजये कृते न काऽपि शूरवीरता, क्षमया क्रोधस्य पराभवने एव वस्तुतः शूरवीरता ।

क्रोधेनेह परत्र च दुःखं प्राप्यते । उक्तञ्च -**'कोपादिहापि दह्यन्ते, स्वार्थे मुह्यन्ति चासकृत् । विपद्य चानन्तदुःखं, प्रयान्ति नरकं नराः ॥'**

आत्मनो विशुद्धिमिच्छता क्रोधो न कर्त्तव्यः । शुचित्वाभिलाषिणा पङ्के पादो न क्षेप्तव्यः । यदुक्तं **क्षमाकुलके** - **'अप्पविसुद्धिनिमित्तं, किलिस्ससे ता चएसु**

ગાથામાં પણ આ જ વાત કહી છે. **शांतसुधारस**ના **આઠમા પ્રકાશ**માં પણ કહ્યું છે - 'તારે ક્ષમાથી ક્રોધને, મૃદુતાથી અભિમાનને, ઉજ્જવળ સરળતાથી માયાને હણવી જોઈએ, મોટા સેતુ જેવા સંતોષ વડે સમુદ્ર જેવા ભયંકર લોભનો નિરોધ કરવો જોઈએ. (૩)'

કષાયો જીવનું બધી રીતે અહિત કરે છે. **આચારાંગસૂત્ર**માં કહ્યું છે - 'આ કષાયો એ નરક છે, એ ગ્રન્થિ છે, એ મારનાર છે, એ મોહ છે.'

ક્રોધ કરીને બીજાને હરાવવામાં કોઈ શૂરવીરતા નથી, ક્ષમાથી ક્રોધનો પરાભવ કરવામાં જ ખરી શૂરવીરતા છે.

ક્રોધથી આ ભવમાં અને પરભવમાં દુઃખ મળે છે. કહ્યું છે - 'ક્રોધથી મનુષ્યો અહીં પણ બળે છે અને અનેકવાર સ્વાર્થમાં મોહ પામે છે, અને મરીને અનંત દુઃખવાળી નરકમાં જાય છે.'

આત્માની વિશુદ્ધિ ઈચ્છનારાએ ગુસ્સો ન કરવો. પવિત્રતાની ઈચ્છાવાળાએ કાદવમાં પગ ન નાંખવો જોઈએ. **क्षमाकुलक**માં કહ્યું છે કે - 'જો તું આત્માની

कोवरिवुं । विमलत्तमहिलसंतो, कह मज्जसि पंकिलजलंमि ॥१८॥' (**छाया** - आत्मविशुद्धिनिमित्तं, क्लिश्यसे ततस्त्यज कोपरिपुम् । विमलत्वमभिलषन्, कथं मज्जसि पङ्किलजले ॥१८॥)

अपथ्यत्यागपूर्वकं गृहीतमौषधं रोगं नाशयति । एवं क्रोधत्यागपूर्विका धर्मक्रिया कर्मरोगं निर्दलयति । संसारिजीवा अज्ञानादपराधान्कुर्वन्ति, परं विशालहृदया महात्मानस्तेषु न कुप्यन्ति । उक्तञ्च -**'अज्ञानजाद्दुर्विनयान्न कुप्यन्ति महाशयाः ।' (त्रि.श.पु.च.म. पर्व १०, सर्ग १, श्लो.१३३) शान्तसुधारसस्य षोडशे प्रकाशेऽपि महोपाध्याय-श्रीविनयविजयैः** क्रोधकरणं प्रतिषिद्धम् - **'योऽपि न सहते हितमुपदेशं, तदुपरि मा कुरु कोपं रे ।.....॥१६/८॥'**

क्रोधो नरकस्य कारणम् । यदुक्तम् - **'त्रिविधं नरकस्येदं, द्वारं नाशनमात्मनः । कामः क्रोधो लोभश्च, तस्मादेतत् त्रयं त्यजेत् ॥'**

क्षमया क्रोधो निर्मूलयितव्यः । क्षमायाः स्वरूपमुपायाश्चोक्तानि **योगशास्त्रवृत्तौ,**

विशुद्धि माटे कष्ट करे छे तो क्रोधरूपी दुश्मनने छोऽ, निर्मळताने ईच्छतो तुं शा माटे कादववाळा पाणीमां डूबे छे. (१८)'

अपथ्यना त्यागपूर्वक लीधेली दवा रोगने दूर करे छे. एम क्रोधना त्यागपूर्वक करेली धर्मक्रिया कर्मरोगने दूर करे छे. संसारी जीवो अज्ञानने लीधे भूलो करे छे, पण विशाळ हृदयवाळा महात्माओ गुस्से थता नथी. **त्रिषष्टिशलाकापुरुषचरित्र-महाकाव्यना दशमा पर्व**मां कह्युं छे के - 'अज्ञानथी थयेला अविनयने लीधे विशाळ हृदयवाळा जीवो गुस्सो करता नथी. **(सर्ग-१, श्लो.१३३)' शान्तसुधारस**ना **सोळमा प्रकाश**मां पण **महोपाध्याय श्रीविनयविजयजी**ए क्रोध करवानो निषेध कर्यो छे - 'जे हितकारी उपदेशने नथी सहेतो (नथी सांभळतो) तेनी उपर गुस्सो न कर...(१६/८)'

क्रोध એ नरकनुं कारण छे. कह्युं छे के - 'आत्मानो नाश करनारा नरकना आ त्रण द्वार छे - काम, क्रोध, अने लोभ. तेथी એ त्रणनो त्याग करवो.'

क्षमाथी गुस्सानो नाश करवो. **योगशास्त्रवृत्ति**मां क्षमानुं स्वरूप अने उपायो आ प्रमाणे कह्या छे - 'समर्थ के असमर्थ व्यक्तिनो सहन करवानो परिणाम ते

तथाहि - **'क्षमा शक्तस्याशक्तस्य वा सहनपरिणामः । सा च क्रोधनिमित्तस्यात्मनि भावाभावचिन्तनात्, क्रोधदोषचिन्तनात्, बालस्वभावचिन्तनात्, स्वकृतकर्मफलाभ्यागमचिन्तनात्, क्षमागुणानुप्रेक्षणाच्च ॥४/९३॥' तत्त्वार्थभाष्येऽप्युक्तम् - 'तत्र क्षमा तितिक्षा सहिष्णुत्वं क्रोधनिग्रह इत्यनर्थान्तरम् । तत् कथं क्षमितव्यमिति चेदुच्यते - क्रोधनिमित्तस्यात्मनि भावाभावचिन्तनात् । परैः प्रयुक्तस्य क्रोधनिमित्तस्यात्मनि भावचिन्तनादभावचिन्तनाच्च क्षमितव्यम् । भावचिन्तनात् तावद् विद्यन्ते मयि एते दोषाः किमत्रासौ मिथ्या ब्रवीतीति क्षमितव्यम् । अभावचिन्तनादपि क्षमितव्यम्, नैते विद्यन्ते मयि दोषा यानज्ञानादसौ ब्रवीतीति क्षमितव्यम् । किञ्चान्यत् । बालस्वभावचिन्तनाच्च परोक्षप्रत्यक्षाक्रोशताडनमारणधर्मभ्रंशानामुत्तरोत्तररक्षार्थम् । बाल इति मूढमाह । परोक्षमाक्रोशति बाले क्षमितव्यमेव । एवंस्वभावा हि बाला भवन्ति । दिष्ट्या च मां परोक्षमाक्रोशति न प्रत्यक्षमिति लाभ एव मन्तव्यः । प्रत्यक्षमप्याक्रोशति बाले क्षमितव्यम् । विद्यत एवैतद् बालेषु ।**

क्षमा. क्रोधनुं निमित्त पोतानामां छे के नहीं ,ए विचारवाथी, क्रोधना दोष विचारवाथी, बाळजीवोना स्वभावने विचारवाथी, पोते करेला कर्मनुं फळ आव्युं छे एम विचारवाथी अने क्षमाना गुणोने विचारवाथी ते क्षमा राखी शकाय छे. (४/९३)' **तत्त्वार्थभाष्य**मां पण कह्युं छे - 'क्षमा, सहनशीलता, सहिष्णुता, क्रोधनो निग्रह - आ पर्यायवाची शब्दो छे. **प्रश्न** - क्षमा शी रीते राखवी ? **जवाब** - क्रोधनुं निमित्त पोतानामां छे के नही एम विचारवाथी. बीजाए प्रयोजेलुं क्रोधनुं निमित्त पोतानामां छे एम विचारवाथी अने नथी एम विचारवाथी क्षमा राखवी. क्रोधनुं निमित्त छे एम विचारवाथी एटले 'मारामां आ दोषो छे, एमां आ शुं खोटुं बोले छे ?' एम विचारवाथी क्षमा राखवी. क्रोधनुं निमित्त पोतानामां नथी एम विचारीने, पण क्षमा राखवी. 'जे दोषो अज्ञानथी आ बोले छे ते मारामां नथी.' एम विचारीने क्षमा राखवी. वळी बाळस्वभावने विचारवाथी परोक्षमां आक्रोश करवो, प्रत्यक्षमां आक्रोश करवो, मार मारवो, मारी नांखवुं, धर्मथी भ्रष्ट थवुं - आ बधानी उत्तरोत्तर रक्षा करवा माटे क्षमा राखवी. बाळ एटले मूढ. बाळजीव परोक्षमां आक्रोश करे त्यारे, 'बाळजीवो आवा ज होय छे. सद्भाग्ये ए परोक्षमां मारी उपर आक्रोश करे छे, प्रत्यक्षमां नहीं.' एम विचारी लाभ ज मानवो अने

दिष्ट्या च मां प्रत्यक्षमाक्रोशति, न ताडयति, एतदप्यस्ति बालेष्विति लाभ एव मन्तव्यः । ताडयत्यपि बाले क्षमितव्यम् । एवंस्वभावा हि बाला भवन्ति । दिष्ट्या च मां ताडयति, न प्राणैर्वियोजयतीति । एतदपि विद्यते बालेष्विति । प्राणैर्वियोजयत्यपि बाले क्षमितव्यम् । दिष्ट्या च मां प्राणैर्वियोजयति, न धर्माद् भ्रंशयतीति क्षमितव्यम् । एतदपि विद्यते बालेष्विति लाभ एव मन्तव्यः । किञ्चान्यत् । स्वकृतकर्मफलाभ्यागमाच्च । स्वकृतकर्मफलाभ्यागमोऽयं मम, निमित्तमात्रं पर इति क्षमितव्यम् । किञ्चान्यत् । क्षमागुणांश्चानायासादीननुस्मृत्य क्षमितव्यमेवेति क्षमाधर्मः । (९/६)' यस्य हृदये क्षमा प्रतिष्ठिता भवति स क्रोधाविष्टो न भवति। उक्तञ्च - **'क्षमा खड्गः करे यस्य, दुर्जनः किं करिष्यति । अतृणे पतितो वह्निः, स्वयमेवोपशाम्यति ॥'**

क्रोधेन परस्याऽहितं जायते न वा, परं स्वस्य त्वेकान्तेनाऽहितं जायते । क्षमयोभयोरपि

क्षमा राखवी. બાળજીવ પ્રત્યક્ષમાં આક્રોશ કરે ત્યારે 'બાળજીવોમાં આવું જ હોય છે. સદ્ભાગ્યે એ પ્રત્યક્ષમાં મારી ઉપર આક્રોશ કરે છે, માર મારતો નથી. આવું પણ બાળજીવોમાં હોય છે' એમ વિચારી લાભ જ માનવો અને ક્ષમા રાખવી. બાળજીવ માર મારે ત્યારે 'બાળજીવો આવા સ્વભાવવાળા જ હોય છે. સદ્ભાગ્યે એ મને માર મારે છે, મને મારી નાંખતો નથી. આ પણ બાળજીવોમાં હોય છે.' એમ વિચારી ક્ષમા રાખવી. બાળજીવ મારી નાંખે ત્યારે 'સદ્ભાગ્યે મને મારી નાંખે છે, ધર્મથી ભ્રષ્ટ કરતો નથી.' એમ વિચારી ક્ષમા રાખવી. 'આવું પણ બાળજીવોમાં હોય છે,' એમ વિચારી લાભ જ માનવો. વળી પોતે કરેલા કર્મનું ફળ આવ્યું છે એમ વિચારી ક્ષમા રાખવી. 'આ મેં કરેલા કર્મોનું ફળ આવ્યું છે, અન્ય વ્યક્તિ તો નિમિત્તમાત્ર છે.' એમ વિચારી ક્ષમા રાખવી. અનાયાસ (સ્વસ્થતા) વગેરે ક્ષમાના ગુણોને યાદ કરીને ક્ષમા અવશ્ય રાખવી. આ ક્ષમાધર્મ કહ્યો.(૯/૬)' જેના હૃદયમાં ક્ષમાની પ્રતિષ્ઠા થઈ હોય તે ગુસ્સે ન થાય. કહ્યું છે - 'જેના હાથમાં ક્ષમારૂપી તલવાર છે, દુર્જન તેનું શું કરશે ? ઘાસ વિનાની જગ્યામાં પડેલ અગ્નિ પોતે જ બુઝાઈ જાય છે.'

ક્રોધથી સામી વ્યક્તિનું અહિત થાય કે ન થાય, પણ પોતાનું તો એકાન્તે અહિત

हितमेव जायते । क्षमया व्ययं विना प्रशमसुखमनुभूयते । उक्तञ्च **प्रशमरतौ** - '**प्रत्यक्षं प्रशमसुखं न परवशं न व्ययप्राप्तम् ॥२३७॥**' क्रोधः कातरतां व्यनक्ति । क्षमैव वीरस्य भूषणम् । एवं मुक्त्यभिलाषिणा क्षमाजलेन क्रोधवह्निरुपशमयितव्यः ।

मानी स्वात्मानमन्येभ्यः श्रेष्ठं मन्यते । मानेन न कश्चिदपि लाभो जायते, प्रत्युत हानिरेव जायते । **पण्डितमुक्तिविमलगणि**विरचिततत्त्वबोधतरङ्गिण्यां मानस्याऽपाया इत्थं प्रदर्शिताः - '**मानम्मुञ्चत मुञ्चताऽत्र भविनो ! मानः सतां दूषणम्, मानम्मा कुरुताश्रि-तोत्तमपदा मानो विपत्पोषणम् । मानम्माऽऽश्रयतामृतादरधियो मानो रमामोषणम्, मानम्माऽन्वयनाशनं विदधत त्वज्ञानिनाम्भूषणम् ॥८७॥ मानात्कीर्तिरपैति दूरमखिला नश्यन्ति ताः सम्पदश्-चास्मिन् शिष्टवचः पदं न कुरुते तप्तायसि ह्यम्बुवत् । मानेनैव विनाशमाप सकुलो लङ्काधिपो रावणः, प्रज्ञानेत्रसुतोऽपि तेन निधनं नीतो न किं योधनः ? ॥८८॥**' माननिग्रहोपायं

થાય છે. ક્ષમાથી બન્નેનું હિત જ થાય છે. ક્ષમા વડે ખર્ચા વિનાનું પ્રશમસુખ અનુભવાય છે. **પ્રશમરતિ**માં કહ્યું છે - 'પ્રશમનું સુખ પ્રત્યક્ષ છે, પરવશ નથી અને તેની માટે કંઈ ખરચવું પડતું નથી. (૨૩૭)' ક્રોધ કાયરતાને જણાવે છે. ક્ષમા જ વીરનું ભૂષણ છે. આમ મોક્ષના અભિલાષીએ ક્ષમારૂપી પાણી વડે ક્રોધરૂપી અગ્નિને શાંત કરવો.

અભિમાની પોતાને બીજા કરતાં ચઢિયાતો માને છે. માન કરવાથી કંઈ લાભ થતો નથી, ઊલટી હાનિ જ થાય છે. **પંડિત મુક્તિવિમલગણિ** વિરચિત **તત્ત્વબોધ-તરંગિણી**માં માનના નુકસાનો આ પ્રમાણે બતાવ્યા છે - 'હે ભવ્ય જીવો ! તમે માન છોડી દો, છોડી દો. માન એ સજ્જનો માટે દૂષણ છે. ઉત્તમ પદને પામીને માન ન કરો. માન એ વિપત્તિનું પોષણ છે. અમૃતનો આદર કરવાની બુદ્ધિવાળા તમે માનનો આશ્રય ન કરો. માનથી ધન ચોરાય છે. વંશનો નાશ કરનારા અને અજ્ઞાનીઓના ભૂષણ સમાન માનને ન કરો. (૮૭) માનથી કીર્તિ દૂર થાય છે, બધી સંપત્તિઓ દૂર થાય છે. તપેલા લોઢા ઉપર જેમ પાણી ટકતું નથી તેમ માનીને સજ્જનોના વચનોની અસર થતી નથી. માનને લીધે જ લંકાના અધિપતિ રાવણનો કુળ સાથે વિનાશ થયો. ભિષ્મપિતામહના દીકરા દુર્યોધનને પણ શું માને ન મરાવ્યો ?(૮૮)' **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી**એ માનનો નિગ્રહ કરવાનો ઉપાય

दर्शयद्भिर्महोपाध्याय-श्रीयशोविजयैरुक्तं ज्ञानसारप्रकरणेऽनात्मशंसाष्टके - '**गुणैर्यदि न पूर्णोऽसि, कृतमात्मप्रशंसया । गुणैरेवाऽसि पूर्णश्चेत्, कृतमात्मप्रशंसया ॥१॥**'

मानकषायनिर्जयार्थं स्वात्मनो दोषाः परेषां च गुणा द्रष्टव्याः । नम्रताङ्कुशेन मानगजो दान्तव्यः । यस्य वस्तुनो मानः क्रियते, भवान्तरे तद्वस्तु हीनं प्राप्यते । उक्तञ्च **योगशास्त्रे** चतुर्थे प्रकाशे - '**जातिलाभकुलैश्वर्यबलरूपतपःश्रुतैः । कुर्वन् मदं पुनस्तानि हीनानि लभते जनः ॥३३९॥**' **प्रशमरता**वप्युक्तम् - '**जात्यादिमदोन्मत्तः, पिशाचवद् भवति दुःखितश्चेह । जात्यादिहीनतां परभवे च निःसंशयं लभते ॥९८॥**' नम्रतयोच्चैःपदं प्राप्यते । मानः प्रगतिं प्रतिबध्नाति । ततो निर्वाणकाङ्क्षिभिर्मानः सर्वथा हेय उपादेया च मृदुता ।

माया संसारस्य माता कथ्यते । तया संसारस्य वृद्धिर्भवति । मायया स्त्रीवेदस्तिर्यग्गतिश्च प्राप्यते । मायावी न शुध्यति । मायावी स्वभावनिगूहनार्थं सर्वपापानि करोति । फलतः स दुर्गतौ प्रयाति । माया भवाम्बुधौ निमज्जयति । माया मुनिमपि पातयति । उक्तञ्च

બતાવવા **જ્ઞાનસારપ્રકરણ**માં **અનાત્મશંસાષ્ટક**માં કહ્યું છે - 'જો તું ગુણોથી પૂર્ણ નથી તો તારે આત્મપ્રશંસા કરવાથી સર્યું. જો તું ગુણોથી પૂર્ણ છે તો (પણ) તારે આત્મપ્રશંસા કરવાથી સર્યું. (૧)'

માનકષાયનો જય કરવા પોતાના દોષો અને બીજાના ગુણો જોવા. નમ્રતારૂપી અંકુશથી માનહાથીનું દમન કરવું. જે વસ્તુનું અભિમાન કરાય છે, ભવાન્તરમાં તે વસ્તુ હીન મળે છે. **યોગશાસ્ત્રના ચોથા પ્રકાશ**માં કહ્યું છે - 'જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બલ, રૂપ, તપ અને શ્રુત વડે અભિમાન કરનાર વ્યક્તિને ફરી તે જાતિ વગેરે હીન મળે છે. (૩૩૯)' **પ્રશમરતિ**માં પણ કહ્યું છે - 'જાતિ વગેરેના અભિમાનથી ઉન્મત્ત થયેલ જીવ આ ભવમાં પિશાચની જેમ દુઃખી થાય છે અને પરભવમાં શંકા વિના હલકા જાતિ વગેરેને પામે છે. (૯૮)' નમ્રતાથી ઊંચી પદવી મળે છે. અભિમાન પ્રગતિને અટકાવે છે. માટે નિર્વાણની ઇચ્છાવાળાઓએ માનને સર્વથા ત્યજવો અને મૃદુતાને અપનાવવી.

માયા સંસારની માતા કહેવાય છે. તેનાથી સંસાર વધે છે. માયાથી સ્ત્રીવેદ અને તિર્યંચગતિ મળે છે. માયાવી શુદ્ધ થતો નથી. માયાવી પોતાનો ભાવ છુપાવવા બધા પાપો કરે છે. પરિણામે તે દુર્ગતિમાં જાય છે. માયા સંસારસમુદ્રમાં ડુબાડે છે.

अध्यात्मसारे तृतीयेऽधिकारे - 'दम्भेन व्रतमास्थाय, यो वाञ्छति परं पदम् । लोहनावं समारुह्य, सोऽब्धेः पारं यियासति ॥६॥'

मायावी चिन्तयति यदहं स्वकुशलतया विश्वं वञ्चयामि, परन्तु स न जानाति यत् स स्वात्मानमेव प्रतारयति । उक्तञ्च **योगशास्त्रे चतुर्थप्रकाशे - 'कौटिल्यपटवः पापा, मायया बकवृत्तयः । भुवनं वञ्चयमाना, वञ्चयन्ते स्वमेव हि ॥१६॥'**

मायाविहृदये धर्मस्य स्थिरता न भवति, सरलहृदये एव धर्मः स्थिरो भवति । अध्यात्मविशुद्धिरपि सरलस्यैव भवति, न तु मायिनः । उक्तञ्च **उत्तराध्ययनसूत्रे तृतीयेऽध्ययने - 'सोही उज्जुयभूयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ । णिव्वाणं परमं जाइ, घयसित्ति व्व पावए ॥१२॥** (**छाया** - शोधिः ऋजुभूतस्य, धर्मः शुद्धस्य तिष्ठति । निर्वाणं परमं याति, घृतसिक्त इव पावकः ॥१२॥) भगवतोऽपीयमेवाऽऽज्ञा - सर्वत्र सरलेन भवितव्यमिति । यदुक्तम् **अध्यात्मसारे तृतीये दम्भत्यागाधिकारे - 'जिनैर्नानुमतं किञ्चिन्निषिद्धं वा न सर्वथा । कार्ये भाव्यमदम्भेनेत्येषाज्ञा पारमेश्वरी ॥२०॥'**

માયા સાધુને પણ પાડે છે. **અધ્યાત્મસારમાં ત્રીજા પ્રકાશમાં** કહ્યું છે કે - 'માયાથી વ્રતોનું પાલન કરી જે પરમપદને ઝંખે છે તે લોઢાની નાવમાં બેસીને સમુદ્રના સામા કિનારે જવા ઇચ્છે છે. (૬)'

માયાવી વિચારે છે કે હું મારી હોંશિયારીથી દુનિયાને ઠગું છું, પણ તેને ખબર નથી કે તે પોતાની જાતને જ ઠગે છે. **યોગશાસ્ત્રમાં ચોથા પ્રકાશમાં** કહ્યું છે - 'કુટિલતા કરવામાં હોંશિયાર, માયાથી બગલા જેવી વૃત્તિવાળા પાપીઓ દુનિયાને ઠગતા પોતાને જ ઠગે છે. (૧૬)'

માયાવીના હૃદયમાં ધર્મ ટકતો નથી, સરળના હૃદયમાં ધર્મ ટકે છે. આધ્યાત્મની વિશુદ્ધિ પણ સરળની જ થાય છે, માયાવીની નહી. **ઉત્તરાધ્યયનસૂત્રમાં ત્રીજા અધ્યયનમાં** કહ્યું છે - 'ઋજુભૂત (સરળ)ની શુદ્ધિ થાય છે. શુદ્ધ વ્યક્તિમાં ધર્મ રહે છે. જેમ ઘીથી સિંચાયેલ અગ્નિ દેદીપ્યમાન થાય છે તેમ શુદ્ધ વ્યક્તિ શ્રેષ્ઠ નિર્વાણને પામે છે. (૧૨).' ભગવાનની પણ આ જ આજ્ઞા છે કે બધે સરળ બનવું. **અધ્યાત્મસાર**માં ત્રીજા **દંભત્યાગાધિકાર**માં કહ્યું છે - 'જિનેશ્વરોએ કોઈ પણ વસ્તુનો સર્વથા નિષેધ કે અનુજ્ઞા કરી નથી. દરેક કાર્યમાં માયારહિત બનવું એ પરમેશ્વરની આજ્ઞા છે. (૨૦)'

मायी मुक्तौ प्रवेष्टुं न शक्नोति । सरलः शीघ्रं निर्वृतिं याति । तत आर्जवेन माया निग्राह्या । उक्तञ्च **योगशास्त्रे चतुर्थे प्रकाशे** - '**तदार्जवमहौषध्या, जगदानन्दहेतुना, जयेज्जगद्द्रोहकरीं, मायां विषधरीमिव ॥३४३॥**' मायायां निगृहीतायां परमपदप्राप्तिः सुलभा भवति । यदुक्तं **दृष्टान्तशतके** - '**आर्जवं नाम मर्त्यानां, ध्रुवं सर्वोत्तमो गुणः । यत्करीन्द्राधिरूढापि, मरुदेव्याप केवलम् ॥८९॥**'

लोभी कदापि न तृप्यति । लाभाल्लोभो वर्द्धते । उक्तञ्च **उत्तराध्ययनसूत्रेऽष्टमेऽध्ययने** - '**जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ । दोमासकयं कज्जं, कोडिएवि न निट्ठियं ॥१७॥**' (**छाया** - यथा लाभस्तथा लोभः, लाभात् लोभः प्रवर्धते । द्विमाषकृतं कार्यं, कोट्याऽपि न निष्ठितम् ॥१७॥')

लोभिन इच्छानामन्तो न भवति । यदुक्त**मुत्तराध्ययनसूत्रे नवमाध्ययने** - '**सुवण्ण-रूप्पस्स उ पव्वया भवे, सिआ हु केलाससमा असंखया । नरस्स लुद्धस्स न तेहिं किंचि, इच्छा उ आगाससमा अणंतिआ ॥४८॥**' (**छाया** - सुवर्णरूप्यस्य तु पर्वता भवेयुः, स्युः खलु कैलाससमा असङ्ख्याः । नरस्य लुब्धस्य न तैः किञ्चित्, इच्छा

માયાવી મુક્તિમાં પ્રવેશી શકતો નથી. સરળ વ્યક્તિ શીઘ્ર મુક્તિ પામે છે. માટે સરળતાથી માયાનો નિગ્રહ કરવો. **યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં** કહ્યું છે - 'તેથી જગતને આનંદ આપવામાં કારણભૂત એવી સરળતારૂપી મહાઔષધિ વડે જગતનો દ્રોહ કરનારી અને સાપણ જેવી માયાને જીતવી. (૩૪૩)' માયાનો નિગ્રહ કર્યે છતે પરમપદની પ્રાપ્તિ સુલભ બને છે. **દૃષ્ટાંતશતક**માં કહ્યું છે - 'સરળતા એ મનુષ્યોનો ખરેખર સર્વથી શ્રેષ્ઠ ગુણ છે. કેમકે (સરળતાના પ્રભાવે) હાથીની અંબાડી ઉપર બેઠેલા એવા પણ મરુદેવી માતા કેવળજ્ઞાન પામ્યા. (૮૯)'

લોભી ક્યારેય તૃપ્ત થતો નથી. **ઉત્તરાધ્યયનસૂત્ર**માં **આઠમા અધ્યયન**માં કહ્યું છે - 'જેમ લાભ થાય છે તેમ લોભ થાય છે. લાભથી લોભ વધે છે. બે માષ (માષ = એક પ્રકારનું માપ) થી કરાયેલું કાર્ય કરોડથી પણ પૂર્ણ ન થયું. (૧૭)'

લોભીની ઇચ્છાઓનો અન્ત આવતો નથી. **ઉત્તરાધ્યયનસૂત્ર**માં **નવમા અધ્યયન**માં કહ્યું છે - 'કૈલાસ પર્વત જેવા સોના-ચાંદીના અસંખ્ય પર્વતો થાય (તો પણ) લોભી માણસને તેનાથી તૃપ્તિ થતી નથી, કેમકે ઇચ્છા આકાશની જેમ અનંત છે. (૪૮)' તેથી લોભી ક્યારેય સન્તુષ્ટ થતો નથી. ખારું પાણી જેમ જેમ પીવાય

खलु आकाशसमा अनन्तिका ॥४८॥) ततो लोभी न कदापि सन्तुष्यति । क्षारं जलं यथा यथा पीयते तथा तथा तृषा वर्द्धते । एवं यथा यथा लोभगर्ता भ्रियते तथा तथाऽतृप्तिर्वर्धते । उक्तञ्च - **'तृष्णा खनिरगाधेयं, दुष्पूरा केन पूर्यते ?। या महद्भिरपि क्षिप्तैः, पूरणैरेव खन्यते ॥'**

महान्तमपि नरं लोभो हीनं करोति । उक्तञ्च - **'अपि मेरुसमं प्राज्ञ-मपि शूरमपि स्थिरम् । तृणीकरोति तृष्णैका, निमेषेण नरोत्तमम् ॥**

यो लोभसागरं सन्तोषसेतुबन्धेनोल्लङ्घयति स विश्वं वशीकरोति । उक्तञ्च **योगशास्त्रवृत्तौ** - **'येनाशायै ददे स्वाम्यं, तेनात्तं दास्यमात्मनः । आशा दासीकृता येन, तस्य स्वाम्यं जगत्त्रये ॥ (१७१तमवृत्तवृत्तिः)'**

यो याचते स दरिद्रः कथ्यते । यो न याचते स ईश्वर इत्युच्यते । उक्तञ्च **तत्त्वामृते श्रीज्योतिर्विजयविरचिते - 'ईश्वरो नाम सन्तोषी, यो न प्रार्थयतेऽपरम् । प्रार्थना महतामत्र, परं दारिद्र्यकारणम् ॥२४६॥'** लोभी सदैव याचते । ततः स

છે તેમ તેમ તૃષા વધે છે. એમ જેમ જેમ લોભનો ખાડો ભરાય છે તેમ તેમ અતૃપ્તિ વધે છે. કહ્યું છે - 'ઊંડી અને દુઃખેથી પૂરાય એવી આ તૃષ્ણારૂપી ખાણ કોનાથી પૂરાય છે ? અર્થાત્ કોઈથી તે પૂરાતી નથી, કેમકે તેમાં નંખાયેલી મોટી પણ પૂરવાની વસ્તુઓ વડે જ તે ખોદાય છે.'

લોભ મોટા માણસને પણ નાનો બનાવે છે. કહ્યું છે કે - 'મેરુ પર્વત જેવા (અડગ), હોંશિયાર, શૂર અને સ્થિર ઉત્તમ મનુષ્યને એક તૃષ્ણા (લોભ) આંખના પલકારામાં ઘાસ જેવો કરે છે.'

જે લોભરૂપી સમુદ્રને સન્તોષરૂપી પૂલ વડે ઓળંગી જાય છે તે વિશ્વને વશ કરે છે. **યોગશાસ્ત્રની વૃત્તિ**માં કહ્યું છે - 'જેણે આશાને સ્વામીપણું આપ્યું તેણે પોતાનું દાસપણું ગ્રહણ કર્યું. જેણે આશાને દાસી બનાવી તેનું સ્વામીપણું ત્રણ જગતમાં છે.'

જે માંગે છે તે દરિદ્રી કહેવાય છે. જે માંગતો નથી તે શ્રીમંત કહેવાય છે. શ્રીજ્યોતિર્વિજયજી રચિત **તત્ત્વામૃત**માં કહ્યું છે - 'શ્રીમંત એટલે સન્તોષી, જે બીજું માંગતો નથી. અહીં મોટાઓ માટે પ્રાર્થના એ દરિદ્રતાનું શ્રેષ્ઠ કારણ છે. (૨૪૬)' લોભી હંમેશા માંગતો હોય છે. તેથી તે પોતાને દરિદ્રની કક્ષામાં મૂકે છે. સન્તોષી

स्वात्मानं दरिद्रकक्षायां निवेशयति । सन्तुष्टो नरो न किञ्चिदपि याचते । ततः स ईश्वरकक्षायां स्थानं प्राप्नोति । लोभी कदापि सुखी न भवति । स स्वीयं धनादिकमुपभोक्तुं न शक्नोति । सन्तोषी नरो सदा सुखी भवति । उक्तञ्च **तत्त्वामृते** - '**सन्तोषसारसद्रत्नं, समादाय विचक्षणाः । भवन्ति सुखिनो नित्यं, मोक्षसन्मार्गवर्त्तिनः ॥२४२॥**' ततः स्वात्मनि सन्तोषमाधाय लोभो निष्काशनीयः ।

इत्थं क्षमादिसाहाय्येन कषायपाशेभ्य आत्मा मोचयितव्यः । तत एवाऽऽत्मनो कर्मपाशेभ्यो मुक्तिः स्यात् । अत एवोक्तम् - '**कषायमुक्तिः किल मुक्तिरेव ।**' ॥११॥

अवतरणिका - कषायहननोपायं दर्शयित्वाऽधुना नोकषायहननोपायं दर्शयति -

मूलम् - [१]हर्षः शोको जुगुप्सा च, भयं रत्यरती तथा ।
वेदत्रयं च हन्तव्यं, तत्त्वज्ञैर्दृढधैर्यतः ॥१२॥

अन्वयः - तत्त्वज्ञैर्दृढधैर्यतो हर्षः शोको जुगुप्सा च भयं रत्यरती तथा वेदत्रयञ्च हन्तव्यम् ॥१२॥

માણસ કંઈપણ માંગતો નથી. તે શ્રીમંતની કક્ષામાં સ્થાન પામે છે. લોભી ક્યારેય સુખી થતો નથી. તે પોતાના ધન વગેરેને ભોગવી શકતો નથી. સન્તોષી માણસ હંમેશા સુખી હોય છે. **તત્ત્વામૃત**માં કહ્યું છે - 'મોક્ષમાર્ગમાં રહેલા હોંશિયાર જીવો સંતોષરૂપી શ્રેષ્ઠ અને સારા રત્નને ગ્રહણ કરીને હંમેશ માટે સુખી થાય છે.' માટે પોતાના આત્મામાં સન્તોષને લાવી લોભને કાઢવો.

આમ ક્ષમા વગેરેની સહાયથી કષાયોની જાળમાંથી આત્માને મુક્ત કરવો. ત્યાર પછી જ કર્મની જાળમાંથી આત્માની મુક્તિ થાય છે. માટે જ કહ્યું છે - 'કષાયોમાંથી મુક્તિ એ જ ખરેખર મુક્તિ છે.' (૧૧)

अवतरणिका - કષાયોને હણવાનો ઉપાય બતાવીને હવે નોકષાયોને હણવાનો ઉપાય બતાવે છે -

शब्दार्थ - તત્ત્વને જાણનારાઓએ દૃઢ ધૈર્યથી હર્ષ, શોક, દુર્ગંછા, ભય, રતિ, અરતિ અને ત્રણ વેદને હણવા. (૧૨)

---

१. हर्षशोकौ - G, J, K, L।

पद्मीया वृत्तिः - तत्वज्ञैः - तत्त्वं-परमार्थं, तज्जानन्तीति तत्त्वज्ञाः, तैरिति तत्त्वज्ञैः, **दृढधैर्यतः** - धीरस्य भावः धैर्यं - अविचलितत्वम्, यदुक्तं **चतुर्थषोडशकस्य चतुर्थ-श्लोकस्य योगदीपिकावृत्तौ - 'धैर्यं - भयहेतूपनिपातेऽपि निर्भयत्वम् ।'** दृढं-निश्चलञ्च तद्धैर्यञ्चेति दृढधैर्यम्, तस्मात्, **हर्षः** - हास्यम्, **शोकः** - दीनमनस्कत्वम्, **जुगुप्सा** - कुत्सा असद्भाव इति यावत्, **च**शब्दः समुच्चये, **भयं** - भीतिः, **रत्यरती** - रतिः-प्रीतिः, अरतिः - अप्रीतिः, रतिश्च अरतिश्चेति रत्यरती, **तथा**शब्दः - समुच्चये, **वेदत्रयं** - त्रयाणां समूह इति त्रयम्, वेदानां स्त्रीवेदपुरुषवेदनपुंसकवेदरूपाणां त्रयमिति वेदत्रयम्, **च**शब्दः समुच्चये, **हन्तव्यम्** - आत्मोद्यानादुन्मूलनीयम् ।

बाह्यदृग् बाह्यसंयोगादिकं दृष्टवा तस्मिन्हर्षशोकादिकं कृत्वा मुह्यति । तत्त्वज्ञः परमार्थं जानाति । ततः स बाह्यपरिस्थितिं दृष्टवा हर्षादिकं न करोति । ततश्च स न तत्र मुह्यति । परन्तु तस्यामेव बाह्यपरिस्थित्यां तत्त्वपर्यालोचनया स स्वात्मानं वैराग्यवासितं करोति । उक्तञ्च **ज्ञानसारे तत्त्वदृष्ट्यष्टके - 'ग्रामाऽऽरामादि मोहाय, यद्दृष्टं बाह्यया दृशा । तत्त्वदृष्ट्या तदेवान्तर्नीतं वैराग्यसम्पदे ॥३॥'**

पद्मीयावृत्तिनो भावानुवाद - तत्त्व એટલે સાચું સ્વરૂપ. તેને જાણે તે તત્ત્વજ્ઞ. ધીરજ એટલે અવિચળપણું. **चोथा षोडशक**ના **चोथा श्लोक**ની **योगदीपिकावृत्ति**માં કહ્યું છે - 'ધીરજ એટલે ભયના હેતુઓ આવે તો પણ ભયરહિતપણું.' તત્ત્વજ્ઞોએ ખૂબ ધીરજથી નોકષાયોને હણવા. તે નોકષાયો આ પ્રમાણે છે - હર્ષ એટલે હાસ્ય. શોક એટલે દીનતા. જુગુપ્સા એટલે નિન્દા એટલે કે અસદ્ભાવ. ભય એટલે ડર. રતિ એટલે પ્રીતિ. અરતિ એટલે અપ્રીતિ. ત્રણ વેદ એટલે - પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ. આ નવ નોકષાયોને આત્માના ઉદ્યાનમાંથી ઉખેડીને દૂર કરવા.

બાહ્યદૃષ્ટિવાળો જીવ બાહ્યસંયોગ વગેરેને જોઈને તેમાં હર્ષ, શોક વગેરે કરીને મોહ પામે છે. તત્ત્વજ્ઞ પરમાર્થને જાણે છે. તેથી તે બાહ્ય પરિસ્થિતિને જોઈને હર્ષ વગેરે કરતો નથી. તેથી તે ત્યાં મોહ પામતો નથી. પણ તે જ બાહ્ય પરિસ્થિતિમાં તે તત્ત્વની (સાચા સ્વરૂપની) વિચારણા કરી આત્માને વૈરાગ્યવાસિત કરે છે. **જ્ઞાનસાર**માં **તત્ત્વદૃષ્ટિ અષ્ટક**માં કહ્યું છે - 'બાહ્યદૃષ્ટિથી જોવાયેલા જે ગામ-બગીચો વગેરે મોહ પમાડે છે, તત્ત્વદૃષ્ટિથી અંદર લઈ જવાયેલ (અંદરનું સ્વરૂપ વિચારાયેલ) તે જ ગામ-બગીચો વગેરે વૈરાગ્યની સંપત્તિ આપે છે. (૩)

धैर्यरहितो नरश्चञ्चलो भवति । ततः स्वल्पामप्यनुकूलतां प्रतिकूलतां वा प्राप्य स हर्षशोकादिकं करोति । धीरस्तु प्राज्ञः स्थिरचित्तश्च भवति । ततः स कस्मिँश्चिदपि प्रसङ्गे न मुह्यति । भूधरा वातेन न कम्पन्ते । एवं दृढधैर्यवतां मनःस्थितिः सर्वप्रसङ्गेषु निश्चला भवति । ततस्ते हर्षशोकादिकं न कुर्वन्ति । इत्थं नोकषायजयार्थमात्मनि तत्त्वदृष्टिर्विकसितव्या दृढधैर्यञ्चावलम्बनीयम् । ततो नोकषायजयः सुकरो भवति ।

सनिमित्तमनिमित्तं वा हास्यं हर्षः । शोकोऽनिष्टप्रसङ्गादिषु दैन्यरूपः । जुगुप्साऽनिष्ट-प्रसङ्गादिषु घृणा । भयमिहलोक-परलोक-आदान-अकस्मात्-वेदना-मरण-अश्लोक-भेदात्सप्तप्रकारम् । रतिर्मानसप्रीतिरूपा । अरतिर्मानसाऽप्रीतिरूपा । वेदत्रयं पुरुषवेदः स्त्रीवेदो नपुंसकवेदश्चेति । यस्योदयेन स्त्रियं भोक्तुमभिलाषा भवति स पुरुषवेदः । यस्योदयेन जीवः पुरुषं भोक्तुमिच्छति स स्त्रीवेदः । यस्योदयेन जीवः स्त्रियं पुरुषञ्च भोक्तुं वाञ्छति स नपुंसकवेदः ।

ધીરજ વિનાનો માણસ ચંચળ હોય છે. તેથી થોડી પણ અનુકૂળતા કે પ્રતિકૂળતા પામીને તે હર્ષ-શોક વગેરે કરે છે. ધીરજવાળો જીવ બુદ્ધિશાળી અને સ્થિરચિત્તવાળો હોય છે. તેથી તે કોઈ પણ પ્રસંગમાં મોહ પામતો નથી. પર્વતો પવનથી કંપતા નથી. એમ દૃઢધૈર્યવાળા જીવોની મનઃસ્થિતિ બધા પ્રસંગોમાં નિશ્ચલ હોય છે. તેથી તેઓ હર્ષ-શોક વગેરે કરતા નથી. આમ નોકષાયોનો જય કરવા આત્મામાં તત્ત્વદૃષ્ટિનો વિકાસ કરવો અને દૃઢ ધૈર્યનું અવલંબન કરવું. તેથી નોકષાયોનો જય સહેલાઈથી થઈ શકે છે.

કારણે કે કારણ વિના હસવું તે હર્ષ. અનિષ્ટ પ્રસંગો વગેરેમાં દીનતા તે શોક. અનિષ્ટ પ્રસંગો વગેરેમાં અણગમો તે જુગુપ્સા. ભય સાત પ્રકારે છે - આલોકનો ભય, પરલોકનો ભય, આજીવિકાનો ભય, અકસ્માત્ (નિષ્કારણ) ભય, વેદનાનો ભય, મરણનો ભય અને અપયશનો ભય. રતિ એટલે મનની પ્રીતિ. અરતિ એટલે મનની અપ્રીતિ. પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એ ત્રણ વેદ છે. જેના ઉદયથી સ્ત્રીને ભોગવવાની ઇચ્છા થાય તે પુરુષવેદ. જેના ઉદયથી જીવ પુરુષને ભોગવવા ઇચ્છે છે તે સ્ત્રીવેદ. જેના ઉદયથી જીવ સ્ત્રીને અને પુરુષને બન્નેને ભોગવવા ઇચ્છે છે તે નપુંસકવેદ.

एते नवापि नोकषाया मनसि प्रादुर्भवन्ति । ततो मनोदाढ्र्येन तेषां निर्दलनं शक्यम् । जलं निश्चलं न भवति । अतो जलमध्ये वातादिना तरङ्गा उत्पद्यन्ते । एवं यदि मनोऽपि जलवदस्थिरं भवति तर्हि तत्र नोकषायतरङ्गा उत्पद्यन्ते । मनसि निष्प्रकम्पे नोकषाय-विचयो नोत्पद्यन्ते । तस्मान्मनोबलं दृढीकृत्य नोकषाया निहन्तव्याः ॥१२॥

अवतरणिका - कषायनोकषायहननोपाया दर्शिताः । अधुना कषायनोकषायहननफलं दर्शयति -

मूलम् - रागद्वेषमयेष्वेषु, हतेष्वान्तरवैरिषु ।
साम्ये सुनिश्चले याया-दात्मैव परमात्मताम् ॥१३॥

अन्वयः - रागद्वेषमयेष्वेष्वान्तरवैरिषु हतेषु (सत्सु) साम्ये सुनिश्चले (जाते सति) आत्मैव परमात्मतां यायात् ॥१३॥

पद्मीया वृत्तिः - **रागद्वेषमयेषु** - रागश्च द्वेषश्चेति रागद्वेषौ, तयोर्विकारा इति रागद्वेषमयाः, तेषु, **एषु** - पूर्वोक्तेषु कषायनोकषायरूपेषु, **आन्तरवैरिषु** - अन्तर्भवा इत्यान्तराः, वैरिण-अरयः, आन्तराश्च ते वैरिणश्चेति आन्तरवैरिणः, तेषु, **हतेषु** - दूरीकृतेषु, **सत्स्वित्यत्राऽध्याहार्यम्**, **साम्ये** - समत्वे, **सुनिश्चले** - अतिशयेन निष्प्रकम्पे, **जाते**

આ નવે નોકષાયો મનમાં પેદા થાય છે. તેથી મનની દૃઢતાથી તેમનો નાશ કરવો શક્ય છે. પાણી નિશ્ચલ હોતું નથી. તેથી પાણીમાં પવન વગેરેથી તરંગો ઉત્પન્ન થાય છે. એમ જો મન પણ પાણીની જેમ અસ્થિર હોય તો તેમાં નોકષાયોના તરંગો પેદા થાય. મન જો અડગ હોય તો તેમાં નોકષાયોના તરંગો પેદા ન થાય. માટે મનોબળને દૃઢ કરીને નોકષાયોને હણવા. (૧૨)

અવતરણિકા - કષાયો-નોકષાયોને હણવાના ઉપાયો બતાવ્યા. હવે કષાયો-નોકષાયોને હણવાનું ફળ બતાવે છે -

શબ્દાર્થ - રાગદ્વેષમય આ અંદરના દુશ્મનો હણાયે છતે અને સમતા ખૂબ નિશ્ચલ થયે છતે આત્મા જ પરમાત્માપણાને પામે. (૧૩)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - કષાયો - નોકષાયો રાગ-દ્વેષના વિકારરૂપ છે. તેઓ અંદરના દુશ્મન છે. તેમને દૂર કરવાથી સમતા ખૂબ દૃઢ થાય છે. સમતા દૃઢ

सतीत्यत्राऽध्याहार्यम्, **आत्मा** - संसारिजीवः, **एव**शब्द आत्मव्यतिरिक्तस्य परमात्मत्वप्राप्तिं व्यवच्छिनत्ति, **परमात्मतां** - भगवत्स्वरूपम्, **यायात्** - प्राप्नुयात् ।

पूर्वोक्ताः सर्वेऽपि कषायनोकषाया रागद्वेषविकारभूताः, तेषां यथायथं रागद्वेषयोरन्तर्भावात् । उक्तञ्च **प्रशमरतौ** - '**मायालोभकषाय-श्चेत्येतद्रागसञ्ज्ञितं द्वन्द्वम् । क्रोधो मानश्च पुनर्द्वेष इति समासनिर्दिष्टः ॥३२॥**' वैरिणो द्विविधाः- आन्तरा बाह्याश्च । आन्तरवैरिण आत्मनो दोषाः । ते आत्मनो गुणसम्पदं चोरयन्ति । तत आत्मा गुणैर्दरिद्रो भवति । तत आन्तरवैरिण एव परमार्थतो वैरिणः । बाह्यवैरिणः प्राणाद्यपहारिणः संसारवर्त्तिनो जीवाः । ते बाह्यप्राणादिकमपहरन्ति । ते आत्मसम्पदमपहर्तुं न प्रभवन्ति । ततस्ते परमार्थत आत्मनो न काञ्चिदपि हानिं कर्तुं प्रभवन्ति । ततो वस्तुतस्ते न वैरिणः । कषायनोकषाया अपि आन्तरवैरिण एव । शत्रौ निहते सति सर्वत्र सुस्थता भवति । एवमान्तरवैरिषु हतेष्वात्मनि साम्यमतिशयेन निश्चलीभवति । व्याध्यपगमेन स्वास्थ्यमवाप्यते । एवं रागद्वेषापगमेन साम्यरूपं परमस्वास्थ्यं प्राप्यते । आन्तरवैरिणां सर्वथा क्षये साम्यं सुनिश्चलीभवति । तत् कदापि नाऽपगच्छति । तदानीं स जीवो वीतरागो भवति ।

થયે છતે આત્મા જ પરમાત્મા બની જાય છે.

પૂર્વે કહેલાં બધા ય કષાયો અને નોકષાયો રાગ-દ્વેષના વિકારરૂપ છે, કેમકે તેમનો યથાયોગ્ય રીતે રાગદ્વેષમાં અંતર્ભાવ થઈ જાય છે. **પ્રશમરતિ**માં કહ્યું છે - 'માયા અને લોભ એ બે કષાયનું નામ રાગ છે. ક્રોધ અને માનને સંક્ષેપથી દ્વેષ કહેવાય છે. (૩૨)' દુશ્મનો બે પ્રકારના છે - અંદરના અને બહારના. અંદરના દુશ્મનો આત્માના દોષો છે. તેઓ આત્માની ગુણસંપત્તિને લૂંટી લે છે. તેથી આત્મા ગુણોથી દરિદ્ર બની જાય છે. માટે અંદરના દુશ્મનો જ હકીકતમાં દુશ્મન છે. બહારના દુશ્મનો એટલે પ્રાણ વગેરેને હરનારા સંસારના જીવો. તેઓ બાહ્ય પ્રાણ વગેરેને લૂંટે છે. તેઓ આત્માની સંપત્તિને લૂંટી શકતા નથી. તેથી વાસ્તવમાં તેઓ આત્માનું કંઈ પણ નુકસાન કરી શકતા નથી. તેથી હકીકતમાં તેઓ દુશ્મન નથી. કષાયો-નોકષાયો પણ અંદરના દુશ્મનો જ છે. દુશ્મન હણાયે છતે બધે શાંતિ થાય છે. એમ અંદરના દુશ્મનો હણાયે છતે આત્મામાં સમતા ખૂબ દૃઢ થાય છે. રોગ દૂર થવાથી સ્વસ્થતા મળે છે. એમ રાગદ્વેષ દૂર થવાથી સમતારૂપી પરમસ્વસ્થતા મળે છે. અંદરના દુશ્મનોનો સંપૂર્ણ રીતે ક્ષય થયે છતે સમતા ખૂબ દૃઢ બને છે. તે ક્યારેય

स क्षीणकषायवीतरागछद्मस्थनामद्वादशं गुणस्थानकमधिरोहति । स शत्रुमित्रेषु सर्वजीवेषु समो भवति, प्रियाऽप्रियेषु सर्वसंयोगेषु समो भवति, इष्टानिष्टेषु सर्वप्रसङ्गेषु समो भवति, सुन्दराऽसुन्दरेषु च सर्वपुद्गलेषु समो भवति। इत्थं साम्ये सुस्थिरे जाते स आत्मैव परमात्मा भवति ।

अयमत्र रहस्यार्थः - **कषायसंयुक्त आत्मैव संसार्यात्मा । कषायनिर्मुक्त आत्मैव परमात्मा ।** उक्तश्चायमेवार्थः शब्दान्तरैर्योगशास्त्रेऽपि **चतुर्थे प्रकाशे - 'अयमात्मैव संसारः, कषायेन्द्रियनिर्जितः । तमेव तद्विजेतारं, मोक्षमाहुर्मनीषिणः ॥५॥' अध्यात्मसारेऽप्युक्तम् - 'चित्तमेव हि संसारो रागादिक्लेशवासितम् । तदेव तैर्विनिर्मुक्तं भवान्त इति कथ्यते ॥१८/८३॥'** ॥१३॥

अवतरणिका - आत्मैव परमात्मतां यायादिति पूर्वश्लोके उक्तम् । ततः कश्चित् शङ्कते - 'सर्वत्र परमात्मा तु आत्मनो भिन्नो दृश्यते, तत्कथं यूयं वदथ-आत्मैव परमात्मतां यायादिति ?' एनां शङ्कां समादधाति -

---

જતી નથી. ત્યારે તે જીવ વીતરાગ બને છે. તે ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ નામના બારમા ગુણઠાણે ચઢે છે. તે શત્રુમિત્રરૂપ બધા જીવોને વિષે સમાન હોય છે, પ્રિય અને અપ્રિય બધા સંયોગોને વિષે સમાન હોય છે, ઈષ્ટ અને અનિષ્ટ બધા પ્રસંગોને વિષે સમાન હોય છે, સારા અને ખરાબ બધા પુદ્ગલોને વિષે સમાન હોય છે. આમ સમતા ખૂબ જ નિશ્ચલ થયે છતે તે આત્મા જ પરમાત્મા બને છે.

અહીં રહસ્યાર્થ આવો છે - **કષાયથી યુક્ત આત્મા એ જ સંસારી આત્મા છે, કષાયથી રહિત આત્મા એ જ પરમાત્મા છે.** આ જ વાત **યોગશાસ્ત્ર**માં પણ **ચોથા પ્રકાશ**માં બીજા શબ્દોમાં કહી છે - 'કષાયો અને ઈન્દ્રિયોથી જીતાયેલો આ આત્મા જ સંસાર છે. કષાયોનો જય કરનારા તે આત્માને જ બુદ્ધિશાળીઓ મોક્ષ કહે છે. (૫)' **અધ્યાત્મસાર**માં પણ કહ્યું છે, 'રાગ વગેરે ક્લેશથી વાસિત ચિત્ત જ સંસાર છે. તેમનાથી મુક્ત થયેલું તે જ મોક્ષ એમ કહેવાય છે. (૧૮/૮૩).' (૧૩)

અવતરણિકા - આત્મા જ પરમાત્માપણાને પામે એમ પૂર્વેના શ્લોકમાં કહ્યું. તેથી કોઈક શંકા કરે છે - 'બધે પરમાત્મા તો આત્મા કરતા જુદા દેખાય છે. તો પછી 'આત્મા જ પરમાત્માપણાને પામે' એમ તમે શી રીતે કહો છો ?' આ શંકાનું સમાધાન કરે છે -

मूलम् - स तावद्देहिनां भिन्नः, सम्यग्यावन्न लक्ष्यते ।
लक्षितस्तु भजत्यैक्यं, रागाद्यञ्जनमार्जनात् ॥१४॥

अन्वयः - स यावत् सम्यग्न लक्ष्यते तावद्देहिनां भिन्नः (प्रतिभासते), रागाद्यञ्जन-मार्जनात् लक्षितस्तु (स) ऐक्यं भजति ॥१४॥

पद्मीया वृत्तिः - सः - आन्तरवैरिषु हतेष्वात्मन एव प्रादुर्भूतः परमात्मा, **यावत्** - यावन्तं कालं, **सम्यग्** - मोहमालिन्यविमुक्तसूक्ष्मबुद्ध्या यथावस्थितरूपेण, **न** - शब्दो निषेधे, **लक्ष्यते** - ज्ञायते, **तावत्** - तावन्तं कालं, **देहिनां** - आत्मनां, **भिन्नः** - स्वात्मनः पृथक्, **प्रतिभासते** इत्यत्राध्याहार्यम्, परन्तु **रागाद्यञ्जनमार्जनात्** - राग आदौ येषां ते रागादयः, ते एवाञ्जनम् - सम्यग्ज्ञानप्रतिबन्धको मल इति रागाद्यञ्जनम्, तस्य मार्जनं - अपगम इति रागाद्यञ्जनमार्जनम्, तस्मात्, **लक्षितः** - ज्ञातः, **तु** - परन्तु, स च भिन्नक्रमो यथास्थाने उपदर्शितश्च, **स** इत्यत्राध्याहार्यम्, **ऐक्यं** - एकत्वमात्मना सहाऽभेदमिति यावत्, **भजति** - प्राप्नोति ।

मलरूपाञ्जनलिप्तचक्षुः पुमान् वस्तु स्पष्टं न पश्यति । यदाऽञ्जनमार्जनेन तस्य नेत्रे निर्मले भवतस्तदा स वस्तु यथार्थरूपं पश्यति । कामलारोगपीडितो नरः शङ्खं पीतं

शब्दार्थ - તે પરમાત્મા જ્યાં સુધી બરાબર ઓળખાતા નથી ત્યાં સુધી જીવોને પોતાનાથી ભિન્ન લાગે છે, રાગ વગેરેના મલને સાફ કર્યા પછી ઓળખાયેલ તે પરમાત્મા જીવાત્માની સાથે એકતાને પામે છે. (એટલે કે જીવાત્માથી અભિન્નરૂપે જણાય છે.) (૧૪)

पद्मीयावृत्तिनो भावानुवाद - જ્યાં સુધી મોહની મલિનતા વિનાની સૂક્ષ્મ બુદ્ધિથી પરમાત્માનું સાચુ જ્ઞાન થતું નથી ત્યાં સુધી તે પરમાત્મા આત્માથી ભિન્ન લાગે છે. રાગ વગેરેનો મેલ સાફ થવાથી નિર્મળ થયેલી બુદ્ધિથી જ્યારે પરમાત્માનું જ્ઞાન કરાય છે ત્યારે તે આત્માથી અભિન્ન લાગે છે.

મેલવાળી આંખવાળો પુરુષ વસ્તુને સ્પષ્ટ રીતે જોતો નથી. જ્યારે મેલ દૂર થવાથી તેની આંખ નિર્મળ થાય છે ત્યારે તે વસ્તુને બરાબર જુવે છે. કમળાના રોગથી પીડાયેલ મનુષ્ય શંખને પીળો જુવે છે. તે જ જ્યારે નીરોગી બને છે ત્યારે

पश्यति । स एव यदा नीरोगी भवति तदा तमेव शङ्खं सितं पश्यति । रागादय आत्मनोऽज्ञानरूपाः, यतस्तैर्लिप्ता देहिनः सम्यग्न पश्यन्ति, अपि तु वितथं पश्यन्ति । रागाद्यज्ञानकलङ्किता देहिनः परमात्मानमात्मनो भिन्नं पश्यन्ति । यदा रागाद्यज्ञानमार्जनं भवति तदा त एव तमेव परमात्मानमात्मनोऽभिन्नं पश्यन्ति । आत्मपरमात्मैक्यज्ञाने रागादयो विबन्धकाः । प्रतिबन्धकसमुपस्थितौ कार्यं न भवति, तथाहि-चन्द्रकान्तमणिसमुपस्थितावग्निना दाहकार्यं न भवति । चन्द्रकान्तमणौ दूरीकृतेऽग्निदाहो भवति । शेषसर्वसामग्रीसत्त्वेऽपि यदि प्रतिबन्धकाभावरूपं कारणं न विद्यते तर्हि कार्यं न भवति । अत्राऽऽत्मपरमात्मैक्यज्ञानरूपं कार्यम्, रागादयः प्रतिबन्धकाः, रागाद्यभावः प्रतिबन्धकाभावः । रागाद्यभावात्मकप्रतिबन्धकाभावे जाते आत्मपरमात्मैक्यज्ञानरूपं कार्यं भवति ॥१४॥

अवतरणिका - रागाद्यज्ञानमार्जनादात्मपरमात्मनोरैक्यं लक्ष्यते इति दर्शितम् । ऐक्ये जाते आत्मानो यादृशा जायन्ते तदधुना दर्शयति -

मूलम् - यादृशोऽनन्तवीर्यादि-गुणोऽतिविमलः[1] प्रभुः ।
तादृशास्तेऽपि जायन्ते, कर्ममालिन्यशोधनात् ॥१५॥

તે જ શંખને સફેદ જુવે છે. રાગ વગેરે આત્માના મેલ છે, કેમકે તેનાથી લેપાયેલા જીવો બરાબર જોતા નથી અને ઊંધુ જુવે છે. રાગ વગેરેના મેલથી કલંકિત જીવો પરમાત્માને આત્માથી ભિન્ન જુવે છે. જ્યારે રાગ વગેરેનો મેલ દૂર થાય છે ત્યારે તે જ જીવો તે જ પરમાત્માને આત્માથી અભિન્ન જુવે છે. આત્મા અને પરમાત્માની એકતાનું જ્ઞાન થવામાં રાગ વગેરે પ્રતિબંધકો છે. પ્રતિબંધકની હાજરીમાં કાર્ય ન થાય, જેમ કે ચન્દ્રકાન્તમણિની હાજરીમાં અગ્નિથી દાહનું કાર્ય થતું નથી. ચન્દ્રકાન્તમણિ દૂર કરાયે છતે અગ્નિથી દાહ થાય છે. બાકી બધી સામગ્રી હોવા છતા પણ જો પ્રતિબન્ધકાભાવરૂપ કારણ ન હોય તો કાર્ય ન થાય. અહીં આત્મા અને પરમાત્માની એકતાનું જ્ઞાન એ કાર્ય છે. રાગ વગેરે પ્રતિબન્ધકો છે. રાગ વગેરેનો અભાવ એ પ્રતિબન્ધકોનો અભાવ છે. રાગ વગેરેના અભાવરૂપ પ્રતિબન્ધકાભાવ થયે છતે આત્મા અને પરમાત્માની એકતાના જ્ઞાનરૂપી કાર્ય થાય છે. (૧૪)

અવતરણિકા - રાગ વગેરેના મેલને સાફ કર્યા પછી આત્મા અને પરમાત્માની એકતા જણાય છે એમ બતાવ્યું. એકતા થવા પર આત્માઓ જેવા થાય છે તે હવે બતાવે છે -

---

१. ..... विमलप्रभुः - G, J।

अन्वयः - यादृशोऽनन्तवीर्यादिगुणोऽतिविमलः प्रभुः(अस्ति) तेऽपि कर्ममालिन्य-शोधनात् तादृशा जायन्ते ॥१५॥

पद्यीया वृत्तिः - यादृशः - यत्स्वरूपः, तदेव स्वरूपं दर्शयति - **अनन्तवीर्यादि-गुणः** - नास्ति अन्तः-पर्यवसानं यस्य तदनन्तम्, वीर्यम् - शक्तिः, अनन्तञ्च तद्वीर्यञ्चेति अनन्तवीर्यम्, तद् आदौ येषामनन्तज्ञानादीनामिति अनन्तवीर्यादयः, ते गुणाः - स्वभावभूता विशेषा यस्य सोऽनन्तवीर्यादिगुणः, **अतिविमलः** - अतिशयेन - अपुनर्भावेन विगतः कर्मरूपो मलो यस्य स इति अतिविमलः, **प्रभुः** - परमात्मा, **अस्ती**त्यत्राध्याहार्यम्, **ते** - संसारिण आत्मानः, **अपि**शब्दः परमात्मानस्तु तादृशा सन्त्येव, संसार्यात्मानोऽपि तादृशा भवन्तीति द्योतयति, **कर्ममालिन्यशोधनात्** - कर्म एव मालिन्यमिति कर्ममालिन्यम्, कर्मणा वा कृतं मालिन्यमिति कर्ममालिन्यम्। तस्य शोधनं-शुद्धिरिति कर्ममालिन्य-शोधनम्, तस्मात्, **तादृशाः** - परमात्मतुल्यगुणस्वामिनः, **जायन्ते** - भवन्ति।

परमात्मा कर्ममालिन्येन सर्वथा विमुक्तः। सोऽतिशेयन निर्मलः। अनन्तज्ञान-अनन्तदर्शन-अनन्तचारित्र-अव्याबाधसुख-अक्षयस्थिति-अरूपित्व-अगुरुलघुत्व-अनन्तशक्त्यादयः परमात्मनो गुणाः। परमात्माऽनन्तगुणस्वामी। तस्मिन्दोषलेशोऽपि न विद्यते। परमात्मा जात्यसुवर्णवत्सर्वगुणसम्पन्नः। संसार्यात्मन्यपि ते सर्वे गुणा

शब्दार्थ - જેમ પરમાત્મા અનંતવીર્ય વગેરે ગુણોવાળા અને અતિનિર્મળ છે તેમ તે આત્માઓ પણ કર્મની મલિનતા દૂર થવાથી તેવા થાય છે. (૧૫)

पद्मीयावृत्तिनो भावानुवाद - અનંત વીર્ય, અનંત જ્ઞાન વગેરે ગુણો પરમાત્માના સ્વભાવરૂપ છે. કર્મરૂપી મેલથી રહિત હોવાથી પરમાત્મા અતિનિર્મળ છે. કર્મની મલિનતાની શુદ્ધિ થવાથી તે સંસારી આત્માઓ પણ પરમાત્માની સમાન ગુણવાળા થાય છે.

પરમાત્મા કર્મની મલિનતાથી સંપૂર્ણ રીતે મૂકાયેલા છે. તેઓ અતિશય નિર્મળ છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અવ્યાબાધસુખ, અક્ષયસ્થિતિ, અરૂપીપણું, અગુરુલઘુપણું, અનંતશક્તિ વગેરે પરમાત્માના ગુણો છે. પરમાત્મા અનંતગુણોના સ્વામી છે. તેમનામાં જરાય દોષ નથી. પરમાત્મા સો ટચના સોનાની જેમ બધા ગુણોથી યુક્ત છે. સંસારી આત્મામાં પણ તે બધા ગુણો છે જ, પણ તેઓ

विद्यन्ते एव । परन्तु ते कर्म्मावरणेनाऽऽवृताः सन्ति । ततस्ते प्रकटा न दृश्यन्ते नाप्यनुभूयन्ते । कृष्णमेघैरावृतस्य सूर्यस्य प्रभाऽस्पष्टा भवति । आत्मन्यप्यनन्तानन्तानि कर्म्माणि सन्ति । तैरावृतस्याऽऽत्मसूर्यस्य गुणप्रभा छन्ना भवति । यदा वातेन मेघा निर्गच्छन्ति तदा सूर्यस्य प्रभा सुस्पष्टा भवति । तदा तस्य प्रभाया लेशोऽप्यावृतो न भवति । सा सर्वथाऽऽनावृता भवति । एवं यदाऽऽत्मनः सर्वथा कर्म्ममलाऽपगमो भवति तदा तस्य सर्वे गुणाः प्रकटा भवन्ति, तस्यैकोऽपि गुणस्तदा प्रच्छन्नो न भवति । इत्थं कर्म्ममलाऽपगमे जीवस्य सर्वेऽपि गुणाः प्रकटीभवन्ति । ततो जीवस्य गुणाः परमात्मगुणतुल्या भवन्ति । इत्थं कर्म्ममलाऽपगमे जाते जीवः सर्वथा परमात्मतुल्यो भवति । परमात्मतस्तस्मिन्लेशमात्रमपि हीनत्वं नास्ति ॥१५॥

अवतरणिका - संसारिण आत्मानो भिन्नस्वरूपाः । अत आत्मपरमात्मैक्ये जाते परमात्मानोऽपि भिन्नस्वरूपाः स्युरित्याशङ्कां समादधाति -

---

કર્મના આવરણથી ઢંકાયેલા છે. તેથી તેઓ પ્રગટ રીતે દેખાતા નથી અને અનુભવાતા પણ નથી. કાળા ડિબાંગ વાદળોથી ઢંકાયેલા સૂર્યની પ્રભા અસ્પષ્ટ હોય છે. આત્માની ઉપર પણ અનંતાનંત કર્મો છે. તેમનાથી ઢંકાયેલા આત્મારૂપી સૂર્યની ગુણોરૂપી પ્રભા ઢંકાઈ જાય છે. જ્યારે પવનથી વાદળો નીકળી જાય છે ત્યારે સૂર્યની પ્રભા એકદમ સ્પષ્ટ થઈ જાય છે. તેની પ્રભા ત્યારે જરાય ઢંકાયેલી હોતી નથી. તે સંપૂર્ણ રીતે પ્રગટ હોય છે. એમ જ્યારે આત્મા ઉપરથી સંપૂર્ણ રીતે કર્મનો મેલ નીકળી જાય છે ત્યારે તેના બધા ગુણો પ્રગટ થઈ જાય છે. તેનો એક પણ ગુણ ત્યારે ઢંકાયેલો હોતો નથી. આમ કર્મનો મેલ દૂર થવા પર જીવના બધા ય ગુણો પ્રગટ થાય છે. તેથી જીવના ગુણો પરમાત્માના ગુણોની સમાન બને છે. આમ કર્મમલ દૂર થયે છતે જીવ સંપૂર્ણ રીતે પરમાત્માની સમાન બને છે. પરમાત્મા કરતા તેનામાં જરાય હીનપણું હોતું નથી. (૧૫)

અવતરણિકા - સંસારીઆત્માઓ ભિન્ન સ્વરૂપવાળા છે. તેથી આત્મા-પરમાત્માની એકતા થવા પર પરમાત્મા પણ ભિન્ન સ્વરૂપવાળા થશે એવી શંકાનું સમાધાન કરે છે -

मूलम् - आत्मानो देहिनो भिन्नाः, कर्म्मपङ्ककलङ्किताः ।
[1]अदेहः [2]कर्मनिर्मुक्तः, परमात्मा न भिद्यते ॥१६॥

अन्वयः - देहिनः कर्म्मपङ्ककलङ्किता आत्मानो भिन्नाः, अदेहः कर्मनिर्मुक्तः परमात्मा (अन्यपरमात्मतः) न भिद्यते ॥१६॥

पद्मीया वृत्तिः - देहिनः - देहोऽस्ति एषामिति देहिनः - देहवर्त्तिनः, **कर्म्मपङ्ककलङ्किताः** - कर्म्म - आत्मनां शुभाशुभाध्यवसायैस्तेषु क्षीरनीरवदयोऽग्निवद्वा सम्बद्धः कार्म्मणवर्गणापुद्गलः, तदेवाऽऽत्मनो मलिनीकरणात् पङ्कः - जम्बाल इति कर्मपङ्कः, तेन कलङ्किताः - दोषदुष्टा इति कर्मपङ्ककलङ्किताः, **आत्मानः** - संसारिजीवाः, **भिन्नाः** - परस्परं पृथग्भूताः, **अदेहः** - न विद्यते देहः शरीरं यस्य सोऽदेहः, **कर्मनिर्मुक्तः** - कर्म्मभिर्निःशेषेण-सम्पूर्णतया मुक्तः - रहित इति कर्मनिर्मुक्तः, **परमात्मा, न**शब्दो निषेधे, **अन्यपरमात्मत** इत्यत्राऽध्याहार्यं, **भिद्यते** - पृथक्स्वरूपोऽस्ति ।

सर्वेऽपि संसारिजीवा देहयुक्ताः । देहः सर्वेषां पृथक्पृथक् । ततस्त आत्मानोऽपि परस्परं भिन्नाः । परमात्मनोऽपि ते भिन्नाः, यतः स देहरहितः । पङ्को वस्तु मलिनीकरोति । एवं कर्म्माऽपि आत्मनः कलङ्कयति । सर्वेषां जीवानां कर्माणि भिन्नानि विचित्राणि च ।

शब्दार्थ - શરીરમાં રહેલા, કર્મરૂપી કાદવથી કલંકિત થયેલા આત્માઓ ભિન્ન છે. શરીરરહિત, કર્મરહિત પરમાત્મામાં ભેદ નથી. (૧૬)

पद्मीयावृत्तिनो भावानुवाद - કર્મ એટલે આત્માઓના સારા કે ખરાબ અધ્યવસાયોથી તેમની સાથે દૂધ-પાણીની જેમ કે લોઢા-અગ્નિની જેમ એકમેક થયેલા કાર્મણવર્ગણના પુદ્ગલો. શરીરમાં રહેલા અને કર્મના કાદવથી ખરડાયેલા સંસારીજીવો એક-બીજાથી જુદા છે. પરમાત્મા શરીર વિનાના છે અને સંપૂર્ણ રીતે કર્મોથી રહિત છે. તેથી તેમનું સ્વરૂપ બીજા પરમાત્માથી જુદું નથી.

બધા ય સંસારી જીવો શરીરવાળા છે. શરીર બધાનું જુદું છે. તેથી તે આત્માઓ પણ એકબીજા કરતા જુદા છે. પરમાત્મા કરતા પણ તેઓ જુદા છે, કેમકે પરમાત્મા શરીર વિનાના છે. કાદવ વસ્તુને મલિન કરે છે. એમ કર્મ પણ આત્માઓને કલંકિત

---

१. अदेहकर्म्मनिर्मुक्तः - B, C। २. कर्मनिर्मुक्तेः - E, G, J।

तेषां विपाकेन जीवा अपि विचित्रदशाभाजो भवन्ति । ततस्ते परस्परं भिद्यन्ते । परमात्मा कर्मभिः सर्वथा रहितः । ततः संसारिजीवाः परमात्मनोऽपि भिद्यन्ते । भिन्नदेहकर्मवशात्संसारिजीवानां स्वरूपं भिन्नं भिन्नम् । परमात्मा तु देहकर्मरहितः । ततः स एकस्वरूपः भवति । जीवानां वैचित्र्यं देहकर्मकृतम् । परमात्मा तु देहकर्मरहितत्वादेकस्वरूप एव ।

उपर्युक्तस्यार्थस्य स्पष्टीकरणार्थमेकं ज्ञातं दर्शयामि-पञ्चसूपकरणेषु भिन्नभिन्नवर्णयुक्तं जलं ग्राह्यम् - प्रथमे कृष्णवर्णं, द्वितीये नीलवर्णं, तृतीये रक्तवर्णं, चतुर्थे पीतवर्णं, पञ्चमे च कर्बुरवर्णम् । षष्ठे उपकरणे शुद्धं जलं ग्राह्यम् । प्रथमपञ्चोपकरणवर्तीनि जलानि परस्परं भिन्नानि । तानि षष्ठोपकरणवर्त्ति जलादपि भिन्नानि । यदा विशिष्टप्रक्रियया प्रथमपञ्चोपकरणवर्त्तिजलेभ्यो वर्णः पृथक्क्रियते तदा तान्यपि षष्ठोपकरणवर्त्तिजलसदृशानि भवन्ति । तदा तानि परस्परं वा षष्ठोपकरणवर्त्तिजलाद्वा न भिद्यन्ते । तानि सर्वाण्यपि एकस्वरूपाणि भवन्ति । अयमत्रोपनयः-पञ्चोपकरणवर्त्तिवर्णयुक्तजलतुल्याः संसारिजीवाः ।

કરે છે. બધા જીવોના કર્મો જુદા જુદા અને વિચિત્ર હોય છે. તે કર્મોના ઉદયથી જીવોની પણ અવસ્થાઓ વિચિત્ર થાય છે. તેથી તેઓ એકબીજા કરતા જુદા છે. પરમાત્મા સંપૂર્ણ રીતે કર્મોથી રહિત છે. તેથી સંસારી જીવો પરમાત્મા કરતા પણ જુદા છે. જુદા શરીર અને જુદા કર્મોને લીધે સંસારી જીવોનું સ્વરૂપ જુદું જુદું છે. પરમાત્મા તો શરીર અને કર્મોથી રહિત છે. તેથી તે એકસ્વરૂપી છે. જીવોની વિચિત્રતા શરીર અને કર્મોને કારણે છે. પરમાત્મા તો શરીર અને કર્મો વિનાના હોવાથી એકસ્વરૂપવાળા છે.

ઉપર કહેલી વાતને સ્પષ્ટ કરવા એક ઉદાહરણ બતાવું છું - પાંચ વાસણોમાં રંગવાળુ પાણી લેવું - પહેલામાં કાળું, બીજામાં નીલું, ત્રીજામાં લાલ, ચોથામાં પીળું અને પાંચમામાં કાબરચિતરું. છઠ્ઠા વાસણમાં શુદ્ધ પાણી લેવું. પહેલા પાંચ વાસણના પાણી એકબીજાથી જુદા છે. તેઓ છઠ્ઠા વાસણના પાણી કરતા પણ જુદા છે. જ્યારે વિશિષ્ટ પ્રક્રિયા વડે પહેલાં પાંચ વાસણના પાણીમાંથી રંગ દૂર કરાય છે ત્યારે તેઓ પણ છઠ્ઠા વાસણના પાણી જેવા થઈ જાય છે. ત્યારે તેઓ એકબીજા કરતા કે છઠ્ઠા વાસણના પાણી કરતા જુદા નથી. તે બધા ય એકસ્વરૂપવાળા થાય છે. અહીં ઉપનય આ પ્રમાણે છે - પાંચ વાસણોમાં રહેલા રંગવાળા પાણી જેવા સંસારી જીવો

षष्ठोपकरणवर्त्तिशुद्धजलतुल्यः परमात्मा । संसारिदशायां जीवात्मानः परस्परं परमात्मनश्च भिन्नस्वरूपा भवन्ति । साधनया यदा जीवानां सर्वकर्मणां क्षयो भवति देहमुक्ताश्च ते भवन्ति तदा ते परस्परं परमात्मनश्चाऽभिन्नस्वरूपा भवन्ति । इदमत्राऽवधेयम् - यद्यपि परमात्मानः स्वरूपेणाऽभिन्नास्तथापि व्यक्तित्वेन तु भिन्ना एव, न त्वेकस्मिन्परमात्मन्यन्ये सर्वेऽप्यन्तर्भूताः । अनन्तरभाविवृत्ते इदं स्फुटीभविष्यति ॥१६॥

अवतरणिका - आत्मनां भिन्नत्वेऽपि परमात्माऽभिन्न इति दर्शितम् । तत्र कारणं दर्शयति -

मूलम् - [१]सङ्ख्ययाऽनेकरूपोऽपि, गुणतस्त्वेक एव सः ।
अनन्तदर्शनज्ञान-वीर्यानन्दगुणात्मकः ॥१७॥

अन्वयः -सङ्ख्ययाऽनेकरूपोऽपि अनन्तदर्शनज्ञानवीर्यानन्दगुणात्मकः स गुणतस्त्वेक एव ॥१७॥

पद्यीया वृत्तिः - सङ्ख्यया - गणनया, **अनेकरूपः** - अनेकानि-प्रभूतानि

છે. છઠ્ઠા વાસણના શુદ્ધ પાણી જેવા પરમાત્મા છે. સંસારી અવસ્થામાં જીવાત્માઓ એકબીજાથી અને પરમાત્માથી જુદા સ્વરૂપવાળા હોય છે. સાધનાથી જ્યારે જીવોના બધા કર્મોનો ક્ષય થાય છે અને તેઓ શરીરથી મુક્ત થાય છે ત્યારે તેઓ એકબીજાની અને પરમાત્માની સમાનસ્વરૂપવાળા થાય છે. અહીં એટલું ધ્યાન રાખવું - જો કે પરમાત્માઓ સ્વરૂપથી અભિન્ન છે, છતાં વ્યક્તિરૂપે તો તેઓ ભિન્ન જ છે, એક જ પરમાત્મામાં બીજા બધા પરમાત્માઓનો અંતર્ભાવ થતો નથી. હવે પછીના શ્લોકમાં આ બાબત સ્પષ્ટ થશે. (૧૬)

અવતરણિકા - આત્માઓ ભિન્ન હોવા છતાં પરમાત્મા અભિન્ન છે એમ બતાવ્યું. તેનું કારણ બતાવે છે -

શબ્દાર્થ - સંખ્યાથી અનેકરૂપવાળો હોવા છતા અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત વીર્ય, અનંત આનંદ ગુણો સ્વરૂપ તે (પરમાત્મા) ગુણથી તો એક જ છે. (૧૭)

---

१. सङ्ख्येयो - J।

रूपाणि - स्वरूपाणि यस्य सोऽनेकरूपः, **अपि**शब्दः पक्षान्तरं प्रस्तावयति, **अनन्तदर्शनज्ञान-वीर्यानन्दगुणात्मकः**-दर्शनं-वस्तुनः सामान्यबोधः, ज्ञानं-वस्तुनो विशेषबोधः, वीर्यं - शक्तिः, आनन्दः-आत्मिकसुखम्, दर्शनञ्च ज्ञानञ्च वीर्यञ्चाऽऽनन्दश्चेति दर्शनज्ञानवीर्यानन्दाः, अनन्ताः-अपरिमिताः, ते च ते दर्शनज्ञानवीर्यानन्दाश्चेति अनन्तदर्शनज्ञानवीर्यानन्दाः, ते च ते गुणाः-दोषप्रतिपक्षभूताश्चेति अनन्तदर्शनज्ञान-वीर्यानन्दगुणाः, ते एवाऽऽत्मा स्वरूपं यस्य सोऽनन्तदर्शनज्ञानवीर्यानन्दगुणात्मकः, **सः** - परमात्मा, **गुणतः** - स्वंरूपापेक्षया, **तु**शब्दो अनेकरूपापेक्षया पक्षान्तरं द्योतयति, **एकः** - अभिन्नः, **एव**शब्दो भिन्नत्वं व्यवच्छिनत्ति।

जीवात्मानोऽनन्ताः। तेभ्यो ये साधनां कृत्वा कर्म क्षपयन्ति ते परमात्मस्वरूपा भवन्ति। ततः परमात्मानोऽप्यनेके। ते व्यक्त्यपेक्षयाऽनेके दृश्यन्ते। तथापि ते सर्वे समानगुणवन्तः। अनन्तज्ञानादयः परमात्मनां गुणास्तुल्या एव। ते गुणाः सर्वेषां परमात्मनां स्वरूपभूताः। यावन्त एकस्य परमात्मनो गुणास्तावन्त एव सर्वेषां परमात्मनां गुणाः, यावन्तः सर्वेषां परमात्मनां गुणास्तावन्त एकस्यापि परमात्मनः। इत्थं सर्वेषां परमात्मनां गुणाः समाना एव। पञ्चसूपकरणेषु स्थितं शुद्धं जलं व्यक्त्यपेक्षया परस्परं भिन्नमपि

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - વ્યક્તિભેદથી પરમાત્મા અનેક છે. સ્વરૂપની અપેક્ષાએ પરમાત્મા એક જ છે. અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય, અનંતઆનંદ - આ ગુણો એ પરમાત્માનું સ્વરૂપ છે. દર્શન એટલે વસ્તુનો સામાન્ય બોધ. જ્ઞાન એટલે વસ્તુનો વિશેષ બોધ. વીર્ય એટલે શક્તિ. આનંદ એટલે આત્મિક સુખ.

જીવાત્માઓ અનંતા છે. તેમાંથી જેઓ સાધના કરીને કર્મક્ષય કરે છે તેઓ પરમાત્માસ્વરૂપ બને છે. તેથી પરમાત્મા અનેક છે. તેઓ વ્યક્તિની અપેક્ષાએ અનેક દેખાય છે. છતાં પણ તેઓ બધા સમાન ગુણવાળા છે. અનંતજ્ઞાન વગેરે પરમાત્માઓના ગુણો તુલ્ય જ છે. તે ગુણો બધા પરમાત્માઓના સ્વરૂપસમા છે. જેટલા એક પરમાત્માના ગુણો છે તેટલા જ બધા પરમાત્માઓના ગુણો છે, જેટલા બધા પરમાત્માઓના ગુણો છે તેટલા એક પરમાત્માના ગુણો છે. આમ બધા પરમાત્માઓના ગુણો સમાન જ છે. પાંચ વાસણોમાં રહેલું શુદ્ધ પાણી વ્યક્તિરૂપે જુદું જુદું હોવા છતાં સ્વરૂપની અપેક્ષાએ એક જ છે. એમ પરમાત્માઓ પણ

स्वरूपापेक्षयैकमेव । एवं परमात्मानोऽपि व्यक्त्यपेक्षया भिन्ना अपि स्वरूपापेक्षया तुल्या एव । ततस्तुल्यगुणवत्त्वेन ते सर्वेऽप्येकरूपा एव । इत्थं परमात्मा एकानेकरूपो भवति- व्यक्त्यपेक्षयाऽनेकः स्वरूपापेक्षया त्वेकः ॥१७॥

अवतरणिका - उपर्युक्तमेव परमात्मन एकत्वं दृष्टान्तेन समर्थयति -

मूलम् - जातरूपं यथा जात्यं, बहुरूपमपि स्थितम् ।
सर्वत्रापि तदेवैकं, परमात्मा तथा प्रभुः ॥१८॥

अन्वयः - यथा बहुरूपमपि स्थितं जात्यं जातरूपं सर्वत्रापि तद् एकमेव, तथा परमात्मा प्रभुः (एकः) ॥१८॥

पद्यीया वृत्तिः - **यथा**शब्दो दृष्टान्तोपन्यासार्थः, **बहुरूपं** - बहूनि - अनेकानि रूपाणि - स्वरूपाणि यस्य तद् बहुरूपम्, **अपि**शब्द एकरूपं त्वेकमेव भवति बहुरूपमप्येकमेव भवतीति द्योतयति, **स्थितं** - व्यवस्थितं, **जात्यं** - शुद्धं न तु मलिनं, **जातरूपं** - सुवर्णं, **सर्वत्र** - सर्वस्थानेषु, **अपि**शब्द एकस्मिन्स्थाने त्वेकमेव परन्तु सर्वत्रापि एकमेवेति द्योतयति, **तत्** - सुवर्णं, **एकं** - अभिन्नस्वरूपं, **एव**शब्दो भिन्नस्वरूपत्वं व्यवच्छिनत्ति, **तथा**शब्द उपनयप्रदर्शनार्थः, **परमात्मा प्रभुः, एक** इत्यत्राध्याहार्यम् ।

વ્યક્તિરૂપે ભિન્ન હોવા છતાં પણ સ્વરૂપની અપેક્ષાએ સમાન જ છે. તેથી સમાન-ગુણવાળા હોવાથી તે બધા ય એકસ્વરૂપ જ છે. આમ પરમાત્મા એક પણ છે અને અનેક પણ છે - વ્યક્તિરૂપે તે અનેક છે, સ્વરૂપની અપેક્ષાએ તે એક છે. (૧૭)

અવતરણિકા - ઉપર કહેલ 'પરમાત્મા એક છે' એ વાતનું દૃષ્ટાન્તથી સમર્થન કરે છે -

શબ્દાર્થ - જેમ ઘણા સ્વરૂપે રહેલું શુદ્ધ સુવર્ણ બધે ય એક જ છે, તેમ પરમાત્મા એવા પ્રભુ પણ એક જ છે. (૧૮)

પદ્યીયાવૃત્તિનો ભાવાનુવાદ - એક સ્થાનમાં રહેલું શુદ્ધ સુવર્ણ તો એક જ હોય છે, પણ બધે ઠેકાણે રહેલું ઘણા આકારવાળુ શુદ્ધ સુવર્ણ પણ એક જ છે. તેમ પરમાત્મા પણ એક જ છે.

अशुद्धं सुवर्णमनेकप्रकारमस्ति । मलिनतातारतम्येन तस्य वैचित्र्यं भवति । सुवर्णं शुद्धीकरणार्थमग्निना ताप्यते । यथा यथा तत् ताप्यते तथा तथा तस्य मलिनता दूरीभवति । मालिन्ये सर्वथाऽपगते तत् सुविशुद्धं भवति । शुद्धसुवर्णस्याऽष्टौ गुणाः । अशुद्धसुवर्णे ते न सन्ति । विविधस्थानेषु वर्त्तमानमशुद्धं सुवर्णं विविधप्रकारमस्ति । सर्वस्थानेषु विद्यमाने शुद्धसुवर्णेऽष्टौ गुणाः सन्त्येव । ततः सर्वत्र विद्यमानं शुद्धसुवर्णं समानमेव । व्यक्तिरूपेणाऽऽकृत्या च तस्य भिन्नत्वेऽपि गुणाऽपेक्षया तदेकमेव । एवं कर्ममलिना आत्मानो विविधप्रकाराः संन्ति । कर्ममालिन्यतारतम्येन तेषां विचित्रता भवति । सा तु प्रत्यक्षतो दृश्यते एव । साधनाऽग्निनाऽऽत्मनां कर्ममालिन्यं दूरीभवति । यथा यथा साधना क्रियते तथा तथा कर्ममालिन्यमपगच्छति । कर्ममालिन्ये सर्वथाऽपगते आत्मा परमात्मा भवति । परमात्मन्यनन्तगुणाः सन्ति । संसार्यात्मसु ते न सन्ति । सर्वेषामपि परमात्मनां गुणास्तुल्या एव । ततो व्यक्तिरूपेणाऽऽकृत्या च परमात्मनामनन्तत्वेऽपि गुणापेक्षया परमात्मैक एव । गुणाऽपेक्षयैकत्वमन्यत्राऽपि प्रसिद्धम् । तथाहि - **ओघनिर्युक्ता**वुक्तम्

અશુદ્ધ સુવર્ણ અનેક પ્રકારનું છે. મલિનતાની તરતમતાથી તેની વિચિત્રતા હોય છે. સુવર્ણને શુદ્ધ કરવા તે અગ્નિથી તપાવાય છે. જેમ જેમ તે તપાવાય છે તેમ તેમ તેનો મેલ દૂર થાય છે. મલિનતા સર્વથા દૂર થાય એટલે તે એકદમ વિશુદ્ધ થાય છે. શુદ્ધ સુવર્ણના આઠ ગુણ છે. તે અશુદ્ધ સુવર્ણમાં હોતા નથી. જુદા જુદા સ્થાનમાં રહેલું અશુદ્ધ સુવર્ણ જુદા જુદા પ્રકારનું છે. બધા સ્થાનોમાં રહેલ શુદ્ધ સુવર્ણમાં આઠ ગુણો હોય જ. તેથી બધે રહેલ શુદ્ધ સુવર્ણ સમાન જ છે. વ્યક્તિરૂપે અને આકૃતિથી તે જુદુ હોવા છતા પણ ગુણોની અપેક્ષાએ તે એક જ છે. એમ કર્મથી મલિન આત્માઓ વિવિધ પ્રકારના છે. કર્મની મલિનતાની તરતમતાથી તેમની વિચિત્રતા થાય છે. તે તો પ્રત્યક્ષથી દેખાય જ છે. સાધનાના અગ્નિથી આત્માઓની કર્મની મલિનતા દૂર થાય છે. જેમ જેમ સાધના કરાય છે તેમ તેમ કર્મની મલિનતા દૂર થાય છે. કર્મની મલિનતા સર્વથા દૂર થાય એટલે આત્મા પરમાત્મા બને છે. પરમાત્મામાં અનંતગુણો છે. તે સંસારી જીવોમાં નથી. બધા ય પરમાત્માઓના ગુણ તુલ્ય જ છે. તેથી વ્યક્તિરૂપે અને આકૃતિથી પરમાત્માઓ અનંત હોવા છતાં પણ ગુણોની અપેક્ષાએ પરમાત્મા એક જ છે. ગુણોની અપેક્ષાએ એકપણું હોવાની વાત બીજે પણ પ્રસિદ્ધ છે. તે આ પ્રમાણે - **ઓઘનિર્યુક્તિ**માં કહ્યું છે - 'એક સાધુની પૂજા

'भरहेरवयविदेहे पन्नरसवि कम्मभूमिगा साहू । एक्कंमि हीलियंमि सव्वे ते हीलिया हुंति ॥५२६॥ भरहेरवयविदेहे, पन्नरस वि कम्मभूमिगा साहू । एक्कंमि पूइयंमि, सव्वे ते पूइया हुंति ॥५२७॥' (**छाया** - भरतैरवतविदेहेषु पञ्चदशकर्म्मभूमिगाः अपि साधवः । एकस्मिन् हीलिते सर्वे ते हीलिता भवन्ति ॥५२६॥ भरतैरवतविदेहेषु, पञ्चदश-कर्म्मभूमिगाः अपि साधवः । एकस्मिन् पूजिते, सर्वे ते पूजिता भवन्ति ॥५२७॥) **पुष्पमालाया**मप्युक्तम् - **'भरहेरवयविदेहे, पन्नरसवि कम्मभूमिया साहू । इक्कम्मि पूईयम्मि, सव्वे ते पूईया हुंति ॥४२०॥ एक्कम्मि हीलियम्मिवि, सव्वे ते हीलिया मुणेयव्वा । नाणाईण गुणाणं, सव्वत्थ वि तुल्लभावाओ ॥४२१॥'** (**छाया** - भरतैरवतविदेहेषु पञ्चदशकर्म्मभूमिगाः अपि साधवः । एकस्मिन् पूजिते सर्वे ते पूजिता भवन्ति ॥४२०॥ एकस्मिन् हीलिते सर्वे ते हीलिता ज्ञातव्याः । ज्ञानादीनां गुणानां सर्वत्रापि तुल्यभावात् ॥४२१॥) अत्रैकस्मिन्साधौ पूजिते सर्वेऽपि साधवः पूजिता भवन्ति, एकस्मिंश्च साधौ हीलिते सर्वेऽपि साधवो हीलिता भवन्तीति यदुक्तं तद्गुणापेक्षया साधूनामेकत्वमपेक्ष्यैव । व्यक्तिरूपेण साधूनां भिन्नत्वेऽपि गुणापेक्षया ते सर्वेऽपि तुल्या एव । ये एकस्मिन् साधौ ज्ञान-दर्शन-चारित्रादिगुणाः सन्ति त एव सर्वेष्वपि साधुषु । तत एकस्मिन्साधौ पूजिते हीलिते वा तस्मिन्वर्त्तमाना गुणाः पूजिता हीलिता वा सन्ति । ते गुणाः सर्वेषु

કરવાથી ભરતક્ષેત્ર, ઐરવતક્ષેત્ર અને મહાવિદેહક્ષેત્રમાં રહેલી પંદરે કર્મભૂમિના બધા સાધુ ભગંવતોની પૂજા થાય છે અને એક સાધુની હીલના કરવાથી ભરતક્ષેત્ર, ઐરવતક્ષેત્ર અને મહાવિદેહક્ષેત્રમાં રહેલી પંદરે કર્મભૂમિના બધા સાધુ ભગવંતોની હીલના થાય છે. (૫૨૬, ૫૨૭)' **પુષ્પમાળા**માં પણ કહ્યું છે - 'એક સાધુની પૂજા કરવાથી ભરતક્ષેત્ર, ઐરવતક્ષેત્ર અને મહાવિદેહક્ષેત્રમાં રહેલી પંદરે કર્મભૂમિના બધા સાધુ ભગવંતોની પૂજા થાય છે અને એક સાધુની હીલના કરવાથી પંદરે કર્મભૂમિના બધા સાધુ ભગવંતોની હીલના થયેલી જાણવી, કેમકે બધા (સાધુઓ)માં જ્ઞાન વગેરે ગુણો સમાન છે. (૪૨૦, ૪૨૧).' આ વાત ગુણોની અપેક્ષાએ એકત્વને આશ્રયીને જ કહી છે. વ્યક્તિરૂપે સાધુઓ જુદા જુદા હોવા છતાં પણ ગુણોની અપેક્ષાએ તેઓ બધા ય તુલ્ય જ છે. એક સાધુમાં જે જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે ગુણો છે તે જ ગુણો બધા સાધુઓમાં પણ છે. તેથી એક સાધુની પૂજા કરવાથી તેમનામાં રહેલા ગુણોની પૂજા થાય છે અને એક સાધુની હીલના કરવાથી તેમનામાં રહેલા ગુણોની હીલના થાય છે. તે જ ગુણો બધા સાધુઓમાં રહેલા છે. તેથી બધાય

साधुषु वर्त्तन्ते । ततः सर्वेऽपि साधवः पूजिता हीलिता वा सन्ति ।

तत इदमत्र निश्चितं भवति - परमात्मैक एवेति ॥१८॥

अवतरणिका - सप्तदशे वृत्ते उक्तं यद् गुणतः परमात्मैक एव । ततः कश्चित्प्रश्नयति - 'के ते गुणा यानपेक्ष्य परमात्मैक इति ?' तत्र परमात्मनः स्तोका गुणाः सप्तदशे वृत्ते प्रोक्ताः परमात्मनोऽन्ये स्तोका गुणा अनेन वृत्तेन प्रतिपादयति -

मूलम् - आकाशवदरूपोऽसौ, चिद्रूपो [१]नीरुजः शिवः ।
[२]सिद्धिक्षेत्रगतोऽनन्तो, [३]नित्यः शं परमश्नुते ॥१९॥

अन्वयः - आकाशवदरूपश्चिद्रूपो नीरुजः शिवः सिद्धिक्षेत्रगतोऽनन्तो नित्यः असौ परं शमश्नुते ॥१९॥

पद्मीया वृत्तिः - आकाशवत् - आकाशं-नभः, तद्वत्-तस्येव, **अरूपः** - न विद्यते रूपं-वर्ण आकारश्च यस्य सोऽरूपः, **चिद्रूपः** चित्-ज्ञानं रूपं स्वरूपं यस्य स चिद्रूपो ज्ञानमय इत्यर्थः, **नीरुजः** - निर्गता रुजा यस्मात्स नीरुजो रोगरहित इत्यर्थः, **शिवः** - उपद्रवरहितः, **सिद्धिक्षेत्रगतः** - सिद्धेः-मोक्षस्य क्षेत्रं-स्थानमिति सिद्धिक्षेत्रं

સાધુઓની પૂજા કે હીલના થાય છે.

તેથી અહીં એ નક્કી થયું કે પરમાત્મા એક જ છે. (૧૮)

અવતરણિકા - સત્તરમા શ્લોકમાં કહ્યું કે ગુણથી પરમાત્મા એક જ છે. તેથી કોઈક પ્રશ્ન કરે છે - 'તે ગુણો કયા છે કે જેની અપેક્ષાએ પરમાત્મા એક છે ?' તેમાં પરમાત્માના થોડા ગુણો સત્તરમાં શ્લોકમાં કહ્યા છે. પરમાત્માના અન્ય થોડા ગુણો આ શ્લોક વડે બતાવે છે -

શબ્દાર્થ - આકાશની જેમ અરૂપી, જ્ઞાનમય, રોગરહિત, કલ્યાણરૂપ, સિદ્ધિ ક્ષેત્રમાં રહેલા, અનંત, શાશ્વત એવા આ પરમાત્મા શ્રેષ્ઠ સુખને અનુભવે છે. (૧૯)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - આ પરમાત્મા આકાશની જેમ વર્ણરહિત અને નિરાકાર છે. આ પ્રભુ જ્ઞાનસ્વરૂપ છે. આ પરમાત્મા રોગરહિત છે. આ પ્રભુ ઉપદ્રવરહિત છે. સિદ્ધિ એટલે મોક્ષ. તેનું ક્ષેત્ર એટલે લોકના અગ્રભાગરૂપ સ્થાન.

---

१. निरुजः - A, B, C, D, E, F, G, J, L। २. सिद्धक्षेत्र..... - D, L। ३. नित्यशं - J।

लोकाग्रभागरूपम्, तत्र गतः स्थित इति सिद्धिक्षेत्रगतः, **अनन्तः** - न विद्यतेऽन्तः समाप्तिर्यस्य सोऽनन्तोऽपरिमित इत्यर्थः, **नित्यः** - शाश्वतः, **असौ** - परमात्मा, **परम्** - अनुपमं, **शम्** - सुखं, **अश्नुते** - भुङ्क्ते।

व्योम रूपरहितमस्ति। तस्य न कश्चिदप्याकारो विद्यते। एवं परमात्माऽपि नीरूपो - निराकारोऽस्ति। अत्राऽरूप इति कथनेनाऽरसोऽगन्धोऽस्पर्शोऽशब्द इत्यादयो परमात्मनो गुणा आक्षिप्ता द्रष्टव्याः। उक्तञ्चाचाराङ्गसूत्रे - **'से ण दीहे ण हस्से ण वट्टे न तंसे न चउरंसे न परिमंडले न किण्हे न नीले न लोहिए न हलिद्दे न सुक्किले न सुब्भिगंधे न दुब्भिगंधे न तित्ते न कडुए न कसाए न अंबिले न महुरे न कक्खडे न मउए न गरुए न लहुए न सीए न उण्हे न निद्धे न लुक्खे न काए न संगे न रुहे न इत्थी न पुरिसे न नपुंसए।'** (**छाया**- स न दीर्घः न ह्रस्वो न वृत्तो न त्र्यस्रो न चतुरस्रो न परिमण्डलो न कृष्णो न नीलो न लोहितो न हरिद्रो न शुक्लो न सुरभिगन्धो न दुरभिगन्धो न तिक्तो न कटुको न कषायो नाम्लो न मधुरो न कर्कशो न मृदुर्न गुरुर्न लघुर्न शीतो नोष्णो न स्निग्धो न रूक्षो न कायवान् न सङ्गवान् न रुहो न स्त्री न पुरुषो न नपुंसकम्।)

તે સિદ્ધિક્ષેત્ર છે. આ પરમાત્મા સિદ્ધિક્ષેત્રમાં રહેલા છે. આ પરમાત્મા અનંત એટલે કે અપરિમિત છે. આ પરમાત્મા શાશ્વત છે. આ પરમાત્મા અનુપમ સુખને ભોગવે છે.

આકાશ રૂપરહિત છે. તેનો કોઈ પણ આકાર નથી. એમ પરમાત્મા પણ રૂપ વિનાના અને આકાર વિનાના છે. અહીં પરમાત્માને અરૂપી કહ્યા. તેથી પરમાત્મા રસ વિનાના છે, ગન્ધ રહિત છે, સ્પર્શ વિનાના છે, શબ્દ વિનાના છે - વગેરે પણ સમજી લેવું. **આચારાંગસૂત્ર**માં કહ્યું છે કે - 'તે લાંબા નથી, ટૂંકા નથી, વૃત્ત (ગોળ) નથી, ત્રિકોણ નથી, ચોરસ નથી, પરિમંડલ (બંગળી આકારના) નથી, કાળા નથી, નીલા નથી, લાલ નથી, પીળા નથી, સફેદ નથી, સુગંધી નથી, દુર્ગંધી નથી, કડવા નથી, તીખા નથી, તૂરા નથી, ખારા નથી, મીઠા નથી, કર્કશ નથી, કોમળ નથી, ભારે નથી, હલકા નથી, ઠંડા નથી, ગરમ નથી, સ્નિગ્ધ નથી, રૂક્ષ નથી, કાયરહિત છે, સંગરહિત છે, જન્મરહિત છે, સ્ત્રી નથી, પુરુષ નથી, નપુંસક નથી.' કહેવાનો

तेनेदमुक्तं भवति परमात्मा रूप-रस-गन्ध-स्पर्श-शब्दादि-रहितोऽस्तीति। परमात्मा ज्ञानमयोऽस्ति। स केवलज्ञानेन जगद्वर्त्तिनां सर्वद्रव्याणां त्रैकालिकसर्वपर्यायान्प्रतिसमयं युगपत्पश्यति। परमात्मा नीरोग्यस्ति। रोगाः कर्मोदयेन शरीरे प्रादुर्भवन्ति। परमात्मा तु कर्मशरीरविमुक्तः। ततः स रोगान्नानुभवति, परन्तु स्वभावलाभरूपं परमस्वास्थ्यमनुभवति। परमात्मोपद्रवरहितोऽस्ति। उपद्रवा अपि कर्मोदयेनैवाऽऽगच्छन्ति। ततः कर्मरहितत्वात्परमात्मोपद्रवैरपि विमुक्तोऽस्ति। आत्मान ऊर्ध्वगमनशीलाः सन्ति। ततः कर्म्मभिः सर्वथा विमुक्ता आत्मान ऊर्ध्वं प्रयान्ति। जीवपुद्गलानां गतौ धर्मास्तिकायः साहाय्यकः। धर्मास्तिकाय लोके एव वर्त्तते, न त्वलोके। ततः परमात्मान ऊर्ध्वलोकाऽग्रभागे वर्त्तन्ते, तत ऊर्ध्वं धर्मास्तिकायाऽभावात्तेषां गत्यसम्भवात्। सर्वार्थसिद्धविमानादूर्ध्वं द्वादशभिर्योजनैः सिद्धशिला वर्त्तते। साऽऽयामविष्कम्भाभ्यां पञ्चचत्वारिंशद्योजनप्रमाणा। तस्या बाहल्यं मध्येऽष्टयोजनप्रमाणम्। ततो हीयमानं तत् पर्यन्तेऽङ्गुलाऽसङ्ख्येयभागप्रमाणं भवति। तस्या ऊर्ध्वं योजने गते लोकान्तो वर्त्तते। तस्य चरमयोजनस्य य उपरितनः

ભાવ આવો છે કે પરમાત્મા રૂપ-રસ-ગન્ધ-સ્પર્શ-શબ્દ વગેરે વિનાના છે. પરમાત્મા જ્ઞાનમય છે. તેઓ કેવળજ્ઞાન વડે જગતમાં રહેલા બધા દ્રવ્યોના ત્રણે કાળના બધા પર્યાયો દરેક સમયે એક સાથે જુવે છે. પરમાત્મા રોગરહિત છે. કર્મના ઉદયથી રોગો શરીરમાં આવે છે. પરમાત્મા તો કર્મ અને શરીર વિનાના છે. તેથી તેઓ રોગોને અનુભવતા નથી, પણ સ્વભાવની પ્રાપ્તિરૂપી પરમ સ્વસ્થતાને અનુભવે છે. પરમાત્મા ઉપદ્રવરહિત છે. ઉપદ્રવો પણ કર્મના ઉદયથી જ આવે છે. તેથી કર્મરહિત હોવાથી પરમાત્મા ઉપદ્રવોથી પણ મૂકાયેલા છે. આત્માઓ ઉપર જવાના સ્વભાવવાળા છે. તેથી કર્મોથી બધી રીતે મૂકાયેલા આત્માઓ ઉપર જાય છે. જીવ અને પુદ્ગલોને ગતિમાં સહાયક ધર્માસ્તિકાય છે. ધર્માસ્તિકાય લોકમાં જ છે, અલોકમાં નહીં. તેથી પરમાત્માઓ ઊર્ધ્વલોકના અગ્રભાગે રહેલા છે. તેની ઉપર ધર્માસ્તિકાય ન હોવાથી તેમની ગતિ સંભવતી નથી. સર્વાર્થસિદ્ધવિમાનની ઉપર બાર યોજને સિદ્ધશિલા છે. તેની લંબાઈ-પહોળાઈ ૪૫ લાખ યોજન છે. તેની જાડાઈ મધ્યમાં ૮ લાખ યોજન છે. ત્યારપછી તે ઘટતાં ઘટતાં અંતે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. શિલાની ઉપર ૧ યોજન પછી લોકનો છેડો છે. તે છેલ્લા યોજનનો જે ઉપરનો ૧ ગાઉ છે તેના ઉપરના છઠ્ઠા ભાગમાં પરમાત્માઓનું અવસ્થાન હોય છે. આ છઠ્ઠો ભાગ એ

क्रोशस्तस्योपरितने षष्ठे भागे परमात्मनामवस्थितिरस्ति। स षष्ठो भागः सिद्धिक्षेत्रम्। तत्र परमात्मानो वर्त्तन्ते। उक्तञ्चोत्तराध्ययनसूत्रे षट्त्रिंशत्तमाध्ययने - **'बारसहिं जोयणेहिं, सव्वट्ठस्सुवरिं भवे। इसिपब्भारनामा, पुढवी छत्तसंठिया ॥५७॥ पणयाल-सयसहस्सा, जोअणाणं तु आयया, तावइअं चेव वित्थिण्णा, तिगुणो तस्सेव परिरओ ॥५८॥ अट्ठजोअणबाहल्ला, सा मज्झंमि विआहिआ। परिहायंती चरिमंते मच्छियपत्ताओ तणुअतरी ॥५९॥ अज्जुणसुवण्णगमई, सा पुढवी निम्मला सहावेणं। उत्ताणगछत्तसंठिआ य, भणिआ जिणवरेहिं ॥६०॥ संखंककुंदसंकासा पंडुरा निम्मला सुहा। सीयाए जोयणे तत्तो, लोयंतो उ वियाहिओ ॥६१॥ जोयणस्स उ जो तत्थ, कोसो उवरिमो भवे। तस्स कोसस्स छब्भाए, सिद्धाणोगाहणा भवे ॥६२॥'** (**छाया** - द्वादशभिर्योजनैः, सर्वार्थस्योपरि भवेत्। ईषत्प्राग्भारनाम्नी तु, पृथिवी छत्रसंस्थिता ॥५७॥ पञ्चचत्वारिंश-त्शतसहस्राणि, योजनानां तु आयता। तावन्ति चैव विस्तीर्णा, त्रिगुणस्तस्मादेव परिरयः ॥५८॥ अष्टयोजनबाहल्या, सा मध्ये व्याख्याता। परिहीयमाना चरमान्तेषु, मक्षिकापत्रादपि तनुकतरा ॥५९॥ अर्जुनसुवर्णकमयी, सा पृथ्वी निर्मला स्वभावेन। उत्तानकछत्रसंस्थिता च, भणिता जिनवरैः ॥६०॥ शङ्खाङ्ककुन्दसङ्काशा, पाण्डुरा निर्मला शुभा। शीताया योजने ततः, लोकान्तस्तु व्याख्यातः ॥६१॥ योजनस्य तु यस्तस्य, क्रोश उपरितनो भवेत्। तस्य क्रोशस्य षड्भागे, सिद्धानामवगाहना भवेत् ॥६२॥) परमात्माऽनन्तोऽस्ति। तत्र अनन्तत्वं न क्षेत्रापेक्षया यतः क्षेत्रापेक्षया तु परमात्मा

સિદ્ધિક્ષેત્ર છે. ત્યાં પરમાત્માઓ રહેલા છે. **ઉત્તરાધ્યયનસૂત્રમાં છત્રીશમા અધ્યયન**માં કહ્યું છે - 'સર્વાર્થસિદ્ધ વિમાનની ઉપર બાર યોજને છત્રાકારે ઈષત્પ્રાગ્ભારા નામની પૃથ્વી છે. તે ૪૫ લાખ યોજન લાંબી છે અને તેટલી જ પહોળી છે. તેની પરિધિ ત્રણ ગણી છે. તે પૃથ્વી વચ્ચે ૮ યોજન જાડી કહી છે. પછી ચારે બાજુથી જાડાઈ ઘટતાં ઘટતાં અંતે માખીની પાંખ કરતા પણ અલ્પ હોય છે. જિનેશ્વરોએ તે પૃથ્વીને અર્જુન સુવર્ણની બનેલી, સ્વાભાવિક રીતે નિર્મળ અને ચત્તા છત્રના આકારની કહી છે. તે પૃથ્વી શંખ, અંક, કુંદ જેવી ઉજ્જવળ, નિર્મળ અને શુભ છે. તે પૃથ્વીથી એક યોજને લોકનો છેડો કહ્યો છે. ત્યાં જે યોજનનો ઉપરનો કોશ છે તે કોશના છઠ્ઠા ભાગમાં સિદ્ધોની અવગાહના હોય છે. (૫૭-૬૨).' પરમાત્મા અનંત છે. ક્ષેત્રની

परिमितोऽस्ति, न तु विभुः, तस्य लोकाकाशप्रदेशतुल्यप्रदेशवत्त्वात् । केवलज्ञानेन परमात्माऽनन्तवस्तूनि जानाति । ततो ज्ञेयानन्तत्वात्तस्य ज्ञानमप्यनन्तम् । अनन्तज्ञानवत्त्वात्परमात्माऽप्यनन्तः, गुणगुणिनामभेदात् । यद्वा तस्य परमात्मत्वं कदाचिदपि नाऽपगच्छति । आकालं स परमात्मत्वेनाऽवतिष्ठते । तेन कदाचिदपि न संसारे पुनरागन्तव्यम् । अतोऽपि सोऽनन्तः । परमात्मा नित्योऽस्ति । स द्रव्यतया सदाऽवस्थितोऽस्ति । तस्य कदाचिदपि नाशो न भवति । ततः स शाश्वतो वर्त्तते । परमात्मा सर्वश्रेष्ठं सुखमनुभवति । तत्र दुःखलवोऽपि न विद्यते । सांसारिकं सुखं दुःखमिश्रितम् । परमात्मनः सुखं दुःखलेशेनाऽपि मिश्रितं नास्ति । वस्तुतः संसारे सुखमेव नास्ति । संसारे यो दुःखाभावः स एव सुखत्वेनोपचर्यते । द्वयोर्दुःखयोरन्तराले यो दुःखाभावो वर्त्तते तमेव संसारिजीवा सुखं मन्यन्ते । वास्तविकं सुखं परमात्मन्येवास्ति । संसारवर्त्तिसर्वजीवानां त्रैकालिकं सर्वं सुखं यदि सम्पीण्ड्यते तथापि तत्परमात्मन एकप्रदेशवर्त्तिसुखतुल्यमपि न भवति । उक्तञ्च - **तीर्थोद्गालिकप्रकीर्णके - 'न वि अत्थि मणुसाणं, तं सोक्खं न वि य सव्वदेवाणं । जं सिद्धाणं सोक्खं, अव्वाबाहं उवगयाणं ॥१२४७॥ सुरगणसुहं**

અપેક્ષાએ તો પરમાત્મા પરિમિત છે, સર્વવ્યાપી નથી, કેમકે તેમના પ્રદેશ લોકાકાશના પ્રદેશ તુલ્ય છે. કેવળજ્ઞાનથી પરમાત્મા અનંત વસ્તુઓને જાણે છે. તેથી જ્ઞેય વસ્તુઓ અનંત હોવાથી કેવળજ્ઞાન પણ અનંત છે. અનંતજ્ઞાનવાળા હોવાથી પરમાત્મા પણ અનંત છે, કેમકે ગુણ અને ગુણીનો અભેદ હોય છે. અથવા તેમનું પરમાત્માપણું ક્યારેય જતું નથી. તેઓ હંમેશા પરમાત્મા તરીકે રહે છે. તેમને ક્યારેય પણ ફરી સંસારમાં આવવાનું નથી. પરમાત્મા નિત્ય છે. દ્રવ્યરૂપે તેઓ હંમેશા અવસ્થિત છે. તેમનો ક્યારેય નાશ થવાનો નથી. તેથી તેઓ શાશ્વત છે. પરમાત્મા સર્વશ્રેષ્ઠ સુખને અનુભવે છે. તેમનામાં જરાય દુઃખ નથી. સાંસારિક સુખ દુઃખની ભેળસેળવાળું છે. પરમાત્માનું સુખ દુઃખની જરા પણ ભેળસેળવાળું નથી. હકીકતમાં સંસારમાં સુખ જ નથી. સંસારમાં જે દુઃખનો અભાવ છે તેનો જ સુખ તરીકે ઉપચાર કરાય છે. બે દુઃખોની વચ્ચે જે દુઃખનો અભાવ છે તેને જ સંસારી જીવો સુખ માને છે. સાચુ સુખ પરમાત્મામાં જ છે. સંસારમાં રહેલા બધા જીવોનું ત્રણે કાળનું બધુ સુખ જો ભેગુ કરાય તો પણ તે પરમાત્માના એક પ્રદેશ ઉપર રહેલા સુખની પણ તુલ્ય નથી. **તીર્થોદ્ગાલિકપયન્ના**માં કહ્યું છે - 'અવ્યાબાધ સુખને પામેલા સિદ્ધ ભગવંતોનું જે

समत्तं, सव्वद्धापिंडितं अणंतगुणं । नवि पावइ मुत्तिसुहं, णंताहि वि वग्गवग्गूहिं ॥१२४८॥' (**छाया** - नापि अस्ति मनुष्याणां, तत् सुखं नापि च सर्वदेवानाम् । यत् सिद्धानां सौख्यं अव्याबाधमुपगतानाम् ॥१२४७॥ सुरगणसुखं समस्तं, सर्वाद्धापिण्डितं अनन्तगुणम् । नापि प्राप्नोति मुक्तिसुखं, अनन्तैरपि वर्गवर्गैः ॥१२४८॥) परमात्मनः सुखं सर्वाकाशेऽपि न माति। उक्तञ्च **विंशतिविंशिकान्तर्गतविंशतितमसुखविंशिकायां श्रीहरिभद्रसूरिभिः - 'सिद्धस्स सुक्खरासी, सव्वद्धापिंडिओ जई हविज्जा । सो णंतवग्गभइओ, सव्वागासे ण माइज्जा ॥२०/६॥'** (**छाया** - सिद्धस्य सौख्यराशिः, सर्वाद्धापिण्डितो यदि भवेत् । स अनन्तवर्गभाजितः सर्वाकाशे न मायात् ॥२०/६॥) ततः परमात्मैव परमसुखी । अत्रेमे परमात्मनः स्तोका एव गुणा दर्शिताः । तस्य सर्वेषां गुणानां वर्णनस्य सामर्थ्यं छद्मस्थस्य न विद्यते ।

उपर्युक्तान्परमात्मनोऽनन्यसाधारणगुणान्श्रुत्वाऽस्माभिरपि तत्प्राप्त्यर्थं यतितव्यमित्यत्रोपदेशसारः ॥१९॥

अवतरणिकाः - 'यदि परमात्मा पूर्वोक्तसाम्यादिगुणवानस्ति तर्हि स किमर्थं केषुचिज्जीवेषूपकारं करोति केषुचिच्च न करोति ?' इत्यारेकां समादधाति -

---

સુખ છે તેવું સુખ મનુષ્યોની પાસે નથી અને બધા દેવોની પાસે પણ નથી. બધા દેવોનું ત્રણે કાળનું બધુ સુખ ભેગું કરીને લોકાલોકના આકાશપ્રદેશપ્રમાણ અનંતથી ગુણીને તેના અનંતા વર્ગના વર્ગ કરીએ તો પણ તે મુક્તિસુખની સમાન થતું નથી.' પરમાત્માનું સુખ સંપૂર્ણ આકાશમાં પણ સમાતું નથી. **विंशतिविंशिका**માંની **વીશમી સુખવિંશિકા**માં **શ્રીહરિભદ્રસૂરિ** મહારાજે કહ્યું છે - 'જો સિદ્ધના સર્વકાળના સુખનો સમૂહ ભેગો થાય અને તે અનંત વર્ગોથી ભાગવામાં આવે તો સર્વ આકાશમાં ન સમાય. (૨૦/૬)' તેથી પરમાત્મા જ શ્રેષ્ઠ સુખી છે. અહીં પરમાત્માના આ થોડા જ ગુણો બતાવ્યા છે. તેમના બધા ગુણોનું વર્ણન કરવાનું સામર્થ્ય છદ્મસ્થ પાસે નથી.

ઉપર કહેલા પરમાત્માના અસાધારણ ગુણોને સાંભળીને આપણે પણ તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ - એ અહીં ઉપદેશનો સાર છે. (૧૯)

અવતરણિકા - 'જો પરમાત્મા પૂર્વે કહેલા સામ્ય વગેરે ગુણવાળા છે તો તેઓ શા માટે કેટલાક જીવો ઉપર ઉપકાર કરે છે અને કેટલાક જીવો ઉપર ઉપકાર કરતાં નથી ?' આવી શંકાનું સમાધાન કરે છે -

मूलम् - येनैवाराधितो भावात्-[१]तस्यासौ कुरुते शिवम् ।
सर्वजन्तुसमस्यास्य, न पर[२]रात्मविभागिता ॥२०॥

अन्वयः - येनैव भावादाराधितोऽसौ तस्य शिवं कुरुते । (यतः) सर्वजन्तुसमस्यास्य परात्मविभागिता न (विद्यते) ॥२०॥

पद्मीया वृत्तिः - येन - अनिर्दिष्टनाम्ना, **एव**शब्दो येन नाऽऽराधितस्तस्य व्यवच्छेदार्थम्, **भावात्** -हार्दिकबहुमानेन, न तु द्रव्यत एव, **आराधितः** - तदाज्ञापालनेन सेवितः, **असौ** - परमात्मा, **तस्य** - स्वाराधकस्य, **शिवं** - कल्याणं मोक्षमिति यावत्, **कुरुते** - ददाति । वस्तुतः परमात्मा मोक्षं न ददाति, परन्तु तस्याऽराधनया मोक्षः प्राप्यते, अत उपचारात् कथ्यते-परमात्मा मोक्षं ददातीति । 'यतः' इत्यत्राध्याहार्यम्, **यतः**-यस्मात्कारणात् । **सर्वजन्तुसमस्य** - सर्वे-निखिलाः, ते च ते जन्तवः जीवाश्चेति सर्वजन्तवः, समः-तुल्यः पक्षपातरहित इत्यर्थः, सर्वजन्तुषु सम इति सर्वजन्तुसमः, तस्य, **अस्य**-परमात्मनः, **परात्मविभागिता** - परः-स्वस्माद्भिन्नः, आत्मा-स्वलक्षणः, परश्चाऽऽत्मा चेति परात्मानौ, तयोर्विभागोऽस्ति यस्य स परात्मविभागी, तस्य भाव इति परात्मविभागिता पक्षपातितेत्यर्थः, **न**शब्दो निषेधे, **विद्यते** इत्यत्राध्याहार्यम् । परमात्मा कमपि जीवं स्वीयं परं वा न मन्यते इति भावः ।

शब्दार्थ - જે ભાવથી પરમાત્માની આરાધના કરે છે પરમાત્મા તેનું કલ્યાણ કરે છે, કેમકે બધા જીવોને વિષે સમાન એવા પરમાત્મા 'આ પારકો અને આ પોતાનો' એવો વિભાગ કરતાં નથી. (૨૦)

पद्मीयावृत्तिनो भावानुवाद - જે હાર્દિક બહુમાનપૂર્વક પરમાત્માની આજ્ઞાનું પાલન કરીને તેમની આરાધના કરે છે, પરમાત્મા તેનું કલ્યાણ કરે છે એટલે કે તેને મોક્ષ આપે છે. હકીકતમાં પરમાત્મા મોક્ષ આપતાં નથી પણ તેમની આરાધનાથી મોક્ષ મળે છે, માટે ઉપચારથી એમ કહેવાય છે કે પરમાત્મા મોક્ષ આપે છે. પરમાત્માની આજ્ઞાનું ભાવથી પાલન કરીને તેમની આરાધના કરનારનું પરમાત્મા કલ્યાણ કરે છે એનું કારણ એ છે કે પરમાત્મા બધા જીવોને વિષે સમાન ભાવવાળા છે, એટલે કે પક્ષપાત વિનાના છે. તેથી 'પારકો-પોતાનો' એવો વિભાગ પરમાત્મા કરતાં નથી, એટલે કે પરમાત્મા કોઈ પણ જીવને પોતાનો કે પારકો માનતાં નથી.

---

१. तस्यैव - DI २. परात्मविभागता - A, E, JI

आज्ञापालनमेव परमाऽऽराधना । परमात्मन आज्ञा सर्वजीवहितकारिण्येवाऽस्ति, तस्य वीतरागत्वात् । परमात्मना केवलज्ञानेन यो मार्गः सर्वजीवहितकारी ज्ञातः स एव तेन सर्वजीवेभ्य उपदिष्टः । ततो यः परमात्मन आज्ञां पालयति तस्य कल्याणं भवति । स परमात्मतुल्यो भवतीत्युक्तं भवति । यः परमात्मन आज्ञां न पालयति तस्य कल्याणं न भवति । इत्थं जीवाः स्वयमेव स्वीयं कल्याणमकल्याणं वा कुर्वन्ति, न तु परमात्मा । परमात्मा मार्गमुपदिशति, न तु प्रसह्याऽऽराधनां कारयति । उक्तञ्चोपदेशमालायां - **'अरिहंता भगवंतो, अहियं व हियं व नवि इहं किंचि । वारंति कारवेंति य, घित्तूण जणं बला हत्थे ॥४४८॥ उवएसं पुण तं दिंति, जेण चरिएण कित्तिनिलयाणं । देवाण वि हुंति पहू, किमंग पुण मणुअमित्ताणं ? ॥४४९॥'** (**छाया** - अर्हन्तो भगवन्तः, अहितं वा हितं वा नापि इह किञ्चित् । वारयन्ति कारयन्ति च, गृहीत्वा जनं बलात् हस्ते ॥४४८॥ उपदेशं पुनस्तस्मै ददति, येन चरितेन कीर्त्तिनिलयानाम् । देवानामपि भवन्ति प्रभवः, किमङ्ग पुनः मनुष्यमात्राणाम् ॥४४९॥) तत उपचारादुक्तं 'असौ शिवं कुरुते' इति । 'शिवं कुरुते' इत्यनयोः पदयोरयमर्थः सर्वदुःखेभ्यो मोचयति सर्वसुखानि

આજ્ઞાનું પાલન એ જ શ્રેષ્ઠ આરાધના છે. પરમાત્માની આજ્ઞા બધા જીવોનું હિત કરનારી જ છે, કેમકે પરમાત્મા વીતરાગ છે. પરમાત્માએ કેવલજ્ઞાન વડે બધા જીવોનું કલ્યાણ કરનારો જે માર્ગ જોયો તેનો જ તેમણે બધા જીવોને ઉપદેશ આપ્યો. તેથી જે પરમાત્માની આજ્ઞાનું પાલન કરે છે તેનું કલ્યાણ થાય છે, એટલે કે તે પરમાત્માની સમાન બને છે. જે પરમાત્માની આજ્ઞાનું પાલન કરતો નથી તેનું કલ્યાણ થતું નથી. આમ જીવો પોતે જ પોતાનું કલ્યાણ કે અકલ્યાણ કરે છે, પરમાત્મા નહીં. પરમાત્મા માર્ગનો ઉપદેશ આપે છે. તે કોઈને પરાણે આરાધના કરાવતાં નથી. **ઉપદેશમાળા**માં કહ્યું છે, 'આ જગતમાં અરિહંત ભગવંતો લોકોને બળાત્કારે હાથ પકડીને કંઈ પણ અહિતકારી કાર્યથી અટકાવતાં નથી અને કંઈપણ હિતકારી કાર્ય કરાવતાં નથી. તેઓ તેમને ઉપદેશ આપે છે જેને આચરીને તેઓ કીર્તિના ઘર સમાન એવા દેવોના પણ માલિક થાય છે એટલે કે ઈન્દ્ર થાય છે, તો પછી મનુષ્યોના માલિક થાય એમાં શું કહેવું ? (૪૪૮, ૪૪૯)' તેથી ઉપચારથી કહ્યું કે પરમાત્મા કલ્યાણ કરે છે. 'કલ્યાણ કરે છે' એનો અર્થ એ છે કે બધા દુઃખોમાંથી મુક્ત કરે છે અને બધા સુખો મેળવી આપે છે. પરમાત્મા બધા જીવોને

च प्रापयति। परमात्मा सर्वजीवेषु तुल्योऽस्ति । तस्य न कश्चिदपि निजः परो वा, समदर्शित्वात् । स कुत्रापि पक्षपातं न करोति । स एवं विभागं न करोति-इमे मे स्वकीया इमे च परे, स्वकीयांस्तारयिष्यामि, न तु परानिति। चन्द्रसूर्यौ जगद्धितार्थं प्रकाशयतः। तौ सर्वत्र समौ । तौ सर्वत्र समानमेव प्रभासयतः । यो नेत्रे द्वारादीनि चोद्घाटयति स प्रकाशं प्राप्नोति, विपरीतस्तु न । मेघः सर्वत्र समतया वर्षति । यः स्वीयं पात्रमुद्घाटयति तस्य पात्रं भ्रियते । यः स्वीयं पात्रं पिदधाति तस्य पात्रं रिक्तमेव तिष्ठति। तत्र मेघस्य न कोऽपि दोषः, स तु सम एव, दोषस्तु जीवानामेव । एवं परमात्माऽपि सर्वजीवेषु तुल्यामेवाऽऽज्ञामकरोत् । यस्तां पालयति स मुक्तिमवाप्नोति, विपरीतस्तु संसारे भ्रमति। तत्र न परमात्मनः कोऽपि दोषः, दोषस्तु जीवानामेव ।

अनेन वृत्तेनेदं सूचितं - सर्वे जीवाः परमात्मन आराधनां कृत्वा स्वकल्याणं कर्तुं शक्नुवन्ति। ततोऽनेन वृत्तेन परमात्मनो समत्वं दर्शयित्वा 'परमात्मा स्वभक्तानेव तारयति, न परान्' - इति परमतमप्यपास्तम् ॥२०॥

વિષે સમાન છે. તેમની માટે કોઈ પોતાનો કે પારકો નથી, કેમકે તેઓ બધાને સમાન રીતે જોનારા છે. તેઓ કયાંય પણ પક્ષપાત કરતાં નથી. તેઓ એવો વિભાગ કરતાં નથી કે આ મારા પોતાના છે અને આ પારકા છે, પોતાનાઓને હું તારીશ, પારકાઓને નહીં. ચન્દ્ર-સૂર્ય જગતના હિત માટે પ્રકાશે છે. તેઓ બધાને વિષે સમાન હોય છે. તેઓ બધે સરખો જ પ્રકાશ આપે છે. જે આંખ અને બારણા વગેરે ઉઘાડા રાખે છે તેને પ્રકાશ મળે છે. જે આંખ અને બારણા વગેરે બંધ રાખે છે તેને પ્રકાશ મળતો નથી. વાદળ બધે સરખી રીતે વરસે છે. જે પોતાનું વાસણ ઉઘાડે છે તેનું વાસણ ભરાય છે, જે પોતાનું વાસણ બંધ રાખે છે તેનું વાસણ ખાલી જ રહે છે. એમાં વાદળનો કોઈ દોષ નથી, તે તો સમાન જ છે, દોષ તો જીવોનો જ છે. એમ પરમાત્માએ પણ બધા જીવોને વિષે તુલ્ય જ આજ્ઞા કરી છે. જે તેનું પાલન કરે છે તે મુક્તિ પામે છે, જે તેનું પાલન કરતો નથી તે સંસારમાં ભમે છે. તેમાં પરમાત્માનો કોઈ દોષ નથી. દોષ તો જીવોનો જ છે.

આ શ્લોકથી એ સૂચવ્યું કે બધા જીવો પરમાત્માની આરાધના કરીને પોતાનું કલ્યાણ કરી શકે છે. તેથી આ શ્લોકથી પરમાત્માનું સમાનપણું બતાવી 'પરમાત્મા પોતાના ભક્તોને જ તારે છે, બીજાને નહીં.' એવા પરદર્શનવાળાના મતનું ખંડન કર્યું. (૨૦)

अवतरणिका - भावादाराधितः परमात्मा शिवं कुरुते इति दर्शितम् । अधुना कृतकृत्यत्वात् परमात्मा कथमाराद्धो भवतीत्याशङ्कां समादधाति -

मूलम् - कृतकृत्योऽयमाराद्धः[१], स्यादाज्ञापालनात्पुनः ।
आज्ञा तु निर्मलं चित्तं, कर्त्तव्यं [२]स्फटिकोपमम् ॥२१॥

अन्वयः - कृतकृत्योऽयमाज्ञापालनात्पुनराराद्धः स्यात्, आज्ञा तु चित्तं स्फटिकोपमं निर्मलं कर्त्तव्यम् ॥२१॥

पद्यीया वृत्तिः - कृतकृत्यः - कृतानि - निष्पादितानि कृत्यानि-कर्त्तव्यानि येन स कृतकृत्यः सिद्धसर्वप्रयोजन इत्यर्थः, **अयं** - परमात्मा, **आज्ञापालनात्** - आज्ञायाः कर्त्तव्योपदेशरूपायाः पालनं अनुष्ठानमिति आज्ञापालनम्, तस्मात्, **पुनः**शब्दः परमात्माऽऽराधनस्यैकमात्रोपायस्य द्योतनार्थम्, **आराद्धः** - उपासितः, **स्यात्** - भवेत्, **आज्ञा** - परमात्मोपदेशः, तुशब्द उपप्रदर्शनार्थम्, **चित्तं** - मनः, **स्फटिकोपमम्** - स्फटिकरत्नेनोपमा- तुल्यता यस्य तत् स्फटिकोपमम्, **निर्मलम्** - विशुद्धं रागद्वेषरहितमिति यावत्, **कर्त्तव्यम्**-सम्पादनीयम् ।

यस्य यत्प्रियं भवति तस्य करणेन यच्चाप्रियं भवति तस्य वर्जनेन स आराद्धो

अवतरणिका - ભાવથી આરાધાયેલા પરમાત્મા મોક્ષ આપે છે એમ બતાવ્યું. હવે પરમાત્માના બધા કાર્યો પૂર્ણ થયા હોવાથી એમની આરાધના શી રીતે થાય ? એવી શંકાનું સમાધાન કરે છે.

શબ્દાર્થ - કૃતકૃત્ય એવા પરમાત્માની આરાધના એમની આજ્ઞાનું પાલન કરવાથી થાય છે. પરમાત્માની આજ્ઞા તો આ છે કે ચિત્તને સ્ફટિક જેવું નિર્મળ બનાવવું. (૨૧)

પદ્યીયાવૃત્તિનો ભાવાનુવાદ - પરમાત્માના બધા કાર્યો પૂર્ણ થયા છે. તેમને કોઈ કાર્ય કરવાનું બાકી નથી. તેથી તેમની આરાધના તેમની આજ્ઞાના પાલનથી થાય છે. આજ્ઞા એટલે કરવા માટે અપાયેલો ઉપદેશ. પરમાત્માની આરાધના કરવાનો એકમાત્ર ઉપાય છે - એમની આજ્ઞાનું પાલન. પરમાત્માની આજ્ઞા આ છે કે ચિત્તને સ્ફટિક જેવું નિર્મળ બનાવવું, એટલે કે અંતઃકરણને રાગદ્વેષરહિત બનાવવું.

જેને જે ગમતું હોય તે કરવાથી અને જે ન ગમતું હોય તે ન કરવાથી તેની

---

१. ..... राध्यः - H, I, J। २. स्फुटिकोपमम् - F, G, J।

भवति सन्तोषितो भवतीत्यर्थः । आराधितश्च स सर्वमीप्सितं ददाति । परमात्मा तु निष्ठितप्रयोजनः । तस्य सर्वाणि कर्त्तव्यानि सिद्धानि । तस्य किमपि कर्त्तव्यं नाऽवशिष्यते । ततस्तस्याऽऽराधनाऽशक्यप्राया । तथापि तस्याऽऽराधनस्यैक उपायोऽस्ति । तेन परमात्मना याऽऽज्ञाऽऽदिष्टा तस्याः पालनेन तस्याऽऽराधनं शक्यम् । परमात्माराधनाकर्त्तुकामेन परमात्माऽऽज्ञाऽनुष्ठेया । लोकेऽपि दृश्यते-कस्यचिदाज्ञायाः पालनेन स सन्तुष्यति । ततः स आज्ञापालकायेप्सितानि वितरतीति । यद्यपि परमात्माज्ञायाः पालनेन परमात्मा न सन्तुष्यति, तस्य वीतरागत्वात्, तथापि परमात्माऽऽज्ञायाः पालनेनऽऽराधकः कल्याण-मवाप्नोति । ततः परमात्माऽऽज्ञायाः पालनेन परमात्माऽऽराधनाजन्यफलप्राप्तेरेवमुच्यते **आज्ञापालनेन परमात्माऽऽराद्धो भवती**ति । उक्ताष्टकप्रकरणे-**'यस्य चाराधनोपायः, सदाज्ञाभ्यास एव हि । यथाशक्ति विधानेन, नियमात्स फलप्रदः ॥१/६॥'**

एवमुक्ते कश्चित् प्रश्नयति - 'का परमात्मन आज्ञा ?' इति । अस्मै जनायोत्तरार्द्धेन

આરાધના થાય છે, એટલે કે તે સન્તુષ્ટ થાય છે, તે ખુશ થાય છે. આરાધના કરાયેલ તે બધી ઈષ્ટ વસ્તુઓ આપે છે. પરમાત્માના તો બધા કાર્યો પૂર્ણ થયા છે. એમના બધા કર્તવ્યો સિદ્ધ થયા છે. એમને કંઈ પણ કરવાનું બાકી નથી. તેથી તેમની આરાધના લગભગ અશક્ય જેવી છે. છતાં પણ તેમની આરાધનાનો એક ઉપાય છે. તે પરમાત્માએ જે આજ્ઞા ફરમાવી છે તેના પાલનથી તેમની આરાધના કરી શકાય છે. પરમાત્માની આરાધના કરવાની ઈચ્છાવાળાએ પરમાત્માની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. લોકમાં પણ દેખાય છે કે કોઈકની આજ્ઞાના પાલનથી તે ખુશ થાય છે, પછી તે ઈચ્છિત વસ્તુઓ આપે છે. જો કે પરમાત્માની આજ્ઞાના પાલનથી પરમાત્મા ખુશ થતાં નથી, કેમકે તેઓ વીતરાગ છે, છતાં પણ પરમાત્માની આજ્ઞાના પાલનથી આરાધકનું કલ્યાણ થાય છે. તેથી પરમાત્માની આજ્ઞાના પાલનથી પરમાત્માની આરાધનાથી મળવાનું ફળ મળતું હોવાથી એમ કહેવાય છે કે **આજ્ઞાના પાલનથી પરમાત્માની આરાધના થાય છે. અષ્ટકપ્રકરણ**માં કહ્યું છે, 'સદા આજ્ઞાનો અભ્યાસ જ જેની આરાધનાનો ઉપાય છે અને જેનો આજ્ઞાભ્યાસ જ યથાશક્તિ વિધિથી કરવાથી અવશ્ય ફળ આપે છે, તે મહાદેવ કહેવાય છે. (૧/૬)'

આમ કહેવા પર કોઈક પ્રશ્ન કરે છે - 'પરમાત્માની આજ્ઞા શું છે ?' આ

ग्रन्थकारः परमात्मन आज्ञां दर्शयति । परमात्मन इयमाज्ञा-चित्तं निर्मलं कर्त्तव्यम् । राग-द्वेष-कषाय-मत्सर-दैन्य-शोक-भय-चिन्ता-जुगुप्सादयश्चित्तस्य मलाः । एतैर्मलैश्चित्तं मलिमसं भवति । मलिने च चित्ते शुभचिन्तन-शुभध्यान-गुण-परमात्मादि-शुभतत्त्वानां वासो न भवति । मलिने चित्तेऽशुभतत्त्वानां वासो भवति । तानि च चित्तमधिकं मलिनं कृत्वाऽऽत्मानं दुर्गतौ क्षिपन्ति । शुभतत्त्वान्यात्मानं सद्गतौ सिद्धिगतौ च स्थापयन्ति । एतान्मलान्दूरीकृत्य मनः स्फटिकरत्नवन्निर्मलं कर्त्तव्यम् । स्फटिकरत्नमतीवनिर्मलं भवति । एवं चित्तमप्यतीवनिर्मलीकर्तव्यम् । स्फटिकरत्नात्परभागं द्रष्टुं शक्यते । एवं चित्तरत्नमपि तथा निर्मलं कर्त्तव्यं यथा तदन्तर्गता भावाः परैर्द्रष्टुं शक्यन्ते । अन्यवस्तुभ्यः स्फटिकं निर्मलतरमस्ति । ततश्चित्तं स्फटिकवन्निर्मलं कर्त्तव्यमित्युपदिष्टम् ॥२१॥

अवतरणिका - परमात्मन एकाऽऽज्ञा दर्शिता । अधुना परमात्मनोऽन्या अप्याज्ञा दर्शयति -

---

મનુષ્યને ગ્રન્થકાર ઉત્તરાર્ધથી પરમાત્માની આજ્ઞા બતાવે છે. પરમાત્માની આજ્ઞા આ છે - ચિત્તને નિર્મળ કરવું. રાગ-દ્વેષ-કષાય-ઈર્ષ્યા-દીનતા-શોક-ભય-ચિન્તા-દુર્ગંછા વગેરે ચિત્તના મેલો છે. આ મેલોથી ચિત્ત મલિન થાય છે. મલિન ચિત્તમાં શુભ ચિન્તન-શુભ ધ્યાન-ગુણ-પરમાત્મા વગેરે શુભ તત્ત્વોનો વાસ થતો નથી. મલિન ચિત્તમાં અશુભ તત્ત્વોનો વાસ થાય છે. તેઓ ચિત્તને વધુ મલિન કરીને આત્માને દુર્ગતિમાં નાંખે છે. શુભ તત્ત્વો આત્માને સદ્ગતિમાં અને સિદ્ધિગતિમાં સ્થાપિત કરે છે. આ બધા મેલોને દૂર કરીને મનને સ્ફટિકરત્નની જેમ નિર્મળ કરવું. સ્ફટિકરત્ન એકદમ નિર્મળ હોય છે. એમ ચિત્તને પણ એકદમ નિર્મળ કરવું. સ્ફટિકરત્નમાંથી આરપાર જોઈ શકાય છે. ચિત્તરત્ન પણ એવું નિર્મળ કરવું કે તેની અંદર રહેલા ભાવો બીજા જોઈ શકે. બીજી વસ્તુઓ કરતા સ્ફટિક વધુ નિર્મળ છે. માટે ચિત્તને સ્ફટિક જેવું નિર્મળ કરવાનો ઉપદેશ આપ્યો. (૨૧)

अवतरणिका - પરમાત્માની એક આજ્ઞા બતાવી. હવે પરમાત્માની બીજી આજ્ઞાઓ પણ બતાવે છે -

मूलम् - ज्ञानदर्शनशीलानि, पोषणीयानि सर्वदा ।
रागद्वेषादयो दोषा, हन्तव्याश्च क्षणे क्षणे ॥२२॥

अन्वयः - सर्वदा ज्ञानदर्शनशीलानि पोषणीयानि क्षणे क्षणे च रागद्वेषादयो दोषा हन्तव्याः ॥२२॥

पद्मीया वृत्तिः - सर्वदा - सर्वकालम्, **ज्ञानदर्शनशीलानि** - ज्ञानं-बोधः, दर्शनं - श्रद्धा, शीलं-चारित्रं, ज्ञानञ्च दर्शनञ्च शीलञ्चेति ज्ञानदर्शनशीलानि, **पोषणीयानि** - वर्धितव्यानि रक्षणीयानि च, **क्षणे क्षणे** - प्रतिक्षणम्, **च**शब्दः समुच्चये, **रागद्वेषादयः** - रागश्च द्वेषश्चेति रागद्वेषौ, तौ आदौ येषां स्वप्रशंसा-परनिन्दा-दृष्टिदोष-दोषदृष्टि-पैशून्याभ्याख्यानादत्तादान-मृषावादादीनामिति रागद्वेषादयः, **दोषाः** - विभावाः, **हन्तव्याः** - नाशयितव्याः ।

एकविंशतितमे वृत्ते परमात्मनः प्रथमाऽऽज्ञा दर्शिता । अधुना द्वितीय-तृतीये आज्ञे दर्शयति । इयं परमात्मनो द्वितीयाऽऽज्ञा ज्ञान-दर्शन-चारित्राणां वृद्धिः कर्त्तव्या । अत्र ज्ञानदर्शनशीलानां 'सम्यग्' इति विशेषणमनुक्तमपि सामर्थ्याद्द्रष्टव्यम्, यत इयमेव परमात्मन आज्ञा-सम्यग्ज्ञान-सम्यग्दर्शन-सम्यक्चारित्राणि वर्धितव्यानीति। सम्यग्ज्ञानं जिनोक्ततत्त्वानां

शब्दार्थ - હંમેશા જ્ઞાન, દર્શન, શીલનું પોષણ કરવું અને ક્ષણે ક્ષણે રાગ-દ્વેષ વગેરે દોષોને હણવા. (૨૨)

पद्मीयावृत्तिनो भावानुवाद - હંમેશા જ્ઞાન-દર્શન-શીલ વધારવા અને તેમનું રક્ષણ કરવું. જ્ઞાન એટલે બોધ. દર્શન એટલે શ્રદ્ધા. શીલ એટલે ચારિત્ર. દરેક ક્ષણે રાગ-દ્વેષ વગેરે દોષોને હણવા. અહીં વગેરેથી સ્વપ્રશંસા-પરનિંદા-દૃષ્ટિદોષ-દોષદૃષ્ટિ-ચાડી ખાવી-આળ મૂકવું-ચોરી-જૂઠ વગેરે દોષો પણ લઈ લેવા.

એકવીશમા શ્લોકમાં પરમાત્માની પહેલી આજ્ઞા બતાવી. હવે બીજી અને ત્રીજી આજ્ઞા બતાવે છે. આ પરમાત્માની બીજી આજ્ઞા છે કે જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ કરવી. અહીં જ્ઞાન-દર્શન-ચારિત્રનું 'સમ્યગ્' એવું વિશેષણ કહ્યું નથી, છતાં પણ તે સામર્થ્યથી જાણી લેવું, કેમકે પરમાત્માની આ જ આજ્ઞા છે કે સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્ર વધારવા. સમ્યગ્જ્ઞાન એટલે ભગવાને કહેલા તત્ત્વોનો

बोधरूपम्। गुरूपदेश - शास्त्रपठन - चिन्तनादिभिस्तत्स्वजीवने वर्धनीयम्। परोपदेश-शास्त्रपाठनादिभिस्तत्परजीवनेऽपि वर्धनीयम्। सम्यग्दर्शनं जिनोक्ततत्त्वेषु श्रद्धानरूपम्। जिनभाषिततत्त्वेषु शङ्काया अकरणेन कुदर्शनानां काङ्क्षायाः परिहारेण च सम्यक्त्वं दृढीकर्तव्यम्। गुरूपदेश-दर्शनप्रभावकशास्त्राभ्यास-परदर्शनमिथ्याभावज्ञानादिभिः सम्यक्त्वस्य वृद्धिः कर्त्तव्या। सम्यक्चारित्रं जिनोक्ततत्त्वानां पालनरूपम्। असंयमत्याग-प्रमादपरिहार-संयमदृढपालन-स्वरूपरमणतादिभिश्चारित्रस्य वृद्धिः कर्त्तव्या। सम्यग्ज्ञान-दर्शन- चारित्राणि त्रीण्याध्यात्मिकरत्नानि। यथा यथा सम्यग्ज्ञान-दर्शन-चारित्राणां वृद्धिर्भवति तथा तथाऽऽत्मनो मुक्तिर्नेदीयसी भवति। परमप्रकर्षप्राप्तेषु सम्यग्ज्ञानदर्शनचारित्रेष्वात्मा मुक्तो भवति। रत्नत्रयवृद्धिः सर्वदा कर्त्तव्या, न तु कदाचिदेव।

इयं परमात्मनस्तृतीयाऽऽज्ञा-रागद्वेषादयो दोषाः प्रतिक्षणं निहन्तव्याः। स्वीयं नगरं कोशञ्च रक्षितुमिच्छन्राजा सर्वप्रयत्नेन शत्रून्निहन्ति। यदि स शत्रुनिहनने प्रमाद्यति तर्हि

બોધ. ગુરુમહારાજના ઉપદેશનું શ્રવણ, શાસ્ત્રવાંચન, ચિન્તન વગેરેથી પોતાના જીવનમાં સમ્યગ્જ્ઞાન વધારવું અને બીજાને ઉપદેશ આપવો, શાસ્ત્રો ભણાવવા વગેરે વડે બીજાના જીવનમાં પણ સમ્યગ્જ્ઞાન વધારવું. સમ્યગ્દર્શન એટલે ભગવાને કહેલા તત્ત્વો ઉપરની શ્રદ્ધા. ભગવાને કહેલા તત્ત્વોમાં શંકા ન કરવા વડે અને કુદર્શનોની કાંક્ષાનો ત્યાગ કરવા વડે સમ્યક્ત્વ દૃઢ કરવું. ગુરુમહારાજના ઉપદેશનું શ્રવણ, દર્શનપ્રભાવક શાસ્ત્રોનો અભ્યાસ, પરદર્શનો ખોટા છે એવું જ્ઞાન વગેરે વડે સમ્યક્ત્વની વૃદ્ધિ કરવી. સમ્યક્ચારિત્ર એટલે ભગવાને કહેલા તત્ત્વોનું પાલન. અસંયમનો ત્યાગ કરવો, પ્રમાદનો ત્યાગ કરવો, સંયમનું દૃઢ રીતે પાલન કરવું, સ્વરૂપમાં રમવું વગેરે વડે ચારિત્રની વૃદ્ધિ કરવી. સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્ર એ ત્રણ આધ્યાત્મિક રત્નો છે. જેમ જેમ સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્રની વૃદ્ધિ થાય છે તેમ તેમ આત્માની મુક્તિ નજીક થાય છે. સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્ર જ્યારે પ્રકૃષ્ટ કોટીના બને છે ત્યારે આત્મા મુક્ત બને છે. રત્નત્રયીની વૃદ્ધિ હંમેશા કરવી, ક્યારેક જ નહીં.

પરમાત્માની આ ત્રીજી આજ્ઞા છે કે રાગ-દ્વેષ વગેરે દોષો પ્રતિક્ષણ હણવા. પોતાના નગર અને ભંડારનું રક્ષણ કરવા ઇચ્છનાર રાજા બધા પ્રયત્નોપૂર્વક શત્રુઓને

शत्रवस्तस्य नगरं कोशञ्च लुण्टन्ति । ततश्च राज्ञः परिभवो भवति । एवं स्वात्मगुणसम्पदं रक्षितुकामेन सर्वप्रयत्नेनाऽऽन्तरशत्रवो निहन्तव्याः । यदि स आन्तरशत्रुहनने प्रमाद्यति तर्हि ते तस्य गुणसम्पत्तिं लुण्टन्ति । ततश्चाऽऽत्मा दरिद्रीभूय दुर्गतिं प्रयाति । आन्तरशत्रवोऽतिभयङ्कराः । ततस्तेषां हनने क्षणमात्रमपि प्रमादो न विधेयः । सदा तेषां हनने प्रयत्नो विधेयः । आत्मनि वर्तमाना दोषाः सूक्ष्मधियाऽन्वेषणीयाः । अनेकशो जीवा इमान्दोषान्गुणरूपेण पश्यन्ति । दोषान्सम्यगवगम्य तन्निहननोपायाश्चिन्तनीयाः । ततस्ते उपाया दृढं प्रयोक्तव्याः । कदाचिदान्तरशत्रूणां प्रबलत्वेनाऽऽत्मनः पराजयोऽपि भवेत्, तथाप्यान्तरशत्रुनिहननप्रयत्ना न मोक्तव्याः, सदा तन्निहननार्थं प्रयत्नशीलेन भाव्यम्, पौनःपुन्यं प्रहृत्य ते जीर्णीकर्त्तव्याः । ततस्ते आत्मनो निष्काशितव्याः । शत्रवः शस्त्रैर्हन्यन्ते । दोषाः प्रतिपक्षभावनाभिर्हन्तव्याः । वैराग्येण रागो जेयः । मैत्रीभावेन द्वेषो विजेयः । प्रमोदभावेन मत्सरो विजेतव्यः । करुणया नृशंसत्वं जेयम् । गुणानुरागेण दोषदृष्टिर्हन्तव्या । अशुचिभावनया विषयवासना हेया । प्रसन्नतया दैन्यं निहन्तव्यम् । अनित्यभावनया शोको हन्तव्यः ।

હણે છે. જો તે શત્રુઓને હણવામાં પ્રમાદ કરે તો શત્રુઓ તેના નગરને અને ભંડારને લૂંટી લે. તેથી રાજાનો પરાભવ થાય. એમ પોતાના આત્માની સમ્પત્તિની રક્ષા કરવા ઇચ્છનારે બધા પ્રયત્નોપૂર્વક અંદરના શત્રુઓને હણવા. જો તે અંદરના શત્રુઓને હણવામાં પ્રમાદ કરે તો તેઓ તેની ગુણસમ્પત્તિને લૂંટી લે. તેથી આત્મા દરિદ્ર થઈને દુર્ગતિમાં રવાના થઇ જાય. અંદરના દુશ્મનો બહુ ભયંકર છે. તેથી તેમને હણવામાં એક ક્ષણનો પણ પ્રમાદ ન કરવો. હંમેશા તેમને હણવાનો પ્રયત્ન કરવો. આત્મામાં રહેલા દોષો સૂક્ષ્મબુદ્ધિથી શોધવા. અનેકવાર જીવો આ દોષોને ગુણરૂપે જુવે છે. દોષોને બરાબર ઓળખી તેમને હણવાના ઉપાયો વિચારવા. પછી તે ઉપાયોનો દૃઢતાપૂર્વક અમલ કરવો. ક્યારેક અંદરના શત્રુઓ બળવાન હોવાથી આત્માનો પરાજય પણ થાય, છતાં પણ અંદરના શત્રુઓને હણવાના પ્રયત્નો મૂકવા નહી. હંમેશા તેમને હણવા પ્રયત્નશીલ બનવું. વારંવાર પ્રહાર કરીને તેમને જીર્ણ કરવા. પછી તેમને આત્મા ઉપરથી કાઢી નાખવા. શત્રુઓ શસ્ત્રોથી હણાય છે. દોષો પ્રતિપક્ષી ભાવનાઓથી હણાય છે. વૈરાગ્યથી રાગને જીતવો. મૈત્રીભાવથી દ્વેષને જીતવો. પ્રમોદભાવથી ઇર્ષ્યાને જીતવી. કરુણાથી નિષ્ઠુરતાને જીતવી. ગુણાનુરાગથી દોષદૃષ્ટિને હણવી. અશુચિભાવનાથી વિષયવાસનાનો ત્યાગ કરવો.

एवमन्येऽपि दोषाः प्रतिपक्षभावनाभिर्निमूलयितव्याः । विपाकदारुणत्वं विचिन्त्याऽपि दोषा जेयाः । एवमात्मोपवनाद्दोषकण्टकाः सर्वथा उद्धर्तव्याः ।

इत्थं **परमात्मनस्तिस्त्र आज्ञाः - (१) चित्तं निर्मलं कर्त्तव्यम्, (२) रत्नत्रयस्य पुष्टिः कर्त्तव्या, (३) दोषाश्च हन्तव्याः** । एतासु पालितासु कृतकृत्योऽपि परमात्माऽऽराद्धो भवति । ततश्च स परमपदं ददाति ॥२२॥

अवतरणिका - परमात्माज्ञायाः स्वरूपं दर्शितम् । अधुना तस्या माहात्म्यं वर्णयति-

मूलम् - एतावत्येव तस्याज्ञा, कर्मद्रुमकुठारिका ।
समस्तद्वादशाङ्गार्थ-[1]सारभूताऽतिदुर्लभा ॥२३॥

अन्वयः - तस्य कर्मद्रुमकुठारिका समस्तद्वादशाङ्गार्थसारभूताऽतिदुर्लभा एतावत्येवाऽऽज्ञा ॥२३॥

पद्मीया वृत्तिः - तस्य - परमात्मनः, **कर्मद्रुमकुठारिका** - कर्मैव द्रुमः वृक्षोऽनेकभेदप्रभेदशाखापत्राकुलत्वादिति कर्मद्रुमः, तस्य छेदनाय कुठारिका परशुरिवेति

પ્રસન્નતાથી દીનતાને હણવી. અનિત્યભાવનાથી શોકને હણવો. એમ બીજા પણ દોષોનો પ્રતિપક્ષી ભાવનાઓથી નાશ કરવો. દોષોના ભયંકર પરિણામ વિચારીને પણ દોષોને જીતવા. આમ આત્માના ઉપવનમાંથી દોષોના કાંટા બધી રીતે દૂર કરવા.

આમ પરમાત્માની ત્રણ આજ્ઞા છે - (૧) ચિત્તને નિર્મળ કરવું, (૨) રત્નત્રયની પુષ્ટિ કરવી અને (૩) દોષોને હણવા. આ આજ્ઞાઓનું પાલન કરવાથી કૃતકૃત્ય એવા પણ પરમાત્માની આરાધના થાય છે. તેથી તે પરમપદ આપે છે. (૨૨)

અવતરણિકા - પરમાત્માની આજ્ઞાનું સ્વરૂપ બતાવ્યું. હવે તેના માહાત્મ્યનું વર્ણન કરે છે -

શબ્દાર્થ - તે પરમાત્માની કર્મવૃક્ષ માટે કુહાડી સમાન, સંપૂર્ણ દ્વાદશાંગીના અર્થના સારરૂપ, અતિશય દુર્લભ એવી આટલી જ આજ્ઞા છે. (૨૩)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - પૂર્વે કહેલી પરમાત્માની આજ્ઞા કર્મરૂપીવૃક્ષને

---

१. सारभूताऽर्थदुर्लभा - J।

कर्मद्रुमकुठारिका कर्मोच्छेदिनीत्यर्थः, **समस्तद्वादशाङ्गार्थसारभूता** - द्वादशानामङ्गानां-जिनादवाप्तत्रिपदीभिर्गणधरै रचितानां समाहार इति द्वादशाङ्गम्, समस्तं-सम्पूर्णं, न तु स्वल्पमात्रं, तच्च तद्द्वादशाङ्गञ्चेति समस्तद्वादशाङ्गम्, तस्याऽर्थ इति द्वादशाङ्गार्थः, तस्य सारः-गोरसस्य नवनीतमिवेति समस्तद्वादशाङ्गार्थसारः, तत्स्वरूपेति समस्तद्वादशाङ्गार्थसार-भूता, **अतिदुर्लभा** - दुःखेन लभ्यते इति दुर्लभा, अतिशयेन दुर्लभेति अतिदुर्लभा, कृच्छ्रेण प्राप्येत्यर्थः, **एतावती** - पूर्वश्लोकद्वयोक्तत्रिरूपा, **एव**शब्दः त्रिरूपातिरिक्ताऽऽ-ज्ञाव्यच्छेदार्थम्, **आज्ञा** - कर्त्तव्यत्वोपदेशः ।

परमात्मन आज्ञा कर्मवृक्षस्योच्छेदनाय परशुतुल्या । वृक्षः पत्रपुष्पफलादीनुत्पादयति । एवं कर्मापि देह-संयोग-संसारादीनुत्पादयति । परशुर्वृक्षमुच्छिनत्ति । एवं परमात्माऽऽज्ञापि कर्मोच्छिनत्ति । परमात्माऽऽज्ञायाः पालनेन कर्म निर्जरति । ततोऽत्र परमात्माऽऽज्ञा कुठारिकातुल्या कीर्त्तिता ।

शासनस्थापनानन्तरं तीर्थकृद्गणधरेभ्यस्त्रिपदीं ददाति । तेऽपि तस्या आलम्बनेन अन्तर्मुहूर्त्तमात्रेण द्वादशाङ्गीं रचयन्ति । सा त्वतिविशाला । प्रथममाचाराङ्गमष्टादशसहस्र-पदप्रमाणम् । तत एकादशं विपाकसूत्रं यावदुत्तरोत्तरमङ्गं पूर्वपूर्वाङ्गाद्द्विगुणद्विगुणप्रमाणम् ।

છેદવા માટે કુહાડી સમાન છે. પરમાત્મા પાસેથી ત્રિપદી પામીને ગણધરોએ દ્વાદશાંગી રચી. તે સંપૂર્ણ દ્વાદશાંગીના અર્થના સારભૂત પરમાત્માની આજ્ઞા છે. પરમાત્માની આજ્ઞા ખૂબ જ દુર્લભ છે. એકવીશમા અને બાવીશમા શ્લોકમાં બતાવેલ ત્રણ પ્રકારની આટલી જ પરમાત્માની આજ્ઞા છે.

પરમાત્માની આજ્ઞા કર્મરૂપી વૃક્ષને છેદવા માટે કુહાડી સમાન છે. વૃક્ષ પાંદડા, પુષ્પ, ફળ વગેરેને પેદા કરે છે. એમ કર્મ પણ શરીર - સંયોગ- સંસાર વગેરેને પેદા કરે છે. કુહાડી વૃક્ષને છેદે છે. એમ પરમાત્માની આજ્ઞા પણ કર્મને ઉચ્છેદે છે. પરમાત્માની આજ્ઞાનું પાલન કરવાથી કર્મની નિર્જરા થાય છે. તેથી પરમાત્માની આજ્ઞાને કુહાડી સમાન કહી.

શાસન સ્થાપ્યા પછી તીર્થંકર ભગવાન ગણધરોને ત્રિપદી આપે છે. તેઓ પણ તેના આલંબનથી માત્ર અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગીની રચના કરે છે. તે ખૂબ વિશાળ છે. પહેલું આચારાંગ અઢાર હજાર પદ પ્રમાણ છે. પછી અગિયારમા વિપાકસૂત્ર

उक्तञ्च **कर्मविपाकनामप्रथमकर्मग्रन्थस्य षष्ठगाथायाष्टीकायां देवेन्द्रसूरिभिः - 'अट्ठारस पयसहसा आयारे, दुगुण दुगुण सेसेसु ।'** (**छाया** - अष्टादशपदसहस्राणि आचारे, द्विगुणानि द्विगुणानि शेषेषु ।) **श्रीजिनदत्तसूरिविरचितोपदेशकुलकेऽप्युक्तम् - 'अट्ठारस-पय-सहसो-वसोहिए, पवर-पंच-चूलाए । पढमंगे सेसेसुं, पयसंखा दुगुणदुगुणाउ ॥६॥'** (**छाया** - अष्टादशपदसहस्रोपशोभितं, प्रवरपञ्चचूलिकम् । प्रथमाङ्गं शेषेषु, पदसङ्ख्या द्विगुणद्विगुणा तु ॥६॥) द्वादशाङ्गस्य दृष्टिवादस्य पञ्च भेदाः । तद्यथा - परिकर्म सूत्रं पूर्वानुयोगः पूर्व्वगतं चूलिका च, तत्र चतुर्थे पूर्वगतनामभेदे चतुर्दशपूर्वाणि सन्ति । उक्तञ्च **कर्मविपाकस्य षष्ठगाथायाष्टीकायां - 'परिकम्म १ सुत्त २ पुव्वाणुओग ३ पुव्वगयं ४ चूलिया ५ एवं । पण दिट्ठिवायभेया, चउदसपुव्वाइं पुव्वगयं ॥'** (**छाया** - परिकर्म १ सूत्रं २ पूर्वानुयोगः ३ पूर्वगतं ४ चूलिका ५ एवं । पञ्च दृष्टिवादभेदाः, चतुर्दशपूर्वाणि पूर्वगतम् ॥) प्रथमं पूर्वं षड्गव्यूतोच्छ्रितैकहस्तिप्रमाणमषीलेख्यम् । तत उत्तरोत्तरं पूर्वं द्विगुणद्विगुणहस्तिप्रमाणमषीलेख्यम् । उक्तञ्च **कल्पसूत्रस्य सुबोधिकाटीकायां महोपाध्यायश्रीविनयविजयैः - 'तत्र पूर्वाणि च प्रथमं एकेन हस्तिप्रमाणमषी-**

સુધી ઉત્તરોત્તર અંગ પૂર્વ પૂર્વના અંગ કરતા બમણા બમણા પ્રમાણવાળુ છે. **કર્મવિપાક** નામના **પહેલા કર્મગ્રંથની છઠ્ઠી ગાથાની ટીકામાં દેવેન્દ્રસૂરિ મહારાજે** કહ્યું છે, 'આચારાંગમાં અઢાર હજાર પદ છે. બાકીના અંગોમાં બમણા બમણા પદો છે.' **શ્રીજિનદત્તસૂરિ** મહારાજે રચેલા **ઉપદેશકુલક**માં પણ કહ્યું છે, 'પહેલુ અંગ અઢાર હજાર પદોથી શોભિત છે અને શ્રેષ્ઠ એવી પાંચ ચૂલિકાવાળુ છે. બાકીના અંગોમાં પદોની સંખ્યા બમણી બમણી છે. (૬)' બારમા અંગ દૃષ્ટિવાદના પાંચ ભેદ છે. તે આ પ્રમાણે - પરિકર્મ, સૂત્ર, પૂર્વાનુયોગ, પૂર્વગત અને ચૂલિકા. તેમાં ચોથા પૂર્વગત નામના ભેદમાં ચૌદપૂર્વો છે. **કર્મવિપાક**ની **છઠ્ઠી ગાથા**ની **ટીકા**માં કહ્યું છે - 'પરિકર્મ, સૂત્ર, પૂર્વાનુયોગ, પૂર્વગત, ચૂલિકા - એ પ્રમાણે દૃષ્ટિવાદના પાંચ ભેદ છે. પૂર્વગતમાં ચૌદ પૂર્વો છે.' પહેલુ પૂર્વ છ ગાઉ ઊંચા એક હાથી જેટલી સાહીથી લખાય એટલુ છે. પછી ઉત્તરોત્તર પૂર્વ બમણા બમણા હાથી જેટલી સાહીથી લખાય એટલા છે. **કલ્પસૂત્રની સુબોધિકા ટીકામાં મહોપાધ્યાય શ્રીવિનયવિજયજી મહારાજે** કહ્યું છે - 'પહેલુ પૂર્વ એક હાથી પ્રમાણ સાહીના પુંજથી લખાય એટલુ છે, બીજુ પૂર્વ એવા બે પુંજથી, ત્રીજુ પૂર્વ ચાર પુંજથી, ચોથુ પૂર્વ આઠ પુંજથી, પાંચમુ પૂર્વ સોળ પુંજથી,

पुञ्जेन लेख्यं १, द्वितीयं द्वाभ्यां २, तृतीयं चतुर्भिः ४, चतुर्थम् अष्टभिः ८, पञ्चमं षोडशभिः १६, षष्ठं द्वात्रिंशता ३२, सप्तमं चतुःषष्ट्या ६४, अष्टमं अष्टाविंशत्यधिकशतेन १२८, नवमं षट्पञ्चाशदधिकशतद्वयेन २५६, दशमं द्वादशाधिकैः पञ्चभिः शतैः ५१२, एकादशं चतुर्विंशत्यधिकेन सहस्रेण १०२४, द्वादशं अष्टचत्वारिंशदधिकया द्विसहस्र्या २०४८, त्रयोदशं षण्णवत्यधिकया चतुःसहस्र्या ४०९६, चतुर्दशं च अष्टसहस्र्या द्विनवत्युत्तरशताधिकया ८१९२, सर्वाणि पूर्वाणि षोडशभिः सहस्रैस्त्र्यशीत्यधिकैस्त्रिभिः शतैश्च १६३८३ हस्तिप्रमाणमषीपुञ्जैर्लेख्यानि ।(१)' इत्थं द्वादशाङ्ग्यतिविशाला । तस्या अर्थतः प्ररूपकः परमात्मा । गणधरैस्तु सा सूत्ररूपेण गुम्फिता । सम्प्रति पञ्चमारके वयं द्वादशाङ्गीप्रतिपादितां सम्पूर्णां परमात्माऽऽज्ञां पलयितुमक्षमाः । पूर्वोक्ता परमात्माऽऽज्ञा द्वादशाङ्ग्याः सारभूता । सम्पूर्णं भोजनं भोक्तुमक्षमेन यदि सारो भुज्यते तर्ह्यपि स पुष्टिं प्राप्नोति । सम्पूर्णं ग्रन्थं पठितुमक्षमेन यदि सारः पठ्यते तर्ह्यपि सोऽवगततत्त्वो भवति । एवं द्वादशाङ्गीप्रतिपादितां सम्पूर्णां परमात्माज्ञां पालयितुमक्षमैस्तत्सारभूता परमात्माऽऽज्ञा पाल्यते तर्ह्यपि ते कर्मनिर्जरालाभं प्राप्नुवन्ति ।

છઠ્ઠુ પૂર્વ બત્રીશ પુંજથી, સાતમુ પૂર્વ ચોસઠ પુંજથી, આઠમુ પૂર્વ ૧૨૮ પુંજથી, નવમુ પૂર્વ ૨૫૬ પુંજથી, દસમુ પૂર્વ ૫૧૨ પુંજથી, અગિયારમું પૂર્વ ૧,૦૨૪ પુંજથી, બારમુ પૂર્વ ૨,૦૪૮ પુંજથી, તેરમુ પૂર્વ ૪,૦૯૬ પુંજથી, ચૌદમુ પૂર્વ ૮,૧૯૨ પુંજથી લખાય એટલુ છે. બધા પૂર્વો ૧૬,૩૮૩ હાથી પ્રમાણ સાહીના પુંજોથી લખાય એટલા છે. (૧)' આમ દ્વાદશાંગી ખૂબ વિશાળ છે. તેના અર્થથી પ્રરૂપક પરમાત્મા છે. ગણધર ભગવંતોએ તો તેને સૂત્રરૂપે ગૂંથી છે. હાલ પાંચમા આરામાં આપણે દ્વાદશાંગીમાં કહેલી પરમાત્માની સંપૂર્ણ આજ્ઞાને પાળવા સમર્થ નથી. પૂર્વે કહેલી પરમાત્માની આજ્ઞા દ્વાદશાંગીના સારભૂત છે. સંપૂર્ણ ભોજન ખાવા અસમર્થ મનુષ્ય જો સાર વસ્તુ ખાય તો પણ તેનું શરીર પુષ્ટ થાય છે. સંપૂર્ણ ગ્રન્થ ભણવા અસમર્થ મનુષ્ય જો સારને ભણે તો પણ તેને તે ગ્રન્થના તત્ત્વોનું જ્ઞાન થાય છે. એમ દ્વાદશાંગીમાં કહેલી પરમાત્માની સંપૂર્ણ આજ્ઞાને પાળવા અસમર્થ જીવો જો તેના સારભૂત પરમાત્માની આજ્ઞાને પાળે તો પણ તેઓ કર્મનિર્જરાના લાભને પામે છે.

परमात्माऽऽज्ञा कृच्छ्रप्राप्या । चतुर्गतिकेऽस्मिन्संसारे मनुष्यभवोऽपि दुर्लभः । देव-नारक-तिर्यग्भ्यो मनुष्याः स्तोकाः । महर्षिभिर्दशभिर्दृष्टान्तैर्मनुष्यभवस्य दुर्लभता वर्णिता । कथञ्चित्कर्मलाघवेन मानुषे भवे प्राप्तेऽपि जैनकुलप्राप्तिरतिदुर्लभा । प्रायो जैनकुले प्राप्ते एव जिनाज्ञा प्राप्यते । ततो जिनाज्ञाऽप्यतिदुर्लभा ।

जिनाज्ञाया सार एकविंशतितमद्वाविंशतितमश्लोकद्वयोक्तत्रिरूपः । जिनाज्ञाया अयं सारः सुखेन शीघ्रञ्च पालयितुं शक्यते ।

इत्थमस्मिन्श्लोके परमात्माऽऽज्ञायाश्चत्वारि विशेषणानि दर्शयित्वा तस्या माहात्म्यं वर्णितम् । ततश्च जीवानां जिनाज्ञापालनोत्साहो वर्द्धितः ॥२३॥

अवतरणिका - जिनाज्ञाया माहात्म्यं दर्शितम् । अधुना जिनाज्ञापालनापालनाभ्यां जायमाने लाभहानी दृष्टान्तैः समर्थयति -

मूलम् - विश्वस्य वत्सलेनाऽपि, त्रैलोक्यप्रभुणाऽपि च ।

પરમાત્માની આજ્ઞા મુશ્કેલીથી મળે એવી છે. ચાર ગતિરૂપ આ સંસારમાં મનુષ્યભવ પણ દુર્લભ છે. દેવો-નારકો-તિર્યંચો કરતા મનુષ્યો થોડા છે. મહાત્માઓએ દશ દૃષ્ટાન્તો વડે મનુષ્યભવની દુર્લભતાનું વર્ણન કર્યું છે. કોઈક રીતે કર્મો ઓછા થવાથી મનુષ્યભવ મળવા છતાં પણ જૈનકુળની પ્રાપ્તિ ખૂબ દુર્લભ છે. પ્રાયઃ જૈનકુળ મળે તો જ જિનાજ્ઞા મળે છે. તેથી જિનાજ્ઞા પણ ખૂબ દુર્લભ છે.

પરમાત્માની આજ્ઞાનો સાર એકવીશમા-બાવીશમા બે શ્લોકોમાં કહેલા ત્રણ સ્વરૂપવાળો છે. પરમાત્માની આજ્ઞાનો આ સાર સુખેથી અને શીઘ્ર પાળી શકાય છે.

આમ આ શ્લોકમાં પરમાત્માની આજ્ઞાના ચાર વિશેષણ બતાવીને તેના માહાત્મ્યનું વર્ણન કર્યું છે. તેથી પરમાત્માની આજ્ઞા પાળવાનો જીવોનો ઉત્સાહ વધાર્યો છે. (૨૩)

અવતરણિકા - પરમાત્માની આજ્ઞાનું માહાત્મ્ય બતાવ્યું. હવે પરમાત્માની આજ્ઞાના પાલન અને અપાલનથી થતા લાભ અને નુકસાનનું દૃષ્ટાન્તો વડે સમર્થન કરે છે -

साक्षाद्विहरमाणेन, श्रीवीरेण तदा किल ॥२४॥
त एव रक्षिता दुःख - भैरवाद्भवसागरात् ।
इयं यैः स्वीकृता भक्ति - निर्भरैरभयादिभिः ॥२५॥
यैस्तु पापभराक्रान्तैः, कालसौकरिकादिभिः ।
न स्वीकृता भवाम्भोधौ, ते भ्रमिष्यन्ति दुःखिताः ॥२६॥
॥ त्रिभिर्विशेषकम् ॥

अन्वयः - तदा विश्वस्य वत्सलेनाऽपि त्रैलोक्यप्रभुणाऽपि च साक्षाद् विहरमाणेन श्रीवीरेण किल भक्तिनिर्भरैरभयादिभिर्यैरियं स्वीकृता त एव दुःखभैरवाद्भवसागराद्रक्षिताः, पापभराक्रान्तैः कालसौकरिकादिभिः यैस्तु (इयं) न स्वीकृता ते भवाम्भोधौ दुःखिताः (सन्तो) भ्रमिष्यन्ति ॥२४॥ ॥२५॥ ॥२६॥

पद्मीया वृत्तिः - तदा - तस्मिन्काले यदा श्रीवीरविभुः पृथ्वीमलञ्चकार, **विश्वस्य** - जीवजगतः, **वत्सलेन** - कृपालुना, **अपि**शब्दो यैः परमात्माज्ञा न स्वीकृता तेषु परमात्मनो वात्सल्याभावं व्यवच्छिनत्ति, **त्रैलोक्यप्रभुणा** - त्रयाणां-लोकानामूर्ध्वाधस्तिर्यग्रूपाणां समाहार इति त्रिलोकी, तस्या भाव इति त्रैलोक्यम्, तस्य प्रभुः - स्वामीति त्रैलोक्यप्रभुः, तेन, **अपि**शब्दः प्रभोः शक्तिरहितत्वं व्यवच्छिनत्ति, **च**शब्दः समुच्चये, **साक्षाद्** - प्रत्यक्षम्, **विहरमाणेन** - विचरता, **श्रीवीरेण** - श्रिया-अतिशयादिरूपया युक्तश्चासौ वीरः चतुर्विंशतितमस्तीर्थङ्कर इति श्रीवीरः, तेन, **किल**शब्दः सत्यप्रवादे,

---

शब्दार्थ - त्यारे विश्व उपर वात्सल्यवाळा एवा पण अने त्रण लोकना स्वामी एवा पण साक्षात् विचरता श्रीवीरप्रभुए भक्तिवाळा अभयकुमार वगेरे जेमणे परमात्मानी आ आज्ञा स्वीकारी तेमनुं ज दुःखथी भयंकर एवा संसारसागरमांथी रक्षण कर्युं, पापना भारथी दबायेला कालसौकरिक कसाय वगेरे जेमणे परमात्मानी आ आज्ञा न स्वीकारी तेओ भवसमुद्रमां दुःखी थईने भमशे. (२४,२५,२६)

पद्मीयावृत्तिनो भावानुवाद - श्रीवीरप्रभु विश्व उपर वात्सल्यवाळा हता. तेओ त्रणे लोकना स्वामी हता. तेओ अतिशयोरूपी लक्ष्मीथी शोभता हता.

भक्तिनिर्भरैः - भक्त्या-विनयबहुमानाभ्यां निर्भराः-पूर्णा इति भक्तिनिर्भराः, तैः, **अभयादिभिः** - अभयः-मगधसम्राट्श्रेणिकनृपस्य पुत्रो मन्त्री च, स आदौ येषां शालिभद्र-धन्य- अर्जुनमालिक-मेतार्यमुन्यादीनामित्यभयादयः, तैः, **यैः** - अभयादिभिः, **इयम्** - परमात्माऽऽज्ञा, **स्वीकृता** - प्रतिपन्ना पालिता च, **ते**-जिनाज्ञास्वीकर्त्तारः, **एव**शब्दः जिनाज्ञाऽस्वीकर्त्तृणां व्यवच्छेदार्थम्, **दुःखभैरवात्** - दुःखम्-प्रतिकूलवेदनीयम्, तेन भैरवः-भीम इति दुःखभैरवः, तस्मात्, **भवसागरात्** - भवः- संसार एव अदृश्यपारत्वात् सागरः पारावार इति भवसागरः, तस्मात्, **रक्षिताः** - मोचिताः, **पापभराक्रान्तैः** - पापानि-अशुभानि कर्माणि, तेषां भरः-समूह इति पापभरः, तेनाऽऽक्रान्ताः-प्रहता इति पापभराऽऽक्रान्ताः, तैः, **कालसौकरिकादिभिः** - कालसौकरिकः - प्रतिदिनं पञ्चशतमहिषानां हन्ताऽभव्यः शौनिकः, स आदौ येषां देवशर्म-कपिलादास्यादीनामिति कालसौकरिकादयः, तैः, **यैः** - जिनाज्ञाविराधकैः, **तु** - पुनः, **इय**मित्यत्राप्यनुकर्षणीयम्, **न**शब्दो निषेधे, **स्वीकृता** - आराधिता, **ते** - जिनाज्ञाविराधकाः, **भवाम्भोधौ** - भवः-संसार एव अम्भोधिः-समुद्र इति भवाम्भोधिः, तत्र, **दुःखिताः** - दुःखेन पीडिताः, **सन्त** इत्यत्राध्याहार्यम्, **भ्रमिष्यन्ति** - पर्यटिष्यन्ति ।

अस्या अवसर्पिण्याश्चतुर्थारकस्य पर्यन्ते चरमतीर्थङ्करः पृथ्वीतलं स्वपादन्यासैः पावितवान् । स विश्ववत्सलो बभूव । माता बालकं प्रति वत्सलाऽस्ति । तस्या हृदये

ઉછળતા ભક્તિ-બહુમાનવાળા અભયકુમાર વગેરેએ પરમાત્માની આજ્ઞાનું પાલન કર્યું. અભયકુમાર મગધદેશના સમ્રાટ શ્રેણિક મહારાજાના પુત્ર અને મન્ત્રી હતા. અહીં વગેરેથી શાલિભદ્ર, ધન્યકુમાર, અર્જુનમાળી, મેતારજમુનિ વગેરે લેવા. આ અભયકુમાર વગેરે જેમણે પરમાત્માની આજ્ઞા સ્વીકારી અને એનું પાલન કર્યું શ્રીવીરપ્રભુએ તેમનું જ દુઃખથી ભયંકર એવા સંસારસમુદ્રમાંથી રક્ષણ કર્યું. પાપથી ભરેલા એવા કાલસૌકરિક કસાય વગેરે જેમણે પરમાત્માની આજ્ઞાનું પાલન ન કર્યું તેઓ દુઃખી થઈને સંસારસમુદ્રમાં ભમશે. કાલસૌકરિક રોજના પાંચ સો પાડાને મારનાર અભવ્ય કસાય હતો. અહીં વગેરેથી દેવશર્મા બ્રાહ્મણ, કપિલાદાસી વગેરે લેવા.

આ અવસર્પિણીના ચોથા આરાને અંતે છેલ્લા તીર્થંકરે પૃથ્વીતલને પોતાના પગલાથી પાવન કર્યું. તેઓ વિશ્વ ઉપર વાત્સલ્યવાળા હતા. માતા બાળક ઉપર

बालकं प्रति यो भावो वर्त्तते स वात्सल्यमित्युच्यते । वात्सल्यान्माता बालकस्याऽपराधान्न पश्यति, कदाचिदपराधदर्शनेऽपि सा तस्मै न क्रुध्यति । सा बालकृतानपराधान्सोढ्वाऽपि बाले वात्सल्यमेव वर्षयति । वात्सल्यात्तस्याः स्तनयोर्वर्त्तमानं रुधिरं दुग्धरूपं जायते । श्रीवीरो जगतो माताऽऽसीत् । तस्य हृदये सर्वजीवान्प्रति वात्सल्यमासीत् । अत एव क्षुद्रजीवैरुपसर्गेषु कृतेष्वपि स तान्सम्यग्सोढवान् । स न कदाचिदपि तानदण्डयत्, नाऽपि तेभ्योऽकुप्यत्, नाऽपि तेषामशुभमचिन्तयत् । स प्रत्युत तेषां हितमेवाऽचिन्तयत्तत्कृते च प्रावर्त्तत । वात्सल्यात्तद्देहस्थमसृगपि क्षीररूपं सञ्जातम् । अत एव यदा चण्डकौशिक-सर्पेण स चरणे दष्टस्तदा तस्मात्क्षीरधारा निरसरत् ।

श्रीवीरस्त्रिलोकनाथ आसीत् । मनुष्येषु चक्रवर्त्ती बलीष्ठः । देवास्तु तस्मादपि बलवत्तराः । देवानामपि प्रभुरिन्द्रः । इन्द्राणामपि प्रभुस्तीर्थङ्करः । इत्थं तीर्थङ्करः सर्वोत्तमः । स सर्वजीवानां हितचिन्तकः । स सर्वगुणैः सर्वजीवेभ्योऽतिशायी । सोऽजीवानां यथावस्थितस्वरूपस्य

વાત્સલ્યવાળી હોય છે. તેણીના હૃદયમાં બાળક પ્રત્યે જે ભાવ હોય છે તેને વાત્સલ્ય કહેવાય છે. વાત્સલ્યને લીધે માતા બાળકના અપરાધોને જોતી નથી, કદાચ અપરાધોને જુવે તો પણ તેની ઉપર ગુસ્સે થતી નથી. તેણી બાળકે કરેલા અપરાધોને સહન કરીને પણ તેની ઉપર વાત્સલ્ય જ વરસાવે છે. વાત્સલ્યને લીધે તેણીના સ્તનમાં રહેલું લોહી પણ દૂધરૂપ થાય છે. શ્રીવીરપ્રભુ જગતની માતા સમાન હતા. તેમના હૃદયમાં બધા જીવો ઉપર વાત્સલ્ય હતું. એથી જ તુચ્છ જીવોએ ઉપસર્ગો કરવા છતા તેમણે તે સારી રીતે સહન કર્યા. તેમણે ક્યારેય પણ તેમને સજા કરી ન હતી, તેઓ તેમની ઉપર ગુસ્સે પણ થયા ન હતા, તેમણે તેમનું ખરાબ પણ વિચાર્યું ન હતું. ઊલટું તેમણે તેમનું ભલું જ ચિન્તવ્યું હતું અને એની માટે જ પ્રયત્ન કર્યા હતા. વાત્સલ્યથી તેમના શરીરનું લોહી પણ દૂધરૂપ થઈ ગયું હતું. માટે જ જ્યારે ચંડકૌશિક સર્પે તેમના પગે ડંખ માર્યો ત્યારે તેમાંથી દૂધની ધારા નીકળી.

શ્રીવીરપ્રભુ ત્રણ લોકના નાથ હતા. મનુષ્યોમાં ચક્રવર્તી સૌથી બળવાન છે. દેવો તેમના કરતા પણ બળવાન છે. દેવોનો સ્વામી ઈન્દ્ર છે. ઈન્દ્રોના પણ સ્વામી તીર્થંકરપ્રભુ છે. આમ તીર્થંકર સૌથી શ્રેષ્ઠ છે. તેઓ બધા જીવોના હિતને વિચારનારા છે. તેઓ બધા ગુણોમાં બધા જીવો કરતા ચઢીયાતા છે. તેઓ અજીવોનું સાચું

दर्शकः । सोऽनन्तवीर्यवत्त्वात्सर्वसमर्थः । अत एव स त्रिभुवनस्य प्रभुः ।

तदानीं श्रीवीरः साक्षाद्विचरन्नासीत्, न तु परोक्षः ।

इत्थं विश्ववत्सलेन त्रिलोकप्रभुणा साक्षाद्विचरताऽपि श्रीवीरेण कालसौकरिकादयो निजाऽऽज्ञाविराधका भवसमुद्रपातान्न रक्षिताः । प्रभुहृदये तु सर्वजीवोत्तारणभावनाऽऽसीत् । परन्तु कालसौकरिकादिभिर्जिनाज्ञा न स्वीकृता । ततस्ते कर्मनिर्जराभाजो नाऽभवन् । प्रत्युत घोरपापानि कृत्वा ते गुरुकर्म्माणो जाताः । ततस्ते भवसागरे न्यमज्जन् । स्वकृत-कर्मविपाकेन ते आयतौ दुःखिता भविष्यन्ति । ते संसारे भ्रमिष्यन्ति । कालसौकरिकः प्रतिदिनं पञ्चशतमहिषाणां वधमकरोत् । ततस्तीव्राशुभकर्माणि बद्ध्वा रौद्रध्यानेन मृत्वा स सप्तमं नरकं प्रयातः । गोशालकजमालिभ्यां तीर्थकृत आशातना कृता । ततस्तेऽपि संसारे भ्रमिष्यन्ति । एवमन्यैरपि यैर्जिनाऽऽज्ञा नाऽराधिता ते सर्वेऽपि दुःखेन तुदिताः सन्तः संसृतिमटिष्यन्ति । विश्ववत्सल-त्रिलोकप्रभु-साक्षाद्वर्त्तमानोऽपि श्रीवीरप्रभुर्दुर्गतौ-

---

સ્વરૂપ બતાવનારા છે. તેઓ અનંતવીર્યવાળા હોવાથી બધા કરતા સમર્થ છે. માટે જ તેઓ ત્રણ ભુવનના સ્વામી છે.

ત્યારે શ્રીવીરપ્રભુ સાક્ષાત્ વિચરતા હતા, પરોક્ષરૂપે નહીં.

આમ વિશ્વ ઉપર વાત્સલ્યવાળા, ત્રણ લોકના સ્વામી, સાક્ષાત્ વિચરતા એવા પણ શ્રીવીરપ્રભુએ કાલસૌકરિક વગેરે પોતાની આજ્ઞાની વિરાધના કરનારાઓને સંસારસમુદ્રમાં પડતાં બચાવ્યા નહીં. પ્રભુના હૃદયમાં તો બધા જીવોને તારવાની ભાવના હતી. પણ કાલસૌકરિક વગેરેએ પ્રભુની આજ્ઞા ન સ્વીકારી. તેથી તેઓ કર્મનિર્જરાના ભાગી ન થયા. ઊલટું ઘોર પાપો કરીને તેઓ ભારેકર્મી થયા. તેથી તેઓ સંસારસાગરમાં ડૂબ્યા. પોતે કરેલા કર્મોના ઉદયથી તેઓ ભાવિમાં દુઃખી થશે. તેઓ સંસારમાં ભમશે. કાલસૌકરિક દરરોજ ૫૦૦ પાડાઓને મારતો હતો. તેથી તીવ્ર અશુભ કર્મો બાંધીને રૌદ્રધ્યાનમાં મરીને તે સાતમી નરકે ગયો. ગોશાળા અને જમાલીએ શ્રીવીરપ્રભુની આશાતના કરી. તેથી તેઓ પણ સંસારમાં ભમશે. એમ બીજા પણ જેમણે પરમાત્માની આજ્ઞાની આરાધના ન કરી તે બધા પણ દુઃખથી પીડાઈને સંસારમાં ભમશે. વિશ્વ ઉપર વાત્સલ્યવાળા, ત્રણ લોકના સ્વામી, સાક્ષાત્ વિચરતા હોવા છતા પણ શ્રીવીરપ્રભુ દુર્ગતિમાં પડનારા તેમને બચાવી ન

प्रपततस्तान्रक्षितुं नाऽशक्नोत् । स्वकृतकर्म्मभिरेव ते दुःखिता जाताः ।

यैस्त्वभयकुमारादिभिर्जिनाज्ञाऽऽराधिता ते भवपारं प्राप्ताः । ते प्रभौ भक्तिमन्त आसन् । ततस्ते जिनाज्ञां बहुमतवन्त आराधितवन्तश्च । ततस्ते कर्मनिर्जराभाजोऽभवन् । सर्वकर्मक्षयेण ते निर्वाणं प्राप्नुवन् प्राप्स्यन्ति वा । ततस्ते दुःखैकसङ्कुलात्संसार-पारावारान्मुक्ता मोक्ष्यन्ति वा । निम्बवृक्षस्य सर्वाण्यप्यङ्गानि कटुरसयुक्तान्येव सन्ति । एवं संसारोऽपि सर्वत्र सर्वथा दुःखरूप एव । अभयकुमारादयो जिनोपदेशं श्रुत्वा प्रव्रजितवन्तः । संयमसाधनां कृत्वा त आसन्नसिद्धिगामिनोऽभवन् । केचन तस्मिन्नेव भवे निर्वृताः, अपरे तु स्तोकभवैर्नि-र्वाणमिता एष्यन्ति वा ।

श्रीवीरः सर्वत्र समोऽभवत् । तदाज्ञापालकाः सुखिनोऽभवन् विपरीताश्च दुःखिनः । इत्थं प्रभुणा न कोऽपि संसारान्मोचितस्तत्र वा पातितः । ते जीवाः स्वयं स्वकृत्यानुसारेण स्वात्मानं संसारान्मोचितवन्तस्तत्र वा पातितवन्तः । ततो नैगमनयमाश्रित्यात्रोक्तं-प्रभुणा

શક્યા. પોતે કરેલા કર્મો વડે જ તેઓ દુઃખી થયા.

અભયકુમાર વગેરે જેમણે પરમાત્માની આજ્ઞાની આરાધના કરી તેઓ સંસારથી પાર ઊતરી ગયા. તેઓ પ્રભુ ઉપર ભક્તિવાળા હતા. તેથી તેઓ પ્રભુની આજ્ઞાને બહુ માનતા હતા અને તેની આરાધના કરતા હતા. તેથી તેઓ કર્મનિર્જરાના ભાગી થયા. બધા કર્મોનો ક્ષય કરી તેઓ નિર્વાણ પામ્યા અથવા પામશે. તેથી તેઓ એકમાત્ર દુઃખથી ભરેલા સંસારસમુદ્રમાંથી મુક્ત થયા અથવા મુક્ત થશે. લિંબડાના બધા અંગો કડવા જ હોય છે. એમ સંસાર પણ બધે બધી રીતે દુઃખરૂપ જ છે. અભયકુમાર વગેરેએ પ્રભુનો ઉપદેશ સાંભળીને ચારિત્ર લીધું. સંયમની સાધના કરીને તેઓ નિકટમુક્તિગામી થયા. કેટલાક તે જ ભવમાં મોક્ષે ગયા, બીજા થોડાક ભવોમાં મોક્ષમાં ગયા અથવા જશે.

શ્રીવીરપ્રભુ બધાને વિષે સમાન હતા. તેમની આજ્ઞાનું પાલન કરનારા સુખી થયા અને તેમની આજ્ઞાની વિરાધના કરનારા દુઃખી થયા. આમ પ્રભુએ કોઈને પણ સંસારમાંથી બચાવ્યા નથી કે સંસારમાં પાડ્યા નથી. તે જીવોએ પોતે જ પોતાના કૃત્યોને અનુસારે પોતાના આત્માને સંસારમાંથી છોડાવ્યો કે સંસારમાં પાડ્યો. તેથી અહીં નૈગમનયને આશ્રયીને કહ્યું કે પ્રભુએ પોતાની આજ્ઞાને

स्वाज्ञास्वीकर्त्तार एव रक्षिताः ।

दृष्टान्तेन समर्थितः पदार्थो सुखेनाऽवगम्यते । ततोऽत्र दृष्टान्तेन जिनाज्ञापालनविराधना-माहात्म्यानर्थौ दर्शितौ । ततोऽस्माभिरपि **जिनाज्ञापालनरतैर्भवितव्यं जिनाज्ञाविराधना च सर्वथा हेया** ॥२४॥ ॥२५॥ ॥२६॥

अवतरणिका - जिनाज्ञाया माहात्म्यमेव दर्शयति -

मूलम् - सर्वजन्तुहिताज्ञैवा-ऽऽज्ञैव मोक्षैकपद्धतिः ।
चरिताऽज्ञैव चारित्र-माज्ञैव [१]भवभञ्जनी ॥२७॥

अन्वयः - आज्ञैव सर्वजन्तुहिता, आज्ञैव मोक्षैकपद्धतिः, चरिताऽऽज्ञैव चारित्रं, आज्ञैव भवभञ्जनी ॥२७॥

पद्मीया वृत्तिः - परमात्मन **आज्ञा, एव**शब्दो अन्यस्य जीवहितत्वं व्यवच्छिनत्ति, **सर्वजन्तुहिता** - सर्वे-सकलाश्च ते जन्तवः-जीवाश्चेति सर्वजन्तवः, तेभ्यो हिता-कल्याण-कारिणी निःश्रेयसप्रापकत्वादिति सर्वजन्तुहिता, **आज्ञा** - पूर्ववत्, **एव**शब्दो अन्यस्य

સ્વીકારનારાઓની જ રક્ષા કરી.

દૃષ્ટાન્તથી સમર્થન કરાયેલ પદાર્થ સહેલાઈથી સમજાય છે. તેથી અહીં દૃષ્ટાન્તથી જિનાજ્ઞાપાલનનું માહાત્મ્ય અને જિનાજ્ઞાની વિરાધનાનું નુકસાન બતાવ્યું. તેથી આપણે પણ **જિનાજ્ઞાના પાલનમાં રત થવું અને જિનાજ્ઞાની વિરાધના બધી રીતે ત્યજવી.** (૨૪, ૨૫, ૨૬)

અવતરણિકા - જિનાજ્ઞાનું માહાત્મ્ય જ બતાવે છે -

શબ્દાર્થ - આજ્ઞા જ બધા જીવોને હિતકારી છે, આજ્ઞા જ મોક્ષનો એક માત્ર માર્ગ છે, આજ્ઞાનું પાલન એ જ ચારિત્ર છે, આજ્ઞા જ સંસારનો નાશ કરનાર છે. (૨૭)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - આજ્ઞા જ જીવોનું હિત કરનારી છે, બીજું કોઈ જીવોનું હિત કરનાર નથી. બધા કર્મોથી રહિત આત્માનું શુદ્ધ સ્વરૂપ તે મોક્ષ છે.

---

१. भवभञ्जिनी - D, K I

मोक्षमार्गत्वं व्यवच्छिनत्ति, **मोक्षैकपद्धतिः** - मोक्षस्य-सकलकर्मनाशस्य एका-असाधारणा पद्धतिः-प्राप्तेर्मार्ग इति मोक्षैकपद्धतिः, **चरिता** - पालिता, **आज्ञा** - पूर्वोक्ता, **एव**शब्दो - अन्यस्य चारित्रत्वं व्यवच्छिनत्ति, **चारित्रम्** - संयमः, **आज्ञा** - पूर्ववत्, **एव**शब्दो अन्यस्य भवभञ्जकत्वं व्यवच्छिनत्ति, **भवभञ्जनी** - भवं-संसारं भनक्तीति भवभञ्जनी ।

परमात्मन आज्ञा सर्वजीवकल्याणकारिणी । सा सर्वेषामपि जीवानां कल्याणं करोति । सा स्तोकानामेव जीवानां कल्याणं करोतीति तु न । सा उपद्रवान्नाशयति, अनर्थानपास्यति, रोगान्हरति, अशिवं विद्रावयति, अशान्तिं शमयति, कलहमुपशमयति, दुर्गतिं निवारयति, दोषेभ्यो मोचयति, पापानि हरति, कर्मबन्धनानि त्रोटयति, सम्पदं वितरति, सुखानि यच्छति, सद्गतिं प्रापयति, गुणानर्पयति, पुण्यं पुष्णाति, गुणस्थानकान्यारोहयति, सिद्धिगतौ च स्थापयति । परमात्माज्ञाव्यतिरिक्तमन्यत्किञ्चिदपि तत्त्वं न सर्वजन्तुहितावहम् । ततो स्वहितकाङ्क्षिभिर्जिनाज्ञैव पालनीया ।

परमात्माऽऽज्ञैव मुक्तिपुरीप्राप्तिप्रवणपदवी । तस्या आचरणेन मोक्षः प्राप्यते । इष्टं स्थानं प्रासुकामेन प्रथमं तत्स्थानप्रापको मार्गो गवेषणीयः । यावन्न मार्गो ज्ञायते तावत्पाद-

---

પરમાત્માની આજ્ઞા જ મોક્ષ પામવાનો માર્ગ છે, મોક્ષ પામવાનો બીજો કોઈ માર્ગ નથી. પળાયેલી એવી ભગવાનની આજ્ઞા જ ચારિત્ર છે, બીજું કંઈ ચારિત્ર નથી. આજ્ઞા જ સંસારનો નાશ કરનારી છે, બીજું કંઈ સંસારનો નાશ કરવા સમર્થ નથી.

પરમાત્માની આજ્ઞા બધા જીવોનું કલ્યાણ કરનારી છે. તે બધા ય જીવોનું કલ્યાણ કરે છે, તે થોડા જ જીવોનું કલ્યાણ કરે છે એવું નથી. તે ઉપદ્રવોનો નાશ કરે છે, અનર્થોને દૂર કરે છે, રોગોને હરે છે, અપમંગળનો નાશ કરે છે, અશાંતિને શમાવે છે, ઝઘડાને ઉપશમાવે છે, દુર્ગતિને અટકાવે છે, દોષોથી બચાવે છે, પાપોને હરે છે, કર્મબંધનોને તોડે છે, સંપત્તિ આપે છે, સુખો આપે છે, સદ્ગતિ પમાડે છે, ગુણો આપે છે, પુણ્યને પુષ્ટ કરે છે, ગુણઠાણા ચઢાવે છે અને મોક્ષમાં સ્થાપિત કરે છે. પરમાત્માની આજ્ઞા સિવાયનું બીજુ કોઈ તત્ત્વ બધા જીવોનું હિત કરનાર નથી. માટે પોતાનું હિત ઈચ્છનારે ભગવાનની આજ્ઞા જ પાળવી.

પરમાત્માની આજ્ઞા જ મોક્ષનગરે પહોંચાડનાર સમર્થ માર્ગ છે. તેના આચરણથી મોક્ષ મળે છે. ઈષ્ટ સ્થાને જવાની ઈચ્છાવાળાએ પહેલા તે સ્થાને પહોંચાડનાર માર્ગ

निक्षेपो न भवति । मार्गे ज्ञाते शीघ्रं पादनिक्षेपो भवति । ततोऽचिरेणेष्टस्थानं प्राप्यते । एवं यावन्मोक्षमार्गो न ज्ञायते तावदात्मा संसारे भ्रमति । मोक्षमार्गे ज्ञाते शीघ्रं तदाराधनया मोक्षः साध्यते । परमात्माऽऽज्ञा मोक्षमार्गरूपा। ततस्तस्या आराधनयाऽचिरेण मोक्षोऽवाप्यते। परमात्माऽऽज्ञा व्यतिरिक्तमन्यत्किञ्चिदपि तत्त्वं मोक्षमार्गरूपं नास्ति । जिनाज्ञां मोक्षमार्गरूपां ज्ञात्वा तत्र न केवलं चलितव्यं, किन्तु धावनीयम्। अयमत्र सारः - जिनाज्ञायाः प्रकृष्टाऽऽराधना कर्त्तव्या ।

परमात्माऽऽज्ञापालनमेव चारित्रम् । स्वमतिकल्पनाऽनुसारिणी प्रकृष्टाऽप्याराधना न चारित्ररूपा, परन्तु परमात्माज्ञाऽनुष्ठानमेव चारित्रम्। चारित्रं कर्मचयं रिक्तीकरोति । उक्तञ्च **निशीथभाष्यस्य ४६ तम गाथायाश्चूर्णौ - 'अण्णाणोवचियस्स कम्मचयस्स रित्तीकरणं चारित्तं ।' (छाया** - अज्ञानोपचितस्य कर्म्मचयस्य रिक्तीकरणं चारित्रम् ।) तत्तु जिनाज्ञापालनरूपमवसेयम् । परमार्थतो जिनाज्ञापालनपरिणामश्चारित्रम् । जिनाज्ञापालनव्यतिरिक्तमनुष्ठानं तु बाह्यदृशा चारित्ररूपं भासमानमपि वस्तुतो न चारित्ररूपं, कर्मचयपुष्टीकरणात्। बाह्यदृशा दृश्यमाना विराधनाऽपि यदि जिनाज्ञापूर्विका स्यात्तर्हि साऽपि चारित्रम्।

શોધવો જોઈએ. જ્યાં સુધી રસ્તો મળતો નથી ત્યાં સુધી પગલુ મંડાતું નથી. માર્ગ મળે એટલે તરત પગલા મંડાય છે. પછી ટુંક સમયમાં ઈષ્ટ સ્થાને પહોંચાય છે. એમ જ્યાં સુધી મોક્ષમાર્ગ નથી જણાતો ત્યાં સુધી આત્મા સંસારમાં ભમે છે. મોક્ષમાર્ગનું જ્ઞાન થયે છતે તરત જ તેની આરાધનાથી મોક્ષ સધાય છે. પરમાત્માની આજ્ઞા એ મોક્ષમાર્ગ છે. તેથી તેની આરાધનાથી ટુંક સમયમાં મોક્ષ મળે છે. પરમાત્માની આજ્ઞા મોક્ષમાર્ગરૂપ છે એવું જાણ્યા પછી તેની ઉપર માત્ર ચાલવું નહીં પણ દોડવું, એટલે કે જિનાજ્ઞાની પ્રકૃષ્ટ આરાધના કરવી.

પરમાત્માની આજ્ઞાનું પાલન એ જ ચારિત્ર છે. પોતાની બુદ્ધિની વિચારણાને અનુસરનારી પ્રકૃષ્ટ પણ આરાધના ચારિત્રરૂપ નથી, પરન્તુ પરમાત્માની આજ્ઞાનું પાલન એ જ ચારિત્ર છે. ચારિત્ર કર્મોના સમૂહને ખાલી કરે છે. **નિશીથભાષ્યની ૪૬મી ગાથાની ચૂર્ણિમાં** કહ્યું છે - 'અજ્ઞાનથી ભેગા કરેલ કર્મસમૂહને ખાલી કરવો તે ચારિત્ર છે.' તે ચારિત્ર ભગવાનની આજ્ઞાના પાલનરૂપ સમજવું. હકીકતમાં જિનાજ્ઞાને પાળવાનો પરિણામ એ ચારિત્ર છે. જિનાજ્ઞાપાલન સિવાયનું અનુષ્ઠાન બાહ્યદૃષ્ટિથી ચારિત્રરૂપ દેખાતું હોવા છતાં હકીકતમાં તે ચારિત્રરૂપ નથી, કેમકે

बाह्यदृशा दृश्यमानाऽऽराधनाऽपि यदि जिनाज्ञाविरहिता स्यात्तर्ही सा न चारित्ररूपा परन्तु विराधनारूपैव । उक्तञ्च **सम्बोधसप्ततिकायाम्** - **'आणारहिओ धम्मो पलालपुलु व्व पडिहाई ॥४०॥' (छाया** - आज्ञारहितो धर्म्मः पलालपुल इव प्रतिभाति ॥४०॥) आज्ञापालनं चारित्ररूपम् न केवलमाज्ञाज्ञानम् । तत आज्ञां ज्ञात्वैव न सन्तोषो विधेयः परन्त्वाज्ञापालनायाऽपि यतनीयम् । आज्ञापालनेनैव क्लिष्टकर्मनिर्जरणात्तूर्णं मुक्तिः प्राप्यते ।

जिनाज्ञैव संसारोच्छेदिनी । जिनाज्ञा जन्तोः संसारमुच्छिनत्ति । द्रव्यसंसारश्चतुर्गतिभ्रमणरूपः । भावसंसारः कर्मरूपः कार्ये कारणोपचाराद् दोषरूपो वा । जिनाज्ञापालनेन जीवस्य सकलकर्मक्षयो भवति दोषनाशो भवति चतुर्गतिभ्रमणञ्च स्थगितं भवति । ततो जिनाज्ञा जीवस्य संसारं नाशयति ।

इदमुक्तं भवति - **जिनाज्ञापालनमेवाऽऽराधना** ॥२७॥

अवतरणिका - जिनाज्ञाया माहात्म्यं दर्शयित्वाऽधुना जिनाज्ञापालनोपायान्दर्शयति -

---

તેનાથી તો કર્મો વધુ પુષ્ટ થાય છે. બાહ્યદૃષ્ટિથી દેખાતી વિરાધના પણ જો જિનાજ્ઞા પૂર્વકની હોય તો તે પણ ચારિત્ર છે. બાહ્યદૃષ્ટિથી દેખાતી આરાધના પણ જો જિનાજ્ઞા વિનાની હોય તો તે ચારિત્રરૂપ નથી, પરન્તુ વિરાધનારૂપ છે. **સંબોધસપ્તતિકામાં** કહ્યું છે - 'આજ્ઞા વિનાનો ધર્મ સુકા ઘાસના પૂડા જેવો છે.' આજ્ઞાનું પાલન એ ચારિત્રરૂપ છે, માત્ર આજ્ઞાનું જ્ઞાન નહીં. માટે આજ્ઞાને જાણીને જ સન્તોષ ન માનવો પણ આજ્ઞાનું પાલન કરવા માટે પણ યત્ન કરવો. આજ્ઞાના પાલનથી જ ક્લિષ્ટ કર્મોની નિર્જરા થવાથી શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જિનાજ્ઞા જ સંસારનો નાશ કરનારી છે. જિનાજ્ઞા જીવના સંસારનો નાશ કરે છે. દ્રવ્યસંસાર ચારગતિમાં પરિભ્રમણ કરવારૂપ છે. ભાવસંસાર કર્મરૂપ છે, અથવા કાર્યમાં કારણનો ઉપચાર કરવાથી દોષરૂપ છે. જિનાજ્ઞાના પાલનથી બધા કર્મોનો ક્ષય થાય છે, દોષોનો નાશ થાય છે અને જીવનું ચારગતિમાં ભ્રમણ અટકી જાય છે. તેથી જિનાજ્ઞા જીવના સંસારનો નાશ કરે છે.

ટુંકમાં - **જિનાજ્ઞાનું પાલન એ જ આરાધના છે.** (૨૭)

અવતરણિકા - જિનાજ્ઞાનું માહાત્મ્ય બતાવીને હવે તેને પાળવાના ઉપાયો બતાવે છે -

मूलम् - इयं तु ध्यानयोगेन, भावसारस्तुतिस्तवैः ।
पूजादिभिः सुचारित्र-चर्यया पालिता भवेत् ॥२८॥

अन्वयः - इयं तु ध्यानयोगेन, भावसारस्तुतिस्तवैः, पूजादिभिः, सुचारित्रचर्यया (च) पालिता भवेत् ॥२८॥

पद्मीया वृत्तिः - इयं - परमात्माऽऽज्ञा, **तु** - पुनः, **ध्यानयोगेन** - ध्यानं-पूर्वोक्तशब्दार्थम्, योगः प्रागुक्तार्थः, ध्यानमेव योग इति ध्यानयोगः, तेन, **भावसारस्तुति-स्तवैः** - भावः-मानसोपयोगो हार्दिकपरिणामो वा, साराः-उत्तमाः, स्तुतयः परमात्मगुणोत्कीर्त्तनरूपाणि ह्रस्वकाव्यानि, स्तवाः परमात्मगुणोत्कीर्त्तनरूपाणि बृहत्तराणि स्तोत्राणि, स्तुतयश्च स्तवाश्चेति स्तुतिस्तवाः, साराश्च ते स्तुतिस्तवाश्चेति सारस्तुतिस्तवाः भावेन युक्ताश्च ते सारस्तुतिस्तवाश्चेति भावसारस्तुतिस्तवाः, तैः, **पूजादिभिः** - पूजा-अर्चा, सा आदौ येषां ते पूजादयः, तैः, **सुचारित्रचर्यया** - शोभनं-निरतिचारं च तच्चारित्रञ्चेति सुचारित्रम्, तस्य चर्या - पालनेति सुचारित्रचर्या, तयेति सुचारित्रचर्यया, चेत्यत्राध्याहार्यम्, **पालिता** - आराद्धा, **भवेत्** - स्यात् ।

पूर्वस्मिन् श्लोके आज्ञाया माहात्म्यं वर्णितम् । तत आज्ञामाहात्म्यं श्रुत्वा कश्चित्प्रश्नयति - 'आज्ञायाः पालनं कथं कर्त्तव्यम् ?' इति । ततो ग्रन्थकारोऽनेन वृत्तेनोत्तरं ददाति -

---

शब्दार्थ - આજ્ઞાનું પાલન ધ્યાનયોગથી, ભાવપૂર્વક સ્તુતિ-સ્તવન બોલવાથી, પૂજા વગેરેથી અને સારી ચારિત્રની ચર્યા વડે થાય છે. (૨૮)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - ધ્યાનરૂપી યોગ તે ધ્યાનયોગ. ધ્યાન અને યોગ શબ્દોનો અર્થ પૂર્વે કહેલ છે. ભાવ એટલે મનનો ઉપયોગ અથવા હૃદયનો પરિણામ. પરમાત્માના ગુણોને ગાવારૂપ સ્તુતિ-સ્તવનો છે. સ્તુતિઓ નાની હોય છે, સ્તવનો મોટા હોય છે. ધ્યાનયોગથી, ભાવપૂર્વક સ્તુતિ-સ્તવનો બોલવાથી, પૂજા વગેરેથી અને નિરતિચાર ચારિત્રના પાલનથી પરમાત્માની આજ્ઞાનું પાલન થાય છે.

પૂર્વેના શ્લોકમાં આજ્ઞાનું માહાત્મ્ય વર્ણવ્યું. તેથી આજ્ઞાના માહાત્મ્યને સાંભળીને કોઈક પ્રશ્ન કરે છે, 'આજ્ઞાનું પાલન શી રીતે થાય ?' તેથી ગ્રન્થકાર આ શ્લોકથી જવાબ આપે છે -

(१) ध्यानयोगेनाऽऽज्ञापालनं भवति। अशुभध्यानवर्जनेन शुभध्यानाऽऽसेवनेन जिनाज्ञा पालिता भवति। आर्त्तरौद्रे ध्याने न कर्त्तव्ये, दुर्गतिकारणत्वात्। धर्मशुक्ले ध्याने आसेवनीये, सद्गतिप्रापकत्वात्। शुक्लध्यानं श्रेण्यां भवति। ततः सदा धर्मध्यानं कर्त्तव्यम्। तच्चतुर्विधम् - आज्ञाऽपाय-विपाक-संस्थान-विचयभेदात्। उक्तञ्च **ध्यानदीपिकायां महोपाध्यायश्रीसकलचन्द्रगणिवरैः - 'आज्ञापायविपाकस्य, क्रमशः संस्थितेस्तथा। विचयाय पृथग् ज्ञेयं, धर्मध्यानं चतुर्विधम् ॥१२०॥' सम्बोध-प्रकरणेऽप्युक्तं श्रीहरिभद्रसूरिभिः - 'आणाविजयमवाए, विवागसंठाणगओ वि नायव्वा। एए चत्तारि पया झायव्वा धम्मझाणस्स ॥१३५५॥'** (**छाया** - आज्ञाविचयमपायः, विपाक-संस्थानकतोऽपि ज्ञातव्याः। एतानि चत्वारि पदानि, ध्यातव्यानि धर्म्मध्यानस्य ॥१३५५॥) तत्र परमात्माऽऽज्ञायाः स्वरूपस्य चिन्तनमाज्ञाविचयः, रागद्वेषादिकृतापायानां चिन्तनमपाय-विचयः, कर्मफलचिन्तनं विपाकविचयः, लोकस्वरूप-चिन्तनञ्च संस्थानविचयः। यदुक्तं **प्रशमरतौ - 'आप्तवचनं प्रवचनं, चाज्ञाविचयस्तदर्थनिर्णयनम्। आस्त्रवविकथा-**

---

(૧) ધ્યાનયોગથી ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે. અશુભધ્યાન નહીં કરવાથી અને શુભધ્યાન કરવાથી જિનાજ્ઞાનું પાલન થાય છે. આર્તધ્યાન - રૌદ્રધ્યાન ન કરવા, કેમકે તે દુર્ગતિના કારણો છે. ધર્મધ્યાન-શુક્લધ્યાન કરવા, કેમકે તે સદ્ગતિ અપાવનારા છે. શુક્લધ્યાન શ્રેણીમાં હોય છે. તેથી હંમેશા ધર્મધ્યાન કરવું. તે ચાર પ્રકારે છે - આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાન-વિચય. **ધ્યાનદીપિકામાં મહોપાધ્યાય શ્રીસકલચન્દ્રગણિવરજી**એ કહ્યું છે - 'આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનની વિચારણા માટે (ધ્યાન) એ ક્રમશઃ જુદા જુદા ચાર પ્રકારનું ધર્મધ્યાન જાણવું. (૧૨૦) **સંબોધપ્રકરણ**માં પણ **શ્રીહરિભદ્રસૂરિ મહારાજે** કહ્યું છે - 'આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય જાણવા. ધર્મધ્યાનના આ ચાર પદોનું ધ્યાન કરવું. (૧૩૫૫)' તેમાં પરમાત્માની આજ્ઞાના સ્વરૂપનું ચિન્તન એ આજ્ઞાવિચય છે. રાગદ્વેષ વગેરે વડે કરાયેલા નુકસાનની વિચારણા એ અપાયવિચય છે. કર્મના ફળનો વિચાર કરવો એ વિપાકવિચય છે. લોકના સ્વરૂપનું ચિન્તન એ સંસ્થાનવિચય છે. **પ્રશમરતિ**માં કહ્યું છે - 'આપ્તનું વચન એ પ્રવચન છે. તેના અર્થનો નિર્ણય કરવો તે આજ્ઞાવિચય છે. આશ્રવ,

गौरवपरीषहाद्यैरपायस्तु ॥२४७॥ अशुभशुभकर्मपाकानुचिन्तनार्थो विपाकविचयः स्यात् । द्रव्यक्षेत्राकृत्यनुगमनं संस्थानविचयस्तु ॥२४८॥' मनसि सदा शुभमेव ध्यातव्यम्। प्रतिसमयं शुभाशुभाऽध्यवसायैरात्मा शुभाशुभकर्माणि बध्नाति। ततः शुभध्याने उपयुक्त आत्मा शुभकर्माणि बध्नाति । तदानीं पूर्वबद्धानां प्रभूतानामशुभकर्मणां निर्जरा शुभकर्मसु च सङ्क्रमणं भवति । अशुभध्याने उपयुक्त आत्माऽशुभकर्माणि बद्ध्वा शुभकर्माणि चाऽशुभकर्मसु सङ्क्रमय्य दुर्गतौ प्रयाति । ततोऽशुभं न ध्यातव्यम्।

(२) भावसारस्तुतिस्तवैराज्ञापालनं भवति । परमात्माऽस्माकं परमोपकारी । तद्दर्शिताऽऽराधनायाः पालनेनैव वयमेतावतीं भूमिं प्राप्ताः । अतोऽग्रेऽपि तद्दर्शिताऽऽराधनायाः पालनेनैवाऽस्माकं मुक्तिर्भाविनी । उपकारिणः सदा वर्णवादः कर्त्तव्यः। स्तुतिस्तवैः परमात्मनो गुणानुवादो भवति। ततो जिह्वा परमात्मनः स्तुतिस्तवेषु प्रयोक्तव्या । स्तुतिस्तवा अपि हार्दिकबहुमानभावेनोच्चारणीया न कण्ठमात्रेण । ते

વિકથા, ગૌરવ, પરીષહ વગેરેના નુકસાન વિચારવા તે અપાયવિચય છે. અશુભ અને શુભ કર્મોના ફળનો વિચાર કરવો તે વિપાકવિચય છે. દ્રવ્ય, ક્ષેત્ર અને આકૃતિથી લોકનો વિચાર કરવો તે સંસ્થાનવિચય છે. (૨૪૭, ૨૪૮)' મનમાં હંમેશા સારું જ ધ્યાન કરવું. દરેક સમયે આત્મા સારા કે ખરાબ અધ્યવસાયોથી સારા કે ખરાબ કર્મો બાંધે છે. તેથી શુભધ્યાનમાં ઉપયોગવાળો આત્મા શુભકર્મો બાંધે છે. ત્યારે પૂર્વે બાંધેલા ઘણા અશુભ કર્મોની નિર્જરા અને શુભ કર્મોમાં તેમનું સંક્રમણ થાય છે. (શુભ કર્મોમાં સંક્રમણ થાય છે એટલે શુભ કર્મોરૂપે ફેરવાઈ જાય છે.) અશુભ ધ્યાનમાં રહેલો આત્મા અશુભકર્મો બાંધીને અને શુભકર્મોને અશુભકર્મોમાં સંક્રમાવીને દુર્ગતિમાં જાય છે. માટે અશુભ ધ્યાન ન કરવું.

(૨) ભાવપૂર્વક ઉત્તમ સ્તુતિ-સ્તવનો બોલવાથી આજ્ઞાનું પાલન થાય છે. પરમાત્મા આપણા પરમ ઉપકારી છે. તેમણે બતાવેલી આરાધનાના પાલનથી જ આપણે અહીં સુધી પહોંચ્યા છીએ. અહીંથી આગળ પણ તેમણે બતાવેલી આરાધનાના પાલનથી જ આપણી મુક્તિ થશે. ઉપકારીના હંમેશા ગુણાનુવાદ કરવા જોઈએ. સ્તુતિ-સ્તવનોથી પરમાત્માના ગુણાનુવાદ થાય છે. માટે જીભનો ઉપયોગ પરમાત્માના સ્તુતિ-સ્તવનો બોલવામાં કરવો. સ્તુતિ-સ્તવનો પણ હૃદયના બહુમાનથી ગાવા, માત્ર કંઠથી નહીં. તે લોકોને ખુશ કરવા ન ગાવા પણ પરમાત્માનું

जनरञ्जनार्थं न गेयाः, परन्तु परमात्मनो महत्त्वं स्वात्मनश्चाऽधमत्वं दर्शयितुं गेयाः । परमात्मस्तुत्यादिभिः परमात्मनि बहुमानो वर्द्धते । ततः प्रभुकृपा प्राप्यते । ततः सर्वकार्याणि सिध्यन्ति निर्वाणाऽध्वनि च शीघ्रतरा प्रगतिर्भवति । स्तुतिस्तवादिभिर्जनेष्वपि परमात्मनो महिमा प्रख्यापितो भवति । ततो जनाः परमात्मानं प्रत्याकृष्टा भवन्ति । इत्थं जिनशासनप्रभावनाऽपि भवति । सामान्यतोऽपि परगुणा वक्तव्याः । परमोपकारिणः परमात्मनस्तु गुणाः सर्वप्रयत्नेन स्तोतव्या एव ।

(३) पूजादिभिराज्ञापालनं भवति । परमात्मनः पूजा-भक्ति-बहुमानादयः कर्त्तव्याः । परमात्मनः पूजा द्विविधा त्रिविधा चतुर्विधा पञ्चविधा सप्तदशविधा नवनवतिविधा सर्वविधा च । तत्र द्विविधा पूजा द्रव्यभावभेदात्, त्रिविधा पूजा अङ्गाग्रभावभेदात् मनोवाक्कायभेदाद्वा, चतुर्विधा पूजा अङ्गाग्रभावानाशातनाभेदात्, पञ्चविधा पूजा चन्दन-पुष्प-धूप-दीप-अक्षतभेदात् भक्ति-बहुमान-वर्णवादानाशातना-विधि-भेदाद्वा, अष्टविधा पूजा जल-चन्दन-पुष्प-धूप-दीप-अक्षत-फल-नैवेद्यभेदात्, सप्तदशविधा पूजा स्नात्र-विलेपन-

---

મહત્ત્વ અને પોતાનું અધમપણું બતાવવા ગાવા. પરમાત્માના સ્તુતિ વગેરેથી પરમાત્મા ઉપર બહુમાન વધે છે. તેથી પ્રભુની કૃપા મળે છે. તેથી બધા કાર્યો સિદ્ધ થાય છે અને મોક્ષમાર્ગે ઝડપથી પ્રગતિ થાય છે. સ્તુતિ-સ્તવનોથી લોકોમાં પણ પરમાત્માનો મહિમા પ્રસિદ્ધ થાય છે. તેથી લોકો પરમાત્મા પ્રત્યે આકર્ષાય છે. આમ જિનશાસનની પ્રભાવના પણ થાય છે. સામાન્યથી પણ બીજાના ગુણ બોલવા જોઈએ. શ્રેષ્ઠ ઉપકારી એવા પરમાત્માના ગુણો તો બધા પ્રયત્નપૂર્વક અવશ્ય ગાવા.

(૩) પૂજા વગેરેથી આજ્ઞાનું પાલન થાય છે. પરમાત્માના પૂજા, ભક્તિ, બહુમાન વગેરે કરવા. પરમાત્માની પૂજા ત્રણ પ્રકારની, ચાર પ્રકારની, પાંચ પ્રકારની, આઠ પ્રકારની, સત્તર પ્રકારની, નવ્વાણુ પ્રકારની અને સર્વ પ્રકારની છે. તેમાં બે પ્રકારની પૂજા એટલે દ્રવ્યપૂજા અને ભાવપૂજા. ત્રણ પ્રકારની પૂજા એટલે અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા, અથવા મનપૂજા, વચનપૂજા અને કાયપૂજા, ચાર પ્રકારની પૂજા એટલે અંગપૂજા, અગ્રપૂજા, ભાવપૂજા અને અનાશાતના, પાંચ પ્રકારની પૂજા એટલે ચંદનપૂજા, પુષ્પપૂજા, ધૂપપૂજા, દીપપૂજા અને અક્ષતપૂજા, અથવા ભક્તિ, બહુમાન, વર્ણવાદ, અનાશાતના અને વિધિ. આઠ પ્રકારની પૂજા આ પ્રમાણે છે - જલપૂજા, ચન્દનપૂજા, પુષ્પપૂજા, ધૂપપૂજા, દીપકપૂજા, અક્ષતપૂજા,

वस्त्रयुगल-वासक्षेप-चूर्ण-पुष्पमाला-पुष्पवृष्टि-पुष्पगृह-गन्धार्चन-अलङ्कार-इन्द्रध्वज-अष्टमङ्गल-दीप-गीत-नृत्य-वाद्य-स्तुति-भेदात् । यदुक्तं **सम्बोधप्रकरणे - 'दुविहा पूया दव्व-भावेहिं अंगअग्गभावेहिं। तिविहा विविहा सा य चउह्राऽणा-सायणासहिया ॥४२॥ मणवयकायविसुद्धी पूया तिविहा जिणेहि णिद्दिट्ठा। पंचविहा वा अट्ठोवयारसव्वोवयारा वा ॥४३॥ भणिया पंचुवयारा कुसुमक्खयगंधधूवदीवेहिं भत्तीबहुमाणवन्नजणणाणासायणविहीहिं ॥४४॥ कुसुमक्खयगंधदीवधूवनेविज्ज-जलफलेहि पुणो। अट्ठविहकम्ममहणी अट्ठुवयारा हवइ पूया ॥४५॥ सत्तरसभेय-भिण्णा न्हवणच्चणदेवदूसठवणं वा। तह वासचुण्णरोहण पुप्फारोहणसुमल्लाणं ॥४६॥ पणवण्णकुसुमवुट्ठी वग्घारियमल्लदामपुप्फगिहं। कप्पूरपभिइगंधच्चण-माहरणा विहियं जं ॥४७॥ इंदद्धयस्स सोहाकरणं चउसुवि दिसासु जहसत्ती।**

ફળપૂજા અને નૈવદ્યપૂજા. સત્તર પ્રકારની પૂજા આ પ્રમાણે છે- (૧) સ્નાત્ર કરવું, (૨) વિલેપન કરવું, (૩) વસ્ત્રનું યુગલ પહેરાવવું, (૪) વાસક્ષેપ કરવો, (૫) ચૂર્ણ ચઢાવવું, (૬) પુષ્પની માળા ચઢાવવી, (૭) પુષ્પોની વૃષ્ટિ કરવી, (૮) પુષ્પનું ઘર બનાવવું, (૯) કપૂર વગેરે ગંધથી પૂજા કરવી, (૧૦) અલંકાર પહેરાવવા, (૧૧) ઈન્દ્રધ્વજ ફરકાવવો, (૧૨) અષ્ટમંગળ આલેખવા, (૧૩) દીપક ધરવો, (૧૪) ગીત ગાવા, (૧૫) નૃત્ય કરવું, (૧૬) વાજીંત્ર વગાડવા, (૧૭) સ્તુતિ કરવી. **સંબોધપ્રકરણ**માં કહ્યું છે - 'પૂજા બે પ્રકારની છે - દ્રવ્યપૂજા અને ભાવપૂજા. પૂજા ત્રણ પ્રકારની છે - અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા. પૂજા વિવિધ પ્રકારની છે. પૂજા ચાર પ્રકારની છે - અંગપૂજા, અગ્રપૂજા, ભાવપૂજા અને અનાશાતના. જિનેશ્વર ભગવંતોએ મન-વચન-કાયાની વિશુદ્ધિ વડે પૂજા ત્રણ પ્રકારની કહી છે. પંચપ્રકારી, અષ્ટોપચારી અને સર્વોપચારી એમ ત્રણ પ્રકારની પૂજા છે. પુષ્પ, અક્ષત, ગંધ, ધૂપ અને દીપ વડે પંચોપચારી પૂજા કહી છે. અથવા ભક્તિ, બહુમાન, વર્ણવાદ, અનાશાતના અને વિધિ વડે પાંચ પ્રકારની પૂજા છે. પુષ્પ, અક્ષત, ગંધ, દીપ, ધૂપ, નૈવેદ્ય, જલ, ફળ વડે આઠ પ્રકારના કર્મોનો નાશ કરનારી અષ્ટોપચારી પૂજા થાય છે. પૂજા ૧૭ પ્રકારની છે - સ્નાત્ર, વિલેપન, દેવદૂષ્ય સ્થાપન, વાસક્ષેપ, ઘનસાર વગેરે ચૂર્ણ ચઢાવવું, પુષ્પની માળા ચઢાવવી, પાંચ વર્ણના પુષ્પોની વૃષ્ટિ, લટકતી પુષ્પની માળા અને પુષ્પોનું ઘર બનાવવું, કપૂર વગેરે સુગંધી દ્રવ્યથી પૂજા કરવી, અલંકાર પહેરાવવા, યથાશક્તિ ચારે દિશામાં ઈન્દ્રધ્વજની શોભા કરવી, જિનેશ્વર

अडमंगलाण भरणं जिणपुरओ दाहिणे वा वि ॥४८॥ दीवाइअग्गिकम्मकरणं मंगलपईवसंजुत्तं । गीयं नट्टं वज्जं अट्ठाहियसयथुईकरणं ॥४९॥ एए सत्तरसभेया आगमभणिया य दव्वपूयाए । जिणपडिमाण चउक्कग-दुगनिक्खेवस्सावि भावजुया ॥५०॥' (**छाया** - द्विविधा पूजा द्रव्यभावाभ्यां अङ्गाग्रभावैः । त्रिविधा विविधा सा च चतुर्धाऽनाशातनासहिता ॥४२॥ मनोवचःकायविशुद्धिः पूजा त्रिविधा जिनैः निर्दिष्टा । पञ्चविधा वा अष्टोपचारसर्व्वोपचारा वा ॥४३॥ भणिता पञ्चोपचारा कुसुमाक्षतगन्धधूपदीपैः । भक्तिबहुमानवर्णजननानाशातनांविधिभिः ॥४४॥ कुसुमाक्षतगन्धदीपधूपनैवेद्यजलफलैः पुनः । अष्टविधकर्म्ममथनी अष्टोपचारा भवति पूजा ॥४५॥ सप्तदशभेदभिन्ना स्नपनार्चनदेव-दूष्यस्थापनं वा । तथा वासचूर्णरोपणं पुष्पारोपणं सुमाल्यानाम् ॥४६॥ पञ्चवर्णकुसुमवृष्टिः प्रलम्बितमाल्यदामपुष्पगृहम् । कर्पूरप्रभृतिगन्धार्चनमाभरणानि विहितं यत् ॥४७॥ इन्द्रध्वजस्य शोभाकरणं चतुर्ष्वपि दिशासु यथाशक्ति । अष्टमङ्गलानां भरणं जिनपुरतो दक्षिणे वापि ॥४८॥ दीपाद्यग्निकर्म्मकरणं मङ्गलप्रदीपसंयुक्तम् । गीतं नृत्यं वाद्यं अष्टाधिकशतस्तुतिकरणम् ॥४९॥ एते सप्तदशभेदा आगमभणिता च द्रव्यपूजायाः । जिनप्रतिमानां चतुष्कद्विकनिक्षेप-स्यापि भावयुता ॥५०॥) **चैत्यवन्दनभाष्ये**ऽप्युक्तम् - **'अंगग्गभावभेया, पुप्फाहारथुइहिं पूयतिगं । पंचुवयारा अट्ठोवयारा सव्वोवयारा वा ॥१०॥'** (**छाया** - अङ्गाग्रभावभेदात्, पुष्पाहारस्तुतिभिः पूजात्रिकम् । पञ्चोपचारा अष्टोपचारा सर्वोपचारा वा ॥१०॥) नवनवतिविधा पूजा सर्वविधा च पूजा ग्रन्थान्तरेभ्योऽवसेया । ग्रन्थविस्तारभिया ते नाऽत्र प्रदर्श्येते ।

परमात्मा तु वीतरागः । स पूजां नाऽपेक्षते, परन्त्वस्माभिस्तस्य पूजया हृदये भावा

ભગવાનની સામે કે જમણી બાજુ અષ્ટમંગળ ભરવા, મંગળદીપકથી યુક્ત દીપ વગેરે અગ્નિકર્મ કરવું, ગીત, નૃત્ય, વાજંત્ર, ૧૦૮ શ્લોક વડે સ્તુતિ કરવી. આ દ્રવ્યપૂજાના આગમમાં કહેલા ૧૭ ભેદ છે. ભાવયુક્ત પૂજા (ભાવપૂજા) જિનપ્રતિમાના ચારે નિક્ષેપની તથા બે નિક્ષેપોની પણ થાય છે.(૪૨-૫૦)' **ચૈત્યવંદનભાષ્ય**માં પણ કહ્યું છે - 'પુષ્પ વગેરેથી, આહાર વગેરેથી અને સ્તુતિ વગેરેથી ક્રમશઃ અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા થાય છે. એ ત્રણ ભેદવાળી પૂજાત્રિક છે. અથવા પૂજા પાંચ પ્રકારની, આઠ પ્રકારની કે સર્વ પ્રકારની છે. (૧૦)' નવ્વાણું પ્રકારની પૂજા અને સર્વપ્રકારની પૂજા અન્ય ગ્રન્થોમાંથી જાણી લેવી. ગ્રન્થનો વિસ્તાર થવાના ભયથી અહીં બતાવાતી નથી.

પરમાત્મા તો વીતરાગ છે. તેમને પૂજાની અપેક્ષા નથી. પણ આપણે તેમની

वर्धनीयाः । तेन प्रभूतः पुण्यबन्धो विपुला च कर्मनिर्जरा भवति। यद्यपि वीतरागः परमात्मा स्वभक्त्या न तुष्यति नाऽपि कस्मैचित्किञ्चिद्ददाति तथापि तद्भक्तास्तद्भक्ति-जनितपुण्येन सर्वमिष्टं विनाऽऽयासेन प्राप्नुवन्ति । परमात्मनो जिनालयानि बिम्बानि च निर्मातव्यानि । जीर्णानां जिनालयानामुद्धारः कर्त्तव्यः । जिनबिम्बानामङ्गरचना कर्त्तव्या । जिनालयमलङ्कर्त्तव्यम् । परमात्मनः पुरो गीत-नृत्य-नाट्यादीनि कर्त्तव्यानि । इत्थं विविध-प्रकारैः परमात्मभक्तिः कर्त्तव्या । हृदि परमः परमात्मबहुमानो धर्त्तव्यः वर्धनीयश्च । परमात्मन उपदेशः श्रोतव्यः । तस्य पालनं कर्त्तव्यम् । जिनागमा लेखनीयाः । जिनशासनस्य प्रभावना कर्त्तव्या । इत्थं परमात्मन पूजादयः कर्त्तव्याः ।

(४) सुचारित्रचर्ययाऽऽज्ञापालनं भवति । निरतिचारं विशुद्धं चारित्रं पालनीयम् । सर्वप्रयत्नेन दोषा वर्जनीयाः । अतिचारा गुरोः पुर आलोचयितव्याः । तेषां प्रायश्चित्तं ग्राह्यमनुष्ठेयञ्च । समितिगुप्तिषूपयुक्तैर्भवितव्यम् । षोडश भावना भावनीयाः । महाव्रतानि सम्यक्पालनीयानि । स्वाध्याय-तपो-वैयावृत्त्य-जिनभक्त्यादिभिः साधनाभिश्चारित्रजीवनं

પૂજાથી હૃદયમાં ભાવ વધારવા. તેથી ઘણો પુણ્યબંધ અને ઘણી કર્મનિર્જરા થાય છે. જો કે વીતરાગ પરમાત્મા પોતાની ભક્તિથી ખુશ થતાં નથી અને કોઈને કંઈ આપતાં નથી, છતાં પણ તેમની ભક્તિ કરનારા તેમની ભક્તિથી પેદા થયેલ પુણ્યથી બધી ઈષ્ટ વસ્તુઓ મહેનત વિના મેળવે છે. પરમાત્માના જિનાલયો અને જિનપ્રતિમાઓના નિર્માણ કરાવવા. જીર્ણ જિનાલયોનો ઉદ્ધાર કરવો. પરમાત્માની આંગી કરવી. જિનાલય શણગારવું. પરમાત્માની આગળ ગીત, નૃત્ય અને નાટક કરવા. આમ વિવિધ રીતે પરમાત્માની ભક્તિ કરવી. હૃદયમાં પરમાત્મા પ્રત્યે શ્રેષ્ઠ બહુમાન ધરવું અને વધારવું. પરમાત્માનો ઉપદેશ સાંભળવો. તેનું પાલન કરવું. જિનાગમો લખાવવા. જિનશાસનની પ્રભાવના કરવી. આમ પરમાત્માની પૂજા વગેરે કરવા.

(૪) ચારિત્રનું સુંદર પાલન કરવાથી આજ્ઞાનું પાલન થાય છે. અતિચાર વિનાનું વિશુદ્ધ ચારિત્ર પાળવું. બધા પ્રયત્નોપૂર્વક દોષો ટાળવા. ગુરુમહારાજની સમક્ષ અતિચારોની આલોચના કરવી. તેમનું પ્રાયશ્ચિત્ત લેવું અને વહન કરવું. સમિતિ-ગુપ્તિના પાલનમાં ઉપયોગ રાખવો. સોળ ભાવનાઓ ભાવવી. મહાવ્રતો સારી રીતે પાળવા. સ્વાધ્યાય-તપ-વૈયાવચ્ચ-જિનભક્તિ વગેરે સાધનાઓ વડે

वासनीयम् ।

एवंकरणेन परमात्मन आज्ञा पालिता भवति ॥२८॥

अवतरणिका - जिनाज्ञापालनोपायमेव विस्तरेण दर्शयति -

मूलम् - [1]आराधितोऽस्त्वसौ भाव-स्तवेन व्रतचर्यया ।
तस्य पूजादिना द्रव्य-स्तवेन तु सरागता ॥२९॥

अन्वयः - व्रतचर्यया भावस्तवेनाऽसौ आराधितोऽस्तु । तस्य पूजादिना द्रव्यस्तवेन तु (पूजकस्य) सरागता (भवति) ॥२९॥

पद्मीया वृत्तिः - व्रतचर्यया - व्रतं-चारित्रं तस्य चर्या-पालनमिति व्रतचर्या, तया, **भावस्तवेन** - भावेन परमार्थेन स्तवो-भक्तिरिति भावस्तवः, तेन, **असौ** - परमात्मा, **आराधितः** - सेवितः, **अस्तु** - भवतु । **तस्य** - परमात्मनः, **पूजादिना** - पूजा-अर्चा आदौ यस्य जिनालयनिर्माणादेः स पूजादिः, तेन, **द्रव्यस्तवेन** - द्रव्यभूतः-भावस्तवस्य कारणभूतोऽप्रधानभूतो वा स्तव इति द्रव्यस्तवः, तेन, **तु** - पुनः, **पूजकस्येत्यत्राध्याहार्यम्, सरागता** - रागेण सहेति सरागः, तस्य भाव इति सरागता-रागयुक्तत्वमित्यर्थः, **भवतीत्यत्राऽध्याहार्यम्** ।

चारित्रपालनं परमात्मनो भावस्तवरूपम् । चारित्रं सर्वजीवेभ्योऽभयदानस्य घोषणा-

---

ચારિત્રજીવન સુવાસિત કરવું.

આમ કરવાથી પરમાત્માની આજ્ઞાનું પાલન થાય છે. (૨૮)

અવતરણિકા - જિનાજ્ઞા પાળવાના ઉપાયને જ વિસ્તારથી બતાવે છે -

શબ્દાર્થ - ચારિત્રપાલનરૂપી ભાવસ્તવ વડે એ (પરમાત્મા)ની આરાધના થાઓ. તેમની પૂજા વગેરે દ્રવ્યસ્તવથી તો પૂજક સરાગી બને છે. (૨૯)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - ભાવસ્તવ એટલે પરમાત્માની સાચી ભક્તિ. ચારિત્રપાલન એ ભાવસ્તવ છે. તેનાથી ભગવાનની આરાધના થાય છે. ભાવસ્તવના કારણભૂત ભક્તિ અથવા અપ્રધાન ભક્તિ તે દ્રવ્યસ્તવ. પૂજા વગેરેથી દ્રવ્યસ્તવ થાય છે. દ્રવ્યસ્તવથી તો પૂજક સરાગી થાય છે.

ચારિત્રનું પાલન એ પરમાત્માના ભાવસ્તવરૂપ છે. ચારિત્ર એટલે બધા જીવોને

---

१. आराधितस्त्वसौ - D।

रूपम्। क्षुद्रस्यापि जीवस्य हिंसा चारित्रे वर्जनीया। परमात्मनः करुणा सर्वजीवेषु वर्षति। स सर्वजीवान्दुःखेभ्यो मोचयितुमभिलषति। तत एव स चारित्रमार्गं दर्शयति यत्र सम्पूर्णतया जीवदया पालनीया। चारित्रं पालयन्परमात्मन उपदेशानुसारेण स्वजीवनं निर्मिमीते। ततश्चारित्रपालनेन स आराधितो भवति।

परमात्मनः पूजादिकं तु द्रव्यस्तवरूपम्। परमात्मा वीतरागः। ततः स न पूजादिकमपेक्षते। जीवास्तस्य पूजादिकं कृत्वा तं प्रति स्वभक्तिं दर्शयन्ति। पूजकस्य प्रभौ रागो वर्त्तते। पूजादिभिः स स्वर्गादिकं प्राप्नोति। ततः पूजादिभिस्तस्य सरागता भवति। इदमपि पूजादिकं परमात्मनो भक्तिरूपमेव, परन्तु वस्तुतस्तस्य वीतरागत्वात् तद्वचनपालनं तद्भक्तिमतिशेते। अत एव भावस्तवोऽपि द्रव्यस्तवमतिशेते। तत एवोक्तं – संयमपालनरूपेण भावस्तवेन परमात्मन आराधना भवति, पूजादिरूपेण द्रव्यस्तवेन पूजकस्य सरागता भवति। परमात्मभक्तिं कुर्वताऽपि चारित्रपालनमेव लक्ष्यीकर्त्तव्यम्, यतो द्रव्यस्तवस्याऽपि फलं भावस्तव एव।

અભયદાનની ઘોષણા. ચારિત્રમાં નાનામાં નાના જીવની હિંસાનું વર્જન કરવાનું છે. પરમાત્માની કરુણા બધા જીવો ઉપર વરસે છે. તેઓ બધા જીવોને દુઃખોમાંથી છોડાવવા ઝંખે છે. તેથી જ તેઓ ચારિત્રમાર્ગ બતાવે છે કે જેમાં સંપૂર્ણપણે જીવદયા પાળવાની છે. ચારિત્ર પાળનાર પરમાત્માના ઉપદેશને અનુસારે પોતાનું જીવન બનાવે છે. તેથી ચારિત્રના પાલનથી પરમાત્માની આરાધના થાય છે.

પરમાત્માની પૂજા વગેરે તો દ્રવ્યસ્તવરૂપ છે. પરમાત્મા વીતરાગ છે. તેથી તેમને પૂજા વગેરેની અપેક્ષા નથી. જીવો તેમની પૂજા વગેરે કરીને તેમના પ્રત્યે પોતાની ભક્તિ બતાવે છે. પૂજકને પ્રભુ ઉપર રાગ હોય છે. પૂજા વગેરેથી તેને સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય છે. તેથી પૂજા વગેરેથી પૂજક સરાગી થાય છે. આ પૂજા વગેરે પણ પરમાત્માની ભક્તિરૂપ જ છે. પણ હકીકતમાં પરમાત્મા વીતરાગ હોવાથી તેમની ભક્તિ કરતા તેમના વચનનું પાલન ચઢી જાય છે. માટે જ ભાવસ્તવ પણ દ્રવ્યસ્તવ કરતા ચઢી જાય છે. તેથી જ કહ્યું કે સંયમપાલનરૂપી ભાવસ્તવથી પરમાત્માની આરાધના થાય છે. પૂજા વગેરે રૂપી દ્રવ્યસ્તવથી પૂજક સરાગી થાય છે. પરમાત્માની ભક્તિ કરનારાએ પણ લક્ષ્ય તો ચારિત્રપાલનનું જ રાખવું જોઈએ, કેમકે દ્રવ્યસ્તવનું ફળ પણ ભાવસ્તવ જ છે.

अयमत्र सारः - द्रव्यस्तवो पूजादिरूपो भवति, भावस्तवो व्रताद्याराधनारूपो भवति। भावस्तवो द्रव्यस्तवमतिशेते ॥२९॥

अवतरणिका - यदि भावस्तव एव आराधना तर्हि कृतं द्रव्यस्तवेनेत्याशङ्क्याह -

मूलम् - चिन्तामण्यादिकल्पस्य, स्वयं तस्य प्रभावतः ।
कृतो द्रव्यस्तवोऽपि स्यात्-कल्याणाय तदर्थिनाम् ॥३०॥

अन्वयः - कृतो द्रव्यस्तवोऽपि स्वयं चिन्तामण्यादिकल्पस्य तस्य प्रभावतस्तदर्थिनां कल्याणाय स्यात् ॥३०॥

पद्मीया वृत्तिः - कृतः - आसेवितः, **द्रव्यस्तवः** - पूजादिरूपः, **अपि**शब्दो भावस्तवस्तु कल्याणाय भवत्येव, परं द्रव्यस्तवोऽपि कल्याणाय भवतीति द्योतयति, **स्वयम्** - स्वतः, द्रव्यस्तवः स्वतः कल्याणं करोति, न तु सरागिदेववत् पूजादिभिः प्रसन्नीभूय वीतरागः कल्याणं करोतीत्यर्थः, **चिन्तामण्यादिकल्पस्य** - चिन्तापूरको मणिरिति चिन्तामणिः, यो मनश्चिन्तितं वस्तु ददाति स इत्यर्थः, स आदौ येषां कामधेनु-कामघट-कल्पतर्वादीनामिति चिन्तामण्यादयः, तैस्तुल्य इति चिन्तामण्यादिकल्पः, तस्य, **तस्य** - परमात्मनः, **प्रभावतः** - माहात्म्येन, **तदर्थिनां** - तत्-कल्याणमर्थयितुं शीलमेषा-

---

અહીં સાર આટલો છે - દ્રવ્યસ્તવ ભક્તિ વગેરે રૂપ છે, ભાવસ્તવ વ્રત વગેરેની આરાધનારૂપ છે. ભાવસ્તવ દ્રવ્યસ્તવ કરતા ચઢિયાતો છે.(૨૯)

अवतरणिका - જો ભાવસ્તવ જ આરાધનારૂપ હોય તો દ્રવ્યસ્તવ કરવાથી સર્યું-એમ આશંકા કરીને કહે છે -

शब्दार्थ - કરાયેલ દ્રવ્યસ્તવ પણ સ્વયં ચિન્તામણી વગેરે સમાન તે પરમાત્માના પ્રભાવથી કલ્યાણને ઇચ્છનારાઓના કલ્યાણ માટે થાય છે. (૩૦)

पद्मीयावृत्तिनो भावानुवाद - ભાવસ્તવ તો કલ્યાણકારી છે જ, પણ કરાયેલો દ્રવ્યસ્તવ પણ કલ્યાણ માટે થાય છે. સરાગી દેવો પૂજા વગેરેથી ખુશ થઈને કલ્યાણને કરે છે. તે રીતે વીતરાગપ્રભુ પૂજા વગેરેથી ખુશ થઈને કલ્યાણ કરતા નથી. પણ વીતરાગપ્રભુના પ્રભાવથી દ્રવ્યસ્તવ પોતે જ જીવોનું કલ્યાણ કરે છે. ચિન્તામણિ મનમાં ચિન્તવેલી વસ્તુ આપે છે. પરમાત્મા પણ ચિન્તામણિ વગેરે જેવા છે. અહીં વગેરેથી કામધેનુ, કામઘટ, કલ્પવૃક્ષ વગેરે લેવા. આ બધા મનમાં ચિન્તવેલી

मिति तदर्थिनः, तेषां, **कल्याणाय** - अभ्युदयाय, **स्यात्** - भवेत् ।

एकोनत्रिंशत्तमे श्लोके उक्तं - भावस्तवेन परमात्माऽऽराधितो भवति, द्रव्यस्तवेन तु पूजकस्य सरागता भवतीति । ततः कश्चिद्भावस्तवाऽसमर्थो जन एवं मन्येत - 'अहं भावस्तवं कर्त्तुमसमर्थः । द्रव्यस्तवस्तु परमात्मन आराधनारूपो न भवति । ततो मया न किमपि करणीयम् । इति ।' एवं विचिन्त्य स दीनमनस्को भवेत् । ततो ग्रन्थकारो द्रव्यस्तवस्याऽपि माहात्म्यं दर्शयित्वा तस्य जनस्योत्साहं वर्धयति ।

चिन्तामणिश्चेतनारहितो भवति । तथापि तस्य माहात्म्यमचिन्त्यमस्ति । ततो विधिनाऽऽराधितः स चिन्तितमर्पयति । परमात्माऽपि वीतरागोऽस्ति । स कस्मैचित् न किञ्चिदपि ददाति । तथापि तस्य प्रभावोऽचिन्त्योऽस्ति । तेन द्रव्यस्तवकारकोऽभ्युदयाभिलाष्यप्यभ्युदयं प्राप्नोत्येव । भावस्तवाऽसमर्थो द्रव्यस्तवकारी जनः परमात्मनः प्रभावाद्भावस्तवसमर्थो भवति । ततः सोऽपि कल्याणं प्राप्नोति । परमात्मनो द्रव्यस्तवकरणेन तस्य हृदये परमात्मबहुमानो वर्धते । ततः स एव बहुमानस्तस्य कल्याणं कुरुते ।

વસ્તુને આપનારા છે. પરમાત્માના માહાત્મ્યથી કલ્યાણના અર્થી જીવોને માટે દ્રવ્યસ્તવ પણ કલ્યાણ માટે થાય છે.

ઓગણત્રીશમા શ્લોકમાં કહ્યું કે ભાવસ્તવથી પરમાત્માની આરાધના થાય છે અને દ્રવ્યસ્તવથી તો પૂજક સરાગી થાય છે. તેથી કોઈક ભાવસ્તવ કરવા અસમર્થ મનુષ્ય એમ વિચારે - 'હું ભાવસ્તવ કરવા અસમર્થ છું. દ્રવ્યસ્તવ તો પરમાત્માની આરાધનારૂપ નથી. તેથી મારે કાંઈ કરવા જેવુ નથી.' આમ વિચારી તે દીન મનવાળો થાય. તેથી ગ્રન્થકાર દ્રવ્યસ્તવનું પણ માહાત્મ્ય બતાવીને તે મનુષ્યનો ઉત્સાહ વધારે છે.

ચિન્તામણિ ચેતનારહિત હોય છે. છતાં પણ તેનું માહાત્મ્ય અચિન્ત્ય છે. તેથી વિધિપૂર્વક આરાધાયેલ તે ઈચ્છિત વસ્તુને આપે છે. પરમાત્મા પણ વીતરાગ છે. તેઓ કોઈને કંઈ પણ આપતા નથી. છતાં પણ તેમનો પ્રભાવ અચિન્ત્ય છે. તેથી દ્રવ્યસ્તવ કરનારો અભ્યુદયની ઈચ્છાવાળો મનુષ્ય પણ અભ્યુદય પામે જ છે. ભાવસ્તવ માટે અસમર્થ, દ્રવ્યસ્તવ કરનારો મનુષ્ય પરમાત્માના પ્રભાવથી ભાવસ્તવ માટે સમર્થ થાય છે. તેથી તે પણ કલ્યાણને પામે છે. પરમાત્માના દ્રવ્યસ્તવને કરવાથી તેના હૃદયમાં પરમાત્મા પ્રત્યેનું બહુમાન વધે છે. પછી તે જ બહુમાન

चिन्तामणिश्चिन्तितमेव ददाति, परमात्मप्रभावात्तु चिन्ताऽतीतमपि प्राप्यते ।

भावस्तवसमर्थेन भावस्तव एव विधेयः । तेन प्रभोः परमाऽऽराधना भवति । भावस्तवाऽसमर्थेन द्रव्यस्तवो विधेयः । न च-द्रव्यस्तवो भक्तिरूप एव न त्वाराधनारूपः, अतो न विधेय-इत्याशङ्क्यम्, यतः भावस्तवाऽसमर्थेन द्रव्यस्तवोऽवश्यं कर्त्तव्यः । यदि स तमपि न करोति तर्हि दुर्लभं मानुष्यं जिनशासनञ्च प्राप्य वृथा गमयति । द्रव्यस्तवे कृते परमात्मप्रभावात् स कल्याणमवाप्नोत्येव । ततस्तेन द्रव्यस्तवे प्रमादो न विधेयः ॥३०॥

अवतरणिका - द्रव्यस्तवोऽपि कल्याणाय भवतीति प्रतिपादितम् । अधुना तस्य द्रव्यस्तवस्यैव माहात्म्यं व्यनक्ति -

मूलम् - स्वर्गापवर्गदो द्रव्य-स्तवोऽत्रापि सुखावहः ।
हेतुश्चित्तप्रसत्तेस्तत्-कर्त्तव्यो गृहिणा सदा ॥३१॥

अन्वयः - द्रव्यस्तवः स्वर्गापवर्गदः, अत्रापि सुखावहः, चित्तप्रसत्तेर्हेतुः, तत् गृहिणा सदा (स) कर्त्तव्यः ॥३१॥

તેનું કલ્યાણ કરે છે. ચિન્તામણિ મનમાં વિચારેલ વસ્તુ જ આપે છે. પરમાત્માના પ્રભાવથી તો નહીં ચિન્તવેલું પણ મળે છે.

ભાવસ્તવ કરવા સમર્થ વ્યક્તિએ ભાવસ્તવ જ કરવો. તેનાથી પરમાત્માની શ્રેષ્ઠ આરાધના થાય છે. ભાવસ્તવ કરવા અસમર્થ વ્યક્તિએ દ્રવ્યસ્તવ કરવો. એમ ન વિચારવું કે, 'દ્રવ્યસ્તવ ભક્તિરૂપ જ છે, આરાધનારૂપ નથી, માટે ન કરવો જોઈએ.' ભાવસ્તવ કરવા અસમર્થ વ્યક્તિ માટે દ્રવ્યસ્તવ એ શ્રેષ્ઠ કર્તવ્ય છે. જો તે દ્રવ્યસ્તવ પણ ન કરે તો દુર્લભ એવું મનુષ્યપણું અને જિનશાસન પામીને ફોગટ હારી જાય છે. દ્રવ્યસ્તવ કરવાથી પરમાત્માના પ્રભાવથી તે કલ્યાણ પામે જ છે. તેથી તેણે દ્રવ્યસ્તવમાં પ્રમાદ ન કરવો. (૩૦)

અવતરણિકા - દ્રવ્યસ્તવ પણ કલ્યાણ માટે થાય છે એમ બતાવ્યું. હવે દ્રવ્યસ્તવનું જ માહાત્મ્ય સ્પષ્ટ કરે છે -

શબ્દાર્થ - દ્રવ્યસ્તવ સ્વર્ગ અને મોક્ષ આપનાર છે, તે અહીં પણ સુખ લાવનાર છે, તે મનની પ્રસન્નતાનું કારણ છે. માટે ગૃહસ્થે હંમેશા દ્રવ્યસ્તવ કરવો જોઈએ. (૩૧)

पद्मीया वृत्तिः - **द्रव्यस्तवः** - पूजादिरूपः, **स्वर्गापवर्गदः** - स्वर्गः-देवलोकः, अपवर्गः-मोक्षः, स्वर्गश्चापवर्गश्चेति स्वर्गापवर्गौ, तौ ददाति-वितरतीति स्वर्गापवर्गदः, **अत्र** - इह भवे, **अपि**शब्दः परत्र तु सुखं यच्छत्येव, इहभवेऽपि सुखावह इति द्योतनार्थम्, **सुखावहः** - सुखम्-अनुकूलवेदनीयम्, तदावहति-प्रापयतीति सुखावहः, **चित्तप्रसत्तेः** - चित्तम्-मनः, प्रसत्तिः-प्रसन्नता स्वस्थतेति यावत्, चित्तस्य प्रसत्तिरिति चित्तप्रसत्तिः, तस्याः, **हेतुः** - कारणम्, **तत्** - तस्मात्, **गृहिणा** - गृहस्थेन, **सदा** - सर्वकालं, **स** इत्यत्राध्याहार्यम्, **कर्त्तव्यः** - विधेयः ।

द्रव्यस्तवकरणेन प्रकृष्टभाववृद्धौ जातायां मोक्षोऽप्यवाप्यते, यथा नागकेतुना प्राप्तः । पुष्पपूजां कुर्वन्स क्षपकश्रेणिमारूढः । ततः क्षपिताशेषकर्मा स निर्वृतः । दशग्रीवेण जिनभक्तिं कुर्वता जिननामकर्म बद्धम् । द्रव्यस्तवादनन्तरं जायमाना भाववृद्धिर्द्रव्यस्तवनिमित्तकैव । अत उपचाराद् 'द्रव्यस्तवेन मोक्षो प्राप्यते' इत्युच्यमाने न कोऽपि विरोधः । परमात्मभक्तिं कुर्वता यदि संहनन-काल-बल-भावादि-परिहाण्या मोक्षो नाऽवाप्यते तर्ह्यपि त्रिदशलोकप्राप्तिस्तु तस्य करतलगतैव । जिनभक्त्या शुभायुर्बध्यते । जिनभक्त्या प्रकृष्टं पुण्यं बध्यते । ततस्तदुदये निर्जरलोकप्राप्तिर्भवति । यो दासीभूय परमात्मनो भक्तिं करोति स आधिपत्यं प्राप्नोति । जिनपूजादिर्न केवलं परलोके एव सौख्यं ददाति,

---

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - પૂજા વગેરે રૂપ દ્રવ્યસ્તવ પરભવમાં સ્વર્ગ અને મોક્ષ આપે છે, આ ભવમાં પણ સુખ આપે છે અને મનને પ્રસન્ન કરે છે, માટે ગૃહસ્થોએ હંમેશા દ્રવ્યસ્તવ કરવો જોઈએ.

દ્રવ્યસ્તવ કરવાથી જો ભાવની પ્રકૃષ્ટ વૃદ્ધિ થાય તો મોક્ષ પણ મળે છે, જેમ નાગકેતુને મળ્યો. પુષ્પપૂજા કરતાં કરતાં તેમણે ક્ષપકશ્રેણી માંડી. પછી બધા કર્મોનો ક્ષય કરી તે નિર્વાણ પામ્યા. રાવણે પરમાત્માની ભક્તિ કરતાં કરતાં જિનનામકર્મ બાંધ્યું. દ્રવ્યસ્તવ પછી થનારી ભાવવૃદ્ધિ દ્રવ્યસ્તવથી જ થયેલી છે, એટલે ઉપચારથી 'દ્રવ્યસ્તવથી મોક્ષ મળે છે' એમ કહેવામાં કોઈ વિરોધ નથી. પરમાત્માની ભક્તિ કરનારાને સંઘયણ, કાળ, બળ, ભાવ વગેરેની હાનિના કારણે મોક્ષ ન મળે તો પણ દેવલોક તો તેની માટે હાથવેંતમાં જ છે. જિનભક્તિથી શુભ આયુષ્ય બંધાય છે. જિનભક્તિથી પ્રકૃષ્ટ પુણ્ય બંધાય છે, પછી તેનો ઉદય થાય ત્યારે દેવલોક મળે છે. જે વ્યક્તિ દાસ થઈને પરમાત્માની ભક્તિ કરે છે તે સ્વામી બને છે. જિનપૂજા વગેરે

परन्त्विहभवेऽपि तस्य प्रभावेण सर्वकल्याणानि प्राप्यन्ते विघ्नानि च नश्यन्ति। श्रीपालेनोत्कटभावेन प्रभुभक्तिः कृता। फलतस्तस्य कुष्ठरोगो नष्टः राज्यञ्च स आप्तवान्। जिनभक्त्या मनसः सर्वसङ्क्लेशा दूरीभवन्ति, शरीरस्य सर्वे रोगाः क्षीयन्ते, आपद उपद्रवाश्च विलीयन्ते। जिनभक्त्या मनः प्रसन्नीभवति। तत्कदाचिदपि न विषीदति। ततोऽन्या अप्याराधनाः प्रसन्नतया भवन्ति। मयूरसमागमेन सर्वे सर्प्पा अपगच्छन्ति। एवं परमात्मनि हृदये प्रतिष्ठिते तस्य भक्त्या सर्वे दोषा नश्यन्ति। उक्तञ्च **बृहच्छान्तिस्तोत्रे** - **'उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्नवल्लयः। मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे॥' उपदेशतरङ्गिण्यामप्युक्तं श्रीरत्नमन्दिरगणिभिः - 'उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्नवल्लयः। मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ॥८८॥'**

परमात्मा सर्वोत्कृष्टं पात्रम्। ततस्तद्भक्त्या प्रकृष्टं पुण्यं बध्यते। तेन शारीरिक-मानसिक-भौतिकाऽध्यात्मिकैहिकाऽऽमुष्मिकानि सर्वकल्याणानि प्राप्यन्ते। इत्थं द्रव्यस्तवोऽपि सर्वसम्पत्तिप्रापकः। ननु यदि द्रव्यस्तवः सर्वसम्पत्तिप्रापकस्तर्हि भावस्तवेन

માત્ર પરલોકમાં જ સુખ નથી આપતા, પણ આ ભવમાં પણ તેના પ્રભાવથી બધા કલ્યાણો મળે છે અને બધા વિઘ્નો નાશ પામે છે. શ્રીપાળે ઉત્કૃષ્ટ ભાવથી પ્રભુભક્તિ કરી. પરિણામે તેમનો કોઢ રોગ નાશ પામ્યો અને તેમને રાજ્ય મળ્યું. જિનભક્તિથી મનના સંક્લેશો દૂર થાય છે, શરીરના બધા રોગો ક્ષય પામે છે અને બધી આપત્તિઓ અને ઉપદ્રવો નાશ પામે છે. જિનભક્તિથી મન પ્રસન્ન થાય છે. તે ક્યારેય વિષાદ પામતું નથી. તેથી બીજી આરાધનાઓ પણ પ્રસન્નતાથી થાય છે. મોર આવે એટલે બધા સર્પો દૂર જાય છે. એમ હૃદયમાં પરમાત્મા પ્રતિષ્ઠિત થાય એટલે તેની ભક્તિથી બધા દોષો નાશ પામે છે. **મોટી શાંતિ**માં કહ્યું છે - પરમાત્મા પૂજાયે છતે ઉપસર્ગોનો ક્ષય થાય છે, વિઘ્નોની વેલડીઓ છેદાય છે અને મન પ્રસન્ન થાય છે. **ઉપદેશતરંગિણી**માં પણ **શ્રીરત્નમંદિરગણિજી**એ આ વાત કહી છે.

પરમાત્મા સૌથી શ્રેષ્ઠ પાત્ર છે. તેથી તેમની ભક્તિથી પ્રકૃષ્ટ પુણ્ય બંધાય છે. તેનાથી શારીરિક, માનસિક, ભૌતિક, આધ્યાત્મિક, આલોક સંબંધી અને પરલોક સંબંધી બધા કલ્યાણો મળે છે. આમ, દ્રવ્યસ્તવ પણ બધી સંપત્તિ આપનાર છે. **પ્રશ્ન** - જો દ્રવ્યસ્તવ બધી સંપત્તિ આપનાર હોય તો ભાવસ્તવની શું જરૂર છે ?

किं प्रयोजनमिति चेत् ? उच्यते, द्रव्यस्तवोऽभ्युदयकारको भावस्तवो महोदयकारकः । भावस्तवेन मोक्षः प्राप्यते । द्रव्यस्तवोऽपि भावस्तवद्वारेणैव मोक्षं प्रापयति । भावस्तवाऽसमर्थेन गृहस्थेन द्रव्यस्तवोऽवश्यं कर्त्तव्यः । तेन द्रव्यस्तवे रतेन भाव्यम् । द्रव्यस्तव एव तस्य तरणोपायः । यदि स तमपि मुञ्चेत् तर्हि भवसमुद्रे निमज्जेत् । ततस्तेन सर्वप्रयत्नेन द्रव्यस्तवो विधेयः ॥३१॥

अवतरणिका - द्रव्यस्तवस्य माहात्म्यं प्रदर्शितम् । अधुना द्रव्यस्तवेन भावस्तवस्याऽपि प्राप्तिः स्यादिति दर्शयति -

मूलम् - भवेद्विरतिरप्यस्य, यथाशक्ति पुनर्यदि ।
ततः प्रक्षरितः सिंहः, कर्मनिमर्थनं प्रति ॥३२॥

अन्वयः - यदि पुनरस्य यथाशक्ति विरतिरपि भवेत् ततः कर्मनिर्मथनं प्रति (स) प्रक्षरितः सिंहः (भवेत्) ॥३२॥

पद्मीया वृत्तिः - यदि पुनः - कदाचिच्चारित्रमोहनीयकर्मक्षयोपशमेन, **अस्य** - द्रव्यस्तवकर्त्तुः, **यथाशक्ति** - शक्तेः-सामर्थ्यस्याऽनुरूपं न तु तामतिक्रम्य, **विरतिः** - सावद्यव्यापारेभ्यो देशतः सर्वतो वा निवृत्तिः, **अपि**शब्दः समुच्चये, स च विरतिं

જવાબ - દ્રવ્યસ્તવ અભ્યુદય કરનાર છે, ભાવસ્તવ મહોદય કરનાર છે. ભાવસ્તવથી મોક્ષ મળે છે. દ્રવ્યસ્તવ પણ ભાવસ્તવ દ્વારા જ મોક્ષ અપાવે છે. ભાવસ્તવ કરવા અસમર્થ ગૃહસ્થે દ્રવ્યસ્તવ અવશ્ય કરવો. તેણે દ્રવ્યસ્તવમાં રત રહેવું. તેની માટે દ્રવ્યસ્તવ એ જ તરવાનો ઉપાય છે. જો તે તેને પણ છોડી દે તો ભવસમુદ્રમાં ડૂબી જાય. માટે તેણે બધા પ્રયત્નોપૂર્વક દ્રવ્યસ્તવ કરવો. (૩૧)

અવતરણિકા - દ્રવ્યસ્તવનું માહાત્મ્ય બતાવ્યું. હવે દ્રવ્યસ્તવથી ભાવસ્તવની પણ પ્રાપ્તિ થાય છે, એ બતાવે છે -

શબ્દાર્થ - જો એને યથાશક્તિ વિરતિ પણ મળે તો તે કર્મોનો નાશ કરવા માટે વિફરેલા સિંહ જેવો થાય છે. (૩૨)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - વિરતિ એટલે પાપ લાગે એવી પ્રવૃત્તિઓમાંથી આંશિક રીતે કે સંપૂર્ણ રીતે નિવૃત્તિ. દ્રવ્યસ્તવ કરનારો પૂજા વગેરે તો કરે જ છે,

समुच्चिनोति, **भवेत्** - स्यात्, **ततः** - तर्हि, **कर्मनिर्मथनम्** - कर्मणां निर्मथनं-नाशनमिति कर्मनिर्मथनम्, तत् कर्मतापन्नम्, **प्रति** - लक्ष्यीकृत्य, **स** इत्यत्राऽध्याहार्यम्, **प्रक्षरितः** - प्रकर्षेण क्षरितः-चलितः इति प्रक्षरितः-उद्यतः, **सिंहः** - वनराजः, **भवेदि**त्यत्राऽध्याहार्यम्।

प्रकृष्टभावेन जिनपूजादिकं कुर्वाणस्य चारित्रमोहनीयकर्मक्षयोपशमो भवति। चारित्रमोहनीयं कर्म्म विरतेः प्रतिबन्धं करोति। ततो जीवस्य हृदये विरतिपरिणामो न प्रादुर्भवति। परमात्मा सर्वोत्कृष्टचारित्री। ततस्तद्भक्त्या चारित्रमोहनीयक्षयोपशमो भवति। यस्य भक्तिः क्रियते, तस्य गुणाः प्राप्यन्ते। परमात्मनः भक्त्या तस्य गुणाः प्राप्यन्ते। ततः स गृहस्थः कदाचित् चारित्रमपि स्वीकुर्यात्। चारित्रपालनशक्तौ सत्यामेव स चारित्रं स्वीकुर्यात्। यदि सामर्थ्याऽभावेऽपि स चारित्रं स्वीकुर्यात्तर्हि तस्य व्रतभङ्गो भवेत्। स साधुवेषं विमुच्य पुनर्गृहस्थो भवेत्। कदाचित् स वेषं न जह्यात्तर्ह्यपि लिङ्गमात्रोपजीवी भवेत्। ततः स्वीयं सामर्थ्यमवगम्य तेन सर्वविरतिः स्वीकरणीया। इत्थं जिनभक्तिरूपेण द्रव्यस्तवेन जातचारित्राध्यवसायः स स्वसामर्थ्यानुसारेण विरतिरूपं भावस्तवमपि प्राप्नुयात्। ततो द्रव्यस्तवोऽपि प्रशस्योऽनुष्ठेयश्च। चारित्रप्राप्त्यनन्तरमपि

કદાચ ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી શક્તિને અનુરૂપ તેની સાવદ્ય યોગોમાંથી નિવૃત્તિ પણ થાય. તો પછી તે કર્મોનો નાશ કરવા માટે વિફરેલા સિંહ જેવો થાય છે.

પ્રકૃષ્ટભાવથી જિનપૂજા વગેરે કરનારાના ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે. ચારિત્રમોહનીય કર્મ વિરતિને અટકાવે છે. તેથી જીવના હૃદયમાં વિરતિનો પરિણામ થતો નથી. પરમાત્મા સૌથી શ્રેષ્ઠ ચારિત્રધર છે. તેથી તેમની ભક્તિથી ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે. જેની ભક્તિ કરાય તેના ગુણો મળે. પરમાત્માની ભક્તિથી તેમના ગુણો મળે છે. તેથી તે ગૃહસ્થ કદાચ ચારિત્ર પણ લઈ લે. ચારિત્ર પાળવાની શક્તિ હોય તો જ તે ચારિત્ર સ્વીકારે. જો સામર્થ્ય ન હોવા છતાં તે ચારિત્ર સ્વીકારે તો તેના વ્રતોનો ભંગ થાય. તે સાધુવેષ છોડીને ફરી ગૃહસ્થ બને. કદાચ તે વેષ ન છોડે તો પણ સાધુવેષથી આજીવિકા ચલાવે. તેથી પોતાનું સામર્થ્ય જાણીને તેણે સર્વવિરતિ સ્વીકારવી જોઈએ. આમ, જિનભક્તિ રૂપી દ્રવ્યસ્તવ વડે જેને ચારિત્રના ભાવ થયા છે, તે પોતાના સામર્થ્યને અનુસારે વિરતિરૂપ ભાવસ્તવને પણ પામે છે. માટે દ્રવ્યસ્તવ પણ પ્રશંસાપાત્ર છે અને કરવા

स प्रकृष्टां साधनां करोति। यथा सिंहः स्ववैरिनाशने उद्यतो भवति तथा सोऽपि चारित्रं प्राप्य कर्मवैरिणं हन्तुं प्रकृष्टं पुरुषार्थं करोति। अत्र सिंहोपमयेदं सूचितं - यथा सिंहः स्ववैरिनाशने कदाचिदपि निष्फलो न भवति तथाऽयमपि चारित्रं स्वीकृत्य कर्म सर्वथा नाशयति एव, न तु कदाचिदपि कर्मनाशने निष्फलो भवति।

इत्थं जिनभक्त्या परम्परया सर्वकर्मविनाशोऽपि भवति। ततो भावस्तवाऽसमर्थेन गृहस्थेन द्रव्यस्तवोऽवश्यं कर्त्तव्यः ॥३२॥

अवतरणिका - द्रव्यस्तवकारी विरतिं प्राप्य कर्म निर्मथ्नातीति दर्शितम्। अधुना द्रव्यस्तवकारी श्रावकोऽपि कर्म निर्मथ्य शिवं प्राप्नोतीति दर्शयति -

मूलम् - श्रावको बहुकर्माऽपि, पूजाद्यैः शुभभावतः।
दलयित्वाऽखिलं कर्म, शिवमाप्नोति सत्वरम् ॥३३॥

अन्वयः - बहुकर्माऽपि श्रावकः पूजाद्यैः शुभभावतोऽखिलं कर्म दलयित्वा सत्वरं शिवमाप्नोति ॥३३॥

યોગ્ય છે. ચારિત્ર મળ્યા પછી પણ તે પ્રકૃષ્ટ સાધના કરે છે. જેમ સિંહ પોતાના દુશ્મનોનો નાશ કરવા માટે તૈયાર હોય છે, તેમ તે પણ ચારિત્ર પામીને પોતાના કર્મરૂપી વૈરીને હણવા માટે પ્રકૃષ્ટ પુરુષાર્થ કરે છે. અહીં સિંહની ઉપમાથી એ સૂચવ્યું કે જેમ સિંહ પોતાના દુશ્મનોનો નાશ કરવામાં ક્યારેય પણ નિષ્ફળ થતો નથી તેમ આ વ્યક્તિ પણ ચારિત્ર લઈને કર્મનો સર્વથા નાશ કરે જ છે, તે ક્યારેય પણ કર્મોનો નાશ કરવામાં નિષ્ફળ થતો નથી.

આમ જિનભક્તિથી પરંપરાએ બધા કર્મોનો વિનાશ પણ થાય છે, તેથી ભાવસ્તવ કરવા અસમર્થ ગૃહસ્થે દ્રવ્યસ્તવ અવશ્ય કરવો જોઈએ. (૩૨)

અવતરણિકા - દ્રવ્યસ્તવ કરનાર વિરતિ પામીને કર્મોનો નાશ કરે છે, એ બતાવ્યું. હવે દ્રવ્યસ્તવ કરનાર શ્રાવક પણ કર્મોનો નાશ કરીને મોક્ષ પામે છે - એ બતાવે છે -

શબ્દાર્થ - ઘણા કર્મોવાળો પણ શ્રાવક પૂજા વગેરેથી થયેલા શુભભાવથી બધા કર્મોનો નાશ કરી જલ્દીથી મોક્ષ પામે છે. (૩૩)

पद्मीया वृत्तिः - **बहुकर्मा** - बहूनि-प्रभूतानि कर्माणि यस्य स बहुकर्मा, **अपि**शब्दो अल्पकर्मा तु शिवमाप्नोत्येव, परं बहुकर्माऽपि शिवं प्राप्नोतीति द्योतनार्थम्, **श्रावकः**- श्रमणोपासकः, **पूजाद्यैः** - पूजा-आद्या-प्रथमा येषां जिनालयनिर्माणादीनां ते पूजाद्याः, तैः, **शुभभावतः** - शुभः-प्रशस्तः, स चासौ भावः - अध्यवसायश्चेति शुभभावः, तस्मात्, **अखिलं** - सकलम्, **कर्म** - आत्मवैरि, **दलयित्वा** - विनाश्य, **सत्वरं** - सह त्वरया यथा स्यात्तथेति सत्वरं-शीघ्रम्, **शिवम्** - मोक्षम्, **आप्नोति** - लभते ।

आत्मसु कर्माणि विविधप्रकाराणि सन्ति, केषुचिदात्मसु स्वल्पानि कर्माणि सन्ति, केषुचित्त्वात्मसु बहूनि कर्माणि सन्ति । स्वल्पकर्माणि सुखेन शीघ्रञ्च नाशयितुं शक्यन्ते । बहुकर्मनाशनं कृच्छ्रसाध्यं दीर्घकालसाध्यञ्च । यावदात्मनि कर्माणि सन्ति तावदात्मना संसारे भ्रमितव्यम् । हस्तेन वृक्षानुन्मूलयित्वा वननाशनं कृच्छ्रेण चिरेण च भवति, परन्तु वह्निना वननाशनमायासेन विना शीघ्रञ्च भवति । जिनपूजादिभिः प्रादुर्भूताः शुभाऽध्यवसायाः कर्मनाशनेऽग्निरूपाः सन्ति । श्रावकाणां हृदये जिनपूजादिभिः शुभपरिणामा उत्पद्यन्ते । तैस्ते कर्माणि नाशयन्ति । जिनपूजादिभिर्जातैः प्रशस्तभावैर्बहून्यपि कर्माणि सुखेन शीघ्रञ्च नाशयितुं शक्यन्ते । अग्निः क्षणात्सर्वं दग्ध्वा भस्मसात्करोति । एवं

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - ભગવાનની પૂજાથી શુભભાવ પેદા થાય છે. તેનાથી બધા કર્મોનો નાશ થાય છે. તેથી ઓછા કર્મવાળો શ્રાવક તો મોક્ષ પામે જ છે, પણ ઘણા કર્મોવાળો પણ શ્રાવક શીઘ્ર મોક્ષ પામે છે.

આત્માઓની ઉપર વિવિધ પ્રકારના કર્મો છે. કેટલાક આત્માઓ ઉપર ઓછા કર્મો છે, કેટલાક આત્માઓ ઉપર ઘણા કર્મો છે. ઓછા કર્મોનો સુખેથી અને જલ્દીથી નાશ કરી શકાય છે. ઘણા કર્મોનો નાશ મુશ્કેલીથી થાય છે અને લાંબા કાળે થાય છે. જ્યાં સુધી આત્મા ઉપર કર્મો છે ત્યાંસુધી આત્માને સંસારમાં ભટકવાનું થાય છે. હાથથી વૃક્ષોને ઉખેળીને વનનો નાશ મુશ્કેલીથી થાય છે અને લાંબા કાળે થાય છે. પણ અગ્નિથી વનનો નાશ સહેલાઈથી અને જલ્દીથી થાય છે. જિનપૂજા વગેરેથી ઉત્પન્ન થયેલા શુભભાવો કર્મોનો નાશ કરવા અગ્નિ જેવા છે. શ્રાવકોના હૃદયમાં જિનપૂજા વગેરેથી શુભભાવો પેદા થાય છે. તેનાથી તેઓ કર્મોનો નાશ કરે છે. જિનપૂજા વગેરેથી થયેલા શુભભાવો વડે ઘણા પણ કર્મોનો સુખેથી અને જલ્દીથી નાશ કરી શકાય છે. અગ્નિ એક ક્ષણમાં બધું બાળીને રાખ કરે છે. એમ શુભભાવો

शुभभावा अपि तूर्णं सर्वकर्माणि नाशयित्वाऽऽत्मनो मुक्तिं नेदीयसीं कुर्वन्ति । इत्थं पूजाद्याः बहून्यपि कर्माणि नाशयित्वा श्रावकं झटिति मुक्तौ प्रवेशयन्ति । ततः श्रावकैः पूजाद्याः कदाचिदपि न मोक्तव्याः ।

इदमत्राऽवधेयम् - श्रावकः पूजादिजातशुभभावैः सर्वविरतिमवाप्यैव सर्वकर्म क्षपयित्वा मुक्तिं याति, सर्वविरतिं विना मुक्तिप्राप्तेरशक्यत्वात् । कदाचिदल्पायुष्कतया स द्रव्यतः सर्वविरतिं ग्रहीतुं न शक्नोति तर्ह्यपि भावतस्त्ववश्यं सर्वविरतिं गृह्णाति, मरुदेव्यादिवत् । ततः श्रावकेण सर्वविरतिमुपेक्ष्य केवलैः पूजाद्यैरात्मा कृतकृत्यो न मन्तव्यः । श्रावकेण सर्वविरतिं लक्ष्यीकृत्यैव पूजाद्याः कर्त्तव्याः । इत्थमेव तस्य सर्वकर्मक्षयो मोक्षश्च भवति ॥३३॥

अवतरणिका - ननु बहुकर्मा श्रावकः पूजाद्यैः कथं शिवमाप्नोति ? इति शङ्कां समादधद्ग्रन्थकार आज्ञाऽऽराधनासुखयोरन्वयव्यतिरेकौ आज्ञाविराधनादुःखयोरन्वय-व्यतिरेकौ च दर्शयति -

मूलम् - येनाऽऽज्ञा यावदाराद्धा, स तावल्लभते सुखम् ।
यावद्विराधिता येन, तावद्दुःखं [१]लभेत सः ॥३४॥

પણ જલ્દીથી બધા કર્મોનો નાશ કરીને આત્માની મુક્તિને નજીક કરે છે. આમ પૂજા વગેરે ઘણા પણ કર્મોનો નાશ કરીને શ્રાવકને જલ્દીથી મુક્તિમાં પ્રવેશ કરાવે છે. માટે શ્રાવકોએ પૂજા વગેરે ક્યારેય પણ છોડવા નહીં. (૩૩)

અહીં આટલુ ધ્યાન રાખવું - શ્રાવક પૂજા વગેરેથી થયેલા શુભભાવો વડે સર્વવિરતિ પામીને જ બધા કર્મોને ખપાવીને મોક્ષે જાય છે, કેમકે સર્વવિરતિ વિના મોક્ષ મળી શકતો નથી. કદાચ આયુષ્ય ઓછુ હોવાને લીધે તે દ્રવ્યથી સર્વવિરતિને સ્વીકારી ન શકે તો પણ ભાવથી તો અવશ્ય સર્વવિરતિને સ્વીકારે છે, મરુદેવીમાતાની જેમ. તેથી શ્રાવકે સર્વવિરતિની ઉપેક્ષા કરીને માત્ર પૂજા વગેરેથી સંતોષ ન માનવો. શ્રાવકે સર્વવિરતિનું લક્ષ્ય રાખીને જ પૂજા વગેરે કરવા. આ રીતે જ તેના બધા કર્મોનો ક્ષય અને મોક્ષ થાય છે.

अवतरणिका - ભારેકર્મી શ્રાવક પૂજા વગેરેથી કેવી રીતે મોક્ષ પામે છે ? એવી શંકાનું સમાધાન કરતા ગ્રન્થકારશ્રી આજ્ઞાની આરાધના અને સુખના અન્વય-વ્યતિરેક અને આજ્ઞાની વિરાધના અને દુઃખના અન્વય-વ્યતિરેક બતાવે છે -

१. लभते - E।

अन्वयः - येनाऽऽज्ञा यावदाऽऽराद्धा, स तावत्सुखं लभते । येन (सा) यावत् विराधिता, स तावद्दुःखं लभेत ॥३४॥

पद्मीया वृत्तिः - **येन** - अनिर्दिष्टनाम्ना, **आज्ञा** - प्रागुक्तशब्दार्था, **यावत्** - यावत्प्रमाणम्, **आराद्धा** - पालिता, **सः** - आज्ञाऽऽराधकः, **तावत्** - आज्ञाराधनाफल-प्रमाणम्, **सुखम्** - आनन्दम्, **लभते** - प्राप्नोति, **येन** - अनिदर्शितनाम्ना, अत्र '**सा**' इत्यध्याहार्यम्, **यावत्** - याव़त्प्रमाणम्, **विराधिता** - खण्डिता, **सः** - आज्ञाविराधकः, **तावत्** - आज्ञाविराधनाफलप्रमाणम्, **दुःखम्** - असातम्, **लभेत** - प्राप्नुयात् ।

आज्ञाऽऽराधना कारणरूपा । सुखं तत्कार्यरूपम् । यत्र सर्वसामग्र्युपेतं कारणं भवति तत्र कार्यं जायते एव, यथा यत्र स्थाने आर्द्रेन्धनसंयोगविशिष्टोऽग्निस्तत्र धूमो जायते एव । यद्यग्निः स्वल्पः स्यात्तर्हि धूमोऽपि स्वल्पः स्यात् । यद्यग्निः प्रभूतः स्यात्तर्हि धूमोऽपि प्रभूतः स्यात् । एवं यत्राऽऽज्ञाऽऽराधना भवति तत्र सुखं भविष्यति । यद्याज्ञाऽऽ-राधना स्वल्पा स्यात्तर्हि तत्फलभूतं सुखमपि स्वल्पमेव प्राप्येत । यद्याज्ञाऽऽराधना प्रभूता स्यात्तर्हि सुखमपि प्रभूतं प्राप्येत । ततो मुक्तिस्थं सम्पूर्णं सुखं काङ्क्षमाणेन सम्पूर्णाऽऽज्ञाऽऽराधना कर्त्तव्या । यो हीनप्रमाणामाज्ञाराधनां करोति स सर्वं सुखं प्राप्तुं

शब्दार्थ - જેણે આજ્ઞાની જેટલી આરાધના કરી, તે તેટલું સુખ પામે છે. જેણે તેણીની જેટલી વિરાધના કરી, તે તેટલું દુઃખ પામે છે. (૩૪)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - જેટલા પ્રમાણમાં આજ્ઞાની આરાધના થાય છે, તેટલા પ્રમાણમાં સુખ મળે છે અને જેટલા પ્રમાણમાં આજ્ઞાની વિરાધના થાય છે, તેટલા પ્રમાણમાં દુઃખ મળે છે.

આજ્ઞાની આરાધના કારણરૂપ છે. સુખ તેનું કાર્ય છે. જ્યાં બધી સામગ્રીથી યુક્ત કારણ હોય છે, ત્યાં કાર્ય અવશ્ય થાય છે. જેમકે, જે સ્થાનમાં ભીના ઈન્ધનના સંયોગવાળો અગ્નિ હોય ત્યાં ધૂમાડો અવશ્ય થાય. જો અગ્નિ થોડો હોય તો ધૂમાડો પણ થોડો થાય, જો અગ્નિ ઘણો હોય તો ધૂમાડો પણ ઘણો થાય. એમ જ્યાં આજ્ઞાની આરાધના હોય ત્યાં સુખ થાય. જો આજ્ઞાની આરાધના થોડી હોય તો તેના ફળરૂપ સુખ પણ થોડું જ મળે. જો આજ્ઞાની આરાધના ઘણી હોય તો સુખ પણ ઘણું મળે. માટે મોક્ષના સંપૂર્ણ સુખની ઈચ્છાવાળાએ આજ્ઞાની સંપૂર્ણ આરાધના કરવી જોઈએ. જે આજ્ઞાની આરાધના ઓછી કરે છે, તે બધું સુખ પામી શકતો નથી. પોતાના વાસણ

न शक्नोति । स्वपात्रानुसारेण जलं प्राप्यते । लघुपात्रधारिणा विपुलं जलं न प्राप्यते ।

आज्ञाविराधना कारणरूपा, दुःखं तत्कार्यरूपम् । यत्राऽऽज्ञाविराधना विद्यते तत्र दुःखं भविष्यति। यद्याज्ञाविराधना स्वल्पा स्यात्तर्हि तज्जनितं दुःखमप्यल्पं स्यात् । यद्याज्ञाविराधना प्रभूता स्यात्तर्हि तज्जनितं दुःखमपि प्रभूतं स्यात् । ततो दुःखमुक्तिं काङ्क्षमाणेन आज्ञाविराधना हेया । शैत्यं वाञ्छताऽग्नेः सामीप्यं हेयम् ।

जीवा मोक्षसुखमभिलषन्ति । परन्तु तेषां जीवने आज्ञाविराधना प्रभूताऽस्ति । ततस्ते कथं मोक्षसुखं प्राप्नुयुः ? ततो मुक्तिशमिच्छद्भिस्तैराज्ञाऽऽराधना वर्धनीयाऽऽज्ञाविराधना च हेया ।

बहुकर्मा श्रावकः पूजादिजातशुभभावैः सम्पूर्णामाज्ञाराधनां करोति । ततः स शिवमाप्नोति ॥३४॥

अवतरणिका - आज्ञाऽऽराधनासुखयोरन्वयव्यतिरेकौ दर्शयित्वाऽधुनोपसंहरति -

---

પ્રમાણે પાણી મળે છે. નાના વાસણવાળાને ઘણું પાણી મળતું નથી.

આજ્ઞાની વિરાધના કારણરૂપ છે. દુઃખ તેનું કાર્ય છે. આજ્ઞાની વિરાધના હોય ત્યાં દુઃખ હોય. જ્યાં આજ્ઞાની વિરાધના થોડી હોય ત્યાં તેનાથી પેદા થયેલ દુઃખ પણ થોડું હોય. જ્યાં આજ્ઞાની વિરાધના ઘણી હોય ત્યાં તેનાથી પેદા થયેલ દુઃખ પણ ઘણું હોય. માટે દુઃખમાંથી છૂટવા ઈચ્છનારાએ આજ્ઞાની વિરાધના છોડવી જોઈએ. ઠંડક ઈચ્છનારાએ અગ્નિની નિકટતા છોડવી જોઈએ.

જીવો મોક્ષના સુખો ઝંખે છે. પણ તેમના જીવનમાં આજ્ઞાની વિરાધના ઘણી છે, તો પછી શી રીતે તેમને મોક્ષના સુખ મળે ? માટે મોક્ષને ઝંખનારા તેમણે આજ્ઞાની આરાધના વધારવી જોઈએ અને આજ્ઞાની વિરાધના છોડવી જોઈએ.

ભારેકર્મી શ્રાવક પૂજા વગેરેથી થયેલા શુભભાવોથી આજ્ઞાની સંપૂર્ણ આરાધના કરે છે. તેથી તે મોક્ષ પામે છે. (૩૪)

અવતરણિકા - આજ્ઞાની આરાધના અને સુખના અન્વય-વ્યતિરેક બતાવીને હવે ઉપસંહાર કરે છે -

मूलम् - सदा तत्पालने लीनैः, परमात्माऽऽत्मनाऽऽत्मनि ।
[1]सम्यक्[2]स ज्ञायते ज्ञातो, मोक्षं च कुरुते [3]प्रभुः ॥३५॥

अन्वयः - तत्पालने सदा लीनैरात्मनाऽऽत्मनि स परमात्मा सम्यक् ज्ञायते, ज्ञातश्च प्रभुः मोक्षं कुरुते ॥३५॥

पद्मीया वृत्तिः - तत्पालने - तस्याः-आज्ञायाः पालनम्-अनुष्ठानमिति तत्पालनम्, तत्र, **सदा** - अहर्निशम्, **लीनैः** - रतैः, **आत्मना** - स्वयम्, **आत्मनि** - निजस्वरूपे, **सः** - पूर्वोक्तः, **परमात्मा** - अवाप्तशुद्धस्वरूप आत्मैव, **सम्यक्** - यथावस्थितः, **ज्ञायते** - बुध्यते, **ज्ञातः** - बुद्धः, **च**शब्दः - समुच्चये, **प्रभुः** - परमात्मा, **मोक्षं** - निर्वाणम्, **कुरुते** - ददाति ।

तृतीये श्लोके उक्तं - आत्मनाऽऽत्मनि ज्ञातः परमात्मा परमपदं दत्ते इति । विंशति-तमे श्लोके उक्तं - आराधितः परमात्मा शिवं कुरुते इति । एकविंशतितमे श्लोके उक्तं - आज्ञापालनात् परमात्माऽऽराद्धो भवतीति । अधुनैतत्सर्वं समन्वेति निगमयति च । यो जिनाज्ञापालने रतो भवति स स्वात्मनि परमात्मानं जानाति । जिनाज्ञापालनेन क्लिष्टकर्माणि निर्जीर्यन्ते । तत आत्मा देशतो निर्मलो भवति । तत आत्मनि परमात्मनो

शब्दार्थ - આજ્ઞાના પાલનમાં હંમેશા લીન થયેલા જીવો પોતે પોતાની અંદર તે પરમાત્માને સારી રીતે જાણે છે અને જણાયેલા પ્રભુ મોક્ષ આપે છે. (૩૫)

पद्मीयावृत्तिनो भावानुवाद - ભગવાનની આજ્ઞાના પાલનમાં રક્ત જીવો પોતે જ પોતાના આત્મામાં રહેલા પરમાત્માને જાણે છે. આત્મામાં જણાયેલા તે પરમાત્મા મોક્ષ આપે છે.

ત્રીજા શ્લોકમાં કહ્યું કે આત્મા વડે આત્મામાં જણાયેલા પરમાત્મા પરમપદ આપે છે. વીશમા શ્લોકમાં કહ્યું કે આરાધાયેલ પરમાત્મા મોક્ષ આપે છે. એકવીશમા શ્લોકમાં કહ્યું કે આજ્ઞાના પાલનથી પરમાત્માની આરાધના થાય છે. હવે આ બધાનો સમન્વય કરે છે અને ઉપસંહાર કરે છે. જે જિનાજ્ઞાના પાલનમાં રક્ત બને છે, તે પોતાના આત્મામાં પરમાત્માને જાણે છે. જિનાજ્ઞાના પાલનથી ક્લિષ્ટ કર્મોની નિર્જરા થાય છે. તેથી આત્મા આંશિક રીતે નિર્મળ થાય છે. પછી આત્મામાં

---

१. सम्यग्विज्ञायते - DI २. सज्ज्ञायते - A, F, I । ३. परैः - JI

ज्ञानं भवति। कर्ममालिन्यविमुक्त आत्मैव परमात्मेति बोधो भवति । तस्य स बोधो यथावस्थितो भवति न त्वस्पष्टः । आत्मनि परमात्मनो ज्ञाने जाते स तस्य परमात्मनः प्रकटनाय यतते। परमात्मनः प्रादुर्भावे सति स आत्मा स्वयं परमात्मा भवति । स मोक्षमवाप्नोति। मोक्षस्य स्वरूपमेवं प्रतिपादित**मष्टकप्रकरणे** - '**कृत्स्नकर्मक्षयान्मोक्षो, जन्ममृत्यादिवर्जितः । सर्वबाधाविनिर्मुक्त, एकान्तसुखसङ्गतः ॥३२/१॥**'

आत्मनि परमात्मनो ज्ञाने जाते एवाऽऽत्मा मोक्षं प्राप्नोति । अत आत्मनि ज्ञातः परमात्मा तस्मै मोक्षं ददातीत्युच्यते ॥३५॥

अवतरणिका - आत्मनि ज्ञातः परमात्मा मोक्षं कुरुते इति दर्शितम्, अत्र कश्चिदाशङ्कते-जगति भिन्नभिन्ननामभिः प्रसिद्धा अनेकाः परमात्मानः सन्ति, तत आत्मनि कस्य परमात्मनो ज्ञानं कर्त्तव्यमिति । ततो ग्रन्थकारः प्रतिपादयति-जगति परमात्मा एक एव। परमात्मनो नामभेदेऽपि नाऽर्थभेद इति -

मूलम् - बुद्धो वा यदि वा विष्णु-र्यद्वा ब्रह्माऽथवेश्वरः ।
उच्यतां स [१]जिनेन्द्रो वा, नार्थभेदस्तथापि हि ॥३६॥

પરમાત્માનું જ્ઞાન થાય છે. કર્મની મલિનતા વિનાનો આત્મા જ પરમાત્મા છે - એવો બોધ થાય છે. તેનો તે બોધ બરાબર હોય છે, અસ્પષ્ટ નહીં. આત્મામાં પરમાત્માનું જ્ઞાન થાય એટલે તે તે પરમાત્માને પ્રગટ કરવા પ્રયત્ન કરે છે. પરમાત્મા પ્રગટ થાય એટલે તે આત્મા પોતે જ પરમાત્મા બની જાય છે. તે મોક્ષ પામે છે. મોક્ષનું સ્વરૂપ **અષ્ટકપ્રકરણ**માં આ રીતે બતાવ્યું છે, 'બધા કર્મોનો ક્ષય થવાથી જન્મ-મરણ વગેરેથી રહિત, બધી બાધાઓથી રહિત, એકાંતે સુખથી યુક્ત એવો મોક્ષ થાય છે. (૩૨/૧)'

આત્મામાં પરમાત્માનું જ્ઞાન થાય ત્યારે જ આત્મા મોક્ષ પામે છે. માટે આત્મામાં જણાયેલા પરમાત્મા તેને મોક્ષ આપે છે, એમ કહેવાય છે. (૩૫)

અવતરણિકા - આત્મામાં જણાયેલા પરમાત્મા મોક્ષ આપે છે એ બતાવ્યું. અહીં કોઈને શંકા થાય છે કે, 'જગતમાં જુદા જુદા નામવાળા અનેક પરમાત્મા છે, તો આત્મામાં કયા પરમાત્માનું જ્ઞાન કરવું ?' તેથી ગ્રન્થકાર જણાવે છે કે, 'જગતમાં

१. जिनेन्द्रोऽपि - D, F।

अन्वयः - बुद्धः वा यदि वा विष्णुर्यद्वा ब्रह्माऽथवेश्वरो जिनेन्द्रो वा स उच्यतां तथापि हि नार्थभेदः ॥३६॥

पद्यीया वृत्तिः - **बुद्धः** - 'बुद्धः' इति नाम्ना, **वा**शब्दो विकल्पे, **यदि**शब्दो वाक्यान्तरोपन्यासे, **वा**शब्दो विकल्पे, **विष्णुः** - 'विष्णुः' इति नाम्ना, **यद्**-शब्दो वाक्यान्तरोपन्यासे, **वा**शब्दो विकल्पे, **ब्रह्मा** - 'ब्रह्मा' इति नाम्ना, **अथ**शब्दो वाक्यान्तरोपन्यासे, **वा**शब्दो विकल्पे, **ईश्वरः** - 'इश्वरः' इति नाम्ना, **जिनेन्द्रः** - 'जिनेन्द्रः' इति नाम्ना, **वा**शब्दो विकल्पे, **सः** - परमात्मा, **उच्यतां** - कथ्यतां, **तथापि** - भिन्नभिन्ननामभिरुक्ते सत्यपि, **हि** - निश्चितम्, **न**शब्दो निषेधे, **अर्थभेदः** - अर्थः-अभिधेयः, तस्य भेदः-भिन्नतेत्यर्थभेदः ।

एकस्य वस्तुनो वाचका अनेके शब्दाः सन्ति । ते सर्वेऽपि तस्य वस्तुनः पर्यायवाचि-शब्दा भवन्ति । ते शब्दाः परस्परं भिन्नाः सन्ति, भिन्नवर्णैर्भिन्नवर्णपरिपाट्या च निर्मितत्वात् । तथापि तेषां प्रतिपाद्यो विषय एक एव भवति । यथा अग्नि-वह्नि-दहन-कृशानु-आशुशुक्षणि-हुताशनादयः शब्दाः परस्परं भिन्नाः, तथापि तैः सर्वैरपि एक एव दाहकपदा-र्थोऽभिधीयते । तस्य पदार्थस्य नाम्नां भेदेऽपि स पदार्थस्त्वभिन्न एव । यदि पदार्थः स

પરમાત્મા એક જ છે. પરમાત્માના નામો જુદા જુદા હોવા છતાં પરમાત્મા એક જ છે'-

શબ્દાર્થ - તે પરમાત્માને બુદ્ધ કે વિષ્ણુ કે બ્રહ્મા કે ઈશ્વર કે જિનેન્દ્ર કહો, છતાં પણ અર્થમાં કોઈ ભેદ નથી. (૩૬)

પદ્યીયાવૃત્તિનો ભાવાનુવાદ - પરમાત્માને બુદ્ધ કહો કે વિષ્ણુ કહો કે બ્રહ્મા કહો કે ઈશ્વર કહો કે જિનેન્દ્ર કહો, છતાં પણ એમાં અર્થનો ભેદ નથી, એટલે કે પરમાત્મા જુદા જુદા નથી, પણ એક જ છે.

એક વસ્તુને કહેનારા અનેક શબ્દો હોય છે. તે બધા ય તે વસ્તુના પર્યાયવાચી શબ્દો છે. તે શબ્દો પરસ્પર ભિન્ન હોય છે, કેમકે તેઓ જુદા જુદા અક્ષરોથી અને અક્ષરોના જુદા જુદા ક્રમથી બનેલા હોય છે. છતાં પણ તેમનો કહેવાનો વિષય એક હોય છે. જેમકે - અગ્નિ, વહ્નિ, દહન, કૃશાનુ, આશુશુક્ષણિ, હુતાશન વગેરે શબ્દો પરસ્પર ભિન્ન છે, છતાં પણ તે બધા ય બાળનારા એવા એક જ પદાર્થને કહે છે. તે પદાર્થના નામો જુદા જુદા હોવા છતાં પણ તે પદાર્થ તો એક જ છે. જો પદાર્થ

एवाऽस्ति, तर्हि नामभेदोऽत्राकिञ्चित्करः । एवं बुद्ध-विष्णु-ब्रह्मेश्वर-जिनेन्द्रादय एकस्यैव परमात्मनो वाचका भिन्नभिन्नशब्दाः । तेषां सर्वेषामपि शब्दानामभिधेयस्त्वेक एव परमात्मा । परमात्माऽनन्तज्ञानमयादिस्वरूपः । स यदि भिन्नैर्भिन्नैः शब्दैरुच्यते, तर्ह्यपि तस्य स्वरूपं त्वेकमेव । नामभेदेन स्वरूपभेदो न भवति । स्वरूपेऽभिन्ने नामभेदस्त्वकिञ्चित्करः । इत्थं परमात्मैक एव, तस्य भिन्नैर्भिन्नैर्नामभिर्मोहो न कर्त्तव्यः । येन केनाऽपि नाम्ना परमात्मन आराधनाः क्रियन्ते तर्ह्यपि तासां सर्वासां विषय एक एव परमात्मा । ततस्ताः सर्वा अपि मोक्षं प्रापयन्ति ।

इदमत्रावधेयम् - अनन्तज्ञानमयादिकमेव परमात्मनस्तात्त्विकं स्वरूपम् । परदर्शिनस्तु तद्व्यतिरिक्तानि परमात्मनो भिन्नभिन्नस्वरूपाणि मन्यन्ते । तैः परमात्मा भिन्नैर्भिन्नैर्नामभिरुच्यते । तत्र नाम्नोऽपि भेदोऽस्ति, स्वरूपस्याऽपि । ततस्तत्र नार्थाभेदः । ततः परदर्शनिभिर्मता बुद्धकपिलादयो वस्तुतो न परमात्मस्वरूपाः । ततस्ते न सेव्याः । तत्र नामार्थयोरुभयोरपि भेदोऽस्ति । अनन्तज्ञानमयादिकं परमात्मस्वरूपं प्राप्तास्तु बुद्धकपि-

---

તે જ હોય તો નામો જુદા હોવાથી કંઈ ફરક પડતો નથી. એ જ રીતે બુદ્ધ, વિષ્ણુ, બ્રહ્મા, ઈશ્વર, જિનેન્દ્ર વગેરે એક જ પરમાત્માને જણાવનારા જુદા જુદા શબ્દો છે. તે બધા શબ્દોનો કહેવાનો વિષય એક જ પરમાત્મા છે. પરમાત્મા અનંતજ્ઞાનમય વગેરે સ્વરૂપવાળા છે. તેમને જો જુદા જુદા શબ્દોથી બોલાવાય, તો પણ તેમનું સ્વરૂપ તો એક જ છે. નામ જુદા હોવાથી સ્વરૂપ જુદું બની જતું નથી. સ્વરૂપ એક હોય તો જુદા જુદા નામોથી કંઈ ફરક પડતો નથી. આમ, પરમાત્મા એક જ છે. તેમના જુદા જુદા નામોથી મુંઝાઈ ન જવું. પરમાત્માની આરાધના કોઈ પણ નામથી કરાય, તો પણ તે બધી આરાધનાઓનો વિષય એક જ પરમાત્મા હોવાથી તે બધીય આરાધનાઓ મોક્ષ અપાવે છે.

અહીં આ ધ્યાનમાં રાખવું - પરમાત્માનું સાચું સ્વરૂપ અનંતજ્ઞાનમય વગેરે જ છે. બીજા દર્શનવાળાઓ તો તેનાથી જુદા પરમાત્માના અલગ અલગ સ્વરૂપો માને છે. તેઓ પરમાત્માને જુદા જુદા નામોથી બોલાવે છે. ત્યાં પરમાત્માના નામ પણ જુદા છે અને સ્વરૂપ પણ જુદા છે. તેથી ત્યાં અર્થ (સ્વરૂપ)નો અભેદ નથી. તેથી બીજા દર્શનવાળાઓએ માનેલા બુદ્ધ, કપિલ વગેરે હકીકતમાં પરમાત્મસ્વરૂપ નથી. માટે તેમની સેવા ન કરવી. ત્યાં નામ અને અર્થ (સ્વરૂપ) બન્નેયનો ભેદ છે. અનંતજ્ઞાનમય

लादयः सेव्याः । तत्र नाम्न एव भेदोऽस्ति, न त्वर्थस्य । उक्तञ्चेशानुग्रहविचारद्वात्रिंशिकायां महोपाध्यायश्रीयशोविजयगणिवरैः - **'मुक्तो बुद्धोऽर्हन्वापि, यदैश्वर्येण समन्वितः । तदीश्वरः स एव स्यात्-सज्ञाभेदोऽत्र केवलम् ॥१६/१८॥** अनन्तज्ञानमयादिस्वरूपवत्परमात्मनो वचनं स्याद्वादगर्भम् । ततो यस्य वचनं स्याद्वादयुक्तं स उपास्यः । तत्र नामभेदेन पक्षपातो न कर्त्तव्यः । उक्तञ्च **लोकतत्त्वनिर्णये श्रीहरिभद्रसूरिभिः - 'बन्धुर्न नः स भगवानरयोऽपि नान्ये, साक्षान्न दृष्टचर एकतमोऽपि चैषाम् । श्रुत्वा वचः सुचरितं पृथग्विशेषं, वीरं गुणातिशयलोलतया श्रिताः स्मः ॥३२॥ पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु । युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥३८॥ यस्य निखिलाश्च दोषा, न सन्ति सर्वे गुणाश्च विद्यन्ते । ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥४०॥'** ॥३६॥

अवतरणिका - परमात्मनो नामभेदेऽपि नाऽर्थभेद इति दर्शितम् । अधुना परमात्मनोऽर्थभेदं विकल्प्य परस्परं मात्सर्यमादधानानां चेष्टां दर्शयति -

---

વગેરે રૂપ પરમાત્માનાં સ્વરૂપને પામેલ બુદ્ધ, કપિલ વગેરેની ભક્તિ કરવી. ત્યાં નામનો જ ભેદ છે, અર્થ (સ્વરૂપ)નો નહીં. **ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા**માં **મહોપાધ્યાયશ્રીયશોવિજયજી** મહારાજે કહ્યું છે - 'બુદ્ધ અને અરિહંત જો કર્મથી મુક્ત થયેલા હોય અને ઐશ્વર્યથી યુક્ત હોય તો તે ઈશ્વર જ છે. અહીં માત્ર નામનો ભેદ છે.' અનંતજ્ઞાનમય વગેરે સ્વરૂપવાળા પરમાત્માનું વચન સ્યાદ્વાદથી યુક્ત છે. તેથી જેનું વચન સ્યાદ્વાદથી યુક્ત હોય તેની ઉપાસના કરવી. ત્યાં નામના ભેદથી પક્ષપાત ન કરવો. **લોકતત્ત્વનિર્ણય**માં **શ્રીહરિભદ્રસૂરિ મહારાજે** કહ્યું છે - 'તે ભગવાન અમારા બંધુ નથી અને બીજા અમારા દુશ્મન નથી. આમાંથી એકને પણ અમે સાક્ષાત્ જોયા નથી. સારા ચરિત્રવાળું અને ભિન્ન વિશેષોવાળું વચન સાંભળીને ગુણોના અતિશયની લોલુપતાથી અમે વીરપ્રભુને શરણરૂપે સ્વીકાર્યા છે. (૩૨) મારો વીરપ્રભુ વિષે પક્ષપાત નથી અને કપિલ વગેરેને વિષે દ્વેષ નથી. જેનું વચન યુક્તિથી સંગત હોય તેનો સ્વીકાર કરવો. (૩૮) જેમાં બધા દોષો નથી અને બધા ગુણો છે તે બ્રહ્મા કે વિષ્ણુ કે શંકર કે જિન હોય તેને નમસ્કાર થાઓ. (૪૦)' (૩૬)

અવતરણિકા - પરમાત્માના નામ જુદા હોવા છતાં પરમાત્મા એક છે, એમ બતાવ્યું. હવે પરમાત્માને જુદા જુદા માનીને એકબીજા પર ઈર્ષ્યા કરનારાની ચેષ્ટા બતાવે છે -

मूलम् - ममैव देवो देवः स्यात्, तव नैवेति केवलम् ।
[1]मत्सरस्फूर्जितं सर्व-मज्ञानानां [2]विजृम्भितम् ॥३७॥

अन्वयः - मम एव देवः देवः स्यात्, तव (देवो) नैव (देवः स्यात्), इति सर्वं केवलं मत्सरस्फूर्जितमज्ञानानां विजृम्भितम् ॥३७॥

पद्यीया वृत्तिः - मम - मदिष्टः, **एव**शब्दो अन्यसम्बन्धिदेवानां देवत्वं व्यवच्छिनत्ति, **देवः** - उपासनाया विषयः, **देवः** - वास्तविकः परमात्मा, **स्यात्** -भवेत्, **तव** - त्वदिष्टः, **देव** इत्यत्राध्याहार्यम्, **न**शब्दो निषेधे, **एव**शब्दः परसम्बन्धिदेवस्य सर्वथा देवत्वनिषेधार्थम्, **देवः स्याद्** इत्यत्राध्याहार्यम्, **इति** - एवम्प्रकारं चिन्तनं वचनञ्च, **सर्वं** - सकलं, **केवलम्**-अन्यनिषेधं द्योतयति, **मत्सरस्फूर्जितम्** - मत्सरः-ईर्ष्या द्वेष इति यावत्, तस्य स्फूर्जितम्-विलसितमिति मत्सरस्फूर्जितम्, **अज्ञानानाम्** - कुत्सितं ज्ञानं येषां तेऽज्ञानाः, तेषामज्ञानानाम्, **विजृम्भितम्** - विलसितम् ।

अज्ञानिनो जना इदं न जानन्ति - परमात्मनः स्वरूपमेकमेव, केवलं तस्य नामानि भिन्नानि सन्तीति । ततस्ते भिन्नभिन्ननामभिः परमात्मनो भिन्नान्मन्यन्ते । ततो यस्य देवस्योपासनां ते स्वयं कुर्वन्ति, तमेव ते तात्त्विकं परमात्मानं मन्यन्ते । अन्ये जीवा येषामुपासनाः कुर्वन्ति, ताँस्ते परमात्मत्वेन नैव स्वीकुर्वन्ति । ते न केवलमित्थं मन्यन्ते

शब्दार्थ - मारा જ ભગવાન ભગવાન છે, तारा ભગવાન ભગવાન નથી. આ બધી માત્ર અજ્ઞાની જીવોની ઈર્ષ્યાથી સ્ફુરેલી રમત છે. (૩૭)

पद्मीयावृत्तिनो भावानुवाद - 'હું જે ભગવાનની ઉપાસના કરું છું, તે જ હકીકતમાં ભગવાન છે. તું જેમની ઉપાસના કરે છે, તે ભગવાન નથી.' - આવા વિચાર અને વચન અજ્ઞાની જીવોની ઈર્ષ્યાથી ઉદ્ભવેલી બધી રમત છે.

અજ્ઞાની જીવો એ નથી જાણતાં કે પરમાત્માનું સ્વરૂપ એક જ છે, માત્ર તેમના નામો જુદા છે. તેથી તેઓ જુદા જુદા નામો વડે પરમાત્માને જુદા જુદા માને છે. તેથી જે ભગવાનની તેઓ સ્વયં ઉપાસના કરતાં હોય તેમને જ તેઓ સાચા ભગવાન માને છે. બીજા જીવો જેમની ઉપાસના કરતાં હોય તેમને તેઓ પરમાત્મા માનતાં

---

१. मत्सरः स्फूर्जितं - FI २. विजृम्भते - DI

परन्तु वाचाऽप्येवमुच्चरन्ति - 'मयोपास्यो देव एव पारमार्थिको देवः, युष्माभिरुपास्या देवा न वस्तुतो देवा, ते त्वितरे एव ।' इत्थं पक्षपातं कृत्वा ते परसम्मतदेवेषु द्वेषं धारयन्ति । ततस्ते परदर्शनिष्वपि द्वेषं कुर्वन्ति । ततश्च ते परस्परं विवदन्ते । इदं सर्वं तद्धृदि वर्त्तमानाया ईर्ष्याया उत्पन्नं विलसितमेव, न तत्र कोऽपि परमार्थः । सर्वमपीदं जगदीर्ष्यया पीडितं वर्त्तते । मत्सरस्य प्रभावः सर्वक्षेत्रेषु व्यापकोऽस्ति । उच्चैःपदेषु स्थिता अपि मत्सरपाशान्न मुच्यन्ते । मत्सरप्रेरिता दर्शनिनोऽपि स्वीयं दर्शनं स्वीयं देवं स्वीयं गुरुं स्वीयं च साधनादिकं सर्वश्रेष्ठं मन्यन्ते परकीयदर्शनदेवगुरुसाधनादीनि च तुच्छदृष्ट्या हीनानि पश्यन्ति । तेषां मत्सरोऽप्यज्ञानजः । ते परमात्मनो वास्तविकं स्वरूपं न जानन्ति । ततस्ते भिन्नैर्नामभिस्तान्भिन्नान्मत्वा परस्परं विवदन्ते । अज्ञानात्तेषां हृदि मत्सरो भवति, मत्सराच्च तेषां परस्परं विवादो भवति । यदि तेऽज्ञानं मत्सरं चापहाय पश्येयुस्तर्हि जानीयुर्यदेकस्यैव परमात्मनो भिन्नानि नामानि सन्ति । ततो भिन्नैर्नामभिः परमात्मनो भिन्नान्मत्वा तद्विषये विवादो वृथा ॥३७॥

નથી. તેઓ આટલું માત્ર માનતાં જ નથી, પણ વાણીથી પણ બોલે છે - 'હું જેમની ઉપાસના કરું છું, તે ભગવાન જ સાચા ભગવાન છે. તમે જેમની ઉપાસના કરો છો તે ખરેખર ભગવાન નથી, તે તો બીજા જ છે.' આમ પક્ષપાત કરીને તેઓ બીજાઓએ માનેલા ભગવાનોની ઉપર દ્વેષ કરે છે. તેથી તેઓ બીજા દર્શનવાળાઓ ઉપર પણ દ્વેષ કરે છે. પછી તેઓ એકબીજા સાથે ઝગડે છે. આ બધી તેમના હૃદયમાં રહેલી ઈર્ષ્યાને લીધે ઉત્પન્ન થયેલી રમત છે, એમાં કંઈ સાચું નથી. આ આખું ય જગત ઈર્ષ્યાથી પીડાય છે. ઊંચા સ્થાનમાં રહેલા પણ ઈર્ષ્યાની જાળમાંથી છૂટી શકતાં નથી. ઈર્ષ્યાથી પ્રેરાયેલા પરદર્શનવાળાઓ પણ પોતાના ધર્મને, પોતાના ભગવાનને, પોતાના ગુરુને અને પોતાની સાધના વગેરેને સૌથી ચઢિયાતી માને છે, બીજાના ધર્મ-ભગવાન-ગુરુ-સાધના વગેરેને તુચ્છ દૃષ્ટિથી નીચા જુવે છે. તેમની ઈર્ષ્યા પણ અજ્ઞાનને લીધે પેદા થાય છે. તેઓ પરમાત્માનું સાચું સ્વરૂપ જાણતાં નથી. તેથી તેઓ જુદા નામો વડે તેમને જુદા માની એકબીજા સાથે ઝગડે છે. અજ્ઞાનને લીધે તેમના હૃદયમાં ઈર્ષ્યા થાય છે અને ઈર્ષ્યાથી તેઓ એકબીજા સાથે ઝગડે છે. જો તેઓ અજ્ઞાન અને ઈર્ષ્યાને દૂર કરીને જુએ તો તેમને ખબર પડે કે, 'એક જ ભગવાનના જુદા નામો છે. તેથી જુદા જુદા નામો વડે પરમાત્માને જુદા જુદા માનીને તેમના વિષયમાં ઝગડો કરવો નકામો છે.' (૩૭)

अवतरणिका - परमात्मनः स्वरूपमजानतां चेष्टा दर्शिता। अधुना परमात्मस्वरूप-ज्ञातारो न विवदन्ते इति प्रतिपादयति -

मूलम् - यथावस्थितविज्ञात-तत्स्वरूपास्तु किं क्वचित्।
विवदन्ते महात्मान-[1]स्तत्त्वविश्रान्तदृष्टयः ॥३८॥

अन्वयः - यथावस्थितविज्ञाततत्स्वरूपास्तत्त्वविश्रान्तदृष्टयो महात्मानः किं क्वचिद् विवदन्ते ? (नैव विवदन्ते इत्यर्थः) ॥३८॥

पद्मीया वृत्तिः - यथावस्थितविज्ञाततत्स्वरूपाः - यथावस्थितं-सम्यग् विज्ञातं-अवबुद्धं तत्स्वरूपं-तस्य परमात्मनः स्वरूपं यैस्ते यथावस्थितविज्ञाततत्स्वरूपाः, **तत्त्वविश्रान्तदृष्टयः** - तत्त्वे-परमार्थे विश्रान्ता-स्थिता दृष्टिः-उपयोगो येषां ते तत्त्वविश्रा-न्तदृष्टयः, **महात्मानः** - महानात्मा येषां ते महात्मानः, **किं**शब्दः क्षेपे, **क्वचित्** - कस्मिंश्चिद्विषये, **विवदन्ते** - विवादं कुर्वन्ति ? उपर्युक्तविशेषणविशिष्टा महात्मानः कस्मिंश्चिदपि विषये विवादं न कुर्वन्तीत्यर्थः।

महात्मानो विशालदृष्टयः सन्ति। ते मत्सरेण न पीड्यन्ते। ते तुच्छविषयानुपेक्षन्ते। ते वस्तुनस्तात्त्विकं स्वरूपं जानन्ति। परमात्मनोऽपि पारमार्थिकं स्वरूपं ते जानन्ति।

અવતરણિકા - પરમાત્માનું સ્વરૂપ નહીં જાણનારાની ચેષ્ટા બતાવી. હવે પરમાત્માના સ્વરૂપને જાણનારા ઝગડો કરતાં નથી, એવું બતાવે છે -

શબ્દાર્થ - પરમાત્માના સાચા સ્વરૂપને જેમણે જાણ્યું છે એવા અને જેમની દૃષ્ટિ તત્ત્વમાં વિશ્રાન્ત થઈ છે એવા મહાત્માઓ શું ક્યાંય વિવાદ કરે છે ? (અર્થાત્ નથી જ કરતાં.) (૩૮)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - મહાત્માઓ પરમાત્માના સાચા સ્વરૂપને જાણે છે. તેમની દૃષ્ટિ તત્ત્વમાં એટલે કે સાચી હકીકતમાં રહેલી છે. તેથી તેઓ કોઈ પણ બાબતમાં ઝગડતાં નથી.

મહાત્માઓની દૃષ્ટિ વિશાળ હોય છે. તેઓ ઈર્ષ્યાથી પીડાતાં નથી. તેઓ તુચ્છ વિષયોની ઉપેક્ષા કરે છે. તેઓ વસ્તુના સાચા સ્વરૂપને જાણે છે. પરમાત્માના પણ

---

१. ...स्तत्त्वदृष्टान्तदृष्टयः - A।

ते एवं जानन्ति -'परमात्मनः स्वरूपमनन्तज्ञानमयादिकम् । तस्य नामानि भिन्नानि । ततो केनाऽपि नाम्ना कृता परमात्मन आराधना वस्तुत एकैव ।' महात्मनां दृष्टिस्तत्त्वे विश्राम्यति । ते केवलं शब्दैर्न मुह्यन्ति । ते परदर्शनिभिः सह न विवदन्ते । भूमितले स्थितो नरः प्रासाद-हर्म्य-गृहादिकं विषमं पश्यति । यदि स एव नर उच्चैःस्थाने तिष्ठति तर्हि तदेव प्रासादादिकं समं पश्यति । एवं तुच्छदृष्टयः परदर्शिनः परमात्मनां स्वरूपाणि विषमाणि मत्वा विवदन्ते । महात्मानस्तूच्चैर्दृष्टयः सन्ति । ततस्ते परमात्मन एकमेवाऽभिन्नं स्वरूपं मत्वा न विवदन्ते । महात्मानो न केवलं परमात्मविषये एव एवंस्वरूपाः सन्ति, परन्तु सर्वविषयेषु ते वस्तुनस्तात्त्विकं स्वरूपं विज्ञाय तत्र स्वीयां दृष्टिं निवेश्य कदाचिदपि न विवदन्ते, परन्तु सर्वेषां मतानां समन्वयं कुर्वन्ति । ततश्च ते रागद्वेषरहितं प्रशमसुखमनुभवन्ति । ते प्राकृतानामिव मत्सरद्वेषादिव्याकुलितान्तःकरणा न भवन्ति ।

अयमत्रोपदेशः- वस्तुनः पारमार्थिकस्वरूपमवबुध्य तत्र स्वीयां दृष्टिं निवेश्य न

વાસ્તવિક સ્વરૂપને તેઓ જાણે છે. તેઓ એમ જાણે છે કે - 'પરમાત્માનું સ્વરૂપ અનંતજ્ઞાનમય વગેરે છે. તેમના નામો જુદા છે. તેથી કોઈપણ નામથી કરાયેલી પરમાત્માની આરાધના વાસ્તવમાં એક જ છે.' મહાત્માઓની દૃષ્ટિ તત્ત્વમાં વિશ્રામ પામે છે. તેઓ માત્ર શબ્દો વડે મુંઝાતાં નથી, પણ વસ્તુના સાચા સ્વરૂપને વિચારે છે. તે વિચારીને તેઓ તુચ્છ બાબતોમાં બીજા દર્શનવાળાઓની સાથે ઝગડતાં નથી. ભૂમિતલ ઉપર ઊભેલો મનુષ્ય મહેલ, હવેલી, ઘર વગેરેને ઊંચા-નીચા જુવે છે. તે જ મનુષ્ય ઊંચા સ્થાન પર ઊભો રહે તો તે જ મહેલ વગેરેને સમાન જુવે છે. એમ તુચ્છ દૃષ્ટિવાળા બીજા દર્શનવાળાઓ પરમાત્માના સ્વરૂપ ભિન્ન ભિન્ન માનીને ઝગડે છે. મહાત્માઓ તો ઊંચી દૃષ્ટિવાળા હોય છે. તેથી તેઓ પરમાત્માનું એક જ અભિન્ન સ્વરૂપ માનીને ઝગડતાં નથી. મહાત્માઓ માત્ર પરમાત્માના વિષયમાં જ આવા હોય છે, એવું નથી, પણ બધી બાબતોમાં તેઓ વસ્તુના સાચા સ્વરૂપને જાણીને ત્યાં પોતાની દૃષ્ટિને સ્થાપીને ક્યારેય ઝગડતાં નથી, પણ બધી માન્યતાઓનો સમન્વય કરે છે. તેથી તેઓ રાગદ્વેષ વિનાનું એવું પ્રશમસુખ અનુભવે છે. તેઓ બીજા દર્શનવાળાઓની જેમ ઈર્ષ્યા, દ્વેષ વગેરેથી વ્યાકુળ મનવાળા થતાં નથી.

અહીં ઉપદેશ આ પ્રમાણે છે - વસ્તુના સાચા સ્વરૂપને જાણીને ત્યાં પોતાની

कुत्रचिदपि विषये केनचिदपि सह विवादः कर्त्तव्यः । एवं परमात्मविषयेऽपि विज्ञेयम् ॥३८॥

अवतरणिका - परमात्मनः स्वरूपं जानन्तो जनाः परस्परं न विवदन्ते इति दर्शितम् । तत्र कश्चित्पृच्छति परमात्मनः स्वरूपं किम् ? इति । ततो ग्रन्थकारः परमात्मनः स्वरूपं दर्शयति -

मूलम् - स्वरूपं [१]वीतरागत्वं, पुनस्तस्य न रागिता ।
रागो [२]यद्यत्र तत्रान्ये, [३]दोषा द्वेषादयो ध्रुवम् ॥३९॥

अन्वयः - पुनस्तस्य स्वरूपं वीतरागत्वं, न रागिता, यद्यत्र रागः (अस्ति) तत्राऽन्ये द्वेषादयो दोषा ध्रुवम् (भवन्ति) ॥३९॥

पद्यीया वृत्तिः - **पुनः**शब्दो अभ्युच्चये, **तस्य** - परमात्मनः, **स्वरूपम्** - स्वभावः, **वीतरागत्वम्** - रागरहितत्वम्, **न**शब्दो निषेधे, **रागिता** - रागयुक्तता, **यत्** - यस्मात् कारणात्, **यत्र** - आत्मनि, **रागः** - प्रीतिरूपः, **अस्ती**त्यत्राध्याहार्यम्, **तत्र** - रागयुक्ते आत्मनि, **अन्ये** - रागव्यतिरिक्ताः, **द्वेषादयः** - द्वेषः-अप्रीतिरादौ येषां मत्सर-क्रोध-मानादीनामिति द्वेषादयः, **दोषाः** - गुणविरोधिनः, **ध्रुवम्** - निश्चयेन विनाऽपवादमित्यर्थः,

---

દૃષ્ટિ સ્થાપીને કોઈપણ વિષયમાં કોઈની પણ સાથે ઝગડો ન કરવો. એમ પરમાત્માની બાબતમાં પણ જાણવું. (૩૮)

અવતરણિકા - પરમાત્માનું સ્વરૂપ જાણનારા લોકો પરસ્પર વિવાદ કરતાં નથી, એ બતાવ્યું. ત્યાં કોઈ પૂછે છે કે 'પરમાત્માનું સ્વરૂપ શું છે ?' તેથી ગ્રન્થકાર પરમાત્માનું સ્વરૂપ બતાવે છે -

શબ્દાર્થ - વળી તે પરમાત્માનું સ્વરૂપ વીતરાગપણું છે, સરાગીપણું નથી, કેમકે જ્યાં રાગ હોય છે ત્યાં દ્વેષ વગેરે દોષો અવશ્ય હોય છે. (૩૯)

પદ્યીયાવૃત્તિનો ભાવાનુવાદ - વીતરાગપણું એ પરમાત્માનું સ્વરૂપ છે. નહીં કે સરાગીપણું, કેમકે જ્યાં રાગ હોય છે ત્યાં બીજા દ્વેષ વગેરે દોષો અવશ્ય હોય છે. રાગ એટલે પ્રીતિ, દ્વેષ એટલે અપ્રીતિ. વગેરેથી ઈર્ષ્યા, ક્રોધ, માન વગેરે દોષો

---

१. वीतरागस्य - G। २. हि यत्र - D। ३. दोषद्वेषादयो - J।

भवन्तीत्यत्राध्याहार्यम् ।

परमात्मनः स्वरूपं वीतरागत्वम् । यो वीतरागः स एव परमात्मा । यस्तु न वीतरागः स न परमात्मा । वीतरागः प्रियाऽप्रियेषु सर्वजीवेषु, इष्टाऽनिष्टेषु सर्वप्रसङ्गेषु, सुन्दराऽसुन्दरेषु सर्वपुद्गलेषु समो भवति । परमात्मत्वप्राप्तिप्रक्रियारूपायां क्षपकश्रेण्यां प्रथमं क्षीणकषाय-वीतरागछद्मस्थनामद्वादशगुणस्थानके वीतरागत्वं प्राप्यते, तत एव सयोगिकेवलिनामत्रयोद-शगुणस्थानके सर्वज्ञत्वं प्राप्यते । अतो वीतरागत्वं परमात्मनः स्वरूपं प्रोक्तं तद्युक्तमेव । वीतरागत्वं द्विविधं-मोहनीयकर्मण उपशमेन निर्वृत्तं मोहनीयकर्मणश्च क्षयेण निर्वृत्तम् । परमात्मनो वीतरागत्वं द्वितीयप्रकारकं ज्ञेयम्, यतो मोहनीयकर्मोपशमनिर्वृत्तं वीतरागत्वं न चिरस्थायि भवति । तद् मोहनीयोपशमनिर्वृत्तं वीतरागत्वं भस्मच्छन्नवह्नितुल्यत्वं बिभर्त्ति । अन्तर्मुहूर्त्तानन्तरं मोहोदयेन तन्नश्यति । लोकेऽपि यः पक्षपातरहितो भवति स पूज्यो भवति । वीतरागस्तु सर्वथा पक्षपातरहितो भवति । अतः स एव परमात्मा ।

સમજવા. દોષો ગુણોના વિરોધી છે.

વીતરાગપણું એ પરમાત્માનું સ્વરૂપ છે. જે વીતરાગ છે તે જ પરમાત્મા છે. જે વીતરાગ ન હોય તે પરમાત્મા નથી. વીતરાગ પ્રિય અને અપ્રિય બધા જીવોને વિષે, ઈષ્ટ અને અનિષ્ટ બધા પ્રસંગોમાં, સારા અને ખરાબ બધા પુદ્ગલોને વિષે સમાન હોય છે. પરમાત્મા બનવાની પ્રક્રિયારૂપ ક્ષપકશ્રેણિમાં પહેલા ક્ષીણકષાય-વીતરાગછદ્મસ્થ નામના બારમા ગુણસ્થાનકે વીતરાગપણું મળે છે, ત્યાર પછી જ સયોગીકેવલી નામના તેરમા ગુણસ્થાનકે સર્વજ્ઞપણું મળે છે. માટે 'વીતરાગપણું એ પરમાત્માનું સ્વરૂપ છે' એમ જે કહ્યું છે, તે બરાબર છે. વીતરાગપણું બે પ્રકારે છે - મોહનીયકર્મના ઉપશમથી થયેલું વીતરાગપણું અને મોહનીયકર્મના ક્ષયથી થયેલું વીતરાગપણું. પરમાત્માનું વીતરાગપણું બીજા પ્રકારનું જાણવું, કેમકે મોહનીયકર્મના ઉપશમથી થયેલું વીતરાગપણું લાંબુ ટકતું નથી. મોહનીયકર્મના ઉપશમથી થયેલું વીતરાગપણું રાખથી ઢંકાયેલા અગ્નિ જેવું છે. અંતર્મુહૂર્ત પછી મોહનીયકર્મનો ઉદય થવાથી તે નાશ પામે છે. લોકમાં પણ જે પક્ષપાત વિનાનો હોય છે તે પૂજ્ય બને છે. વીતરાગ સર્વથા પક્ષપાત રહિત છે. એથી એ જ પરમાત્મા છે. વીતરાગ એવા પાર્શ્વનાથ ભગવાને ઉપસર્ગ કરનારા કમઠ ઉપર દ્વેષ ન કર્યો અને ઉપસર્ગમાંથી

वीतरागः पार्श्वनाथप्रभुरुपसर्गकर्त्तरि कमठे द्वेषं न कृतवानुपसर्गाच्च रक्षितरि धरणेन्द्रे रागं न कृतवान् । उक्तञ्च **त्रिषष्टिशलाकापुरुषचरितमहाकाव्ये कलिकालसर्वज्ञैः 'कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति । प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥१।१।२५॥'**

रागिता न परमात्मनो स्वरूपभूता । इदमुक्तं भवति-यो रागी स न परमात्मा । अनेन परतीर्थिकैर्ये देवाः परमात्मत्वेनाऽभिमतास्तेषां परमात्मत्वं व्यवच्छिन्नम् । ते देवा न परमात्मस्वरूपाः, किन्तु संसारिण एव । रागिता तु संसारिणो लक्षणं, न तु परमात्मनः । रागिणो देवा अनुकूलकर्त्तर्यनुग्रहं कुर्वन्ति प्रतिकूलकर्त्तुश्च निग्रहं कुर्वन्ति । रागो द्वेषाद्यन्यसर्वदोषाणां मूलभूतः वर्त्तते । अतो यत्र रागोऽस्ति, तत्र द्वेषादयो दोषा अवश्यमेव भवन्ति । दोषयुक्तस्तु न परमात्मा भवति । परमात्मा तु सर्वदोषविनिर्मुक्तः । यत्र रागस्य नाशो जायते तत्राऽन्ये दोषा विलीयन्ते । अतो वीतराग एव सर्वगुणसम्पन्नो भवति । ततः स एव परमात्मा इति कीर्त्यते ।

यदि राग्यपि परमात्मा स्यात्तर्हि सर्वेऽपि संसारिजीवा सरागीत्वेन परमात्मत्वमश्नुयुः ।

બચાવનાર ધરણેન્દ્ર ઉપર રાગ ન કર્યો. **કલિકાલસર્વજ્ઞશ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતમહાકાવ્યમાં** કહ્યું છે - 'પોતાને ઉચિત કર્મ કરનારા કમઠ ઉપર અને ધરણેન્દ્ર ઉપર મનના સમાન ભાવવાળા પાર્શ્વનાથ ભગવાન તમારી સંપત્તિ માટે થાઓ.' (૧।૧।૨૫)

રાગીપણું એ પરમાત્માનું સ્વરૂપ નથી. કહેવાનો ભાવ આવો છે - જે રાગી હોય તે પરમાત્મા નથી. આનાથી એમ કહ્યું કે - પરદર્શનવાળા જે દેવોને પરમાત્મા તરીકે માને છે, તે ખરેખર પરમાત્મા નથી, પરંતુ સંસારી જ છે. રાગીપણું એ તો સંસારીનું લક્ષણ છે, પરમાત્માનું નહીં. રાગી દેવો અનુકૂળ કરનારા ઉપર કૃપા કરે છે અને પ્રતિકૂળ કરનારાને દંડ કરે છે. રાગ એ દ્વેષ વગેરે બીજા બધા દોષોનું મૂળ છે. માટે જ્યાં રાગ હોય છે, ત્યાં બીજા દ્વેષ વગેરે દોષો અવશ્ય હોય છે. દોષવાળા હોય તે પરમાત્મા ન હોય. પરમાત્મા તો બધા દોષોથી રહિત હોય. જ્યાં રાગનો નાશ થાય ત્યાં બીજા દોષો નાશ પામે છે. માટે વીતરાગ જ બધા ગુણોથી સંપન્ન છે. તેથી તે જ પરમાત્મા કહેવાય છે.

જો પરમાત્મા રાગી હોય તો બધા ય સંસારી જીવો સરાગી હોવાથી પરમાત્મા

न चेदं युक्तम् । अतो वीतराग एव परमात्मा ॥३९॥

अवतरणिका - रागिण्यन्यदोषाणां सम्भव उक्तः । तत्राह कश्चित् - भवन्तु तर्ह्यन्ये दोषा अपि परमात्मनि, किं क्षूयते ? तत्र प्रतिविधिमाह -

मूलम् - [1]तैर्दोषैर्दूषितो देवः, कथं भवितुमर्हति ।
इत्थं माध्यस्थ्यमास्थाय, तत्त्वबुद्ध्याऽवधार्यताम् ॥४०॥

अन्वयः - तैर्दोषैर्दूषितः कथं देवो भवितुमर्हति ? इत्थं माध्यस्थ्यमास्थाय तत्त्वबुद्ध्याऽवधार्यताम् (सर्वैः) ॥४०॥

पद्मीया वृत्तिः - तैः - द्वेषादिभिः, **दोषैः** - गुणप्रतिपक्षभूतैः, **दूषितः** - खरण्टितः, **कथं** - केन प्रकारेण, **देवः भवितुं** - परमात्मत्वं प्राप्तुं, **अर्हति** - योग्यो भवति ? नैवाऽर्हतीत्यर्थः । **इत्थं** - अनेन प्रकारेण, **माध्यस्थ्यम्** - मध्ये तिष्ठतीति मध्यस्थः, तस्य भाव इति माध्यस्थ्यम्, समत्वमित्यर्थः, तत्कर्मतापन्नम्, **आस्थाय** - अवलम्ब्य, **तत्त्वबुद्ध्या** - तत्त्वं गवेषयतीति एवं शीलेति-तत्त्वगवेषिणी, सा चाऽसौ बुद्धिश्चेति तत्त्वबुद्धिरिति मध्यमपदलोपिसमासः, तया सूक्ष्ममत्येत्यर्थः, **अवधार्यताम्**-निश्चीयताम्, **सर्वै**रित्यत्राध्याहार्यम् ।

બની જાય. આ યોગ્ય નથી. માટે વીતરાગ જ પરમાત્મા છે. (૩૯)

अवतरणिका - રાગીમાં બીજા દોષો હોય છે એમ કહ્યું. એટલે કોઈક કહે છે કે - 'તો પછી પરમાત્મામાં અન્ય દોષો ભલે હોય, એમાં શું વાંધો છે ?' તેને જવાબ આપે છે -

शब्दार्थ - તે દોષોથી દૂષિત થયેલ વ્યક્તિ શી રીતે પરમાત્મા બનવા યોગ્ય થાય ? આ પ્રમાણે મધ્યસ્થ બનીને તત્ત્વબુદ્ધિથી વિચારવું. (૪૦)

पद्मीयावृत्तिनो भावानुवाद - ગુણના પ્રતિપક્ષી એવા તે દ્વેષ વગેરે દોષોથી ખરડાયેલ વ્યક્તિ શી રીતે પરમાત્મા બની શકે ? અર્થાત્ તે વ્યક્તિ પરમાત્મા ન બની શકે. આમ મધ્યસ્થ બનીને સૂક્ષ્મમતિથી બધાએ વિચારવું. મધ્યસ્થપણું એટલે સમપણું.

---

१. रागाद्यैर्दूषितो - H, I ।

मलैः सर्वथा विनिर्मुक्तं वस्त्रं शुद्धं भवति । एवं दोषैः सर्वथा विनिर्मुक्त आत्मा परमात्मा भवति । परमात्मा सर्वोत्कृष्ट आत्मा । सर्वगुणसमृद्धिप्राप्त्या सर्वदोषह्रासेन च परमात्मनः शेषजीवात्मभ्य उत्कृष्टत्वं भवति । ततः परमात्मा सर्वगुणसमृद्धो भवति । तस्मिन्दोषलेशोऽपि न विद्यते । यदि परमात्मनि रागः स्यात्, तर्हि तत्र द्वेषादयो दोषा अपि स्युरेव । ततो दोषकलङ्कितस्य तस्य शेषजीवात्मभ्य उत्कृष्टत्वं न स्यात् । ततः स परमात्मा एव न स्यात् । तत इदं ज्ञायते - दोषैः सर्वथा विनिर्मुक्त आत्मा एव परमात्मा भवतीति । इदमत्र तात्पर्यम् - परमात्मा दोषमुक्त एव भवति । अतः **परमात्मा वीतराग एव भवति ।**

श्लोकोत्तरार्धेन ग्रन्थकारः कथयति - परमात्मनः स्वरूपं सर्वैः सूक्ष्मबुद्ध्या विचिन्त्यमिति । यस्मात् स्वीयं स्वार्थं सिध्यति यश्चाभीष्टं पूरयति जनास्तं परमात्मानं मन्यन्ते । ते स्थूलबुद्धयः सन्ति । ते स्वलाभमेव पश्यन्ति, न तु वस्तुतत्त्वं विचारयन्ति । अतो ग्रन्थकारोऽभिदधाति - माध्यस्थ्यमवलम्ब्यताम् - स्वेष्टदेवतापक्षपातं कुलपरम्परायात-

---

મેલથી સર્વથા મુક્ત થયેલ વસ્ત્ર શુદ્ધ બને છે. એમ દોષોથી સર્વથા મુક્ત આત્મા પરમાત્મા બને છે. પરમાત્મા એટલે સર્વથી શ્રેષ્ઠ આત્મા. બધા ગુણોની સમૃદ્ધિ મળી હોવાથી અને બધા દોષો દૂર થયા હોવાથી પરમાત્મા શેષ જીવાત્માઓ કરતાં ચઢિયાતાં હોય છે. તેથી પરમાત્મા બધા ગુણોથી સમૃદ્ધ હોય છે, તેમનામાં થોડા પણ દોષો હોતા નથી. જો પરમાત્મામાં રાગ હોય તો તેમનામાં દ્વેષ વગેરે દોષો પણ હોય જ. તેથી દોષથી કલંકિત એવા તેઓ શેષ જીવાત્માઓ કરતાં ચઢિયાતાં ન થાય. તેથી તે પરમાત્મા જ ન થાય. તેથી એવું જણાય છે કે દોષોથી સર્વથા મુક્ત થયેલ આત્મા જ પરમાત્મા બને છે. અહીં કહેવાનું તાત્પર્ય આવું છે - પરમાત્મા દોષમુક્ત જ હોય છે. એથી **પરમાત્મા વીતરાગ જ હોય છે.**

શ્લોકના ઉત્તરાર્ધથી ગ્રન્થકાર કહે છે કે બધાએ સૂક્ષ્મબુદ્ધિથી પરમાત્માના સ્વરૂપનો વિચાર કરવો. જેનાથી પોતાનો સ્વાર્થ સધાય અને જે પોતાના ઇચ્છિતને પૂરે તેને લોકો પરમાત્મા માને છે. તેઓ સ્થૂલબુદ્ધિવાળા છે. તેઓ પોતાના લાભને જ જુવે છે. તેઓ વસ્તુના સાચા સ્વરૂપને વિચારતાં નથી. માટે ગ્રન્થકાર કહે છે કે મધ્યસ્થ બનો - એટલે કે પોતાના ઈષ્ટદેવતાના પક્ષપાતને કે કુળપરંપરાથી આવેલ દેવતાના પક્ષપાતને છોડીને તટસ્થ બનો. પછી સૂક્ષ્મબુદ્ધિથી પરમાત્માના સ્વરૂપનો વિચાર

देवतापक्षपातं वा विमुच्य तटस्था भवत । ततः सूक्ष्मबुद्ध्या परमात्मनः स्वरूपं विचिन्तयत । पक्षपातयुक्तमत्या दोषदूषिता अपि देवा परमात्मत्वेन प्रतिभासिष्यन्ते । अत उक्तं माध्यस्थ्यमवलम्ब्य विचिन्तयत । माध्यस्थ्यमवलम्ब्याऽपि स्थूलबुद्ध्या विचिन्तनेन दोषदूषिता देवा परमात्मत्वेन प्रतिभासिष्यन्ते । तत उक्तं तत्त्वबुद्ध्या विचिन्तयत । समत्वमवलम्ब्य सूक्ष्मबुद्ध्या विचिन्तनेन परमात्मनस्तात्त्विकं स्वरूपं ज्ञास्यते । ततः सर्वे देवा न परमात्मत्वेन प्रतिभासिष्यन्ते, किन्तु सर्वदोषमुक्त वीतराग एव परमात्मा इति निश्चयो भविष्यति ॥४०॥

अवतरणिका – ननु दोषदुष्टः परमात्मा मा भवतु, परन्तु स्वेष्टसाधकत्वात् स आराध्यः इति चेत् ? उच्यते –

मूलम् – यद्वा रागादिभिर्दोषैः, सर्वसङ्क्लेशकारकैः ।
दूषितेन शुभेनाऽपि, [१]देवेनैव [२]हि तेन किम् ? ॥४१॥

अन्वयः – यद्वा सर्वसङ्क्लेशकारकैः रागादिभिर्दोषैः दूषितेन शुभेनाऽपि तेन देवेनैव हि किम् ? ॥४१॥

पद्मीया वृत्तिः – **यत्**शब्दो वाक्यान्तरोपन्यासे, **वा**शब्दो विकल्पे, **सर्वस**-

---

કરો. પક્ષપાતવાળી બુદ્ધિથી તો દોષથી યુક્ત એવા પણ દેવો પરમાત્મા લાગશે. માટે કહ્યું કે મધ્યસ્થ બનીને વિચારો. મધ્યસ્થ બનીને પણ સ્થૂલબુદ્ધિથી વિચારતાં દોષોથી દૂષિત દેવો પરમાત્મા લાગશે. માટે કહ્યું કે તત્ત્વબુદ્ધિથી વિચારો. સમ બનીને સૂક્ષ્મબુદ્ધિથી વિચારવાથી પરમાત્માનું સાચું સ્વરૂપ જણાશે. પછી બધા દેવો પરમાત્મા નહીં લાગે, પણ બધા દોષોથી મુક્ત એવા વીતરાગ જ પરમાત્મા છે, એવો નિશ્ચય થઈ જશે. (૪૦)

અવતરણિકા - દોષવાળા પરમાત્મા ન હોય એ વાત બરાબર, પણ તે આપણને ઈષ્ટની સિદ્ધિ કરાવનારા હોવાથી આરાધવા યોગ્ય તો છે ને ? આ પ્રશ્નનો જવાબ આપે છે -

શબ્દાર્થ - અથવા બધા સંક્લેશને કરનારા એવા રાગ વગેરે દોષોથી દૂષિત થયેલ, સારા પણ તે દેવ વડે જ ખરેખર શું ? (૪૧)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - સંક્લેશ ચિત્તનું કલુષિતપણું છે. રાગ વગેરે દોષો

---

૧. देवेनापि च तेन किम् – D । ૨. हितेन – D, M ।

सङ्क्लेशकारकैः - सर्वे-निखिलाः, ते च ते सङ्क्लेशाः-चित्तकालुष्यरूपाश्चेति सर्वसङ्क्लेशाः, तान्कारयन्तीति सर्वसङ्क्लेशकारकाः, तैः, **रागादिभिः** - रागः-आसक्तिरूपः, स आदौ येषां द्वेषादीनां ते रागादयः, तैः, **दोषैः** - पूर्वोक्तस्वरूपैः, **दूषितेन** - कलङ्कितेन, **शुभेन** - शोभनेन, **अपि**शब्दः दूषितेन अशुभदेवेन प्रयोजनं नास्त्येव, दूषितेन शुभेनाऽपि प्रयोजनं नास्तीति द्योतनार्थम्, **तेन** - रागादिदूषितेन, **देवेन** - परमात्मत्वेनाऽभिमतेन निजरेण, **एव**शब्दो अवधारणे, **हि** - खलु, **किम्** - सर्वथा अलमर्थे, न किमपि प्रयोजनमित्यर्थः ।

सरसि यष्टिभ्रमणेन तस्य जलं कलुषितं भवति । एवं रागादयो दोषाश्चित्तं कलुषयन्ति । ये रागादिभिर्दूषिताः सन्ति तेषां चित्तं कलुषितं भवति । ततस्तेऽपि कलुषिता भवन्ति न तु विशुद्धाः । ते कदाचित् स्वभक्तानां विघ्नविदारणेन मनोऽभीष्टपूरणेन नृशंसत्वादिदोषविमुक्तत्वेन च शुभाः स्युः । तथाऽपि मोक्षाभिलाषिणां तैर्न किमपि प्रयोजनं सिध्यति। ते देवाः सांसारिकपदार्थानां दाने समर्था भवन्ति, परन्तु मुक्तेर्दाने तेऽशक्ताः सन्ति । ततो मुमुक्षूणां तैर्न किमपि प्रयोजनम् । ततो ते नाऽऽराधनीयाः ॥४१॥

अवतरणिका - ननु यथा रागी देवो मुक्तिदानेऽसमर्थस्तथा वीतरागोऽपि न कस्मैचि-

---

બધા સંક્લેશને કરે છે. ખરાબ દેવથી તો કોઈ પણ ફાયદો નથી, પણ રાગ વગેરે દોષોથી કલંકિત થયેલ સારા પણ દેવથી કોઈ પણ ફાયદો નથી. અહીં દેવ એટલે પરદર્શનવાળાને પરમાત્મા તરીકે સંમત એવા દેવતા સમજવા.

સરોવરના પાણીમાં લાકડી હલાવવાથી તે ડહોળાઈ જાય છે. એમ રાગ વગેરે દોષો ચિત્તને ડહોળી નાંખે છે. જે રાગાદિથી ખરડાયેલા હોય તેમનું ચિત્ત ડહોળાયેલું હોય છે. તેથી તેઓ પણ કલુષિત બને, વિશુદ્ધ નહીં. તેઓ કદાચ પોતાના ભક્તોના વિઘ્નો દૂર કરવા વડે અને મનના ઈચ્છિત પૂરવા વડે અને ક્રૂરતા વગેરે દોષોથી રહિત હોવાથી સારા હોય. છતાં પણ મોક્ષના અભિલાષી જીવોનું તેમનાથી કોઈ કાર્ય સિદ્ધ થતું નથી. તે દેવો સાંસારિક પદાર્થો આપવા સમર્થ છે, પણ મુક્તિ આપવા તેઓ સમર્થ નથી. માટે મુમુક્ષુઓને તેમનું કંઈ કાર્ય નથી. માટે તેમની આરાધના ન કરવી. (૪૧)

અવતરણિકા - 'જેમ રાગી દેવ મોક્ષ આપવા અસમર્થ છે તેમ વીતરાગ પણ

द्मुक्तिं ददाति, वीतरागत्वात् । यदि स मुक्तिं दद्यात्तर्हि तस्य वीतरागत्वं नश्येत् । ततो वीतरागोऽपि नाऽऽराधनीयः । इति शङ्काकुलमानसाय जनायाऽधुना ग्रन्थकार उत्तरं ददाति -

मूलम - [१]वीतरागं यतो ध्यायन्, वीतरागो भवेद्भवी ।
इलिका [२]भ्रमरीं भीता, ध्यायन्ती भ्रमरी यथा ॥४२॥

अन्वयः - यतो यथा भीता इलिका भ्रमरीं ध्यायन्ती भ्रमरी (भवेत्) (तथा) वीतरागं ध्यायन् भवी वीतरागो भवेत् ॥४२॥

पद्मीया वृत्तिः - यतः - यस्मात् कारणात्, 'रागिदेवैर्न किमपि प्रयोजनम्, परन्तु वीतराग एव ध्येयः' इत्यस्य कारणं द्योतयति, **यथा**शब्दो दृष्टान्तोपन्यासार्थः, **भीता** - भयेनाऽऽकुला, **इलिका** - कीटविशेषः, **भ्रमरीं** - मधुकरीं, **ध्यायन्ती** - ध्यानविषयं कुर्वन्ती, **भ्रमरी** - मधुकरी, '**भवेत्**' इत्यत्राध्याहार्यम्, '**तथा**' इत्यप्यत्राऽऽध्याहार्यम्, **वीतरागं** - विमुक्तरागं परमात्मानं, **ध्यायन्** - ध्यानविषयं कुर्वन्, **भवी** - भवोऽस्त्यस्येति भवी, संसारी जीव इत्यर्थः **वीतरागो भवेत्** - परमात्मा स्यात् ।

यद्यपि वीतरागो मुक्तिं न ददाति तथापि वीतरागं ध्यायतां संसारिजीवानां कर्माणि क्षीयन्ते

રાગ વિનાના હોવાથી કોઈને મોક્ષ આપતાં નથી. જો તેઓ મોક્ષ આપે તો તેમનું વીતરાગપણું ન રહે. તેથી મોક્ષ ન આપતાં હોવાથી વીતરાગની પણ આરાધના ન કરવી જોઈએ.' આવી શંકાવાળા મનુષ્યને ગ્રંથકાર હવે જવાબ આપે છે -

શબ્દાર્થ - કેમકે જેમ ભયભીત થયેલી ઈયળ ભમરીનું ધ્યાન કરતાં ભમરી બને છે તેમ વીતરાગનું ધ્યાન કરતાં જીવ વીતરાગ બને. (૪૨)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - રાગી દેવોની આરાધનાથી કોઈ ફાયદો નથી, પણ વીતરાગનું જ ધ્યાન કરવું, કેમકે ભમરીથી ડરેલી ઈયળ જેમ ભમરીનું ધ્યાન કરતાં કરતાં પોતે ભમરી બની જાય છે, તેમ વીતરાગ એવા પરમાત્માનું ધ્યાન કરતાં કરતાં સંસારી જીવ સ્વયં વીતરાગ બની જાય છે.

જો કે વીતરાગ મોક્ષ આપતાં નથી, તો પણ વીતરાગનું ધ્યાન કરતાં કરતાં સંસારી

---

१. वीतरागमतो - H, I । २. भ्रमरीभीता - D, E, H, I ।

दोषाश्च विलीयन्ते । ततस्ते स्वयं वीतरागा भवन्ति । भ्रमरीलिकां स्वगृहे नयति । ततः स्वगृहस्य परितो गुञ्जन्ती सा भ्रमरी भ्रमति । भ्रमरीगृहे तिष्ठन्तीलिका भ्रमर्याः बिभेति । ततः सा स्वमनसि सततं तां भ्रमरीमेव ध्यायन्ती तिष्ठति । ततः सेलिका मृत्वा स्वयं भ्रमरी भवति । अत्र भ्रमर्येलिका न भ्रमरीरूपा कृता, परन्त्विलिका स्वयमेव भ्रमरीध्यानेन भ्रमरीरूपा जाता । एवं वीतरागं ध्यायन् जीवोऽपि वीतरागो भवति । अत्र वीतरागो जीवं वीतरागरूपं न करोति, परन्तु जीवः स्वयमेव वीतरागध्यानेन वीतरागरूपो भवति । रागिदेवध्यानेन वीतरागत्वं न प्राप्यते । ततो ग्रन्थकृता युक्तमेवोक्तं-रागिदेवैर्न किमपि प्रयोजनमिति ॥४२॥

अवतरणिका - वीतरागस्य ध्यानेन वीतरागत्वं प्राप्यते इति प्रदर्शितम् । अधुना रागिदेवध्यानेन किं स्यादिति सदृष्टान्तं दर्शयति -

मूलम् - रागादिदूषितं ध्यायन्-रागादिविवशो भवेत् ।
कामुकः [१]कामुकीं ध्यायन्-यथा कामैकविह्वलः ॥४३॥

अन्वयः - यथा कामुकीं ध्यायन् कामुकः कामैकविह्वलो (भवेत्) (तथा) रागादिदूषितं

જીવોના કર્મોનો ક્ષય થાય છે અને દોષોનો નાશ થાય છે. તેથી તેઓ પોતે વીતરાગ બની જાય છે. ભમરી ઇયળને પોતાના ઘરમાં લઈ જાય છે, પછી તે ભમરી ગુંજન કરતી પોતાના ઘરની ચારે બાજુ ભમે છે. ભમરીના ઘરમાં રહેલ ઇયળ ભમરીથી ડરી જાય છે. તેથી તે પોતાના મનમાં સતત તે ભમરીનો જ વિચાર કરે છે. તેથી તે ઇયળ મરીને સ્વયં ભમરી બની જાય છે. અહીં ભમરીએ ઇયળને ભમરી બનાવી નથી, પણ ઇયળ પોતે જ ભમરીનું ધ્યાન કરતાં કરતાં ભમરી બની ગઈ. એમ વીતરાગનું ધ્યાન કરતાં કરતાં સંસારી જીવ પણ વીતરાગ બની જાય છે. અહીં વીતરાગ સંસારી જીવને વીતરાગ બનાવતાં નથી પણ સંસારી જીવ પોતે જ વીતરાગનું ધ્યાન કરતાં કરતાં વીતરાગ બની જાય છે. રાગી દેવના ધ્યાનથી વીતરાગપણું મળતું નથી. તેથી ગ્રંથકારે જે કહ્યું કે 'રાગી દેવો વડે કોઈ કાર્ય નથી' એ યુક્તિસંગત છે. (૪૨)

અવતરણિકા - વીતરાગના ધ્યાનથી વીતરાગપણું મળે છે, એમ બતાવ્યું. હવે રાગી દેવના ધ્યાનથી શું થાય છે ? એ દૃષ્ટાન્તપૂર્વક બતાવે છે -

શબ્દાર્થ - જેમ કામુક સ્ત્રીનું ધ્યાન કરનાર કામુક કામથી એકમાત્ર વિહ્વળ થાય, તેમ

१. कामिनीं - D, K, M I

(देवं) ध्यायन् रागादिविवशो भवेत् ॥४३॥

पद्मीया वृत्तिः - **यथा**शब्दो दृष्टान्तोपन्यासार्थः, **कामुकीं** - प्रियां, **ध्यायन्** - चिन्तयन्, **कामुकः** - कामी पुरुषः, **कामैकविह्वलः** - कामेन-मन्मथेन एव एकेन विह्वलः-आकुल इति कामैकविह्वलः, '**भवेत्**' इत्यत्राध्याहार्यम्, '**तथा**' इत्यप्यत्राध्याहार्यम्, **रागादिदूषितं** - रागादयः-पूर्वोक्ता दोषाः, तैर्दूषितः-कलुषित इति रागादिदूषितः, तमिति रागादिदूषितम्, **देव**मित्यत्राध्याहार्यम्, **ध्यायन्** - प्रणिधानविषयं कुर्वन्, **रागादिविवशः** - रागादिभिर्विवशः-परवश इति रागादिविवशः, **भवेत्** - स्यात् ।

कामुकः सदा कामिनीं ध्यायति । स सर्वत्र स्वीयां प्रियामेव पश्यति । कामिनीध्यानेन तस्य मनसि कामोऽधिकं प्रज्वलति । ततः स कामेनाऽऽकुलो भवति । स कुत्रचिदपि रतिं न लभते । स कामोपशमाय कामिनीं ध्यायति, कामिनीध्यानेन तु तस्य कामो विवर्धते। एवं कामिनीध्यानेन स कामपरवशो भूत्वा दुःखी भवति ।

रागादिदोषदूषितदेवस्य ध्यानेन मनसि रागादिदोषाः प्रादुर्भवन्ति । ततो ध्याता रागादि-परवशो भवति । बाह्यदृष्ट्येप्सितापत्या स समृद्धो भवेत् परन्तु वस्तुतो रागादिपारवश्येन तस्य हानिरेव भवति ।

રાગ વગેરેથી દૂષિત થયેલા દેવનું ધ્યાન કરનાર રાગ વગેરેને પરવશ થાય. (૪૩)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - જેમ કામી પુરુષ પોતાની પ્રિયાનો વિચાર કરતાં કામથી ખૂબ પીડાય તેમ રાગ વગેરેથી ખરડાયેલા દેવનું ધ્યાન કરનાર પોતે પણ રાગ વગેરેથી પરવશ બને છે.

કામી પુરુષ હંમેશા પોતાની પ્રિયાનું ધ્યાન કરે છે. તેને બધે પોતાની પ્રિયા જ દેખાય છે. પ્રિયાના ધ્યાનથી તેના મનમાં કામ વધુ પ્રજ્વલિત થાય છે. તેથી તે કામથી આકુળ-વ્યાકુળ થાય છે. તેને ક્યાંય ચેન પડતું નથી. કામની શાંતિ માટે તે કામિનીનું ધ્યાન કરે છે. કામિનીના ધ્યાનથી તેનો કામ વધે છે. આમ કામિનીના ધ્યાનથી તે કામને પરવશ થઈને દુઃખી થાય છે.

રાગ વગેરેથી દૂષિત થયેલ દેવના ધ્યાનથી મનમાં રાગ વગેરે દોષો ઉત્પન્ન થાય છે. તેથી ધ્યાન કરનાર રાગ વગેરેને પરવશ બને છે. બાહ્યદૃષ્ટિથી ઈચ્છિત વસ્તુ મળવાથી તે સમૃદ્ધ બને, પણ હકીકતમાં રાગ વગેરેને પરવશ બનવાથી તેની હાનિ જ થાય છે.

ध्याता ध्यानेन ध्येयसदृशो भवति । यदि ध्येयं प्रशस्तं स्यात्तर्हि तद्ध्यानेन ध्याता प्रशस्तो भवेत्, यदि ध्येयमप्रशस्तं स्यात्तर्हि तद्ध्यानेन ध्याताऽप्रशस्तो भवेत् । अतो मुमुक्षुभी रागिदेवो न ध्येयः, परन्तु वीतराग एव ध्येयः । रागिदेवध्यानेन सरागिताऽऽप्यते, वीतरागध्यानेन वीतरागत्वं प्राप्यते ॥४३॥

अवतरणिका - यदि रागिदेवध्यानेन रागादयोऽवाप्यन्ते तर्हि तत्र ध्यातुः का हानिः ? इति शङ्कां समादधाति -

मूलम् - रागादयस्तु पाप्मानो, भवभ्रमणकारणम् ।
न विवादोऽत्र कोऽप्यस्ति, सर्वथा [१]सर्वसम्मते ॥४४॥

अन्वयः - रागादयस्तु पाप्मानो भवभ्रमणकारणम् (सन्ति), सर्वथा सर्वसम्मते अत्र कोऽपि विवादो नास्ति ॥४४॥

पद्मीया वृत्तिः - रागादयः - पूर्वोक्ताः, तुशब्दो विशेषणे, स च रागादीनां स्वरूपं विशिनष्टि, **पाप्मानो** - पापा अतिशयेन दुष्टा इत्यर्थः, **भवभ्रमणकारणम्** - भवे-चतुरशीतिलक्षयोनिरूपे भ्रमणम्-जन्ममरणपरम्परया पर्यटनमिति भवभ्रमणम्, तस्य कारण-

---

ધ્યાન કરનાર ધ્યાન વડે ધ્યેયની સમાન બને છે. જો ધ્યેય સારું હોય તો તેના ધ્યાનથી ધ્યાતા સારો બને. જો ધ્યેય ખરાબ હોય તો તેના ધ્યાનથી ધ્યાતા ખરાબ બને. માટે મુમુક્ષુઓએ રાગી દેવનું ધ્યાન ન કરવું, પણ વીતરાગનું જ ધ્યાન કરવું. રાગી દેવના ધ્યાનથી સરાગી બનાય છે. વીતરાગના ધ્યાનથી વીતરાગ બનાય છે. (૪૩)

અવતરણિકા - જો રાગી દેવના ધ્યાનથી રાગ વગેરે મળે તો તેમાં ધ્યાતાને શું નુકસાન છે ? આવી શંકાનું સમાધાન કરે છે -

શબ્દાર્થ - રાગ વગેરે તો પાપી અને ભવભ્રમણના કારણરૂપ છે. બધી રીતે બધાને માન્ય એવી આ બાબતમાં કોઈ પણ વિવાદ નથી. (૪૪)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - રાગ વગેરે દોષો તો પાપી છે, એટલે કે ખૂબ દુષ્ટ

---

१. सर्वसङ्गते - K, सर्वसम्मतेः - MI

मिति भवभ्रमणकारणम्, सन्तीत्यत्राध्याहार्यम्, **सर्वथा** - सर्वैः-प्रकारैः, **सर्वसम्मते** - सर्वेषाम् - निखिलदर्शनिनां सम्मतः बहुमत इति सर्वसम्मतः, तस्मिन्, **अत्र** - अस्मिन्विषये, **कोऽपि** - स्वल्पोऽपि, **विवादः** - मतभेदः, **न**शब्दो निषेधे, **अस्ति** - विद्यते।

रागादयो दोषाः पापाः। ते आत्मनो गुणान्नाशयन्ति। ते आत्मनः शुद्धस्वरूपमावृण्वन्ति। तत आत्मा स्वीयं स्वरूपं विस्मृत्य संसारे विविधं चेष्टते। रागादयो भवभ्रमणस्य कारणरूपाः। कारणात् कार्यं भवति। एवं रागादिरूपकारणात् भवभ्रमणरूपं कार्यं भवति। रागादिदोषपरवश आत्मा कर्म बध्नाति। उक्तञ्चाऽ**ध्यात्मसारे** - **'स्नेहाभ्यक्ततनोरङ्गं रेणुना श्लिष्यते यथा। रागद्वेषानुविद्धस्य कर्मबन्धस्तथा मतः ॥१८/११२॥ लोहं स्वक्रिययाऽभ्येति, भ्रामकोपलसन्निधौ। यथा कर्म तथा चित्रं, रक्तद्विष्टात्मसन्निधौ ॥१८/११३॥'** कर्मण उदयेन जीवो भवे भ्रमति। ततो रागादयो न शुभाः, परन्त्वशुभाः। कर्मविवशो जन्तुरशुभानपि रागादीन् शुभस्वरूपान्मन्यते।

'रागादयो भवभ्रमणस्य कारणम्' इत्यत्र सर्वेऽपि तीर्थिकाः सम्मताः। सर्वेऽपि

છે. ચોરાશી લાખ યોનિમાં જીવોની જે જન્મ-મરણની પરંપરા ચાલે છે, તેનું કારણ રાગ વગેરે દોષો છે. આ બાબત બધા દર્શનવાળાને માન્ય હોવાથી કોઈ મતભેદ નથી.

રાગ વગેરે દોષો દુષ્ટ છે, કેમકે તેઓ આત્માના ગુણોનો નાશ કરે છે. તેઓ આત્માના શુદ્ધ સ્વરૂપને ઢાંકે છે. તેથી આત્મા પોતાનું સ્વરૂપ ભૂલી જઈ સંસારમાં વિવિધ પ્રકારની ચેષ્ટાઓ કરે છે. રાગ વગેરે દોષો સંસારભ્રમણના કારણરૂપ છે. કારણથી કાર્ય થાય છે. એમ રાગ વગેરે રૂપ કારણથી ભવભ્રમણ રૂપ કાર્ય થાય છે. રાગ વગેરે દોષોથી પરવશ બનેલો આત્મા કર્મ બાંધે છે. **અધ્યાત્મસાર**માં કહ્યું છે, 'તેલ ચોપડેલા શરીરવાળાના શરીર પર જેમ રજકણ ચોંટે છે તેમ રાગ-દ્વેષથી યુક્ત જીવને કર્મબંધ મનાયો છે. જેમ લોહ પોતાની ક્રિયાથી લોહચુંબકની નજીક જાય છે તેમ વિચિત્ર કર્મો રાગદ્વેષવાળા આત્માની નજીક જાય છે. (૧૮/૧૧૨, ૧૮/૧૧૩)' કર્મના ઉદયથી જીવ ભવમાં ભમે છે. તેથી રાગ વગેરે દોષો સારા નથી, પણ ખરાબ છે. કર્મને પરાધીન જીવ ખરાબ એવા પણ રાગ વગેરેને સારા માને છે.

રાગ વગેરે દોષો સંસારભ્રમણનું કારણ છે. આ બાબતે બધા દર્શનવાળા સંમત

तीर्थिकाः सर्वैः प्रकारैः रागादीन्संसारस्य मूलभूतान्मन्यन्ते । अस्मिन्विषये ते न विवदन्ते । तत इदं सर्वसम्मतं तत्त्वं - रागादयः संसारबीजभूता इति ।

इत्थं संसारवर्धकत्वाद्रागादयो हेयाः । ततो रागादिकारकं रागिदेवध्यानमपि हेयम् । ततश्च तद्ध्यानविषया रागिदेवा अपि हेया, न तूपासनीयाः ॥४४॥

अवतरणिका - वीतरागध्यानलाभं रागिदेवध्यानाऽपायञ्च दर्शयित्वाऽधुना निगमयति -

मूलम् - वीतरागमतो ध्यायन्, वीतरागो विमुच्यते ।
रागादिमोहितं ध्यायन्, सरागो बध्यते [१]स्फुटम् ॥४५॥

अन्वय - अतो वीतरागं ध्यायन् वीतरागः (सन्) विमुच्यते, रागादिमोहितं ध्यायन् सरागः (सन्) स्फुटं बध्यते ॥४५॥

पद्मीया वृत्तिः - अतः - अस्मात् कारणात्, यतो वीतरागं ध्यायन् वीतरागो भवति, रागादिदूषितं ध्यायन् रागादिपरवशो भवति, अस्मात् कारणादित्यर्थः, **वीतरागं**

છે. બધા દર્શનવાળા બધી રીતે રાગ વગેરેને સંસારના મૂળરૂપ માને છે. આ બાબતમાં તેમની વચ્ચે કોઈ વિવાદ નથી. માટે આ વાત સર્વસંમત છે કે રાગ વગેરે સંસારના બીજરૂપ છે.

આમ રાગ વગેરે દોષો સંસારને વધારનારા હોવાથી ત્યજવા યોગ્ય છે. માટે રાગ વગેરેને કરનારા રાગી દેવોનું ધ્યાન પણ ત્યજવું. તેથી તે ધ્યાનના વિષયરૂપ રાગી દેવોને પણ ત્યજવા, તેમની ઉપાસના ન કરવી. (૪૪)

અવતરણિકા - વીતરાગના ધ્યાનથી થતો લાભ અને રાગી દેવના ધ્યાનથી થતું નુકસાન બતાવીને હવે છેલ્લો નિર્ણય કરે છે -

શબ્દાર્થ - માટે વીતરાગનું ધ્યાન કરનાર વીતરાગ બનીને મુક્ત થાય છે, રાગાદિથી મોહિત થયેલનું ધ્યાન કરનાર સરાગી બન્યો થકો સ્પષ્ટ રીતે બંધાય છે. (૪૫)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - વીતરાગનું ધ્યાન કરનાર વીતરાગ બને છે, રાગ વગેરેથી ખરડાયેલનું ધ્યાન કરનાર રાગ વગેરેને પરવશ બને છે. માટે વીતરાગનું

१. स्थितिः - A, B, C, E, F, G, L, स्थितिम् - H, I, स्थितम् - J, KI

- पूर्वोक्तस्वरूपं, **ध्यायन्** - चिन्तयन्, **वीतरागः** - पूर्वोक्तस्वरूपः, **सन्नित्यत्राध्याहार्यम्**, **विमुच्यते** - कर्मबन्धनाद्विमुक्तो भवति, **रागादिमोहितं** - रागादयः-पूर्वनिदर्शितस्वरूपाः, मोहितः - मोहं प्रापितस्तत्त्वाऽतत्त्वविवेकविकलः कृत इत्यर्थः, रागादिभिर्मोहित इति रागादिमोहितः, तम्, **ध्यायन्**-ध्यानविषयं कुर्वन्, **सरागः**- सह रागेणेति सरागः, रागादियुक्त इत्यर्थः, **सन्नित्यत्राऽप्यध्याहार्यम्**, **स्फुटम्** - स्पष्टम्, **बध्यते** - कर्मपाशबद्धो भवति ।

वीतरागं ध्यायञ्जीवो वीतरागो भवति । ततो घातिकर्मनाशेन स केवलज्ञान-मासादयति । ततः स आयोजिकाकरणं समुद्घातं योगनिरोधं शैलेशीकरणं च कृत्वा भवोपग्राहिकर्मभ्योऽपि विमुच्यते । सर्वकर्मविमुक्तः सन् स एकेनैव समयेन ऊर्ध्वलोक-स्याऽन्ते प्रतिष्ठितो भवति । स सिद्धो भवति । तस्य सर्वे गुणाः प्रादुर्भवन्ति ।

इतरे देवा रागादिभिर्मोहिताः सन्ति । यथा मदिरामत्तः विवेकविकलो भवति तथा रागादिमदिरामोहितस्तत्त्वाऽतत्त्वविवेकविकलो भवति । स शुभानि तत्त्वान्यशुभानि मन्यते, अशुभानि च तत्त्वानि शुभानि मन्यते । एवम्भूतं रागादिमोहितं देवं ध्यायञ्जीवोऽपि सरागो भवति । ततः स रागपरवशो भूत्वा विविधं चेष्टते । ततः स कर्मभिर्बध्यते । एवं स

ધ્યાન કરનાર વીતરાગ બનીને કર્મોના બંધનમાંથી છૂટી જાય છે. બીજા દેવો રાગ વગેરે દોષોથી મોહ પામેલા છે. તેઓ સાચા અને ખોટાના વિવેક વિનાના છે. તેમનું ધ્યાન કરનાર સરાગી બનીને કર્મોની જાળમાં બંધાય છે.

વીતરાગનું ધ્યાન કરનાર જીવ વીતરાગ બને છે. પછી ઘાતિકર્મોનો નાશ થવાથી તે કેવળજ્ઞાન પામે છે. પછી તે આયોજિકાકરણ, સમુદ્ઘાત, યોગનિરોધ અને શૈલેશીકરણ કરીને અઘાતીકર્મોથી મુક્ત બને છે. બધા કર્મોથી મુક્ત થયેલ તે એક જ સમયમાં ઊર્ધ્વલોકના અંતે પ્રતિષ્ઠિત થાય છે. તે સિદ્ધ થાય છે. તેના બધા ગુણો પ્રગટ થાય છે.

બીજા દેવો રાગ વગેરેથી મોહ પામેલા છે. જેમ દારૂના નશામાં રહેલ વ્યક્તિ વિવેક વિનાનો બને છે તેમ રાગ વગેરે રૂપ દારૂથી મોહિત થયેલ જીવ સાચા-ખોટાના વિવેક વિનાનો બને છે. તે સારા તત્ત્વોને ખરાબ માને છે અને ખરાબ તત્ત્વોને સારા માને છે. રાગ વગેરેથી મોહ પામેલ આવા દેવનું ધ્યાન કરનાર જીવ પણ સરાગી બને છે. પછી તે રાગને પરવશ થઈને વિવિધ પ્રકારની ચેષ્ટાઓ કરે છે. તેથી તે

संसारे स्वीयामवस्थितिं निश्चिनोति ।

इदमत्रैदम्पर्यं-मोक्षाभिलाषिणा वीतरागो ध्येयः, सरागिदेवध्यानेन तु कर्माणि बध्यन्ते ॥४५॥

अवतरणिका - वीतरागध्यानेन भवाद्विमुच्यते इति दर्शितम् । ततोऽधुना 'वीतराग एव देव' इति प्रतिपादयति -

मूलम् - य एव वीतरागः स, देवो निश्चीयतां ततः ।
भविनां भवदम्भोलिः, स्वतुल्यपदवीप्रदः ॥४६॥

[१]इति [२]श्रीयोगसारे परमात्मयथावस्थितदेवस्वरूपोपदेशकः प्रथमः प्रस्तावः ।

अन्वयः - ततो यो भविनां भवदम्भोलिः स्वतुल्यपदवीप्रदो वीतरागः स एव देवो निश्चीयताम् ॥४६॥

पद्मीया वृत्तिः - ततः - तस्मात्कारणात्, यतो वीतरागं ध्यायन् जीवो वीतरागः सन् विमुच्यते तत इत्यर्थः, **यः**- अनिर्दिष्टनामा, **भविनाम्** - संसारिजीवानां, **भवदम्भोलिः** - भवः-संसारः, तस्य विभेदने दम्भोलिः-वज्र इवेति भवदम्भोलिः, **स्वतुल्यपदवीप्रदः**

કર્મોથી બંધાય છે. આમ તે સંસારમાં પોતાનું રહેવાનું નક્કી કરે છે.

અહીં ઐદંપર્ય (સાર) આવો છે - મોક્ષના અભિલાષીએ વીતરાગનું જ ધ્યાન કરવું, સરાગી દેવના ધ્યાનથી તો કર્મો બંધાય છે. (૪૫)

अवतरणिका - વીતરાગના ધ્યાનથી સંસારમાંથી મુક્ત થવાય છે એમ બતાવ્યું. તેથી હવે 'વીતરાગ જ પરમાત્મા છે' એવું જણાવે છે -

शब्दार्थ - માટે જે સંસારી જીવોના સંસારને ભેદવા વજ્ર સમાન અને પોતાની સમાન પદવી આપનાર એવા વીતરાગ છે તે જ પરમાત્મા છે, એમ નક્કી કરવું. (૪૬)

पद्मीयावृत्तिनो भावानुवाद - વીતરાગનું ધ્યાન કરનાર જીવ વીતરાગ બનીને મુક્ત બને છે. તે વીતરાગ જીવોના સંસારનો નાશ કરવા વજ્ર સમાન છે. તે

---

१. इति योगसारनाम्नि योगशास्त्रे प्रथमप्रस्तावः । - D, इति योगसारे परमात्मयथावस्थितस्वरूपोपदेशकः प्रथमः प्रस्तावः समाप्तः । - MI

२. योगसारे - A, B, C, E, F, J, L, योगशास्त्रे - K ।

- स्वेन-आत्मना तुल्या-समाना पदवी-पदमिति स्वतुल्यपदवी, तां प्रदत्ते इति स्वतुल्यपदवीप्रदः, **वीतरागः**-पूर्वोक्तस्वरूपः, **सः** - वीतरागः, **एव**शब्दः 'सरागी देवो न मन्तव्यः' इति निषेधनार्थः, **देवः** - परमात्मा, **निश्चीयताम्** - इति निश्चयः क्रियताम्।

दम्भोलिः पर्वतमपि भिनत्ति। वीतरागो भवभेदने दम्भोलिरूपः। भविनो वीतरागस्याऽऽराधनेन स्वीयं संसारं नाशयन्ति। ततो वीतरागो भविनां भवभेदने वज्रतुल्यत्वं बिभर्त्ति। वीतरागस्याऽऽराधनेन भविनोऽपि वीतरागत्वमश्नुवन्ति। तत इदमुक्तं भवति -वीतरागो भविनः स्वतुल्यां पदवीं दत्ते इति। इत्थं भवभेदकत्वेन स्वतुल्यपदवीप्रापकत्वेन च वीतराग एव परमात्मा भवितुमर्हति। ततः स एव परमात्मा इति निश्चयः कर्त्तव्यः। अन्ये देवाः परमात्मरूपा न मन्तव्याः। अनेन श्लोकेनेदमपि ज्ञापितं-वीतरागः परमात्मत्वेन मन्तव्यः, तस्य नाम तु किमपि स्यादिति। वीतराग एव परमात्मा इति निश्चयः सम्यक्त्वरूपः। ततोऽनेन श्लोकेनेदमपि सूचितं - स्वात्मनि सम्यक्त्वमाधेयमिति ॥४६॥

इत्थं योगसारस्य परमात्मयथावस्थितस्वरूपोपदेशकस्य प्रथमस्य प्रस्तावस्य पद्मीया वृत्तिः समाप्तिमगात्।

વીતરાગ પોતાના આરાધકને પોતાની સમાન પદવી આપે છે. માટે તેમને જ પરમાત્મા માનવા. બીજા સરાગી દેવને પરમાત્મા ન માનવા. વીતરાગ જ પરમાત્મા છે એવો નિશ્ચય કરવો.

વજ્ર પર્વતને પણ ભેદી નાંખે છે. વીતરાગ પ્રભુ સંસારને ભેદવા વજ્ર જેવા છે. જીવો વીતરાગની આરાધના કરીને પોતાના સંસારનો નાશ કરે છે. માટે વીતરાગ જીવોના સંસારને ભેદવા વજ્ર જેવા છે. વીતરાગની આરાધના કરીને જીવો પણ વીતરાગ બની જાય છે. તેથી એમ કહેવાય કે વીતરાગ જીવોને પોતાની સમાન પદવી આપે છે. આમ સંસારનો નાશ કરનારા હોવાથી અને પોતાની સમાન પદવી આપનારા હોવાથી વીતરાગ જ પરમાત્મા બનવાને યોગ્ય છે. માટે તે જ પરમાત્મા છે, એવો નિશ્ચય કરવો. બીજા દેવોને પરમાત્મારૂપ ન માનવા. આ શ્લોકથી આ પણ જણાવ્યું કે વીતરાગને પરમાત્મા માનવા, તેમનું નામ તો કોઈ પણ હોય. 'વીતરાગ જ પરમાત્મા છે' આવો નિશ્ચય એટલે સમ્યક્ત્વ. તેથી આ શ્લોકથી આ પણ સૂચવ્યું કે પોતાના આત્મામાં સમ્યક્ત્વની સ્થાપના કરવી. (૪૬)

આમ યોગસારના પરમાત્માના સાચા સ્વરૂપનો ઉપદેશ આપનારા પ્રથમ પ્રસ્તાવની પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ પૂર્ણ થયો.

द्वितीयः प्रस्तावः

अवतरणिका - प्रथमे प्रस्तावे परमात्मनो स्वरूपं दर्शितम् । अधुना द्वितीयप्रस्तावे परमात्मना प्ररूपितस्य तत्त्वसारधर्मस्य स्वरूपं दर्शयति । प्रथमप्रस्तावान्तिमश्लोके उपदिष्टं - वीतराग एव देवो मन्तव्य इति । वर्त्तमानकालीनबहुलोका वीतरागं देवं न मन्यन्ते । ततो द्वितीयप्रस्तावप्रथमवृत्तेन तस्य कारणं दर्शयति -

मूलम् - सर्वेऽपि [1]साम्प्रतं लोकाः, प्रायस्तत्त्वपराङ्मुखाः ।
[2]क्लिश्यन्ते स्वाग्रहग्रस्ता, दृष्टिरागेण मोहिताः ॥१॥

अन्वयः - साम्प्रतं प्रायः सर्वेऽपि लोकाः तत्त्वपराङ्मुखाः स्वाग्रहग्रस्ता दृष्टिरागेण मोहिताः (सन्तः) क्लिश्यन्ते ॥१॥

पद्मीया वृत्तिः - साम्प्रतं - वर्त्तमानकाले, **प्रायः** - बाहुल्येन, **सर्वे** - अखिलाः, **अपि**शब्दो न केवलं केचित् किन्तु सर्वेऽपीति द्योतयति, **लोकाः** - जनाः, **तत्त्वपराङ्मुखाः** - तत्त्वात् - सत्यस्वरूपात् पराङ्मुखाः-विपरीतमानिन इति तत्त्वपराङ्मुखाः, **स्वाग्रहग्रस्ताः** - स्वस्य-आत्मन आग्रहः-अभिनिवेश इति स्वाग्रहः, तेन ग्रस्ताः-आकुलिता इति स्वाग्रहग्रस्ताः, **दृष्टिरागेण** - स्वाभिमतमताभिष्वङ्गरूपेण, **मोहिताः** -

---

બીજો પ્રસ્તાવ

અવતરણિકા - પહેલા પ્રસ્તાવમાં પરમાત્માનું સ્વરૂપ બતાવ્યું. હવે બીજા પ્રસ્તાવમાં પરમાત્માએ પ્રરૂપેલા તત્ત્વોના સારરૂપ સામ્યધર્મનું સ્વરૂપ બતાવે છે. પહેલા પ્રસ્તાવના છેલ્લા શ્લોકમાં કહ્યું કે, 'વીતરાગને જ દેવ માનવા'. વર્તમાનકાળે ઘણા લોકો વીતરાગને દેવ માનતાં નથી. તેથી બીજા પ્રસ્તાવના પહેલા શ્લોકથી તેમનું કારણ બતાવે છે -

શબ્દાર્થ - હાલ પ્રાયઃ બધા લોકો તત્ત્વથી પરાઙ્મુખ, સ્વાગ્રહથી બંધાયેલા, દૃષ્ટિરાગથી મોહ પામેલા થકા ક્લેશ પામે છે. (૧)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - વર્તમાનકાળમાં મોટા ભાગના લોકો પોતાના આગ્રહની પક્કડવાળા છે. હાલ મોટા ભાગના લોકો દૃષ્ટિરાગથી મોહ પામેલા છે, એટલે કે પોતે માનેલા મતના રાગવાળા છે. હાલ મોટા ભાગના લોકો તત્ત્વથી પરાઙ્મુખ છે, એટલે કે સત્યથી વિપરીત વર્તનારા છે. આમ વર્તમાનકાળના લગભગ

१. साम्प्रता - C । २. क्लिश्यन्ति स्वग्रहग्रस्ता - DI

मोहं प्रापिताः, **सन्त** इत्यत्राध्याहार्यम्, **क्लिश्यन्ते** - क्लेशमनुभवन्ति ।

वर्त्तमानकाले सर्वेऽपि जनाः स्वाग्रहपाशबद्धाः सन्ति । ते सर्वत्र स्वाग्रहपुरस्सरमेव चेष्टन्ते । स्वाग्रहं साधयितुं ते तत्त्वातत्त्वे न पश्यन्ति । तत्कृते तेऽसमीचीनेष्वपि मार्गेषु चलन्ति । ते दृष्टिरागेण मोहिताः सन्ति । ते स्वाभिमतं तत्त्वमेव तत्त्वं मन्यन्ते । वस्तुतस्तु तदतत्त्वमेव । तद्व्यतिरिक्तं सर्वं तेऽतत्त्वं मन्यन्ते । रागस्त्रिप्रकारः, तद्यथा-स्नेहरागः कामरागो दृष्टिरागः । उक्तञ्चोपदेशपदस्य **१८९ तम वृत्तस्य वृत्तौ श्रीमुनिचन्द्रसूरिभिः- 'तत्र रागोऽभिष्वङ्गः स च स्नेहकामदृष्टिरागभेदात् त्रिप्रकारः । तत्र स्नेहरागो जनकादिस्वजनलोकालम्बनः, कामरागः प्रियप्रमदादिविषयसाधनवस्तुगोचरः, दृष्टिरागः पुनर्योऽयं दर्शनिनां निजनिजदर्शनेषु युक्तिपथावतारासहेष्वपि कम्बललाक्षारागवत् प्रायेणोत्तारयितुमशक्यः पूर्वरागद्वयापेक्षयातिदृढस्वभावः प्रतिबन्धो विजृम्भते स इति ।'** एते त्रय उत्तरोत्तरमशुभतराः । दृष्टिरागस्त्वतिशयेन भयङ्करः । यतो दृष्टिरागेण मोहितः स्वात्मनो दोषान्न पश्यति । स स्वात्मानं गुणसमृद्धमेव मन्यते।

બધાય લોકો સ્વાગ્રહવાળા, દૃષ્ટિરાગવાળા અને તત્ત્વને નહીં સ્વીકારનારા હોવાથી ક્લેશને અનુભવે છે.

વર્તમાનકાળના લગભગ બધાય લોકો પોતાના આગ્રહની જાળમાં બંધાયેલા છે. તેઓ બધે પોતાના આગ્રહને આગળ કરીને જ પ્રવર્તે છે. પોતાના આગ્રહને સિદ્ધ કરવા તેઓ સાચા-ખોટાને જોતાં નથી. તેની માટે તેઓ ખરાબ રસ્તાઓ ઉપર પણ ચાલે છે. તેઓ દૃષ્ટિરાગથી મોહ પામેલા છે. તેઓ પોતે માનેલા તત્ત્વને જ તત્ત્વ માને છે, હકીકતમાં તે અતત્ત્વ જ હોય છે. તે સિવાયનું બધું તેઓ અતત્ત્વરૂપ માને છે. રાગ ત્રણ પ્રકારનો છે. તે આ પ્રમાણે - સ્નેહરાગ, કામરાગ, દૃષ્ટિરાગ. **ઉપદેશપદના ૧૮૯મા શ્લોકની વૃત્તિમાં શ્રીમુનિચન્દ્રસૂરિજીએ** કહ્યું છે - 'ત્યાં રાગ આસક્તિરૂપ છે અને સ્નેહરાગ, કામરાગ, દૃષ્ટિરાગના ભેદથી ત્રણ પ્રકારે છે. ત્યાં સ્નેહરાગ પિતા વગેરે સ્વજનો વિષયક છે, કામરાગ પ્રિય પત્ની વગેરે અને વિષયોને સાધનાર વસ્તુઓ વિષયક છે. દૃષ્ટિરાગ એટલે દર્શનીઓનો યુક્તિમાર્ગમાં ઉતારી ન શકાય એવા પણ પોતપોતાના દર્શનો ઉપરનો કંબલ પરના લાખના રંગની જેમ પ્રાયઃ ઉતારી ન શકાય તેવો, પૂર્વેના બે રાગની અપેક્ષાએ અતિદૃઢ સ્વભાવવાળો જે પ્રતિબંધ થાય છે તે.' આ ત્રણ રાગોમાં પછી પછીનો રાગ પૂર્વ પૂર્વના રાગ કરતા વધુ ખરાબ છે. દૃષ્ટિરાગ તો અતિશય ભયંકર છે, કેમકે દૃષ્ટિરાગથી મોહ પામેલા જીવને પોતાના દોષો દેખાતાં નથી. તે પોતાની જાતને ગુણોથી સમૃદ્ધ જ

सन्तोऽपि दृष्टिरागेण ग्रस्यन्ते । उक्तञ्च **वीतरागस्तोत्रे** - '**कामरागस्नेहरागा-विषत्करनिवारणौ । दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेदः सतामपि ॥६/१०॥**'

दृष्टिरागस्तु मोहस्यैकः प्रकारः । मोहेनैव स्वाग्रहो जायते । यदुक्तं **श्रीहरिभद्रसूरिभिर-ष्टकप्रकरणे भावशुद्ध्यष्टके** - '**न मोहोद्रिक्तताऽभावे स्वाग्रहो जायते क्वचित्... ॥२२/४॥**' इत्थं दृष्टिरागेण स्वाग्रहग्रस्ताः सन्तस्ते तत्त्वात् पराङ्मुखा भवन्ति, यतस्ते स्वाभिमतं तत्त्वमेव तत्त्वत्वेन मन्यन्ते । वस्तुवृत्त्या तु तदतत्त्वमेव ततस्ते स्वात्मानं वञ्च-यन्ति । ततश्च ते सङ्क्लेशमनुभवन्ति । ते तात्त्विकमानन्दमनुभवितुं न शक्नुवन्ति । 'प्रायः' शब्देन बाहुल्यं द्योत्यते । अतिस्तोका एव जनाः तत्त्वाभिमुखाः सन्ति, शेषाः सर्वेऽपि तत्त्वपराङ्मुखाः स्वाग्रहपराश्च सन्ति ॥१॥

अवतरणिका - यदि साम्प्रतीनलोका दृष्टिरागेण मोहितास्तर्हि का हानिरिति शङ्कां समादधद्दृष्टिरागस्य भयङ्करतां दर्शयति -

---

માને છે. સજ્જનો પણ દૃષ્ટિરાગને વશ થાય છે. **વીતરાગસ્તોત્ર**માં કહ્યું છે - 'કામરાગ અને સ્નેહરાગનું નિવારણ સહેલાઈથી થઈ શકે છે. અતિશય પાપી (દુષ્ટ) એવા દૃષ્ટિરાગનો તો સજ્જનો પણ મુશ્કેલીથી નાશ કરી શકે છે. (૬/૧૦)'

દૃષ્ટિરાગ એ મોહનો એક પ્રકાર છે. તેનાથી જ સ્વાગ્રહ થાય છે. **શ્રીહરિભદ્ર-સૂરિજી**એ **અષ્ટકપ્રકરણ**માં **ભાવશુદ્ધિ અષ્ટક**માં કહ્યું છે કે - 'મોહની ઉત્કટતા વિના ક્યાંય સ્વાગ્રહ થતો નથી.... (૨૨/૪)' આમ દૃષ્ટિરાગથી સ્વાગ્રહની પક્કડવાળા થઈને તેઓ તત્ત્વથી પરાઙ્મુખ થાય છે, કેમકે તેઓ પોતે માનેલા તત્ત્વને જ તત્ત્વરૂપે માને છે. હકીકતમાં તો તે અતત્ત્વ જ હોય છે. તેથી તેઓ જાતને ઠગે છે. તેથી તેઓ ક્લેશ પામે છે. તેઓ સાચા આનંદને અનુભવી શકતા નથી. વર્તમાનકાળના મોટા ભાગના લોકો આવા છે, બહુ થોડા જ લોકો તત્ત્વને અભિમુખ છે, એટલે કે સાચું માનનારા છે, બાકી બધા ય સત્યને નહિ માનનારા અને પોતાના આગ્રહવાળા છે. (૧)

અવતરણિકા - પ્રશ્ન - જો હાલના લોકો દૃષ્ટિરાગથી મોહિત હોય તો એમાં શું વાંધો છે ? આવી શંકાનું સમાધાન કરતા ગ્રંથકાર દૃષ્ટિરાગની ભયંકરતા બતાવે છે -

मूलम् - दृष्टिरागो महामोहो, दृष्टिरागो महाभवः ।
दृष्टिरागो महामारो, दृष्टिरागो महाज्वरः ॥२॥

अन्वयः - दृष्टिरागो महामोहो, दृष्टिरागो महाभवः, दृष्टिरागो महामारो, दृष्टिरागो महाज्वरः ॥२॥

पद्मीया वृत्तिः - दृष्टिरागः - स्वाभिमतस्य वस्तुतोऽऽतत्त्वस्य तत्त्वत्वेन श्रद्धा, **महामोहः**-महान्-तीव्रः, मौहः-विवेकविकलता, महाँश्चासौ मोहश्चेति महामोहः, कार्ये कारणोपचारात्, **दृष्टिरागः** - पूर्वोक्तस्वरूपः, **महाभवः** - महान्-दीर्घः, भवः-संसारः, महाँश्चासौ भवश्चेति महाभवः, कारणे कार्योपचारात्, **दृष्टिरागः** - पूर्वोक्तस्वरूपः, **महामारः**-महान्-भयङ्करः, मारः-हन्ता, महाँश्चासौ मारश्चेति महामारः, **दृष्टिरागः** -पूर्वोक्तस्वरूपः, **महाज्वरः** - महान्-दुःसाध्यः, ज्वरः-रोगविशेषः, महाँश्चासौ ज्वरश्चेति महाज्वरः ।

मोहस्योदया विविधाः सन्ति । दृष्टिरागः तीव्रतममोहोदयरूपो वर्त्तते । मोहो दृष्टिरागस्य कारणम्, दृष्टिरागस्तु तत्कार्यम् । ततोऽत्र कार्ये कारणोपचारं कृत्वोक्तं-दृष्टिरागो महामोहरूप इति ।

शब्दार्थ - દૃષ્ટિરાગ એ મહામોહરૂપ છે, દૃષ્ટિરાગ એ મોટો સંસાર છે, દૃષ્ટિરાગ એ મોટો મારનાર છે, દૃષ્ટિરાગ એ મોટો તાવ છે. (૨)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - દૃષ્ટિરાગ એટલે પોતે માનેલા હકીકતમાં અતત્ત્વની તત્ત્વરૂપે શ્રદ્ધા. દૃષ્ટિરાગ એ મહામોહ છે, એટલે કે તીવ્ર વિવેકરહિતપણું છે. દૃષ્ટિરાગ એ મહામોહનું કાર્ય છે. તેથી કાર્યમાં કારણનો ઉપચાર કરીને કહ્યું કે દૃષ્ટિરાગ જ મહામોહ છે. દૃષ્ટિરાગ એ મોટો સંસાર છે, એટલે કે લાંબો સંસાર છે. દૃષ્ટિરાગ એ સંસારનું કારણ છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને કહ્યું કે દૃષ્ટિરાગ જ મોટો સંસાર છે. દૃષ્ટિરાગ એ મોટો મારનારો છે, એટલે કે ભયંકર હણનારો છે. દૃષ્ટિરાગ એ મોટો જ્વર છે, એટલે કે દુઃસાધ્ય તાવ છે.

મોહના ઉદયો વિવિધ પ્રકારના છે. દૃષ્ટિરાગ અતિ તીવ્ર મોહના ઉદયરૂપ છે. મોહ એ દૃષ્ટિરાગનું કારણ છે. દૃષ્ટિરાગ તેનું કાર્ય છે. તેથી અહીં કાર્યમાં કારણનો ઉપચાર કરીને કહ્યું કે દૃષ્ટિરાગ એ જ મહામોહ છે.

दृष्टिरागेण तीव्रानुभागानि दीर्घस्थितिकानि कर्माणि बध्यन्ते । ततो जीवस्य संसारो दीर्घो भवति । दृष्टिरागपीडितः स प्रभूतं कालं यावत् संसारे बम्भ्रमीति । इत्थं दृष्टिरागो दीर्घभवस्य कारणं, दीर्घभवस्तु तत्कार्यरूपः । ततः कारणे कार्योपचारं कृत्वाऽत्रोक्तं - दृष्टिरागो महाभवोऽस्ति ।

दृष्टिरागो महाहन्तृरूपो वर्त्तते । हन्ता एकस्मिन्भवे सकृन्मारयति । दृष्टिरागमोहितस्तत्त्वात्पराङ्मुखो भूत्वाऽशुभकर्माणि बध्नाति । तदुदये सोऽनन्तान्भवान्प्राप्नोति । तेषु भवेषु तस्याऽनन्तानि मरणानि भवन्ति । इत्थं जीवात्मनोऽनन्तमरणकारकत्वाद्दृष्टिरागो महाहन्ता कीर्त्तितः ।

ज्वरः स्तोकदिनानि यावत् शरीरमस्वस्थं करोति । औषधग्रहणेन ज्वरस्योपशमोऽपि भवति । दृष्टिरागज्वरतप्तो जीवोऽनेकाशुभकर्माणि बद्ध्वाऽनेकानि दुःखानि सहते । सोऽनेकव्याधिभिः पीड्यते । तस्य व्याधिदुःखपरम्पराया नाशो न सुकरः । इत्थं दृष्टिरागमोहितो जीवोऽतिशयेन पीड्यते । तस्याः पीडायाः स दुःखेन मुच्यते । तत उक्तं - दृष्टिरागो महाज्वररूप इति ॥२॥

દૃષ્ટિરાગથી ચીકણા અને લાંબી સ્થિતિવાળા કર્મો બંધાય છે. તેનાથી જીવનો સંસાર લાંબો થાય છે. દૃષ્ટિરાગથી પીડાયેલો તે જીવ ઘણા કાળ સુધી સંસારમાં વારંવાર ભમે છે. આમ દૃષ્ટિરાગ એ લાંબા સંસારનું કારણ છે, લાંબો સંસાર તેનું કાર્ય છે. માટે કારણમાં કાર્યનો ઉપચાર કરીને અહીં કહ્યું કે દૃષ્ટિરાગ એ મોટો સંસાર છે.

દૃષ્ટિરાગ મોટો હણનારો છે. હણનારો એક ભવમાં એકવાર મારે છે. દૃષ્ટિરાગથી મોહિત થયેલો તત્ત્વથી પરાઙ્મુખ થઈને અશુભ કર્મો બાંધે છે. તેમના ઉદયે તેને અનંતા ભવો કરવા પડે છે. તે ભવોમાં તેના અનંત મરણ થાય છે. આમ જીવાત્માના અનંત મરણ કરાવનાર હોવાથી દૃષ્ટિરાગ એ મોટો હણનારો છે.

તાવ થોડા દિવસ સુધી શરીરને અસ્વસ્થ કરે છે. ઔષધ લેવાથી તાવ શમી પણ જાય છે. દૃષ્ટિરાગના તાવથી તપેલો જીવ અનેક અશુભ કર્મો બાંધીને અનેક દુઃખો સહે છે. તે અનેક રોગોથી પીડાય છે. તે રોગો અને દુઃખોની પરંપરાનો નાશ સહેલાઈથી થતો નથી. આમ દૃષ્ટિરાગથી મોહિત થયેલો જીવ અતિશય પીડાય છે, તે પીડામાંથી તે મુશ્કેલીથી છૂટે છે. તેથી કહ્યું કે દૃષ્ટિરાગ એ મોટો તાવ છે. (૨)

अवतरणिका - यदि दृष्टिराग ईदृशो भयङ्करस्तर्हि किमर्थं स निर्मितः ? इति शङ्कां समादधाति -

मूलम् - पतितव्यं जनैः सर्वैः, प्रायः कालानुभावतः ।
पापो [१]मत्सरहेतुस्तन्-निर्मितोऽसौ सतामपि ॥३॥

अन्वयः - कालानुभावतः प्रायः सर्वैः जनैः पतितव्यम्, तत् सतामपि मत्सरहेतुरसौ पापो निर्मितः ॥३॥

पद्मीया वृत्तिः - कालानुभावतः - कालः-अवसर्पिण्या दुःषमनामकपञ्चमारकरूपः, तस्याऽनुभावः-प्रभाव इति कालानुभावः, तस्मात्, **प्रायः** - बाहुल्येन, **सर्वैः** - निखिलैः, **जनैः** - मनुष्यैः, **पतितव्यम्** - सर्वप्रकारैर्हीनैर्भवितव्यम्, **तद्** - तस्मात् कारणात्, **सताम्** - सज्जनानां, **अपि**शब्दो - दुर्जनानां त्वसौ मत्सरहेतुर्भवत्येव सज्जनानामप्यसौ मत्सरहेतुर्भवतीति द्योतयति, **मत्सरहेतुः** - मत्सरः-ईर्ष्या, तस्य हेतुः-कारणमिति मत्सरहेतुः, **असौ** - दृष्टिरागः, **पापः** - दुष्टः, **निर्मितः** - सृष्टः ।

अधुनाऽवसर्पिणीकालो वर्त्तते । अवसर्पिण्यां षडरकाः सन्ति । उत्तरोत्तराऽरकेषु सर्वेषां पदार्थानां हानिर्जायते । सम्प्रत्यवसर्पिण्याः पञ्चमोऽरको वर्त्तते । तस्य नाम दुःषमः । ततोऽस्मिन्काले सर्वैः पदार्थैर्हीनैर्भवितव्यम् । ततश्च सर्वैर्जनैरपि पतितव्यम् । जनानां पातस्तु दोषाणामागमेन गुणानाञ्चापगमेन भवति । तत्कृते च केनाऽपि पातकारिणा

અવતરણિકા - જો દૃષ્ટિરાગ આવો ભયંકર હોય તો શા માટે એ બનાવાયો ? એવી શંકાનું સમાધાન કરે છે -

શબ્દાર્થ - કાળના પ્રભાવથી પ્રાયઃ બધા લોકોએ પડવાનું છે. તેથી સજ્જનોને પણ ઈર્ષ્યાનું કારણ એવો આ પાપી (દૃષ્ટિરાગ) બનાવાયો છે. (૩)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - હાલ અવસર્પિણીકાળ વર્તે છે. અવસર્પિણીમાં ૬ આરા હોય છે. ઉત્તરોત્તર આરાઓમાં બધા પદાર્થોની હાનિ થાય છે. હાલ અવસર્પિણીનો પાંચમો આરો વર્તે છે. તેનું નામ દુઃષમ છે. તેથી આ કાળમાં બધા પદાર્થોએ હીન થવાનું છે. તેથી બધા લોકોએ પણ પડવાનું છે. દોષો આવવાથી અને ગુણો જવાથી લોકો પડે છે. તેની માટે કોઈક પાડનાર હોવું જોઈએ. તેથી

---

१. मत्सरहेतुस्तु - FI

भवितव्यम्। ततोऽसौ पातकारी दृष्टिरागरूपो निर्मित इति सम्भाव्यते। दृष्टिरागेऽन्तरात्मनि प्रविष्टे सर्वे गुणाः पलायन्ते सर्वे च दोषा अहमहमिकयाऽऽगच्छन्ति। ततश्च तस्याऽऽत्मनो पातो भवति। दृष्टिरागेण रक्तो जीवः सर्वाणि पापान्याचरति। स्वाभिमतमतसिद्ध्यर्थं सोऽकार्यमपि समाचरति।

दुःषमकालप्रभावतः प्रायः सर्वे जनाः पतन्ति। स्तोकानामेव जनानां पातो न भवति। ते तु सात्त्विका भवन्ति।

दृष्टिराग ईर्ष्याया हेतुः। दृष्टिरागी स्वमतमेव तात्त्विकं मन्यते। ततः परमतावलम्बिषु तस्य मनसि मत्सरः प्रादुर्भवति। मत्सरः सर्वानपि गुणान् सर्वाञ्च साधनां दहति। मत्सरी पुण्यविहीनो गुणरिक्तश्च भवति। ततस्तस्यं पतनं भवति। मत्सरः सर्वदोषाणां मूलभूतो वर्त्तते। स सर्वदोषाणां प्रवेशद्वाररूपोऽस्ति।

दृष्टिरागेण न केवलं दुर्जनानामेव मनसि मत्सरः प्रादुर्भवति, परन्तु सज्जना अपि तेन मत्सरपाशबद्धा विधीयन्ते। ततश्च सज्जनानामपि पातो भवति।

પાડનાર આ દૃષ્ટિરાગ બનાવાયો છે એવી સંભાવના કરાય છે. અંતરાત્મામાં દૃષ્ટિરાગ પેસે એટલે બધા ગુણો ભાગી જાય છે અને બધા દોષો 'વહેલો તે પહેલો'ના ધોરણે આવે છે. તેથી તે આત્માનું પતન થાય છે. દૃષ્ટિરાગથી રંગાયેલો જીવ બધા પાપોને આચરે છે. પોતાની ઈષ્ટ વસ્તુની સિદ્ધિ માટે તે અકાર્ય પણ કરે છે.

દુઃષમકાળના પ્રભાવથી પ્રાયઃ બધા લોકો પડે છે. થોડા જ લોકોનું પતન થતું નથી. તે તો સાત્ત્વિકો જ હોય છે.

દૃષ્ટિરાગ ઈર્ષ્યાનું કારણ બને છે. દૃષ્ટિરાગવાળો જીવ પોતાના મતને જ સાચો માને છે. તેથી બીજા મતવાળાઓ ઉપર તેના મનમાં ઈર્ષ્યા થાય છે. ઈર્ષ્યા બધા ય ગુણોને અને બધી સાધનાને બાળે છે. ઈર્ષ્યાળુ પુણ્ય વિનાનો અને ગુણો વિનાનો બને છે. તેથી તેનું પતન થાય છે. ઈર્ષ્યા બધા દોષોનું મૂળ છે. તે બધા દોષોના પ્રવેશદ્વાર રૂપ છે.

દૃષ્ટિરાગથી માત્ર દુર્જનોના જ મનમાં ઈર્ષ્યા નથી થતી, પણ સજ્જનોને પણ તે ઈર્ષ્યાની જાળમાં બાંધે છે. તેથી સજ્જનોનું પણ પતન થાય છે.

इत्थं दृष्टिरागेण मत्सरो जायते । तेन च जनानां पातो भवति । ततो महाऽनर्थकारित्वेन दृष्टिरागोऽतिशयेन दुष्टः ।

अत्र ग्रन्थकार एवमुत्प्रेक्षते -अस्मिन्काले प्रायो जनानां पातो भवति । स तु एवमेव न भवति । अतो दृष्टिरागो निर्मितो येन जना पतेयुः ॥३॥

अवतरणिका - जनानां पातनार्थं दृष्टिरागो निर्मित इति दर्शितम् । अथ दृष्टिरागमोहित-जनाः स्वयं पतन्ति पराँश्च पातयन्तीति दर्शयति -

मूलम् - मोहोपहतचित्तास्ते, मैत्र्यादिभिरसंस्कृताः ।
स्वयं नष्टा जनं मुग्धं, नाशयन्ति च धिग् हहा ॥४॥

अन्वयः - मोहोपहतचित्ताः मैत्र्यादिभिरसंस्कृताः स्वयं नष्टास्ते मुग्धं च जनं नाशयन्ति । हहा ! धिग् (तान्) ॥४॥

पद्मीया वृत्तिः - **मोहोपहतचित्ताः** - मोहः-दृष्टिरागरूपः, तेन उपहतं-विनष्टं चित्तं-मनो येषां ते मोहोपहतचित्ताः, **मैत्र्यादिभिः** - मैत्री-मित्रभावः, सा आदौ यासां प्रमोदकारुण्यमाध्यस्थ्यानामिति मैत्र्यादयः, ताभिः, **असंस्कृताः** - संस्कृताः-

---

આમ દૃષ્ટિરાગથી મત્સર થાય છે. તેનાથી લોકોનું પતન થાય છે. તેથી મોટો અનર્થ કરનાર હોવાથી દૃષ્ટિરાગ અતિશય દુષ્ટ છે.

અહીં ગ્રંથકાર આ પ્રમાણે કલ્પના કરે છે - આ કાળમાં બધા લોકોનું ઘણું કરીને પતન થાય છે. તે એમને એમ થતું નથી. માટે દૃષ્ટિરાગનું નિર્માણ કરાયું છે કે જેથી લોકો પડે. (૩)

અવતરણિકા - લોકોને પાડવા માટે દૃષ્ટિરાગનું નિર્માણ થયું છે, એમ બતાવ્યું. હવે દૃષ્ટિરાગથી મોહિત થયેલા લોકો સ્વયં પડે છે અને બીજાને પાડે છે એમ બતાવે છે -

શબ્દાર્થ - મોહથી હણાયેલા ચિત્તવાળા, મૈત્રી વગેરે ભાવનાઓથી સંસ્કાર નહીં પામેલા જીવો પોતે સંસારમાં પડેલા છે અને તેઓ ભોળા લોકોને સંસારમાં પાડે છે. અરે ! તેમને ધિક્કાર થાઓ ! (૪)

संस्कारान्प्रापिताः, न संस्कृता इत्यसंस्कृताः, **स्वयं** - आत्मना, **नष्टाः** - संसारे पतिताः, **ते** - दृष्टिरागिणः, **मुग्धं** - सरलं, **च**शब्दः समुच्चये, **जनं** - लोकं, **नाशयन्ति** - संसारे पातयन्ति, **हहा** - खेदं द्योतयति, **धिग्** - तिरस्कारप्रदर्शकं वचनम्, **तानि**त्यत्राऽध्याहार्यम् ।

चित्तस्य संस्कारार्थं पूर्वाचार्यैर्मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थ्यरूपाश्चत्वारो भावनाः प्रकीर्त्तिताः । अन्यजीवानां हितस्य चिन्तनं मैत्रीभावना । गुणाधिकजीवानां गुणान् दृष्ट्वा मनसि जायमानो हर्षः प्रमोदभावना । दुःखिजीवान्दृष्ट्वा मनसि जायमाना खेदपूर्विका तदुःखप्रतिकारेच्छा कारुण्यभावना । असाध्यदोषदुष्टजीवान्दृष्ट्वा मनसि तान्प्रति द्वेषस्याऽभावो माध्यस्थ्यभावना । उपेक्षाभावनेत्यस्या एव नामान्तरम् । यदुक्तं **योगशास्त्रे चतुर्थप्रकाशे कलिकालसर्वज्ञैः - 'मा कार्षीत्कोऽपि पापानि, मा च भूत् कोऽपि दुःखितः । मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ॥११८॥ अपास्ताशेषदोषाणां, वस्तुतत्त्वावलोकिनाम् । गुणेषु पक्षपातो यः, स प्रमोदः प्रकीर्त्तितः ॥११९॥ दीनेष्वार्त्तेषु भीतेषु, याचमानेषु जीवितम् । प्रतीकारपरा बुद्धिः, कारुण्यमभिधीयते ॥१२०॥ क्रूरकर्मसु निःशङ्कं, देवतागुरुनिन्दिषु । आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थ्य-**

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - ચિત્તને સંસ્કારવાળુ કરવા પૂર્વાચાર્યોએ મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ્ય - આ ચાર ભાવનાઓ કહી છે. બીજા જીવોના હિતને વિચારવું એ મૈત્રીભાવના. ગુણથી અધિક જીવોના ગુણોને જોઈને મનમાં થતો હર્ષ તે પ્રમોદભાવના. દુઃખી જીવોને જોઈને મનમાં થતી ખેદપૂર્વકની તેમના દુઃખના પ્રતિકારની ઇચ્છા તે કરુણાભાવના. દોષથી દુષ્ટ જીવોને જોઈને મનમાં તેમના પ્રત્યે દ્વેષ ન થવો તે માધ્યસ્થ્યભાવના. ઉપેક્ષાભાવના એ આ જ ભાવનાનું બીજું નામ છે. **યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ** કહ્યું છે કે - 'કોઈ પણ પાપો ન કરે, કોઈ પણ દુઃખી ન થાય, આ જગત પણ મોક્ષ પામે' - આવી બુદ્ધિને મૈત્રી કહેવાય છે. (૧૧૮) જેમણે બધા દોષોને દૂર કર્યા છે એવા વસ્તુતત્ત્વને જોનારાના ગુણોમાં જે પક્ષપાત તે પ્રમોદ કહેવાય છે. (૧૧૯) દીન, પીડિત, ડરેલા, જીવન માંગનારા જીવોને વિષે પ્રતિકાર કરવાની બુદ્ધિ તે કરુણા કહેવાય છે. (૧૨૦) ક્રૂર કર્મો કરનારા, ભય વિના દેવતા-ગુરુની નિંદા

मुदीरितम् ॥१२१॥' शान्तसुधारसे त्रयोदशप्रकाशे महोपाध्यायश्रीविनयविजयैरप्युक्तम् - 'मैत्री परेषां हितचिन्तनं यद्-भवेत्प्रमोदो गुणपक्षपातः । कारुण्यमार्त्ताङ्गिरुजां जिहीर्षेत्युपेक्षणं दुष्टधियामुपेक्षा ॥३॥'

एताभिश्चतसृभिर्भावनाभिश्चित्तस्य संस्कारो भवति । एताभिश्चित्तं सुशोभितं भवति । मैत्र्यादिवासिते चित्ते शोभना अध्यवसाया प्रादुर्भवन्ति, दुष्टाध्यवसायास्तत्र प्रवेशं न लभन्ते । दृष्टिरागिणो मैत्र्यादिभिः संस्कृता न भवन्ति । दृष्टिरागिणो मत्सरिणो भवन्ति । मत्सरः प्रमोदस्य प्रतिपक्षभूतः । मत्सरेण क्रोध-नृशंसत्व-द्वेषादयः शेषदोषा अपि जायन्ते । क्रोधः मैत्र्याः प्रतिपक्षभूतः । नृशंसत्वं कारुण्यस्य प्रतिपक्षभूतम् । द्वेषो माध्यस्थ्यस्य प्रतिपक्षरूपः । इत्थं दृष्टिरागिणश्चित्तं दोषाकुलत्वेन मैत्र्यादिभिः शोभितं न भवति । दृष्टिरागिणश्चित्तं मोहेन विनष्टं भवति । दृष्टिरागिणश्चित्तं दोषैर्दुष्टाध्यवसायैश्च व्याप्तं भवति । इत्थं मोहोपहतचित्तत्वान्मैत्र्यादिभिरसंस्कृतत्वाच्च दृष्टिरागिणः संसारे निमज्जन्ति । मोहानुप-

---

કરનારા, પોતાની પ્રશંસા કરનારાઓને વિષે જે ઉપેક્ષા તે માધ્યસ્થ્ય કહેવાયું છે. (૧૨૧) **શાંતસુધારસમાં તેરમા પ્રકાશમાં મહોપાધ્યાય શ્રીવિનયવિજયજીએ** પણ કહ્યું છે - 'બીજાના જે હિતને વિચારવું તે મૈત્રી, બીજાના ગુણોનો પક્ષપાત તે પ્રમોદ, પીડિત જીવોની પીડાને દૂર કરવાની ઇચ્છા તે કરુણા, દુષ્ટ બુદ્ધિવાળા જીવોની ઉપેક્ષા કરવી તે ઉપેક્ષા. (૩)' આ ચારે ભાવનાઓથી ચિત્તનો સંસ્કાર થાય છે. આમનાથી ચિત્ત શણગારાય છે. મૈત્રી વગેરેથી વાસિત ચિત્તમાં સારા અધ્યવસાયો પ્રગટે છે. દુષ્ટ અધ્યવસાયોને ત્યાં પ્રવેશ મળતો નથી. દૃષ્ટિરાગવાળા જીવો મૈત્રી વગેરે ભાવનાઓથી સંસ્કાર પામેલા હોતા નથી. દૃષ્ટિરાગવાળા જીવો મત્સરવાળા હોય છે. મત્સર એ પ્રમોદનો પ્રતિપક્ષી છે. મત્સરથી ક્રોધ-નિષ્ઠુરતા-દ્વેષ વગેરે શેષ દોષો પણ પેદા થાય છે. ક્રોધ મૈત્રીનો પ્રતિપક્ષી છે. નિર્દયતા એ કરુણાની પ્રતિપક્ષી છે. દ્વેષ એ માધ્યસ્થ્યનો પ્રતિપક્ષી છે. આમ દૃષ્ટિરાગવાળાનું ચિત્ત દોષોથી આકુળ હોવાથી મૈત્રી વગેરેથી શોભિત હોતું નથી. દૃષ્ટિરાગીનું ચિત્ત મોહથી નાશ પામેલું છે. દૃષ્ટિરાગીનું ચિત્ત દોષો અને દુષ્ટ અધ્યવસાયોથી વ્યાપ્ત હોય છે. આમ મોહથી હણાયેલા ચિત્તવાળા હોવાથી અને મૈત્રી વગેરે ભાવનાઓથી સંસ્કાર નહીં પામેલા હોવાથી દૃષ્ટિરાગીઓ સંસારમાં ડૂબે છે. મોહથી નહીં હણાયેલા ચિત્તવાળા અને

हतचित्ताः शुभाध्यवसायैः संस्कृताः स्वभवं परमितीकुर्वन्ति । मोहोपहतचित्ता मैत्र्यादिभिरसंस्कृता अशुभाध्यवसायैरशुभकर्माणि बद्ध्वा स्वसंसारं वर्धयन्ति ।

दृष्टिरागिणो जनानपि प्रतारयन्ति । ते स्वाभिमततत्त्वं जनेभ्य उपदिशन्ति । मुग्धजनास्तदुपदिष्टं तत्त्वं श्रद्दधति । ते तदुपदेशानुसारेण प्रवर्त्तन्ते । ते तन्मार्गानुसारिणो भवन्ति । तेषां चित्तमपि मोहेनोपहन्यते । तेषां चित्तमपि मैत्र्यादिभिः संस्कृतं न भवति । ततस्तेऽपि दुश्चिन्तनैर्दुष्प्रवृत्त्या च स्वीयां भवपरम्परां वर्धयन्ति । इत्थं दृष्टिरागी मुग्धजनान्संसारे निमज्जयति ।

कश्चिदधमः स्वात्मनो हानिं कुर्यात् । दृष्टिरागिणस्त्वधमाधमाः, यतस्ते स्वपरयोरुभयोरपि हानिं कुर्वन्ति । ततस्तान् धिगस्तु । अनेन शब्देन ग्रन्थकारेण तेषां दुष्टप्रवृत्तिर्निन्दिता । तेषां प्रवृत्तिर्न समीचीनेत्यत्र ग्रन्थकृता प्रकटीकृतम् ॥४॥

अवतरणिका - मैत्र्यादिभिरसंस्कृता मुग्धं जनं नाशयन्तीति दर्शितम् । तत्र मैत्र्यादीनां

શુભ અધ્યવસાયોથી સંસ્કાર પામેલા જીવો પોતાના સંસારને પરિમિત કરે છે. મોહથી હણાયેલા ચિત્તવાળા અને મૈત્રી વગેરે ભાવનાઓથી સંસ્કાર નહીં પામેલા જીવો અશુભ અધ્યવસાયોથી અશુભ કર્મો બાંધીને પોતાના સંસારને વધારે છે.

દૃષ્ટિરાગીઓ લોકોને પણ ઠગે છે. તેઓ પોતે માનેલ તત્ત્વનો લોકોને ઉપદેશ આપે છે. વિવેક વિનાના ભોળા લોકો તેમણે ઉપદેશેલા તત્ત્વની શ્રદ્ધા કરે છે. તેઓ તેમના ઉપદેશને અનુસારે પ્રવર્તે છે. તેઓ તેમના માર્ગને અનુસરે છે. તેમનું મન પણ મોહથી હણાય છે. તેમનું મન પણ મૈત્રી વગેરે ભાવનાઓથી સંસ્કૃત થતું નથી. તેઓ પણ ખરાબ ચિંતનો અને ખરાબ પ્રવૃત્તિથી પોતાના સંસારની પરંપરાને વધારે છે. આમ દૃષ્ટિરાગી ભોળા જીવોને સંસારમાં ડુબાડે છે.

કોઈક અધમ માણસ પોતાનું નુકસાન કરે. દૃષ્ટિરાગીઓ તો અધમાધમ છે, કેમકે તેઓ પોતાનું અને બીજાનું બન્નેનું પણ નુકસાન કરે છે. તેથી તેમને ધિક્કાર થાઓ. આ શબ્દથી ગ્રંથકારે તેમની દુષ્ટ પ્રવૃત્તિની નિંદા કરી છે. તેમની પ્રવૃત્તિ સારી નથી, એમ અહીં ગ્રંથકારે પ્રગટ કર્યું છે. (૪)

અવતરણિકા - મૈત્રી વગેરેના સંસ્કાર વિનાના જીવો ભોળા લોકોને પાડે છે એમ બતાવ્યું. ત્યાં મૈત્રી વગેરેનું શું સ્વરૂપ છે ? એવી શંકાનું સમાધાન કરતાં

किं स्वरूपम् ? इति शङ्कां समादधद्ग्रन्थकारः स्वयं मैत्र्यादीनां स्वरूपं दर्शयति -

मूलम् - परे हितमतिर्मैत्री, मुदिता गुणमोदनम् ।
उपेक्षा दोषमाध्यस्थ्यं, करुणा दुःखमोक्षधीः ॥५॥

अन्वयः - परे हितमतिर्मैत्री, गुणमोदनं मुदिता, दोषमाध्यस्थ्यमुपेक्षा, दुःखमोक्षधीः करुणा ॥५॥

पद्मीया वृत्तिः - परे - स्वातिरिक्तेऽन्यस्मिञ्जने, **हितमतिः** - हितस्य कल्याणस्य मतिः-बुद्धिरिति हितमतिः, **मैत्री** - मित्रता, **गुणमोदनं** - गुणैः-पूर्वोक्तस्वरूपैर्मोदनं हर्षणमिति गुणमोदनम्, **मुदिता** - प्रमोदभावना, **दोषमाध्यस्थ्यम्** - मध्ये तिष्ठतीति मध्यस्थः-तटस्थः, तस्य भावो माध्यस्थ्यम्-समवृत्तित्वम्, दोषेषु-पूर्ववर्णितस्वरूपेषु माध्यस्थ्यमिति दोषमाध्यस्थ्यम्, **उपेक्षा** - माध्यस्थ्यभावना, **दुःखमोक्षधीः** - दुःखेभ्यः-प्रतिकूलवेदनेभ्यः मोक्षः मुक्तिरिति दुःखमोक्षः, तस्य धीः-बुद्धिरिति दुःखमोक्षधीः, **करुणा**-कारुण्यभावना ।

मैत्रीभावनाभावितो जनः परस्य हितमेव काङ्क्षति । स न केवलं स्वोपकारिण एव हितमभिलषति किन्तु स्वाऽपकारिणोऽपि हितमेवेच्छति । तस्य परस्मिन्नप्रीतिर्न भवति । स सर्वान् जनान् स्वमित्राणीव पश्यति ।

ગ્રંથકાર પોતે મૈત્રી વગેરેનું સ્વરૂપ બતાવે છે -

શબ્દાર્થ - બીજાને વિષે હિતની બુદ્ધિ તે મૈત્રી, ગુણોથી ખુશ થવું તે મુદિતા (પ્રમોદ ભાવના), દોષોમાં મધ્યસ્થપણું તે ઉપેક્ષા અને દુઃખોમાંથી છોડાવવાની બુદ્ધિ તે કરુણા. (૫)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - મૈત્રીભાવનાથી ભાવિત થયેલા લોકો બીજાનું હિત જ ઇચ્છે છે. તેઓ માત્ર પોતાના ઉપકારીનું જ હિત નથી ઇચ્છતાં, પણ પોતાના અપકારીનું પણ હિત જ ઇચ્છે છે.તેમને બીજાને વિષે અપ્રીતિ થતી નથી. તેઓ બધા ય લોકોને પોતાના મિત્ર તરીકે જુવે છે.

प्रमोदभावनाभावितो जनः परेषां गुणान्दृष्ट्वा प्रमोदते । स तेषामनुमोदनं करोति । परगुणान्दृष्ट्वा स न मनसि मत्सरेण सञ्ज्वलति । गुणदृष्टिसम्पन्नः स सर्वत्र गुणानेव पश्यति । गुणानुमोदनेन स स्वयं गुणवान् भवति । गुणमत्सरेण तु स्वस्मिन्विद्यमाना अपि गुणा नश्यन्ति ।

माध्यस्थ्यभावनाभावितो जनो दोषदुष्टेषु द्वेषं न करोति । स चिन्तयति, 'दोषा औपाधिकाः, न जीवस्य स्वभावभूताः । जीवास्तु सर्वेऽपि सिद्धस्वरूपाः । संसारिणो जीवाः कर्मवशवर्त्तिनः सन्ति कर्मोदयेन च दोषाः प्रादुर्भवन्ति । अतो जीवा न दुष्टाः, परन्तु कर्माण्येव दुष्टानि ।' इत्थं विचिन्त्य स द्वेषयुक्तो न भवति, परन्तु मध्यस्थो भवति ।

करुणाभावनाभावितो जीवः परदुःखानि दृष्ट्वा दुःखी भवति । स परदुःखनाशनस्योपायाँश्चिन्तयति । स स्वशक्त्यनुसारेण परदुःखनाशनाय यतते । परदुःखनाशनशक्त्यभावेऽपि स सदैव परदुःखनाशनेच्छां मनसि धारयति ।

પ્રમોદભાવનાથી ભાવિત થયેલા લોકો બીજાના ગુણોને જોઈને ખુશ થાય છે. તેઓ તેમની અનુમોદના કરે છે. બીજાના ગુણોને જોઈને તેઓ મનમાં મત્સરથી બળતાં નથી. તેઓ ગુણદૃષ્ટિવાળા હોય છે. તેઓ બધે ગુણોને જ જુવે છે. ગુણોની અનુમોદના કરવાથી તેઓ પોતે ગુણવાન બને છે. ગુણોની ઈર્ષ્યા કરવાથી તો પોતાનામાં રહેલા ગુણોનો પણ નાશ થાય છે.

માધ્યસ્થ્યભાવનાથી ભાવિત લોકો દોષથી દુષ્ટ જીવો ઉપર દ્વેષ કરતાં નથી. તેઓ વિચારે છે - 'દોષો ઉપાધિથી થયેલા છે, જીવના સ્વભાવરૂપ નથી. જીવો તો બધા ય સિદ્ધસ્વરૂપી છે. સંસારી જીવો કર્મના વશમાં રહેલા છે અને કર્મોદયથી દોષો પ્રગટે છે. માટે જીવો દુષ્ટ નથી, પણ કર્મો જ દુષ્ટ છે.' આમ વિચારીને તેઓ દ્વેષવાળા નથી થતાં પણ મધ્યસ્થ બને છે.

કરુણાભાવનાથી ભાવિત થયેલો જીવ બીજાના દુઃખોને જોઈને દુઃખી થાય છે. તે બીજાના દુઃખોનો નાશ કરવાના ઉપાયો વિચારે છે. તે પોતાની શક્તિ પ્રમાણે બીજાના દુઃખોનો નાશ કરવા પ્રયત્ન કરે છે. બીજાના દુઃખોનો નાશ કરવાની શક્તિ ન હોય તો પણ તે હંમેશા બીજાના દુઃખોનો નાશ કરવાની ઈચ્છાને મનમાં રાખે છે.

यदुक्तं **षोडशकप्रकरणे** - **'परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा । परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥४/१५॥' अध्यात्मकल्पद्रुमे समताधिकारे श्रीमुनिसुन्दरसूरिभिरप्युक्तम् - 'परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा । परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥१/१२॥' श्रीपार्श्वनाथचरित्रान्तर्गत-धर्माराधनशिक्षायां श्रीभावदेवसूरिभिरप्युक्तम् - 'मैत्री परहिते चिन्ता, परार्त्तिच्छेदधीः कृपा, मुदिता सद्गुणे तुष्टि-र्माध्यस्थ्यं पाप्युपेक्षणम् ॥४९॥'** ॥५॥

अवतरणिका - मैत्र्यादिभावनानां स्वरूपं दर्शितम् । अधुना तासां विषयान्दर्शयति -

मूलम् - मैत्री निखिलसत्त्वेषु, प्रमोदो गुणशालिषु ।
माध्यस्थ्यमविनेयेषु, करुणा [१]दुःखिदेहिषु ॥६॥

अन्वयः - मैत्री निखिलसत्त्वेषु, प्रमोदो गुणशालिषु, माध्यस्थ्यमविनेयेषु, करुणा दुःखिदेहिषु (कर्त्तव्या) ॥६॥

षोडशकप्रकरणमां કહ્યું છે, 'બીજાના હિતની ચિંતા તે મૈત્રીભાવના, તથા બીજાના દુઃખોનો નાશ કરનારી કરુણાભાવના, બીજાના સુખમાં ખુશ થવું તે મુદિતા (પ્રમોદ) ભાવના અને બીજાના દોષોની ઉપેક્ષા કરવી તે ઉપેક્ષાભાવના. (૪/૧૫).' **अध्यात्मकल्पद्रुममां समताअधिकारमां श्रीमुनिचन्द्रसूरि महाराजे** કહ્યું છે - 'બીજાના હિતની ચિંતા તે મૈત્રીભાવના તથા બીજાના દુઃખોનો નાશ કરનારી કરુણાભાવના, બીજાના સુખમાં ખુશ થવું તે મુદિતા (પ્રમોદ)ભાવના, બીજાના દોષોની ઉપેક્ષા કરવી તે ઉપેક્ષાભાવના. (૧/૧૨)' **श्रीपार्श्वनाथचरित्रमां** આવતી **धर्माराधनाशिक्षामां श्रीभावदेवसूरिजीए** પણ કહ્યું છે - 'બીજાના હિતની ચિંતા તે મૈત્રીભાવના, બીજાની પીડાને દૂર કરવાની બુદ્ધિ તે કૃપા (કરુણા)ભાવના, (બીજાના) સદ્ગુણોમાં ખુશ થવું તે મુદિતા (પ્રમોદ)ભાવના, પાપીઓની ઉપેક્ષા તે માધ્યસ્થ્યભાવના. (૪૯)' (૫)

અવતરણિકા - મૈત્રી વગેરે ભાવનાઓનું સ્વરૂપ બતાવ્યું. હવે તેમના વિષયો બતાવે છે -

શબ્દાર્થ - મૈત્રી બધા જીવોને વિષે કરવી, ગુણથી શોભનારાઓને વિષે પ્રમોદ કરવો, અણસમજુઓને વિષે માધ્યસ્થ્ય કરવું, દુઃખી જીવોને વિષે કરુણા કરવી. (૬)

---

१. सर्वदेहिषु - A, B, C, E, F, G, J, L, दुःखदेहिषु - K ।

पद्मीया वृत्तिः - मैत्री - पूर्वोक्तस्वरूपा मैत्रीभावना, **निखिलसत्त्वेषु** - निखिलाः-सर्वे, ते च ते सत्त्वाः-जीवाश्चेति निखिलसत्त्वाः, तेषु, **प्रमोदः** - पूर्वोक्तस्वरूपा प्रमोद-भावना, **गुणशालिषु** - गुणैः-पूर्वोक्तस्वरूपैः शालन्ते-शोभन्ते इत्येवं शीला गुणशालिनः, तेषु, **माध्यस्थ्यम्** - पूर्वोक्तस्वरूपा माध्यस्थ्यभावना, **अविनेयेषु** - विनेतुं योग्या इति विनेयाः-विनयवन्तः, न विनेया इति अविनेयाः-उपदेशाननुसारिणः, तेषु, **करुणा** - पूर्वोक्तस्वरूपा कारुण्यभावना, **दुःखिदेहिषु** - दुःखमस्त्येषामिति दुःखिनः, देहोऽस्ति एषामिति देहिनः-जीवाः, दुःखिनश्च ते देहिनश्चेति दुःखिदेहिनः, तेषु, **कर्त्तव्येत्यत्राऽ-ध्याहार्यम्**।

मैत्रीभावनाया विषया सर्वे जीवाः । सर्वजीवेषु मैत्री भावनीया, न तु स्तोकेष्वेव। ये स्वपरिचिताः सन्ति येभ्यश्च स्वीयः स्वार्थः सिध्यति तेष्वेव मैत्रीभावना न भावनीया, परन्तु सर्वजीवेषु सा भावनीया ।

प्रमोदभावनाया विषया गुणवन्तः । गुणवत्सु जीवेषु प्रमोदभावना भाव्यते । यदि शत्रुरपि गुणवान्स्यात्तर्हि तस्मिन्नपि प्रमोदो कर्त्तव्यः ।

ये हितोपदेशं न शृण्वन्ति तेषु माध्यस्थ्यभावना भाव्या । हितोपदेशाननुसारिणो जीवा माध्यस्थ्यभावनाया विषयभूता ज्ञेयाः ।

दुःखिजीवाः करुणाभावनाया विषयाः । दुःखीजीवेषु करुणाभावना भाव्या ।

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - મૈત્રીભાવનાના વિષયો બધા જીવો છે. બધા જીવો ઉપર મૈત્રી ભાવના ભાવવી, માત્ર થોડા જીવો ઉપર જ નહીં. જે પોતાના ઓળખીતા હોય અને જેમનાથી પોતાનો સ્વાર્થ સધાતો હોય તે જીવોને વિષે જ મૈત્રી ભાવના ન ભાવવી, પણ બધા જીવોને વિષે તે ભાવવી.

પ્રમોદભાવનાના વિષયો બધા ગુણવાન જીવો છે. ગુણવાન જીવોને વિષે પ્રમોદ ભાવના કરાય છે. જો શત્રુ પણ ગુણવાન હોય તો તેને વિષે પણ ખુશ થવું.

જેઓ હિતોપદેશને સાંભળતા નથી તેમને વિષે માધ્યસ્થ ભાવના ભાવવી. હિતોપદેશને નહીં અનુસરનારા જીવો માધ્યસ્થ્ય ભાવનાના વિષયો જાણવા.

દુઃખી જીવો કરુણા ભાવનાના વિષયો છે. દુઃખી જીવોને વિષે કરુણા ભાવના ભાવવી.

उक्तञ्च **योगबिन्दौ** - **'मैत्रीप्रमोदकारुण्य-माध्यस्थ्यपरिचिन्तनम् । सत्त्वगुणाधिक-क्लिश्य-मानाऽप्रज्ञाप्यगोचरम् ॥४०२॥' योगशतकेऽप्युक्तम् 'सत्तेसु ताव मेत्तिं, तहा पमोयं गुणाहिएसुं ति । करुणा-मज्झत्थत्ते, किलिस्समाणाऽविणेएसु ॥७९॥'** (**छाया** - सत्त्वेषु तावन्मैत्रीं, तथा प्रमोदं गुणाधिकेष्विति । करुणामध्यस्थत्वे क्लिश्यमानाऽविनेयेषु ॥७९॥) **अध्यात्मकल्पद्रुमे समताधिकारेऽप्युक्तम् - 'भजस्व मैत्रीं जगदङ्गिराशिषु, प्रमोदमात्मन् गुणिषु त्वशेषतः, भवार्त्तिदीनेषु कृपारसं सदाप्युदासवृत्तिं खलु निर्गुणेष्वपि ॥१०॥ मैत्री परस्मिन् हितधीः, भवेत्प्रमोदो गुणपक्षपातः । कृपा भवार्त्ते प्रतिकर्त्तुमीहो-पेक्षैव माध्यस्थ्यमवार्यदोषे ॥११॥'** ॥६॥

अवतरणिका - इत्थं भावनानां विषयान्प्रदर्श्याऽधुना भावनानां माहात्म्यं प्रदर्शयति -

मूलम् - धर्मकल्पद्रुमस्यैता, मूलं मैत्र्यादिभावनाः ।
यैर्न ज्ञाता न चाभ्यस्ताः, [1]स तेषामतिदुर्लभः ॥७॥

योगबिन्दुમાં કહ્યું છે - 'મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ્યનું ચિંતન ક્રમશઃ બધા જીવો, ગુણાધિક જીવો, દુઃખી થનારા જીવો અને અણસમજુ જીવોના વિષયવાળુ છે' **યોગશતક**માં પણ કહ્યું છે, 'જીવોને વિષે મૈત્રી, ગુણથી અધિકોને વિષે પ્રમોદ, દુઃખી અને નહીં સમજનારાઓને વિષે ક્રમશઃ કરુણા અને મધ્યસ્થ ભાવના ભાવવી. (૭૯)' **અધ્યાત્મકલ્પદ્રુમના સમતાધિકાર**માં પણ કહ્યું છે - 'હે આત્મન્ ! જગતના જીવોના સમૂહોને વિષે મૈત્રી ભાવના રાખ, બધા ગુણવાનોને વિષે પ્રમોદ ભાવના રાખ, સંસારના દુઃખોથી દીન જીવોને વિષે કૃપારસ (કરુણા) રાખ, નિર્ગુણ જીવોને વિષે પણ ખરેખર હંમેશા ઉદાસવૃત્તિ રાખ. (૧૦) બીજા બધા જીવો વિષે હિતની બુદ્ધિ તે મૈત્રી, ગુણોનો પક્ષપાત એ પ્રમોદ, સંસારથી દુઃખીને વિષે પ્રતિકાર કરવાની ઇચ્છા તે કૃપા, વારી ન શકાય એવા દોષવાળાને વિષે ઉપેક્ષા તે જ માધ્યસ્થ્ય છે. (૧૧)' (૬)

અવતરણિકા - આમ ભાવનાના વિષયોને બતાવીને હવે ભાવનાના માહાત્મ્યને બતાવે છે -

---

१. सर्वेषामतिदुर्लभः - FI

अन्वयः - धर्मकल्पद्रुमस्य मूलमेता मैत्र्यादिभावना यैर्न ज्ञाता न चाभ्यस्तास्तेषां सोऽतिदुर्लभः ॥७॥

पद्मीया वृत्तिः - धर्मकल्पद्रुमस्य - कल्पं-इष्टं पूरयतीति कल्पपूरकः, स चासौ द्रुमः-वृक्ष इति कल्पद्रुमः, धर्मः-दुर्गतिप्रपतत्प्राणिगणधारणप्रवणः, स एव वाञ्छित-पूरकत्वात् कल्पद्रुम इति धर्मकल्पद्रुमः, तस्य, **मूलम्** - आधारभूताः, **एताः** - पूर्वश्लोकवर्णिताः, **मैत्र्यादिभावनाः** - मैत्री आदौ यासामिति मैत्र्यादयः, भावनाः-भाव्यते-वास्यते चित्तमाभिरिति भावनाः, मैत्र्यादयश्च ता भावना इति मैत्र्यादिभावनाः, **यैः** - अनिर्दिष्टनामभिः, **न**शब्दो निषेधे, **ज्ञाताः** - अवगताः, **न**शब्दो निषेधे, **च**शब्दः समुच्चये, **अभ्यस्ताः** - परिशीलिताः, **तेषां** - भावनाज्ञानाभ्यासविकलानां, **सः** - धर्मः, **अतिदुर्लभः** - दुःखेन लभ्यते इति दुर्लभो दुरापः, अतिशयेन दुर्लभ इति अतिदुर्लभः ।

धर्मस्याऽऽराधनया पुण्यं बध्यते । तदुदयेन सर्वमिष्टं प्राप्यते । यो वृक्षो मनोऽभीष्टं पूरयति स कल्पद्रुम इत्युच्यते । इष्टपूरणसाधर्म्याद्धर्मोऽपि कल्पद्रुम एव । पूर्वोक्तश्लोकव-र्णितस्वरूपा मैत्र्यादिभावना धर्मकल्पद्रुमस्य मूलरूपाः सन्ति । मूलेऽविनष्टे वृक्षश्चिरं तिष्ठति । मूले विनष्टे वृक्षो शुष्यति । ये मैत्र्यादिभावना जानन्त्यभ्यस्यन्ति च तेषां धर्मकल्पद्रुमस्य मूलमविनष्टं भवति । ततस्तेषां धर्मोऽपि चिरं तिष्ठतीष्टानि च तेभ्यो

शब्दार्थ - ધર્મરૂપી કલ્પવૃક્ષના મૂળ સમાન આ મૈત્રી વગેરે ભાવનાઓ જેમણે જાણી નથી અને જેમણે તેમનો અભ્યાસ કર્યો નથી, તેમને તે (ધર્મ) મળવો બહુ મુશ્કેલ છે. (૭)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - ધર્મની આરાધનાથી પુણ્ય બંધાય છે. તેના ઉદયથી બધું ઈષ્ટ મળે છે. જે વૃક્ષ મનવાંછિતને પૂરે છે તેને કલ્પવૃક્ષ કહેવાય છે. ઈષ્ટ પૂરવાની સમાનતા હોવાથી ધર્મ પણ કલ્પવૃક્ષ જ છે. પૂર્વે કહેલા શ્લોકમાં જેમનું સ્વરૂપ વર્ણવ્યું છે, એવી મૈત્રી વગેરે ભાવનાઓ ધર્મ કલ્પવૃક્ષના મૂળરૂપ છે. મૂળ સલામત હોય તો વૃક્ષ લાંબો સમય ટકે છે. મૂળ નાશ પામે તો વૃક્ષ સૂકાઈ જાય છે. જેઓ મૈત્રી વગેરે ભાવનાઓને જાણે છે અને તેમનો અભ્યાસ કરે છે, તેમના ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ સલામત છે. તેથી તેમનો ધર્મ પણ લાંબો સમય ટકે છે

वितरति । ये मैत्र्यादिभावना न जानन्ति, ज्ञात्वाऽपि नैवाऽभ्यस्यन्ति तेषां धर्मकल्पद्रुमस्य मूलं न विद्यते । ततस्तेषां धर्मो न प्रादुर्भवति, प्रादुर्भूतोऽपि च नैव चिरमवतिष्ठते । ततो मैत्र्यादिभावनाज्ञानाभ्यासविकलानां धर्मोऽतीव दुर्लभो भवति ।

इदमुक्तं भवति-धर्मस्य प्राप्त्यर्थं मैत्र्यादिभावनाः प्रथमं ज्ञातव्यास्ततश्चाऽभ्यसनीयाः । इत्थं धर्मः सुलभो भवति ॥७॥

अवतरणिका - मोहोपहतचित्ता मैत्र्यादिभावना न भावयन्ति । ततो दृष्टिरागेण ग्रस्तास्ते स्वयं नश्यन्ति पराँश्च नाशयन्ति । अतो दृष्टिरागो मोहान्ध्यरूपः । अतो मोहान्ध्यस्य फलं दर्शयति -

मूलम् - अहो विचित्रं मोहान्ध्यं, तदन्धैरिह यज्जनैः ।
दोषा असन्तोऽपीक्ष्यन्ते, परे सन्तोऽपि नाऽऽत्मनि ॥८॥

अन्वयः - अहो ! विचित्रं मोहान्ध्यम्, यत् इह तदन्धैः जनैः परेऽसन्तोऽपि दोषा

અને ઇષ્ટને આપે છે. જેઓ મૈત્રી વગેરે ભાવનાઓને જાણતાં નથી, જાણીને પણ તેમનો અભ્યાસ કરતા નથી, તેમના ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ નાશ પામે છે. તેથી તેમને ધર્મ મળતો નથી અને મળે તો પણ લાંબો સમય ટકતો નથી. તેથી મૈત્રી વગેરે ભાવનાઓના જ્ઞાન અને અભ્યાસ વિનાના જીવોને માટે ધર્મ ખૂબ જ દુર્લભ બને છે.

અહીં કહેવાનો ભાવ આવો છે - ધર્મની પ્રાપ્તિ માટે મૈત્રી વગેરે ભાવનાઓ પહેલા જાણવી અને પછી તેમનો અભ્યાસ કરવો. આમ ધર્મ સુલભ બને છે. (૭)

અવતરણિકા - મોહથી હણાયેલા ચિત્તવાળા જીવો મૈત્રી વગેરે ભાવનાઓને ભાવતાં નથી. તેથી દૃષ્ટિરાગથી ગ્રસ્ત થયેલા તેઓ સ્વયં નાશ પામે છે અને બીજાને નાશ પમાડે છે. તેથી દૃષ્ટિરાગ એ મોહના અંધાપા જેવો છે. માટે મોહના અંધાપાનું ફળ બતાવે છે -

શબ્દાર્થ - અરે ! મોહનો અંધાપો વિચિત્ર છે, કેમકે અહીં તેનાથી આંધળા

---

१. तदन्धैरपि - D, KI

ईक्ष्यन्ते, आत्मनि सन्तोऽपि (दोषा) न (ईक्ष्यन्ते) ॥८॥

पद्मीया वृत्तिः - अहोशब्द आश्चर्ये, **विचित्रं** - अविद्यमानस्य दर्शकम्, **मोहान्ध्यम्** - अन्धस्य भाव इति आन्ध्यम्, येन न दृश्यते तदान्ध्यम्, मोहेन कृतमान्ध्यमिति मोहान्ध्यम्, **यत्** - यस्मात् कारणात्, **इह** - अस्मिन्संसारे, **तदन्धैः** - तेन-दृष्टिरागरूपेण मोहेन अन्धाः-विवेकचक्षुर्विकला इति मोहान्धाः, तैः, **जनैः** - लोकैः, **परे** - आत्मव्यतिरिक्ते, **असन्तः** - अविद्यमानाः, **अपि**शब्दो 'विद्यमाना दोषा ईक्ष्यन्ते एव, अविद्यमाना अपि दोषा ईक्ष्यन्ते' इति द्योतयति, **दोषाः** - क्रोधादयः, **ईक्ष्यन्ते** - दृष्टिगोचरीक्रियन्ते, **आत्मनि** - स्वस्मिन्, **सन्तः** - विद्यमानाः, '**दोषाः**' इत्यत्राक्षिप्यते, **अपि**शब्दो - 'असन्तो दोषा नैव दृश्यन्ते, विद्यमाना अपि दोषा न दृश्यन्ते' इति द्योतयति, **न**शब्दो निषेधे, '**ईक्ष्यन्ते**' इत्यप्यत्राऽऽक्षिप्यते ।

जनश्चक्षुषा पश्यति । चक्षुर्विकलोऽन्धः कथ्यते । विमलचक्षुर्विद्यमानानि वस्तूनि पश्यति, अविद्यमानानि तानि न पश्यति । अन्धोऽविद्यमानानि वस्तूनि तु नैव पश्यति, परन्तु विद्यमानान्यपि तानि न पश्यति । मोहान्ध्यं तु विचित्रम्, यतस्तेनाऽन्धैर्जनैर्विद्यमानानि वस्तूनि न दृश्यन्ते, अविद्यमानानि वस्तूनि दृश्यन्ते । दृष्टिरागरूपेण मोहेन विवेकचक्षुराव्रीयते । ततो जीवो मोहान्धो भवति । ततः स विवेकविकलो भवति । **मोहान्धः परस्मिन्नविद्यमानानपि दोषान्पश्यति, परस्मिन्विद्यमानानपि गुणान्न पश्यति, स्वात्मनि**

લોકોને બીજામાં નહીં રહેલા દોષો પણ દેખાય છે અને પોતાનામાં રહેલા દોષો પણ દેખાતાં નથી. (૫૮)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - માણસ આંખથી જુવે છે. આંખ વગરનો આંધળો કહેવાય છે. નિર્મળ આંખવાળો હાજર રહેલી વસ્તુઓને જુવે છે અને હાજર નહીં રહેલી વસ્તુઓને જોતો નથી. આંધળો હાજર નહીં રહેલી વસ્તુઓને તો નથી જ જોતો, પણ હાજર રહેલી વસ્તુઓ પણ તેને દેખાતી નથી. મોહનો અંધાપો તો વિચિત્ર છે, કેમકે તેનાથી અંધ થયેલાને હાજર રહેલી વસ્તુઓ દેખાતી નથી અને હાજર નહીં રહેલી વસ્તુઓ દેખાય છે. દૃષ્ટિરાગ રૂપી મોહથી વિવેકરૂપી આંખ ઢંકાઈ જાય છે. તેથી જીવ મોહથી આંધળો બને છે. તેથી તે વિવેક વિનાનો બને છે. **મોહથી આંધળો જીવ બીજામાં નહીં રહેલા એવા પણ દોષોને જુવે છે, બીજામાં રહેલા પણ ગુણોને જોતો નથી, પોતાનામાં રહેલા પણ દોષોને જોતો નથી, પોતાનામાં**

विद्यमानानपि दोषान्न पश्यति, स्वात्मन्यविद्यमानानपि गुणान्पश्यति । इत्थं मोहान्ध्यं द्रव्यान्ध्याद्विलक्षणम् । मोहान्ध्यं द्रव्यान्ध्यादशुभतरम् । अतस्तत्सर्वथा हेयम् । द्रव्यान्धो यद्यपि स्वयं न पश्यति तथापि विमलचक्षुषो मनुष्यस्योपदेशानुसारेण स प्रवर्त्तते । ततो दर्शनाऽभावेऽपि स यथावस्थितान्पदार्थान् जानाति । मोहान्धः स्वयं तु नैव पश्यति, तत्त्वद्रष्टुः पुरुषस्योपदेशमपि स नानुसरति । ततः स यथावस्थितान् पदार्थान् न जानाति । तथापि स त्वेवमेव मन्यते यदहं सर्वान् पदार्थाञ्जानामि । इत्थं मोहान्ध्यं विचित्रमशुभतरं चास्ति । ततस्तद्धेयम् ॥८॥

अवतरणिका - मोहान्ध्यस्य फलं प्रदर्श्याऽधुना तस्य स्वरूपं दर्शयति -

मूलम् - मदीयं दर्शनं मुख्यं, पाखण्डान्यपराणि तु ।
मदीय आगमः सारः, परकीयास्त्वसारकाः ॥९॥
तात्त्विका वयमेवान्ये, भ्रान्ताः [१]सर्वेऽप्यतात्त्विकाः ।
इति मत्सरिणो दूरो-त्सारितास्तत्त्वसारतः ॥१०॥ ॥ युग्मम्॥

अन्वयः - मदीयं दर्शनं मुख्यम्, अपराणि (दर्शनानि) तु पाखण्डानि, मदीय आगमः

નહીં રહેલા એવા પણ ગુણોને જુવે છે. આમ મોહનો અંધાપો દ્રવ્યઅંધાપા કરતા જુદો છે. મોહનો અંધાપો દ્રવ્યઅંધાપા કરતા બહુ ખરાબ છે. માટે તેને બધી રીતે છોડવો. દ્રવ્યથી આંધળો જો કે પોતે જોતો નથી તો પણ નિર્મળ આંખવાળા માણસના ઉપદેશને અનુસારે તે પ્રવર્તે છે. તેથી નહીં દેખાવા છતાં પણ તે પદાર્થોને બરાબર જાણે છે. મોહથી આંધળો પોતે તો નથી જ જોતો, પણ તત્ત્વદ્રષ્ટા પુરુષના ઉપદેશને પણ તે અનુસરતો નથી. તેથી તે પદાર્થોને બરાબર જાણતો નથી. છતાં પણ તે તો એમ જ માને છે કે હું બધા પદાર્થોને જાણું છું. આમ મોહનો અંધાપો વિચિત્ર અને ખરાબ છે. માટે તેને છોડવો. (૮)

અવતરણિકા - મોહના અંધાપાનું ફળ બતાવી હવે તેનું સ્વરૂપ બતાવે છે -

શબ્દાર્થ - મારું દર્શન (મારો ધર્મ) મુખ્ય છે, બીજા દર્શનો તો પાખંડ(ઢોંગ)રૂપ છે, મારા આગમ સારભૂત છે, બીજાના આગમો અસાર છે, અમે જ તાત્ત્વિક

---

१. सर्वेऽप्यसात्त्विकाः - DI

सारः, परकीयाः (आगमाः) तु असारकाः, वयमेव तात्त्विकाः, भ्रान्ता अन्ये सर्वेऽप्यतात्त्विकाः, इति (विचार्य) मत्सरिणः तत्त्वसारतो दूरोत्सारिताः (भवन्ति) ॥९॥ ॥१०॥

पद्मीया वृत्तिः - मदीयं - मत्सम्बन्धि, **दर्शनम्** - धर्मः, **मुख्यम्** - प्रधानम्, **अपराणि** - मदीयदर्शनाद्व्यतिरिक्तानि, **दर्शनानी**त्यत्राध्याहार्यम्, **तु** - पुनः, **पाखण्डानि**- असाराणि, **मदीयः** - मदिष्टः, **आगमः** - शास्त्रम्, **सारः** - प्रधानम्, **परकीयाः** - परसम्बन्धिनः, '**आगमाः**' इत्यत्राऽध्याहार्यम्, **तु** - पुनः, **असारकाः**- न सारा इत्यसाराः, असारा एव असारकाः, अप्रधाना इत्यर्थः, **वयम्** - अहं मम चानुयायिनः, **एव**शब्दो - अन्येषां तात्त्विकत्वं व्यवच्छिनत्ति, **तात्त्विकाः** - तत्त्ववेत्तारः, **भ्रान्ताः** - मिथ्यज्ञानवन्तः, **अन्ये** - अस्मद्व्यतिरिक्ताः, **सर्वे** - सकलाः, **अपि**शब्दो न केचित्, किन्तु सर्वेऽपीति द्योतयति, **अतात्त्विकाः** - तत्त्वज्ञानविकलाः, **इति** - अनेन प्रकारेण, '**विचार्य**' इत्यत्राऽध्याहार्यम् **मत्सरिणः** - मत्सरोऽस्ति एषामिति मत्सरिणः-ईर्ष्यां कुर्वाणाः, **तत्त्व-सारतः** - तत्त्वं-वस्तुनः सत्यं स्वरूपम्, तस्य सारः-निस्यन्द इति तत्त्वसारः, तस्मात्, **दूरोत्सारिताः** - दूरं-विप्रकृष्टमुत्सारिताः-क्षिप्ता इति दूरोत्सारिताः, **भवन्ती**त्यत्राऽध्याहार्यम्।

मोहान्धजीवाः परस्परं मत्सरं कुर्वन्ति। ते स्वाभिमतं दर्शनमेव तात्त्विकं मन्यन्ते। अन्यानि दर्शनानि ते बाह्याऽऽडम्बररूपाणि मन्यन्ते। ते स्वाभिमतं शास्त्रमेव कष-छेद-ताप-परीक्षोत्तीर्णं मन्यन्ते। अन्येषां शास्त्राणि ते तत्त्वविकलानि मन्यन्ते। ते स्वात्मानमेव तत्त्वज्ञानिनं मन्यन्ते। अन्याँस्तु ते भ्रान्तान् तत्त्वज्ञानविकलान् मूर्खान् मन्यन्ते। इत्थं तेषां हृदयं मत्सरेण व्याप्तं भवति। ते सर्वत्र स्वात्मानमेव प्रधानभूतमीक्षन्ते। तेऽन्यांस्तुच्छान्

छीએ, ભ્રમવાળા બીજા બધા તત્ત્વ વિનાના છે આ પ્રમાણે ઈર્ષ્યા કરનારા ઈર્ષ્યાળુઓ તત્ત્વરૂપી સારથી દૂર થાય છે. (૯,૧૦)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - મોહથી આંધળા જીવો એક બીજા ઉપર ઈર્ષ્યા કરે છે. તેઓ પોતે માનેલા ધર્મને જ સાચો માને છે. બીજા ધર્મોને તેઓ માત્ર બહારના દેખાવવાળા માને છે. તેઓ પોતે માનેલા શાસ્ત્રને જ કષ-છેદ-તાપની પરીક્ષામાંથી પાર ઊતરેલ માને છે. બીજાના શાસ્ત્રોને તેઓ તત્ત્વ વિનાના માને છે. તેઓ પોતાને જ તત્ત્વજ્ઞાની માને છે, બીજાઓને તો તેઓ ભ્રમવાળા, તત્ત્વ વિનાના અને મૂર્ખ માને છે. આમ તેમનું હૃદય ઈર્ષ્યાથી ભરેલું હોય છે. તેઓ બધે પોતાને જ ચઢિયાતાં માને

गणयन्ति । निर्मत्सरोऽन्येभ्यस्तत्त्वं ज्ञात्वा स्वीयक्षतीः मार्जयति । मत्सरी तु स्वात्मानं सर्वश्रेष्ठं मनुते । अतः सोऽन्येभ्यो न किञ्चिच्छृणोति । ततः स तत्त्वसारतो दूरं क्षिप्तो भवति । स एवं मन्यते अहमेव तत्त्वज्ञानीति । वस्तुतस्तु स एव तत्त्वज्ञानविकलो भवति।

योऽन्धो हस्तिनश्चरणं स्पृष्ट्वा भणति - हस्ती स्तम्भतुल्योऽस्तीति, तस्य ज्ञानं वितथं भवति । विमलचक्षुषो हस्तिनो यथार्थस्वरूपं जानन्ति । एवं मत्सरिणस्तत्त्वैकदेशं ज्ञात्वा भणन्ति - तत्त्वमीदृशं वर्त्तते इति । ततस्तेषां ज्ञानं वितथं भवति । यैस्तत्त्वस्य सर्वतोऽभ्यासः कृतस्त एव तस्यावितथं स्वरूपं जानन्ति । इत्थं मत्सरिणस्तत्त्वज्ञानाद्दूरोज्झिता भवन्ति ॥९॥ ॥१०॥

अवतरणिका - मोहान्ध्येन मत्सरो जायते । ततो मत्सरिणामनर्थं सदृष्टान्तं प्रतिपादयति -

मूलम् - [१]यथाऽऽहतानि भाण्डानि, विनश्यन्ति परस्परम् ।
तथा मत्सरिणोऽन्योन्यं, ही[२]दोषग्रहणाद्धताः ॥११॥

છે. તેઓ બીજાને તુચ્છ ગણે છે. ઈર્ષ્યા વિનાનો માણસ બીજા પાસેથી તત્ત્વ જાણીને પોતાની ભૂલો સુધારે છે. ઈર્ષ્યાળુ તો પોતાને સૌથી ચઢિયાતો માને છે. માટે તે બીજા પાસેથી કંઈ પણ સાંભળતો નથી. તેથી તે તત્ત્વના સારથી દૂર ફેંકાય છે. તે એમ માને છે કે હું જ તત્ત્વજ્ઞાની છું. હકીકતમાં તો તે જ તત્ત્વજ્ઞાન વિનાનો હોય છે.

જે આંધળો માણસ હાથીના પગને અડીને કહે કે હાથી થાંભલા જેવો છે, તેનું જ્ઞાન ખોટું હોય છે. નિર્મળ આંખવાળા માણસો હાથીનું સાચું સ્વરૂપ જાણે છે. એમ ઈર્ષ્યાળુઓ તત્ત્વના એક દેશને જાણીને કહે છે કે તત્ત્વ આવું છે. તેમનું જ્ઞાન ખોટું હોય છે. જેમણે તત્ત્વનો બધી બાજુથી અભ્યાસ કર્યો છે, તેઓ જ તેના સાચા સ્વરૂપને જાણે છે. આમ ઈર્ષ્યાળુઓ તત્ત્વજ્ઞાનથી દૂર ફેંકાઈ જાય છે. (૯,૧૦)

અવતરણિકા - મોહના અંધાપાથી ઈર્ષ્યા થાય છે. તેથી ઈર્ષ્યાળુઓનું નુકસાન દૃષ્ટાન્તપૂર્વક જણાવે છે -

---

१. यथा हतानि - D, E, F। २. दोषग्रहणाहताः - D, H, I, K, दोषग्रहणोद्धताः - L।

अन्वयः - यथा परस्परमाहतानि भाण्डानि विनश्यन्ति, तथा ही अन्योन्यं दोषग्रहणाद् मत्सरिणो हताः ॥११॥

पद्मीया वृत्तिः - **यथा**शब्दो दृष्टान्तोपन्यासे, **परस्परम्** - मिथः, **आहतानि** - ताडितानि, **भाण्डानि** - उपकरणानि, **विनश्यन्ति** - त्रुट्यन्ति, **तथा**शब्दो दार्ष्टान्तिकोपन्यासे, **ही**शब्दः खेदे, **अन्योन्यं** - मिथः, **दोषग्रहणात्** - दोषाणां-दुर्गुणानां ग्रहणम्-चक्षुषा दर्शनं मनसा चिन्तनं वचसा च भाषणमिति दोषग्रहणम्, तस्मात्, **मत्सरिणः** - दृष्टिरागाज्ञावर्त्तित्वादीर्ष्यालवः, **हताः** - विनष्टाः, संसारजलधौ निमग्ना इत्यर्थः ।

भाण्डेषु विविधवस्तूनि स्थाप्यन्ते । परस्परमनाहतानि भाण्डानि चिरमवतिष्ठन्ते बहूपयोगीनि च भवन्ति । यदा तानि परस्परमाहन्यन्ते तदा तानि विनाशमाप्नुवन्ति । ततस्तानि निरर्थकानि भवन्ति । तेषु विद्यमानान्यपि वस्तूनि गलन्ति ।

एवं यदि जीवाः परस्परं दोषग्रहणं न कुर्युस्तर्हि ते चिरमाराधनां कुर्युः । दृष्टिरागमाहात्म्येन जीवा मत्सरिणो भवन्ति । ते परोत्कर्षं न सहन्ते । परगुणान्दृष्ट्वा तेषां मनो दूयते । ततस्ते परस्परं दोषग्रहणं कुर्वन्ति । ते परेषां दोषान् पश्यन्ति चिन्तयन्ति भाषन्ते च । ततस्तेषां स्वगुणा अपगच्छन्ति परदोषाश्च तेष्वागच्छन्ति । **आध्यात्मिकजगतोऽयं**

शब्दार्थ - જેમ એકબીજા સાથે અથડાયેલા વાસણો નાશ પામે છે, તેમ ઈર્ષ્યાળુઓ એકબીજાના દોષો લઈને હણાયેલા છે. (૧૧)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - વાસણોમાં વિવિધ પ્રકારની વસ્તુઓ રખાય છે. એકબીજા સાથે નહીં ટકરાયેલા વાસણો લાંબા સમય સુધી ટકે છે અને બહુ ઉપયોગી બને છે. જ્યારે તેઓ એકબીજા સાથે ટકરાય છે, ત્યારે તેઓ નાશ પામે છે. તેથી તેઓ નકામા બની જાય છે. તેમાં રહેલી વસ્તુઓ પણ ગળવા લાગે છે.

એમ જો જીવો એકબીજાના દોષો ન લે તો તેઓ લાંબા સમય સુધી આરાધના કરી શકે. દૃષ્ટિરાગના પ્રભાવથી જીવો ઈર્ષ્યાળુ બને છે. તેઓ બીજાની ચડતીને સહન કરી શકતા નથી. બીજાના ગુણો જોઈને તેમનું મન દુભાય છે. તેથી તેઓ એકબીજાના દોષો લે છે. તેઓ બીજાના દોષો આંખથી જુવે છે, મનથી વિચારે છે અને વાણીથી બોલે છે. તેથી તેમના પોતાના ગુણો જતા રહે છે અને બીજાના દોષો તેમનામાં આવે છે. **આધ્યાત્મિક જગતનો આ નિયમ છે કે બીજામાં જે દેખાય છે તે પોતાનામાં આવી**

नियमो वर्त्तते - परेषु यद्दृश्यते तदात्मन्यागच्छतीति । परस्मिन् गुणेषु दृष्टेष्वात्मनि गुणा आगच्छन्ति, ततश्चात्मा गुणवान्भवति । परस्मिन्दोषेषु दृष्टेष्वात्मनि दोषा आगच्छन्ति, ततश्चात्मा दोषवान्भवति । मत्सरिणः परगुणान्न पश्यन्ति परदोषाँश्च पश्यन्ति । ततस्ते दोषदुष्टा भवन्ति । ततोऽशुभकर्माणि निबध्य ते चिरं संसारे भ्रमन्ति । तेषु विद्यमाना अपि गुणा गलन्ति । यथा निर्धनो नरः सर्वत्र भ्रमति तथा मत्सरिणो निर्गुणीभूय संसारेऽटन्ति ॥११॥

अवतरणिका - मत्सरिणामनर्थं प्रदर्श्याऽधुना तस्य कारणं दर्शयति -

मूलम् - परं पतन्तं पश्यन्ति, न तु स्वं मोहमोहिताः ।
कुर्वन्तः परदोषाणां, ग्रहणं भवकारणम् ॥१२॥

अन्वयः - भवकारणं परदोषाणां ग्रहणं कुर्वन्तः मोहमोहिताः पतन्तं परं पश्यन्ति, न तु स्वम् (पतन्तं पश्यन्ति) ॥१२॥

पद्यीया वृत्तिः - भवकारणम् - भवः-भवन्ति प्राणिनोऽस्मिन्निति भवः-चातुर्गतिकः संसारः, तस्य कारणम्-हेतुरिति भवकारणम्, तत्कर्मताऽऽपन्नम्, **परदोषाणाम्**-परेषां-स्वस्मादन्येषां दोषाः-अपगुणा इति परदोषाः, तेषां, **ग्रहणम्** - दर्शनं चिन्तनं भाषणञ्च, **कुर्वन्तः** - अनुतिष्ठन्तः, **मोहमोहिताः** - मोहः-दृष्टिरागरूपः, तेन मोहिताः-आन्ध्यमापादिता इति मोहमोहिताः, **पतन्तम्** - गुणह्रासेन संसारे निमज्जन्तम्, **परम्** - स्वव्यतिरिक्तम्, **पश्यन्ति** - निभालयन्ति, **न**शब्दो निषेधे, **तु** - पुनः, **स्वम्** - आत्मानम्, '**पतन्तं**

જાય છે. બીજામાં ગુણો દેખાય તો પોતાનામાં ગુણો આવે, તેથી આત્મા ગુણવાન બને. બીજામાં દોષો દેખાય તો પોતાનામાં દોષો આવે અને તેથી આત્મા દોષવાળો બને. ઈર્ષ્યાળુઓ બીજાના ગુણોને જોતાં નથી અને બીજાના દોષોને જુવે છે. તેથી તેઓ દોષોથી દુષ્ટ બને છે. તેથી અશુભ કર્મો બાંધીને તેઓ લાંબા સમય સુધી સંસારમાં ભમે છે. તેમનામાં રહેલા પણ ગુણો જતાં રહે છે. જેમ નિર્ધન માણસ બધે ભમે છે, તેમ ઈર્ષ્યાળુઓ નિર્ગુણ બનીને સંસારમાં ભટકે છે. (૧૧)

અવતરણિકા - ઈર્ષ્યાળુઓનું નુકસાન બતાવી હવે તેનું કારણ બતાવે છે -

શબ્દાર્થ - સંસારના કારણરૂપ બીજાના દોષોનું ગ્રહણ કરનારા, મોહથી મોહિત થયેલા જીવો બીજાને પડતો જુવે છે, પોતાને પડતો જોતાં નથી. (૧૨)

पश्यन्ति' इत्यत्राऽऽक्षिप्यते।

परदोषग्रहणं त्रिविधं-परदोषदर्शनं परदोषचिन्तनं परदोषभाषणञ्च। चक्षुषा परदोषाणामवलोकनं परदोषदर्शनम्, परदोषदर्शनेन जनो दोषदृष्टिर्भवति। ततः स परस्मिन्दोषानेव पश्यति। स परस्मिन्गुणान्द्रष्टुं न शक्नोति। स वायसतुल्यो भवति। वायसः शुचिपदार्थं परित्यज्य स्वचञ्चुनाऽशुचिमास्वादयति। एवं मोहमोहितो मत्सरी परगुणान्परित्यज्य स्वचक्षुषा परदोषाणां पानं करोति। दोषा अशुचिरूपाः। परदोषचिन्तनेन मनो मलिनीभवति। परदोषभाषणेन जिह्वा मलिमसीभवति। पराशुचिना स्वात्मनः खरण्टनं तु मौर्ख्यमेव। परदोषभाषणं निन्दारूपम्। निन्दको निन्दया परं शुचीकरोति स्वात्मानञ्च मलिनीकरोति। परदोषचिन्तनेन शनैः शनैः स्वात्माऽपि दोषदुष्टो भवति। इत्थं परदोषग्रहणेन न कोऽपि लाभो जायते। प्रत्युत परदोषग्रहणेन स्वात्मा दोषैर्भ्रियते। तत आत्माऽशुभकर्माणि बद्ध्वा स्वजन्ममरणपरम्परां वर्धयति। इत्थं परदोषग्रहणं संसारवृद्धेः कारणं भवति। परदोषग्राहकः संसारे पतति। परदोषग्राहकस्य ज्ञानं मोहेनाऽऽच्छादितं भवति। परदोषान्दृ-

---

पद्मीयावृत्तिनो भावानुवाद - બીજાના દોષોનું ગ્રહણ ત્રણ રીતે થાય - બીજાના દોષોને જોવા, બીજાના દોષોને વિચારવા અને બીજાના દોષોને બોલવા. આંખથી બીજાના દોષો જોવા તે પરદોષદર્શન. પરદોષદર્શનથી વ્યક્તિ દોષદૃષ્ટિવાળો થાય છે. તેથી તેને બીજામાં દોષો જ દેખાય છે. તેને બીજામાં ગુણો દેખાતાં નથી. તે કાગડા જેવો બને છે. કાગડો સારી વસ્તુ છોડીને પોતાની ચાંચથી ખરાબ વસ્તુને ખાય છે. એમ મોહથી મોહિત થયેલો ઈર્ષ્યાળુ બીજાના ગુણોને છોડીને પોતાની આંખથી બીજાના દોષોનું પાન કરે છે. દોષો ખરાબ છે. બીજાના દોષો વિચારવાથી મન મેલું થાય છે. બીજાના દોષો બોલવાથી જીભ મેલી થાય છે. બીજાના મેલથી પોતાને ખરડવો એ તો મૂર્ખતા છે. બીજાના દોષો બોલવા એ નિંદારૂપ છે. નિંદક નિંદાથી બીજાને પવિત્ર કરે છે અને પોતે મેલો થાય છે. બીજાના દોષો વિચારવાથી ધીમે ધીમે આત્મા પોતે દોષવાળો થાય છે. આમ બીજાના દોષ લેવાથી કોઈ પણ ફાયદો નથી. ઊલટું બીજાના દોષો લેવાથી પોતાનો આત્મા દોષોથી ભરાય છે. પછી આત્મા અશુભ કર્મો બાંધીને પોતાના જન્મ-મરણની પરંપરા વધારે છે. આમ બીજાના દોષો લેવા એ સંસાર વધારવાનું કારણ છે. બીજાના દોષો લેનાર સંસારમાં પડે છે. બીજાના દોષો લેનારનું જ્ઞાન મોહથી આવરાઈ જાય છે. બીજાના દોષો

ष्ट्वा स चिन्तयति - अयं दोषभाराक्रान्तः संसारे पतिष्यतीति । स एवं न चिन्तयति - 'अहमपि दोषवानेव । अहं तु ततोऽप्यधिकदोषवान्, यतो मयि परदोषदर्शनरूपो महान् दोषोऽस्ति । यदि स संसारे पतिष्यति तर्ह्यहं तु ततोऽप्यधः पतिष्यामि ।' इति । काचकामली मनुष्यः शङ्खं पीतं पश्यति । स शङ्खस्य श्वेतत्वं न पश्यति । एवं दृष्टिरागेण मोहितः परदोषग्राहको जीवः स्वात्मनो दोषदुष्टत्वं संसारे पतनञ्च न पश्यति ॥१२॥

अवतरणिका - मत्सरिणः परदोषान्पश्यन्तीत्युक्तम् । अधुना तत्प्रतिपक्षभूतस्य स्वदोषदर्शनस्य माहात्म्यं प्रतिपादयति -

मूलम् - यथा परस्य पश्यन्ति, दोषान्यद्यात्मनस्तथा ।
सैवाजरामरत्वाय, रससिद्धिस्तदा[1] नृणाम् ॥१३॥

अन्वयः - यथा (नराः) परस्य दोषान् पश्यन्ति तथा यदि आत्मनः (दोषान् पश्येयुः) तदा नृणामजरामरत्वाय सैव रससिद्धिः ॥१३॥

पद्मीया वृत्तिः - **यथा**शब्दो दृष्टान्तोपन्यासे, **नरा** इत्यत्राध्याहार्यम्, **परस्य** - स्वभिन्नस्य, **दोषान्** - स्खलनानि, **पश्यन्ति** - चिन्तयन्ति, **तथा**शब्दो दार्ष्टान्तिकोपन्यासे, **यदि**शब्दः सम्भावने, **आत्मनः** - स्वस्य, **'दोषान्पश्येयुः'** इत्यत्राध्याहार्यम्, **तदा** - तर्हि, **नृणाम्** - मनुष्याणां, **अजरामरत्वाय** - न विद्यते जरा-वार्धक्यरूपा येषां

જોઈને તે વિચારે છે કે, 'દોષોના ભારથી દબાયેલો આ સંસારમાં પડશે.' તે એમ નથી વિચારતો કે, 'હું પણ દોષવાળો જ છું. મારામાં તો તેના કરતાં પણ વધુ દોષો છે, કેમકે મારામાં બીજાના દોષો જોવારૂપ મહાન દોષ છે. જો તે સંસારમાં પડશે તો હું તો તેના કરતાં પણ નીચે પડીશ.' કમળાવાળા માણસને શંખ પીળો દેખાય છે. તેને શંખ સફેદ દેખાતો નથી. એમ દૃષ્ટિરાગથી મોહ પામેલા, બીજાના દોષો લેનારા જીવને પોતાનું દોષોથી દૂષિતપણું અને સંસારમાં પડવાનું દેખાતું નથી. (૧૨)

અવતરણિકા - ઈર્ષ્યાળુ બીજાના દોષોને જુવે છે, એમ કહ્યું. હવે તેના પ્રતિપક્ષરૂપ પોતાના દોષોને જોવાનું માહાત્મ્ય બતાવે છે -

શબ્દાર્થ - જેમ મનુષ્યો બીજાના દોષોને જુવે છે, તેમ જો પોતાના દોષોને જુવે તો મનુષ્યોને અજરામર બનવા માટે તે જ રસસિદ્ધિ છે. (૧૩)

१. तथा - A

तेऽजराः, न म्रियन्ते इति अमराः, अजराश्च ते अमराश्चेति अजरामराः, तेषां भाव इति अजरामरत्वम्-वृद्धत्वमरणरहितत्वम्, सिद्धत्वमित्यर्थः, तस्मै, **सा** - स्वदोषदृष्टिः, **एव**शब्दो अन्येषां रससिद्धित्वस्य व्यवच्छेदार्थम्, **रससिद्धिः** - रसः-जीवाऽयसः सिद्धसुवर्ण-निष्पादकः, तस्य सिद्धिः-निष्पत्तिरिति रससिद्धिः ।

नराः परदोषदर्शने निपुणा उद्यमशीलाश्च भवन्ति । ते परदोषान् सूक्ष्मेक्षिकया पश्यन्ति । परदोषदर्शनार्थं तेषां ज्ञानावरणक्षयोपशमस्तीव्रतरो भवति । परदोषदर्शनार्थं ते भृशं प्रयत्नशीला भवन्ति । तदर्थं ते स्वकार्यमपि विस्मरन्ति ।

नरैः परदोषा न द्रष्टव्याः, परन्तु स्वदोषदर्शने एव तैस्तथैव निपुणैः प्रयत्नशीलैश्च भवितव्यम् । तैः सूक्ष्मेक्षिकया स्वदोषा गवेषणीयाः । तैर्गुणवद्भासमाना अपि दोषा दोषत्वेन निश्चेतव्याः । तैः स्वदोषदर्शनार्थं भृशं प्रयतितव्यम् । तैः स्वदोषेषु दृष्टेषु तदुद्धारार्थमुपायाश्चिन्तनीयास्तदनुसारेण चोद्यमो कर्त्तव्यः । एवंकरणेन दोषापगमो भवति । सर्वथा दोषाभावे जाते मुक्तिर्भवति । **सर्वदोषाभाव एव मुक्तिः** । रसविशेषस्पर्शादयः सुवर्णीभवति । तस्य रसस्य निष्पत्ती रससिद्धिरित्युच्यते । एवं स्वदोषदर्शने जाते

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - મનુષ્યો બીજાના દોષ જોવામાં હોંશિયાર અને ઉદ્યમવાળા હોય છે. તેઓ બીજાના દોષો ઝીણી નજરથી જુવે છે. બીજાના દોષ જોવા માટે તેમનો જ્ઞાનાવરણકર્મનો ક્ષયોપશમ જોરદાર હોય છે. બીજાના દોષો જોવા માટે તેઓ બહુ પ્રયત્નશીલ હોય છે. તેની માટે તેઓ પોતાના કાર્યને પણ ભૂલી જાય છે.

મનુષ્યોએ પોતાના દોષો જોવામાં પણ તે જ રીતે હોંશિયાર અને પ્રયત્નવાળા થવું. તેમણે ઝીણી નજરથી પોતાના દોષો શોધવા. તેમણે ગુણો જેવા લાગતાં પણ દોષો દોષ તરીકે નક્કી કરવા. તેમણે પોતાના દોષો જોવા માટે બહુ પ્રયત્નો કરવા. તેમણે પોતાના દોષો દેખાય એટલે તેને દૂર કરવાના ઉપાયો વિચારવા અને તે પ્રમાણે ઉદ્યમ કરવો. આમ કરવાથી દોષો દૂર થાય છે. બધા દોષો દૂર થવા પર મોક્ષ થાય છે. **બધા દોષોનો અભાવ એ જ મોક્ષ છે.** વિશેષ પ્રકારના રસના સ્પર્શથી લોઢું સુવર્ણ બની જાય છે. તે રસનું બનવું તે રસસિદ્ધિ કહેવાય છે. એમ પોતાના દોષો દેખાવાથી પશ્ચાત્તાપ કરવો, આલોચના કરવી, પ્રાયશ્ચિત્ત લેવું,

पश्चात्ताप-आलोचन-प्रायश्चित्त-प्रतिक्रमण-गुणार्जन-धर्माराधनादिक्रमेण जीवः सिद्धो भवति। ततः स्वदोषदर्शनमेव रससिद्धिरिति कथितम्। स्वदोषदर्शनरससिद्ध्या जीवाऽयः सिद्धसुवर्णीभवति। मुक्तौ जन्माभावो जराऽभावो मरणाभवश्च वर्त्तते। अतोऽजरामरत्वमिति मुक्तत्वस्यैव नामान्तरम्।

अयमत्र सारः - स्वदोषदृष्टिर्विकसितव्या। तयैव मोक्षो भविष्यति ॥१३॥

अवतरणिका - मत्सरिणः परदोषग्रहणं कुर्वन्ति स्वदोषदर्शनञ्च न कुर्वन्तीत्युक्तम्। ततस्तेषां समत्वं न विद्यते इति प्रतिपादयति -

मूलम् - रागद्वेषविनाभूतं, साम्यं तत्त्वं यदुच्यते।
स्वशंसिनां क्व तत्तेषां, परदूषणदायिनाम् ॥१४॥

अन्वयः - यद् रागद्वेषविनाभूतं साम्यं तत्त्वमुच्यते, तत् परदूषणदायिनां स्वशंसिनां तेषां क्व (विद्यते) ? ॥१४॥

पद्मीया वृत्तिः - यद् - वक्ष्यमाणम्, **रागद्वेषविनाभूतम्** - रागद्वेषाभ्यां-पूर्वोक्ताभ्यां विना-ऋते भूतम्-सञ्जातमिति रागद्वेषविनाभूतम्, रागद्वेषाभावनिर्मितमित्यर्थः **साम्यं** -

---

પ્રતિક્રમણ કરવું (દોષોથી પાછા હટવું), ગુણો મેળવવા, ધર્મારાધના કરવી વગેરે ક્રમે જીવ સિદ્ધ થાય છે. તેથી પોતાના દોષો જોવા એ જ રસસિદ્ધિ છે એમ કહ્યું. પોતાના દોષોને જોવા રૂપ રસસિદ્ધિથી જીવરૂપી લોઢું સિદ્ધરૂપી સુવર્ણ બની જાય છે. મોક્ષમાં જન્મ નથી, ઘડપણ નથી અને મરણ નથી. માટે અજરામરપણું એ મોક્ષનું જ બીજું નામ છે.

અહીં સાર આ પ્રમાણે છે - પોતાના દોષો જોવાની દૃષ્ટિનો વિકાસ કરવો. તેનાથી જ મોક્ષ થશે. (૧૩)

અવતરણિકા - ઈર્ષ્યાળુઓ બીજાના દોષોને ગ્રહણ કરે છે અને પોતાના દોષો જોતાં નથી એમ કહ્યું. તેથી તેમનામાં સમતા હોતી નથી એ જણાવે છે -

શબ્દાર્થ - જે રાગ-દ્વેષ વિનાનું સામ્ય એ તત્ત્વ કહેવાય છે, તે બીજાને દોષ આપનારા અને પોતાની પ્રશંસા કરનારા એવા તેમની (દૃષ્ટિરાગથી મોહિત થવાથી ઈર્ષ્યાળુ બનેલાની) પાસે ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય. (૧૪)

समस्य भाव इति साम्यम्, **तत्त्वम्** - ऐदम्पर्यम्, सार इति यावत्, **उच्यते** - पूर्वमहर्षिभिः कथ्यते, **तत्** - साम्यम्, **परदूषणदायिनाम्** - परेभ्यः-स्वान्येभ्यो दूषणम्-दोषं दातुम्-अर्पयितुं शीलमेषामिति परदूषणदायिनः, तेषां, **स्वशंसिनाम्** - स्वम्-आत्मानं शंसितुम्-श्लाघितुं शीलमेषामिति स्वशंसिनः, तेषां, **तेषाम्** - दृष्टिरागमोहितानां मत्सरिणाम्, **क्व** - कुत्र, '**विद्यते**' इत्यत्राध्याहार्यम्, न विद्यते इत्यर्थः ।

जिनशासनस्य सारः समता । सर्वासामाराधनानां सारः समता । इयं समता रागद्वेषाऽपगमेन भवति । रागद्वेषाऽपगमाय प्रयतितव्यमिति जिनाज्ञा । यदुक्तं **महोपाध्यायश्रीयशोविजयगणिवरैः - 'किं बहुणा इह जह जह, रागद्दोसा लहुं विलिज्जंति । तह तह पयट्टियव्वं, एसा आणा जिणिंदाणं ॥' (गुरुतत्त्वविनिश्चयः ४/१६५, धर्मपरीक्षा १०३, अध्यात्ममतपरीक्षा १८३, सामाचारी प्रकरणम् १००)** (**छाया** - किं बहुना इह यथा यथा, रागद्वेषौ लघु विलीयेते । तथा तथा प्रवर्त्तितव्यं, एषा आज्ञा जिनेन्द्राणाम् ॥) रागद्वेषक्षयेण समत्वमाप्यते, समतया च सिद्धिरासन्नीभवति । सर्वत्र तथा प्रवर्त्तितव्यं यथा रागद्वेषौ न भावतः । यत्र रागद्वेषौ भवतो बाह्यदृष्ट्या दृश्यमाना साऽऽराधनाऽपि तत्त्वतो विराधनैव । रागद्वेषनाशेन सञ्जातं साम्यं जिनशासनस्य सारः । साम्येन मोहो नश्यति । साम्येन मुक्तिः प्राप्यते । यदुक्तं **साम्यशतके - 'योगग्रन्थमहाम्भोधि-मवमथ्य मनोमथा ।**

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - જિનશાસનનો સાર સમતા છે. બધી આરાધનાઓનો સાર સમતા છે. આ સમતા રાગ-દ્વેષ દૂર થવાથી થાય છે. રાગદ્વેષને દૂર કરવા પ્રયત્ન કરવો એ જિનાજ્ઞા છે. **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે** કહ્યું છે - 'અહીં વધુ કહેવાથી શું ? જેમ જેમ રાગદ્વેષ શીઘ્ર નાશ પામે તેમ તેમ પ્રવર્તવું - એ જિનેશ્વર ભગવંતોની આજ્ઞા છે.' (**ગુરુતત્ત્વવિનિશ્ચય ૪/૧૬૫, ધર્મપરીક્ષા ૧૦૩, અધ્યાત્મમતપરીક્ષા ૧૮૩, સામાચારી પ્રકરણ ૧૦૦**) રાગ-દ્વેષના ક્ષયથી સમતા આવે છે અને સમતાથી મોક્ષ નજીક થાય છે. બધે તેવી રીતે પ્રવર્તવું કે જેથી રાગદ્વેષ ન થાય. જ્યાં રાગ-દ્વેષ થાય છે, બાહ્યદૃષ્ટિથી દેખાતી તે આરાધના પણ હકીકતમાં વિરાધના જ છે. રાગદ્વેષના નાશથી થતી સમતા જિનશાસનના સારરૂપ છે. સમતાથી મોહ નાશ પામે છે. સમતાથી મુક્તિ મળે છે. **સામ્યશતક**માં કહ્યું છે - 'મનના રવૈયાથી યોગગ્રંથોરૂપી મોટા સમુદ્રનું મંથન કરીને સામ્યરૂપી અમૃતને

साम्यामृतं समासाद्य, सद्यः प्राप्नुहि निर्वृतिम् ॥९७॥' ये परापवादान्भाषन्ते स्वगुणाँश्च प्रशंसन्ति तेषां साम्यं न विद्यते। समस्तु सर्वत्र समदर्शी भवति। स स्वपरयोर्भेदं न करोति। स यथा स्वस्मिन्वर्त्तते तथा परस्मिन्वर्त्तते, यथा परस्मिन्वर्त्तते तथा स्वस्मिन्वर्त्तते। दृष्टिरागमोहिता मत्सरिणः परेषां दोषान्वदन्ति स्वात्मनाञ्च गुणानुवादं कुर्वन्ति। ते परेषां सदसद्दोषान्भाषन्ते ते परेषां सतो गुणान्न वदन्ति। ते स्वात्मनां सदसद्गुणान्भाषन्ते। ते स्वात्मनां सतो दोषान्न वदन्ति। अनेनेदं व्यज्यते यत्ते परेषु द्विष्टाः सन्ति स्वात्मसु च रागिणः सन्ति। यत्र द्वेषो भवति तत्र दोषा दृश्यन्ते गुणाश्च तिरोभवन्ति। यत्र रागो भवति तत्र गुणा दृश्यन्ते दोषाश्च तिरोभवन्ति। मत्सरिणः परदोषभाषिणः स्वगुणवादिनश्च सन्ति। ततस्ते रागद्वेष-कलङ्किताः सन्ति। रागद्वेषविनाशसञ्जातं साम्यं तेषां न विद्यते। यद्यपि स्वस्वदर्शनमतानुसारेण ते धर्माराधनां कुर्वन्ति तथापि मत्सराकुलत्वेन ते परदोषान्स्वगुणाँश्च वदन्ति, अतस्तेषां साम्यं

પામીને શીઘ્ર નિર્વાણને પામ. (૯૭)' જેઓ બીજાના દોષો બોલે છે અને પોતાના ગુણોને પ્રશંસે છે, તેમનામાં સમતા હોતી નથી. સમતાવાળો બધે સમાન રીતે જોનારો હોય છે. તે પોતાનો અને બીજાનો ભેદ કરતો નથી. તે જે રીતે પોતાને વિષે વર્તે છે તે રીતે બીજાને વિષે વર્તે છે અને જે રીતે બીજાને વિષે વર્તે છે તે રીતે પોતાને વિષે વર્તે છે. દૃષ્ટિરાગથી મોહ પામેલા ઈર્ષ્યાળુઓ બીજાના દોષોને બોલે છે અને પોતાના ગુણાનુવાદ કરે છે. તેઓ બીજાના સાચા-ખોટા દોષો બોલે છે. તેઓ બીજામાં રહેલ ગુણો બોલતાં નથી. તેઓ પોતાના સાચા-ખોટા ગુણો બોલે છે. તેઓ પોતાનામાં રહેલ દોષોને બોલતાં નથી. આનાથી એ વાત પ્રગટ થાય છે કે તેઓ બીજા ઉપર દ્વેષવાળા છે અને પોતાની ઉપર રાગવાળા છે. જ્યાં દ્વેષ હોય છે ત્યાં દોષો દેખાય છે અને ગુણો ઢંકાઈ જાય છે. જ્યાં રાગ હોય છે ત્યાં ગુણો દેખાય છે અને દોષો ઢંકાઈ જાય છે. ઈર્ષ્યાળુઓ બીજાના દોષો બોલનારા અને પોતાના ગુણો બોલનારા હોય છે. તેથી તેઓ રાગદ્વેષથી કલંકિત હોય છે. રાગદ્વેષના નાશથી થતી સમતા તેમનામાં હોતી નથી. જો કે પોતપોતાના ધર્મની માન્યતા પ્રમાણે તેઓ ધર્મની આરાધના કરે છે, છતાં પણ ઈર્ષ્યાથી આકુળ હોવાથી તેઓ બીજાના દોષોને અને પોતાના ગુણોને બોલે છે. માટે તેમની સમતા હણાય છે. તેથી તેમનો મોક્ષ દૂર થાય છે. તેઓ આરાધનાના માર્ગથી ભ્રષ્ટ થાય છે.

विहन्यते। ततस्तेषां मुक्तिर्दूरवर्त्तिनी भवति। ते आराधनामार्गाच्च्युता भवन्ति।

इदमत्र तात्पर्यम् - मुक्तिकाङ्क्षिभिः समत्वमवलम्बनीयम्। तत्कृते परदोषा न वक्तव्याः स्वगुणाश्च न शंसितव्याः ॥१४॥

अवतरणिका - मत्सरिणः साम्यं तत्त्वं नाऽप्नुवन्तीति दर्शितम्। अधुना साम्यतत्त्वस्य स्वरूपं कथयति -

मूलम् - मानेऽपमाने निन्दायां, स्तुतौ वा लेष्टुकाञ्चने।
जीविते मरणे लाभा-लाभे रङ्के महर्द्धिके ॥१५॥
शत्रौ मित्रे [१]सुखे दुःखे, हृषीकार्थे शुभाशुभे।
सर्वत्रापि यदेकत्वं, तत्त्वं तद्भेद्यतां (वेद्यतां) परम् ॥१६॥
॥ युग्मम् ॥

अन्वयः - मानेऽपमाने निन्दायां स्तुतौ लेष्टुकाञ्चने जीविते मरणे लाभालाभे रङ्के महर्द्धिके शत्रौ मित्रे सुखे दुःखे शुभाशुभे हृषीकार्थे वा सर्वत्रापि यद् एकत्वं तत् परं तत्त्वं भेद्यताम् (वेद्यताम्) ॥१५॥ ॥१६॥

અહીં તાત્પર્ય આ પ્રમાણે છે - મોક્ષને ઝંખનારાઓએ સમતાનું અવલંબન કરવું. તેની માટે તેમણે બીજાના દોષો ન બોલવા અને પોતાના ગુણોની પ્રશંસા ન કરવી. (૧૪)

અવતરણિકા - ઈર્ષ્યાળુઓ સામ્ય તત્ત્વને પામતાં નથી એ બતાવ્યું. હવે સામ્ય તત્ત્વનું સ્વરૂપ કહે છે -

શબ્દાર્થ - માનમાં, અપમાનમાં, નિંદામાં, પ્રશંસામાં, ઢેફામાં, સોનામાં, જીવનમાં, મરણમાં, લાભમાં, નુકસાનમાં, ભિખારીમાં, ધનવાનમાં, દુશ્મનમાં, મિત્રમાં, સુખમાં, દુઃખમાં કે ઈન્દ્રિયોના સારા-ખરાબ વિષયોમાં આ બધામાં જે એકતા (સમતા) તે શ્રેષ્ઠ તત્ત્વ જાણો. (૧૫,૧૬)

---

१. दुःखे सुखे - G।

पद्मीया वृत्तिः - माने - स्वोत्कर्षपरापकर्षरूपे, **अपमाने** - स्वापकर्षपरोत्कर्षरूपे, **निन्दायां** - दोषभाषणरूपायां, **स्तुतौ** - गुणवादरूपायाम्, **लेष्टुकाञ्चने** - लेष्टुः-मृत्स-ङ्घातरूपः, काञ्चनम्-हेम, लेष्टुश्च काञ्चनञ्चेति तयोः समाहार इति लेष्टुकाञ्चनम्, तस्मिन्, **जीविते** - जीवने, **मरणे** - देहत्यागरूपे, **लाभालाभे** - लाभः-प्राप्तिः, अलाभः-अप्राप्तिः, लाभश्चालाभश्चेति तयोः समाहार इति लाभालाभम्, तस्मिन्, **रङ्के** - दरिद्रे, **महर्द्धिके** - महती-अतिशायिनी ऋद्धिः-धनादिरूपा यस्य स महर्द्धिकः-धनवान्, तस्मिन्, **शत्रौ** - अपकारकर्त्तरि, **मित्रे** - वयस्ये, **सुखे** - सातवेदनरूपे, **दुःखे** - असातवेदनरूपे, **शुभाशुभे** - शुभः-सुन्दरः, अशुभः-असुन्दरः, शुभश्चाशुभश्चेति तयोः समाहार इति शुभाशुभम्, तस्मिन्, **हृषीकार्थे** - हृषीकाणां-इन्द्रियाणामर्थः-विषय इति हृषीकार्थः, तस्मिन्, **वा**शब्दो विकल्पार्थे, **सर्वत्र** - सर्वविषयेषु, **अपि**शब्दो नैकस्मिन् किन्तु सर्वस्मिन्नपीति द्योतयति, **यत्** - वक्ष्यमाणम्, **एकत्वम्** - एकस्य भाव इति एकत्वम्-समत्वम्, **तत्** - एकत्वम्, **परम्** - श्रेष्ठम्, **तत्त्वम्** - जिनशासनस्य सारः, **भेद्यताम् (वेद्यताम्)** - अवगम्यताम् ।

अस्माकं पुण्योदये परो मानं ददाति । अस्माकं पापोदये परोऽपमानं ददाति । मानेऽपमाने वा परो निमित्तमात्रम् । मानापमानकारि तु स्वकर्म । ततो मानेऽपमाने वा प्राप्ते तत्कर्त्तरि परस्मिन् रागद्वेषौ न कार्यौ, परन्तु कर्मोदयं विचिन्त्य मानेऽपमाने वा समत्वमवलम्बनीयम् ।

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - માન એટલે પોતાનો ઉત્કર્ષ અને બીજાનો અપકર્ષ. અપમાન એટલે પોતાનો અપકર્ષ અને બીજાનો ઉત્કર્ષ. દોષો બોલવા તે નિંદા. ગુણો બોલવા તે સ્તુતિ. સાતાવેદનીયનો અનુભવ તે સુખ. અસાતાવેદનીયનો અનુભવ તે દુઃખ.

આપણો પુણ્યોદય હોય તો બીજા માન આપે છે. આપણો પાપોદય હોય તો બીજા અપમાન કરે છે. માનમાં કે અપમાનમાં બીજા તો માત્ર નિમિત્ત છે. માન-અપમાન કરનાર તો પોતાના કર્મ છે. તેથી માન મળે તો માન આપનાર ઉપર રાગ ન કરવો અને અપમાન મળે તો અપમાન કરનાર ઉપર દ્વેષ ન કરવો; પણ કર્મોનો ઉદય વિચારીને માનમાં કે અપમાનમાં સમતા રાખવી.

निन्दां स्तुतिञ्च परः करोति । अस्माकं ताभ्यां किम् ? निन्दकोऽस्माकं दोषान्वदति। स्तोताऽस्माकं गुणान्वदति । परकृतनिन्दयाऽस्मासु दोषा न प्रादुर्भवन्ति । परकृतस्तुत्याऽस्मासु गुणा न प्रादुर्भवन्ति । यदि निन्दकोऽस्माकं सद्भूतान्दोषान्वक्ति तर्ह्यस्माभिस्तद्वचनं स्वीकृत्य दोषापगमार्थं यतनीयम् । यदि निन्दकोऽस्माकमसद्भूतान्दोषान्वक्ति तर्ह्यस्माभिस्तद्भाषणं मनसि न धर्त्तव्यम् । श्वा भषति, न च तेनाऽस्माकं किमपि हीयते। यदि स्तोताऽस्माकं सद्भूतान्गुणान्कथयति तर्ह्यस्माभिश्चिन्तनीयं -मत्तोऽप्यधिकगुणवन्तः पूर्वमनेका महापुरुषाः सञ्जाता इति । यदि स्तोताऽस्माकमसद्भूतान्गुणान्वक्ति तर्ह्यस्माभिस्तद्भाषणं मनसि न धर्त्तव्यं यद्वा तदुक्तगुणप्राप्त्यर्थं प्रयतनीयम् । इत्थं निन्दायां स्तुतौ वा मनः समं भवति ।

लेष्टुकाञ्चने द्वेऽपि पृथ्वीकायशरीररूपे । मनुष्यैर्लेष्टुर्मूल्यरहितो निश्चितः काञ्चनञ्च बहुमूल्यं कल्पितम् । तत्त्वदृष्ट्या तु चिन्त्यमाने द्वेऽपि समस्वरूपे । इत्थं चिन्तनेन लेष्टौ काञ्चने वा मनः समीभवति ।

નિંદા અને પ્રશંસા બીજા કરે છે. આપણને તેનાથી શું ફાયદો ? નિંદક આપણા દોષો બોલે છે. સ્તુતિ કરનારા આપણા ગુણો બોલે છે. બીજાએ કરેલી નિંદાથી આપણામાં દોષો આવી જતાં નથી. બીજાએ કરેલી પ્રશંસાથી આપણામાં ગુણો આવી જતાં નથી. જો નિંદક આપણા સાચા દોષો બોલતો હોય તો આપણે તેનું વચન સ્વીકારીને દોષોને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. જો નિંદક આપણા ખોટા દોષો બોલતો હોય તો આપણે તેના બોલવા ઉપર ધ્યાન ન આપવું જોઈએ. કૂતરો ભસે છે, એનાથી આપણું કંઈ બગડતું નથી. જો સ્તુતિ કરનાર આપણા સાચા ગુણોને કહે છે, તો આપણે વિચારવું કે મારા કરતાં પણ વધુ ગુણવાળા પૂર્વે અનેક મહાપુરુષો થઈ ગયા. જો સ્તુતિ કરનાર આપણા ખોટા ગુણો બોલે તો આપણે તેના બોલવા ઉપર ધ્યાન ન આપવું અથવા તેણે કહેલા ગુણો મેળવવા પ્રયત્ન કરવો. આમ નિંદામાં કે પ્રશંસામાં સમાન બનવું.

ઢેફું અને સોનું બન્ને ય પૃથ્વીકાયના શરીર સ્વરૂપ છે. મનુષ્યોએ એકની કિંમત વધુ નક્કી કરી અને બીજાને મૂલ્યરહિત માન્યો. તત્ત્વદૃષ્ટિથી વિચારતાં તો બન્નેયનું સ્વરૂપ સમાન છે. આમ વિચારવાથી ઢેફાં ઉપર અને સોના ઉપર મન સમાન બને છે.

अञ्जलिगतजलवज्जीवितं प्रतिक्षणं गलति । ततो जीविते रागो न कर्त्तव्यः । येन देही सर्वथा देहं परित्यज्य देहान्तरं सङ्क्रामति तन्मरणमुच्यते । यथैकं वस्त्रं विमुच्य वस्त्रान्तरस्य परिधाने मनुष्यो न बिभेति तथा पूर्वदेहत्यागनूतनदेहधारणरूपमरणान्न भेतव्यम् । मरणं न द्वेष्टव्यम् । नूतनवस्त्रपरिधाने मनुष्यो दुःखी न भवति, प्रत्युत हर्षमनुभवति । एवं मरणान्न भेतव्यम्, परन्तु तत्र समेन भवितव्यम् । आराधकस्तु मृत्युं महोत्सवं मन्यते । इत्थं जीविते मरणे च समैर्भवितव्यम् ।

लाभान्तरायकर्मक्षयोपशमे लाभो भवति । लाभान्तरायोदयेऽलाभो भवति । लाभालाभौ स्वकृतकर्मनिमित्तकावेव । कर्मणां गतिस्तु विचित्रा । ततो लाभेऽलाभे च समत्वं धर्त्तव्यम् ।

स्वकृतपापोदयेनैको दरिद्रो भवति । स्वकृतपुण्योदयेनान्य ऋद्धिमान्भवति । परो दरिद्रो वा स्यादृद्धिमान्वा स्यात्, तेनाऽस्माकं किं प्रयोजनम् ? दरिद्रोऽस्मद्याचते । तदा तस्याऽशुभकर्मोदयश्चिन्त्यः । तस्मै दानेनाऽस्माकं पुण्यबन्धो भवतीति चिन्त्यम् । ततः

અંજલિમાં રહેલા પાણીની જેમ જીવન દરેક ક્ષણે ઓછું થાય છે. માટે જીવન ઉપર રાગ ન કરવો. જેનાથી જીવ શરીરને સર્વથા છોડીને બીજા શરીરમાં જાય તેને મરણ કહેવાય. જેમ એક કપડાંને છોડીને બીજા કપડાંને પહેરવામાં મનુષ્ય ડરતો નથી, તેમ જૂના શરીરને છોડીને નવા શરીરને ગ્રહણ કરવારૂપ મરણથી ડરવું નહીં. મરણ ઉપર દ્વેષ ન કરવો. નવા કપડા પહેરવામાં મનુષ્ય દુઃખી થતો નથી, ઊલટું આનંદ અનુભવે છે. એમ મરણથી ડરવું નહીં, પરંતુ તેમાં સમભાવ રાખવો. આરાધક તો મરણને મહોત્સવ રૂપ માને. આમ જીવન અને મરણને વિષે સમાન થવું.

લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી લાભ થાય છે. લાભાંતરાયકર્મનો ઉદય હોય તો લાભ થતો નથી. લાભ અને નુકસાન પોતે કરેલા કર્મના કારણે જ થાય છે. કર્મોની ગતિ તો વિચિત્ર છે. તેથી લાભમાં અને નુકસાનમાં સમતા રાખવી.

પોતે કરેલા પાપોના ઉદયથી એક મનુષ્ય દરિદ્ર બને છે. પોતે કરેલા પાપના ઉદયથી બીજો મનુષ્ય ઋદ્ધિવાળો બને છે. બીજા દરિદ્ર હોય કે શ્રીમંત હોય તેનાથી આપણને શું ફાયદો ? દરિદ્ર વ્યક્તિ આપણી પાસે માંગે છે. ત્યારે તેના અશુભ કર્મોનો ઉદય વિચારવો. તેને આપવાથી આપણને પુણ્ય બંધાશે એમ વિચારવું.

स न तिरस्कर्त्तव्यः । ऋद्धिमति न स्निग्धेन भाव्यम् । तत्र तस्य पुण्योदयश्चिन्त्यः । तस्य चाटूनि न कर्त्तव्यानि । इत्थं दरिद्रे ऋद्धिमति च समत्वमवलम्बनीयम् ।

अनुकूलकर्त्तारं वयं मित्रं मन्यामहे । प्रतिकूलकर्त्तारं वयं शत्रुं मन्यामहे । अनुकूलताप्रतिकूलते च मनोविकल्पसम्भूते न तात्त्विक्यौ । इत्थं विचार्य शत्रौ मित्रे च समैर्भाव्यम् ।

सातोदयेन सुखं भवति असातोदयेन च दुःखं भवति । अतः सुखदुःखे कर्मोदयजन्ये । कर्म चात्मनैव बद्धम् । ततः सुखे दुःखे च पक्षपातं विमुच्य समानचित्तैर्भाव्यम् ।

शुभाशुभेन्द्रियविषयाः पुद्गलपरिणामरूपाः । पुद्गलाश्च सततं परिवर्त्तनशीलाः । ततो ये पुद्गलाः सम्प्रत्यशुभाः सन्ति श्वस्ते शुभा भवेयुर्ये च सम्प्रति शुभाः श्वस्तेऽशुभा भवेयुः । अपरञ्चेन्द्रियविषयेषु रागद्वेषकरणेनाऽऽत्मैव कर्मणा लिप्यते । तत आत्मन एव हानिर्भवति, न तु त्विन्द्रियविषयाणाम् । एवमवधार्येन्द्रियविषयेषु समानैर्भवितव्यम् ।

તેથી તેનો તિરસ્કાર ન કરવો. ઋદ્ધિવાળા ઉપર સ્નેહ ન કરવો. ત્યાં તેના પુણ્યોદયને વિચારવો. તેની ખુશામત ન કરવી. આમ દરિદ્રને વિષે અને શ્રીમંતને વિષે સમતા રાખવી.

અનુકૂળ કરનારને આપણે મિત્ર માનીએ છીએ. પ્રતિકૂળ કરનારને આપણે દુશ્મન માનીએ છીએ. અનુકૂળતા અને પ્રતિકૂળતા મનના વિચારથી થાય છે. તે સાચી નથી. આમ વિચારીને દુશ્મનને વિષે અને મિત્રને વિષે સમાન બનવું.

સાતાના ઉદયથી સુખ થાય છે અને અસાતાના ઉદયથી દુઃખ થાય છે. માટે સુખદુઃખ કર્મના ઉદયથી થાય છે અને કર્મ આત્માએ જ બાંધેલ છે. તેથી સુખમાં અને દુઃખમાં પક્ષપાત છોડીને સમાન ચિત્તવાળા બનવું.

ઇન્દ્રિયના સારા-ખરાબ વિષયો પુદ્ગલના પરિણામરૂપ છે. પુદ્ગલો સતત પરિવર્તનશીલ છે. તેથી જે પુદ્ગલ હાલ ખરાબ છે કાલે તે સારા થઈ જાય અને હાલ જે સારા છે, તે કાલે ખરાબ થઈ જાય. બીજું ઇન્દ્રિયોના વિષયોમાં રાગદ્વેષ કરીને આત્મા જ કર્મથી લેપાય છે. તેથી આત્માને જ નુકસાન થાય છે, ઇન્દ્રિયોના વિષયોને નહીં. આમ વિચારી ઇન્દ્રિયોના વિષયોમાં સમાન બનવું.

इत्थं सर्वद्रव्यक्षेत्रकालभावेषु समचित्तैर्भाव्यम् । कुत्रचिदपि रागद्वेषौ न करणीयौ । इदं रागद्वेषाऽभावरूपं समत्वमेव सर्वाऽऽराधनासारभूतम् । ततस्तदर्थं प्रयतनीयम् । यदुक्तं **योगशास्त्रे तृतीयप्रकाशे - 'शत्रौ मित्रे तृणे स्त्रैणे, स्वर्णेऽश्मनि मणौ मृदि । मोक्षे भवे भविष्यामि, निर्विशेषमतिः कदा ? ॥१४५॥'**

अतत्त्वं तत्त्वाद्भिन्नस्वरूपं भवति । अतत्त्वं पक्षपातरूपं भवति । इदमुक्तं भवति - रागद्वेषरूपमतत्त्वं सर्वथा हेयम् । समत्वमेव श्रेष्ठं तत्त्वमित्यवगम्य तत्प्राप्त्यर्थं प्रयतनीयम् । समत्वस्य माहात्म्यमेवमुक्तं **योगशास्त्रस्य चतुर्थे प्रकाशे - 'अमन्दानन्दजनने, साम्य-वारिणि मज्जताम् । जायते सहसा पुंसां, रागद्वेषमलक्षयः ॥५०॥ प्रणिहन्ति क्षणार्धेन, साम्यमालम्ब्य कर्म तत् । यन्न हन्यान्नरस्तीव्र-तपसा जन्मकोटिभिः ॥५१॥ कर्म जीवं च संश्लिष्टं, परिज्ञातात्मनिश्चयः । विभिन्नीकुरुते साधुः, सामायिकशलाकया ॥५२॥' यतिशिक्षापञ्चाशिकायामप्युक्तम् -'समसत्तुमित्तचित्तो,**

આમ બધા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવોમાં સમાન મનવાળા થવું. ક્યાંય પણ રાગદ્વેષ ન કરવા. રાગદ્વેષના અભાવરૂપ આ સમતા જ બધી આરાધનાઓનો સાર છે. તેથી તેની માટે પ્રયત્ન કરવો. **યોગશાસ્ત્ર**ના **ત્રીજા પ્રકાશ**માં કહ્યું છે - 'શત્રુને વિષે, મિત્રને વિષે, ઘાસને વિષે, સ્ત્રીઓના સમૂહને વિષે, સોના ઉપર, પથ્થર ઉપર, મણી ઉપર, માટી ઉપર, મોક્ષને વિષે, સંસારને વિષે ક્યારે હું સમાન બુદ્ધિવાળો થઈશ ?' (૪૫)

અતત્ત્વ એ તત્ત્વથી ભિન્ન સ્વરૂપવાળું હોય છે. અતત્ત્વ એ પક્ષપાતરૂપ છે. અહીં કહેવાનો ભાવ આવો છે - રાગદ્વેષરૂપી અતત્ત્વ બધી રીતે છોડવું. સમતા જ શ્રેષ્ઠ તત્ત્વ છે એમ સમજીને તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો. **યોગશાસ્ત્ર**ના **ચોથા પ્રકાશ**માં સમતાનું માહાત્મ્ય આ રીતે કહ્યું છે - 'અતિશય આનંદ પેદા કરનારા એવા સમતા જળમાં સ્નાન કરનારા પુરુષોના રાગદ્વેષ રૂપ મેલનો જલ્દીથી ક્ષય થાય છે. (૫૦) સમતાનું આલંબન લઈને અડધી ક્ષણમાં તે કર્મને હણે છે કે જેને માણસ કરોડો જન્મોમાં તીવ્ર તપ વડે હણી ન શકે. (૫૧) જેણે આત્માનો નિશ્ચય કર્યો છે એવો સાધુ એકમેક થયેલા કર્મ અને જીવને સામાયિકરૂપી સળીથી વિભિન્ન કરે છે. (૫૨)' **યતિશિક્ષાપંચાશિકા**માં પણ કહ્યું છે - 'હે જીવ ! જો તું હંમેશા શત્રુ અને મિત્ર વિષે

निच्चं अवगणियमाणअवमाणो । मज्झत्थभावजुत्तो, सिद्धंतपवित्तचित्तंतो ॥३२॥ सज्झाणझाणनिरओ, निच्चं सुसमाहिसंठिओ जीव ! जइ चिट्ठसि ता इहयं पि, निव्वुई किं च परलोए ? ॥३३॥' ॥१६॥ (**छाया** - समशत्रुमित्रचित्तः, नित्यमपगणित-मानापमानः । मध्यस्थभावयुक्तः, सिद्धान्तपवित्रचित्तान्तः ॥३२॥ स्वाध्यायध्याननिरतः, नित्यं सुसमाधिसंस्थितः जीव ! यदि तिष्ठसि तत इहापि, निर्वृतिः किञ्च परलोके ॥३३॥)

अवतरणिका - पूर्वश्लोके साम्यतत्त्वस्य स्वरूपं दर्शितम् । अधुना तस्य माहात्म्यं दर्शयति -

मूलम् - अष्टाङ्गस्यापि योगस्य, सारभूतमिदं खलु ।
यतो [1]यमादिव्यासोऽस्मिन्, सर्वोऽप्यस्यैव हेतवे ॥१७॥

अन्वयः - अष्टाङ्गस्य योगस्य अपि इदं सारभूतं खलु, यतोऽस्मिन्सर्वोऽपि यमादिव्या-सोऽस्यैव हेतवे (अस्ति) ॥१७॥

पद्मीया वृत्तिः - अष्टाङ्गस्य - अष्टौ-सङ्ख्याविशेषः, अङ्गानि-अवयवाः, अष्टावङ्गानि यस्य सोऽष्टाङ्गः, तस्य, **योगस्य** - मोक्षेण योजकस्य, **अपि**शब्दो अन्याऽऽराधनायाः सारभूतं समत्वमस्त्येव, योगस्यापि सारभूतमिदमेवेति द्योतयति, **इदं** - समत्वम्, **सारभूतम्** - सारः-नवनीतम्, तस्येवेति सारभूतम्, **खलु**शब्द एवकारार्थः, **यतः** - यस्मात्कारणात्, **अस्मिन्** - योगे, **सर्वः** - निखिलः, **अपि**शब्दो न स्वल्पो, किन्तु सर्वोऽपीति द्योतयति, **यमादिव्यासः** - यमः-प्रथमयोगाङ्गरूप आदौ यस्य

સમાન ચિત્તવાળો, માન અને અપમાનને નહીં ગણનારો, મધ્યસ્થભાવવાળો, સિદ્ધાંતથી પવિત્ર મનવાળો, સ્વાધ્યાય અને ધ્યાનમાં રક્ત અને સારી સમાધિવાળો થઈને રહે છે તો અહીં પણ શાંતિ છે, પરલોકમાં તો શું કહેવું ? (૩૨,૩૩)' (૧૬)

અવતરણિકા - પૂર્વેના શ્લોકમાં સામ્યરૂપી તત્ત્વનું સ્વરૂપ બતાવ્યું. હવે તેનું માહાત્મ્ય બતાવે છે -

શબ્દાર્થ - આઠ અંગવાળા યોગના પણ સારરૂપ આ સમતા છે, કેમકે આ યોગમાં યમ વગેરેનો બધો વિસ્તાર એની (સમતાની) માટે જ છે. (૧૭)

---

१. यमादिर्व्यासो - F।

शेषयोगाङ्गादेरिति यमादिः, स चासौ व्यासः-विस्तारश्चेति यमादिव्यासः, **अस्य** - समत्वस्य, **एव** - न त्वन्यस्य, **हेतवे** - सिद्ध्यर्थम्, **अस्ती**त्यत्राध्याहार्यम् ।

या प्रवृत्तिर्मोक्षेण सह योजयति सा योग इति व्यवह्रियते । यदुक्तं **महोपाध्यायश्री-यशोविजयगणिवरैर्योगलक्षणद्वात्रिंशिकायाम्** - **'मोक्षेण योजनादेव योगो ह्यत्र निरुच्यते ।... ॥१०/१॥'** योगस्याष्टावङ्गानि, तद्यथा - यमो नियम आसनं प्राणायामः प्रत्याहारो धारणा ध्यानं समाधिश्च । यदुक्तं **पातञ्जलयोगसूत्रे** - **'यम-नियमा-ऽऽसन-प्राणायाम-प्रत्याहार-धारणा-ध्यान-समाधयोऽष्टावङ्गानि ।' (२/२९) ध्यान-दीपिकाया**मप्युक्तम् - **'यमनियमासनबन्धं प्राणायामेन्द्रियार्थसंवरणम् । ध्यानं ध्येयसमाधि योगाष्टाङ्गानि चेति भज ॥९८॥'** एतेषां स्वरूपमेवं-अहिंसा-सत्यास्तेय-ब्रह्मचर्यापरिग्रहरूपो मनोवाक्कायसंयमो यमः । शौच-सन्तोष-तपश्चर्या-स्वाध्याय-ईश्वरप्रणिधानानि नियमरूपाणि । पद्मासन-वीरासनादीन्यासनानि । श्वासोच्छ्वासगतिनिरोधः प्राणायामः । इन्द्रियाणां निरोधः प्रत्याहारः । ध्येये विकल्पपूर्वश्चित्तनिवेशो धारणा ।

पद्मीयावृत्तिनो भावानुवाद - જે પ્રવૃત્તિ મોક્ષ સાથે જોડે છે તે યોગ એ પ્રમાણે કહેવાય છે. **महोपाध्याय श्रीयशोविजयजी**એ **योगलक्षण बत्रीसी**માં કહ્યું છે - 'મોક્ષની સાથે જોડવાથી જ અહીં યોગ કહેવાય છે. (૧૦/૧)' યોગના આઠ અંગો છે. તે આ પ્રમાણે - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. **पातंजलयोगसूत्र**માં કહ્યું છે - 'યમ-નિયમ-આસન-પ્રાણાયામ-પ્રત્યાહાર-ધારણા-ધ્યાન-સમાધિ - આ યોગના આઠ અંગ છે. (૨/૨૯)' **ध्यानदीपिका**માં પણ કહ્યું છે - 'યમ, નિયમ, આસનબંધ, પ્રાણાયામ, ઈન્દ્રિયોના વિષયોને અટકાવવા, ધ્યાન, ધ્યેય અને સમાધિ - યોગના આ આઠ અંગોને ભજ. (૯૮)' એમનું સ્વરૂપ આ પ્રમાણે છે - (૧) અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-પરિગ્રહ રૂપ મન-વચન-કાયાનું સંયમ એ યમ છે. (૨) પવિત્રતા, સંતોષ, તપશ્ચર્યા, સ્વાધ્યાય, પરમાત્માનું પ્રણિધાન એ નિયમરૂપ છે. (૩) પદ્માસન, વીરાસન વગેરે આસનો છે. (૪) શ્વાસોચ્છ્વાસની ગતિનો નિરોધ કરવો એ પ્રાણાયામ છે. (૫) ઈન્દ્રિયોનો નિરોધ કરવો, એ પ્રત્યાહાર છે. (૬) ધ્યેયને વિષે વિકલ્પપૂર્વક ચિત્તને સ્થાપવું તે ધારણા છે. (૭) ધ્યેયના આલંબનરૂપ પ્રત્યય, ધ્યાતા અને ધ્યેયની સાથે ચિત્તનો એકાગ્ર પ્રવાહ તે

प्रत्यय-ध्याता-ध्येयैः सह चित्तस्यैकाग्रः प्रवाहो ध्यानम्। ध्यान-ध्याता-ध्येयरहिता चित्तस्यैकाग्रता चित्तसमाधिः। यदुक्तं **पातञ्जलयोगसूत्रे** - '**अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः ॥२/३०॥ शौचसन्तोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः ॥२/३२॥ स्थिरसुखमासनम् ॥२/४६॥ तस्मिन्सति श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः ॥२/४९॥ स्वविषयासम्प्रयोगे चित्तस्य स्वरूपानुकार इवेन्द्रियाणां प्रत्याहारः ॥२/५४॥ देशबन्धश्चित्तस्य धारणा ॥३/१॥ तत्र प्रत्ययैकतानता ध्यानम् ॥३/२॥ तदेवार्थमात्रनिर्भासं स्वरूपशून्यमिव समाधिः ॥३/३॥**'

अष्टाङ्गस्य योगस्याऽपि सारभूतमिदं समत्वमेव, यतो योगे यो यमादीनां विस्तारोऽस्ति स सर्वोऽपि समत्वसिद्ध्यर्थमेवाऽस्ति। यदि यमादिभिः समत्वं न सिध्यति, प्रत्युत तै रागद्वेषौ भवतस्तर्हि ते यमादयो निरर्थकाः। यमादयः साधनरूपाः, समत्वं तु साध्यम्। यदि साध्यं न सिध्यति तर्हि साधनं निरर्थकम्। उक्तञ्च **साम्यशतके** - '**अष्टाङ्गस्याऽपि योगस्य, रहस्यमिदमुच्यते । यदङ्गविषयासङ्गत्यागान्माध्यस्थ्यसेवनम् ॥८॥**'

ધ્યાન છે. (८) ધ્યાન, ધ્યાતા અને ધ્યેયરહિત ચિત્તની એકાગ્રતા એ ચિત્તસમાધિ છે. **પાતંજલયોગસૂત્ર**માં કહ્યું છે - 'અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ - એ યમ છે. (२/३०) શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન એ નિયમ છે. (२/३२) જે નિશ્ચલ હોય અને સુખ કરનારું હોય તે આસન છે. (२/४६) આસનપૂર્વક શ્વાસ-પ્રશ્વાસની ગતિનો વિચ્છેદ તે પ્રાણાયામ છે. (२/४९) ઈન્દ્રિયોનું પોતાના વિષયોનો અસંયોગ થવા પર જે ચિત્તના સ્વરૂપ સમાન આકારવાળા થવું તે પ્રત્યાહાર. (२/५४) બાહ્ય કે અભ્યંતર દેશમાં ચિત્તને બાંધવું તે ધારણા.(३/१) તે દેશમાં ધ્યેયના આલંબનરૂપ પ્રત્યયની એકાગ્રતા તે ધ્યાન. (३/२) પોતાના સ્વરૂપથી શૂન્ય જેવું ધ્યેયના આકારરૂપ ભાસતું ધ્યાન જ સમાધિ છે. (३/३)'

આઠ અંગવાળા યોગના પણ સારરૂપ આ સમતા જ છે, કેમકે યોગમાં જે યમ વગેરેનો વિસ્તાર છે, તે બધો ય સમતાની સિદ્ધિ માટે જ છે. જો યમ વગેરેથી સમતાની સિદ્ધિ ન થાય, ઊલટું તેમનાથી રાગદ્વેષ થાય તો તે યમ વગેરે નકામા છે. યમ વગેરે સાધનરૂપ છે. સાધ્ય તો સમતા છે. જો સાધ્ય સિદ્ધ ન થાય તો સાધન નકામું છે. **સામ્યશતક**માં કહ્યું છે - 'આઠ અંગવાળા યોગનું પણ આ રહસ્ય કહેવાય છે કે શરીર અને વિષયની આસક્તિનો ત્યાગ કરીને મધ્યસ્થ બનવું. (८)'

समताशतकेऽप्युक्तम् - 'उदासीनता परिनयन, ग्यान ध्यान रंगरोल । अष्ट अंग मुनि ! योगको, एही अमृत निचोल ॥५॥'

अत्रायं भावः-जिनशासने सर्वस्या अपि आराधनायाः सारः समता । योगस्याऽपि सारः समता । यदि समत्वमवाप्तं तर्हि मुक्तिः करतलवर्त्तिनी भवति । समत्वे प्राप्ते न किञ्चिदपि प्राप्तुमवशिष्यते । अतः सर्वयत्नेन समत्वप्राप्त्यर्थं यतितव्यम् ॥१७॥

अवतरणिका - साम्यं योगस्य सारभूतमिति प्रतिपादितम् । अधुना दृष्टान्तेन साम्यस्य योगसारत्वं समर्थयति -

मूलम् - क्रियते दधिसाराय, [१]दधिमन्थो यथा किल ।
तथैव साम्यसाराय, योगाभ्यासो [२]यमादिकः ॥१८॥

अन्वयः - यथा किल दधिमन्थः दधिसाराय क्रियते तथैव यमादिको योगाभ्यासः साम्यसाराय (क्रियते) ॥१८॥

पद्मीया वृत्तिः - **यथा**शब्दो दृष्टान्तोपन्यासे, **किल**शब्दः सत्यप्रवादे, **दधिमन्थः** - दध्नो मन्थः-मन्थनमिति दधिमन्थः, **दधिसाराय** - दध्नः सार इति दधिसारः-नवनीतम्, तस्मै, **क्रियते** - अनुष्ठीयते, **तथा**शब्दो दार्ष्टान्तिकोपन्यासे, **एव**शब्दो अन्यप्रकारं

समताशतकમાં પણ કહ્યું છે - 'હે મુનિ ! જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિ અને યોગના આઠ અંગનો આ જ અમૃતમય નિચોડ છે કે ઉદાસીનતા પામવી. (૫)'

અહીં કહેવાનો ભાવ આ પ્રમાણે છે - જિનશાસનમાં બધીય આરાધનાનો સાર સમતા છે. યોગનો સાર પણ સમતા છે. જો સમતા આવી તો મોક્ષ હથેળીમાં છે. સમતા મળે છતે કંઈ પણ મેળવવાનું બાકી રહેતું નથી. માટે બધી શક્તિપૂર્વક સમતા પામવા પ્રયત્ન કરવો. (૧૭)

અવતરણિકા - સમતા એ યોગનો સાર છે, એમ બતાવ્યું. હવે દૃષ્ટાંત વડે તેનું સમર્થન કરે છે -

શબ્દાર્થ - જેમ માખણ માટે દહીં વલોવાય છે, તે જ રીતે યમ વગેરે રૂપ યોગનો અભ્યાસ સમતારૂપ સાર માટે કરાય છે. (૧૮)

---

१. दधिसङ्घो - G, J। २. यमादिमः - D।

व्यवच्छिनत्ति, **यमादिकः** - यमः - प्रथमं योगाङ्गम्, स आदौ यस्य शेषयोगाङ्गादेरिति यमादिकः, **योगाभ्यासः** - योगस्य-पूर्वोक्तस्वरूपस्य अभ्यासः-परिशीलनमिति योगाभ्यासः, **साम्यसाराय** - साम्यमेव सार इति साम्यसारः, तस्मै इति साम्यसाराय, '**क्रियते**' इत्यत्राऽऽक्षेप्तव्यम् ।

नवनीतप्राप्त्यर्थं जनैर्दधि मथ्यते । दध्नि मथिते द्वे वस्तुनी भवतः-नवनीतं तक्रञ्च । प्रभूते दध्नि मथिते स्वल्पं नवनीतमवाप्यते प्रभूतञ्च तक्रं प्राप्यते । जनो नवनीतप्राप्त्यर्थं दधि मथ्नाति । तक्रं तु दधिमथनस्याऽऽनुषङ्गिकं फलम् । दधिमथनस्य मुख्यं फलं तु नवनीतलाभः । एवं साधकैः समतासिद्ध्यर्थमेव योगाभ्यासो विधीयते । योगाभ्यासस्य मुख्यं फलं समतासिद्धिः । अन्यत्सर्वं तस्याऽऽनुषङ्गिकं फलम् । प्रभूते योगाभ्यासे कृते स्वल्पं समत्वं प्राप्यते । योगाभ्यासो यमनियमादिक्रमेण भवति । योगाभ्यासे कृते समत्वमाविर्भवति ।

अयमत्र सङ्क्षेपः-दध्नः सारो नवनीतम् । **योगस्य सारः समत्वम्** । तत्कृते यतनीयम् ॥१८॥

अवतरणिका - साम्यं योगसारभूतमिति प्रतिपाद्याऽधुना तत्र प्रमादो न कर्त्तव्य इत्युपदिशति -

---

પદ્યીયાવૃત્તિનો ભાવાનુવાદ - માખણ માટે લોકો દહીંને મંથે છે. દહીંનું મંથન કરવાથી બે વસ્તુ થાય છે - માખણ અને છાશ. ઘણું દહીં મંથ્યા પછી થોડું માખણ મળે છે અને ઘણી છાશ મળે છે. લોકો માખણ મેળવવા દહીં મંથે છે. છાશ તો દહીં મંથવાનું આનુષંગિક ફળ છે. દહીં મંથવાનું મુખ્ય ફળ તો માખણ છે. એમ સાધકો સમતાની સિદ્ધિ માટે યોગનો અભ્યાસ કરે છે. યોગના અભ્યાસનું મુખ્ય ફળ સમતાની સિદ્ધિ છે, બીજું બધું તેનું આનુષંગિક ફળ છે. યોગનો ઘણો અભ્યાસ કર્યા પછી થોડી સમતા મળે છે. યોગનો અભ્યાસ યમ, નિયમ વગેરેના ક્રમથી થાય છે. યોગનો અભ્યાસ કર્યે છતે સમતા પ્રગટે છે.

અહીં સંક્ષેપમાં અર્થ આ પ્રમાણે છે - દહીંનો સાર માખણ છે. **યોગનો સાર સમતા છે.** તેની માટે પ્રયત્ન કરવો. (૧૮)

અવતરણિકા - સમતા યોગના સારરૂપ છે, એમ બતાવી હવે તેમાં પ્રમાદ ન કરવાનો ઉપદેશ આપે છે -

मूलम् - अद्य कल्येऽपि [१]कैवल्यं, [२]साम्येनाऽनेन नाऽन्यथा ।
प्रमादः क्षणमप्यत्र, ततः कर्त्तुं न साम्प्रतम् ॥१९॥

अन्वयः - अद्य कल्येऽपि अनेन साम्येन कैवल्यम् (भविष्यति), नाऽन्यथा, ततोऽत्र क्षणमपि प्रमादः कर्त्तुं न साम्प्रतम् ॥१९॥

पद्मीया वृत्तिः - **अद्य** - वर्त्तमानकाले, **कल्ये** - भविष्यत्काले, **अपि**शब्दो विकल्पार्थः, **अनेन** - पूर्वप्रदर्शितस्वरूपेण, **साम्येन** - समतया, **कैवल्यम्** - केवलज्ञान-प्राप्तिः, **भविष्यती**त्यत्राध्याहार्यम्, **न**शब्दो निषेधे, **अन्यथा** - प्रकारान्तरेण, **ततः** - तस्मात्कारणात्, **अत्र** - समत्वात्तौ, **क्षणम्** - कालसूक्ष्माविभाज्यांशलक्षणम्, **अपि**शब्दो अधिककालं प्रमादो नैव कर्त्तव्यः, परन्तु क्षणमात्रमपि प्रमादो न कर्त्तव्य इति दर्शयति, **प्रमादः** - आलस्योपेक्षादिरूपः, **कर्त्तुम्** - विधातुम्, **न**शब्दो निषेधे, **साम्प्रतम्** - युक्तम् ।

समत्वं केवलज्ञानस्याऽसाधारणं कारणम् । केवलज्ञानस्य समत्वेन सह व्याप्तिरस्ति । यत्र समत्वं भवति तत्रैव केवलज्ञानं भवति । यत्र समत्वं न भवति तत्र केवलज्ञानं न भवति । केवलज्ञानप्राप्त्यनन्तरं मुक्तिरवश्यम्भाविनी । तत इदमुक्तं भवति-समत्वेनैव मुक्तिर्भवति, नान्यथा । जिनशासने सर्वस्या अप्याऽऽराधनायाः साक्षात्परम्परया वा फलं मोक्षः । मोक्षश्च केवलज्ञानाप्त्यनन्तरभावी । केवलज्ञानाप्तिश्च समत्वेन भवति । ततः

शब्दार्थ - આજે કે કાલે આ સમતાથી જ કેવળજ્ઞાન થશે, બીજી રીતે નહીં. તેથી એક ક્ષણ માટે પણ પ્રમાદ કરવો યોગ્ય નથી. (૧૯)

पद्मीयावृत्तिनो भावानुवाद - સમતા એ કેવળજ્ઞાનનું અસાધારણ કારણ છે. કેવળજ્ઞાનની સમતા સાથે વ્યાપ્તિ છે. જ્યાં સમતા હોય છે, ત્યાં જ કેવળજ્ઞાન પ્રગટે છે. જ્યાં સમતા નથી, ત્યાં કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. કેવળજ્ઞાન મળ્યા પછી મોક્ષ અવશ્ય થાય છે. તેથી કહેવાનો ભાવ આવો છે - સમતાથી જ મોક્ષ થાય છે, બીજી રીતે નહીં. જિનશાસનમાં બધીય આરાધનાનું સાક્ષાત્ કે પરંપરાએ ફળ મોક્ષ છે અને મોક્ષ કેવળજ્ઞાન મળ્યા પછી થાય છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ સમતાથી થાય છે.

---

१. केवली - JI २. साम्येनाऽन्येन - DI

समत्वसम्पादनार्थं सर्वशक्त्या यतितव्यम् । तत्र समयमात्रमपि प्रमादो न कर्त्तव्यः । रत्ननिधानप्राप्त्युपायप्राप्त्यनन्तरं को नरः प्रमादं कुर्यात् ? दुःखभराक्रान्तः को नरो दुःखमुक्त्युपायलाभानन्तरं तदनुसारेण प्रवर्त्तने प्रमादं विदध्यात् ? मूर्ख एव तत्र प्रमादं कुर्यात्, न त्वन्यः कश्चित् । यावत्कालं प्रमादः क्रियते तावत्कालमात्मना सांसारिकं दुःखमधिकं सोढव्यम्, तावत्कालमात्मा मुक्तिसुखेन रहितो भवति । अतो मुमुक्षुभिः सर्वमन्यत्कार्यं विमुच्य समत्वलाभार्थमेव प्रयत्नो विधेयः ॥१९॥

अवतरणिका – साम्यस्य प्रतिपक्षभूतं कालुष्यम् । तस्मिन्सति देवोपासना निरर्थिकेति प्रतिपादयति –

मूलम् – किं [१]बुद्धेन किमीशेन, किं धात्रा किमु विष्णुना ।
किं जिनेन्द्रेण रागाद्यै-र्यदि स्वं कलुषं मनः ॥२०॥

अन्वयः – यदि स्वं मनः रागाद्यैः कलुषं (स्यात्तर्हि) बुद्धेन किम् ? ईशेन किम् ? धात्रा किम् ? विष्णुना किमु ? जिनेन्द्रेण किम् ? ॥२०॥

તેથી સમતા પામવા બધી શક્તિથી પ્રયત્ન કરવો. તેમાં એક સમય માટે પણ પ્રમાદ ન કરવો. ક્ષણ એ કાળનો સૂક્ષ્મ અવિભાજ્ય અંશ છે. પ્રમાદ એટલે આળસ, ઉપેક્ષા વગેરે. રત્નના નિધાનને મેળવવાનો ઉપાય મળ્યા પછી કયો માણસ પ્રમાદ કરે ? દુઃખના ભારથી દબાયેલો કયો માણસ દુઃખથી છૂટવાનો ઉપાય મળ્યા પછી તે પ્રમાણે પ્રવૃત્તિ કરવામાં પ્રમાદ કરે ? મૂર્ખ જ તેમાં પ્રમાદ કરે, બીજો કોઈ નહીં. જ્યાં સુધી પ્રમાદ કરાય છે, ત્યાં સુધી આત્માએ સંસારનું દુઃખ વધુ સહન કરવું પડે છે. તેટલો કાળ આત્મા મોક્ષના સુખથી વંચિત રહે છે. માટે મુમુક્ષુઓએ બીજું બધું કાર્ય છોડીને સમતા પામવા માટે જ પ્રયત્ન કરવો. (૧૯)

અવતરણિકા - સમતાનું પ્રતિપક્ષી મનનું કલુષિતપણું છે. તે હોય તો દેવની ઉપાસના નિરર્થક છે, એમ બતાવે છે –

શબ્દાર્થ - જો પોતાનું મન કલુષિત હોય તો બુદ્ધથી શું ફાયદો ? ઈશ્વરથી શું ફાયદો ? બ્રહ્માથી શું ફાયદો ? વિષ્ણુથી શું ફાયદો ? જિનેન્દ્રથી શું ફાયદો ? (૨૦)

---

१. बुधेन – A, B, E, C, F, LI

पद्मीया वृत्तिः - **यदि** - सम्भावने, **स्वं** - स्वकीयम्, **मनः** - चित्तम्, **रागाद्यैः** - *रागः*-पूर्वोक्तस्वरूपः, *आद्यः*-प्रथमः, *राग आद्यो येषां ते रागाद्याः*, तैः, **कलुषम्** - रागद्वेषव्याकुलम्, **स्यात्तर्हीत्यत्राध्याहार्यम्**, **बुद्धेन** - गौतमबुद्धेन, **किम् ?** - अलम्, न किमपि प्रयोजनमित्यर्थः, एवमग्रेऽपि ज्ञेयम्, **ईशेन** - शङ्करेण, **किम् ?** - अलम्, **धात्रा** - ब्रह्मणा, **किम् ?** - अलम्, **विष्णुना** - कृष्णेन, **किम् ?** - अलम्, **उशब्दः** - पादपूर्त्तौ, **जिनेन्द्रेण** - अर्हता, **किम् ?** - अलम् ?

यदि स्वीयं मनो रागद्वेषाऽऽक्रान्तं स्यात्तर्हि कस्यचिदपि देवस्योपासनया न कोऽपि लाभः । न देवविशेषोपासनयैव कैवल्यप्राप्तिर्भवति । देवविशेषस्तु तत्राऽऽलम्बनरूपः । तस्याऽऽलम्बनेन जीवैः स्वात्मनि समताया आधानं कर्त्तव्यम् । तत एव तेषां कैवल्यप्राप्तिर्भवति । बौद्धा बुद्धस्योपासनां कुर्वन्ति । नैयायिका शिवस्योपासनां कुर्वन्ति । केचिद् ब्रह्मण उपासनां कुर्वन्ति । परे विष्णोरुपासनां कुर्वन्ति । जैना जिनेन्द्रस्योपासनां कुर्वन्ति । न केवलमेतावन्मात्रेणैव कैवल्यं प्राप्यते । साधकस्य साधनाया उद्देशो न केवलं देवविशेषसेवैव । परन्तु देवविशेषसेवया स्वीयरागादिनाश एव साधकस्य साधनायाः प्रयोजनम् । यदि स केवलं देवोपासनामेव करोति न तु रागादिनाशार्थं प्रयतते तर्हि स कैवल्यं नाप्नोति । यदि मनो रागादिविमुक्तं स्यात्तर्ह्येव कैवल्यप्राप्तिर्भवेत् ।

अनेनेदं ज्ञापितं - देवोपासनाऽपि समत्वप्राप्त्यर्थमेव कर्त्तव्या । अन्योद्देशेन कृतया

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - જો પોતાનું મન રાગદ્વેષથી યુક્ત હોય તો કોઈપણ દેવની ઉપાસનાથી કોઈ પણ લાભ થતો નથી. દેવવિશેષની ઉપાસના માત્રથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. દેવવિશેષ તો તેમાં આલંબનરૂપ છે. તેના આલંબનથી જીવોએ પોતાના આત્મામાં સમતાની સ્થાપના કરવાની છે. ત્યાર પછી જ તેમને કેવળજ્ઞાન મળે છે. બૌદ્ધો બુદ્ધની ઉપાસના કરે છે. નૈયાયિકો શંકરની ઉપાસના કરે છે. કેટલાક બ્રહ્માની ઉપાસના કરે છે. બીજા વિષ્ણુની ઉપાસના કરે છે. જૈનો જિનેન્દ્રની ઉપાસના કરે છે. એટલા માત્રથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. સાધકની સાધનાનો ઉદ્દેશ માત્ર દેવવિશેષની સેવા જ નથી, પણ દેવવિશેષની સેવાથી પોતાના રાગ વગેરેનો નાશ કરવો એ જ સાધકની સાધનાનું પ્રયોજન હોય છે. જો તે માત્ર દેવની ઉપાસના જ કરે, પણ રાગ વગેરેનો નાશ કરવા માટે પ્રયત્ન ન કરે તો તેને કેવળજ્ઞાન ન મળે. જો મન રાગ વગેરેથી મુક્ત હોય તો જ કેવળજ્ઞાન મળે.

આનાથી એ જણાવ્યું કે પ્રભુની ઉપાસના પણ સમતા પામવા જ કરવાની છે.

देवोपासनया मुमुक्षूणां तात्त्विको लाभो न भवति ।

इदमत्राऽवधेयम् - यदि देवोपासनया मनसः कालुष्यं नाऽपगच्छेत् तर्हि देवोपासना न त्यक्तव्या, परन्तु मनःकालुष्यनाशप्रयत्नपूर्विका विशेषभावेन देवोपासना कर्त्तव्या यथा मनसः कालुष्यमपगच्छेत्। स एव देवो उपास्यो यो वीतरागः ॥२०॥

अवतरणिका - कालुष्ये सति साम्यं न भवति । साम्याऽभावे बाह्यो वेषोऽपि निरर्थक इति प्रतिपादयति -

मूलम् - किं नाग्न्येन सितै रक्तैः, किं पटैः किं जटाभरैः ।
किं [१]मुण्डमुण्डनेनापि, साम्यं सर्वत्र नो यदि ॥२१॥

अन्वयः - यदि सर्वत्र साम्यं नो (स्यात्तर्हि) नाग्न्येन किम् ? सितै रक्तैः पटैः किम् ? जटाभरैः किम् ? मुण्डमुण्डनेनाऽपि किम् ? ॥२१॥

पद्यीया वृत्तिः - यदिशब्दः - सम्भावने, **सर्वत्र** - सर्वद्रव्यक्षेत्रकालभावेषु, **साम्यम्** - समत्वम्, **नो**शब्दो निषेधे, **स्यात्तर्ही**त्यत्राध्याहार्यम्, **नाग्न्येन** - नग्नः-वस्त्ररहितः, तस्य भाव इति नाग्न्यम्-वस्त्ररहितत्वम्, तेन, **किम् ?** - किं प्रयोजनम् ? न किमपीत्यर्थः, एवमग्रेऽपि ज्ञेयम्, **सितैः** - श्वेतवर्णोपेतैः, **रक्तैः** - रक्तवर्णोपेतैः, **पटैः** - वस्त्रैः, **किम् ?**

બીજા હેતુથી કરાયેલી પ્રભુની ઉપાસનાથી મુમુક્ષુઓને વાસ્તવિક લાભ થતો નથી.

અહીં આટલુ ધ્યાન રાખવું - જો ભગવાનની ઉપાસનાથી મનનું કલુષિતપણું દૂર ન થાય તો ભગવાનની ઉપાસના ન છોડવી, પણ મનના કલુષિતપણાનો નાશ કરવાના પ્રયત્નપૂર્વક વિશેષભાવથી ભગવાનની ઉપાસના કરવી, જેથી મનનું કલુષિતપણું દૂર થાય. તે જ દેવની ઉપાસના કરવી જે વીતરાગ હોય. (૨૦)

અવતરણિકા - મન કલુષિત હોય તો સમતા ન હોય. સમતા ન હોય તો બાહ્ય વેષ પણ નિરર્થક છે એ બતાવે છે -

શબ્દાર્થ - જો બધે સમતા ન હોય તો નગ્ન રહેવાથી શું ફાયદો ? સફેદ અને લાલ કપડાઓ વડે શું ફાયદો ? જટાના સમૂહો વડે શું ફાયદો ? માથુ મુંડાવવાથી પણ શું ફાયદો ? (૨૧)

---

१. मुखमण्डनेनापि - L।

- किं प्रयोजनम् ?, **जटाभरैः** - जटाः-प्रलम्बितकेशरूपाः, तासां भराः-समूहा इति जटाभराः, तैः, **किम् ?** - किं प्रयोजनम् ? **मुण्डमुण्डनेन** - मुण्डं-मस्तकम्, तस्य मुण्डनं-केशाऽपनयनमिति मुण्डमुण्डनम्, तेन, **अपि**शब्दो अन्यैस्तु न किमपि प्रयोजनम्, परन्तु शिरोमुण्डनेनापि न किमपि प्रयोजनमिति द्योतयति, **किम् ?** - किं प्रयोजनम् ?

दिगम्बरसाधवो पाखण्डिनश्च वस्त्राणि न परिदधति । ते सदैव नाग्न्यभाज एव भवन्ति । श्वेताम्बरसाधवः श्वेतवस्त्राणि परिदधति । बौद्धसाधवो रक्तवस्त्राणि परिदधति । तापसा जटासमूहान्धारयन्ति । केचित्साधवो मस्तकस्य मुण्डनं कुर्वन्ति । इदं सर्वं तु बाह्यव्यवहाररूपम् । न नाग्न्यमात्रेण श्वेतवस्त्रधारणमात्रेण रक्तवस्त्रधारणमात्रेण जटाधारण-मात्रेण मस्तकमुण्डनमात्रेण वा कैवल्यप्राप्तिर्भवति । अनेन बाह्यव्यवहारेणाऽपि निश्चयतः समता साधनीया । तत एव कैवल्याप्तिर्भवति । यद्यनेन बाह्यव्यवहारेण समता न सिध्यति तर्ह्ययं बाह्यव्यवहारभेदो निरर्थकः । नाग्न्यादिकमपि समत्वलाभार्थमेव कर्त्तव्यम् । अन्योद्देशेन कृतं नाग्न्यादिकं कैवल्याप्तिरूपं यथोचितं फलं न ददाति ।

इदमत्राऽवधेयम् - यदि बाह्यवेषेण साम्यं नाऽऽप्यते तर्हि बाह्यवेषो न त्याज्यः, परन्तु बाह्यवेषं बिभ्रतैव साम्याऽऽप्त्यै विशेषेण प्रयतनीयम् । बाह्यवेषोऽपि स एव

पद्मीयावृत्तिनो भावानुवाद - દિગંબર સાધુઓ અને પાખંડીઓ કપડા પહેરતાં નથી. તેઓ હંમેશા નગ્ન જ હોય છે. શ્વેતાંબર સાધુઓ સફેદ કપડા પહેરે છે. બૌદ્ધ સાધુઓ લાલ કપડા પહેરે છે. તાપસો જટાઓના સમૂહોને ધારણ કરે છે. કેટલાક સાધુઓ માથાનું મુંડન કરાવે છે. આ બધું બહારના વ્યવહારરૂપ છે. માત્ર નગ્ન રહેવાથી, માત્ર સફેદ કે લાલ કપડા ધારણ કરવાથી, માત્ર જટા ધારણ કરવાથી કે માત્ર માથુ મુંડાવવાથી કેવળજ્ઞાન મળતું નથી. આ બાહ્ય વ્યવહારથી પણ હકીકતમાં સમતા સાધવાની છે. ત્યાર પછી જ કેવળજ્ઞાન મળે છે. જો આ બાહ્ય વ્યવહારથી સમતા સિદ્ધ ન થાય તો આ બાહ્ય વ્યવહારોના ભેદો નકામા છે. નગ્નતા વગેરે પણ સમતાના લાભ માટે જ કરવાના છે. બીજા હેતુથી કરાયેલ નગ્નતા વગેરે કેવળજ્ઞાનની પ્રાપ્તિરૂપ ઉચિત ફળ આપતાં નથી.

અહીં આટલુ ધ્યાનમાં રાખવું - જો બાહ્ય વેષથી સમતા ન આવે તો બાહ્ય વેષ ન છોડવો, પણ બાહ્ય વેષને ધારણ કરતાં કરતાં જ સમતા લાવવા વિશેષ પ્રયત્ન કરવો.

धर्त्तव्यो यो जिनागमोक्तः स्यात्, न तु तदन्यः ॥२१॥

अवतरणिका - समताया माहात्म्यमेव दृढयन् समताऽभावे बाह्या आचारा अपि निरर्थका इति दर्शयति -

मूलम् - किं व्रतैः किं व्रताचारैः, किं तपोभिर्जपैश्च किम् ?
किं ध्यानैः किं तथा [१]ध्येयै-र्न चित्तं यदि भास्वरम् ॥२२॥

अन्वयः - यदि चित्तं भास्वरं न (स्यात्तर्हि) व्रतैः किम् ? व्रताचारैः किम् ? तपोभिः किम् ? जपैश्च किम् ? ध्यानैः किम् ? तथा ध्येयैः किम् ? ॥२२॥

पद्मीया वृत्तिः - यदिशब्दः सम्भावने, **चित्तम्** - अन्तःकरणम्, **भास्वरम्** - रागद्वेषकालुष्यापगमेन समताकान्त्या दीप्यमानम्, **न**शब्दो निषेधे, **स्यात्तर्ही**त्यत्राऽध्याहार्यम्, **व्रतैः** - नियमरूपैः, **किम् ?** - किं प्रयोजनम् ?, न किमपि प्रयोजनमित्यर्थः, एवमग्रेऽपि ज्ञेयम्, **व्रताचारैः** - व्रतानाम्-उक्तस्वरूपाणामाचाराः-क्रियारूपा इति व्रताचाराः, तैः, **किम् ?** - किम् प्रयोजनम् ?, **तपोभिः** - आहारत्यागरूपैः, **किम् ?** - किं प्रयोजनम् ?, **जपैः** - मन्त्रस्मरणरूपैः, **च**शब्दः समुच्चये, **किम् ?** - किं प्रयोजनम् ?, **ध्यानैः** - प्रणिधानरूपैः, **किम् ?** - किं प्रयोजनम् ?, **तथा**शब्दः समुच्चये, **ध्येयैः** - ध्यानविषयैः, **किम् ?** - किं प्रयोजनम् ?

मुमुक्षवो मुक्त्यर्थं विविधानि व्रतानि सेवन्ते । व्रतपालनाय ते विविधानाचारानाचरन्ति ।

બાહ્ય વેષ પણ તે જ ધારણ કરવો જે જિનાગમમાં કહ્યો હોય, તે સિવાયનો નહીં. (૨૧)

अवतरणिका - સમતાના માહાત્મ્યને જ દૃઢ કરતાં બતાવે છે કે, 'સમતા ન હોય તો બાહ્ય આચારો પણ નિરર્થક છે' -

शब्दार्थ - જો મન સમતાથી દેદીપ્યમાન ન હોય તો વ્રતોથી શું ફાયદો ? વ્રતોના આચારોથી શું ફાયદો ? તપોથી શું ફાયદો ? જપોથી શું ફાયદો ? ધ્યાનોથી શું ફાયદો ? ધ્યેયોથી શું ફાયદો ? (૨૨)

पद्मीयावृत्तिनो भावानुवाद - મુમુક્ષુઓ મોક્ષ માટે વિવિધ વ્રતોને સેવે છે. વ્રતોનું પાલન કરવા તેઓ વિવિધ આચારોને આચરે છે. તેઓ વિવિધ પ્રકારનાં

---

१. ध्येयैः साम्यं सर्वत्र नो यदि - H, ॥

ते विविधानि दुष्कराणि तपांसि कुर्वन्ति । ते विविधमन्त्राणां जपं कुर्वन्ति । ते विविधप्रकारं ध्यानं कुर्वन्ति । ते विविधान्ध्येयान्ध्यायन्ति । सर्वोऽप्ययं क्रियाकलापः समत्वसिद्ध्यर्थं क्रियते । एतैर्व्रतादिभी रागादयो विलीयन्ते । ततश्च मनसि समता प्रादुर्भवति । ततो मन उज्ज्वलीभवति । उज्ज्वलमनसि शुभाध्यवसायाः प्रादुर्भवन्ति । मनसि यदा परमप्रकर्षरूपा समता प्रादुर्भवति तदा कैवल्यं प्राप्यते । यदि व्रतादिषु कृतेषु सत्स्वपि चित्तं निर्मलं न भवति तर्हि ते व्रतादयो निरर्थकाः, कैवल्याप्तिरूपेष्टासाधकत्वात् । ततो मनसः समीकरणार्थमेव व्रतादयः कर्त्तव्याः ।

इदमत्राऽवधेयम् - यदि व्रतादिभिश्चित्तं समताभास्वरं न भवति तर्हि व्रतादयो न त्याज्याः, परन्तु विशेषप्रयत्नेन व्रतादय आसेवनीया येन चित्तं भास्वरं भवेत् । बाह्या आचारा अपि त एवाऽनुष्ठेया ये जिनागमोक्ताः स्युः, न तु तदन्ये ॥२२॥

अवतरणिका - समत्वस्य प्राधान्यमेव दर्शयन् साम्याऽभावे बाह्यक्रियाणामकिञ्चित्करत्वं प्रतिपादयति -

---

દુષ્કર તપો કરે છે. તેઓ વિવિધ મંત્રોનો જાપ કરે છે. તેઓ વિવિધ પ્રકારનું ધ્યાન કરે છે. તેઓ વિવિધ ધ્યેયોનું ધ્યાન કરે છે. આ બધી ય ક્રિયાઓ સમતાની સિદ્ધિ માટે કરાય છે. આ વ્રતો વગેરેથી રાગ વગેરે નાશ પામે છે. તેથી મનમાં સમતા પ્રગટે છે. તેથી મન ઉજ્જ્વળ બને છે. ઉજ્જ્વળ મનમાં શુભ અધ્યવસાયો પ્રગટે છે. મનમાં જ્યારે પરમ પ્રકર્ષરૂપ સમતા પ્રગટે છે, ત્યારે કેવળજ્ઞાન મળે છે. જો વ્રત વગેરે કરવા છતાં પણ ચિત્ત નિર્મળ ન થાય તો તે વ્રત વગેરે નકામા છે, કેમકે તેઓ કેવળજ્ઞાનની પ્રાપ્તિરૂપી પોતાના ઈષ્ટને સાધતાં નથી. તેથી મનને સમ કરવા માટે જ વ્રતો વગેરે કરવા.

અહીં આટલુ ધ્યાનમાં રાખવું - જો વ્રત વગેરેથી ચિત્ત સમતાથી દેદીપ્યમાન ન થતું હોય તો વ્રત વગેરે છોડવા નહીં પણ વિશેષ પ્રયત્નથી વ્રત વગેરે કરવા, જેથી ચિત્ત સમતાથી દેદીપ્યમાન થાય. બાહ્ય આચારો પણ તે જ આચરવા જે જિનાગમમાં કહ્યા હોય, તે સિવાયના નહીં. (૨૨)

અવતરણિકા - સમતાની પ્રધાનતા બતાવતાં જણાવે છે કે, 'સમતા ન હોય તો બાહ્ય ક્રિયાઓ પણ નકામી છે' -

मूलम् - किं क्लिष्टेन्द्रियरोधेन[1], किं सदा पठनादिभिः ।
किं सर्वस्वप्रदानेन, तत्त्वं नोन्मीलितं यदि ॥२३॥

अन्वयः - यदि तत्त्वं नोन्मीलितं (तर्हि) क्लिष्टेन्द्रियरोधेन किम् ? सदा पठनादिभिः किम् ? सर्वस्वप्रदानेन किम् ? ॥२३॥

पद्मीया वृत्तिः - यदिशब्दः सम्भावने, **तत्त्वम्** - समत्वरूपम्, **न**शब्दो निषेधे, **उन्मीलितम्**-विकसितम्, **तर्ही**त्यत्राध्याहार्यम्, **क्लिष्टेन्द्रियरोधेन** - इन्द्रियाणां-स्पर्शनेन्द्रिय-रसनेन्द्रिय-घ्राणेन्द्रिय-चक्षुरिन्द्रिय-श्रोत्रेन्द्रियरूपाणां रोधः-इष्टानिष्टविषयेषु रागद्वेषाऽकरणमितीन्द्रियरोधः, क्लिष्टः-दुष्करश्चासौ इन्द्रियरोधश्चेति क्लिष्टेन्द्रियरोधः, तेन, **किम्**-किं प्रयोजनम् ? न किमपि प्रयोजनमित्यर्थः, एवमग्रेऽपि ज्ञेयम्, **सदा** - अनिशम्, **पठनादिभिः**-पठनम्-स्वाध्याय आदौ येषां पाठन-प्रच्छन-परावर्त्तन-अनुप्रेक्षण-धर्मकथनादीनामिति पठनादयः, तैः, **किम्** - किं प्रयोजनम् ?, **सर्वस्वप्रदानेन** - सर्वं-निखिलं, स्वं-धनं, सर्वञ्च तत्स्वञ्चेति सर्वस्वम्, अथवा सर्वस्वं-धनधान्यगृहवस्त्रादि-सर्वसामग्रीरूपम्, तस्य प्रदानम्-अर्पणमिति सर्वस्वप्रदानम्, तेन, **किम्** - किं प्रयोजनम् ?

इन्द्रियाणि पूर्वोक्तानि पञ्च । तेषां विषयाः स्पर्श-रस-गन्ध-रूप-शब्दाः । विषया द्विविधाः सन्ति-अनुकूलाः प्रतिकूलाश्च । इष्टस्पर्शादयोऽनुकूलविषयाः । अनिष्टस्पर्शादयः प्रतिकूलविषयाः । अनादिकालाभ्यासाज्जीवोऽनुकूलविषयेषु रज्यति प्रतिकूलविषयाँश्च द्वेष्टि । अनुकूलविषयेषु रागस्याऽकरणेन प्रतिकूलविषयेषु च द्वेषस्याऽकरणेनेन्द्रियाणां

शब्दार्थ - જો સમતારૂપી તત્ત્વનો વિકાસ ન થાય તો દુષ્કર એવો ઇન્દ્રિયોનો નિરોધ કરવાથી શું ફાયદો ? હંમેશા ભણવા વગેરેથી શું ફાયદો ? સર્વસ્વ આપવાથી શું ફાયદો ? (૨૩)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - ઇન્દ્રિયો પૂર્વે કહી તે પાંચ છે. તેમના વિષયો સ્પર્શ-રસ-ગંધ-રૂપ-શબ્દ છે. વિષયો બે પ્રકારના છે - અનુકૂળ અને પ્રતિકૂળ. ઇષ્ટ સ્પર્શ વગેરે અનુકૂળ વિષયો છે. અનિષ્ટ સ્પર્શ વગેરે પ્રતિકૂળ વિષયો છે. અનાદિ કાળના અભ્યાસથી જીવ અનુકૂળ વિષયોમાં રાગ કરે છે અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ કરે છે. અનુકૂળ વિષયોમાં રાગ નહીં કરવા વડે અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ

---

१. ... रोधने - E।

रोधो भवति । जीवेनेष्टानिष्टविषयेषु रागद्वेषावनादिकालादभ्यस्तौ । अतोऽयमिन्द्रियरोधो दुष्करो भवति । दुष्करमपीन्द्रियरोधं मुमुक्षवो मुक्त्यर्थं कुर्वन्ति । केचन मुक्त्यर्थं पठनादिषु व्यापृता भवन्ति । तेन ते प्रवचनकुशलाः सञ्जायन्ते । देशनया तेऽनेकान्प्रति-बोधयन्ति । केचन मुक्त्यर्थं स्वीयं सर्वं धनं दीनादिभ्यो ददति । धनं कृच्छ्रेणोपार्ज्यते। धनं मनुष्याणां प्राणभूतम् । यदुक्तं **योगशास्त्रे प्रथमप्रकाशे कलिकालसर्वज्ञैः 'बाह्याः प्राणा नृणामर्थो... ॥२२॥'** ततो धनस्य त्यागो दुष्करः । तथापि केचन महासत्त्वा मुक्त्यर्थं सर्वस्यापि धनस्य दानं कुर्वन्ति । केचन महासत्त्वाः सर्वस्वं त्यक्त्वा प्रव्रजन्ति। एतानीन्द्रियरोध-पठनादि-सर्वस्वदानादीनि समत्वविकासार्थमेव कर्त्तव्यानि । यद्येतेषु कृतेषु सत्स्वपि समत्वं विकसितं न भवति तर्हि सर्वोऽपि प्रयासो वृथा । समत्वमृते इन्द्रियरोधादयो मुक्तिदानाय प्रत्यला न भवन्ति। ततश्च ते निरर्थका जायन्ते ।

इदं तु ध्येयम् - यदीन्द्रियरोधादिभिः समत्वस्य विकासो न भवति तर्हीन्द्रियरोधादयो

નહીં કરવા વડે ઇન્દ્રિયોનો નિરોધ થાય છે. ઇષ્ટ વિષયોમાં રાગ કરવો અને અનિષ્ટ વિષયોમાં દ્વેષ કરવો એ અનાદિકાળથી જીવે શીખેલું છે. માટે આ ઇન્દ્રિયોનો નિરોધ મુશ્કેલ છે. મુશ્કેલ એવા પણ ઇન્દ્રિય નિરોધને મુમુક્ષુઓ મોક્ષ માટે કરે છે. કેટલાક મોક્ષ માટે ભણવા વગેરેમાં પ્રવૃત્ત થાય છે. તેથી તેઓ શાસ્ત્રોમાં કુશળ થાય છે. દેશનાથી તેઓ અનેકને પ્રતિબોધ કરે છે. કેટલાક મોક્ષ માટે પોતાનું બધું ધન દીન વગેરેને આપે છે. ધન કષ્ટથી મળે છે. ધન મનુષ્યોના પ્રાણ જેવું છે. **યોગશાસ્ત્રમાં પહેલા પ્રકાશમાં કલિકાલસર્વજ્ઞજીએ** કહ્યું છે - 'ધન મનુષ્યોના બહારના પ્રાણ છે... (૨૨)' તેથી ધનનો ત્યાગ મુશ્કેલ છે. છતાં પણ કેટલાક મહાસત્ત્વવાળા જીવો મોક્ષ માટે બધાય ધનનું દાન કરે છે. કેટલાક મહાસત્ત્વવાળા જીવો ધન, ધાન્ય, ઘર, વસ્ત્ર વગેરે બધી સામગ્રીરૂપ સર્વસ્વને ત્યજીને ચારિત્ર લે છે. આ ઇન્દ્રિયોનો નિરોધ, ભણવું વગેરે અને સર્વસ્વનું દાન વગેરે સમતાનો વિકાસ કરવા માટે જ કરવાના છે. જો આ બધું કરવા છતાં પણ સમતાનો વિકાસ ન થાય તો બધીય મહેનત નકામી જાય. સમતા વિના ઇન્દ્રિયોનો નિરોધ વગેરે મોક્ષ આપવા સમર્થ નથી બનતાં અને તેથી નકામા બને છે.

અહીં આટલુ ધ્યાનમાં રાખવું - જો ઇન્દ્રિયોના નિરોધ વગેરેથી સમતાનો વિકાસ ન થાય તો ઇન્દ્રિયોનો નિરોધ વગેરે ન છોડવા, પણ ઇન્દ્રિયનિરોધ વગેરે કરતાં

न त्याज्याः परन्त्विन्द्रियरोधादिकं कुर्वतैव समत्वस्य विकासार्थं विशेषेण यतनीयम् ॥२३॥

अवतरणिका - 'समत्वं विना गच्छभेदा अपि निरर्थका' इति प्रतिपाद्य साम्यस्य माहात्म्यं प्रकटयति -

मूलम् - नाञ्चलो मुखवस्त्रं न, [१]न राका न चतुर्दशी ।
न श्राद्धादिप्रतिष्ठा वा, तत्त्वं किन्त्वमलं मनः ॥२४॥

अन्वयः - अञ्चलो न तत्त्वम्, मुखवस्त्रं न (तत्त्वम्), राका न (तत्त्वम्), चतुर्दशी न (तत्त्वम्), श्राद्धादिप्रतिष्ठा वा न (तत्त्वम्), किन्त्वमलं मनः (तत्त्वम्) ॥२४॥

पद्मीया वृत्तिः - अञ्चलः - उत्तरीयवस्त्रैकभागरूपः, **न**शब्दो निषेधे, **तत्त्वम्** - साररूपम्, तत्त्वमिति पदमग्रेऽप्यनुवर्त्तनीयम्, **मुखवस्त्रं** - मुखाग्रे धारणाय वस्त्रमिति मुखवस्त्रम्-मुखवस्त्रिका, **न तत्त्वम्, राका** - पौर्णमासी, **न तत्त्वम्, चतुर्दशी** - चतुर्दशी तिथिः, **न तत्त्वम्, श्राद्धादिप्रतिष्ठा** - श्राद्धः-श्रावक आदौ येषां साध्वादीनामिति श्राद्धादयः, तैः कृता प्रतिष्ठेति श्राद्धादिप्रतिष्ठा, **वा**शब्दो - विकल्पार्थे, **न तत्त्वम्, किन्तु** - परन्तु, **अमलम्** - रागादिमलरहितम्, **मनः** - चित्तम्, **तत्त्वम्** - साररूपम् ।

अञ्चलगच्छीया मन्यन्ते-भाषणसमये मुखाग्रे वस्त्राञ्चलो धर्त्तव्यः । भाषणसमये मुखवस्त्रिकाऽनुपयोगिनीति । तपागच्छीयाः स्थानकवासिनस्तेरापन्थिनश्च मन्यन्ते-भाषण-

---

કરતાં જ સમતાના વિકાસ માટે વિશેષ રીતે પ્રયત્ન કરવો. (૨૩)

અવતરણિકા - સમતા વિના ગચ્છના ભેદો પણ નકામા છે - એમ બતાવી સમતાનું માહાત્મ્ય પ્રગટ કરે છે -

શબ્દાર્થ - ઉપરના વસ્ત્રના છેડારૂપ અંચલ એ તત્ત્વ નથી, મુહપત્તિ એ તત્ત્વ નથી, પૂનમ એ તત્ત્વ નથી, ચૌદશ એ તત્ત્વ નથી કે શ્રાવક વગેરેએ કરેલી પ્રતિષ્ઠા એ તત્ત્વ નથી, પણ નિર્મળ મન એ તત્ત્વ છે. (૨૪)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - અંચલગચ્છવાળા માને છે કે બોલતી વખતે મોઢા આગળ વસ્ત્રનો છેડો રાખવો. તેઓ માને છે કે બોલતી વખતે મુહપત્તિ ઉપયોગી નથી. તપાગચ્છવાળા, સ્થાનકવાસીઓ અને તેરાપંથીઓ માને છે કે બોલતી વખતે

---

१. च - F।

समये मुखाग्रे मुखवास्त्रिकैव धर्त्तव्येति । तत्राऽपि स्थानकवासितेरापन्थिनो मुखवस्त्रिकां मुखे बध्नन्ति । तपागच्छीयास्तु मुखवस्त्रिकां हस्ते धृत्वा मुखाग्रे स्थापयन्ति । पौर्णमिकाः पार्श्वचन्द्रगच्छीया अञ्चलगच्छीयाश्च पाक्षिकं पर्व पूर्णिमायां कुर्वन्ति । तपागच्छीयादयः पाक्षिकं पर्व चतुर्दश्यां कुर्वन्ति । केचन मन्यन्ते-जिनबिम्बप्रतिष्ठा श्राद्धेनैव कर्त्तव्या, न तु साधुनेति । परे मन्यन्ते-जिनबिम्बप्रतिष्ठा साधुना कर्त्तव्येति । अस्मिञ्जिनशासनेऽनेकागच्छाः सन्ति । तेषां मतानि विविधानि सन्ति । यदि तत्तद्गच्छीयाः स्वगच्छस्य रागं कुर्वन्ति परगच्छेषु च द्वेषं कुर्वन्ति तर्हि रागद्वेषाकुलत्वात्ते मुक्तिं नाप्नुवन्ति । समतारहित-स्याऽञ्चलेन मुखवस्त्रिकया वा मुक्तिर्न भवति । समताविकलस्य पूर्णिमायां चतुर्दश्यां वा पाक्षिकपर्वण आराधनेनाऽपि मुक्तिर्न भवति । समतामोचिनः श्राद्धप्रतिष्ठया साधुप्रतिष्ठया वा मुक्तिर्न भवति । **मुक्तिस्तु समतयैव भवति** । ततः स्वस्वमतानुसारेणाऽऽराधनां कुर्वद्भिः सर्वगच्छीयैः परगच्छीयेषु द्वेषो न विधेयः, परन्तु समभावलाभार्थं प्रयत्नो विधेयः । यदि ते केवलं स्वस्वमतानुसारिणीमाराधनामेव कुर्वन्ति, परेषु द्वेषकरणेन

મોઢા આગળ મુહપત્તિ જ રાખવી જોઈએ. તેમાં પણ સ્થાનકવાસીઓ અને તેરાપંથીઓ મુહપત્તિને મોઢે બાંધે છે. તપાગચ્છવાળા તો મુહપત્તિને હાથમાં રાખીને મોઢા આગળ રાખે છે. પૂનમિયા ગચ્છવાળા, પાર્શ્વચન્દ્ર ગચ્છવાળા અને અંચલગચ્છવાળા પાખી પૂનમના દિવસે કરે છે. તપાગચ્છવાળા વગેરે પાખી ચૌદશના દિવસે કરે છે. કેટલાક માને છે કે જિનપ્રતિમાની પ્રતિષ્ઠા શ્રાવકે જ કરવી જોઈએ, સાધુએ નહીં. બીજા માને છે કે જિનપ્રતિમાની પ્રતિષ્ઠા સાધુએ જ કરવી જોઈએ. આ જિનશાસનમાં અનેક ગચ્છો છે. તેમના મતો જુદા જુદા છે. જો તે તે ગચ્છવાળા પોતાના ગચ્છનો રાગ કરે અને બીજા ગચ્છો ઉપર દ્વેષ કરે તો રાગદ્વેષથી યુક્ત હોવાથી તેઓ મોક્ષ પામતાં નથી. સમતા ન હોય તો અંચલથી કે મુહપત્તિથી મોક્ષ થતો નથી. સમતા ન હોય તો પૂનમે કે ચૌદશે પાખીની આરાધના કરવાથી મોક્ષ નથી થતો. સમતા ન હોય તો શ્રાવકની કરેલી પ્રતિષ્ઠાથી કે સાધુની કરેલી પ્રતિષ્ઠાથી મોક્ષ થતો નથી. **મોક્ષ તો સમતાથી જ થાય છે.** માટે પોતપોતાના મત અનુસાર આરાધના કરનારા બધા ગચ્છવાળાઓએ બીજા ગચ્છવાળા ઉપર દ્વેષ ન કરવો પણ સમભાવ લાવવા પ્રયત્ન કરવો. જો તેઓ માત્ર પોતપોતાના મતને અનુસારી આરાધના જ કરે અને બીજા ઉપર દ્વેષ કરીને સમતા લાવવા માટે પ્રયત્ન ન કરે

समतालाभार्थं न यतन्ते तर्हि तेषां सर्वा अप्याराधना वृथा भवन्ति। साधनायाः सारो निर्मलं मनः। अञ्चलादिकमेव साध्यं मत्वा ये परस्परं विवदन्ते ते समत्वं न प्राप्नुवन्ति। जिनशासनस्य सारः समता, न त्वञ्चलादिकम्।

इदमत्रावधेयम् - यद्यपि समतां विना गच्छभेदा निरर्थकास्तथापि श्रीवीरविभुशुद्धपरम्पराप्राप्तगच्छानुसारेणाऽऽराधना कर्त्तव्या। तथा कुर्वताऽपि परगच्छीयेषु द्वेषो न धर्त्तव्यः, परन्तु चित्तं निर्मलीकर्त्तव्यम् ॥२४॥

अवतरणिका - साम्यस्य माहात्म्यमेव विशदीकुर्वन् 'साम्यं विना बाह्याऽऽडम्बरो निरर्थक' इति दृष्टान्ताभ्यां समर्थयति -

मूलम् - दृष्ट्वा श्रीगौतमं [१]बुद्धै-स्त्रिपञ्चशततापसैः।
भरतप्रमुखैर्वापि, [२]कः कृतो बाह्यकुग्रहः ? ॥२५॥

अन्वयः - श्रीगौतमं दृष्ट्वा बुद्धैस्त्रिपञ्चशततापसैः भरतप्रमुखैर्वापि कः बाह्यकुग्रहः कृतः ? ॥२५॥

તો તેમની બધી ય આરાધના ફોગટ જાય છે. સાધનાનો સાર નિર્મળ મન છે. અંચલ વગેરેને જ સાધ્ય માનીને જેઓ પરસ્પર વિવાદ કરે છે, તેઓ સમતા પામતાં નથી. જિનશાસનનો સાર સમતા છે, અંચલ વગેરે નહીં.

અહીં આટલું ધ્યાનમાં રાખવું - જો કે સમતા વિના ગચ્છના ભેદો નિરર્થક છે, છતાં પણ શ્રીવીરપ્રભુની શુદ્ધ પરંપરાને પામેલા ગચ્છને અનુસારે આરાધના કરવી. તેમ કરતાં કરતાં પણ બીજા ગચ્છવાળા ઉપર દ્વેષ ન કરવો, પણ ચિત્તને નિર્મળ કરવું. (૨૪)

અવતરણિકા - સમતાનું માહાત્મ્ય જ સ્પષ્ટ કરતાં 'સમતા વિના બહારનો આડંબર નકામો છે,' એ વાતનું બે દૃષ્ટાન્તો વડે સમર્થન કરે છે -

શબ્દાર્થ - શ્રીગૌતમસ્વામીને જોઈને બોધ પામેલા પંદરસો તાપસોએ કે ભરત વગેરેએ કયો બાહ્ય કદાગ્રહ કર્યો હતો ? અર્થાત્ નહોતો કર્યો, છતાં મોક્ષે ગયા હતા. (૨૫)

---

१. बुद्धैस्त्रिःपञ्च .... - E, G, LI २. क्व - MI

पद्मीया वृत्तिः - श्रीगौतमं - श्रिया-लब्ध्यादिरूपया युक्तश्चासौ गौतमः-चरम-जिनेशितुः प्रथमः शिष्य इति श्रीगौतमः, तम्, **दृष्ट्वा**-प्रेक्ष्य, **बुद्धैः**-अवाप्तधर्मैः, **त्रिपञ्च-शत-तापसैः**-पञ्चानां शतानां समाहार इति, पञ्चशतम्, त्रिगुणितं पञ्चशतमिति त्रिपञ्चशतम्-पञ्चदशशतमित्यर्थः, त्रिपञ्चशतञ्च ते तापसाः कौण्डिन्यादयश्चेति त्रिपञ्चशततापसाः, तैः, **भरतप्रमुखैः** - भरतः-श्रीऋषभदेवस्य प्रथमः पुत्रोऽस्या अवसर्पिण्याः प्रथमश्चक्रवर्त्ती, प्रमुखः-प्रधानो, भरतः प्रमुखो येषु मरुदेवी-गुणसागर-पृथ्वीचन्द्रादिषु ते भरतप्रमुखाः, तैः, **वा**शब्दो विकल्पार्थे, **अपि**शब्दः समुच्चये, **कः** - कीदृशः, न कोऽपीत्यर्थः, **बाह्यकुग्रहः** - कुत्सितोऽशुभो ग्रहः-आग्रह इति कुग्रहः-कदाग्रहः, बाह्यस्य-व्यवहारधर्मस्य कुग्रह इति बाह्यकुग्रहः, **कृतः** - विहितः ?

गौतमस्वामी अष्टापदतीर्थस्य यात्रार्थं सूर्यकिरणानवलम्ब्य गिरिमारुढः । तदाऽष्टापद-तीर्थमारुरुक्षुभिः प्रथम-द्वितीय-तृतीय-सोपानवर्त्तिभिः कौण्डिन्यादिभिः पञ्चदशशततापसैः स दृष्टः । तं दृष्ट्वा ते प्रतिबुद्धाः । अवरोहते गौतमस्वामिने तैः स्वीयं जीवनं समर्पितम् । गौतमस्वामिना ते प्रव्राजिताः । स्तोककालेन तैस्तापसमुनिभिः कैवल्यं प्राप्तम् । बाह्यसंयमानुष्ठानैर्विनाऽपि तैः केवलेन समत्वेन केवलज्ञानं लब्धम् ।

भरतचक्रवर्त्ती आदर्शभवने निविष्ट आसीत् । तस्यैकस्या अङ्गुल्या अङ्गुलीयकं पतितम् । साऽङ्गुलिस्तेजोरहिता बभूव । ततः सोऽशुचित्वभावनां भावितवान् । ततस्तत्रैव

पद्मीयावृत्तिनो भावानुवाद - શ્રીગૌતમસ્વામી અષ્ટાપદ તીર્થની જાત્રા માટે સૂર્યના કિરણોનું આલંબન લઈને પર્વત ઉપર ચઢ્યા. ત્યારે અષ્ટાપદ તીર્થ ઉપર ચઢવાની ઇચ્છાવાળા, પહેલા-બીજા-ત્રીજા દાદરા ઉપર રહેલા કૌંડિન્ય વગેરે પંદરસો તાપસોએ તેમને જોયા. તેમને જોઈને તેઓ પ્રતિબોધ પામ્યા. ઊતરતાં શ્રીગૌતમસ્વામીને તેમણે પોતાનું જીવન સમર્પિત કર્યું. શ્રીગૌતમસ્વામીએ તેમને દીક્ષા આપી. થોડા જ સમયમાં તે તાપસ મુનિઓને કેવળજ્ઞાન થયું. સંયમના બાહ્ય અનુષ્ઠાનો વિના પણ એકલી સમતાથી તેમને કેવળજ્ઞાન થયું.

ભરત ચક્રવર્તી શ્રીઋષભદેવ પ્રભુના પહેલા પુત્ર હતા અને આ અવસર્પિણીના પહેલા ચક્રવર્તી હતા. તેઓ આરીસા ભુવનમાં બેઠેલા હતા. તેમની એક આંગળીમાંથી વીંટી પડી ગઈ. તે આંગળી તેજ વિનાની થઈ ગઈ. તેથી તેઓ અશુચિ ભાવના ભાવવા લાગ્યા. તેથી ત્યાં જ તેમને કેવળજ્ઞાન થયું. આમ બાહ્ય સંયમ સાધના

स कैवल्यं लब्धवान् । इत्थं बाह्यसंयमसाधनया विनाऽपि समत्वेनैव तेन कैवल्यं लब्धम् । प्रमुखशब्देनाऽत्र मरुदेवी-गुणसागर-पृथ्वीचन्द्रादयो ग्राह्याः ।

तापसमुनिभिर्भरतादिभिश्च बाह्यानुष्ठानस्य कदाग्रहो न कृतः । तथापि समत्वबलेन तैः केवलज्ञानं प्राप्तम् । अतो बाह्यानुष्ठानानां कदाग्रहं परित्यज्य समत्वार्थमेव यत्नो विधेयः । अत्राऽयं भावः-बाह्यानुष्ठानानां कदाग्रह एव त्याज्यः, न तु बाह्यानुष्ठानानि त्याज्यानि । बाह्यानुष्ठानानि व्यवहाररूपाणि सन्ति, समत्वं निश्चयरूपमस्ति । उभयमीलनेनैव मुक्तिर्भवति । उक्तञ्च **पञ्चवस्तुके** - **'ण वयो एत्थ पमाणं, ण य परिआओ उ निच्छयणएणं । ववहारओ उ जुज्जइ, उभयणयमयं पुण पमाणं ॥१०१४॥'** (**छाया** - न वयो अत्र प्रमाणं, न च पर्यायस्तु निश्चयनयेन । व्यवहारतस्तु युज्यते, उभयनयमतं पुनः प्रमाणं ॥१०१४॥) **पुष्पमालाया**मप्युक्तम् - **'जइ जिणमयं पवज्जह, ता मा ववहारनिच्छए मुयह । ववहारनओच्छेए, तित्थुच्छेओ जओ भणिओ ॥२२८॥'** (**छाया** - यदि जिनमतं प्रपद्यध्वे, ततो मा व्यवहारनिश्चयौ मुञ्चत । व्यवहारनयोच्छेदे, तीर्थोच्छेदो यतो भणितः ॥२२८॥) **प्रद्युम्नसूरि**विरचित**विचारसारे**ऽप्युक्तम् - **'ववहारो वि हु बलवं, जं छउमत्थं पि वंदए अरिहा । आहाकम्मं भुंजइ, सुयववहारं पमाणंतो ॥८८५॥'**

વિના પણ સમતાથી જ તેમણે કેવળજ્ઞાન મેળવ્યું. પ્રમુખ શબ્દથી અહીં મરુદેવી માતા, ગુણસાગર, પૃથ્વીચન્દ્ર વગેરે લેવા.

તાપસ મુનિઓએ અને ભરત વગેરેએ બાહ્ય અનુષ્ઠાનોનો કદાગ્રહ ન રાખ્યો. છતાં પણ સમતાના બળથી તેમણે કેવળજ્ઞાન મેળવ્યું. માટે બાહ્ય અનુષ્ઠાનોનો કદાગ્રહ છોડીને સમતા માટે જ પ્રયત્ન કરવો. અહીં આવો ભાવ છે - બાહ્ય અનુષ્ઠાનોનો કદાગ્રહ જ છોડવો, બાહ્ય અનુષ્ઠાનો નહીં. બાહ્ય અનુષ્ઠાનો વ્યવહારરૂપ છે. સમતા નિશ્ચયરૂપ છે. બન્ને ભેગા થવાથી જ મોક્ષ થાય છે. **પંચવસ્તુક**માં કહ્યું છે - 'અહીં નિશ્ચયનયથી વય પ્રમાણ નથી અને પર્યાય પ્રમાણ નથી. વ્યવહારથી વય અને પર્યાય યોગ્ય છે. બન્ને નયોને જે સમ્મત હોય તે પ્રમાણ છે. (૧૦૧૪)' **પુષ્પમાળા**માં પણ કહ્યું છે - 'જો જિનમતને સ્વીકારો છો તો વ્યવહાર અને નિશ્ચયનયને ન છોડો, કેમકે વ્યવહારનયનો ઉચ્છેદ કરવામાં તીર્થોચ્છેદ કહ્યો છે. (૨૨૮)' **પ્રદ્યુમ્નસૂરિજી** વિરચિત **વિચારસાર**માં પણ કહ્યું છે - 'વ્યવહાર પણ બળવાન છે, કેમકે કેવળી છદ્મસ્થને પણ વંદન કરે છે, અરિહંત ભગવંત

(**छाया** - व्यवहारोऽपि खलु बलवान्, यत् छद्मस्थमपि वन्दते अर्हन् । आधाकर्म भुङ्क्ते, श्रुतव्यवहारं प्रमाणयन् ॥८८५॥) **गुरुतत्त्वविनिश्चये**ऽप्युक्तम् - **'ववहारो वि हु बलवं, जं छउमत्थं पि वंदई अरहा । जा होइ अणाभिण्णो, जाणंतो धम्मिअं एअं ॥१७२॥'** (**छाया** - व्यवहारोऽपि खलु बलवान्, यत् छद्मस्थमपि वन्दते अर्हन्। यावत् भवति अनभिज्ञातो, जानन् धर्मतां एताम् ॥१७२॥) **अध्यात्मसारे**ऽप्युक्तम् - **'व्यवहाराविनिष्णातो, यो ज्ञीप्सति विनिश्चयम् । कासारतरणाशक्तः, सागरं स तितीर्षति ॥१९५॥ व्यवहारं विनिश्चित्य, ततः शुद्धनयाश्रितः । आत्मज्ञानरतो भूत्वा, परमं साम्यमाश्रयेत् ॥१९६॥'**

इदमत्रावधेयम्-ग्रन्थकृताऽत्र समत्वमाहात्म्यख्यापनार्थमेव तापसभरतादीनां दृष्टान्ता उक्ताः, न तु बाह्यानुष्ठानानां निराकरणार्थम् । तापसमुनिभरतादीनां घातिकर्म्माणि झटिति क्षीणानि, अतस्तैः कैवल्याप्तेः पूर्वं बाह्यानुष्ठानानि न कृतानि, अन्यथा तेऽपि बाह्यानुष्ठानान्यवश्यमकरिष्यन् । ते बाह्यानुष्ठानानि नोपेक्षितवन्तः । कैवल्याप्त्यनन्तरं तैः स्वोचितानि बाह्यानुष्ठानानि कृतान्येव । तापसमुनिभिः प्रव्रज्याग्रहणानन्तरमेव कैवल्यं लन्धम् । भरतेन तु कैवल्याप्त्यनन्तरमपि मुनिवेषो गृहीतः । ततो बाह्यानुष्ठानान्यप्यवश्यं

શ્રુતવ્યવહારને પ્રમાણિત કરતા આધાકર્મી ગોચરી વાપરે છે. (૮૮૫)' **ગુરુતત્ત્વવિનિશ્ચય**માં પણ કહ્યું છે - 'વ્યવહાર પણ બળવાન છે, કેમકે જ્યાં સુધી જણાયા ન હોય ત્યાં સુધી ધર્મના આ ભાવને જાણતાં કેવળી છદ્મસ્થને પણ વંદન કરે છે. (૧૭૨)' **અધ્યાત્મસાર**માં પણ કહ્યું છે - 'વ્યવહારનયમાં નિષ્ણાત નહીં થયેલો જે નિશ્ચયને જાણવા ઇચ્છે છે તળાવને તરવા માટે અશક્ત એવો તે સમુદ્રને તરવા ઇચ્છે છે. (૧૯૫) વ્યવહારનો નિશ્ચય કરીને પછી શુદ્ધનય (નિશ્ચયનય)નો આશ્રય કરનારો આત્મજ્ઞાનમાં રત થઈને શ્રેષ્ઠ સામ્યને પામે છે. (૧૯૬)'

અહીં આ વાતનું ધ્યાન રાખવું - ગ્રંથકારે અહીં સમતાનું માહાત્મ્ય બતાવવા માટે જ તાપસો-ભરત વગેરેના દૃષ્ટાન્તો કહ્યા છે, બાહ્ય અનુષ્ઠાનોનું નિરાકરણ કરવા નહીં. તાપસો, ભરત વગેરેના ઘાતી કર્મો જલ્દીથી નાશ પામી ગયા. એથી તેઓએ કેવળજ્ઞાન થયા પૂર્વે બાહ્ય અનુષ્ઠાનો ન કર્યા, અન્યથા તેઓ પણ બાહ્ય અનુષ્ઠાનો અવશ્ય કરત. તેમણે બાહ્ય અનુષ્ઠાનોની ઉપેક્ષા નહોતી કરી. કેવળજ્ઞાન થયા પછી તેમણે પોતાને ઉચિત બાહ્ય અનુષ્ઠાનો કર્યા જ હતા. તાપસમુનિઓને દીક્ષા લીધા પછી જ કેવળજ્ઞાન થયું હતું. ભરતચક્રીએ તો કેવળજ્ઞાન થયા પછી પણ મુનિવેષ લીધો હતો. તેથી બાહ્ય અનુષ્ઠાનો પણ અવશ્ય કરવા, પણ તેમની ઉપેક્ષા

करणीयानि, न तूपेक्षितव्यानि । यो बाह्यानुष्ठानान्युपेक्षते स समतां नाप्नोति । बाह्यानुष्ठानानि कुर्वता समता साध्या ।

इदमत्रैदम्पर्यम्-**समत्वं लक्ष्यीकृत्यैव बाह्याऽनुष्ठानानि विधेयानि** ॥२५॥

अवतरणिका - समत्वमाहात्म्यमेवाऽन्यैर्दृष्टान्तैः समर्थयति -

मूलम् - [१]दृढप्रहारिवीरेण, चिलातीपुत्रयोगिना ।
इलापुत्रादिभिश्चैव, सेवितो योग उत्तमः ॥२६॥

अन्वयः - दृढप्रहारिवीरेण चिलातीपुत्रयोगिनेलापुत्रादिभिश्चोत्तमो योग एव सेवितः ॥२६॥

पद्मीया वृत्तिः - दृढप्रहारिवीरेण - दृढः प्रहारो अस्येति दृढप्रहारी, स चासौ वीरः-शूरश्चेति दृढप्रहारिवीरः, तेन, **चिलातीपुत्रयोगिना** - चिलातीपुत्रश्चासौ योगी-योगसाधकश्चेति चिलातीपुत्रयोगी, तेन, **इलापुत्रादिभिः** - इलापुत्र आदौ येषां ते इलापुत्रादयः, तैः, **च**शब्दः समुच्चये, **उत्तमः** - समत्वरूपः, **योगः** - पूर्वोक्तस्वरूपः, **एव**शब्दो अन्यसाधनां व्यवच्छिनत्ति, **सेवितः** - अनुष्ठितः ।

दृढप्रहारी अनेका हिंसाः कृतवान् । ततः स पश्चात्तापमकरोत् । मुनिपार्श्वे तेन संयमं

ન કરવી. જે બાહ્ય અનુષ્ઠાનોની ઉપેક્ષા કરે છે તે સમતાને પામતો નથી. બાહ્ય અનુષ્ઠાનો કરતાં કરતાં સમતાની સાધના કરવી.

અહીં કહેવાનો સાર આવો છે - **સમતાનું લક્ષ્ય રાખીને જ બાહ્ય અનુષ્ઠાનો કરવા.** (૨૫)

અવતરણિકા - બીજા દૃષ્ટાન્તો વડે સમતાના માહાત્મ્યનું જ સમર્થન કરે છે -

શબ્દાર્થ - વીર એવા દૃઢપ્રહારીએ, યોગી એવા ચિલાતીપુત્રે અને ઇલાપુત્ર વગેરેએ ઉત્તમ યોગ જ સેવ્યો હતો. (૨૬)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - દૃઢપ્રહારીનો પ્રહાર દૃઢ હતો. તેથી તેનું નામ દૃઢપ્રહારી પડી ગયેલું. તેણે અનેક હિંસાઓ કરી. પછી તેને પશ્ચાત્તાપ થયો. મુનિ

---

१. दृढप्रहारवीरेण - DI

गृहीतम्। यस्मिन्दिने हत्यापातकं स्मरेयं तस्मिन्दिने मया न भोक्तव्यमिति तेनाभिगृहीतम्। प्रतिदिनं स भिक्षार्थमगच्छत्। तं दृष्ट्वा लोकास्तमाऽऽक्रोशन्। ते तं मुष्टिलेष्ट्वादिभिः प्राहरन्। ततो हत्यापातकं स्मृत्वा स भिक्षां विनैव प्रत्यागत्योपवासमकरोत्। इत्थं षण्मासान्यावत्तेन समतया परीषहाः सोढाः। ततः स क्षपकश्रेणिमारुह्य समताद्वारेण कैवल्यं सिद्धिं च प्राप्नोत्। दृढप्रहारिणा समताप्राप्तेरेव साधना कृता। ततोऽचिरेण स केवलज्ञानं लब्धवान्। उक्तञ्चाऽध्यात्मोपनिषदि - **'स्त्रीभ्रूणगोब्राह्मणघातजात-पापादधःपातकृताभिमुख्याः। दृढप्रहारिप्रमुखाः क्षणेन साम्यावलम्बात्पदमुच्चमापुः ॥४/२१॥'**

चिलातीपुत्रः सुसुमां हत्वा तच्छिरो हस्ते गृहीत्वाऽधावत्। मार्गे मुनिं दृष्ट्वा स तं तत्त्वं पृष्टवान्। मुनिरुपशमो विवेकः संवरः इति त्रिपदीमुक्त्वा गगनमार्गेण गतः। चिलातीपुत्रस्त्रिपदीं चिन्तितवान्। तत उपशान्तो भूत्वा स कायोत्सर्गमकरोत्। पिपीलिका-दंशादिपरिषहान्स समतया सोढवान्। विशुद्धध्यानेन सोऽप्यचिरेण कैवल्यं प्राप्नोत्। इत्थं चिलातीपुत्रेणाऽपि समताया एव साधना कृता।

પાસે તેણે સંયમ લીધું. જે દિવસે મને હત્યાનું પાપ યાદ આવે તે દિવસે મારે ભોજન કરવું નહીં - એ પ્રમાણે તેમણે અભિગ્રહ લીધો. દરરોજ તેઓ ભિક્ષા માટે જતાં. તેમને જોઈને લોકો તેમની ઉપર ગુસ્સે થતાં. તેઓ મુઠ્ઠી, ઢેફા વગેરે વડે તેમને મારતાં. તેથી હત્યાનું પાપ યાદ આવી જવાથી તેઓ ભિક્ષા લીધા વિના જ પાછા ફરી ઉપવાસ કરતાં. આમ છ મહિના સુધી તેમણે સમતાથી પરિષહો સહન કર્યા. પછી તેઓ ક્ષપકશ્રેણી ઉપર ચઢીને સમતા વડે કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા. દૃઢપ્રહારીએ સમતા પામવાની જ સાધના કરી હતી. તેથી ટૂંક સમયમાં તેઓ કેવળજ્ઞાન પામ્યા. **અધ્યાત્મોપનિષદ્**માં કહ્યું છે, 'સ્ત્રી, ગર્ભનો બાળક, ગાય અને બ્રાહ્મણની હત્યાથી થયેલા પાપથી દુર્ગતિને અભિમુખ એવા દૃઢપ્રહારી વગેરે ક્ષણમાં સામ્યના આલંબનથી ઉચ્ચપદને પામ્યા. (૪/૨૧)'

ચિલાતીપુત્ર સુસુમાને હણીને તેનું માથુ હાથમાં લઈને દોડ્યો. રસ્તામાં મુનિને જોઈને તેણે તેમને તત્ત્વ પૂછ્યું. મુનિ 'ઉપશમ વિવેક સંવર' એ પ્રમાણે ત્રણ પદ કહીને આકાશમાર્ગે ગયા. ચિલાતીપુત્રે ત્રણ પદો ઉપર ચિંતન કર્યું. પછી ઉપશાંત થઈને તેણે કાઉસ્સગ્ગ કર્યો. કીડી વગેરેના ડંખોના પરિષહોને તેણે સમતાપૂર્વક સહન કર્યા. વિશુદ્ધ ધ્યાનથી તેઓ પણ ટૂંક સમયમાં કેવળજ્ઞાન પામ્યા. આમ ચિલાતીપુત્રે પણ સમતાની જ સાધના કરી.

इलापुत्रो नटीप्राप्त्यर्थं वंशोपरि नृत्यमकरोत् । नृत्यं कुर्वता तेनैकस्मिन्गृहे एकया स्फारशृङ्गारयुक्तया रूपवत्या स्त्रिया प्रतिलाभ्यमान एको भूमितलनिहितदृष्टिर्मुनिर्दृष्टः । इदं दृश्यं दृष्ट्वा स वैराग्यवासितोऽभवत् । शुक्लध्यानमारुह्य स वंशाग्रे नृत्यन्नेव कैवल्यं प्राप्तवान् । इत्थमिलापुत्रेणाऽपि समतासाधनां कृत्वैव स्वकर्माणि क्षपितानि ।

दृढप्रहारिचिलातीपुत्रेलापुत्रैरन्यैरप्येवम्प्रकारैर्नान्या काचिदपि विशिष्टा साधना कृता, परन्तु तैः स्वीयं मनो रागद्वेषविमुक्तं कृतम् । ततः समतात्मक उत्तमो योगस्तैः सेवितः । ततः पूर्वावस्थायां भयङ्करपापकारित्वे सत्यपि शीघ्रं कर्माणि क्षपयित्वा ते सिद्धाः । समता मुक्तिप्राप्तेः सरल उपायः । समता मुक्तिप्राप्तेर्ह्रस्वो मार्गः । समता मुक्तेरनन्यं कारणम् । दृढप्रहार्यादीनां दृष्टान्तान्मनसि धृत्वा समतासिद्ध्यर्थमेव प्रयतनीयम् ।

अत्राऽपीदं ध्येयम् - यद्यपि दृढप्रहार्यादिभिरुत्तमो योगः सेवितस्तथापि बाह्यानुष्ठानानि ते नोपेक्षितवन्तः । बाह्यानुष्ठानाऽऽचरणात्पूर्वमेव तैः कैवल्यं लब्धम् । यदि तदा ते

ઇલાપુત્રે નટીને મેળવવા વાંસની ટોચ ઉપર નૃત્ય કર્યું. નૃત્ય કરતાં કરતાં તેણે એક ઘરમાં ખૂબ જ શૃંગાર કરેલી એક રૂપાળી સ્ત્રીને જોઈ. તે એક મુનિને વહોરાવતી હતી. તે મુનિની નજર ભૂમિ ઉપર હતી. આ દશ્ય જોઈને તેને વૈરાગ્ય થઈ ગયો. શુક્લધ્યાનમાં ચઢીને તેણે વાંસની ટોચ ઉપર નૃત્ય કરતાં કરતાં જ કેવળજ્ઞાન મેળવ્યું. આમ ઇલાપુત્રે પણ સમતાની સાધના કરીને જ પોતાના કર્મો ખપાવ્યા.

દૃઢપ્રહારી, ચિલાતીપુત્ર, ઇલાપુત્ર અને બીજા પણ આવા જીવોએ બીજી કોઈ પણ વિશિષ્ટ સાધના કરી ન હતી, પરંતુ તેમણે પોતાનું મન રાગદ્વેષથી મુક્ત કર્યું હતું. તેથી સમતા રૂપી ઉત્તમ યોગ તેમણે સેવ્યો હતો. તેથી પૂર્વ અવસ્થામાં ભયંકર પાપ કરનારા હોવા છતાં પણ જલ્દીથી કર્મો ખપાવી તેઓ સિદ્ધ થયા. સમતા એ મોક્ષ પામવાનો સરળ ઉપાય છે. સમતા એ મોક્ષ પામવાનો ટૂંકો રસ્તો છે. સમતા એ મોક્ષનું એક માત્ર કારણ છે. દૃઢપ્રહારી વગેરેના દૃષ્ટાન્તો મનમાં રાખીને સમતાની સિદ્ધિ માટે પ્રયત્ન કરવો.

અહીં આટલુ ધ્યાન રાખવું - જો કે દૃઢપ્રહારી વગેરેએ ઉત્તમ યોગ સેવ્યો છતાં પણ તેમણે બાહ્ય અનુષ્ઠાનોની ઉપેક્ષા કરી નહોતી. બાહ્ય અનુષ્ઠાનોના આચરણ પૂર્વે જ તેમને કેવળજ્ઞાન થયું હતું. જો ત્યારે તેમને કેવળજ્ઞાન થયું ન હોત તો તેઓ

कैवल्यं नाऽलप्स्यन्त तर्हि तेऽपि बाह्यानुष्ठानान्याचरिष्यन् । दृढप्रहारिणा कैवल्याप्तेः पूर्वमपि बाह्यवेषाऽनुष्ठानान्यासेवितानि । कैवल्याप्त्यनन्तरमपि यथोचितानि बाह्यवेषाऽनुष्ठानानि तैरासेवितानि । यदि बाह्यवेषाऽनुष्ठानाऽऽसेवनभावं ते मनसि नाऽधरिष्यन् तर्हि ते नैव कैवल्यमलप्स्यन्त । अतो बाह्यवेषाऽनुष्ठानाऽऽसेवनोपेक्षा न कर्त्तव्या । परन्तु बाह्यवेषाऽनुष्ठानान्यासेवमानैरेव समत्वसिद्ध्यर्थं प्रयतनीयम् ॥२६॥

अवतरणिका - साम्यं विना सर्वं निरर्थकमिति प्रतिपाद्य दृष्टान्तैश्च तस्य समर्थनं कृत्वाऽधुना निगमयति -

मूलम् - येन केन प्रकारेण, देवताराधनादिना ।
चित्तं चन्द्रोज्ज्वलं कार्यं, [1]किमन्यैर्ग्रहकुग्रहैः ? ॥२७॥

अन्वयः - देवताराधनादिना येन केन प्रकारेण चित्तं चन्द्रोज्ज्वलं कार्यम्, अन्यैर्ग्रहकुग्रहैः किम् ? ॥२७॥

पद्यीया वृत्तिः - देवताराधनादिना - देवतायाः-परमात्मन आराधनम्-उपासनेति देवताराधनम्, तदादौ यस्य गुरुसेवा-ज्ञानाभ्यास-तपश्चर्या-वैयावृत्त्यादेरिति देवताराधनादिः, तेन, **येन केन** - अनिश्चितेन, **प्रकारेण** - उपायेन, **चित्तं** - चेतः, **चन्द्रोज्ज्वलम्** - चन्द्रस्य इव उज्ज्वलम्-निर्मलमिति चन्द्रोज्ज्वलम्, **कार्यम्** - सम्पादनीयम्, **अन्यैः** -

---

પણ બાહ્ય અનુષ્ઠાનો કરત. દૃઢપ્રહારીએ કેવળજ્ઞાન થયા પૂર્વે પણ બાહ્ય વેષ અને અનુષ્ઠાનોનું આસેવન કર્યું હતું. કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી પણ તેમણે યથાયોગ્ય બાહ્ય વેષ અને અનુષ્ઠાનોનું આસેવન કર્યું હતું. જો બાહ્ય વેષ અને અનુષ્ઠાનોના આસેવનનો ભાવ તેમના મનમાં ન હોત તો તેમને કેવળજ્ઞાન ન થાત. માટે બાહ્ય વેષ અને અનુષ્ઠાનોની ઉપેક્ષા ન કરવી. પણ બાહ્ય વેષ અને અનુષ્ઠાનોનું આચરણ કરતાં કરતાં જ સમતાની સિદ્ધિ માટે પ્રયત્ન કરવો. (૨૬)

અવતરણિકા - સામ્ય વિના બધું નકામું છે, એમ કહીને અને દૃષ્ટાંતો વડે તેનું સમર્થન કરીને હવે નિગમન કરે છે -

શબ્દાર્થ - દેવતાની આરાધના કરવી વગેરે કોઈ પણ રીતે મનને ચન્દ્ર જેવું

---

१. यथा निर्मलतां व्रजेत् - J।

चित्तनिर्मलीकारकदेवताराधनादेर्भिन्नैः, **ग्रहकुग्रहैः** - ग्रहाः-आग्रहाश्च कुग्रहाः-कदाग्रहाश्चेति ग्रहकुग्रहाः, तैः, **किम्** - अलम्, न किमपि प्रयोजनमित्यर्थः ।

कस्यचिद्ग्रामस्य प्राप्त्यर्थमनेके मार्गा भवन्ति । येन केनापि मार्गेण गच्छता स ग्रामः प्राप्यते एव । एवं समतासिद्धेरनेके उपायाः सन्ति, यतो भगवतोक्तः प्रत्येको योगः समतां साधयति । सर्वे जीवा भिन्नभिन्नसंस्कारवन्तः सन्ति । तेषां रुचिविषया भिन्नाः सन्ति । एक एव योगो न सर्वेभ्यो रोचते । ततो यस्मै यो योगो रोचते तेन तत्र गुर्वाज्ञा-पुरस्सरं प्रवर्त्तनीयम् । स्वरुचिविषये योगे प्रवर्त्तमानेन तेनाऽन्ययोगानां तिरस्कारो न कर्त्तव्यः । अन्यथा स मार्गभ्रष्टो भवति । स्वरुचिविषयेण योगेन दोषक्षयं कृत्वा तेन चित्तं चन्द्रवन्निर्मलं कर्त्तव्यम् । चित्ते निर्मलीभूते तत्र समतायाः प्रतिष्ठा भवति । ततो मुक्तिस्तस्य करतलवर्त्तिनी भवति । मुमुक्षुणा कस्यचिदपि योगस्य कदाग्रहो न कर्त्तव्यः । अन्ययोगानां तिरस्करणेन स्वयोगस्य कदाग्रहो भवति । कदाग्रहेण चित्तं रागद्वेषव्याकुलं भवति । ततस्तन्मलीमसीभवति । तत्र समतायाः स्थापना न भवति । ततः कदाग्रहं विमुच्य येन केनाऽपि योगेन चित्तं निर्मलीकृत्य तत्र समताऽऽधेया ॥२७॥

ઉજ્જ્વળ બનાવવું, બીજા આગ્રહો અને કદાગ્રહોથી શું ફાયદો ? (૨૭)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - કોઈક ગામમાં જવાના અનેક માર્ગો હોય. કોઈ પણ રસ્તેથી જતાં તે ગામ આવે જ. એમ સમતાને સાધવાના અનેક ઉપાયો છે, કેમકે ભગવાને કહેલ દરેક યોગ સમતાને સાધી આપે છે. બધા જીવોના સંસ્કારો જુદા જુદા હોય છે. તેમને ગમતાં વિષયો જુદા જુદા હોય છે. એક જ યોગ બધાને ગમતો નથી. તેથી જેને જે યોગ ગમતો હોય તેણે તેમાં ગુરુની આજ્ઞાપૂર્વક પ્રવૃત્તિ કરવી. તે યોગો પરમાત્માની આરાધના, ગુરુની સેવા, જ્ઞાનાભ્યાસ, તપશ્ચર્યા, વૈયાવચ્ચ વગેરે છે. પોતાને ગમતાં યોગમાં પ્રવર્તતાં તેણે બીજા યોગોનો તિરસ્કાર ન કરવો. અન્યથા તે માર્ગથી ભ્રષ્ટ થાય છે. પોતાને ગમતાં યોગથી દોષોનો ક્ષય કરી તેણે ચિત્તને ચન્દ્ર જેવું નિર્મળ કરવું. નિર્મળ થયેલા ચિત્તમાં સમતાની પ્રતિષ્ઠા થાય છે. પછી મોક્ષ તેની હથેળીમાં થઈ જાય છે. મુમુક્ષુએ કોઈપણ યોગનો કદાગ્રહ ન કરવો. બીજા યોગોનો તિરસ્કાર કરવાથી પોતાના યોગનો કદાગ્રહ થાય છે. કદાગ્રહથી ચિત્ત રાગદ્વેષથી વ્યાકુળ બને છે. તેથી તે મલિન થાય છે. તેમાં સમતાની સ્થાપના થતી નથી. તેથી કદાગ્રહને છોડીને કોઈપણ યોગથી ચિત્તને નિર્મળ કરીને તેમાં સમતા લાવવી. (૨૭)

अवतरणिका - येन केन प्रकारेण चित्तं चन्द्रोज्ज्वलं कार्यमित्युपदिष्टम् । अधुना तान्प्रकारानेव प्रतिपादयति -

मूलम् - [१]तथा चिन्त्यं तथा वाच्यं, चेष्टितव्यं तथा तथा ।
मलीमसं मनोऽत्यर्थं, यथा निर्मलतां व्रजेत् ॥२८॥

अन्वयः - यथाऽत्यर्थं मलीमसं मनो निर्मलतां व्रजेत् तथा चिन्त्यं तथा वाच्यं तथा तथा चेष्टितव्यम् ॥२८॥

पद्मीया वृत्तिः - यथा - येन प्रकारेण, **अत्यर्थं** - अतिशयेन, **मलीमसं** - रागादिदोषमालिन्ययुक्तम्, **मनः**-चित्तं, **निर्मलतां व्रजेत्** - समतादीप्तियुक्तम् भवेत्, **तथा** - तेन प्रकारेण, **चिन्त्यम्** - मनसा विचार्यम्, **तथा** - तेन प्रकारेण, **वाच्यम्** - वचसा भाषितव्यम्, **तथा**शब्दः समुच्चये, **तथा** - तेन प्रकारेण, **चेष्टितव्यम्** - कायेन प्रवर्त्तनीयम् ।

भूतकाले प्रायः जीवेनाऽशुभमेव चिन्तितमशुभमेव भाषितमशुभमेव चानुष्ठितम् । तेन तस्य चित्तं दोषैर्व्याप्तम् । ततस्तन्मलिनमभवत् । अधुना जिनशासनं प्राप्य जीवेन मुक्तेस्तात्त्विको मार्गो ज्ञातः । मुक्तेस्तात्त्विको मार्गः समतारूपः । ततस्तदर्थं जीवेन शुभमेव चिन्तनीयं शुभमेव वक्तव्यं शुभमेव च चेष्टितव्यम् । ततो मनसः पुराणं मलमपगच्छति नूतनञ्च मलं नाऽऽगच्छति । ततः मनः स्फटिकवन्निर्मलीभवति । मुमुक्षुणा ताः

અવતરણિકા - કોઈ પણ પ્રકારે ચિત્તને ચન્દ્ર જેવું ઉજ્જ્વળ બનાવવું એવો ઉપદેશ આપ્યો. હવે તે પ્રકારો જ બતાવે છે -

શબ્દાર્થ - જે રીતે અતિશય મલિન એવું મન નિર્મળ થાય તે રીતે વિચારવું, તે રીતે બોલવું અને તે રીતે પ્રવર્તવું. (૨૮)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - ભૂતકાળમાં જીવે પ્રાયઃ ખરાબ જ વિચાર્યું છે, ખરાબ જ બોલ્યું છે અને ખરાબ જ કાર્યો કર્યા છે. તેથી તેનું ચિત્ત દોષોથી ભરાઈ ગયું છે. તેથી તે મલિન થયું છે. હવે જિનશાસન પામીને જીવે મોક્ષનો સાચો માર્ગ જાણ્યો. સમતા એ મોક્ષનો સાચો માર્ગ છે. તેથી સમતા માટે જીવે સારું જ વિચારવું, સારું જ બોલવું અને સારું જ કરવું. તેથી મનનો જૂનો મેલ દૂર થઈ જાય છે અને નવો મેલ આવતો નથી. તેથી મનને સ્ફટિકની જેમ નિર્મળ બનાવવું. મુમુક્ષુએ

---

१. तदा - G ।

सर्वा अपि मनोवाक्कायप्रवृत्तयः परिहार्या याभिर्मनो दूष्येत् । धर्माराधनां कुर्वताऽपि मनोवाक्कायचेष्टाः शुभमार्गेषु नियन्त्रणीयाः । अन्यथा धर्माराधनायां कृतायां सत्यामपि दुष्टमनोवाक्कायचेष्टाभिर्मनो मलिनं स्यात् ।

अयमत्र सारः **समता परमो धर्मः** । यया प्रवृत्त्या मनः समं स्यात् साऽऽचरणीया । यया प्रवृत्त्या मनो दूषितं स्यात्सा हेया ॥२८॥

अवतरणिका - चित्तनिर्मलीकरणप्रकारा दर्शिताः । अधुना चित्तनिर्मलीकरणोपायं दर्शयति -

मूलम् - [१]चञ्चलस्यास्य चित्तस्य, सदैवोत्पथचारिणः ।
उपयोगपरैः स्थेयं, योगिभिर्योगकाङ्क्षिभिः ॥२९॥

अन्वयः - योगकाङ्क्षिभिर्योगिभिः सदैवोत्पथचारिणश्चञ्चलस्यास्य चित्तस्य उपयोगपरैः स्थेयम् ॥२९॥

पद्यीया वृत्तिः - योगकाङ्क्षिभिः-योगः-समतारूपो मोक्षेण वा सह संयोजकः, काङ्क्षतुं-वाञ्छितुं शीलमेषामिति योगकाङ्क्षणः, तैः, **योगिभिः** - योगोऽस्त्येषामिति योगिनः, तैः, **सदैव** - नित्यम्, **उत्पथचारिणः** - उत्पथे-उन्मार्गे चरितुं शीलमस्येति

મન-વચન-કાયાની તે બધી પ્રવૃત્તિઓ છોડવી કે જેનાથી મન કલુષિત થાય. ધર્મની આરાધના કરતાં કરતાં પણ મન-વચન-કાયાની પ્રવૃત્તિઓ સારા માર્ગોમાં જ નિયંત્રિત કરવી. અન્યથા ધર્મારાધના કરવા છતાં પણ મન-વચન-કાયાની દુષ્ટ ચેષ્ટાઓ વડે મન મલિન થાય છે.

અહીં સાર આ પ્રમાણે છે - **સમતા એ શ્રેષ્ઠ ધર્મ છે.** જે પ્રવૃત્તિથી મન સમ થાય તે આચરવી. જે પ્રવૃત્તિથી મન દૂષિત થાય તે છોડવી. (૨૮)

અવતરણિકા - મનને નિર્મળ કરવાના પ્રકારો બતાવ્યાં. હવે મનને નિર્મળ બનાવવાનો ઉપાય બતાવે છે -

શબ્દાર્થ - સમતારૂપી યોગને અથવા મોક્ષ સાથે જોડી આપનારા કોઈ પણ

---

१. चञ्चलस्यापि - J।

उत्पथचारि, तस्य, **चञ्चलस्य** - स्थैर्यरहितस्य, **अस्य** - प्रकृतोपदेशविषयस्य, **चित्तस्य** - चेतसः, **उपयोगपरैः** - उपयोगः-अवधानं, पराः-तत्पराः, उपयोगे परा इति उपयोगपराः-दत्तावधानाः, तैः, **स्थेयम्** - भवितव्यम् ।

चित्तं चञ्चलम् । तत् क्षणमपि स्थिरं न भवति । तन्नित्यमुन्मार्गं गच्छति । चित्तं बालसदृशमस्ति । बालोऽस्थिरोऽस्ति । माता सदा तदुपयोगपरा भवति । यदि सा तदुपयोगं जह्यात् तर्हि स किञ्चिदनुचितं कुर्यात् । तेन तस्याऽन्यस्य वा हानिः स्यात् । चित्तं सदा प्रवृत्तिशीलमस्ति । तत्कदाचिदपि न श्राम्यति । निद्रावस्थायामपि तस्य प्रवृत्तिरस्खलिता भवति । अनादिकालाभ्यासात्तत्सदाऽकार्येष्वेव रज्यति । तत्सदा दुष्टमेव चिन्तयति । ततोऽशुभकर्माणि बद्ध्वाऽऽत्मा दुर्गतौ प्रयाति । मुमुक्षुभिर्योगिभिः सदा चेतस उपयोगपरैर्भाव्यम् । योगिनः स्वात्मनि समताधानार्थं प्रयतन्ते । यदि ते चेतस उपयोगपरा न भवेयुस्तर्हि तदुष्चिन्तनं कुर्यात् । ततस्तेषां समतासिद्धिर्न स्यात् ।

यदि धेन्वै तृणं न दीयते तर्हि सा म्रियते । यदि तस्यै कुत्सितं तृणं दीयते तर्हि सा

યોગને ઇચ્છનારા યોગીઓએ હંમેશા ઉન્માર્ગે ચાલનારા અને ચંચળ એવા ચિત્તનું ધ્યાન રાખવું. (૨૯)

પદ્યાવૃત્તિનો ભાવાનુવાદ - ચિત્ત ચંચળ છે. તે એક ક્ષણ પણ સ્થિર રહેતું નથી. તે હંમેશા ઉન્માર્ગે જાય છે. ચિત્ત બાળક જેવું છે. બાળક અસ્થિર હોય છે. માતા હંમેશા તેના ઉપયોગવાળી હોય છે, એટલે કે તેણી તેનું હંમેશા ધ્યાન રાખે છે. જો તેણી તેનું ધ્યાન રાખવાનું છોડી દે તો તે કંઈક અનુચિત કરી બેસે. તેનાથી તેને કે બીજાને નુકસાન થાય. ચિત્ત હંમેશા પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળું છે. તે ક્યારેય પણ થાકતું નથી. નિદ્રા અવસ્થામાં પણ તેની પ્રવૃત્તિ અટક્યા વિના ચાલે છે. અનાદિકાળના સંસ્કારથી તે હંમેશા અકાર્યોમાં જ રમે છે. તે હંમેશા ખરાબ જ વિચારે છે. તેથી અશુભ કર્મો બાંધીને આત્મા દુર્ગતિમાં રવાના થઈ જાય છે. મોક્ષે જવાની ઇચ્છાવાળા યોગીઓએ હંમેશા ચિત્તનું ધ્યાન રાખવું. યોગીઓ પોતાના આત્મામાં સમતા લાવવા પ્રયત્ન કરે છે. જો તેઓ મનનું ધ્યાન ન રાખે તો તે ખરાબ વિચારોમાં ચઢી જાય. તેથી તેમને સમતાની સિદ્ધિ ન થાય.

જો ગાયને ઘાસ ન આપીએ તો તે મરી જાય છે. જો તેને ખરાબ ઘાસ આપીએ

व्याधिग्रस्ता भवति । तस्याः पयसः पानेनाऽन्येऽपि रुग्णा भवन्ति । यदि धेन्वै प्रत्यग्रं शोभनञ्च तृणं दीयते तर्हि सा हृष्टपुष्टा भवति । सा स्वच्छं पुष्टिकारकं च पयो ददाति । तेनाऽन्येऽपि हृष्टाः पुष्टाश्च भवन्ति । एवं यदि मनो न चिन्तयति तर्हि तस्यास्तित्वमेव न भवति । यदि मनो दुष्टं चिन्तयति तर्हि तद् रागादिभिर्भावरोगैर्ग्रस्तं भवति । तद् अन्येषामप्यहितं करोति । यदि मनः शुभभावेषु रमते तर्हि तद्गुणादिभिः पुष्टं भवति । शुभभावभावितं मनोऽन्येषामपि हितं करोति ।

इदमत्र हृदयम्-स्वात्मनि समताप्रतिष्ठां काङ्क्षद्भिर्योगिभिरुन्मार्गं गच्छन्मनो वारणीयम् । तैस्तस्य चञ्चलतां निर्मथ्य तत्स्थिरीकर्त्तव्यम् । एवंकरणेन तत् समतया सुवासितं भवति ॥२९॥

अवतरणिका - चित्तनिर्मलीकरणोपायं श्रुत्वा कश्चिन्मन्येत यदुत चित्तस्य निर्मलीकरणं सुकरम् । ततश्चित्तशुद्धिर्दुष्करेति प्रतिपादयति -

मूलम् - सुकरं मलधारित्वं, सुकरं [१]दुस्तपं तपः ।
[२]सुकरोऽक्षनिरोधश्च, [३]दुष्करं चित्तशोधनम् ॥३०॥

તો તે બિમાર થઈ જાય છે. તેનું દૂધ પીવાથી બીજા પણ રોગી થઈ જાય છે. જો ગાયને સારું ઘાસ આપીએ તો તે હૃષ્ટપુષ્ટ થઈ જાય છે. તે સ્વચ્છ અને પૌષ્ટિક દૂધ આપે છે. તેનાથી બીજા પણ હૃષ્ટપુષ્ટ થાય છે. એમ જો મન વિચારતું નથી તો તેનું અસ્તિત્વ જ રહેતું નથી. જો મન ખરાબ વિચારે છે તો તે રાગ વગેરે ભાવરોગોથી ઘેરાઈ જાય છે. તે બીજાનું અહિત કરે છે. જો મન શુભ ભાવોમાં રમે છે તો તે ગુણો વગેરેથી પુષ્ટ થાય છે. શુભભાવોથી ભાવિત થયેલું મન બીજાનું પણ હિત કરે છે.

અહીં ભાવ આવો છે - પોતાના આત્મામાં સમતાની પ્રતિષ્ઠાને ઝંખનારા યોગીઓએ ઉન્માર્ગે જતાં મનને વારવું જોઈએ. તેમણે તેની ચંચળતાને દૂર કરી તેને સ્થિર કરવું જોઈએ. આમ કરવાથી તે સમતાથી સારી રીતે વાસિત બને છે. (૨૯)

અવતરણિકા - ચિત્તને નિર્મળ કરવાનો ઉપાય સાંભળીને કોઈક માને કે ચિત્તને નિર્મળ કરવું સહેલું છે. તેથી ચિત્તની શુદ્ધિ મુશ્કેલ છે, એમ બતાવે છે -

શબ્દાર્થ - મેલને ધારણ કરવો સહેલો છે, દુઃખેથી તપી શકાય એવો તપ કરવો

---

१. दुष्करं - D, दुस्तरं - H, ॥ २. सुकरोऽक्षनिरोधोऽथ- HI ३. दुःकरं - H, ॥

अन्वयः - मलधारित्वं सुकरं, दुस्तपं तपः सुकरं, अक्षनिरोधश्च सुकरः, चित्तशोधनं दुष्करम् ॥३०॥

पद्मीया वृत्तिः - मलधारित्वम् - मलः-अशुचिः, तं धारयितुं शीलमस्य इति मलधारी, तस्य भाव इति मलधारित्वम्, **सुकरम्** - सुखेन क्रियते इति सुकरम्, **दुस्तपम्** - दुःखेन-कृच्छ्रेण तप्यते-क्रियते इति दुस्तपं-दुष्करम्, **तपः** - बाह्याभ्यन्तरभेद-भिन्नं कर्मणाञ्च तापकम्, **सुकरम्, अक्षनिरोधः** - अक्षाणां-इन्द्रियाणां निरोधः-इष्टानिष्टवि-षयेषु रागद्वेषयोरकरणमिति अक्षनिरोधः, **च**शब्दः समुच्चये, **सुकरः, चित्तशोधनम्**-चित्तस्य-मनसः शोधनम्-विमलीकरणमिति चित्तशोधनम्, **दुष्करम्** - दुःखेन क्रियते इति दुष्करम् - कृच्छ्रसाध्यम्।

साधवः स्नानं न कुर्वन्ति। तेन तेषां देहो मलमलिनो भवति। साधुभिर्देहात्मनोर्भेदो ज्ञातः। तेन देहे मलिनेऽपि ते जुगुप्सां न कुर्वन्ति। वस्त्राण्यपि ते मलिनानि धारयन्ति। इदं तेषां मलधारित्वं फलापेक्षयाऽपि भवति। ततस्तत्सुकरं भवति। फलनिरपेक्षाणां सञ्ज्वलनकषायादिदुष्टानामात्मसाधकानामपि तत्सुकरं भवति।

साधकैर्मुक्तिप्राप्त्यर्थं दुष्कराणि तपांसि क्रियन्ते। तेन ते दुर्बला अपि भवन्ति। फलापेक्षया क्रियमाणं दुष्करं तपः सुकरं भवति। फलनिरपेक्षाणां सञ्ज्वलनकषायादि-

---

સહેલો છે, ઇન્દ્રિયોનો નિરોધ કરવો સહેલો છે; ચિત્તને શુદ્ધ કરવું મુશ્કેલ છે. (૩૦)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - સાધુઓ સ્નાન કરતાં નથી. તેથી તેમનું શરીર મેલથી મલિન હોય છે. સાધુઓએ શરીર અને આત્માનો ભેદ જાણ્યો છે. તેથી શરીર મલિન હોવા છતાં પણ તેઓ દુર્ગંછા કરતાં નથી. તેમના કપડા પણ મેલા હોય છે. તેઓ આ મેલને ધારણ કરે છે તે ફળની અપેક્ષાથી પણ બને છે. તેથી તે સહેલું લાગે છે. ફળની અપેક્ષા વિનાના, સંજ્વલન કષાય વગેરેથી દુષ્ટ એવા આત્મસાધકોને પણ તે સહેલું લાગે છે.

સાધકો મોક્ષ પામવા દુષ્કર તપો કરે છે. તપથી તેઓ દુર્બળ પણ બને છે. ફળની અપેક્ષાથી કરાતો મુશ્કેલ તપ પણ સહેલો બની જાય છે. ફળની અપેક્ષા વિનાના, સંજ્વલન કષાય વગેરેથી દુષ્ટ એવા આત્મસાધકોને પણ તે સહેલો લાગે

दुष्टानामात्मसाधकानामपि तत्सुकरं भवति। केषाञ्चिच्छरीरं सशक्तं भवति। इत्थं तपोऽपि सुखेन क्रियते।

साधका इष्टविषयाँस्त्यजन्ति। अनिष्टविषयसंयोगं ते सहर्षं सहन्ते। अयमिन्द्रियनिरोधोऽपि फलापेक्षया क्रियमाणः सुकरो भवति। फलनिरपेक्षाणां सञ्ज्वलनकषायादिदुष्टानामात्मसाधकानामपि स सुकरो भवति।

मलधारित्व-तपश्चरण-अक्षनिरोधास्त्रयोऽपि शरीरसाध्याः। मनोदमनापेक्षया देहदमनं सुकरं भवति।

चित्ताद् रागादिदोषाणां निष्काशनेन चित्तस्य शुद्धिर्भवति। रागादिदोषास्त्वनादिकालादभ्यस्ताः सन्ति। ततस्तेषां त्यागो दुष्करो भवति। ततश्चित्तशुद्धिरपि कृच्छ्रसाध्या। चित्तस्य मलिमसत्वं जना न पश्यन्ति। बाह्याचारे जायमानाः स्खलनाः जनाः पश्यन्ति। मनसः स्खलनाः कोऽपि न जानाति। ततो जनेन मनसः स्खलनादोषादीनां त्यागार्थं विशेषयत्नो न क्रियते। ततोऽपि मनःशुद्धिः सुकरा न भवति।

છે. કેટલાકનું શરીર સશક્ત હોય છે. આમ તપ પણ સહેલાઈથી થાય છે.

સાધકો ઈષ્ટ વિષયોને છોડે છે. અનિષ્ટ વિષયોનો સંયોગ થાય તો તેઓ તેને સહર્ષ સહન કરે છે. ફળની અપેક્ષાથી કરાતો આ ઈન્દ્રિયનિરોધ પણ સહેલો છે. ફળની અપેક્ષા વિનાના, સંજ્વલન કષાય વગેરેથી દુષ્ટ એવા આત્મસાધકોને પણ તે સહેલો લાગે છે.

મેલને ધારણ કરવો, તપ કરવો અને ઈન્દ્રિયોનો નિરોધ કરવો - આ ત્રણેય શરીરથી કરવાના છે. મનને દમવા કરતા શરીરને દમવું સહેલું છે.

ચિત્તમાંથી રાગ વગેરે દોષોને કાઢવાથી ચિત્તની શુદ્ધિ થાય છે. રાગ વગેરે દોષો તો અનાદિકાળથી અભ્યાસ કરેલા છે. તેથી તેમનો ત્યાગ મુશ્કેલ છે. તેથી ચિત્તની શુદ્ધિ પણ મુશ્કેલીથી થઈ શકે છે. ચિત્તની મલિનતા લોકોને દેખાતી નથી. બાહ્ય આચારમાં થતી સ્ખલનાઓને લોકો જુવે છે. મનની સ્ખલનાઓને કોઈ જાણતું નથી. તેથી લોકો મનની સ્ખલનાઓ, દોષો વગેરેના ત્યાગ માટે વિશેષ મહેનત કરતાં નથી. તેથી પણ મનની શુદ્ધિ સહેલી નથી.

यद् दुष्करं भवति तदर्थं विशेषप्रयत्नो विधेयः । अन्याः साधनाः सुकरा भवन्ति । चित्तशोधनं दुष्करं भवति । अतस्तदर्थं विशेषेण यतनीयम् ।

यतो मनःशोधनं दुष्करमत एव महात्मभिरनेकग्रन्थेषु तदर्थमुपदिष्टम् । यदुक्तं **योगशास्त्रे** - '**मनःकपिरयं विश्व-परिभ्रमणलम्पटः । नियन्त्रणीयो यत्नेन, मुक्तिमिच्छुभिरात्मनः ॥३६५॥ दीपिका खल्वनिर्वाणा, निर्वाणपथदर्शिनी । एकैव मनसः शुद्धिः, समाम्नाता मनीषिभिः ॥३६६॥ मनःशुद्धिमबिभ्राणा, ये तपस्यन्ति मुक्तये । त्यक्त्वा नावं भुजाभ्यां ते, तितीर्षन्ति महार्णवम् ॥३६८॥**' ॥३०॥

अवतरणिका - चित्तशुद्धिर्दुष्करेति प्रतिपाद्याऽधुना तस्या दुष्करत्वस्य हेतुं प्रतिपादयति -

मूलम् - पापबुद्ध्या भवेत्पापं, को मुग्धोऽपि न वेत्त्यदः ।
धर्मबुद्ध्या तु यत्पापं, तच्चिन्त्यं निपुणं बुधैः ॥३१॥

अन्वयः - पापबुद्ध्या (कृतं) पापं भवेत्, अदः को मुग्धोऽपि न वेत्ति ? धर्मबुद्ध्या (कृतं) तु यत्पापं, तत् बुधैः निपुणं चिन्त्यम् ॥३१॥

જે મુશ્કેલ હોય તેની માટે વિશેષ પ્રયત્ન કરવો જોઈએ. બીજી સાધનાઓ સહેલી છે. ચિત્તને શુદ્ધ કરવું મુશ્કેલ છે. માટે તેની માટે વધુ મહેનત કરવી.

મનની શુદ્ધિ દુષ્કર છે. માટે જ મહાત્માઓએ અનેક ગ્રન્થોમાં તેની માટે ઉપદેશ આપ્યો છે. **યોગશાસ્ત્ર**માં કહ્યું છે - 'આત્માની મુક્તિને ઈચ્છનારાઓએ જગતમાં ભમવામાં લંપટ એવા આ મનરૂપી વાંદરાને યત્નપૂર્વક નિયંત્રણમાં રાખવો. (૩૬૫) બુદ્ધિશાળીઓએ એક મનની શુદ્ધિને જ મોક્ષનો માર્ગ બતાવનારી, નહીં બુઝાનારી દીવી કહી છે. (૩૬૬) મનની શુદ્ધિ વિનાના જેઓ મુક્તિ માટે તપ કરે છે તેઓ નાવડીને છોડીને બે હાથથી મોટા સમુદ્રને તરવા ઈચ્છે છે. (૩૬૮)' (૩૦)

અવતરણિકા - ચિત્તની શુદ્ધિ મુશ્કેલ છે એમ બતાવી હવે ચિત્તની શુદ્ધિ મુશ્કેલ હોવાનું કારણ જણાવે છે -

શબ્દાર્થ - પાપબુદ્ધિથી કરાયેલ પાપ થાય એમ કયો ભોળો માણસ પણ જાણતો નથી.

---

१. निपुणैर्बुधैः - MI

पद्मीया वृत्तिः - पापबुद्ध्या - पापम्-दुष्टमनोवाक्कायव्यापाररूपम्, तस्य बुद्धिरिति पापबुद्धिः, 'इदं पापम्' इति बुद्धिरित्यर्थः, तया, कृतमित्यत्राध्याहार्यम्, **पापम्** - पूर्वोक्तस्वरूपम्, **भवेत्** - स्यात्, **अदः** - एतत्, **कः** - प्रश्नार्थे, **मुग्धः** - मन्दः, **अपि**शब्दो अन्ये तु जानन्त्येव, मुग्धोऽपि जानातीति द्योतयति, **न**शब्दो निषेधे, **वेत्ति** - जानाति, सर्वे मुग्धा अपि जानन्तीत्यर्थः, **धर्मबुद्ध्या** - धर्मस्य-दुर्गतिप्रपतत्प्राणिगणोद्धारकस्य बुद्धिः-मतिरिति धर्मबुद्धिः, 'अयं धर्मः' इति बुद्धिः, तया, **तु**शब्दः पक्षान्तरं द्योतयति, **यत्** - अनिर्दिष्टनाम, **पापम्** - प्रागुक्तस्वरूपम्, **तत्** - पूर्वोक्तम्, **बुधैः** - पण्डितैः, निपुणं-सूक्ष्मबुद्ध्या, क्रियाविशेषणमेतत्, **चिन्त्यम्** - चिन्तनीयम् ।

मनोवाक्कायानां याभिः प्रवृत्तिभिः पापप्रकृतयो बध्यन्ते ता अपि पापमित्युच्यन्ते । 'इदं पापम्' इति बुद्ध्या क्रियमाणा अशुभा मनोवाक्कायचेष्टाः पापस्वरूपा भवन्ति । इदं सर्वेषां विदितम् । सर्वे मुग्धा अपीदं जानन्ति । या मनोवाक्कायचेष्टाः पापस्वरूपाः सत्योऽपीमा धर्मस्वरूपा इति विचार्य क्रियन्ते ता न धर्मरूपा भवन्ति, परन्तु ता अपि पापरूपा एव । ताभिर्न पुण्यं बध्यते नाऽपि कर्मनिर्जरा जायते । ताभिः पापकर्मणां बन्ध एव जायते । यत्पापं धर्मबुद्ध्या क्रियते तत्पापरूपमेव भवतीति बुधजना एव जानन्ति न तु मुग्धजनाः । मुग्धजनास्त्वेवमेव मन्यन्ते - अयं धर्मः । अनेन पुण्यं बध्यते सुगतिश्चाप्यते इति । सूक्ष्मबुद्धिसम्पन्नैर्बुधजनैरेवेदं ज्ञातुं शक्यते-इदं बाह्यदृष्ट्या धर्मरूपं

ધર્મબુદ્ધિથી કરાયેલ તો જે પાપ છે, તે પંડિત પુરુષોએ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. (૩૧)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - મન-વચન-કાયાની જે પ્રવૃત્તિઓથી પાપપ્રકૃતિઓ બંધાય છે, તે પણ પાપ કહેવાય છે. 'આ પાપ છે' એવી બુદ્ધિથી કરાતી મન-વચન-કાયાની ખરાબ ચેષ્ટાઓ પાપ સ્વરૂપ બને છે. આ બધા જાણે છે. બધા ભોળા લોકોને પણ આની ખબર છે. મન-વચન-કાયાની જે પ્રવૃત્તિઓ પાપસ્વરૂપ હોવા છતાં પણ 'આ ધર્મ છે' એમ વિચારીને તે કરાય છે, તે ધર્મરૂપ બનતી નથી, પણ તે પણ પાપરૂપ જ છે. તેમનાથી પુણ્ય બંધાતું નથી અને કર્મોની નિર્જરા પણ થતી નથી. તેમનાથી પાપકર્મો જ બંધાય છે. જે પાપ ધર્મબુદ્ધિથી કરાય તે પાપરૂપ જ થાય છે, એમ પંડિત પુરુષો જાણે છે, ભોળા લોકો નહીં. ભોળા લોકોને તો એમ જ લાગે છે કે, 'આ ધર્મ છે, આનાથી પુણ્ય બંધાય છે અને સદ્ગતિ મળે છે.' સૂક્ષ્મબુદ્ધિવાળા પંડિત પુરુષો જ આ જાણી શકે છે કે, 'આ બાહ્ય દૃષ્ટિથી ધર્મ જેવું

भासमानमपि वस्तुतः पापरूपमेवेति । सूक्ष्मबुद्धिमद्भिः सर्वत्र सूक्ष्मबुद्ध्या चिन्तनीयं - अयं धर्मरूपेण भासमानो वस्तुतो धर्मोऽस्ति न वेति । यदि स वास्तविको धर्मः स्यात्तर्हि स समाचरणीयः । यदि स केवलं बुद्धिविकल्पितो धर्मः स्यान्न तु वास्तविकस्तर्हि स हेयः । एवमेव चित्तं निर्मलीभवति । अन्यथा धर्मबुद्ध्या पापं कुर्वाणः पापेन लिप्यते । तेन स्वात्मा एव वञ्च्यते ।

इदमत्र तात्पर्यम् - पापप्रवृत्तिं सर्वेऽपि पापरूपां मन्यन्ते । धर्मप्रवृत्तिस्तु धर्मरूपा वा स्यात्पापरूपा वा । या धर्मप्रवृत्तिः स्वरूपतोऽपि धर्मरूपा सा धर्मरूपा धर्मप्रवृत्तिः । या धर्मप्रवृत्तिः स्वरूपतः पापरूपा सा पापरूपा धर्मप्रवृत्तिः । मुग्धजना पापरूपामपि धर्मप्रवृत्तिं धर्मरूपामेव मन्यन्ते । पापरूपां धर्मप्रवृत्तिं पापरूपत्वेन बुधजना एव ज्ञातुं शक्नुवन्ति । ततो बुधजनैः पापरूपधर्मप्रवृत्तेस्तात्त्विकं स्वरूपं विचार्य सा हेया । तैर्धर्म-रूपा धर्मप्रवृत्तिरेवाऽनुष्ठेया । तयैव कल्याणं स्यात् । पापरूपधर्मप्रवृत्तेः पापरूपत्वं ज्ञात्वाऽपि ये तां धर्मरूपेण समाचरन्त्यन्यांश्चोपदिशन्ति ते स्वात्मानं पराँश्च वञ्चयन्ति । ते स्वयं

લાગતું પણ હકીકતમાં પાપરૂપ જ છે.' સૂક્ષ્મબુદ્ધિવાળાઓએ બધે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું કે આ ધર્મ જેવો લાગતો હકીકતમાં ધર્મ છે કે નહીં ? જો તે સાચો ધર્મ હોય તો તેને આચરવો. જો તે માત્ર બુદ્ધિથી વિચારેલો ધર્મ હોય સાચો ધર્મ ન હોય તો તે છોડી દેવો. આ રીતે જ ચિત્ત નિર્મળ થાય છે, અન્યથા ધર્મની બુદ્ધિથી પાપ કરનારો પાપથી લેપાય છે. તે પોતાના આત્માને જ ઠગે છે.

અહીં તાત્પર્ય આ પ્રમાણે છે - પાપપ્રવૃત્તિને બધા ય પાપરૂપ માને છે. ધર્મપ્રવૃત્તિ તો ધર્મરૂપ હોય અથવા પાપરૂપ હોય. જે ધર્મપ્રવૃત્તિ સ્વરૂપથી પણ ધર્મરૂપ હોય તે ધર્મરૂપ ધર્મપ્રવૃત્તિ છે. જે ધર્મપ્રવૃત્તિ સ્વરૂપથી પાપરૂપ હોય તે પાપરૂપ ધર્મપ્રવૃત્તિ છે. ભોળા લોકો પાપસ્વરૂપ એવી ધર્મપ્રવૃત્તિને પણ ધર્મસ્વરૂપ જ માને છે. પાપસ્વરૂપ ધર્મપ્રવૃત્તિને પાપ તરીકે પંડિત પુરુષો જ જાણી શકે છે. તેથી પંડિત પુરુષોએ પાપસ્વરૂપ ધર્મપ્રવૃત્તિનું સાચું સ્વરૂપ વિચારીને તેને છોડી દેવી. તેમણે ધર્મસ્વરૂપ ધર્મપ્રવૃત્તિ જ કરવી. તેનાથી જ કલ્યાણ થાય છે. પાપરૂપ ધર્મપ્રવૃત્તિના પાપી સ્વરૂપને જાણીને પણ જેઓ તેને ધર્મસ્વરૂપ માનીને તેને આચરે છે અને બીજાને ઉપદેશે છે, તેઓ પોતાના આત્માને અને બીજાને ઠગે છે. તેઓ પોતે ભવસમુદ્રમાં

भवजलधौ निमज्जन्त्यन्यांश्च तत्र निमज्जयन्ति । तेषां चित्तं निर्मलं न भवति । तेऽतिदुष्करा अपि धर्मक्रियाः कुर्वन्ति । परन्तु चित्तशुद्धिस्तैः कर्तुं न शक्यते । ततस्ते साम्यमपि नाप्नुवन्ति । फलतस्ते सिद्धेर्दूरस्था भवन्ति ।

अयमत्रोपदेशसर्वस्वं-पापरूपधर्मप्रवृत्तेः पापरूपत्वं सूक्ष्मबुद्ध्या विचिन्त्य सा हेया । ततो मनो निर्मलं कर्त्तव्यम् ॥३१॥

अवतरणिका - चित्तशुद्धेर्दुष्करत्वस्यैकं कारणं प्रतिपाद्याऽधुना द्वितीयं कारणं प्रतिपादयति -

मूलम् - [1]अणुमात्रा अपि गुणा, दृश्यन्ते स्वधियाऽऽत्मनि ।
दोषास्तु पर्वतस्थूला, अपि नैव कथञ्चन ॥३२॥

अन्वयः - स्वधियाऽऽत्मनि अणुमात्रा अपि गुणा दृश्यन्ते, पर्वतस्थूला अपि दोषास्तु कथञ्चन नैव (दृश्यन्ते) ॥३२॥

पद्यीया वृत्तिः - स्वधिया - स्वस्य-निजा धीः-बुद्धिरिति स्वधीः, तया, **आत्मनि** - स्वस्मिन्, **अणुमात्राः** - अणुतुल्या सूक्ष्मा मात्रा-प्रमाणं येषां ते अणुमात्राः-सूक्ष्मा इत्यर्थः, **अपि**शब्दः स्वस्मिन्महान्तो गुणास्तु दृश्यन्ते एव, सूक्ष्मा अपि गुणा दृश्यन्ते इति द्योतयति, **गुणाः** - पूर्वोक्तस्वरूपाः, **दृश्यन्ते** - निरीक्ष्यन्ते, **पर्वतस्थूलाः** - पर्वतस्य-

---

डूबे छे अने बीजाने तेमां डुबाडे छे. तेमनुं चित्त निर्मळ होतुं नथी. तेओ अतिशय दुष्कर एवी पण धर्मक्रियाओ करे छे, पण चित्तनी शुद्धि तेओ करी शकतां नथी. तेथी तेओ समताने पण पामतां नथी. परिणामे तेओ मोक्षथी दूर रहे छे.

अहीं उपदेशनो सार आ प्रमाणे छे - पापरूपी धर्मप्रवृत्तिनुं पापस्वरूप सूक्ष्मबुद्धिथी विचारीने ते छोडवी. तेथी मनने निर्मळ करवुं. (३१)

अवतरणिका - चित्तनी शुद्धि मुश्केल होवानुं एक कारण बतावीने हवे बीजुं कारण बतावे छे -

शब्दार्थ - पोतानी बुद्धिथी पोतानामां रहेला नाना पण गुणो देखाय छे, पर्वत जेवा मोटा पण दोषो तो कोई पण रीते देखातां नथी. (३२)

---

१. अणुमात्रमपि - E।

नगस्येव स्थूलाः-महान्त इति पर्वतस्थूलाः, **अपि**शब्दः सूक्ष्मा दोषास्तु नैव दृश्यन्ते, स्थूला अपि दोषा नैव दृश्यन्ते इति द्योतयति, **दोषाः** - प्रागुक्तस्वरूपाः, **तु**शब्दो विरोधाभासं दर्शयति, **कथञ्चन** - केनाऽपि प्रकारेण, **न**शब्दो निषेधे, **एव**शब्दः स्वदोषदर्शनस्य सर्वथा निषेधं द्योतयति, **दृश्यन्ते** इत्यत्राध्याहार्यम् ।

यस्य चित्तं मलिनं भवति स यथावस्थितं न पश्यति । जनाः प्रायः स्थूलपदार्थानीक्षन्ते, सूक्ष्मपदार्थांस्ते द्रष्टुं नैव शक्नुवन्ति । मलिनचित्तास्तु स्वात्मनि विद्यमानान्स्थूलान् दोषान्न पश्यन्ति, सूक्ष्मानपि गुणान्पश्यन्ति । तेषां चित्तं रागद्वेषव्याकुलं भवति । ततस्ते मानकषायेण पीड्यन्ते । ते दोषदुष्टमपि स्वात्मानमधमत्वेन द्रष्टुं नोत्सहन्ते । ते गुणरिक्तमपि स्वात्मानं गुणसम्पूर्णं मन्यन्ते ।

मलिनचित्तस्य जनस्य दृष्टिः स्वगुणान्द्रष्टुं सूक्ष्मदर्शकयन्त्रतुल्या भवति। सूक्ष्मदर्शकयन्त्रेण सूक्ष्मवस्तूनि स्थूलानि दृश्यन्ते। एवं मलिनचित्तो नरः स्वगुणलवान्पर्वतस्थूलान्पश्यति।

मलिनचित्तो नरः स्वदोषान्द्रष्टुमन्धतुल्यो भवति । अन्धो विद्यमानानि वस्तूनि न पश्यति । एवं मलिनचित्तो नरः पर्वतस्थूलानपि स्वदोषान्न पश्यति ।

पद्मीयावृत्तिनो भावानुवाद - જેનું ચિત્ત મલિન હોય તે બરાબર જોઈ શકતો નથી. લોકો પ્રાયઃ સ્થૂલ પદાર્થોને જુવે છે. તેઓ સૂક્ષ્મ પદાર્થોને જોઈ શકતાં નથી. મલિન ચિત્તવાળા જીવો તો પોતાના આત્મામાં રહેલા સ્થૂલ દોષોને જોતાં નથી અને સૂક્ષ્મ પણ ગુણોને જુવે છે. તેમનું ચિત્ત રાગદ્વેષથી વ્યાકુળ હોય છે. તેથી તેઓ માનકષાયથી પીડાય છે. તેઓ દોષથી દુષ્ટ એવા પણ પોતાના આત્માને અધમ તરીકે જોવા તૈયાર હોતા નથી. તેઓ ગુણ વિનાના એવા પણ પોતાના આત્માને ગુણોથી સંપૂર્ણ માને છે.

મલિન ચિત્તવાળા માણસની દૃષ્ટિ પોતાના ગુણોને જોવા માટે સૂક્ષ્મદર્શક યંત્ર જેવી હોય છે. સૂક્ષ્મદર્શક યંત્રથી નાની વસ્તુઓ મોટી દેખાય છે. એમ મલિન ચિત્તવાળો માણસ પોતાના કણ જેવા ગુણોને પર્વત જેવા મોટા જુવે છે.

મલિન ચિત્તવાળો માણસ પોતાના દોષોને જોવા આંધળા જેવો છે. આંધળાને વિદ્યમાન વસ્તુઓ દેખાતી નથી. એમ મલિન ચિત્તવાળા માણસને પર્વત જેવા મોટા પણ પોતાના દોષો દેખાતાં નથી.

इदं सर्वं मोहस्य माहात्म्यम् । मोहाच्छादितचित्तस्यैवं भवति, न तु निर्मलचित्तस्य । निर्मलचित्तस्तु यथावस्थितं पश्यति ॥३२॥

अवतरणिका - मलिनचित्ताः स्वगुणान्पश्यन्ति न तु स्वदोषानिति प्रतिपाद्याऽधुना तन्मोहस्य विलसितमिति दर्शयति -

मूलम् - त एव वैपरीत्येन, विज्ञातव्याः परं वचः ।
दिग्मोह इव [१]कोऽप्येष, महामोहो महाबलः ॥३३॥

अन्वयः - त एव वैपरीत्येन विज्ञातव्याः (इति) परं वचः । दिङ्मोह इवैषः कोऽपि महाबलो महामोहः ॥३३॥

पद्मीया वृत्तिः - **ते**-गुणा दोषाश्च, **एव**शब्दो गुणदोषव्यतिरिक्तस्य व्यवच्छेदार्थम्, **वैपरीत्येन** - विपरीतस्य भाव इति वैपरीत्यम्, तेन, विपरीतक्रमेणेत्यर्थः, **विज्ञातव्याः** - द्रष्टव्याः, **इती**त्यत्राध्याहार्यम्, **परम्** - श्रेष्ठं, **वचः** - वचनम्, **दिग्मोहः** - दिशां-आशानां मोहः-भ्रम इति दिग्मोहः, **इव**शब्दः सादृश्ये, **एषः** - पूर्वश्लोकोक्तस्वगुणदोष-दर्शनादर्शनप्रकारः, **कोऽपि** - अचिन्त्यो विलक्षणो वा, **महाबलः** - महत्-दृढम् बलम्-सामर्थ्यम् यस्य स महाबलः, **महामोहः** - महान्-प्रभूतश्चासौ मोहः-विपरीतदर्शनकारीति महामोहः ।

मलिनचित्तः स्वगुणलवान्पश्यति स्वपर्वतस्थूलदोषान्न पश्यतीति पूर्वश्लोके उक्तम् ।

આ બધુ મોહનું માહાત્મ્ય છે. મોહથી આવરાયેલા ચિત્તવાળાને આ પ્રમાણે થાય છે, નિર્મળ ચિત્તવાળાને નહીં. નિર્મળ ચિત્તવાળો તો બધું બરાબર જુવે છે. (૩૨)

અવતરણિકા - મલિન ચિત્તવાળા પોતાના ગુણોને જુવે છે, દોષોને નહીં, એમ બતાવી હવે તે મોહની રમત છે એવું બતાવે છે -

શબ્દાર્થ - તે ગુણો-દોષોને વિપરીત રીતે જાણવા એ શ્રેષ્ઠ વચન છે. દિશાઓના મોહના જેવો આ કોઈક બહુ બળવાન મહામોહ છે. (૩૩)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - મલિન ચિત્તવાળો પોતાના અલ્પ ગુણોને જુવે છે અને પોતાના પર્વત જેવા મોટા દોષોને જોતો નથી. એમ પૂર્વેના શ્લોકમાં કહ્યું. તે

---

१. कोऽप्येकः - K ।

त एव विपरीतक्रमेण द्रष्टव्या इति महर्षयो वदन्ति । स्वदोषलवा पर्वतस्थूला द्रष्टव्याः । पर्वतस्थूला अपि स्वगुणा नैव द्रष्टव्याः । एवंकरणेन स्वात्मा दोषनिधिर्गुणरिक्तश्च भासिष्यते । तेन मानकषायस्य विगमो भविष्यति । ततश्च स्वमनसि परेषु मत्सरो न भविष्यति । परन्तु स्वचित्ते परेषु वात्सल्यमाविर्भविष्यति । तेन परेषां गुणलवा अपि पर्वतस्थूला द्रक्ष्यन्ते । परेषां पर्वतस्थूला अपि दोषा नैव द्रक्ष्यन्ते । इत्थं परगुणान्द्रष्टुं सर्वैः सूक्ष्मदर्शकयन्त्र-तुल्यैर्भाव्यम् परदोषाँश्च द्रष्टुमन्धैर्भाव्यम् । इत्थं चित्तं निर्मलीभविष्यति । ततश्च तत्र समताप्रतिष्ठा भविष्यति । गुणवति यो दोषान्पश्यति, न च गुणान्, तस्य चारित्रं नास्ति । उक्तञ्च **यतिलक्षणसमुच्चये** - **'ण वहइ जो गुणरायं, दोसलवं कड्ढिउं गुणड्ढे वि । तस्स णियमा चरित्तं, नत्थि त्ति भणंति समयन्नू ॥१३२॥'** (**छाया** - न वहति यो गुणरागं, दोषलवं कृष्ट्वा गुणाढ्येऽपि । तस्य नियमात् चारित्रं नास्ति इति भणन्ति समयज्ञाः ॥१३२॥)

पूर्वश्लोकोक्तप्रकारापेक्षया विपरीतक्रमेण स्वगुणदोषा द्रष्टव्याः-स्वगुणा न द्रष्टव्याः स्वदोषाश्च द्रष्टव्या इत्यत्र यदुक्तं तत्सर्वश्रेष्ठं वचनम्, यत एवमेव माननिग्रहेण मोहसाम्राज्य-विलयो भवति ।

જ વિપરીત રીતે જોવા એમ મહર્ષિઓ કહે છે. પોતાના અલ્પ દોષોને પર્વત જેવા મોટા જોવા. પર્વત જેવા મોટા પણ પોતાના ગુણો ન જોવા. આમ કરવાથી પોતાનો આત્મા દોષોનો ભંડાર અને ગુણોથી દરિદ્ર લાગશે. તેથી માનકષાયનો નાશ થશે. તેથી પોતાના મનમાં બીજા ઉપર ઈર્ષ્યા નહીં થાય. પણ પોતાના મનમાં બીજા ઉપર વાત્સલ્ય પ્રગટશે. તેથી બીજાના અલ્પ ગુણો પણ પર્વત જેવા મોટા દેખાશે. બીજાના પર્વત જેવા મોટા પણ દોષો નહીં જ દેખાય. આમ બીજાના ગુણોને જોવા માટે બધાએ સૂક્ષ્મદર્શક યંત્ર જેવા થવું અને બીજાના દોષોને જોવા આંધળા થવું. આમ ચિત્ત નિર્મળ થશે અને તેથી તેમાં સમતાની પ્રતિષ્ઠા થશે. ગુણવાનમાં જે દોષોને જુવે છે, ગુણોને નહીં, તેનું ચારિત્ર ટકતું નથી. **યતિલક્ષણસમુચ્ચય**માં કહ્યું છે - 'ગુણવાનને વિષે પણ જે થોડા દોષો કાઢીને ગુણાનુરાગને ધારણ કરતો નથી નિયમા તેનું ચારિત્ર ટકતું નથી એમ સર્વજ્ઞ ભગવંતો કહે છે. (૧૩૨)'

પૂર્વશ્લોકમાં કહેલ રીતથી વિપરીત રીતે પોતાના ગુણો-દોષો જોવા એટલે કે પોતાના ગુણો ન જોવા અને પોતાના દોષો જોવા એવું જે આ શ્લોકમાં કહ્યું તે સૌથી શ્રેષ્ઠ વચન છે, કેમકે એ રીતે જ મનનો નિગ્રહ થવાથી મોહના સામ્રાજ્યનો નાશ થાય છે.

दिग्मोहेन दिग्विभागो यथावस्थितो न ज्ञायते । दिग्मोहमोहितो नरः पूर्वां पश्चिमां मन्यते, पश्चिमां च पूर्वां मन्यते । एवं स उत्तरां दक्षिणां मन्यते, दक्षिणाञ्चोत्तरां मन्यते । अयं दृष्टिमोहोऽपि दिङ्मोह इव प्रबलः । दृष्टिमोहमोहितो गुणदोषविभागं न पश्यति । अयं दृष्टिमोहोऽन्यमोहापेक्षया तीव्रतरो महाऽनर्थकारी च, यतस्तेन मोहितो नरः सत्यासत्य-विभागमेव न जानाति । स सत्यमप्यसत्यं मन्यतेऽसत्यमपि सत्यं मन्यते । ततोऽन्य-मोहाऽपगमः सुकरः, परन्तु दृष्टिमोहाऽपगमो दुष्करः ।

अयमत्रोपदेशः-दृष्टिमोहं परित्यज्य स्वदोषा द्रष्टव्या न तु स्वगुणाः ॥३३॥

अवतरणिका - दृष्टिमोहो महाबलवानिति प्रतिपादितम् । अधुना श्लोकयुग्मेन तस्य बलवत्त्वमेव समर्थयति -

---

દિશાઓના મોહથી દિશાઓનો વિભાગ બરાબર જણાતો નથી. દિશાઓના મોહથી મુંઝાયેલો માણસ પૂર્વ દિશાને પશ્ચિમ દિશા માને છે, પશ્ચિમ દિશાને પૂર્વ દિશા માને છે, એમ તે ઉત્તર દિશાને દક્ષિણ દિશા માને છે, દક્ષિણ દિશાને ઉત્તર દિશા માને છે. આ દૃષ્ટિમોહ પણ દિશાઓના મોહ જેવો પ્રબળ છે. દૃષ્ટિમોહથી મુંઝાયેલો જીવ ગુણ-દોષનો વિભાગ જોતો નથી. આ દૃષ્ટિમોહ બીજા મોહની અપેક્ષાએ વધુ ભયંકર અને વધુ નુકસાનકારી છે, કેમકે તેનાથી મોહ પામેલો માણસ સાચા-ખોટાના વિભાગને જાણતો નથી. તે સાચાને પણ ખોટું માને છે, ખોટાને પણ સાચું માને છે. તેથી બીજા મોહને દૂર કરવો સહેલો છે, પણ દૃષ્ટિમોહને દૂર કરવો મુશ્કેલ છે.

અહીં ઉપદેશ આ પ્રમાણે છે - દૃષ્ટિમોહને છોડીને પોતાના દોષો જોવા, ગુણો નહીં. (૩૩)

અવતરણિકા - દૃષ્ટિમોહ મહાબળવાન છે એમ કહ્યું. હવે બે શ્લોકો વડે દૃષ્ટિમોહના મહાબળવાનપણાનું સમર્થન કરે છે -

मूलम् - धर्मस्य बहुधाऽध्वानो, लोके विभ्रमहेतवः ।
तेषु बाह्याफटाटोपा-[1]त्तत्त्वविभ्रान्तदृष्टयः ॥३४॥
स्वस्वदर्शनरागेण, [2]विवदन्तो मिथो जनाः ।
सर्वथैवात्मनो धर्मं, मन्यन्ते न परस्य [3]तु ॥३५॥ ॥ युग्मम् ॥

अन्वयः - लोके धर्मस्य बहुधाऽध्वानो विभ्रमहेतवः । बाह्यफटाटोपात्तेषु तत्त्वविभ्रान्त-दृष्टयो स्वस्वदर्शनरागेण मिथो विवदन्तो जनाः सर्वथाऽऽत्मन एव धर्मं मन्यन्ते न तु परस्य (धर्मं मन्यन्ते) ॥३४॥॥३५॥

पद्मीया वृत्तिः - **लोके** - जगति, **धर्मस्य** - पूर्वोक्तस्वरूपस्य, **बहुधा** - अनेकविधाः, **अध्वानः** - मार्गाः, **विभ्रमहेतवः** - विभ्रमस्य-विशिष्टभ्रमस्य सत्यासत्यज्ञा-नाऽऽवारकस्य हेतवः-कारणानीति विभ्रमहेतवः । **बाह्यफटाटोपात्** - बाह्यः-बहिर्दृश्य-मानश्चासौ फटाटोपः-आडम्बरश्चेति बाह्यफटाटोपः, तस्मात्, **तेषु** - धर्मस्य विविधाध्वसु, **तत्त्वविभ्रान्तदृष्टयः** - तत्त्वम् - सत्यमिति विभ्रान्ता-भ्रमयुक्ता दृष्टिः-ज्ञानं येषां ते तत्त्वविभ्रान्तदृष्टयः, **स्वस्वदर्शनरागेण** - स्वस्य स्वस्य-निजं निजं दर्शनम्-धर्म इति स्वस्वदर्शनम्, द्विरुक्तिर्वीप्सायाम्, तस्य रागः-प्रेम इति स्वस्वदर्शनरागः, तेन, **मिथः** - परस्परम्, **विवदन्तः** - विवादं कुर्वन्तः, **जनाः** - लोकाः, **सर्वथा** - सर्वप्रकारैः, **आत्मनः** - निजम्, **एव**शब्दः परकीयधर्मं व्यवच्छिनत्ति, **धर्मम्** - दर्शनम्, **मन्यन्ते** सत्यत्वेन निश्चिन्वन्ति, **न**शब्दो - निषेधे, **तु**शब्द एवकारार्थः, **परस्य** - स्वातिरिक्तस्य, **धर्मं मन्यन्ते** इत्यत्राप्यनुवर्त्तनीयम् ।

जगति धर्मस्यानेके प्रकाराः सन्ति । जिनोक्तधर्म एव तात्त्विको धर्मः, यतस्तेनैव

શબ્દાર્થ - લોકમાં ધર્મના ઘણા રસ્તાઓ વિભ્રમનું કારણ છે. બાહ્ય આડંબરથી તેમનામાં તત્ત્વના ભ્રમવાળી દૃષ્ટિવાળા, પોતપોતાના દર્શનના રાગથી પરસ્પર ઝઘડતાં લોકો બધી રીતે પોતાનો જ ધર્મ માને છે, બીજાનો ધર્મ માનતાં નથી. (૩૪,૩૫)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - જગતમાં ધર્મના અનેક પ્રકારો છે. જિનેશ્વર

१. ... फटाटोपास्तत्त्व - B, C, E, F, L, ... स्फुटाटोपास्तत्त्व ... G, J। २. विवदन्ते - H, I, M। ३. च - A, F।

साम्यमवाप्यते । तस्मात्कांश्चित्पदार्थान्गृहीत्वा स्वबुद्धिविकल्पितपदार्थांश्च तत्र प्रक्षिप्य जनैर्विविधा धर्माः स्थापिताः । ततो लोकेऽनेके धर्माः प्रादुर्भूताः । श्रीऋषभदेवशिष्य-मरिचिशिष्यकपिलेन साङ्ख्यदर्शनं प्रवर्त्तितम् । शिवभूतिना दिगम्बरमतं स्थापितम् । रोहगुप्ताद् वैशेषिकदर्शनं प्रवृत्तम् । श्रीपार्श्वनाथसन्तानीयबुद्धेन बौद्धदर्शनस्य स्थापना कृता । यदुक्तं **श्रीदेवसेनाचार्य**विरचिते **दर्शनसारे - 'पासणाहतित्थे सरऊतीरे पलासणयरत्थे । पिहिआसवस्स सीहे महालुद्धो बुद्धकित्ति मुणि ॥१॥ तिमिपूरणा-सणेया अहिगयवज्जावउपरमभट्ठे । रत्तंबरं धरित्ता पवड्ढिय तेणएयतं ॥२॥ मंसस्स नत्थि जहा फले दहिय दुद्ध सक्कराए । तम्हा तं मुणित्ता भरकंतो णत्थि पाविट्ठो ॥३॥ मज्जं णवज्जणिज्झं दव्वदवं दुह जलं तह एदं । इति लोए घोसित्ता पवतिय संघं सावज्झं ॥४॥ अण्णो करेदि कम्मं अण्णो तं भुंजदीदि सिद्धंत ।**

ભગવાને કહેલો ધર્મ જ સાચો ધર્મ છે, કેમકે તેનાથી જ સમતા મળે છે. તેમાંથી કેટલાક પદાર્થોને લઈને અને પોતાની બુદ્ધિથી વિચારેલા પદાર્થોને તેમાં ઊમેરીને લોકોએ વિવિધ ધર્મોની સ્થાપના કરી. તેથી લોકમાં અનેક ધર્મો પ્રગટ થયા. શ્રીઋષભદેવ ભગવાનના શિષ્ય મરીચિના શિષ્ય કપિલે સાંખ્યદર્શનની શરૂઆત કરી. શિવભૂતિએ દિગંબરમતની સ્થાપના કરી. રોહગુપ્તે વૈશેષિક દર્શનની શરૂઆત કરી. શ્રીપાર્શ્વનાથ ભગવાનની પરંપરામાં થયેલ બુદ્ધે બૌદ્ધ દર્શનની શરૂઆત કરી. **શ્રીદેવસેન આચાર્ય**એ રચેલા **દર્શનસાર** ગ્રંથમાં કહ્યું છે કે, 'શ્રીપાર્શ્વનાથ પ્રભુના તીર્થમાં સરયુ નદીના તીર ઉપર પલાસ નામના નગરમાં પિહિતાશ્રવ નામના મુનિના શિષ્ય મહાલોભી બુદ્ધકીર્તિ રહેતા હતા. એક વખત સરયુ નદીમાં પાણીનું ઘણું મોટું પૂર ચડી આવ્યું. ત્યારે એ નદીના પ્રવાહમાં અનેક મરેલા માછલા તણાતાં તણાતાં કિનારે આવી ગયા. એમને જોઈને બુદ્ધિકીર્તિએ પોતાના મનમાં એવો નિશ્ચય કર્યો કે, 'પોતાની મેળે જે જીવો મરી ગયા હોય તેમનું માંસ ખાવામાં શું પાપ છે ?' ત્યારે તેણે ગ્રહણ કરેલ પ્રવ્રજ્યા રૂપ દીક્ષા છોડી દીધી. એટલે પૂર્વમાં ગ્રહણ કરેલ ધર્મથી ભ્રષ્ટ થઈ તેણે માંસભક્ષણ કર્યું અને લોકો સમક્ષ એવા પ્રકારનું અનુમાન કરવા લાગ્યો કે, 'માંસમાં જીવ નથી, માટે એને ખાવામાં પાપ લાગતું નથી. ફલ, દૂધ, દહીં, માખણ તથા દારૂ પીવામાં પાપ નથી, કારણ કે પાણીની જેમ પ્રવાહી દ્રવ્ય છે.' આ પ્રમાણે પ્રરૂપણા કરીને તેણે બૌદ્ધ મત ચલાવ્યો અને એમ પણ કહ્યું કે બધા પદાર્થો ક્ષણિક છે, માટે પાપ-પુણ્યનો કર્તા બીજો અને ભોગવનાર બીજો છે. આ સિદ્ધાન્તનું

परिकप्पिअणणूणं वासिकिच्चा णिरयमुववण्णो ॥५॥' एवं परेऽपि धर्माः साक्षात्परम्परया वा जिनधर्मादेव प्रवृत्ताः । यदुक्तं **सिद्धसेनदिवाकरसूरिभिरेकविंशति-द्वात्रिंशिकान्तर्गतचतुर्थद्वात्रिंशिकायाम् - 'उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ दृष्टयः । न च तासु भवान् प्रदृश्यते प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥१५॥'**

सर्वेऽप्येते प्रादुर्भूता धर्मा मिथ्यारूपा एव । तात्त्विकस्तु समतापादको जिनधर्म एव । एताननेकान्धर्मान्दृष्ट्वा जनानां मनसि विभ्रमो जायते - एतेभ्यो धर्मेभ्यः को धर्मस्तात्त्विकः कश्च मिथ्येति । जनाः स्थूलबुद्धयः सन्ति । तेषां विशेषज्ञानं न विद्यते । ततस्ते तात्त्विकधर्मस्य निश्चयं कर्तुं न शक्नुवन्ति । ते धर्माणां बाह्यप्रवृत्तिरूपाडम्बरान्पश्यन्ति । ते धर्माणां मूलभूतानि तत्त्वानि न पश्यन्ति । त इदमपि न पश्यन्ति यद् धर्माणां बाह्यक्रिया मूलभूततत्त्वाऽविरोधेन प्रवर्त्तन्ते न वा । ते यस्य धर्मस्य बाह्यक्रियानुष्ठानरूपमाडम्बरं महत्पश्यन्ति तं धर्मं तात्त्विकत्वेन निश्चित्य स्वीकुर्वन्ति । ते तस्यैव धर्मस्याऽऽराधनां कुर्वन्ति । ते तमेव धर्मं समीचीनं मन्यन्ते । ततोऽपरान्धर्मांस्ते तुच्छान्मन्यन्ते । ते

કથન કર્યું. તે બુદ્ધકીર્તિ મરીને નરકમાં ગયો.' એમ બીજા ધર્મો પણ સાક્ષાત્ કે પરંપરાએ જૈનધર્મમાંથી નીકળ્યા. **શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજીએ એકવિંશતિ દ્વાત્રિંશિકા** અંતર્ગત **ચોથી દ્વાત્રિંશિકા**માં કહ્યું છે - 'જેમ સમુદ્રમાં બધી નદીઓ મળે છે, તેમ હે નાથ ! તારામાં બધા દર્શનોનો સમાવેશ થાય છે. તે જુદી જુદી નદીઓમાં જેમ સમુદ્ર દેખાતો નથી, તેમ તે દર્શનોમાં તું દેખાતો નથી.' (૪/૧૫)

આ બધાય પ્રગટ થયેલા ધર્મો ખોટા છે. સાચો તો સમતાને લાવનાર જૈન ધર્મ જ છે. આ અનેક ધર્મોને જોઈને લોકોના મનમાં વિભ્રમ થાય કે આ ધર્મોમાંથી કયો ધર્મ સાચો છે અને કયો ધર્મ ખોટો છે ? લોકો સ્થૂલબુદ્ધિવાળા હોય છે. તેમને વિશેષજ્ઞાન હોતું નથી. તેથી તેઓ સાચા ધર્મને નક્કી કરી શકતાં નથી. તેઓ ધર્મના બાહ્યપ્રવૃત્તિરૂપ આડમ્બરોને જુવે છે. તેઓ ધર્મોના મૂળભૂત તત્ત્વોને જોતાં નથી. તેઓ એ પણ જોતાં નથી કે ધર્મોની બાહ્યક્રિયાઓ મૂળભૂત તત્ત્વને વિરોધ ન આવે એ રીતે પ્રવર્તે છે કે નહીં. તેઓ જે ધર્મના બાહ્યક્રિયા કરવા રૂપ આડંબરને મોટો જુવે છે, તે ધર્મને સાચો માનીને સ્વીકારે છે. તેઓ તે જ ધર્મની આરાધના કરે છે. તેઓ તે જ ધર્મને સારો માને છે. તેથી બીજા ધર્મોને તેઓ તુચ્છ માને છે.

तेषु दोषान्पश्यन्ति । दृष्टिरागमोहितदृष्टित्वात्ते स्वदर्शनदोषान्न पश्यन्ति । ततस्ते परस्परं विवादं कुर्वन्ति । विविधदृष्टान्तहेतुयुक्त्यादिभिस्ते परदर्शनमतं निराकुर्वन्ति स्वदर्शनमतं च सत्यत्वेन स्थापयन्ति । ते सर्वप्रकारैः स्वीयं दर्शनमेव श्रेष्ठं मन्यन्ते । परदर्शनेषु ते दोषेभ्यो व्यतिरिक्तमन्यत्किञ्चिदपि द्रष्टुं न शक्नुवन्ति । इत्थं ते तात्त्विकधर्मतो सुदूरे भवन्ति । स्वबुद्ध्या ते मन्यन्ते वयं धर्माराधनां कुर्म इति, परन्तु तत्त्वतः सा धर्माराधना न भवति ।

अयमत्र रहस्यार्थः-यद्यपि लोकेऽनेके धर्माः सन्ति, तथापि ते सर्वे तात्त्विका न सन्ति । तात्त्विकधर्मस्त्वेक एव । ततो बाह्याऽऽडम्बरान्दृष्ट्वा मोहो न कर्त्तव्यः । परन्तु तत्त्वं गवेषणीयम् । ततस्तात्त्विकधर्मस्याऽऽराधना कर्त्तव्या । परदर्शनिभिः सह विवादो न कर्त्तव्यः ॥३४॥ ॥३५॥

अवतरणिका - दृष्टिरागमोहिताः स्वीयं धर्ममेव मन्यन्ते इति प्रतिपादितम् । ततस्तात्त्विको धर्मः कुत्र विद्यते ? इति प्रतिपादयति -

---

તેઓ તેમનામાં દોષોને જુવે છે. દૃષ્ટિરાગથી મોહિત થયેલી દૃષ્ટિવાળા હોવાથી તેઓ પોતાના દર્શનના દોષોને જોતાં નથી. તેથી તેઓ પરસ્પર ઝઘડે છે. વિવિધ દૃષ્ટાન્તો-હેતુઓ-યુક્તિઓ વડે તેઓ બીજા દર્શનોના મતનું નિરાકરણ કરે છે અને પોતાના દર્શનના મતને સાચા તરીકે સ્થાપે છે. તેઓ બધી રીતે પોતાના દર્શનને જ શ્રેષ્ઠ માને છે. બીજા દર્શનોમાં તેમને દોષો સિવાય બીજું કંઈ પણ દેખાતું નથી. આમ તેઓ સાચા ધર્મથી ખૂબ દૂર થાય છે. પોતાની બુદ્ધિથી તેઓ માને છે કે અમે ધર્મની આરાધના કરીએ છીએ, પણ હકીકતમાં તે ધર્મારાધના હોતી નથી.

અહીં રહસ્યાર્થ આ પ્રમાણે છે - જો કે લોકમાં ઘણા ધર્મો છે, છતાં પણ તે બધા સાચા નથી. સાચો ધર્મ તો એક જ છે. તેથી બાહ્ય આડંબરોને જોઈને મોહ ન પામવો પણ તત્ત્વ શોધવું. પછી સાચા ધર્મની આરાધના કરવી. બીજા દર્શનવાળાઓની સાથે ઝગડો ન કરવો. (૩૫)

અવતરણિકા - દૃષ્ટિરાગથી મોહિત થયેલા જીવો પોતાના ધર્મને જ સાચો માને છે, એમ કહ્યું. તેથી સાચો ધર્મ ક્યાં છે ? એ કહે છે -

मूलम् - यत्र साम्यं स तत्रैव, किमात्मपरचिन्तया ।
जानीत तद्विना हंहो !, नात्मनो न परस्य च ॥३६॥

अन्वयः - यत्र साम्यं तत्रैव सः, आत्मपरचिन्तया किम् ? हंहो ! तद्विना नात्मनो न च परस्य (धर्म इति) जानीत ॥३६॥

पद्मीया वृत्तिः - यत्र - मार्गे, **साम्यम्** - समता, **तत्र** - समताकारिणि मार्गे, **एव**शब्दो अन्यत्र धर्मस्याऽस्तित्वं व्यवच्छिनत्ति, **सः** - धर्मः, **आत्मपरचिन्तया** - आत्मनः-स्वस्य परस्य-स्वातिरिक्तस्य च चिन्ता-तस्निरिति आत्मपरचिन्ता-अयं मदीयोऽयं परकीय इति विचारणा, तया, **किम्** - अलम्, न किमपीत्यर्थः, **हंहो !** - सम्बोधने, **तत्** - साम्यम्, **विना** - ऋते, **न**शब्दो निषेधे, **आत्मनः** - स्वकीयः, **न**शब्दो निषेधे, **च**शब्दः समुच्चये, **परस्य** - परकीयः, **धर्म इती**त्यत्राध्याहार्यम्, **जानीत** - सूक्ष्मबुद्ध्या विचिन्त्याऽवधारयत ।

पूर्वश्लोके प्रतिपादितं-धर्मस्याऽनेके मार्गाः सन्तीति । तेषु सर्वेषु धर्मो नास्ति । येन मार्गेणाऽत्मनि समताऽऽधीयते तस्मिन्मार्गे एव धर्मोऽस्ति । अन्यमार्गेषु धर्मो नास्ति । तत्र धर्मस्याऽऽभास एव भवति । ततो मदीयमार्गे एव धर्मोऽस्ति, परकीयमार्गेषु धर्मो नास्ति-इति चिन्ता वृथा । यदि स्वमार्गेण समताप्राप्तेरभावेऽपि तत्र धर्मस्य कल्पना क्रियते तर्ह्यपि तेन साम्यं नैव भवति, न च मुक्तिरवाप्यते । परकीयमार्गैः समताप्राप्तौ सत्यामपि यदि तत्र

शब्दार्थ - જ્યાં સમતા છે ત્યાં જ તે ધર્મ છે. આ મારો ધર્મ અને આ બીજાનો ધર્મ એવી ચિંતા કરવાથી શું ફાયદો ? અરે ! સમતા વિના ન પોતાનો અને ન બીજાનો ધર્મ છે, એમ જાણો. (૩૬)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - પૂર્વશ્લોકમાં કહ્યું કે ધર્મના અનેક માર્ગો છે. તે બધામાં ધર્મ નથી. જે માર્ગથી આત્મામાં સમતા આવે તે માર્ગમાં જ ધર્મ છે. બીજા માર્ગોમાં ધર્મ નથી. તેમાં માત્ર ધર્મનો આભાસ થાય છે. તેથી મારા માર્ગમાં જ ધર્મ છે, બીજા માર્ગોમાં ધર્મ નથી એવી ચિંતા નકામી છે. જો પોતાના માર્ગથી સમતા ન મળતી હોય અને છતાં તેમાં ધર્મની કલ્પના કરાય તો પણ તેનાથી સમતા નથી જ આવતી અને મોક્ષ નથી મળતો. બીજાના માર્ગો વડે સમતા મળતી હોવા છતાં

धर्माभावस्य कल्पना क्रियते तर्हि स्वात्मन एव वञ्चना भवति। ततो मदीयो धर्मः समीचीनः, परकीयो धर्मो न समीचीन इति चिन्ता न कर्त्तव्या, परन्तु येन मार्गेण समतायाः प्राप्तिः स्यात्तत्रैव धर्मो भवतीति विचिन्त्य तेन मार्गेण धर्माराधना कर्त्तव्या।

येन मार्गेण समतायाः प्राप्तिर्न स्यात् तत्र धर्मो न भवति। स यदि स्वकीयो मार्गः स्यात्तर्हि तत्राऽपि धर्मो न भवति। स यदि परकीयो मार्गः स्यात्तर्हि तत्राऽपि धर्मो न भवति।

अत्रायमुपनिषदर्थः-धर्मविषये स्वकीयपरकीयचिन्तां परित्यज्य येन मनः समीभवति स एव धर्म आराध्यः ॥३६॥

अवतरणिका - यत्र साम्यं तत्र धर्म इति तात्त्विकधर्मस्य स्वरूपं सामान्येन प्रदर्श्याऽधुना तद्विशेषेण दर्शयति -

मूलम् - [1]क्षान्त्यादिर्दशधा धर्मः, सर्वधर्मशिरोमणिः ।
सोऽपि साम्यवतामेव, मैत्र्यादिकृतकर्मणाम् ॥३७॥

अन्वयः - क्षान्त्यादिर्दशधा धर्मः सर्वधर्मशिरोमणिः (अस्ति) । सोऽपि मैत्र्यादि-

પણ જો તેમાં ધર્મ ન હોવાની કલ્પના કરાય તો પોતાના આત્માને જ ઠગવાનું થાય છે. તેથી મારો ધર્મ સારો છે અને બીજાનો ધર્મ સારો નથી એવો વિચાર ન કરવો, પણ જે માર્ગે સમતાની પ્રાપ્તિ થાય તેમાં જ ધર્મ છે એમ વિચારીને તે માર્ગ વડે ધર્મની આરાધના કરવી.

જે માર્ગથી સમતાની પ્રાપ્તિ ન થાય તેમાં ધર્મ નથી. તે જો પોતાનો માર્ગ હોય તો તેમાં પણ ધર્મ નથી અને જો બીજાનો માર્ગ હોય તો તેમાં પણ ધર્મ નથી.

અહીં રહસ્યાર્થ આ પ્રમાણે છે - ધર્મના વિષયમાં પોતાનો અને બીજાનો એવો વિચાર છોડીને જેનાથી મન સમ બને તે જ ધર્મની આરાધના કરવી. (૩૬)

અવતરણિકા - જ્યાં સામ્ય છે ત્યાં ધર્મ છે એમ તાત્ત્વિક ધર્મનું સ્વરૂપ સામાન્યથી બતાવીને હવે તે વિશેષથી બતાવે છે -

શબ્દાર્થ - ક્ષમા વગેરે દશ પ્રકારનો ધર્મ એ બધા ધર્મોમાં મુખ્ય છે. તે પણ મૈત્રી

१. क्षान्त्यादिदशधा - A, B, E, F, J, K, LI

कृतकर्मणां साम्यवतामेव (भवति) ॥३७॥

पद्मीया वृत्तिः - क्षान्त्यादिः - क्षान्तिः-परकृतापराधविस्मरणरूपा आदौ यस्येति क्षान्त्यादिः, **दशधा**-क्षमामार्दवार्जवादिदशविधः, **धर्मः** - पूर्वोक्तस्वरूपः, **सर्वधर्मशिरोमणिः** - सर्वेषां-निखिलानां धर्माणां-धर्मत्वेनाऽभिमतानां मार्गाणां शिरोमणिः-प्रधान इति सर्वधर्मशिरोमणिः-सर्वश्रेष्ठः, **अस्ती**तिक्रियापदमत्राऽध्याहार्यम्, **सः** - क्षान्त्यादिदशविधधर्मः, **अपि**शब्दो न केवलं सामान्यतो धर्मः साम्यवतां भवति, परन्तु विशेषतः क्षमादिधर्मोऽपि साम्यवतामेव भवतीति द्योतयति, **मैत्र्यादिकृतकर्मणाम्**-मैत्रीप्रागुक्तस्वरूपा आदौ यासां प्रमोद-कारुण्य-माध्यस्थ्यभावनानामिति मैत्र्यादयः, ताभिः कृतम्-अभ्यस्तम् कर्म-आत्मभावनरूपं कार्यं यैरिति मैत्र्यादिकृतकर्माणः, तेषां, **साम्यवताम्** - साम्यमस्त्येषामिति साम्यवन्तः, तेषां, **एव**शब्दो अन्येषां धर्मसद्भावं व्यवच्छिनत्ति, **भवती**त्यत्राध्याहार्यम्।

पूर्वश्लोके उक्तं-साम्यप्रदमार्गे एव धर्मो विद्यते, नाऽन्यत्रेति। ततः कश्चित्प्रश्नयति-साम्यप्रदस्य धर्मस्य किंस्वरूपम् ? इति। अस्मै जनाय ग्रन्थकारोऽनेन श्लोकेनोत्तरं ददाति। सर्वेषु धर्मेषु क्षमादिदशविधो धर्मः श्रेष्ठः। क्षमादिधर्मस्य दशविधत्वमेवं ज्ञेयम् - १) क्षमा-अपराधिषु द्वेषस्याऽकरणम्। २) मार्दवम्-नम्रता। ३) आर्जवम्-सरलता। ४) मुक्तिः-सन्तोषः। ५) तपः-इच्छानिरोधरूपम्। ६) संयमः-सप्तदशविधः। तद्यथा - पञ्च महाव्रतानि, पञ्चानामिन्द्रियाणां निरोधः, चतुर्णां कषायाणां जयः, त्रयाणां दण्डानां निवृत्तिश्च। पञ्च महाव्रतान्येवम् - प्राणातिपातविरमणमहाव्रतं मृषावादविरमणमहाव्रतमदत्ता-

---

વગેરે ભાવનાઓથી ભાવિત જીવો અને સમતાવાળાઓને જ હોય છે. (૩૭)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - પૂર્વશ્લોકમાં કહ્યું કે સમતા આપનારા માર્ગમાં જ ધર્મ છે, બીજે નહીં. તેથી કોઈક પ્રશ્ન કરે છે કે સમતા આપનાર ધર્મનું સ્વરૂપ શું છે ? એ વ્યક્તિને ગ્રંથકાર આ શ્લોકથી જવાબ આપે છે. બધા ધર્મોમાં ક્ષમા વગેરે દશ પ્રકારનો ધર્મ શ્રેષ્ઠ છે. ક્ષમા વગેરે દશ પ્રકારનો ધર્મ આ પ્રમાણે જાણવો - (૧) ક્ષમા=અપરાધી ઉપર દ્વેષ ન કરવો, (૨) માર્દવ=નમ્રતા, (૩) આર્જવ=સરળતા, (૪) મુક્તિ=સંતોષ, (૫) તપ=ઇચ્છાનો નિરોધ, (૬) સંયમ=૧૭ પ્રકારનું, તે આ પ્રમાણે - પાંચ મહાવ્રતો, પાંચ ઇન્દ્રિયોનો નિરોધ, ચાર કષાયોનો જય અને ત્રણ દંડની નિવૃત્તિ. પાંચ મહાવ્રતો આ પ્રમાણે છે - પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત,

दानविरमणमहाव्रतं मैथुनविरमणमहाव्रतं परिग्रहविरमणमहाव्रतञ्च । पञ्चेन्द्रियनिरोधस्य स्वरूपं पूर्वं त्रिंशत्तमश्लोकवृत्तावुक्तम् । कषायचतुष्कजयस्वरूपमपि प्रथमप्रस्तावे एकादशे श्लोके उक्तमेव । मनोवाक्कायानामशुभप्रवृत्तयस्त्रिदण्डाः, तासां स्थगनं त्रिदण्डनिवृत्तिः । ७) सत्यम्-ऋतम् । ८) शौचम्-मनोवाक्कायानां पवित्रता । ९) आकिञ्चन्यम्-सर्वत्र ममत्वाऽभावः । १०) ब्रह्मचर्यम्-मैथुनत्यागः । यदुक्तं **नवतत्त्वप्रकरणे** - **'खंती-मद्दव-अज्जव-मुत्ती-तव-संजमे अ बोद्धव्वे । सच्चं सोअं अकिंचणं च, बंभं च जइधम्मो ॥२९॥'** (**छाया** - क्षान्ति-मार्दव-आर्जव-मुक्ति-तपः-संयमाश्च बोद्धव्याः । सत्यं शौचं आकिञ्चन्यञ्च ब्रह्म च यतिधर्मः ॥२९॥) **योगशास्त्रे**ऽपि **चतुर्थे प्रकाशे** उक्तम् -**'संयमः सूनृतं शौचं, ब्रह्माकिञ्चनता तपः । क्षान्तिर्मार्दवमृजुता, मुक्तिश्च दशधा स तु ॥९३॥'** **द्वादशभावनास्वप्युक्तम्** -**'क्षान्त्यादिभेदैर्धर्मं च, दशधा जगदुर्जिनाः । यं कुर्वन् विधिना जन्तुर्भवाब्धौ न निमज्जति ॥१२५॥' चरणकरण-मूलोत्तरगुणप्रकरणेऽप्युक्तं श्रीचक्रेश्वरसूरिभिः - 'खंती य मद्दवऽज्जव, मुत्ती तव संजमे य बोद्धव्वे । सच्चं सोयं आकिंचणं च बंभं च जइधम्मो ॥५॥'** (**छाया**

મૃષાવાદ વિરમણ મહાવ્રત, અદત્તાદાન વિરમણ મહાવ્રત, મૈથુન વિરમણ મહાવ્રત અને પરિગ્રહ વિરમણ મહાવ્રત. પાંચ ઇન્દ્રિયોના નિરોધનું સ્વરૂપ પૂર્વે ત્રીસમા શ્લોકની વૃત્તિમાં કહ્યું છે. ચાર કષાયોના જયનું સ્વરૂપ પહેલા પ્રસ્તાવમાં અગિયારમા શ્લોકમાં કહ્યું છે. મન-વચન-કાયાની ખરાબ પ્રવૃત્તિઓ તે ત્રણ દંડ, તેમને અટકાવવી તે ત્રણ દંડની નિવૃત્તિ. (૭) સત્ય=સાચું બોલવું, (૮) શૌચ=મન-વચન-કાયાની પવિત્રતા, (૯) આકિંચન્ય=બધા પદાર્થો પર મમતાનો અભાવ, (૧૦) બ્રહ્મચર્ય= મૈથુનનો ત્યાગ. **નવતત્ત્વપ્રકરણમાં** કહ્યું છે - 'ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનતા અને બ્રહ્મચર્ય એ યતિધર્મ છે. (૨૯)' **યોગશાસ્ત્ર**ના **ચોથા પ્રકાશ**માં પણ કહ્યું છે - 'સંયમ, સત્ય, શૌચ, બ્રહ્મચર્ય, અકિંચનતા, તપ, ક્ષમા, માર્દવ, ઋજુતા અને મુક્તિ એ દશ પ્રકારનો તે યતિધર્મ છે.' **દ્વાદશભાવના**માં પણ કહ્યું છે - 'જિનેશ્વરોએ ક્ષમા વગેરે ભેદો વડે દશ પ્રકારનો ધર્મ કહ્યો છે, જેને વિધિપૂર્વક કરનારો જીવ સંસારસમુદ્રમાં ડૂબતો નથી. (૧૨૫)' **ચરણકરણમૂલોત્તર-ગુણપ્રકરણ**માં પણ **શ્રીચક્રેશ્વરસૂરિજી**એ કહ્યું છે - 'ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ,

- क्षान्तिश्च मार्दवं आर्जवं, मुक्तिस्तपः संयमश्च बोद्धव्यः । सत्यं शौचं आकिञ्चन्यञ्च, ब्रह्म च यतिधर्म्मः ॥५॥)

अयं दशविधोऽपि धर्मः सर्वविरतावेव सर्वथा पालयितुं शक्यः । अत एवाऽयं दशविधो धर्मो यतिधर्म इत्युच्यते । तत इदमुक्तं भवति-सर्वविरतिरेव सर्वश्रेष्ठो धर्म इति ।

यैर्मैत्र्यादिभावनाभिरात्मा भावितः त एव साम्यं प्राप्नुवन्ति । ये साम्यवन्तो भवन्ति त एवोपर्युक्तं दशविधं धर्ममाराधयन्ति । येषां मनो मैत्र्यादिभिर्वासितं न भवति ते समतां न लभन्ते । यत्र समता नास्ति तत्र दशविधस्य धर्मस्याऽस्तित्वं न भवति । क्षमादिधर्मः पुष्परूपः । पुष्पाण्युपवने एव भवन्ति न त्ववकरे । एवं क्षमादिधर्मा अपि समतावति चित्ते एव भवन्ति न तु रागादिकलुषिते चित्ते । शुभतत्त्वानामवस्थानं शुभस्थाने एव भवति ॥३७॥

अवतरणिका - इत्थं सर्वश्रेष्ठं धर्मं प्रदर्श्याऽधुनाऽन्तिममुपदेशं दत्त्वा द्वितीयप्रस्ताव-स्योपसंहारं करोति -

---

તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનતા અને બ્રહ્મચર્ય એ યતિધર્મ છે. (૫)'

આ દશે પ્રકારનો ધર્મ સર્વવિરતિમાં સંપૂર્ણ રીતે પાળી શકાય છે. માટે જ આ દશ પ્રકારના ધર્મને યતિધર્મ એમ કહેવાય છે. તેથી એમ કહેવાય કે સર્વવિરતિ જ સૌથી ચઢિયાતો ધર્મ છે.

જેમણે મૈત્રી વગેરે ભાવનાઓથી આત્માને ભાવિત કર્યો હોય તેઓ જ સમતાને પામે છે. જેઓ સમતાવાળા હોય છે તેઓ જ ઉપર કહેલા દશ પ્રકારના ધર્મને આરાધે છે. જેમનું મન મૈત્રી વગેરેથી વાસિત ન હોય તેઓ સમતા પામતાં નથી. જ્યાં સમતા નથી ત્યાં દશ પ્રકારના ધર્મનું અસ્તિત્વ નથી. ક્ષમા વગેરે ધર્મો ફૂલ જેવા છે. ફૂલો બગીચામાં જ થાય છે, ઉકરડામાં નહીં. એમ ક્ષમા વગેરે ધર્મો પણ સમતાવાળા ચિત્તમાં જ પ્રગટે છે, રાગ વગેરેથી કલુષિત ચિત્તમાં નહીં. સારા તત્ત્વો સારા સ્થાનમાં જ રહે છે. (૩૭)

અવતરણિકા - આમ સર્વશ્રેષ્ઠ ધર્મ બતાવીને હવે છેલ્લો ઉપદેશ આપીને બીજા પ્રસ્તાવનો ઉપસંહાર કરે છે -

मूलम् - साम्यं समस्तधर्माणां, सारं ज्ञात्वा ततो बुधाः ।
बाह्यं दृष्टिग्रहं मुक्त्वा, चित्तं कुरुत निर्मलम् ॥३८॥

इति [१]श्रीयोगसारे तत्त्वसारधर्मोपदेशको द्वितीयः प्रस्तावः ।

अन्वयः - बुधाः ! ततः समस्तधर्माणां सारं साम्यं ज्ञात्वा बाह्यं दृष्टिग्रहं मुक्त्वा चित्तं निर्मलं कुरुत ॥३८॥

पद्मीया वृत्तिः - बुधाः ! - हे विद्वांसः !, **ततः** - यतः क्षमादिः सर्वश्रेष्ठधर्मः साम्यवतामेव भवति तस्मात्कारणात्, **समस्तधर्माणाम्** - समस्ताः-सर्वे च ते धर्माश्चेति समस्तधर्माः, तेषां, **सारम्** - ऐदम्पर्यम्, **साम्यम्** - समताम्, **ज्ञात्वा** - अवबुध्य, **बाह्यं** - बहिर्भवमिति बाह्यम्-व्यावहारिकम्, **दृष्टिग्रहम्** - दृष्टेः-दर्शनस्य ग्रहः-अभिनिवेश इति दृष्टिग्रहः, तं, **मुक्त्वा** - परित्यज्य, **चित्तं** - मानसम्, **निर्मलम्** - रागादिदोषविमुक्तम्, **कुरुत** - सम्पादयत ।

ग्रन्थकारोऽस्मिन्श्लोके विदुषः सम्बोधयति । स कथयति - यतः साम्यवतामेव सर्वश्रेष्ठो धर्मो भवति ततः साम्यमेव सर्वधर्माणां सारभूतं ज्ञेयम् । यत्र साम्यं भवति तत्र धर्मो भवति, यत्र साम्यं न भवति तत्र धर्मो न भवति । यत्र साम्यं न भवति तत्र धर्मवद्भासमानो

शब्दार्थ - હે પંડિતજનો ! તેથી બધા ધર્મોનો સાર સમતા છે, એમ જાણીને બાહ્ય દર્શનોનો કદાગ્રહ છોડીને ચિત્તને નિર્મળ કરો. (૩૮)

पद्मीयावृत्तिनो भावानुवाद - ગ્રંથકાર આ શ્લોકમાં વિદ્વાનોને સંબોધન કરે છે. તેઓ કહે છે કે - જે કારણથી સમતાવાળાઓને જ સર્વશ્રેષ્ઠ ધર્મ હોય છે, તેથી સમતાને બધા ધર્મોના સારરૂપ જાણવી. જ્યાં સમતા હોય છે, ત્યાં ધર્મ હોય છે. જ્યાં સમતા નથી, ત્યાં ધર્મ નથી. જ્યાં સમતા નથી ત્યાં ધર્મ જેવો લાગતો

---

१. योगसारनाम्नि० द्वितीयस्तत्त्वसारधर्मोपदेशप्रस्तावः । - D, योगसारे तत्त्वसारधर्मोपदेशो द्वितीयः समाप्तः । - E, योगसारे तत्त्वसारधर्मोपदेशः प्रस्तावः ॥ २ - K, योगसारे तत्त्वसारधर्मोपदेशको द्वितीयः प्रस्तावः ।- L।

धर्माभासो भवति। मदीयं दर्शनं समीचीनम्, परकीयं त्वसमीचीनमित्यभिनिवेशो दर्शनग्रहरूपो भवति। स तु बाह्यः। दर्शनग्रहेण रागद्वेषौ भवतः। ततश्चित्तं मलिनं भवति। तत्र साम्यं नाऽऽगच्छति। ततो बाह्यदर्शनग्रहं मुक्त्वा चित्तं निर्मलं कुरुत। निर्मलचित्ते साम्यस्य प्रतिष्ठा भवति। साम्ययुक्ते चित्ते दशविधो धर्म आगच्छति। धर्मस्याऽऽराधनया सद्गतिः सिद्धिगतिश्चाप्यते।

इत्थमस्मिन्द्वितीये प्रस्तावे ग्रन्थकारेण विविधोपदेशैः साम्यस्य प्राधान्यमुक्तम् ॥३८॥

इति श्रीयोगसारे तत्त्वसारधर्मोपदेशकस्य द्वितीयस्य प्रस्तावस्य पद्मीया वृत्तिः समाप्ता।



ધર્માભાસ હોય છે. મારો ધર્મ સારો, બીજાનો ખરાબ એવો કદાગ્રહ એ દર્શનોનો (ધર્મોનો) કદાગ્રહ છે. તે તો બાહ્ય છે. ધર્મના કદાગ્રહથી રાગદ્વેષ થાય છે. તેથી ચિત્ત મલિન થાય છે. તેમાં સમતા આવતી નથી. તેથી ધર્મનો બાહ્ય કદાગ્રહ છોડીને ચિત્તને નિર્મળ કરો. નિર્મળ ચિત્તમાં સમતાની પ્રતિષ્ઠા થાય છે. સમતાવાળા ચિત્તમાં દશ પ્રકારનો ધર્મ આવે છે. ધર્મની આરાધનાથી સદ્ગતિ અને સિદ્ધિગતિ મળે છે.

આમ આ બીજા પ્રસ્તાવમાં ગ્રંથકારે વિવિધ ઉપદેશો વડે સમતાની પ્રધાનતા બતાવી. (૩૮)

આમ શ્રીયોગસારમાં તત્ત્વોના સારરૂપ ધર્મનો ઉપદેશ આપનારા બીજા પ્રસ્તાવની પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ સમાપ્ત થયો.

तृतीयः प्रस्तावः

अवतरणिका - द्वितीये प्रस्तावे तत्त्वसारधर्मोपदेशो दत्तः । तत्त्वसारधर्मस्तु साम्यरूपः । अतस्तृतीये प्रस्तावे साम्यस्य माहात्म्यं प्रतिपादयति । द्वितीयप्रस्तावस्यान्तिमे श्लोके चित्तनिर्मलीकरणोपदेशो दत्तः । मूढबुद्धयस्तु मलिनचित्ताः । अतस्तृतीयप्रस्तावस्य प्रथमे श्लोके मूढबुद्धीनां स्वरूपमाह -

मूलम् - [1]सहजानन्दसाम्यस्य, विमुखा मूढबुद्धयः ।
इच्छन्ति दुःखदं [2]दुःखो-त्पाद्यं वैषयिकं सुखम् ॥१॥

अन्वयः - सहजानन्दसाम्यस्य विमुखा मूढबुद्धयो दुःखदं दुःखोत्पाद्यं वैषयिकं सुखमिच्छन्ति ॥१॥

ત્રીજો પ્રસ્તાવ

અવતરણિકા - બીજા પ્રસ્તાવમાં તત્ત્વોના સારરૂપ ધર્મનો ઉપદેશ આપ્યો. તત્ત્વોના સારરૂપ ધર્મ સામ્યરૂપ છે. માટે ત્રીજા પ્રસ્તાવમાં સામ્યનું માહાત્મ્ય બતાવે છે. બીજા પ્રસ્તાવના અંતિમ શ્લોકમાં ચિત્તને નિર્મળ કરવાનો ઉપદેશ આપ્યો. મૂઢ બુદ્ધિવાળાઓનું ચિત્ત મલિન હોય છે. માટે ત્રીજા પ્રસ્તાવના પહેલા શ્લોકમાં મૂઢ બુદ્ધિવાળાઓનું સ્વરૂપ કહે છે -

શબ્દાર્થ - સ્વાભાવિક આનંદ આપનારી સમતાથી પરાઙ્મુખ જીવો દુઃખ આપનારા અને દુઃખથી ઉત્પન્ન થનારા વિષયજન્ય સુખને ઇચ્છે છે. (૧)

---

૧. ऐं नमः । सहजा ... - G। C प्रतौ तृतीयप्रस्तावस्य श्लोका एवमुपन्यस्ताः - सहजानन्द ... ॥१॥, नोपेन्द्रस्य ... ॥७॥, साम्यं मानस ... ॥१६॥, यदि त्वं साम्य ... ॥१८॥, श्रुतश्रामण्य ... ॥१९॥, स्वाधीनं स्वं ... ॥२०॥, नाज्ञातबालको ... ॥२५॥, तोषणीयो ... ॥२६॥, कषायविषयाक्रान्तो बहि ... ॥२७॥, निःसङ्गो ... ॥२९॥, प्रशान्तस्य ... ॥४/२६॥, सुखमग्नो ... ॥५/३२॥, एको गर्भ ... ॥५/३६॥, पापं कृत्वा ... ॥५/३७॥, चलं सर्वं ... ॥५/३८॥, नोपकारो जगत्यस्मिन् तादृशो विद्यते क्वचित् । यादृशा दुःखविच्छेदा देहिनां धर्मदेशना ॥(धर्मबिन्दुः २/२८)॥, कषायविषयाक्रान्तोऽहं ... ॥२॥, सर्वसङ्ग ... ॥३॥, सूक्ष्माः सूक्ष्म ... ॥४॥, अपराधा ... ॥५॥, शब्दरूप ... ॥६॥, रागोऽभीष्टेषु ... ॥८॥, लोभः पदार्थ ... ॥९॥, अरतिर्विषय ... ॥१०॥, वेदोदयश्च ... ॥११॥, एतेषु येन ... ॥१२॥, दुर्विज्ञेया ... ॥१३॥, यद्यात्मा ... ॥१४॥, सहजानन्दता ... ॥१५॥, स्वपता जाग्रता ... ॥१७॥, वृक्षस्य ... ॥२१॥, सूर्यो जनस्य ... ॥२२॥, यथा गुडादि ... ॥२३॥, सर्वभूताविना ... ॥२४॥, असदाचारिणो ... ॥२८॥, सदृक्षं ... ॥३०॥, इति साम्य ... ॥३१॥ C प्रतौ तृतीयप्रस्तावे चतुर्थपञ्चमप्रस्तावयोर्ये श्लोका उपन्यस्तास्ते चतुर्थपञ्चमप्रस्तावयोर्नोपन्यस्ताः । 'नोपकारो ... धर्मदेशना ॥' इति धर्मबिन्दुश्लोकः C प्रतौ योगसारतृतीयप्रस्तावे उपन्यस्तः ।

२. दुःखोत्पादं - H, I ।

पद्मीया वृत्तिः - सहजानन्दसाम्यस्य - सहजः-स्वाभाविकः, आनन्दः-हर्षः, सहज आनन्दो यस्मात्तत् सहजानन्दम्, तच्च तत् साम्यम्-पूर्वोक्तस्वरूपं चेति सहजानन्द-साम्यम्, तस्येति सहजानन्दसाम्यस्य, सहजानन्दसाम्यादित्यर्थः, **विमुखाः** - विपरीतं मुखं येषां ते विमुखाः-विपरीतचेष्टाकारिणः, **मूढबुद्धयः** - मूढा-मोहिता बुद्धिः-ज्ञानं येषां ते मूढबुद्धयः-मोहाच्छादितज्ञानाः, **दुःखदं** - दुःखम्-असातरूपं ददातीति दुःखदम्, **दुःखोत्पाद्यम्** - दुःखेन-कष्टेनोत्पादयितुं-प्रासुं शक्यमिति दुःखोत्पाद्यम्, **वैषयिकम्** - विषयेभ्यो भवमिति वैषयिकम्-विषयजनितम्, **सुखम्** - आह्लादं, **इच्छन्ति** - वाञ्छन्ति।

साम्यं सहजमानन्दं ददाति। साम्यमात्मनो स्वाभाविको गुणः। ततस्तत्स्वाभाविकमानन्दं ददाति, न त्वौपाधिकम्। औपाधिक आनन्दोऽल्पकालभाव्यस्ति। सहज आनन्दश्चिरं तिष्ठति। औपाधिकानन्दस्य पश्चादवश्यं दुःखं भवति। तथापि केषाञ्चिज्जनानां बुद्धिर्मोहेना-च्छादिता भवति। ततस्ते विपरीतं पश्यन्ति। ते साम्यं दुःखरूपं मन्यन्ते। ततस्ते तत्त्यजन्ति। ते विषयोद्भवं दुःखाविनाभावि सुखमेव सुखरूपं मन्यन्ते। संसारे वस्तुतः सुखं नास्ति। उक्तञ्च **वैराग्यशतके - 'संसारम्मि असारे, नत्थि सुहं वाहिवेयणापउरे। जाणंतो इह जीवो, न कुणइ जिणदेसियं धम्मं ॥१॥'** (**छाया** - संसारे असारे, नास्ति सुखं व्याधिवेदनाप्रचुरे। जानन् इह जीवः, न करोति जिनदेशितं धर्मम् ॥१॥) द्वयोर्दुःखयोरपान्तरालकाले यो दुःखाभावोऽस्ति तं जनाः सुखं मन्यन्ते। तन्न वास्तविकं

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - સમતા સ્વાભાવિક આનંદ આપે છે. સમતા એ આત્માનો સ્વાભાવિક ગુણ છે. તેથી તે સ્વાભાવિક આનંદ આપે છે, ઉપાધિજન્ય નહીં. ઉપાધિજન્ય આનંદ અલ્પકાળ ટકે છે. સ્વાભાવિક આનંદ લાંબો સમય ટકે છે. ઉપાધિજન્ય આનંદ પછી અવશ્ય દુઃખ આવે છે. છતાં પણ કેટલાક લોકોની બુદ્ધિ મોહથી આવરાયેલી હોય છે. તેથી તેઓ ઊંધું જુવે છે. તેઓ સમતાને દુઃખરૂપ માને છે. તેથી તેઓ તેને છોડે છે. તેઓ વિષયજન્ય, દુઃખ આપનારા સુખને જ સુખ માને છે. સંસારમાં હકીકતમાં સુખ નથી. **વૈરાગ્યશતક**માં કહ્યું છે - 'રોગો અને વેદનાઓથી ભરપૂર એવા આ અસાર સંસારમાં સુખ નથી. આ જાણતો જીવ ભગવાને કહેલ ધર્મ કરતો નથી. (૧)' બે દુઃખોની વચ્ચેના કાળમાં જે દુઃખનો અભાવ હોય છે, તેને લોકો સુખ માને છે તે સાચું સુખ નથી, પણ ઔપચારિક સુખ છે. **સંગ્રહશતક**માં કહ્યું છે - 'વિષયજન્ય સુખ દુઃખ જ છે, કેમકે તે ચિકિત્સાની જેમ દુઃખના પ્રતિકારરૂપ છે. તે ઉપચારથી સુખ છે. વાસ્તવિકતા વિના ઉપચાર ન

सुखम्, किन्तूपचरितम्। उक्तञ्च **सङ्ग्रहशतके** - '**विसयसुहं दुक्खं चिय, दुक्खपडियारओ तिगिच्छिय व्व। तं सुहं उवयारओ, न उवयारो विणा तच्चं ॥७२॥**' (**छाया** - विषयसुखं दुःखमेव, दुःखप्रतिकारतश्चिकित्सा इव। तत्सुखमुपचारतः, नोपचारो विना तत्त्वम् ॥७२॥) **इन्द्रियपराजयशतके**ऽप्युक्तम् - '**जह निंबदुमुप्पन्नो, कीडो कडुअं पि मन्नए महुरं। तह सिद्धिसुहपरुक्खा, संसारदुहं सुहं बिंति ॥११॥**' (**छाया** - यथा निम्बद्रुमोत्पन्नः, कीटः कटुकमपि मन्यते मधुरम्। तथा सिद्धिसुखपरोक्षाः, संसारदुःखं सुखं ब्रुवन्ति ॥११॥) वैषयिकं सुखं विषयाणामासेवनेनोद्भवति। प्रथमं विषयाणामासेवनस्येच्छारूपं दुःखं प्रादुर्भवति। ततो विषयाणामासेवनेन तस्या इच्छायाः पूर्त्तिः क्रियते। ततः सुखं भवति। पुनः कालान्तरे यदा विषयासेवनेच्छा प्रादुर्भवति तदा दुःखं भवति। इत्थं वैषयिकं सुखं दुःखेनोद्भवति दुःखञ्च ददाति। ततस्तद् दुःखोत्पाद्यं दुःखदं चोच्यते। यद्वा वैषयिकसुखस्य सामग्री दुःखेनावाप्यते। ततोऽपि तद् दुःखोत्पाद्यम्। यदिवा वैषयिकसुखानुभवेन बद्धानां कर्मणामुदये दुर्गतिदुःखानि प्राप्यन्ते इत्यत उच्यते - वैषयिकं सुखं दुःखदमिति। उक्तञ्चेन्द्रियपराजयशतके - '**तिलमित्तं विसयसुहं, दुहं च गिरिरायसिंगतुंगयरं। भवकोडिहिं न निट्ठइ, जं जाणसु तं करिज्जासु ॥६॥**' (**छाया** - तिलमात्रं विषयसुखं, दुःखञ्च गिरिराजशृङ्गतुङ्गतरम्। भवकोटिभिर्न निष्ठाति, यत्

थाय. (७२)' **ईन्द्रियपराजयशतक**માં પણ કહ્યું છે - 'જેમ લીમડાના ઝાડમાં ઉત્પન્ન થયેલો કીડો કડવી વસ્તુને પણ મીઠી માને છે તેમ મોક્ષસુખથી પરાઙ્મુખ જીવો સંસારદુઃખને સુખ કહે છે. (૧૧)' વિષયજન્ય સુખ વિષયોને ભોગવવાથી ઉત્પન્ન થાય છે. પહેલા વિષયોને ભોગવવાની ઇચ્છારૂપ દુઃખ થાય છે. પછી વિષયોને ભોગવવા વડે તે ઇચ્છા પૂરી કરાય છે. તેથી સુખ થાય છે. ફરી થોડા સમય પછી જ્યારે વિષયો ભોગવવાની ઇચ્છા થાય ત્યારે દુઃખ થાય છે. આમ વિષયજન્ય સુખ દુઃખથી ઉત્પન્ન થાય છે અને દુઃખ આપે છે. તેથી તે દુઃખહેતુક અને દુઃખફલક કહેવાય છે. અથવા વિષયજન્ય સુખની સામગ્રી દુઃખ વેઠીને મળે છે. તેથી પણ તે દુઃખહેતુક છે. અથવા વિષયજન્ય સુખને અનુભવવા વડે બંધાયેલા કર્મોના ઉદયે દુર્ગતિના દુઃખો મળે છે. માટે કહેવાય છે કે વિષયસુખ દુઃખફલક છે. **ઈન્દ્રિયપરાજયશતક**માં કહ્યું છે - 'વિષયજન્યસુખ તલ જેટલું છે. તેનાથી થતું દુઃખ મેરુપર્વતના શિખર કરતા વધુ ઊંચું છે. તે કરોડો ભવોમાં પૂરું થતું નથી. તું જે જાણે

जानासि तत् कुरुष्व ॥६॥) साम्यसुखं तु सहजम् । तन्न दुःखेनोत्पद्यते नापि दुःखं ददाति । तथापि मोहमदिरामत्तचेतसो जनाः साम्यसुखस्य प्राप्त्यर्थं न प्रयतन्ते । ते तस्मात्पराङ्मुखा भवन्ति। ते दुःखहेतुकं दुःखफलकञ्च वैषयिकं सुखमेव बहुमन्यन्ते । ते तदर्थमेव प्रयतन्ते ।

दुःखविमुक्तं साम्यसुखं परित्यज्य जना यद्दुःखाविनाभावि वैषयिकं सुखमिच्छन्ति तन्मोहस्य विलसितमेव ॥१॥

अवतरणिका - वैषयिकं सुखमिच्छतां मूढबुद्धीनां विचित्रां चेष्टां प्रतिपादयति-

मूलम् - [1]कषाया विषया दुःख-मिति वेत्ति जनः[2] स्फुटम् ।
तथापि तन्मुखः कस्माद्-धावतीति न बुध्यते ॥२॥

अन्वयः - कषाया विषया दुःखमिति जनः स्फुटं वेत्ति । तथापि कस्मात्तन्मुखो धावति ? इति न बुध्यते ॥२॥

पद्मीया वृत्तिः - कषायाः - पूर्वोक्तस्वरूपाः, **विषयाः** - विषयासेवनम्, **दुःखम्** - दुःखरूपम्, **इति** - अदः, **जनः** - लोकः, **स्फुटम्** - प्रकटम्, **वेत्ति** - जानाति, **तथापि**

છે તે કર. (૬)' સમતાનું સુખ સ્વાભાવિક છે. તે દુઃખથી ઉત્પન્ન થતું નથી અને દુઃખ આપતું નથી. છતાં પણ જેમના મનમાં મોહરૂપી દારૂનો નશો ચડ્યો છે, એવા લોકો સમતાસુખની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતાં નથી. તેઓ તેનાથી પરાઙ્મુખ થાય છે. તેઓ દુઃખહેતુક અને દુઃખફલક વિષયસુખને જ બહુ માને છે. તેઓ તેની માટે જ પ્રયત્ન કરે છે.

દુઃખ વિનાના સમતાસુખને છોડીને લોકો જે દુઃખ આપનારા વિષયજન્ય સુખને ઇચ્છે છે, તે મોહની રમત જ છે. (૧)

અવતરણિકા - વિષયજન્ય સુખને ઇચ્છતા મૂઢ બુદ્ધિવાળાઓની વિચિત્ર ચેષ્ટા જણાવે છે -

શબ્દાર્થ - કષાયો અને વિષયો દુઃખરૂપ છે, એમ લોકો સ્પષ્ટ રીતે જાણે છે. છતાં પણ શા માટે તેમની તરફ દોડે છે ? એ સમજાતું નથી. (૨)

---

૧. कषायविषयाक्रान्तोऽहं वेत्तीति जनः स्फुटम् - C, H, I । २. स्फुटं जनः - A, FI

- कषायविषयाणां दुःखरूपत्वे ज्ञाते सत्यपि, **कस्मात्** - किमर्थम्, **तन्मुखः** - कषायविषयाऽऽसेवनाभिमुखः, **धावति** - प्रवर्त्तते, **इति** - एतत्, **न**शब्दो निषेधे, **बुध्यते** - ज्ञायते।

कषाया मोहनीयकर्मोदयजन्याः । ततस्ते दुःखरूपाः । कषायकरणकाले तत्पश्चाच्च जीवा दुःखमनुभवन्ति । उक्तञ्च **तत्त्वामृते** - **'कषायविषयार्त्तानां, देहिनां नास्ति निर्वृतिः । तेषां च विरमे सौख्यं, जायते परमाद्भुतम् ॥२९॥'** इत्थमनेकशोऽनुभवनेन ते स्पष्टं जानन्ति — कषाया दुःखरूपा एवेति । विषयासेवनं दुःखहेतुकं दुःखफलकञ्चेति पूर्वश्लोके उक्तम्। विषयासेवनं पामाकण्डूयनतुल्यम् । पामाकण्डूयनं सुखरूपं मन्यते तद्रोगिभिः । परन्तु वस्तुतस्तद्दुःखरूपमेव । मोहोदयः पामातुल्यः । विषयासेवनं तत्कण्डूयनतुल्यम्। तत्सुखरूपं भासते, परन्तु वस्तुतस्तद्दुःखरूपमेव । उक्तञ्चोपदेशमालायाम् - **'जह कच्छुल्लो कच्छुं, कंडुयमाणो दुहं मुणइ सुक्खं । मोहाउरा मणुस्सा, तह कामदुहं सुहं बिंति ॥२१२॥'** (**छाया** - यथा कच्छूमान् कच्छूं, कण्डूयमानो दुःखं जानाति सौख्यम्। मोहातुरा मनुष्याः, तथा कामदुःखं सुखं ब्रुवन्ति ॥२१२॥) इदमपि जीवैरनेकशोऽनुभूतम्। ततस्ते सुष्ठु विदन्ति-विषया अपि दुःखरूपा एवेति । कषायविषया दुःखरूपा इति ज्ञाते सत्यपि जीवाः कषायान्कुर्वन्ति विषयाँश्च सेवन्ते । ते तीव्ररसेन

પદ્ધીયાવૃત્તિનો ભાવાનુવાદ - કષાયો મોહનીયકર્મના ઉદયથી થાય છે. તેથી તેઓ દુઃખરૂપ છે. કષાય કરતી વખતે અને તેના પછી જીવો દુઃખને અનુભવે છે. **તત્ત્વામૃત**માં કહ્યું છે - 'કષાયો અને વિષયોથી પીડિત થયેલા જીવોને શાંતિ નથી. તેમનો નાશ થવા પર અદ્‌ભુત અને શ્રેષ્ઠ સુખ થાય છે. (૨૯)' આમ અનેકવાર અનુભવથી તેઓ સ્પષ્ટ રીતે જાણે છે કે કષાયો દુઃખરૂપ જ છે. વિષયોને ભોગવવા એ દુઃખહેતુક અને દુઃખફલક છે, એમ પૂર્વેના શ્લોકમાં કહ્યું. વિષયોને ભોગવવા એ ખરજવાને ખંજવાળવા જેવું છે. ખરજવાને ખંજવાળવાથી સુખ લાગે છે, પણ હકીકતમાં તે દુઃખરૂપ જ છે. મોહનો ઉદય એ ખરજવા જેવો છે. વિષયોને ભોગવવા એ ખરજવાને ખંજવાળવા જેવું છે. તે સુખરૂપ લાગે છે, પણ હકીકતમાં તે દુઃખરૂપ જ છે. **ઉપદેશમાળા**માં કહ્યું છે - 'જેમ ખરજવાનો દર્દી ખંજવાળને ખંજવાળતાં થતાં દુઃખને સુખ માને છે તેમ મોહથી આતુર મનુષ્યો કામદુઃખને સુખ કહે છે. (૨૧૨)' એને પણ જીવોએ અનેકવાર અનુભવ્યું છે. તેથી તેઓ સારી રીતે જાણે છે કે વિષયો પણ દુઃખરૂપ જ છે. કષાયો અને વિષયો દુઃખરૂપ છે, એમ જાણે છતે

कषायान्कुर्वन्ति विषयाँश्च सेवन्ते । सामान्यतो जीवा दुःखं ज्ञात्वा ततो बिभ्यति । ते तस्य परिहारं कुर्वन्ति । ते तत्परिहारोपायाँश्चिन्तयन्ति । कषायविषयान्दुःखरूपाञ्ज्ञात्वाऽपि जनास्तेभ्यो न बिभ्यति, तेषां परिहारं न कुर्वन्ति, नापि तत्परिहारोपायाँश्चिन्तयन्ति । प्रत्युत ते तान्साभिलाषं सेवन्ते । ते तत्सेवनोपायाँश्चिन्तयन्ति । ते कषाय-विषय-सेवनाय प्रयतन्ते । इदं तेषां विपरीतं चेष्टितं कस्मात् कारणाद् भवति ? इति न ज्ञायते - इति ग्रन्थकारो वदति । मदिरामत्तः सर्वं विपरीतं चेष्टते । एवं मोहमदिरामत्ता जना विपरीतं चेष्टन्ते । तत एव ते कषायविषयान् दुःखरूपान् मत्वाऽपि तत्प्राप्त्यर्थं धावन्ति ।

अहो ! मोहस्य साम्राज्यं यत्सर्वे जीवास्तदाज्ञां शिरसि धारयन्ति तदनुसारेण च चेष्टन्ते । एवंकरणे ते स्वहिताहितमपि न चिन्तयन्ति । मोहराजाज्ञापालनार्थमेव ते प्रयतन्ते ॥२॥

अवतरणिका - मूढबुद्धिर्दुःखाभिमुखं धावतीति प्रतिपाद्याऽधुना स सुखस्याऽभि-

---

પણ જીવો કષાયો કરે છે અને વિષયોને ભોગવે છે. તેઓ તીવ્રરસથી કષાયો કરે છે અને વિષયોને ભોગવે છે. સામાન્યથી જીવો દુઃખને જાણીને તેનાથી ડરે છે. તેઓ તેને દૂર કરે છે. તેઓ તેને દૂર કરવાના ઉપાયો વિચારે છે. કષાયો-વિષયોને દુઃખરૂપ જાણીને પણ લોકો તેમનાથી ડરતાં નથી, તેમને દૂર કરતાં નથી, તેમને દૂર કરવાના ઉપાયો વિચારતાં નથી, ઊલટું તેઓ તેમને અભિલાષાપૂર્વક સેવે છે. તેઓ તેમને સેવવાના ઉપાયો વિચારે છે. તેઓ કષાયો અને વિષયોને સેવવા માટે પ્રયત્ન કરે છે. આ તેમની વિપરીત ચેષ્ટા શેના કારણે થાય છે ? એ જણાતું નથી, એમ ગ્રંથકાર કહે છે. દારૂના નશાવાળો ઊંધી પ્રવૃત્તિ કરે છે. એમ મોહરૂપી દારૂના નશાવાળા લોકો બધી ઊંધી પ્રવૃત્તિઓ કરે છે. તેથી જ તેઓ કષાયો-વિષયોને દુઃખરૂપ માનીને પણ તેમને મેળવવા દોડે છે.

અરે ! મોહનું સામ્રાજય કેવું છે કે બધા લોકો તેની આજ્ઞાને માથે ધારણ કરે છે અને તેને અનુસારે વર્તે છે. આમ કરવામાં તેઓ પોતાના હિતને કે અહિતને પણ વિચારતાં નથી. મોહરાજાની આજ્ઞાને પાળવા માટે જ તેઓ પ્રયત્ન કરે છે. (૨)

અવતરણિકા - મૂઢ બુદ્ધિવાળો દુઃખ તરફ દોડે છે, એમ બતાવી હવે તે સુખની સન્મુખ પણ થતો નથી, એમ બતાવે છે -

मुखोऽपि न भवतीति दर्शयति -

मूलम् - [१]सर्वसङ्गपरित्यागः, सुखमित्यपि वेत्ति सः ।
[२]सम्मुखोऽपि भवेत्किं न, तस्येत्यपि न बुध्यते ॥३॥

अन्वयः - सर्वसङ्गपरित्यागः सुखमित्यपि स वेत्ति, (स) तस्य सम्मुखोऽपि किं न भवेत् ? इत्यपि न बुध्यते ॥३॥

पद्मीया वृत्तिः - सर्वसङ्गपरित्यागः - सर्वः-समस्तश्चासौ सङ्गः-सम्बन्धश्चेति सर्वसङ्गः, तस्य परित्यागः-सर्वथा परिहार इति सर्वसङ्गपरित्यागः, **सुखम्** - सुखरूपम्, **इति** - अदः, **अपि**शब्दः कषायविषयाणां दुःखरूपत्वं वेत्त्येव, सर्वसङ्गत्यागस्य सुखरूपत्वमपि वेत्तीति द्योतयति, **सः** - मूढबुद्धिर्जनः, **वेत्ति** - जानाति, स इत्यत्राध्याहार्यम्, **तस्य** - सङ्गत्यागजन्यसुखस्य, **सम्मुखः** - अभिलाषी, **अपि**शब्दः सङ्गत्यागं तु न करोति परन्तु तस्याऽभिलाषामपि न करोतीति द्योतयति, **किम्** - कस्माद्धेतोः, **न**शब्दो निषेधे, **भवेत्** - स्यात्, **इति** - एतत्, **अपि**शब्दः कषायविषयजन्यदुःखाभिमुखधावनस्य कारणं तु न बुध्यते परन्तु सर्वसङ्गत्यागजन्यसुखाभिमुखीभवनाभावस्याऽपि कारणं न बुध्यते इति द्योतयति, **न**शब्दो निषेधे, **बुध्यते** - ज्ञायते ।

जीवः सङ्गरहितोऽस्ति । कर्मवशवर्त्ती स विविधान्सङ्गान्करोति । स शरीर-स्वजन-धन-बाह्यवस्तूनां सङ्गान् करोति । एते सङ्गा बहिर्भूता न जीवस्य स्वभावभूताः । ततः सङ्गकरणेन जीवस्य स्वभावस्तिरोभवति विभावदशा चाविर्भवति । ततो जीवो दुःखीभवति ।

शब्दार्थ - 'બધા સંગનો બધી રીતે ત્યાગ એ સુખ છે' એમ પણ એ જાણે છે. તે તેની સન્મુખ પણ કેમ થતો નથી ? એ પણ જણાતું નથી. (૩)

पद्मीयावृत्तिनो भावानुवाद - જીવ સંગરહિત છે. કર્મને વશ રહેલો તે વિવિધ સંગોને કરે છે. તે શરીર-સ્વજન-ધન-બાહ્ય વસ્તુઓનો સંગ કરે છે. આ સંગો બાહ્ય છે, જીવના સ્વભાવરૂપ નથી. તેથી સંગ કરવાથી જીવનો સ્વભાવ ઢંકાય છે અને વિભાવદશા પ્રગટે છે. તેથી જીવ દુઃખી થાય છે. જેમ જેમ સંગોનો ત્યાગ કરાય

---

१. D प्रतौ 'कषाया विषया ... ॥२॥' इति श्लोकानन्तरं 'सूक्ष्माः सूक्ष्मतरा ... ॥४॥' इति श्लोक उपन्यस्तः, 'सर्वसङ्ग ... ॥३॥' इति श्लोकः 'अपराधाक्षमा ... ॥५॥' इति श्लोकानन्तरमुपन्यस्तः । २. सम्मुखेऽपि - G, सन्मुखोऽपि - M।

यथा यथा सङ्गानां त्यागः क्रियते तथा तथा जीवस्य विभावदशा दूरीभवति स्वभावदशा चाऽविर्भवति । ततो जीवः सुखीभवति । इत्थं स्वभावप्रापकत्वात्सङ्गत्यागः सुखरूपः । जीवाः सङ्गत्यागेन सुखस्यानुभवमपि कुर्वन्ति । ततः सङ्गत्यागः सुखरूप इति ते जानन्ति । तथापि ते सर्वसङ्गत्यागस्येच्छामपि न कुर्वन्ति । सामान्यत इदं दृश्यते - यत् सुखरूपं भवति जीवास्तदर्थं धावन्तीति । अत्र तु विपरीतं दृश्यते । सर्वसङ्गत्यागरूपसुखस्येच्छामपि जीवा न कुर्वन्ति । ततो ग्रन्थकारो वक्ति जनानामस्या विपरीतचेष्टायाः कारणं न ज्ञायते इति ।

जना मोहमूढाः सन्ति । ततस्ते विपरीतं पश्यन्ति । ततः कषायविषयान्दुःखस्वरूपाञ्जानन्तोऽपि तेभ्यः सुखं प्राप्स्यते इति चिन्तयित्वा ते तत्प्राप्त्यर्थं धावन्ति । ते धर्मोपदेशेन सर्वसङ्गत्यागं सुखरूपं जानन्ति, तथाऽपि तत्र दुःखं मन्यन्ते । ततस्ते तस्य पराङ्मुखा भवन्ति ।

अयमत्रोपदेशः-कषायविषया दुःखरूपाः, ततस्ते हेयाः । सर्वसङ्गत्यागः सुखरूपः, ततः स उपादेयः ॥३॥

છે, તેમ તેમ જીવની વિભાવદશા દૂર થાય છે અને સ્વભાવદશા પ્રગટ થાય છે. તેથી જીવ સુખી થાય છે. આમ સ્વભાવ પમાડનાર હોવાથી સંગનો ત્યાગ સુખરૂપ છે. જીવો સંગને છોડવાથી સુખને અનુભવે પણ છે. તેથી સંગનો ત્યાગ એ સુખરૂપ છે, એમ તેઓ જાણે છે. છતાં પણ તેઓ સર્વસંગને છોડવાની ઈચ્છા પણ કરતાં નથી. સામાન્યથી દેખાય છે કે જે સુખરૂપ હોય છે, જીવો તેની માટે દોડે છે. અહીં તો ઊંધું દેખાય છે, સર્વસંગના ત્યાગરૂપી સુખની ઈચ્છા પણ જીવો કરતાં નથી. તેથી ગ્રંથકાર કહે છે કે લોકોની આ ઊંધી પ્રવૃત્તિનું કારણ જણાતું નથી.

લોકો મોહથી મૂઢ છે. તેથી તેઓ ઊંધું જુવે છે. તેથી કષાયો-વિષયોને દુઃખરૂપ જાણવા છતાં પણ તેમાંથી સુખ મળશે, એમ વિચારીને તેઓ તેને મેળવવા દોડે છે. તેઓ ધર્મોપદેશથી સર્વસંગના ત્યાગને સુખરૂપ જાણે છે, છતાં પણ તેમાં દુઃખ માને છે. તેથી તેઓ તેને પરાઙ્મુખ બને છે.

અહીં ઉપદેશ આ પ્રમાણે છે - કષાયો-વિષયો દુઃખરૂપ છે, માટે તે છોડવા. સર્વસંગનો ત્યાગ સુખરૂપ છે, માટે તે આચરવો. (૩)

अवतरणिका - બીજા અને ત્રીજા શ્લોકોમાં બે તત્ત્વો બતાવ્યા. તે બે તત્ત્વોને

अवतरणिका - द्वितीयतृतीयश्लोकयोर्द्वे तत्त्वे प्रतिपादिते । ते द्वे तत्त्वे निपुणमतयोऽपि ये सुष्ठु ज्ञातुमनुष्ठातुं च न शक्नुवन्ति तेषां दशा शोच्येति ज्ञापयति -

मूलम् - सूक्ष्माः सूक्ष्मतरा भावा, [१]भेद्यन्ते सूक्ष्मबुद्धिभिः ।
एतद्द्वयं तु [२]दुर्भेदं, तेषामपि हि का गतिः ॥४॥

अन्वयः - सूक्ष्मबुद्धिभिः सूक्ष्माः सूक्ष्मतरा भावा भेद्यन्ते । तेषामपि एतद् द्वयं तु दुर्भेदं हि, (अतस्तेषां) का गतिः (भविष्यति) ॥४॥

पद्मीया वृत्तिः - सूक्ष्मबुद्धिभिः - सूक्ष्मा-सूक्ष्मपदार्थबोधविधायिनी बुद्धिः-प्रज्ञा येषां ते सूक्ष्मबुद्धयः, तैः, **सूक्ष्माः** - दुर्बोधाः, **सूक्ष्मतराः** - अतिशयेन दुर्बोधाः, **भावाः** - पदार्थाः, **भेद्यन्ते** - ज्ञायन्ते । **तेषाम्** - सूक्ष्मंसूक्ष्मतरपदार्थभेदकसूक्ष्मबुद्धिमताम्, **अपि**शब्दो अन्येषां त्वेतद्द्वयं दुर्भेदमेव, सूक्ष्मबुद्धीनामप्येतद्द्वयं दुर्भेदमिति द्योतयति, **एतद्** - पूर्वश्लोकद्वयोक्तम्, **द्वयम्** - विषयकषाया दुःखं सर्वसङ्गत्यागश्च सुखमिति द्वे तत्त्वे, **तु**शब्दः पक्षान्तरद्योतने, **दुर्भेदम्** - दुःखेन भिद्यते-बुध्यते इति दुर्भेदम्-दुर्बोधम्, **हि**शब्द एवकारार्थः, स च तत्त्वद्वयस्य सुबोधत्वं व्यवच्छिनत्ति, **अतस्तेषा**मित्यत्राध्याहार्यम्, **का** - किंस्वरूपा, **गतिः** - दशा, **भविष्यती**त्यत्राध्याहार्यम् ।

सूक्ष्मबुद्धीनां ज्ञानावरणक्षयोपशमस्तीव्रो भवति । ततस्तेऽतिदुर्बोधानपि पदार्थान्सम्यग्जानन्ति । मध्यमबुद्धयोऽल्पबुद्धयो वा तान्पदार्थाञ्ज्ञातुं न शक्नुवन्ति, तेषां ज्ञानावरणक्षयोपशमस्य मध्यमत्वात् मन्दत्वाद्वा । केचनसूक्ष्मबुद्धयोऽपि पूर्वोक्तं तत्त्वद्वयं ज्ञातुमनुष्ठातुं वा

નિપુણ બુદ્ધિવાળા એવા પણ જેઓ સારી રીતે જાણી અને આચરી શકતાં નથી તેમની દશા દયાપાત્ર છે એમ જણાવે છે -

શબ્દાર્થ - સૂક્ષ્મ બુદ્ધિવાળા જીવો સૂક્ષ્મ અને અતિસૂક્ષ્મ ભાવોને જાણે છે. તેમને માટે પણ આ બે તો મુશ્કેલીથી જણાય એવા છે. માટે તેમનું શું થશે ? (૪)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - સૂક્ષ્મ બુદ્ધિવાળાઓનો જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ તીવ્ર હોય છે. તેથી તેઓ બહુ મુશ્કેલીથી જાણી શકાય એવા પદાર્થોને સારી રીતે જાણે છે. મધ્યમ બુદ્ધિવાળા કે અલ્પ બુદ્ધિવાળા તે પદાર્થોને જાણી શકતાં નથી, કેમકે તેમનો જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ મધ્યમ અને મંદ હોય છે. કેટલાક સૂક્ષ્મ બુદ્ધિવાળા પણ પૂર્વે કહેલા બે તત્ત્વોને જાણી કે આચરી શકતા નથી. તેમનો

---

१. भिद्यन्ते - C, H, I, २. दुर्भेद्यं - FI

न शक्नुवन्ति । तेषां यद्यपि ज्ञानावरणक्षयोपशमस्तीव्रो भवति तथापि मोहनीयक्षयोपशमो मन्दो भवति । तेन तेषां तत्त्वद्वयज्ञानं विपरीतं भवति । यथार्थे तत्त्वद्वयज्ञाने जाते सत्यपि ते स्वजीवने तदनुष्ठातुं न शक्नुवन्ति । तात्त्विकं ज्ञानं तदेव भवति येन ज्ञातो पदार्थो स्वजीवनेऽनुभूयते, यतो ज्ञानस्य फलं विरतिः । अनुभवरहितं ज्ञानं रूक्षबोधरूपं भवति । उक्तञ्च **ज्ञानसारे**ऽनुभवस्य माहात्म्यं प्रदर्शयद्भिर्**महोपाध्यायश्रीयशोविजयैः** - '**व्यापारः सर्वशास्त्राणां, दिक्प्रदर्शनमेव हि । पारं तु प्रापयत्येकोऽनुभवो भववारिधेः ॥२६/२॥**' अनुभवयुक्तं ज्ञानं ज्ञानावरणमोहनीयोभयक्षयोपशमसम्पाद्यं भवति । मध्यम-बुद्ध्यल्पबुद्धयस्तु सूक्ष्मान्पदार्थान् ज्ञातुं न शक्नुवन्ति । ततस्तदनुष्ठानस्य का वार्ता ? इत्थं ते पूर्वोक्ततत्त्वद्वयं न जानन्ति नाऽप्यनुतिष्ठन्ति । इत्थं बहुजनस्य पूर्वोक्ततत्त्वद्वय-स्याऽनुष्ठानयुक्तं ज्ञानं न भवति । सूक्ष्मबुद्धीनां केवलं ज्ञानं शरणरूपं न भविष्यति । प्रचण्डमेधास्वामिनोऽपि तेऽनुभवं विना संसारसमुद्रपारं न प्राप्स्यन्ति । अतो ग्रन्थकृतोक्तं तेषां किं भविष्यति ? दुर्गतौ पततस्तान् को रक्षिष्यति ? इति ॥४॥

જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ જો કે તીવ્ર હોય છે તો પણ મોહનીય કર્મનો ક્ષયોપશમ મંદ હોય છે. તેથી તેમને બે તત્ત્વોનું જ્ઞાન વિપરીત રીતે થાય છે. બે તત્ત્વોનું સાચું જ્ઞાન થાય તો પણ તેઓ પોતાના જીવનમાં તેને આચરી શકતાં નથી. સાચું જ્ઞાન તે જ હોય છે, જેનાથી જણાયેલો પદાર્થ પોતાના જીવનમાં અનુભવાય, કેમકે જ્ઞાનનું ફળ વિરતિ છે. અનુભવ વિનાનું જ્ઞાન લૂખું હોય છે. **જ્ઞાનસાર**માં અનુભવનું માહાત્મ્ય બતાવતા **મહોપાધ્યાયશ્રીયશોવિજયજી મહારાજે** કહ્યું છે - 'બધા શાસ્ત્રોનો વ્યાપાર એ દિશા બતાવે છે. એક અનુભવ જ સંસારસમુદ્રથી પાર ઉતારે છે. (૨૬/૨)' અનુભવવાળું જ્ઞાન જ્ઞાનાવરણકર્મ અને મોહનીયકર્મ બંનેના ક્ષયોપશમથી મળે છે. મધ્યમબુદ્ધિવાળા અને અલ્પબુદ્ધિવાળા તો સૂક્ષ્મ પદાર્થોને જાણી શકતાં નથી. તો પછી તેના આચરણની તો શું વાત ? આમ તેઓ પૂર્વે કહેલા બે તત્ત્વોને જાણતાં નથી અને તેને આચરતાં પણ નથી. આમ ઘણા લોકોને પૂર્વે કહેલા બે તત્ત્વોનું આચરણ સહિતનું જ્ઞાન હોતું નથી. સૂક્ષ્મ બુદ્ધિવાળા જીવોને એકલું જ્ઞાન શરણરૂપ નહીં થાય. પ્રચંડ બુદ્ધિના સ્વામી એવા પણ તેઓ અનુભવ વિના સંસારસમુદ્રના પારને નહીં પામે. માટે ગ્રંથકારે કહ્યું કે તેમનું શું થશે ? દુર્ગતિમાં પડતાં તેમનું રક્ષણ કોણ કરશે ? (૪)

अवतरणिका - द्वितीयवृत्ते विषयकषाया दुःखमिति प्रथमं तत्त्वं प्रतिपादितम् । अतः श्लोकयुग्मेन कषायविषयस्वरूपं प्रकटयति -

मूलम् - अपराधाक्षमा क्रोधो, मानो जात्याद्यहङ्कृतिः ।
लोभः पदार्थतृष्णा च, माया [१]कपटचेष्टितम् ॥५॥
[२]शब्दरूपरसस्पर्श-गन्धाश्च मृगतृष्णिकाः ।
दुःखयन्ति जनं सर्वं, सुखाभासविमोहितम् ॥६॥ ॥ युग्मम् ॥

अन्वयः - क्रोधोऽपराधाऽक्षमा, मानो जात्याद्यहङ्कृतिः, लोभः पदार्थतृष्णा, माया च कपटचेष्टितम्, शब्दरूपरसस्पर्शगन्धाश्च मृगतृष्णिकाः (-एते कषायविषयाः) सुखाभास-विमोहितं सर्वं जनं दुःखयन्ति ॥५॥६॥

पद्यीया वृत्तिः - क्रोधः - अमर्षरूपः, **अपराधाऽक्षमा** - न क्षमेत्यक्षमा-क्षमाऽ-भावः, अपराधानाम्-स्खलनानामक्षमेति अपराधाऽक्षमा, **मानः** - उत्कर्षरूपः, **जात्याद्यह-ङ्कृतिः** - जातिः-मातृसत्का आदौ येषां कुल-बलैश्वर्य-लाभ-रूप-तपः-श्रुतादीनामिति जात्यादयः, तेषामहङ्कृतिः-अहङ्कार इति जात्याद्यहङ्कृतिः, **लोभः** - असन्तोषः, **पदार्थतृष्णा** - पदार्थानां वस्तूनां तृष्णा-अभिलाषेति पदार्थतृष्णा, **माया** - निकृतिः, **च**शब्दः समुच्चये, **कपटचेष्टितम्** - कपटेन-वक्रतया चेष्टितम्-चेष्टाकरणमिति कपटचे-ष्टितम्, **शब्दरूपरसस्पर्शगन्धाः**-शब्दः-श्रोत्रेन्द्रियविषयः, रूपम्-चक्षुरिन्द्रियविषयः, रसः-रसनेन्द्रियविषयः, स्पर्शः-स्पर्शनेन्द्रियविषयः, गन्धः-घ्राणेन्द्रियविषयः, शब्दश्च रूपञ्च

અવતરણિકા - બીજા શ્લોકમાં કષાયો-વિષયો દુઃખરૂપ છે, એવું પહેલું તત્ત્વ બતાવ્યું. તેથી કષાયો-વિષયોના સ્વરૂપને પ્રગટ કરે છે -

શબ્દાર્થ - અપરાધની ક્ષમા ન કરવી તે ક્રોધ, જાતિ વગેરેનો અહંકાર તે માન, પદાર્થોની તૃષ્ણા તે લોભ, કપટપૂર્વકનું આચરણ તે માયા અને શબ્દ-રૂપ-રસ-સ્પર્શ-ગંધ ઝાંઝવાના નીર જેવા છે. આ કષાયો-વિષયો સુખના આભાસથી મોહિત થયેલા બધા લોકોને દુઃખી કરે છે. (૫,૬)

---

१. च वञ्चनात्मिका - C, H, ॥ २. D प्रतौ 'अपराधाक्षमा ... ॥५॥' इति श्लोकानन्तरं 'सर्वसङ्ग ... ॥३॥' इति श्लोक उपन्यस्तः, ततः 'शब्दरूप ... ॥६॥' इति श्लोक उपन्यस्तः ।

रसश्च स्पर्शश्च गन्धश्चेति शब्दरूपरसस्पर्शगन्धाः, **च**शब्दः समुच्चये, **मृगतृष्णिकाः** - जलभ्रमरूपाः, **'एते कषायविषया'** इत्यत्राध्याहार्यम्, **सुखाभासविमोहितम्** - यः सुखमिवाऽऽभासते स सुखाभासः, तेन विमोहितः-विवेकविहीनः कृत इति सुखाभासविमोहितः, तम्, **सर्वम्** - अशेषम्, **जनम्** - लोकम्, **दुःखयन्ति** - दुःखीकुर्वन्ति ।

क्रोधस्य स्वरूपमपराधानामक्षमा । जीवाः कर्मवशाः । ततस्ते ज्ञात्वाऽज्ञात्वा वाऽपराधान्कुर्वन्ति । तेषामपराधा न मनसि धर्त्तव्याः । तेषामपराधानां विस्मरणं क्षमा । तत्कृतापराधानां पुनः पुनः स्मरणेन तेष्वावेशोऽक्षमारूपः । स एव क्रोधः ।

जाति-लाभ-कुलैश्वर्य-बल-रूप-तपः-श्रुतानां योऽहङ्कारः स मानः । 'ममैव जात्यादयः श्रेष्ठाः, परेषां तु न तथा । अहमेव सर्वश्रेष्ठः, परे तु तुच्छाः । सर्वैर्मम सत्कारसन्मानौ कर्त्तव्यौ ।' एवमादिकं स्वोत्कर्षस्य परापकर्षस्य च यच्चिन्तनं तन्मानस्य स्वरूपम् ।

पदार्थानां तृष्णेति लोभस्य स्वरूपम् । अधिकाधिकप्राप्तिवाञ्छा तृष्णा । तृष्णाकुलितो न कदाचिदपि तृप्यति । तस्येच्छाऽऽकाशवदनन्ता भवति । तृष्णा पदार्थप्राप्त्यभिलाषरूपा ।

कपटपूर्विका या चेष्टा सा माया । मनस्यन्यथा चिन्तनं बहिश्चान्यथा चेष्टनं कपटम् ।

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - ગુનાઓને માફ ન કરવા એ ક્રોધનું સ્વરૂપ છે. જીવો કર્મને વશ છે. તેથી તેઓ જાણીને કે જાણ્યા વિના અપરાધો કરે છે. તેમના અપરાધો મનમાં ન ધરવા. તેમના અપરાધોને ભૂલી જવા તે ક્ષમા. તેમણે કરેલા અપરાધોને વારંવાર યાદ કરીને તેમની ઉપર આવેશ કરવો તે અક્ષમા. તે જ ક્રોધ છે.

જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ, શ્રુતનો જે અહંકાર તે માન. 'મારા જ જાતિ વગેરે શ્રેષ્ઠ છે, બીજાના તેવા નથી. હું જ સૌથી ચઢિયાતો છું. બીજા તો તુચ્છ છે. બધાએ મારા સત્કાર અને સન્માન કરવા જોઈએ.' આ પ્રકારનો જે પોતાની મોટાઈનો અને બીજાની હલકાઈનો વિચાર તે માન.

વસ્તુઓની તૃષ્ણા તે લોભ. વધુ ને વધુ મેળવવાની ઈચ્છા તે તૃષ્ણા. તૃષ્ણાવાળો મનુષ્ય ક્યારેય પણ તૃપ્ત થતો નથી. તેની ઈચ્છા આકાશની જેમ અનંત હોય છે. તૃષ્ણા એટલે પદાર્થોને મેળવવાની અભિલાષા.

કપટપૂર્વકની જે ચેષ્ટા તે માયા. મનમાં બીજું વિચારવું અને બહાર જૂદું આચરણ

स्वमनश्चिन्तितं पूरयितुं जनः कपटं करोति । कपटेन स मुग्धजनान् प्रतार्य स्वार्थं साधयति ।

इत्थं कषायाणां स्वरूपाणि प्रोक्तानि । कषायेषु सुखं नास्ति । तथापि जीवास्तान्सुख-रूपान्मत्वाऽऽसेवन्ते ।

अधुना विषयस्वरूपं दर्शयति -

मरुभूमौ जलरूपेण भासमाना दीप्ताः सीकता मृगतृष्णिका । तां दृष्ट्वा मरुभूमिवर्त्ति-मृगाणां मनसि जलभ्रमो भवति । सूर्यकिरणाः मरुभूमिस्थसिकतासु पतन्ति । ततस्ता दीप्यन्ते । दूरात्ता जलरूपा दृश्यन्ते । ता दृष्ट्वा तृषिता मृगा जलभ्रान्तास्तदभिमुखं धावन्ति । यदा ते तत्स्थानं प्राप्नुवन्ति तदा तत्र जलं न पश्यन्ति, परन्तु सिकता एव। ततस्तेऽग्रे पश्यन्ति । तत्र जलभ्रमदायका दीप्ताः सिकता दृश्यन्ते । ता दृष्ट्वा पुनर्जलभ्रान्त्या ते धावन्ति । तत्स्थाने प्राप्ते तत्र ते जलं न पश्यन्ति । परन्तु पुरो दीप्ताः सिकता जलभ्रान्त्या ते पश्यन्ति । ते पुनर्धावन्ति । एवंक्रमेण पुरः पुरो धावनेऽपि ते जलं नैव

કરવું તે કપટ. પોતાના મનમાં વિચારેલા વિચારને પૂરો કરવા લોકો કપટ કરે છે. કપટથી તેઓ ભોળા જીવોને ઠગીને સ્વાર્થને સાધે છે.

આમ કષાયોનું સ્વરૂપ કહ્યું. કષાયોમાં સુખ નથી, છતાં પણ જીવો તેમને સુખરૂપ માનીને સેવે છે.

હવે વિષયોનું સ્વરૂપ બતાવે છે -

ઝાંઝવાના નીર એટલે રણપ્રદેશમાં પાણી જેવી લાગતી ચળકતી રેતી. તેને જોઈને રણમાં રહેલા હરણોના મનમાં પાણીનો ભ્રમ થાય છે. સૂર્યના કિરણો રણપ્રદેશની રેતી ઉપર પડે છે. તેથી તે ચમકે છે. દૂરથી તે પાણી જેવી દેખાય છે. તે જોઈને તરસ્યા થયેલા હરણો પાણીનાં ભ્રમથી તેમની તરફ દોડે છે. જ્યારે તેઓ તે સ્થાને પહોંચે છે, ત્યારે ત્યાં પાણી દેખાતું નથી, પણ રેતી જ દેખાય છે. તેથી તેઓ આગળ જુવે છે. ત્યાં પાણીનો ભ્રમ કરાવનાર ચમકતી રેતી દેખાય છે. તે જોઈને ફરી પાણીના ભ્રમથી તેઓ દોડે છે. તે સ્થાને પહોંચે ત્યારે ત્યાં તેમને પાણી દેખાતું નથી, પણ આગળ ચમકતી રેતીને પાણીના ભ્રમથી તેઓ જુવે છે. ફરી તેઓ દોડે છે. આ ક્રમે આગળ ને આગળ દોડવા છતાં પણ તેમને પાણી નથી જ

लभन्ते, परन्त्वधिकं तृषिता भवन्ति । ततो जलं विना तृषयाऽतीव पीडिताः सन्तस्ते म्रियन्ते ।

शब्दादय इन्द्रियविषया मृगतृष्णिकातुल्या भवन्ति । शब्दादिषु सुखं मत्वा जीवास्तान्सेवन्ते । परन्तु तत्र ते सुखं न विन्दन्ति । पुनर्विषयास्तान्लोभयन्ति । पुनस्ते तान्सेवन्ते । परन्तु ते सुखं नैव प्राप्नुवन्ति, प्रत्युत तेऽधिकं दुःखपीडिता भवन्ति । ततस्तेऽधिकं सुखाभिलाषिणो भूत्वा पुनर्विषयान्सेवन्ते । एवंक्रमेण पुनः पुनर्विषयसेवनेऽपि ते सुखतृप्ता न भवन्ति, परन्त्वधिकाधिकं सुखतृषिता भवन्ति । ततोऽधिकाधिकान्पापान्कृत्वा ते दुर्गतौ प्रयान्ति । तत्र च तेऽनेकशो जन्ममरणानि प्राप्नुवन्ति । मृगतृष्णिका मृगान्सकृन्मारयति । विषयाऽऽसेवनेन जीवानामनेकमरणानि भवन्ति । मृगतृष्णिका केवलं जलवदाभासते, न तु जलं ददाति । एवं विषया अपि केवलं सुखरूपा आभासन्ते, न तु सुखं ददति । विषया विषादपि भयङ्कराः । उक्तञ्च - **'विषस्य विषयाणां च, दूरमत्यन्तमन्तरम् । उपभुक्तं विषं हन्ति, विषयाः स्मरणादपि ॥'** तथाऽन्यत्राप्युक्तम् - **'वरं विसं खइयं न विसयसुहं, इक्कसि विसिण मरंति । विसयामिस पुण घारिया, णर णरएहिं**

મળતું, પણ તેઓ વધુ તરસ્યા થાય છે. તેથી પાણી વિના તરસથી બહુ પીડાયેલા તેઓ મરણ પામે છે.

શબ્દ વગેરે ઇન્દ્રિયોના વિષયો ઝાંઝવાના નીર જેવા છે. શબ્દ વગેરેમાં સુખ માનીને જીવો તેમને સેવે છે. પણ તેમાં તેમને સુખ મળતું નથી. ફરી વિષયો તેમને લોભાવે છે, ફરી તેઓ તેમને સેવે છે. પણ તેમને સુખ નથી જ મળતું, પણ તેઓ દુઃખથી વધુ પીડાય છે. તેથી તેઓ સુખની વધુ અભિલાષાવાળા થઈને ફરી વિષયોને સેવે છે. આ રીતે વારંવાર વિષયોને સેવવા છતાં પણ તેઓ સુખથી તૃપ્ત થતાં નથી, પણ સુખ માટે વધુ ને વધુ તરસ્યા થાય છે. તેથી વધુ ને વધુ પાપ કરીને તેઓ દુર્ગતિમાં જાય છે અને ત્યાં અનેકવાર જન્મ-મરણ પામે છે. ઝાંઝવાના નીર હરણોને એકવાર મારે છે. વિષયોને સેવવાથી જીવોના અનેક મરણો થાય છે. ઝાંઝવાના નીર માત્ર જળ જેવા દેખાય છે, પાણી આપતાં નથી, એમ વિષયો પણ માત્ર સુખરૂપ દેખાય છે, સુખ આપતાં નથી. વિષયો વિષ કરતા પણ ભયંકર છે. કહ્યું છે કે - 'વિષ અને વિષયોમાં ઘણું અંતર છે. વિષ ખાવાથી હણે છે, વિષયો સ્મરણ કરવાથી પણ હણે છે.' બીજે પણ કહ્યું છે - 'ઝેર ખાવું સારું, પણ વિષયસુખ સારું

पडंति ॥' (**छाया** - वरं विषं जग्धं न विषयसुखं, सकृत् विषेण म्रियते । विषयामिषग्रस्ताः पुनः, नरा नरकेषु पतन्ति ॥)

कषाया विषयाश्च दुःखरूपाः सन्ति, परन्तु ते सुखरूपा आभासन्ते । ततो जीवा मोहिता भवन्ति । ते तान्वास्तविकसुखरूपान्मन्यन्ते । ततस्तत्प्राप्त्यर्थं ते भृशं प्रयतन्ते । परन्तु यथा यथा ते प्रयत्नान्कुर्वन्ति तथा तथा बाढं दुःखिता भवन्ति ।

इदमेव संसारस्य वैचित्र्यम् - **संसारे सुखलेशमपि नास्ति** । तथापि तत्प्रेप्सया प्राणिनो विविधं चेष्टन्ते । परन्तु तेऽधिकं दुःखिता भवन्ति ॥५॥ ॥६॥

अवतरणिका - तृतीयश्लोके सर्वसङ्गत्यागः सुखमिति द्वितीयं तत्त्वं प्रतिपादितम् । अतः सर्वसङ्गत्यागजं साम्यसुखं वर्णयति -

मूलम् - नोपेन्द्रस्य न चेन्द्रस्य, तत्सुखं नैव चक्रिणः ।
[१]साम्यामृतविनिर्मग्नो, योगी प्राप्नोति [२]यत्सुखम् ॥७॥

अन्वयः - साम्यामृतविनिर्मग्नो योगी यत्सुखं प्राप्नोति तत्सुखं नोपेन्द्रस्य न चेन्द्रस्य न चैव चक्रिणः (अस्ति) ॥७॥

નથી. વિષથી એકવાર મરે છે, વિષયરૂપી માંસથી મૂર્છિત મનુષ્યો નરકમાં પડે છે.'

કષાયો અને વિષયો દુઃખરૂપ છે, પણ તે સુખ જેવા લાગે છે. તેથી જીવો મોહ પામે છે. તેઓ તેમને સાચા સુખરૂપ માને છે. તેથી તેમને મેળવવા તેઓ બહુ મહેનત કરે છે. પણ જેમ જેમ તેઓ પ્રયત્નો કરે છે, તેમ તેમ તેઓ બહુ દુઃખી થાય છે.

આ જ સંસારની વિષમતા છે, **સંસારમાં જરાય સુખ નથી.** છતાં પણ તેને મેળવવાની ઇચ્છાથી જીવો વિવિધ પ્રકારની ચેષ્ટાઓ કરે છે. પણ તેઓ વધુ દુઃખી થાય છે. (૫,૬)

અવતરણિકા - ત્રીજા શ્લોકમાં 'સર્વ સંગનો ત્યાગ સુખરૂપ છે' એવું બીજું તત્ત્વ બતાવ્યું. તેથી સર્વસંગત્યાગથી થતાં સમતાના સુખનું વર્ણન કરે છે -

શબ્દાર્થ - સમતારૂપી અમૃતમાં ડૂબેલો યોગી જે સુખ પામે છે, તે સુખ વાસુદેવની પાસે નથી, ઇન્દ્રની પાસે નથી અને ચક્રવર્તીની પાસે નથી. (૭)

---

१. साम्यामृते विनिर्मग्नो - A। २. तत्सुखम् - F।

पद्मीया वृत्तिः - साम्यामृतविनिर्मग्नः - साम्यम्-समता, तदेव अमृतम्-सुधेति साम्यामृतम्, तत्र विशेषेण निर्मग्नः-सम्पूर्णतया प्लावित इति साम्यामृतविनिर्मग्नः, **योगी** - योगसमाराधकः, **यत्** - अवर्णनीयम्, **सुखम्** - आनन्दम्, **प्राप्नोति** - लभते, **तत्** - तादृशम्, **सुखम्** - आह्लादरूपम्, **न**शब्दो निषेधे, **उपेन्द्रस्य** - वासुदेवस्य, **न**शब्दो निषेधे, **इन्द्रस्य** - देवाधिपतेः, **न**शब्दो निषेधे, **च**शब्दः समुच्चये, **एव**शब्दः सर्वथा निषेधं द्योतयति, **चक्रिणः** - षट्खण्डाधिपतेः, **अस्ती**ति क्रियापदमत्राध्याहार्यम्।

योगी कषायविषयान्दुःखरूपान्मत्वा तान्परिहरति। स सर्वसङ्गत्यागं सुखरूपं मत्वा तं करोति। ततस्तस्य चित्ते रागद्वेषयोर्ह्रासो भवति। ततस्तच्चित्तं निर्मलं भवति। तत्र समता प्रादुर्भवति। समताऽमृततुल्या भवति। अमृतमेकस्मान्मरणान्मोचयति। समता तु मुक्तिं ददाति। ततश्च साद्यनन्तकालं यावत् मरणाभावो भवति। योगिनः समताऽमृतस्य केवलं स्पर्शनैव न भवति, परन्तु योगीनः सर्वप्रवृत्तिषु समता दृश्यते। तत इदमुक्तं -योगी समताऽमृते विनिर्मग्न इति। समतामृतविनिर्मग्नश्च योगी यमानन्दमनुभवति सोऽवर्णनीयः। तस्योपमा न विद्यते। स सांसारिकसुखातीतो भवति। कस्यचिदपि सांसारिकजन्तोस्तादृशं सुखं न विद्यते।

वासुदेवस्त्रयाणां खण्डानामधिपतिः। चक्रवर्त्यृद्धिसकाशात्तस्यर्द्धिरर्द्धप्रमाणा। तस्य सुखं योगिसुखतुल्यं नास्ति।

पद्मीयावृत्तिनो भावानुवाद - યોગી કષાયો-વિષયોને દુઃખરૂપ માનીને તેમને છોડી દે છે. તે સર્વ સંગોના ત્યાગને સુખરૂપ માનીને તેને કરે છે. તેથી તેના મનમાં રાગદ્વેષનો નાશ થાય છે. તેથી તેનું મન નિર્મળ થાય છે. તેમાં સમતા પ્રગટે છે. સમતા અમૃત જેવી છે. અમૃત એક મરણમાંથી છોડાવે છે. સમતા તો મોક્ષ આપે છે અને તેથી સાદિ અનંતકાળ સુધી મરણનો અભાવ થઈ જાય છે. યોગીને સમતારૂપી અમૃતની માત્ર સ્પર્શના જ નથી થતી પણ યોગીની બધી પ્રવૃત્તિઓમાં સમતા દેખાય છે. માટે એમ કહ્યું કે યોગી સમતારૂપી અમૃતમાં ડૂબેલ છે. સમતારૂપી અમૃતમાં ડૂબેલ યોગી જે આનંદને અનુભવે છે, તે અવર્ણનીય છે. તેની કોઈ ઉપમા નથી. તે સાંસારિક સુખને ઓળંગી ગયેલ હોય છે. કોઈપણ સંસારી જીવને તેવું સુખ હોતું નથી.

વાસુદેવ ત્રણ ખંડનો માલિક છે. ચક્રવર્તી કરતાં તેની ઋદ્ધિ અડધી હોય છે. તેનું સુખ યોગીના સુખની સમાન નથી.

चक्रवर्त्ती षण्णां खण्डानामधिपतिः । स षण्णवतिकोटिग्रामाणां चतुःषष्टिसहस्रस्त्रीणां चतुरशीतिलक्षगजाश्वरथपदातीनां स्वामी । तस्यर्द्धिर्विपुला । तथापि तस्य सुखं समतासुख-भोगिनो योगिनः सुखस्य तुल्यं नास्ति ।

इन्द्रो देवदेवीनामधिपतिः । सोऽनेकविमानानां स्वामी । स सामानिक-त्रायस्त्रिंश-लोकपाल-अनिक-सेनापति-पार्षद्य-आत्मरक्षक-प्रकीर्णकादिदेवानामाधिपत्यं करोति । सौधर्मेन्द्रस्याष्टावग्रमहिष्यः । एकैकाऽग्रमहिषी अष्टसहस्ररूपाणि विकुर्वति । इन्द्रोऽपि चतुःषष्टिसहस्ररूपाणि विकुर्व्य ताभिः सह प्रवीचारसुखमनुभवति । इन्द्रस्य शक्तिरचिन्त्या । तथापि तस्य सुखं समताभाजो योगिनः सुखस्य समानं नास्ति ।

इत्थं समताभृतो योगिनः सुखं सर्वं सांसारिकसुखमतिशेते । ततः सांसारिकं सुखं त्यक्त्वा समतासुखप्राप्त्यर्थमेव प्रयतनीयम् ।

समतया योगी सर्वकर्माणि क्षपयित्वा परमपदं प्राप्नोति । तत्र च साद्यनन्तं कालं

ચક્રવર્તી છ ખંડનો માલિક છે. તે ૯૬ કરોડ ગામ, ૬૪ હજાર સ્ત્રીઓ, ૮૪ લાખ હાથી, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ રથ, ૮૪ લાખ સૈનિકોનો સ્વામી છે. તેની ઋદ્ધિ ઘણી હોય છે, છતાં પણ તેનું સુખ સમતા સુખને ભોગવનારા યોગીના સુખની સમાન નથી.

ઈન્દ્ર દેવ-દેવીઓનો માલિક છે. તે અનેક વિમાનોનો માલિક છે. સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, સૈન્ય, સેનાપતિ, પર્ષદાના, આત્મરક્ષક, પ્રકીર્ણક વગેરે દેવોનો તે સ્વામી છે. સૌધર્મેન્દ્રની ૮ ઈન્દ્રાણીઓ હોય છે. એક-એક ઈન્દ્રાણી ૮૦૦૦ રૂપો વિકુર્વે છે. ઈન્દ્ર પણ ૬૪,૦૦૦ રૂપો વિકુર્વીને તેમની સાથે સંભોગના સુખને અનુભવે છે. ઈન્દ્રની શક્તિ અચિંત્ય છે. છતાં પણ તેનું સુખ સમતાવાળા યોગીના સુખની સમાન નથી.

આમ સમતાવાળા યોગીનું સુખ બધા સાંસારિક સુખો કરતાં ચઢિયાતું છે. તેથી સાંસારિક સુખને છોડીને સમતાસુખને મેળવવા જ પ્રયત્ન કરવો જોઈએ.

સમતાથી યોગી બધા કર્મોનો ક્ષય કરીને પરમપદ પામે છે. ત્યાં સાદિ અનંતકાળ

परमानन्दमनुभवति । उक्तञ्च **तत्त्वामृते** - **'समतां सर्वभूतेषु, यः करोति सुमानसः । ममत्वभावनिर्मुक्तो, यात्यसौ पदमव्ययम् ॥२१५॥'** ॥७॥

अवतरणिका - सप्तमश्लोके साम्यसुखस्य माहात्म्यं दर्शितम् । अधुना चतुर्भिः श्लोकैः साम्यसुखप्राप्त्युपायं दर्शयति -

मूलम् - रागोऽभीष्टेषु सर्वेषु, द्वेषोऽनिष्टेषु वस्तुषु ।
क्रोधः कृतापराधेषु, मानः परपराभवे ॥८॥
लोभः पदार्थसम्प्राप्तौ, माया च परवञ्चने ।
गते मृते तथा शोको, हर्षश्चागतजातयोः[१] ॥९॥
अरतिर्विषयग्रामे, [२]चाऽशुभे च शुभे रतिः ।
[३]चौरादिभ्यो भयं चैव, कुत्सा कुत्सितवस्तुषु ॥१०॥
वेदोदयश्च सम्भोगे, विलीयेत मुनेर्यदा ।
[४]अन्तःशुद्धिकरं साम्या-मृतमुज्जृम्भते तदा ॥११॥
॥ [५]चतुर्भिः [६]कलापकम् ॥

अन्वयः - यदा मुनेः सर्वेषु अभीष्टेषु (वस्तुषु) रागः, (सर्वेषु) अनिष्टेषु वस्तुषु द्वेषः, कृतापराधेषु क्रोधः, परपराभवे मानः, पदार्थसम्प्राप्तौ लोभः, परवञ्चने च माया, गते तथा मृते शोकः, आगतजातयोश्च हर्षः, अशुभे च विषयग्रामेऽरतिः, शुभे च

સુધી તે પરમ આનંદને અનુભવે છે. **તત્ત્વામૃત**માં કહ્યું છે, 'સારા મનવાળો, મમત્વ વિનાનો જે જીવ બધા જીવો ઉપર સમતા રાખે છે તે પરમપદને પામે છે. (૨૧૫)' (૭)

અવતરણિકા - સાતમા શ્લોકમાં સમતાસુખનું માહાત્મ્ય બતાવ્યું. હવે ચાર શ્લોકોમાં સમતાસુખને મેળવવાનો ઉપાય બતાવે છે -

શબ્દાર્થ - જ્યારે મુનિનો બધી ઈષ્ટ વસ્તુઓ ઉપરનો રાગ, બધી અનિષ્ટ વસ્તુઓ ઉપરનો દ્વેષ, અપરાધીઓ ઉપરનો ગુસ્સો, બીજાની હારમાં અભિમાન, વસ્તુની પ્રાપ્તિમાં લોભ, બીજાને ઠગવામાં માયા, ગયેલા અને મરેલા ઉપરનો શોક, આવેલા અને જન્મેલા ઉપરનો આનંદ, ખરાબ વિષયોમાં અણગમો, સારા વિષયોમાં

---

१. ..... नत ..... - L। २. वाऽशुभे - J, याऽशुभे-E । ३. वैरादिभ्यो - C। ४. अन्तःशुद्धकरं - H, ॥ ५. कलापकम् - L। ६. कुलकम् - D।

(विषयग्रामे) रतिः, चौरादिभ्यश्च भयं, कुत्सितवस्तुषु कुत्सैव, सम्भोगे च वेदोदयः, विलीयेत तदाऽन्तःशुद्धिकरं साम्यामृतमुज्जृम्भते ॥८॥ ॥९॥ ॥१०॥ ॥११॥

पद्मीया वृत्तिः - यदा - यस्मिन्काले, **मुनेः** - जगत्स्वरूपचिन्तकस्य, यदुक्तं **ज्ञानसारे मौनाष्टके - 'मन्यते यो जगत्तत्त्वं, स मुनिः प्रकीर्तितः... ॥१॥,' सर्वेषु** - अखिलेषु, **अभीष्टेषु** - प्रियेषु, **वस्तुष्वित्यत्रा**ऽऽहार्यम्, **रागः** - अभिष्वङ्गः, **सर्वेष्वित्यत्रापि** सम्बन्धनीयम्, **अनिष्टेषु** - अप्रियेषु, **वस्तुषु** - पदार्थेषु, **द्वेषः** - तिरस्कारः, **कृतापराधेषु** - कृताः-अनुष्ठिताः अपराधाः-आगांसि यैस्ते कृतापराधाः, तेषु, **क्रोधः** - अक्षमा, **परपराभवे** परस्य-स्वातिरिक्तस्य पराभवः पराजय इति परपराभवः, **मानः** - स्वोत्कर्षः, **पदार्थसम्प्राप्तौ** - पदार्थस्य-वस्तुनः सम्प्राप्तिः-लाभ इति पदार्थसम्प्राप्तिः, तस्यां, **लोभः** - तृष्णा, **परवञ्चने** - परेषां-स्वातिरिक्तानां वञ्चनम्-प्रतारणमिति परवञ्चनम्, तस्मिन्, **च**शब्दः समुच्चये, **माया** - कपटम्, **गते** - देशान्तरं प्राप्ते, **तथा**शब्दः समुच्चये, **मृते** - परभवं प्राप्ते, **शोकः** - दीनता, **आगतजातयोः** - आगतः-देशान्तरादत्र प्राप्तः, जातः-भवान्तरादत्र प्राप्तः, आगतश्च जातश्चेति आगतजातौ, तयोः, **च**शब्दः समुच्चये, **हर्षः** - प्रमोदः, **अशुभे** - अशोभने, **च**शब्दः समुच्चये, **विषयग्रामे** - विषयाणां-इन्द्रियार्थानां ग्रामः-समूह इति विषयग्रामः, तस्मिन्, **अरतिः** - अप्रीतिः, **शुभे** - शोभने, **च**शब्दः समुच्चये, **विषयग्रामे** इत्यत्राप्यनुवर्त्तनीयम्, **रतिः** - प्रीतिः, **चौरादिभ्यः** - चौरः-तस्कर आदौ येषां दायाद-वह्नि-शत्रु-राजादीनामिति चौरादयः, तेभ्यः, **च**शब्दः समुच्चये, **भयम्** - भीतिः, **कुत्सितवस्तुषु** - कुत्सितानि-जुगुप्सितानि च तानि वस्तूनि-पदार्थाश्चेति कुत्सितवस्तूनि, तेषु, **कुत्सा** - जुगुप्सा, **एव**शब्दः समुच्चयार्थः, **सम्भोगे** - मैथुने, **च**शब्दः समुच्चये, **वेदोदयः** - वेदानाम्-स्त्रीपुरुषनपुंसकवेदमोहनीयकर्मरूपाणामुदयः-विपाक इति वेदोदयः, **विलीयेत** - नश्येत्, **तदा** - कषायनोकषायक्षयकाले, **अन्तःशुद्धिकरम्** - अन्तः-चित्तस्य शुद्धिः-

---

પ્રીતિ, ચોર વગેરે થકી ભય, ખરાબ વસ્તુઓમાં દુર્ગંછા, સંભોગમાં વેદનો ઉદય નાશ પામે ત્યારે અંતઃકરણને શુદ્ધ કરનાર સમતામૃત પ્રગટે છે. (૮,૯,૧૦,૧૧)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - મુનિ એટલે જગતના સ્વરૂપને વિચારનાર.

निर्मलतेत्यन्तःशुद्धिः, तां करोतीति अन्तःशुद्धिकरम्, **साम्यामृतम्** - पूर्वोक्तस्वरूपम्, **उज्जृम्भते** - प्रादुर्भवति ।

यदा मुनेः कषायनोकषायाणां क्षयो भवति तदा तस्य चित्ते साम्यामृतं प्रकटीभवति । साम्यामृतं चेतो निर्मलीकरोति । कषायनोकषाया येषु विषयेषु भवन्ति तान्दर्शयति-सर्वेषु प्रियवस्तुषु रागो भवति । रागस्तु मानसप्रतिबन्धरूपः । यदा प्रियवस्तुषु रागो न भवति तदा साम्यामृतं प्रादुर्भवति । सर्वेष्वनिष्टवस्तुषु द्वेषो भवति । जनोऽनिष्टवस्तूनां विप्रयोगं काङ्क्षति । यदाऽनिष्टेवस्तुषु तिरस्कारो न भवति तदा साम्यामृतं प्रादुर्भवति । सर्वेऽपि पदार्थाः स्वस्वरूपेऽवस्थिताः । स्वरूपतो न कश्चिदपि पदार्थः सुन्दरोऽसुन्दरो वा । जनाः स्वमनोविकल्पानुसारेण पदार्थान्सुन्दरानसुन्दरान्वा कल्पयन्ति । ततस्ते सुन्दरपदार्थेषु रागं कुर्वन्त्यसुन्दरपदार्थेषु च द्वेषं कुर्वन्ति । यदा तत्त्वदृष्ट्या विचार्यते तदा सर्वेऽपि पदार्थाः समानरूपा भासन्ते । ततस्तेषु रागो द्वेषो वा न भवति । इत्थं साम्यमाविर्भवति ।

जना अपराधिनामपराधाँश्चिन्तयित्वा तेभ्यः क्रुध्यन्ति । अपराधस्तु जनानां कर्मणामेव ।

ज्ञानसारમાં **मौनाष्टक**માં કહ્યું છે - 'જે જગતના સ્વરૂપને વિચારે છે તે મુનિ કહેવાય છે.... (૧)'

જ્યારે મુનિના કષાયો-નોકષાયોનો ક્ષય થાય છે, ત્યારે તેના મનમાં સમતામૃત પ્રગટે છે. સમતામૃત ચિત્તને નિર્મળ કરે છે. કષાયો-નોકષાયો જે વિષયોમાં થાય છે, એ બતાવે છે - બધી પ્રિય વસ્તુઓમાં રાગ થાય છે. રાગ એટલે મનનો લગાવ. જ્યારે પ્રિય વસ્તુઓ ઉપર રાગ થતો નથી, ત્યારે સમતામૃત પ્રગટે છે. બધી અનિષ્ટ વસ્તુઓમાં દ્વેષ થાય છે. લોકો અનિષ્ટ વસ્તુઓને દૂર કરવા ઝંખે છે. જ્યારે અનિષ્ટ વસ્તુઓ ઉપર તિરસ્કાર થતો નથી ત્યારે સમતામૃત પ્રગટે છે. બધા ય પદાર્થો પોતાના સ્વરૂપમાં રહેલા છે. સ્વરૂપથી કોઈ પદાર્થ સારો કે ખરાબ નથી. લોકો પોતાના મનની વિચારણા અનુસાર પદાર્થોને સારા કે ખરાબ માને છે. પછી તેઓ સારા પદાર્થો ઉપર રાગ કરે છે અને ખરાબ પદાર્થો ઉપર દ્વેષ કરે છે. જ્યારે તત્ત્વદૃષ્ટિથી વિચારીએ ત્યારે બધાય પદાર્થો એક સરખા લાગે છે. તેથી તેમની ઉપર રાગ કે દ્વેષ થતાં નથી. આમ સમતા પ્રગટે છે.

લોકો અપરાધીઓના અપરાધોને વિચારીને તેમની ઉપર ગુસ્સો કરે છે. અપરાધ

अपराधिनस्तु निमित्तमात्राः सन्ति । ततः कर्मसु कोपः कर्त्तव्यो नाऽपराधिषु । कर्मवशवर्त्तिनोऽपराधिनोऽपराधान्कुर्वन्ति । ततस्तेषु दया कर्त्तव्या, न तु कोपः । उक्तञ्च **धर्मोपदेशश्लोकेषु** पूर्वमुनिपतिविरचितेषु - '**कोपं न कुर्यान्निर्वाण-मार्गलुण्टाकपोषकम् । ... ॥३७॥**' इत्थं यदाऽपराधिषु क्रोधो न भवति तदा साम्यं प्रादुर्भवति ।

जनाः परेषां पराजये स्वस्य च विजये हर्षमनुभवन्ति । अयं हर्षो मानरूपः । जनाः स्वात्मानं परेभ्योऽधिकं मन्यन्ते । तत एव तेषां मानो भवति । यदा परे जीवाः स्वात्मतुल्या भासन्ते तदा तेषां पराजये स्वस्यानन्दो न भवति, परन्तु तेषां विजये एव स्वात्माऽऽनन्दमनुभवति । इत्थं मानस्य निग्रहो भवति । यदा मानस्य क्षयो भवति तदा साम्यं प्रादुर्भवति ।

पदार्थसम्प्राप्तौ ग्रहणेच्छा भवति । सा लोभरूपा । पदार्थाः पुद्गलपरिणामरूपाः । परिवर्त्तनशीलेषु पदार्थेषु मूर्च्छाकरणेन किं प्रयोजनम् ? यदि मूर्च्छा क्रियते तर्हि पदार्थे नष्टे वियुक्ते वाऽऽर्त्तध्यानं भवति । ततः पदार्थेषु मूर्च्छा न कर्त्तव्या । यदा मूर्च्छाक्षयो

તો લોકોના કર્મોનો જ છે. અપરાધીઓ તો માત્ર નિમિત્ત છે. તેથી કર્મો ઉપર ગુસ્સો કરવો, અપરાધીઓ ઉપર નહીં. કર્મને વશ અપરાધીઓ અપરાધ કરે છે. તેથી તેમની ઉપર દયા કરવી, પણ ગુસ્સો ન કરવો. **પૂર્વાચાર્ય** રચિત **ધર્મોપદેશશ્લોકો**માં કહ્યું છે - 'મોક્ષમાર્ગના લૂટારાઓને પુષ્ટ કરનારો ગુસ્સો ન કરવો... (૩૭)' એમ જ્યારે અપરાધીઓ ઉપર ગુસ્સો થતો નથી, ત્યારે સમતા પ્રગટે છે.

લોકો બીજાની હારમાં અને પોતાના વિજયમાં આનંદ અનુભવે છે. આ આનંદ માનરૂપ છે. લોકો પોતાને બીજા કરતાં અધિક માને છે. તેથી જ તેમને અભિમાન આવે છે. જ્યારે બીજા જીવો પોતાની સમાન લાગે છે ત્યારે તેમની હારમાં પોતાને આનંદ થતો નથી, પણ તેમના વિજયમાં જ પોતાને આનંદ થાય છે. આમ માનનો નિગ્રહ થાય છે. જ્યારે માનનો ક્ષય થાય છે ત્યારે સમતા પ્રગટે છે.

પદાર્થની પ્રાપ્તિમાં મૂર્છા થાય છે, તે લોભરૂપ છે. પદાર્થો પુદ્ગલના પરિણામરૂપ છે. તેથી તેઓ સતત બદલાતા રહે છે. બદલાતા પદાર્થો ઉપર મૂર્છા કરવાથી શું ફાયદો ? જો મૂર્છા કરાય તો પદાર્થ નાશ પામે કે પદાર્થનો વિયોગ થાય ત્યારે

भवति तदा साम्यं प्रादुर्भवति ।

जनाः स्वप्रयोजनं साधयितुं परान्विप्रतारयन्ति । यदा परेऽप्यात्मतुल्या दृश्यन्ते तदा परान्वञ्चयितुं मनो नोत्सहते । इत्थं मायाया निग्रहो भवति । ततः साम्यमाविर्भवति ।

यदा प्रियजनोऽन्यत्र गच्छति म्रियते वा तदा मनसि विषादो भवति । यदा प्रियवस्तुनो वियोगो भवति तदाऽपि मनसि विषादो भवति । स शोकः । सर्वेऽपि संयोगा वियोगान्ताः । उक्तञ्च **संवेगरङ्गमालायाम्** - **'संजोगा सवियोगा ... ॥६८॥'** (**छाया** - संयोगाः सवियोगाः ... ॥६८॥) कश्चिदपि संयोगो न शाश्वतः । इत्थं विचिन्त्य गते मृते वा शोको न कर्त्तव्यः । यदा शोकक्षयो भवति तदा साम्यं प्रकटीभवति । उक्तञ्च **योगप्रदीपे** - **'गते शोको न यस्यास्ति, न च हर्षः समागते । शत्रुमित्रसमचित्तं, सामायिकमिहोच्यते ॥९२॥'**

यदा प्रियजनः कुतश्चिदागच्छति जायते वा तदा हर्षो भवति । यदा प्रियवस्तुनः

આર્ત્તધ્યાન થાય. માટે પદાર્થો ઉપર મૂર્ચ્છા ન કરવી. જ્યારે મૂર્ચ્છાનો ક્ષય થાય છે ત્યારે સમતા પ્રગટે છે.

લોકો પોતાના કાર્યને સિદ્ધ કરવા બીજાને ઠગે છે. જ્યારે બીજા પણ પોતાની સમાન દેખાય છે ત્યારે બીજાને ઠગવા મન તૈયાર થતું નથી. આમ માયાનો નિગ્રહ થાય છે. તેથી સમતા પ્રગટે છે.

જ્યારે પ્રિય વ્યક્તિ બીજે જાય છે કે મરી જાય છે ત્યારે મનમાં ખેદ થાય છે. જ્યારે પ્રિય વસ્તુનો વિયોગ થાય છે ત્યારે પણ મનમાં ખેદ થાય છે. તે શોક છે. બધાય સંયોગોને અંતે વિયોગ આવે છે. **સંવેગરંગમાલા**માં કહ્યું છે - 'સંયોગો વિયોગથી યુક્ત છે... (૬૮)' કોઈપણ સંયોગ શાશ્વત નથી. આમ વિચારીને ગયેલા કે મરેલાનો શોક ન કરવો. જ્યારે શોકનો ક્ષય થાય છે ત્યારે સમતા પ્રગટે છે. **યોગપ્રદીપ**માં કહ્યું છે - 'વસ્તુ જવા પર જેને શોક થતો નથી, વસ્તુ આવવા પર જેને હર્ષ થતો નથી, તે શત્રુ અને મિત્રને વિષે સમાન એવું ચિત્ત અહીં સામાયિક કહેવાય છે. (૯૨)'

જ્યારે પ્રિય વ્યક્તિ ક્યાંકથી આવે કે જન્મે ત્યારે હર્ષ થાય છે. જ્યારે પ્રિય

संयोगो भवति तदाऽपि हर्षो भवति। सन्ध्यासमये यथा वृक्षे शकुना मीलन्ति तथाऽस्मिञ्जन्मनि जीवानां संयोगो भवति। प्रातः शकुना दिशोदिशमुड्डयन्ते पुनश्च मीलन्ति नवा। एवं कालान्तरे प्रियजनेन सह वियोगोऽवश्यम्भावी। पुनश्च तेषां समागमः स्यात्र वा। उक्तञ्चात्मबोधकुलके श्रीनेमिचन्द्रसूरिभिः - **'जह संझाए सउणाणं, संगमो जह पहे य पहियाणं। सयणाणं संजोगो, तहेव खणभंगुरो जीव ! ॥८॥'** (छाया - यथा सन्ध्यायां शकुनानां, सङ्गमः यथा पथि च पथिकानाम्। स्वजनानां संयोगः, तथैव क्षणभङ्गुरः जीव ! ॥८॥) एवं चिन्तनेन हर्षो न कर्त्तव्यः। ततः साम्यमुज्जृम्भते।

अशुभेषु विषयेष्वप्रीतिर्जायते। तत्राऽपि पुद्गलपरिणामं विचिन्त्याऽरतिर्न कर्त्तव्या। यदाऽरतेर्विलयो भवति तदा समता प्रादुर्भवति।

शुभेषु विषयेषु रतिर्जायते। मृगः शब्देषु रतिं कृत्वा मृतिं लभते। शलभो रूपे रतिं कृत्वा मृतिं प्राप्नोति। भ्रमरो गन्धे रतिं कृत्वा मृतिमाप्नोति। मीनो रसे रतिं कृत्वा मृतिमासादयति। गजो स्पर्शे रतिं कृत्वा मृतिमश्नुते। एवमिन्द्रियार्थेषु रतिरनर्थप्रदा।

વસ્તુનો સંયોગ થાય છે ત્યારે પણ હર્ષ થાય છે. સાંજના સમયે જેમ ઝાડ ઉપર પક્ષીઓ ભેગા થાય છે, તેમ આ જન્મમાં જીવોનો સંયોગ થાય છે. સવારે પક્ષીઓ એક દિશામાંથી બીજી દિશામાં ઊડી જાય છે અને ફરી મળે કે ન પણ મળે. એ રીતે અમુક સમય પછી પ્રિયજનની સાથે અવશ્ય વિયોગ થવાનો છે. ફરીથી તેમનો સમાગમ થાય અથવા ન પણ થાય. **આત્મબોધકુલક**માં **શ્રીનેમિચન્દ્રસૂરિજી**એ કહ્યું છે - 'હે જીવ ! જેમ સાંજે થતો પક્ષીઓનો સંગમ ક્ષણભંગુર છે અને જેમ રસ્તામાં થતો મુસાફરોનો સંગમ ક્ષણભંગુર છે તેમ સ્વજનોનો સંયોગ ક્ષણભંગુર છે. (૮)' આમ વિચારીને હર્ષ ન કરવો, તેથી સમતા પ્રગટે છે.

ખરાબ વિષયોમાં અપ્રીતિ થાય છે. તેમાં પણ પુદ્ગલના પરિણામને વિચારીને અપ્રીતિ ન કરવી. જ્યારે અપ્રીતિનો નાશ થાય છે ત્યારે સમતા પ્રગટે છે.

સારા વિષયો ગમે છે. હરણ શબ્દોમાં પ્રીતિ કરીને મરણ પામે છે. પતંગિયુ રૂપમાં પ્રીતિ કરીને મરણ પામે છે. ભમરો ગંધમાં પ્રીતિ કરીને મરણ પામે છે. માછલી રસમાં પ્રીતિ કરીને મરણ પામે છે. હાથી સ્પર્શમાં પ્રીતિ કરીને મરણ પામે છે. એમ ઇન્દ્રિયના વિષયોની પ્રીતિ અનર્થ કરનારી છે. **જ્ઞાનસાર**માં કહ્યું છે - 'જો

उक्तञ्च **ज्ञानसारे** - '**पतङ्गभृङ्गमीनेभ-सारङ्गा यान्ति दुर्दशाम् । एकैकेन्द्रियदोषाच्चेद्, दुष्टैस्तैः किं न पञ्चभिः ॥७/७॥**' विषयाणामुपभोगः किम्पाकफलभोगतुल्यो भवति। स आपाते रम्यो भवति, परिणामे तु विरसो भवति । उक्तञ्च**आत्मबोधकुलके श्रीनेमिचन्द्र-सूरिभिः** - '**किंपाकफलसमाणा, विसया हालाहलोवमा पावा । मुहमहुरत्तणसारा, परिणामे दारुणसहावा ॥६॥**' (**छाया** - किम्पाकफलसमाना, विषया हालाहलोपमाः पापाः । मुखमधुरत्वसाराः, परिणामे दारुणस्वभावाः ॥६॥) **पञ्चलिङ्गीप्रकरणे**ऽप्युक्तं **श्रीजिनेश्वरसूरिभिः** - '**आवायसुंदरा वि हु भाविभवासंगकारणत्तणओ । विसया सप्पुरिसाणं सेविज्जंता वि दुहजणया ॥१५॥**' (**छाया** - आपातसुन्दरा अपि खलु भाविभवासङ्गकारणत्वात् । विषयाः सत्पुरुषाणां सेव्यमाना अपि दुःखजनकाः ॥१५॥) इत्थं विषयाणामनर्थकारित्वं विचिन्त्य तेषु रतिर्न कर्त्तव्या । ततः साम्यं विकसति ।

जीवा धनादिषु रज्यन्ति । ततस्ते धनाद्यपहारिभ्यो बिभ्यति । आत्मस्वरूपादन्यत्सर्वं परकीयम् । चौरादयः परकीयमेव ग्रहीतुं शक्नुवन्ति । आत्मनः स्वरूपभूतानि ज्ञान-दर्शन-चारित्रादीनि ते चोरयितुं न शक्नुवन्ति । जीवाः पदार्थान्स्वकीयान्मन्यन्ते । ततस्ते

પતંગિયા, ભમરા, માછલા, હાથી અને હરણ એક એક ઈન્દ્રિયના દોષથી દુર્દશા પામે છે તો દુષ્ટ એવા તે પાંચે વિષયોથી તો શું ન થાય ? (૭/૭)' વિષયોને ભોગવવા એ કિંપાકફળને ખાવા બરાબર છે. વિષયોનો ભોગવટો શરૂઆતમાં સારો લાગે છે. પણ તેનું પરિણામ ખરાબ હોય છે. **આત્મબોધકુલક**માં **શ્રીનેમિચન્દ્રસૂરિજી**એ કહ્યું છે - 'વિષ જેવા, પાપી, કિંપાકફળ સમાન વિષયો મુખમાં શરૂમાં મધુરપણાના સારવાળા છે અને પરિણામે ભયંકર સ્વભાવવાળા છે. (૬)' **પંચલિંગી પ્રકરણ**માં પણ **શ્રીજિનેશ્વરસૂરિજી**એ કહ્યું છે - 'શરૂઆતમાં સુંદર એવા પણ સેવાતા વિષયો ભાવિમાં સંસારના સંગનું કારણ હોવાથી સત્પુરુષો માટે દુઃખજનક છે. (૧૫)' આમ વિષયો અનર્થ કરનારા છે, એમ વિચારીને તેમની ઉપર પ્રીતિ ન કરવી. તેથી સમતાનો વિકાસ થાય છે.

જીવો ધન વગેરે ઉપર રાગ કરે છે. તેથી તેઓ ધન વગેરેને લઈ જનારાઓથી ડરે છે. પોતાના સ્વરૂપ સિવાયનું બધું પારકું છે. ચોર વગેરે જે પારકું છે, તે જ લઈ શકે છે. આત્માના સ્વરૂપ સમાન જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરેને તેઓ ચોરી શકતાં નથી. જીવો પદાર્થોને પોતાના માને છે. તેથી તેઓ તેમને લઈ જનારાઓથી ડરે

तदपहारिभ्यो बिभ्यति । आत्मनो यत् स्वकीयमस्ति तच्चौरादिभिर्न चोर्यते, यत्तैश्चोर्यते तन्न जीवानां स्वकीयम्, परन्तु परकीयम् । ततः परकीयवस्त्वपहारिभ्यश्चौरादिभ्यो न भेतव्यम्। यदा भयस्य क्षयो भवति तदा निर्भयं समतासुखमवाप्यते ।

जनाः कुत्सितवस्तूनि दृष्ट्वा जुगुप्सन्ते । इयं कुत्सा । स्वरूपतो वस्तु कुत्सितं नास्ति । जना एव तत्कुत्सितमिति विकल्पयन्ति । ततश्च ते तज्जुगुप्सन्ते । पुद्गलपरिणामेन कालान्तरे तदेव वस्तु सुन्दरं भवति । इत्थं विचिन्त्य कुत्सितवस्तुषु जुगुप्सा न कार्या। जुगुप्साक्षयेण समताया उदयो भवति ।

मोहोदयेन स्त्रीपुरुषोभयभोगेच्छा मनसि जायते । अयं वेदोदयः । पुरुषस्य स्त्रीभोगेच्छा पुरुषवेदः । स्त्रियाः पुरुषभोगेच्छा स्त्रीवेदः । उभयभोगेच्छा नपुंसकवेदः । शुद्धात्माऽवेद्यस्ति । कर्मवशवर्त्ती जीव एव पुरुष-स्त्री-नपुंसकत्वेन जायते । मोहोदयेन भोगेच्छा जायते । सम्भोगे न वास्तविकं सुखं, परन्तु काल्पनिकमेव । अत एव सप्रवीचारदेवेभ्योऽप्रवीचारदेवा

છે. આત્માનું જે પોતાનું છે, તે ચોર વગેરેથી ચોરાતું નથી. જે તેમના વડે ચોરાય છે, તે જીવોનું પોતાનું નથી, પણ પારકું છે. માટે પારકી વસ્તુને લઈ જનારા ચોર વગેરેથી ડરવું નહીં. જ્યારે ભયનો નાશ થાય છે, ત્યારે નિર્ભય એવું સમતાનું સુખ મળે છે.

લોકો ખરાબ વસ્તુઓ જોઈને જુગુપ્સા કરે છે. આ દુર્ગંછા છે. સ્વરૂપથી વસ્તુ ખરાબ નથી. લોકો જ તેને ખરાબ માને છે અને તેથી તેમની દુર્ગંછા કરે છે. પુદ્ગલો બદલાવાથી થોડા સમય બાદ તે જ વસ્તુ સુંદર થાય છે. આમ વિચારીને ખરાબ વસ્તુઓ ઉપર દુર્ગંછા ન કરવી. દુર્ગંછાના ક્ષયથી સમતાનો ઉદય થાય છે.

મોહના ઉદયથી મનમાં સ્ત્રી, પુરુષ કે બંનેને ભોગવવાની ઈચ્છા થાય છે. આ વેદનો ઉદય છે. પુરુષને થતી સ્ત્રીને ભોગવવાની ઈચ્છા તે પુરુષવેદ. સ્ત્રીને થતી પુરુષને ભોગવવાની ઈચ્છા તે સ્ત્રીવેદ. બંનેને ભોગવવાની ઈચ્છા તે નપુંસકવેદ. શુદ્ધ આત્મા અવેદી છે. કર્મને વશ રહેલ જીવ જ પુરુષ, સ્ત્રી, નપુંસક તરીકે ઉત્પન્ન થાય છે. મોહના ઉદયથી ભોગની ઈચ્છા થાય છે. સંભોગમાં સાચું સુખ નથી, પણ કલ્પેલું જ સુખ છે. માટે જ સંભોગ કરનાર દેવો કરતા સંભોગ નહીં કરનારા દેવો અનંતગુણ સુખી છે. **શ્રીબૃહત્સંગ્રહણી**માં કહ્યું છે - 'ત્યાર પછીના (અચ્યુત દેવલોક

अनन्तगुणसुखिनः । यदुक्तं **श्रीबृहत्सङ्ग्रहण्यां - 'ततो परं तु देवा, बोद्धव्वा हुंति अप्पवीयारा । सप्पविआरठिईणं, अनंतगुणसोक्खसंजुत्ता ॥१०२॥'** (**छाया** - ततः परं तु देवा, बोद्धव्या भवन्ति अप्रवीचाराः । सप्रवीचारस्थितीनामनन्तगुणसौख्यसंयुक्ताः ॥१०२॥) अस्य श्लोकस्य **श्रीमलयगिरिसूरिकृतवृत्तिरेवम्-'ततस्तस्मादच्युतदेवलोकात्परमूर्ध्वं ये देवास्तेऽप्रवीचाराः प्रवीचाररहिता बोद्धव्याः । ते च सप्रवीचारस्थितिभ्यः सकाशादनन्तगुणसौख्यसंयुक्ताः, प्रवीचारसुखादुपशमसुखस्याऽनन्तगुणत्वात् ॥१०२॥' श्रीसङ्ग्रहणीसूत्रेऽप्युक्तम् -'दो कप्प कायसेवी, दो दो दो फरिसरूवसद्देहिं । चउरो मणेणुवरिमा, अप्पवियारा अणंतसुहा ॥१२५॥'** (**छाया** - द्वौ कल्पौ कायसेविनौ, द्वौ द्वौ द्वौ स्पर्शरूपशब्दैः । चत्वारो मनसोपरितनाः, अप्रवीचारा अनन्तसुखाः ॥१२५॥) **श्रीदेवभद्रसूरिकृताया** अस्य श्लोकस्य वृत्तेर्लेश एवम् - **'एते च सर्वे यथोत्तरमनन्तगुणसुखभाजः, तथाहि-कायसेविभ्योऽनन्तगुणसुखाः स्पर्शसेविनस्तेभ्योऽनन्तसुखा रूपसेविनस्तेभ्योऽनन्तसुखाः शब्दसेविनस्तेभ्योऽनन्तसुखा**

પછીના) દેવો સંભોગ વિનાના હોય છે. તેઓ સંભોગમર્યાદાવાળા દેવો કરતાં અનંતગુણા સુખથી યુક્ત હોય છે. (૧૦૨)' આ શ્લોકની **શ્રીમલયગિરિસૂરિ** મહારાજે કરેલી **વૃત્તિ** આ પ્રમાણે છે - 'ત્યાર પછી એટલે કે અચ્યુત દેવલોક પછી ઉપર જે દેવો છે, તેઓ સંભોગ વિનાના જાણવા. તેઓ સંભોગમર્યાદાવાળા દેવો કરતા અનંતગુણ સુખથી યુક્ત છે, કેમકે સંભોગના સુખ કરતાં ઉપશમનું સુખ અનંતગણું છે. (૧૦૨)' **શ્રીસંગ્રહણીસૂત્રમાં** પણ કહ્યું છે - 'બે દેવલોકના દેવો કાયસેવી છે, બે-બે-બે દેવલોકના દેવો સ્પર્શ-રૂપ-શબ્દો વડે મૈથુન સેવનારા છે, ઉપરના ચાર દેવલોકના દેવો મનથી મૈથુન સેવનારા છે. અસંભોગી અનંત સુખવાળા છે. (૧૨૫)' **શ્રીદેવભદ્રસૂરિજીએ** કરેલી આ શ્લોકની **વૃત્તિ**નો અંશ આ પ્રમાણે છે - 'આ બધાય ઉત્તરોત્તર અનંતગુણ સુખવાળા છે. તે આ પ્રમાણે - કાયાથી મૈથુન સેવનારા કરતાં સ્પર્શથી મૈથુન સેવનારા અનંતગુણ સુખવાળા છે, તેમના કરતાં રૂપથી મૈથુન સેવનારા અનંતગુણ સુખવાળા છે, તેમના કરતાં શબ્દથી મૈથુન સેવનારા અનંતગુણ સુખવાળા છે, તેમના કરતાં મનથી મૈથુન સેવનારા અનંતગુણ સુખવાળા છે, તેમના કરતાં સંભોગ નહીં કરનારા અનંતગુણ સુખવાળા છે, કેમકે તેમનો મોહનો

मनःसेविनस्तेभ्योऽप्यनन्तसुखा अप्रवीचाराः, प्रतनुमोहोदयतया प्रशमसुखान्तर्लीनत्वात्।' श्रीसङ्ग्रहणीसूत्रे पुनरप्युक्तम् - **'जं च कामसुहं लोए, जं च दिव्वं महासुहं। वीअरायसुहस्सेयं णंत-भागंपि ण अग्घति ॥१२६॥'** (**छाया** - यत् च कामसुखं लोके, यत् च दिव्यं महासुखम्। वीतरागसुखस्यैतत् अनन्तभागमपि नार्घति ॥१२६॥) **प्रवचनसारोद्धारे**ऽप्युक्तम् - **'दो कायप्पवियारा कप्पा फरिसेण दोन्नि दो रूवे। सद्दे दो चउर मणे नत्थि वियारो उवरि यत्थी ॥१४३९॥ गेविज्जणुत्तरेसुं अप्पवियारा हवंति सव्वसुरा। सप्पवियारठिईणं अणंतगुणसोक्खसंजुत्ता ॥१४४०॥'** (**छाया** - द्वौ कायप्रवीचारौ कल्पौ स्पर्शेन द्वौ द्वौ रूपे। शब्दे द्वौ चत्वारो मनसि नास्ति वीचार उपरि च स्त्री ॥१४३९॥ ग्रैवेयकानुत्तरेषु अप्रवीचारा भवन्ति सर्वसुराः। सप्रवीचार-स्थितीनामनन्तगुणसौख्यसंयुक्ताः ॥१४४०॥ भोगसुखमनित्यं भयाकुलं पराधीनञ्च। प्रशमसुखं नित्यमभयं स्वाधीनञ्च। यदाह **प्रशमरतौ** - **'भोगसुखैः किमनित्यैर्भयबहुलैः काङ्क्षितैः परायत्तैः। नित्यमभयमात्मस्थं, प्रशमसुखं तत्र यतितव्यम् ॥१२२॥'** भोगसुखाद्वीतरागसुखमनन्तगुणम्। उक्तञ्च **प्रशमरतौ** - **'यत्सर्वविषयकाङ्क्षोद्भूतं**

ઉદય પાતળો હોવાથી તેઓ પ્રશમ સુખમાં લીન છે.' **શ્રીસંગ્રહણીસૂત્રમાં** ફરી પણ કહ્યું છે - 'લોકમાં જે કામસુખ છે અને જે દિવ્ય મહાસુખ છે, એ વીતરાગના સુખના અનંતમા ભાગને પણ યોગ્ય નથી. (૧૨૬)' **પ્રવચનસારોદ્ધાર**માં પણ કહ્યું છે - 'બે દેવલોકના દેવો કાયાથી મૈથુન સેવનારા છે. બે દેવલોકના દેવો સ્પર્શથી મૈથુન સેવનારા છે. બે દેવલોકના દેવો રૂપથી મૈથુન સેવનારા છે. બે દેવલોકના દેવો શબ્દથી મૈથુન સેવનારા છે. ચાર દેવલોકના દેવો મનથી મૈથુન સેવનારા છે. ઉપરના દેવલોકમાં મૈથુન અને દેવીઓ નથી. ગ્રૈવેયક અને અનુત્તરમાં બધા દેવો મૈથુન નહીં સેવનારા અને મૈથુનની મર્યાદાવાળા દેવો કરતા અનંતગુણ સુખવાળા છે. (૧૪૩૯,૧૪૪૦)' ભોગનું સુખ અનિત્ય છે, ભયવાળુ છે અને પરાધીન છે. પ્રશમસુખ નિત્ય છે, ભય વિનાનું છે અને સ્વાધીન છે. **પ્રશમરતિ**માં કહ્યું છે - 'અનિત્ય, ભયની બહુલતાવાળા અને પરાધીન એવા ભોગસુખોથી શું ફાયદો ? પ્રશમસુખ નિત્ય, ભયરહિત અને આત્મામાં રહેલું છે. ત્યાં યત્ન કરવો. (૧૨૨)' ભોગના સુખ કરતા વીતરાગનું સુખ અનંતગુણ છે. **પ્રશમરતિ**માં કહ્યું છે - 'બધા વિષયોની ઇચ્છાથી ઉત્પન્ન થયેલું જે સુખ સરાગીને મળે છે તેના કરતા અનંતગણું

सुखं प्राप्यते सरागेण । तदनन्तकोटिगुणितं, मुधैव लभते वीतरागः ॥१२४॥' सम्भोगेन तृप्तिर्न भवति, परन्तु तृष्णा वर्धते । ततः स दुःखरूप एव । अतो भोगेच्छारूपो वेदोदयस्त्याज्यः । यदा वेदानां क्षयो भवति तदा समताया उद्गमो भवति ।

मोहोदयो मुनेः समतां प्रतिबध्नाति । राग-द्वेष-कषाय-नोकषाया मोहोदयरूपाः । अतो यदा तेषां क्षयो भवति तदा मुनेः समता सर्वथा विजृम्भते ।

अयमत्रोपदेशः-यद्यात्मनि समतोदयोऽभिलष्यते तर्हि राग-द्वेष-कषाय-नोकषायाणां क्षयः कार्यः ॥८॥ ॥९॥ ॥१०॥ ॥११॥

अवतरणिका - रागादीनां नाशे समतासुखं प्राप्यते इत्युक्तम् । अधुना रागादिभिः कृतमपायं दर्शयति -

मूलम् - एतेषु येन केनाऽपि, कृष्णसर्पेण देहिनः ।
दष्टस्य नश्यति क्षिप्रं, विवेकवरजीवितम् ॥१२॥

अन्वयः - एतेषु येन केनाऽपि कृष्णसर्पेण दष्टस्य देहिनो विवेकवरजीवितं क्षिप्रं नश्यति ॥१२॥

સુખ વીતરાગને પ્રયત્ન વિના મળે છે. (૧૨૪)' સંભોગથી તૃપ્તિ થતી નથી, પણ તૃષ્ણા વધે છે. તેથી તે દુઃખરૂપ જ છે. માટે ભોગની ઇચ્છારૂપી વેદનો ઉદય ત્યજવો. જ્યારે વેદોનો ક્ષય થાય છે, ત્યારે સમતાનો જન્મ થાય છે.

મોહનો ઉદય મુનિની સમતાને અટકાવે છે. રાગ-દ્વેષ-કષાયો-નોકષાયો મોહના ઉદયરૂપ છે. માટે જ્યારે તેમનો ક્ષય થાય છે, ત્યારે મુનિની સમતા પૂરબહારમાં ખીલી ઊઠે છે.

અહીં ઉપદેશ આ પ્રમાણે છે - જો આત્મામાં સમતાના ઉદયને ઇચ્છતા હો તો રાગ-દ્વેષ-કષાયો-નોકષાયોનો ક્ષય કરવો. (૮,૯,૧૦,૧૧)

અવતરણિકા - રાગ વગેરેનો નાશ થવા પર સમતાસુખ મળે છે એમ કહ્યું. હવે રાગ વગેરેથી કરાયેલું નુકસાન બતાવે છે -

શબ્દાર્થ - આ (કષાય-નોકષાય)માંથી કોઈ પણ કાળા સર્પ વડે ડંખાયેલ જીવનું વિવેકરૂપી શ્રેષ્ઠ જીવન જલ્દીથી નાશ પામે છે. (૧૨)

पद्धीया वृत्तिः - **एतेषु** - पूर्वश्लोकचतुष्कोक्तेभ्यो दोषेभ्यः, **येन केन** - अन्यतरेण, **अपि**शब्दः सर्वैर्दोषैर्विवेको नश्यत्येव, अन्यतरेणाऽपि दोषेण विवेको नश्यतीति द्योतयति, **कृष्णसर्पेण** - कृष्णः-कालवर्णः, सर्पः-उरगः, कृष्णश्चासौ सर्पश्चेति कृष्णसर्पः, तेन, महानर्थकारिकृष्णसर्पतुल्यदोषेणेत्यर्थः, **दष्टस्य** - दुष्टस्य, **देहिनः** - जीवस्य, **विवेकवरजीवितम्** - विवेकः-तत्त्वातत्त्वयोर्भेद एव वरम्-उत्तमं जीवितम्-जीवनमिति विवेकवरजीवितम्, **क्षिप्रम्** - झटिति, **नश्यति** - विलुप्यति ।

सर्पा द्विविधाः-विषयुक्ता विषविहीनाश्च । विषयुक्ताः सर्पा यान्दशन्ति तेषु तद्विषं सङ्क्रामति । ततस्तेषां जीवितं नश्यति । विषयुक्तसर्पेष्वपि कृष्णसर्पस्य विषं तु तीव्रम् । तत् तत्कालं मारयति । पूर्वश्लोकचतुष्टयोक्ता दोषाः कृष्णसर्पतुल्याः सन्ति । तेभ्योऽन्यतरेणाऽपि दोषेण दुष्टस्य जीवस्य विवेको नश्यति । ततः सोऽतत्त्वं तत्त्वं मन्यते, तत्त्वं चाऽतत्त्वं मन्यते । जीवितं द्विविधम्-द्रव्यजीवितं भावजीवितञ्च । द्रव्यजीवितं पञ्चेन्द्रियत्रिबलोच्छ्वासायूरूपदशविधप्राणाः । उक्तञ्च **जीवविचारे - दसहा जियाण पाणा, इंदिय-ऊसास-आउ-बलरूवा । ... ॥४२॥'** (**छाया** - दशधा जीवानां प्राणा, इन्द्रिय-उच्छ्वास-आयुर्बलरूपाः । ... ॥४२॥) भावजीवितं विवेकः । द्रव्यजीवितापेक्षयोतमत्वाद् भावजीवितमेव वरजीवितम् । विवेकेन जीवः स्वहिताहितं पश्यति । ततः स हितं समाचर्य स्वशुद्धस्वरूपं प्राप्नोति । विवेकविहीनो नरः स्वस्वरूपं विस्मरति । स

પદ્ધીયાવૃત્તિનો ભાવાનુવાદ - સર્પો બે પ્રકારના હોય છે - વિષયુક્ત અને વિષરહિત. વિષયુક્ત સર્પો જેમને ડંખે છે, તેમનામાં તેમનું ઝેર ઊતરે છે. તેથી તેમનું જીવન નાશ પામે છે. વિષયુક્ત સર્પોમાં પણ કાળા સર્પનું ઝેર તો તીવ્ર હોય છે. તે તરત મારે છે. પૂર્વેના ચાર શ્લોકોમાં કહેલા દોષો કાળા સર્પ જેવા છે. તેમાંથી કોઈ એક પણ દોષથી દુષ્ટ થયેલા જીવનો વિવેક નાશ પામે છે. તેથી તે અતત્ત્વને તત્ત્વ માને છે અને તત્ત્વને અતત્ત્વ માને છે. જીવન બે પ્રકારનું છે - દ્રવ્યજીવન અને ભાવજીવન. પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય રૂપી દશ પ્રકારના પ્રાણ એ દ્રવ્યજીવન છે. **જીવવિચાર**માં કહ્યું છે - 'જીવોના પ્રાણો દશ પ્રકારના છે - ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય અને બળ. ... (૪૨)' વિવેક એ ભાવજીવન છે. દ્રવ્યજીવનની અપેક્ષાએ ઉત્તમ હોવાથી ભાવજીવન જ શ્રેષ્ઠ જીવન છે. વિવેકથી જીવ પોતાના હિતને અને અહિતને જુવે છે. પછી તે હિતને

विभावमेव स्वभावं मन्यते । तस्य गुणा अपगच्छन्ति । तस्मिन् दोषा आगच्छन्ति । ततः स स्वरूपाच्च्यवते । अतो विवेक एव वरजीवितम् । रागादिभिः कलङ्कितस्य जीवस्य विवेको नश्यति । द्रव्यजीवितनाशेन सकृन्मृत्युर्भवति । विवेकनाशेनाऽनेकशो मरणानि भवन्ति । रागादिभ्योऽन्यतरेणापि विवेको नश्यति । रागादिभिः सर्वैर्दुष्टस्य संसारिजीवस्य तु किं वाच्यम् ?

अयमत्र तात्पर्यार्थः-कृष्णसर्पाज्जना बिभ्यति । ते तं हन्तुमुद्यता भवन्ति । एवं साधकेन रागादिभिर्भेतव्यम् । तेन तद्धननायोद्यतेन भाव्यम् ॥१२॥

अवतरणिका - रागादयो विवेकं नाशयन्ति । अत उत्पद्यमाना एव ते निवारणीया इत्युपदेशं ददाति -

मूलम् - [१]दुर्विजेया दुरुच्छेद्या, [२]एतेऽभ्यन्तरवैरिणः ।
उत्तिष्ठमाना [३]एवातो, [४]रक्षणीयाः प्रयत्नतः ॥१३॥

આચરીને પોતાના શુદ્ધ સ્વરૂપને પામે છે. વિવેક વિનાનો મનુષ્ય પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. તે વિભાવને જ સ્વભાવ માને છે. તેના ગુણો ચાલ્યા જાય છે. તેનામાં દોષો આવે છે. તેથી તે પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે. માટે વિવેક એ જ શ્રેષ્ઠ જીવન છે. રાગ વગેરેથી કલંકિત જીવનો વિવેક નાશ પામે છે. દ્રવ્યજીવનના નાશથી એકવાર મરણ થાય છે. વિવેકનો નાશ થવાથી અનેકવાર મરણો થાય છે. રાગ વગેરેમાંથી કોઈ એકથી પણ વિવેક નાશ પામે છે. રાગ વગેરે બધાથી દુષ્ટ એવા સંસારી જીવ માટે તો શું કહેવું ?

અહીં કહેવાનું તાત્પર્ય આવું છે - કાળા સર્પથી લોકો ડરે છે. તેઓ તેને હણવા તૈયાર થઈ જાય છે. એ રીતે સાધકે રાગ વગેરે દોષોથી ડરવું જોઈએ. તેણે તેમને હણવા માટે તૈયાર થવું જોઈએ. (૧૨)

અવતરણિકા - રાગ વગેરે દોષો વિવેકનો નાશ કરે છે. માટે 'ઉત્પન્ન થતાં જ તેમને નિવારવા' - એવો ઉપદેશ આપે છે -

---

१. दुर्विज्ञेया - C, H, ॥ २. एते ह्यान्तरवर्त्तिनः - C, H, ॥ एधन्तेऽभ्यन्तरद्विषः - D। ३. एवैते - C, H। ४. हिंसनीयाः - M।

अन्वयः - एतेऽभ्यन्तरवैरिणो दुर्विजेया दुरुच्छेद्याः, अत उत्तिष्ठमाना एव प्रयत्नतः रक्षणीयाः ॥१२॥

पद्मीया वृत्तिः - एते - अष्टमादिचतुःश्लोकोक्ताः, **अभ्यन्तरवैरिणः** - अभ्यन्तराः-आत्मसम्बन्धिन आत्मनि वा विद्यमानाः, वैरिणः-अरयः, अभ्यन्तराश्च ते वैरिणश्चेति अभ्यन्तरवैरिणः, **दुर्विजेया** - दुःखेन-कृच्छ्रेण विजेतुं पराभवितुं योग्या इति दुर्विजेयाः, **दुरुच्छेद्याः** - दुःखेन-कृच्छ्रेण उच्छेत्तुं-नाशयितुं योग्या इति दुरुच्छेद्याः, **अतः** - अस्मात्कारणात्, **उत्तिष्ठमानाः** - प्रादुर्भवन्तः, **एव**शब्दः पश्चात्कालभाविरक्षणं व्यवच्छिनत्ति, **प्रयत्नतः**-उद्यमेन, **रक्षणीयाः** - निवारणीयाः ।

शत्रवो द्विविधाः-बाह्या आन्तराश्च । बाह्यशत्रवो धन-धान्य-परिवार-गृह-राज्यादिकम-पहरन्ति । आन्तरशत्रव आत्मनो गुणानपहरन्ति । धनाद्यपगमेनाऽऽत्मनो न किमपि क्षूयते । गुणापगमेनाऽऽत्मा भावरोरो जायते । ततः स दुर्गतौ बम्भ्रमीति । बाह्यशत्रवः शस्त्रादिभिर्निहन्यन्ते । आन्तरशत्रवः प्रबलमनोऽवष्टम्भेनैव हन्तव्याः । मनसो दाढ्यं न सुकरम्, यतो मनो दोषैः कुसंस्कारैश्च वासितमस्ति । आन्तरशत्रवो लब्धिरूपेणाऽऽत्मन्य-नादिकालादवतिष्ठन्ते । गच्छता कालेन तेऽधिकबला भवन्ति । लोकेऽपि भाटकगृहे

शब्दार्थ - આ અંદરના દુશ્મનો દુઃખેથી જિતાય એવા છે અને દુઃખેથી નાશ થાય એવા છે. માટે તેઓ પ્રગટ થાય ત્યારે જ પ્રયત્નપૂર્વક તેમને નિવારવા. (૧૭)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - શત્રુઓ બે પ્રકારના છે - બહારના અને અંદરના. બાહ્ય શત્રુઓ ધન-અનાજ-પુત્ર-ઘર-રાજ્ય વગેરેને લઈ લે છે. અંદરના દુશ્મનો આત્માના ગુણોનું અપહરણ કરે છે. ધન વગેરે ચાલ્યા જાય તો આત્માનું કંઈ પણ બગડતું નથી. ગુણો ચાલ્યાં જાય તો આત્મા ભાવથી ભિખારી બની જાય છે. પછી તે દુર્ગતિમાં વારંવાર ભટકે છે. બાહ્ય શત્રુઓ શસ્ત્રો વગેરેથી હણાય છે. અંદરના શત્રુઓને મનની દૃઢતાથી જ હણવાના છે. મનની દૃઢતા સહેલી નથી, કેમકે મન દોષો અને કુસંસ્કારોથી વાસિત છે. અંદરના દુશ્મનો લબ્ધિરૂપે આત્માની ઉપર અનાદિકાળથી રહેલા છે. જેમ જેમ કાળ પસાર થાય છે, તેમ તેમ તેઓ વધુ બળવાન બને છે. લોકમાં પણ ભાડાના ઘરમાં લાંબા સમયથી રહેનારો માણસ

चिरान्निवसमानो जनो दुःखेन निष्काश्यते । अत आन्तरशत्रूणां नाशो दुःखेन भवति । तत उपयोगरूपेणोत्पद्यमाना एव ते समूलमुच्छेद्याः । यदाऽऽन्तरशत्रूणामुद्गम आत्मनि भवति तदा तेषां बलं मन्दं भवति । शनैः शनैस्तेषां बलं वर्धते । वृद्धबलाश्च ते दुरुच्छेद्या भवन्ति । अतस्तेषामुद्गमसमये एव ते निहन्तव्याः । तदा ते सुविजेयाः सूच्छेद्याश्च भवन्ति । एषां दोषाणां प्रारम्भः कदा भवति तन्न ज्ञायते । ततः सदा सावधानैर्भवितव्यम् । तथा प्रयतनीयं यथैतेषां दोषाणामुद्गम एव न भवेत् । कदाचिदुद्गच्छन्तोऽपि ते सोपयोगं ज्ञातव्याः । तेषां हननार्थं प्रबलः पुरुषार्थः कर्त्तव्यः । ततस्ते तदैव निवारयितव्याः ।

इदमत्र हृदयम्-**दोषाणां प्रारम्भसमये एव ते निवारणीयाः, पश्चात्तु ते प्रबला भवन्ति ॥१३॥**

अवतरणिका - त्रयोदशे वृत्ते आन्तरशत्रुहिंसनोपदेशो दत्तः । तत्र आन्तरशत्रुभिः सह युद्धे आत्मनो जये पराजये वा यद्भवति तद्दर्शयति -

---

મુશ્કેલીથી બહાર કઢાય છે. માટે અંદરના દુશ્મનોનો નાશ મુશ્કેલીથી થાય છે. તેથી ઉપયોગરૂપે ઉત્પન્ન થતાં જ તેમનો મૂળમાંથી નાશ કરવો. જ્યારે આત્મામાં અંદરના દુશ્મનો પેદા થાય છે, ત્યારે તેમનું બળ ઓછું હોય છે. ધીમે ધીમે તેમનું બળ વધે છે. બળ વધ્યા પછી તેમનો નાશ મુશ્કેલીથી થાય છે. માટે તેઓ પેદા થાય ત્યારે જ તેમને હણવા. ત્યારે તેઓ સહેલાઈથી જીતી શકાય છે અને તેમનો નાશ સહેલાઈથી થઈ શકે છે. આ દોષોની શરૂઆત ક્યારે થાય છે, તેની ખબર પડતી નથી. માટે હંમેશા સાવધાન રહેવું. તે રીતે પ્રયત્ન કરવો કે જેથી આ દોષો પેદા જ ન થાય. કદાચ પેદા થાય તો પણ ધ્યાન દઈને તેમને ઓળખવા. તેમને હણવા પ્રબળ પુરુષાર્થ કરવો. તેથી તેમને ત્યારે જ નિવારવા.

અહીં કહેવાનો ભાવ આવો છે - **દોષોની શરૂઆતમાં જ તેમને નિવારવા. પછી તો તેઓ બળવાન બની જાય છે.** (૧૩)

અવતરણિકા - તેરમા શ્લોકમાં અંદરના દુશ્મનોને નિવારવાનો ઉપદેશ આપ્યો. ત્યાં અંદરના દુશ્મનોની સાથેના યુદ્ધમાં આત્માની જીત થાય કે હાર થાય ત્યારે જે થાય છે તે બતાવે છે -

मूलम् - यद्यात्मा निर्जितोऽमीभि-स्ततो दुःखागमो [१]महान् ।
यद्यात्मना जिता एते, महान् [२]सौख्यागमस्तदा ॥१४॥

अन्वयः - यदि अमीभिरात्मा निर्जितस्ततो महान् दुःखागमः (स्यात्), यदि आत्मनैते जितास्तदा महान् सौख्यागमः (स्यात्) ॥१४॥

पद्मीया वृत्तिः - **यदि**शब्दो अभ्युपगमे, **अमीभिः** - आन्तरशत्रुभिः, **आत्मा** - जीवः, **निर्जितः** - पराजितः, **ततः** - तर्हि, **महान्** - दीर्घकालभावी तीव्रतरो वा, **दुःखागमः** - दुःखस्य-असातस्याऽऽगमः-प्राप्तिरिति दुःखागमः, **स्यादि**त्यत्राध्याहार्यम्, **यदि**शब्दः सम्भावने, **आत्मना** - जीवेन, **एते** - अभ्यन्तरारयः, **जिताः** - पराभूताः, **तदा** - तर्हि, **महान्** - चिरकालभावी विपुलो वा, **सौख्यागमः** - सुखस्य-सातस्य भाव इति सौख्यम्, तस्याऽऽगमः-लाभ इति सौख्यागमः, **स्यादि**त्यत्राऽध्याहार्यम् ।

युद्धं द्विविधम्-बाह्यमान्तरञ्च । बाह्यशत्रुभिः सह बाह्यं युद्धं भवत्यान्तरशत्रुभिः सहाऽऽन्तरं युद्धं भवति । बाह्ययुद्धेन धनराज्यादिकं लभ्यते । आन्तरयुद्धेनाऽऽत्मनो गुणाः प्राप्यन्ते । धनादिकमशाश्वतम्, गुणास्तु शाश्वताः । अतोऽशाश्वतधनादिप्रापकं बाह्यं युद्धं परित्यज्य शाश्वतगुणप्रापकमान्तरमेव युद्धं करणीयम् । य आत्मानं जयति स त्रिभुवनमपि जयति । य आत्मानं न जयति स त्रिभुवनस्य दासो भवति । उक्तञ्च

शब्दार्थ - જો આમના (આત્માના અંદરના દુશ્મનો) વડે આત્મા જીતાયો તો ઘણું દુઃખ આવે છે. જો આત્માએ એમને (આત્માના અંદરના દુશ્મનોને) જીત્યા તો ઘણું સુખ આવે છે. (૧૪)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - યુદ્ધ બે પ્રકારનું છે - બહારનું અને અંદરનું. બહારના દુશ્મનોની સાથે બહારનું યુદ્ધ થાય છે, અંદરના દુશ્મનોની સાથે અંદરનું યુદ્ધ થાય છે. બહારના યુદ્ધથી ધન-રાજ્ય વગેરે મળે છે. અંદરના યુદ્ધથી આત્માના ગુણો મળે છે. ધન વગેરે શાશ્વત નથી. ગુણો તો શાશ્વત છે. માટે અશાશ્વત એવા ધન વગેરેને મેળવી આપનાર બહારના યુદ્ધને છોડીને શાશ્વત ગુણો આપનારું એવું અંદરનું જ યુદ્ધ કરવું. જે આત્માને જીતે છે તે ત્રિભુવનને પણ જીતે છે. જે આત્માને

---

१. भवेत् - A, F, LI २. सौख्यागमस्ततः - C, D, H, I, KI

वैराग्यरङ्गकुलके - 'अप्पाणं अप्पवसे कुणंति जे तेसिं तिजयमवि वसयं । जेसिं न वसो अप्पा ते हुंति वसे तिहुअणस्स ॥२३॥ जेण जिओ निअअप्पा दुग्गइदुक्खाइं तेण जिणिआइं । जेणप्पा नेव जिओ सो उ जिओ दुग्गइदुहेहि ॥२४॥' (**छाया** - आत्मानमात्मवशे कुर्वन्ति ये तेषां त्रिजगदपि वशगम् । येषां न वशः आत्मा ते भवन्ति वशे त्रिभुवनस्य ॥२३॥ येन जितो निजात्मा दुर्गतिदुःखानि तेन जितानि । येनाऽऽत्मा नैव जितः स तु जितो दुर्गतिदुःखैः ॥२४॥) **तत्त्वामृतेऽप्युक्तम् - 'आत्मा यस्य वशे नास्ति, कुतस्तस्य परो जनः । आत्माधीनस्य शान्तस्य, त्रैलोक्यं वशवर्त्ति च ॥३०४॥'**

आन्तरशत्रवो जीवानां गुणान्लुण्टन्ति । ततस्तत्पुनःप्राप्त्यर्थं तैः सह युद्धं करणीयम् । इदं जीवनं युद्धायैव । उक्तञ्चागमे - **'जुद्धारिहं खलु जीवियं ।'** (**छाया** - युद्धार्हं खलु जीवितम् ।) आन्तरयुद्धे यद्यात्मा स्वपौरुषं न स्फोरयति तर्हि तस्य पराजयो भवति । आन्तरयुद्धे यद्यात्मनः पराजयो भवत्यान्तरशत्रूणाञ्च विजयो भवति तर्ह्यात्मा स्वरूपाद्भ्रश्यति । ततः स संसाराटवीं प्रविश्य दीर्घकालं घोरदुःखान्यनुभवति । आन्तरशत्रुसङ्केता-

---

જીતતો નથી તે ત્રણે ભુવનનો દાસ થાય છે. **વૈરાગ્યરંગકુલક**માં કહ્યું છે - 'જેઓ આત્માને પોતાના વશમાં કરે છે ત્રણે જગત પણ તેના વશમાં થાય છે. જેમનો આત્મા પોતાના વશમાં નથી તેઓ ત્રણે ભુવનના વશમાં થાય છે. (૨૩) જેણે પોતાના આત્માને જિત્યો તેણે દુર્ગતિના દુઃખો જીત્યા. જેણે આત્માને ન જીત્યો તે દુર્ગતિના દુઃખોથી જિતાયો. (૨૪)' **तत्त्वामृत**માં પણ કહ્યું છે - 'જેનો આત્મા વશમાં નથી બીજા લોકો તેના વશમાં શી રીતે થાય ? જેનો આત્મા વશમાં છે એવા શાન્ત જીવના ત્રણે લોક વશમાં છે. (૩૦૪)'

અંદરના દુશ્મનો જીવોના ગુણોને લૂંટે છે. તેથી તેમને પાછા મેળવવા તેમની સાથે યુદ્ધ કરવું. આ જીવન યુદ્ધ માટે જ છે. **આગમ**માં કહ્યું છે - 'જીવન યુદ્ધને યોગ્ય છે.' અંદરના યુદ્ધમાં જો આત્મા પોતાનો પુરુષાર્થ ફોરવતો નથી તો તેનો પરાજય થાય છે. અંદરના યુદ્ધમાં જો આત્માનો પરાજય થાય અને અંદરના દુશ્મનોનો વિજય થાય તો આત્મા સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે. પછી તે સંસારરૂપી જંગલમાં પેસીને લાંબા સમય સુધી ઘોર દુઃખોને અનુભવે છે. અંદરના દુશ્મનોના

नुसारेण स चेष्टते । कारागृहे क्षिप्तो नृपो यथाऽतिशयेन व्यथितो भवति तथाऽऽन्तरशत्रुभिः संसारचारके क्षिप्तो जीवोऽपि दुःखीभवति । यद्यान्तरयुद्धे आत्मा स्ववीर्यं स्फोरयति तर्हि तस्य विजयो भवत्यान्तरशत्रूणाञ्च पराभवो भवति । तत आत्मा स्वगुणसम्पत्तिं पुनः प्राप्नोति । तस्य दोषाणां ह्रासो भवति । तस्य कर्मणां विश्लेषो भवति । ततः सद्गति-परम्परयाऽचिरात्स सिद्धिं प्राप्नोति । तत्र स शाश्वतं सुखमनुभवति । यावन्न सिद्धिः प्राप्यते तावत्सद्गतावपि स सुखमेव प्राप्नोति । एवमान्तरशत्रुविजेताऽऽत्मा महासुखी भवति ॥१४॥

अवतरणिका - आन्तरशत्रुविजेता साम्यसुखं प्राप्नोतीति कथितम् । तत् साम्य-सौख्यमेव वर्णयति -

मूलम् - सहजानन्दता सेयं, सैवात्मारामता मता ।
उन्मनीकरणं [१]तद्यन्, मुनेः [२]शमरसे लयः ॥१५॥

अन्वयः - यद् मुनेः शमरसे लयः सेयं सहजानन्दता, सैवाऽऽत्मारामता मता, तद् उन्मनीकरणम् ॥१५॥

સંકેતને અનુસારે તેણે ચેષ્ટા કરવી પડે છે. કેદખાનામાં નંખાયેલો રાજા જેમ ખૂબ દુઃખી થાય છે, તેમ અંદરના દુશ્મનો વડે સંસારના કેદખાનામાં નંખાયેલો જીવ પણ દુઃખી થાય છે. જો અંદરના યુદ્ધમાં આત્મા પોતાનું વીર્ય ફોરવે છે તો તેનો વિજય થાય છે અને અંદરના દુશ્મનોની હાર થાય છે. પછી આત્માને પોતાના ગુણોની સંપત્તિ પાછી મળે છે. તેના દોષો ઘટે છે. તેના કર્મો દૂર થાય છે. પછી સદ્ગતિની પરંપરા વડે તે ટૂંક સમયમાં મોક્ષ પામે છે અને ત્યાં શાશ્વત સુખને અનુભવે છે. જ્યાં સુધી મોક્ષ મળતો નથી ત્યાં સુધી સદ્ગતિમાં પણ તેને સુખ જ મળે છે. આમ અંદરના દુશ્મનોને જીતનાર આત્મા મહાસુખી બને છે. (૧૪)

અવતરણિકા - અંદરના દુશ્મનોને જીતનારો સમતાસુખને પામે છે એમ કહ્યું. તે સમતાસુખનું જ વર્ણન કરે છે -

શબ્દાર્થ - મુનિ જે શમરસમાં લય પામે છે, તે જ સહજ આનંદપણું છે, તે જ આત્મરમણતા છે, તે ઉદાસીનતા છે. (૧૫)

---

१. यद्यन् - GI २. समरसे - C, D, H, I

पद्मीया वृत्तिः - **यद्** - वक्ष्यमाणम्, **मुनेः** - साधोः, **शमरसे** - शमः-साम्यमेव रसः-भाव इति शमरसः, तस्मिन्, **लयः** - मग्नता, **सा**-शमरसमग्नता, **इयम्** - अनन्तरमुच्यमाना, **सहजानन्दता** - सहजः-अकृत्रिमः, आनन्दः-मोदः, सहजश्चासावानन्दश्चेति सहजानन्दः, तस्य भाव इति सहजानन्दता, **सा** - शमरसमग्नता, **एव**शब्दो अन्यस्या आत्मारामताया व्यवच्छेदार्थम्, **आत्मारामता** - आरामः-आ-समन्ताद् रम्यतेऽस्मिन्नति आरामः-उपवनम्, आत्मनः-स्वस्वरूपस्य आराम इत्यात्मारामः, तस्य भाव इत्यारामता, **मता** - शास्त्रकृद्भिरुक्ता, **तद्** - शमरसमग्नत्वम्, **उन्मनीकरणम्** - सांसारिकपदार्थेष्वौदासीन्यम् ।

आन्तरशत्रुविजेता मुनिरुपशमभावे लीनो भवति । तस्य चित्तं स्तिमितोदधिसन्निभं भवति । तस्मिन्दोषतरङ्गा नोच्छलन्ति । मुनेरिदं शमरसमग्नत्वमेव स्वाभाविकानन्दरूपम् । शमभाव आत्मनः स्वभावभूतः । आत्मनः स्वभाव आनन्दरूपः । मुनिः शमभावे लीयते । तेन स स्वाभाविकानन्दमग्नो भवति ।

जना आरामे रमन्ते । तत्र ते मोदन्ते । मुनिः शमरसे मज्जति । अयं शमरस आरामरूपः । तस्मिन्नात्मा रमते । ततो मुनेर्यच्छमरसे मज्जनं तदेवाऽऽत्मारामता ।

शमरसमग्नो मुनिः कुत्रचिदपि रागद्वेषौ न करोति । तस्य मनः सर्वपदार्थसंयोगेभ्य उच्चैस्तिष्ठति । स बाह्यवस्तुषूदासीनो भवति । स सर्वत्र समो भवति । स स्वरूपे एव

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - અંદરના દુશ્મનોને જીતનારો મુનિ ઉપશમભાવમાં લીન થાય છે. તેનું મન સ્થિર સમુદ્ર જેવું હોય છે. તેમાં દોષોના મોજા ઊછળતાં નથી. મુનિનું જે આ શમરસમાં મગ્નપણું છે તે જ સ્વાભાવિક આનંદરૂપ છે. શમભાવ એ આત્માના સ્વભાવ સમો છે. આત્માનો સ્વભાવ આનંદરૂપ છે. મુનિ શમભાવમાં લીન બને છે. તેથી તે સ્વાભાવિક આનંદમાં ડૂબે છે.

લોકો બગીચામાં રમે છે. તેઓ ત્યાં ખુશ થાય છે. મુનિ શમરસમાં ડૂબે છે. આ શમરસ બગીચા જેવો છે. તેમાં આત્મા રમે છે. તેથી મુનિનું શમરસમાં ડૂબવું તે જ આત્મારામપણું છે, એટલે કે તે જ આત્મરમણતા છે.

શમરસમાં ડૂબેલો મુનિ ક્યાંય પણ રાગદ્વેષ કરતો નથી. તેનું મન બધા પદાર્થો અને સંયોગોથી ઉપર રહે છે. તે બાહ્ય વસ્તુઓમાં ઉદાસીન હોય છે. તે બધે સમ

मग्नो भवति । बाह्यवस्तुषु स न सजति । इदमुन्मनीभवनम् । मुनेः शमरसमग्नतैवोन्मनीभावरूपाऽस्ति ।

अयमत्र रहस्यार्थः-सहजानन्दताऽऽत्मारामतोन्मनीकरणानि शमरसमग्नतारूपाणि । ततः शमरसे मग्नैर्भवितव्यम् ॥१५॥

अवतरणिका - साम्यसुखस्य माहात्म्यं कथितम् । अधुना यत्र यत्र साम्यं धार्यं तत् श्लोकयुग्मेन प्रतिपादयति -

मूलम् - साम्यं मानसभावेषु, साम्यं [१]वचनवीचिषु ।
साम्यं [२]कायिकचेष्टासु, साम्यं सर्वत्र सर्वदा ॥१६॥
स्वपता जाग्रता रात्रौ, दिवा चाखिलकर्मसु ।
कायेन [३]मनसा वाचा, साम्यं सेव्यं [४]सुयोगिना ॥१७॥
॥युग्मम् ॥

अन्वयः - (सुयोगिना) मानसभावेषु साम्यं (सेव्यम्), (सुयोगिना) वचनवीचिषु साम्यं (सेव्यम्), (सुयोगिना) कायिकचेष्टासु साम्यं (सेव्यम्), (सुयोगिना) सर्वत्र सर्वदा साम्यं (सेव्यम्), सुयोगिना स्वपता जाग्रता रात्रौ दिवा चाखिलकर्मसु कायेन मनसा वाचा साम्यं सेव्यम् ॥१६॥ ॥१७॥

હોય છે. તે સ્વરૂપમાં જ ડૂબેલો હોય છે. તે બાહ્ય વસ્તુઓમાં આસક્ત થતો નથી. આ ઉન્મનીભાવ છે. મુનિ જે શમરસમાં મગ્ન છે તે જ ઉન્મનીભાવરૂપ છે.

અહીં રહસ્યાર્થ આ પ્રમાણે છે - સહજઆનંદપણું, આત્મરામપણું અને ઉન્મનીભાવ એ શમરસમાં મગ્નતારૂપ છે. માટે શમરસમાં મગ્ન થવું. (૧૫)

અવતરણિકા - સામ્યસુખનું માહાત્મ્ય કહ્યું. હવે જ્યાં જ્યાં સમતા રાખવાની છે તે બે શ્લોકમાં બતાવે છે -

શબ્દાર્થ - અપ્રમત્ત યોગીએ મનના ભાવોમાં સમતા રાખવી, વચનના તરંગોમાં સમતા રાખવી, કાયાની ચેષ્ટાઓમાં સમતા રાખવી, બધા ક્ષેત્રોમાં અને બધા કાળોમાં સમતા રાખવી, સૂતાં-જાગતાં-રાત્રે-દિવસે બધા કાર્યોમાં કાયાથી, મનથી અને વાણીથી સમતા રાખવી. (૧૬,૧૭)

---

१. वचनवाचिषु - ॥ २. कायिषु चेष्टासु - AI ३. मनसो - H, ॥ ४. सयोगिना - GI

पद्मीया वृत्तिः - **सुयोगिने**ति सप्तदशश्लोकपर्यन्तवर्त्ति पदमत्राक्षेपणीयम्, एवमग्रेऽपि ज्ञेयम्, सुष्ठु-यथाविधि योगमाराधयतीति सुयोगी, तेन, **मानसभावेषु** - मनसि भवा इति मानसाः, ते च ते भावाः-अध्यवसायाश्चेति मानसभावाः, तेषु, **साम्यम्** - पूर्वोक्तस्वरूपम्, **'सेव्यम्'** इति पदमप्यत्राऽऽक्षेप्यम्, सेव्यम्-धार्यम्, एवमग्रेऽपि ज्ञेयम्। **सुयोगिना, वचनवीचिषु** - वचनानि-वचांसि, वीचयः - तरङ्गाः, वचनान्येव विचय इति वचनवीचयः, तासु, **साम्यं सेव्यम्, सुयोगिना, कायिकचेष्टासु** - कायेन भवा इति कायिकाः, ताश्च ताश्चेष्टाः-क्रियाश्चेति कायिकचेष्टाः, तासु, **साम्यं सेव्यम्, सुयोगिना, सर्वत्र** - सर्वक्षेत्रेषु, **सर्वदा** - सर्वकालेषु, **साम्यं सेव्यम्, सुयोगिना** - शोभनः-अप्रमत्तश्चासौ योगी-योगाराधकश्चेति सुयोगी, तेन, **स्वपता** - निद्रावस्थायां, **जाग्रता** - प्रबुद्धदशायां, **रात्रौ** - निशि, **दिवा** - दिवसे, **च**शब्दः समुच्चये, **अखिलकर्मसु** - अखिलानि-सर्वाणि च तानि कर्माणि-क्रियाश्चेति अखिलकर्माणि, तेषु, **कायेन** - देहेन, **मनसा** - चित्तेन, **वाचा** - वाण्या, **साम्यं सेव्यम्**।

यः सम्यग् योगस्याऽऽराधनां करोति स सुयोगी। तेन सर्वत्र साम्यं धर्त्तव्यम्। तेन मनसि प्रादुर्भूतेषु भावेषु साम्यं धर्त्तव्यम्। तेन रागयुक्ता भावा न कर्त्तव्याः, नापि द्वेषयुक्ता भावाः कर्त्तव्याः। तेन समभावेन चिन्तनीयम्। तेन रागयुक्तानि वचनानि न भाषितव्यानि, नापि द्वेषयुक्तानि वचनानि भाषितव्यानि। तेन सदा समताभावितान्येव वचनानि वक्तव्यानि। तेन सर्वासु क्रियासु साम्यं धार्यम्। तेन रागप्रेरिता द्वेषप्रेरिता वा क्रिया न कर्त्तव्या। तेन सदा समभावेन प्रवर्त्तनीयम्। इष्टानिष्टेषु सर्वेषु क्षेत्रेषु तेन समता धार्या। इष्टानिष्टेषु सर्वेषु कालेषु तेन समत्वमवलम्बनीयम्। यदि परः सुयोगिनं प्रति शुभाऽशुभं चिन्तयति तर्ह्यपि सुयोगिना समता धार्या। यदि परः सुयोगिनं प्रति

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - જે સારી રીતે યોગની આરાધના કરે તે યોગી. તેણે બધે સમતા રાખવી. તેણે મનમાં પેદા થયેલા ભાવોમાં સમતા રાખવી. તેણે રાગવાળા ભાવો ન કરવા, દ્વેષવાળા ભાવો પણ ન કરવા. તેણે સમભાવથી વિચારવું. તેણે રાગવાળા વચનો ન બોલવા, દ્વેષવાળા વચનો પણ ન બોલવા. તેણે હંમેશા સમતાથી ભાવિત વચનો જ બોલવા. તેણે બધી ક્રિયાઓમાં સમતા રાખવી. તેણે હંમેશા સમભાવથી પ્રવર્તવું. ઈષ્ટ-અનિષ્ટ બધા ક્ષેત્રોમાં તેણે સમતા રાખવી. જો બીજો કોઈ અપ્રમત્ત યોગી માટે સારું કે ખરાબ વિચારે તો પણ તેણે સમતા રાખવી.

शुभाऽशुभवचनानि भाषते तर्ह्यपि सुयोगिना समता सेव्या । यदि परः सुयोगिनं प्रति शुभाशुभं चेष्टते तर्ह्यपि सुयोगिना समत्वं धर्त्तव्यम् । निद्रावस्थायामपि सुयोगिना समता धार्या । स्वप्नदशायामपि तेन कुत्रचिदपि रागद्वेषौ न करणीयौ । जाग्रदवस्थायामपि तेन समता धार्या । रात्रिसमयेऽपि तेन समत्वं धार्यम् । दिवससमयेऽपि तेन समत्वं धर्त्तव्यम् । सर्वक्रियासु तेन समेन भाव्यम् । मनसा वाचा कायेन च तेन समता साध्या । साम्येन शीघ्रमेव केवलज्ञानमाप्यते । उक्तञ्च **समाधिसाम्यद्वात्रिंशिकायां महोपाध्याय-श्रीयशोविजयगणिभिः - 'बबन्ध पापं नरकेषु वेद्यं, प्रसन्नचन्द्रो मनसाऽप्रशान्तः । तत्कालमेव प्रशमे तु लब्धे, समाधिभृत् केवलमाससाद ॥२१॥'**

इदमुक्तं भवति-योगिना सर्वजीवेषु, सर्वपदार्थेषु, सर्वक्रियासु, सर्वप्रसङ्गेषु, सर्वकालेषु, सर्वक्षेत्रेषु, सर्वभावेषु च समता धारणीया । तस्य सर्वप्रवृत्तिषु समत्वमेव दृश्यते । अधिककथनेन किम् ? योगिनः सम्पूर्णं जीवनमेव समतावासितं भवति । स यत्र यत्र गच्छति तत्र तत्र समतासुगन्धो विस्तरति ॥१७॥

જો બીજો કોઈ અપ્રમત્ત યોગી માટે સારા કે ખરાબ વચનો બોલે તો પણ તેણે સમતા રાખવી. જો બીજો કોઈ અપ્રમત્ત યોગી પ્રત્યે સારું કે ખરાબ વર્તન કરે તો પણ તેણે સમતા રાખવી. ઊંઘમાં પણ તેણે સમતા રાખવી. સ્વપ્નમાં પણ તેણે ક્યાંય રાગદ્વેષ ન કરવા. જાગ્રત અવસ્થામાં પણ તેણે સમતા રાખવી. રાત્રે પણ તેણે સમતા રાખવી. દિવસે પણ તેણે સમતા રાખવી. બધી ક્રિયાઓમાં તેણે સમ બનવું. મનથી, વચનથી અને કાયાથી તેણે સમતા સાધવી. સમતાથી શીઘ્ર કેવળજ્ઞાન મળે છે. **મહોપાધ્યાયશ્રીયશોવિજયજીએ સમાધિસામ્યદ્વાત્રિંશિકા**માં કહ્યું છે, 'મનથી અશાંત પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ નરકમાં ભોગવવા યોગ્ય પાપ બાંધ્યું. સમતા મળે છતે સમાધિવાળા તેઓ તરત જ કેવળજ્ઞાન પામ્યા. (૨૧)'

અહીં કહેવાનો ભાવ આવો છે - યોગીએ બધા જીવો ઉપર, બધા પદાર્થો ઉપર, બધી ક્રિયાઓમાં, બધા પ્રસંગોમાં, બધા કાળોમાં, બધા ક્ષેત્રોમાં અને બધા ભાવોમાં સમતા રાખવી. તેની બધી પ્રવૃત્તિઓમાં સમતા દેખાય છે. વધુ તો શું કહેવું ? યોગીનું આખું ય જીવન જ સમતાથી વાસિત હોય છે. તે જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં સમતાની સુગંધ ફેલાય છે. (૧૭)

अवतरणिका - सर्वत्र साम्यं धार्यमित्युपदिश्याऽधुना समताऽऽधानार्थं हितशिक्षां ददाति -

मूलम् - यदि त्वं साम्यसन्तुष्टो, विश्वं तुष्टं [१]तदा तव ।
[२]तल्लोकस्यानुवृत्त्या किं, [३]स्वमेवैकं समं कुरु ॥१८॥

अन्वयः - यदि त्वं साम्यसन्तुष्टः तदा विश्वं तव तुष्टम्, तल्लोकस्यानुवृत्त्या किं ? स्वमेवैकं समं कुरु ॥१८॥

पद्यीया वृत्तिः - यदिशब्दः - सम्भावने, **त्वम्** - आत्मा, **साम्यसन्तुष्टः** - साम्येन-समभावेन सन्तुष्टः-तृप्त इति साम्यसन्तुष्टः, **तदा** - तर्हि, **विश्वं** - जगत्, **तव** - त्वयि सप्तम्यर्थे षष्ठी, **तुष्टम्** - प्रमुदितम्, **तत्** - तस्मात्कारणात्, **लोकस्य** - जनस्य, **अनुवृत्त्या** - रञ्जनेन, **किम्** - अलम्, न किमपि प्रयोजनमित्यर्थः, **स्वम्** - आत्मानम्, **एव**शब्दः स्वातिरिक्तान् व्यवच्छिनति, **एकम्**-अद्वितीयम्, **समम्** - समताभावितम्, **कुरु** - निष्पादय।

संसारिजीवा रागद्वेषयुक्ताः सन्ति । ते स्वप्रयोजनसिद्ध्यर्थं जीवान् पीडयन्ति । तेऽशुभमार्गेष्वपि चलन्ति । ते जीवानां हितं न कुर्वन्ति, केवलं स्वार्थमेव साधयन्ति । ततः सर्वं जगत्तेष्वसन्तुष्टं भवति । जगत्तेषु प्रसन्नं न भवति । परन्तु तत्तेषु खिद्यते।

અવતરણિકા - બધે સમતા રાખવી એમ ઉપદેશ આપી હવે સમતા લાવવા હિતશિક્ષા આપે છે -

શબ્દાર્થ - જો તું સમતાથી સંતુષ્ટ છે તો વિશ્વ તારી ઉપર ખુશ છે. તેથી લોકોને ખુશ કરવાથી શું ફાયદો ? તું પોતાને જ એકને સમ કર. (૧૮)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - સંસારી જીવો રાગદ્વેષથી યુક્ત છે. તેઓ પોતાનું કાર્ય સિદ્ધ કરવા જીવોને પીડે છે. તેઓ ખરાબ માર્ગો ઉપર પણ ચાલે છે. તેઓ જીવોનું હિત કરતાં નથી, માત્ર સ્વાર્થને જ સાધે છે. તેથી આખું જગત તેમની ઉપર અસંતુષ્ટ થાય છે. તે તેમની ઉપર ખુશ થતું નથી, પણ તે તેમની ઉપર નારાજ થાય છે.

१. सदा - MI, २. तल्लोकस्यानुवृत्त्याऽपि - A, B, D, E, F, G, J, LI ३. स्वमेवैकसमं - AI

यदाऽऽत्मनि साम्यस्य प्रतिष्ठा भवति तदा स आत्मा सर्वभूतेषु समो भवति । स रागद्वेषौ न करोति । स सर्वेषामपि हितमेव करोति । स जीवान्न पीडयति । स सदा शुभेष्वेव प्रवर्त्तते । ततो विश्वं तस्मिन् प्रसन्नीभवति । सर्वेऽपि तदर्थं शुभमेव चिन्तयन्ति ।

नरा लोकरञ्जनार्थं विविधं चेष्टन्ते । ते लोकान्स्वान्प्रत्याकर्षणायाऽभिलषन्ति । यद्यात्मनि समताया आधानं भवति तर्हि विश्वं तस्मिन्नात्मनि प्रमुदितमेव । ततो लोकरञ्जनप्रयासो वृथा । अयमेव लोकरञ्जनोपायो यत् स्वात्मा समतया भावनीयः । अन्याभिश्चेष्टाभिर्जना न सन्तुष्यन्ति । यदाऽऽत्मा समताभावितो भवति तदा जना अपि तस्मिन्सन्तुष्यन्ति । ततो लोकरञ्जनोपायान् विमुच्य स्वात्मनि समताऽऽधानाय प्रयतनीयम् ।

परमार्थतोऽप्रमत आत्मैवाऽऽत्मनो मित्रं प्रमत्तश्चाऽऽत्मैवाऽऽत्मनोऽमित्रम्, बाह्यमित्रामित्र-विकल्पस्त्वौपचारिकः । उक्तञ्च **आचाराङ्गसूत्रे** -**'पुरिसा ! तुममेव तुमं मित्तं, किं बहिया मित्तमिच्छसि ? ॥१/३/३/१२४॥'** (**छाया** -पुरुष ! त्वमेव तव मित्रम्, किं बहिर्मित्रमिच्छसि ? ॥१/३/३/१२४॥) **उत्तराध्ययनसूत्रे**ऽप्युक्तम् - **'अप्पा कत्ता विकत्ता**

જ્યારે આત્મામાં સમતાની પ્રતિષ્ઠા થાય છે ત્યારે તે આત્મા બધા જીવો ઉપર સમાન બને છે. તે રાગ-દ્વેષ કરતો નથી, તે બધાયનું હિત જ કરે છે. તે જીવોને પીડતો નથી. તે હંમેશા સારા કાર્યોમાં જ પ્રવર્તે છે. તેથી વિશ્વ તેની ઉપર પ્રસન્ન થાય છે. બધાય તેની માટે સારું જ વિચારે છે.

મનુષ્યો લોકોને ખુશ કરવા વિવિધ ચેષ્ટાઓ કરે છે. તેઓ લોકોને પોતાના તરફ ખેંચવા ઝંખે છે. જો આત્મામાં સમતા આવે તો વિશ્વ તે આત્મા ઉપર ખુશ જ છે. તેથી લોકોને ખુશ કરવાનો પ્રયાસ નકામો છે. લોકોને ખુશ કરવાનો આ જ ઉપાય છે કે પોતાના આત્માને સમતાથી ભાવિત કરવો. બીજી ચેષ્ટાઓથી લોકો ખુશ થતાં નથી. જ્યારે આત્મા સમતાથી ભાવિત થાય છે, ત્યારે લોકો પણ તેની ઉપર ખુશ થાય છે. માટે લોકોને ખુશ કરવાના ઉપાયોને છોડીને પોતાના આત્મામાં સમતા લાવવા પ્રયત્ન કરવો.

હકીકતમાં અપ્રમત્ત આત્મા જ આત્માનો મિત્ર છે અને પ્રમત્ત આત્મા જ આત્માનો દુશ્મન છે, બહારના મિત્ર-શત્રુની કલ્પના તો ઔપચારિક છે. **આચારાંગસૂત્ર**માં કહ્યું છે, 'હે જીવ ! તારો તું જ મિત્ર છે, બહાર મિત્રને શા માટે શોધે છે ? (૧/૩/૩/૧૨૪)' **ઉત્તરાધ્યયનસૂત્ર**માં પણ કહ્યું છે, 'દુઃખો અને સુખોને

य, दुहाण य सुहाण य । अप्पा मित्तममित्तं च, दुप्पट्ठिअ सुपट्ठिओ ॥३०/३७॥' (**छाया** - आत्मा कर्त्ता विकरिता च दुःखानाञ्च सुखानाञ्च । आत्मा मित्रममित्रञ्च, दुःप्रस्थितः सुप्रस्थितः ॥३०/३७॥) **भवभावनाया**मप्युक्तं **मलधारीश्रीहेमचन्द्रसूरिभिः** - **'दुप्पत्थिओ अमित्तं अप्पा, सुप्पत्थिओ हवइ मित्तं । सुहदुक्खकारणाओ, अप्पा मित्तं अमित्तं वा ॥१७२॥'** (**छाया** - दुःप्रस्थितोऽमित्रमात्मा, सुप्रस्थितो भवति मित्रम् । सुखदुःखकारणादात्मा मित्रममित्रं वा ॥१७२॥) तत आत्मैव समतया सन्तोषणीयः, कृतं लोकरञ्जनेन ॥१८॥

अवतरणिका - लोकानुवृत्तेस्त्याग उपदिष्टः । साम्यहेतवोऽपि लोकानुवृत्त्या सेविताः न साम्यं साधयन्तीति प्रतिपादयति -

मूलम् - श्रुतश्रामण्ययोगानां, प्रपञ्चः साम्यहेतवे ।
तथापि [१]तत्त्वतस्तस्मा-ज्जनोऽयं प्लवते बहिः ॥१९॥

अन्वयः - श्रुतश्रामण्ययोगानां प्रपञ्चः साम्यहेतवे (अस्ति), तथापि अयं जनस्तत्त्वत-स्तस्माद्बहिः प्लवते ॥१९॥

કરનારો અને દૂર ફેંકનારો આત્મા છે. દુષ્ટ આચરણ કરનારો આત્મા દુશ્મન છે અને સારું આચરણ કરનારો આત્મા મિત્ર છે. (૩૦/૩૭)' **ભવભાવનામાં મલધારી શ્રીહેમચન્દ્રસૂરિજી**એ પણ કહ્યું છે, 'દુષ્ટ આચરણ કરનારો આત્મા દુશ્મન છે, સારું આચરણ કરનારો આત્મા મિત્ર છે. સુખનું કારણ હોવાથી આત્મા મિત્ર છે, દુઃખનું કારણ હોવાથી આત્મા શત્રુ છે. (૧૭૨)' માટે આત્માને જ સમતા વડે ખુશ કરવો, લોકોને ખુશ કરવાથી સર્યું. (૧૮)

અવતરણિકા - લોકોના અનુવર્તનનો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો. લોકોને ખુશ કરવા સેવાયેલા સામ્યના હેતુઓ પણ સામ્યને સાધી આપતાં નથી એમ બતાવે છે -

શબ્દાર્થ - જ્ઞાન, ચારિત્ર અને યોગોનો વિસ્તાર સમતા માટે છે, છતાં પણ આ લોકો હકીકતમાં તેની બહાર કૂદે છે. (૧૯)

---

१. तत्त्वतः कस्माज्जनोऽयं - C, H, ॥

पद्मीया वृत्तिः - **श्रुतश्रामण्ययोगानाम्** - श्रुतम्-ज्ञानम्, श्रामण्यम्-चारित्रम्, योगः-मोक्षसाधकक्रियारूपः, श्रुतञ्च श्रामण्यञ्च योगश्चेति श्रुतश्रामण्ययोगाः, तेषां, **प्रपञ्चः** - विस्तारोऽभ्यासो वा, **साम्यहेतवे** - साम्यमेव हेतुः-कारणमिति साम्यहेतुः, तस्मै, **तथापि** - एवं सत्यपि, **अयं** - प्रत्यक्षतो दृश्यमानः, **जनः** - मुनिसमूहः, **तत्त्वतः** - वस्तुतः, **तस्मात्** - साम्यात्, **बहिः** - बाह्यपदार्थेषु, **प्लवते** - धावति ।

सर्वाणि शास्त्राणि साम्यसिद्ध्यर्थमेव भवन्ति । शास्त्राणि विविधविषयाणि सन्ति । तेषामभ्यासेन तत्त्वातत्त्वस्य ज्ञानं भवति । तत्त्वं तु साम्यम् । साम्यापादकमपि सर्वं तत्त्वम् । अन्यत्सर्वमतत्त्वम् । शास्त्राभ्यासेन साम्यं तत्त्वरूपं ज्ञात्वा तत्प्राप्त्यर्थं प्रयतनीयम् । अन्यस्मै शास्त्रोपदेशोऽपि तदात्मनि समताऽऽधानार्थमेव देयः । परन्तु केचन मुनिजनाः शास्त्राभ्यासेन स्वात्मनः पण्डितत्वेन प्रसिद्धिमिच्छन्ति । ते शास्त्ररचनामपि स्वपाण्डित्यप्रदर्शनार्थं कुर्वन्ति । ते शास्त्रोपदेशमपि जनरञ्जनार्थं कुर्वन्ति । ते शास्त्राभ्यासेन साम्यं तत्त्वरूपं ज्ञात्वाऽपि तदर्थं प्रयत्नं न कुर्वन्ति । ते ज्ञानमात्रेणैव सन्तुष्यन्ति । इत्थं साम्यासिं विना तेषां शास्त्रपठनपाठन-श्रमो निरर्थको भवति । ते नैश्चयिकसाम्यं विस्मृत्य बाह्यभावेष्वेव रज्यन्ति ।

चारित्रमपि साम्यसिद्धये एव पालनीयम् । चारित्रपालनेनाऽऽत्मनि विद्यमानः कर्मचयो

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - બધા શાસ્ત્રો સમતાની સિદ્ધિ માટે જ છે. શાસ્ત્રો વિવિધ વિષયોવાળા છે. તેમના અભ્યાસથી તત્ત્વ અને અતત્ત્વનું જ્ઞાન થાય છે. તત્ત્વ તો સમતા છે. સામ્ય લાવનારું પણ બધું તત્ત્વ છે. બીજું બધું અતત્ત્વ છે. શાસ્ત્રોના અભ્યાસથી સમતાને તત્ત્વરૂપ જાણીને તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો. બીજાને શાસ્ત્રનો ઉપદેશ પણ તેના આત્મામાં સમતા લાવવા માટે જ આપવો. પણ કેટલાક મુનિજનો શાસ્ત્રના અભ્યાસથી પોતાની પંડિત તરીકે પ્રસિદ્ધિ ઈચ્છે છે. તેઓ શાસ્ત્રોની રચના પણ પોતાની પંડિતાઈ બતાવવા માટે કરે છે. તેઓ શાસ્ત્રનો ઉપદેશ પણ લોકોને ખુશ કરવા કરે છે. તેઓ શાસ્ત્રના અભ્યાસથી સમતાને તત્ત્વરૂપ જાણીને પણ તેની માટે પ્રયત્ન કરતાં નથી. તેઓ માત્ર જ્ઞાનથી જ સંતોષ માને છે. આમ સમતાની પ્રાપ્તિ વિના તેમની શાસ્ત્રો ભણવા-ભણાવવાની મહેનત નકામી જાય છે. તેઓ નિશ્ચયરૂપ સમતાને ભૂલીને બાહ્ય ભાવોમાં જ રચ્યાપચ્યા રહે છે.

ચારિત્ર પણ સમતાની સિદ્ધિ માટે જ પાળવાનું છે. ચારિત્ર પાળવા દ્વારા

रिक्तीभवति। ततः समता प्रादुर्भवति। परन्तु केचन मुनिजनाश्चारित्रपालनेनाऽपि स्वात्मानमुत्तमसंयमित्वेन प्रख्यापयितुमिच्छन्ति। ते चारित्रक्रिया एव तत्त्वरूपेण पश्यन्ति। ततस्ते तत्पालनाय भृशं यतन्ते। चारित्रक्रियास्तु साधनरूपाः। ताभिः समता साध्या। परन्तु मुनिजनाः साध्यं विस्मृत्य साधनमेव साध्यत्वेन मत्वा तदर्थं प्रयतन्ते। ततस्ते साम्यमार्गाद्दूरे भवन्ति। शासनप्रभावना-जनप्रतिबोध-श्रुतोद्धार-चैत्योद्धार-महोत्सवादिमिषेण ते बाह्यभावेष्वेव रज्यन्ति। इदमपि सर्वं साधनरूपम्। साध्या त्वेकैव समता। तां ते विस्मरन्ति। चारित्रक्रियाशासनप्रभावनादीनि न मोक्तव्यानि। परन्तु तानि कुर्वतैव समतासिद्ध्यर्थं यतनीयम्।

योगस्याऽभ्यासोऽपि साम्यस्य लाभार्थमेव भवति। योगाभ्यासेनाऽऽत्मा बाह्यभावेभ्यो विरज्य स्वस्वरूपस्य समीपस्थो भवति। यथा यथा योगोऽभ्यस्यते तथा तथाऽऽत्मस्वरूपस्याऽऽविर्भावो भवति। ततश्च साम्यं दीप्यते। परन्तु केचन मुनिजना योगाभ्यासेनाऽपि स्वस्य योगित्वेन प्रसिद्धिं वाञ्छन्ति। ते योगाभ्यासमेव साध्यं मन्यन्ते। ततस्ते योगाभ्यासेन

આત્મામાં રહેલ કર્મોનો સમૂહ ખાલી થાય છે, તેથી સમતા પ્રગટે છે. પણ કેટલાક મુનિજનો ચારિત્ર પાળીને પણ પોતાને ઉત્તમ સંયમી તરીકે ઓળખાવવા ઇચ્છે છે. તેઓ ચારિત્રની ક્રિયાઓને જ તત્ત્વરૂપે જુવે છે. તેથી તેઓ તેના પાલન માટે બહુ પ્રયત્ન કરે છે. ચારિત્રની ક્રિયાઓ તો સાધનરૂપ છે. તેમનાથી સમતા સાધવાની છે. પણ મુનિજનો સાધ્યને ભૂલીને સાધનને જ સાધ્ય માની તેની માટે પ્રયત્ન કરે છે. તેથી તેઓ સમતાના માર્ગથી દૂર થાય છે. શાસનપ્રભાવના કરવી, લોકોને પ્રતિબોધ કરવા, શ્રુતનો ઉદ્ધાર કરવો, ચૈત્યોનો ઉદ્ધાર કરવો, મહોત્સવો કરવા વગેરે બહાનાઓથી તેઓ બાહ્ય ભાવોમાં જ રમે છે. આ બધું પણ સાધનરૂપ છે. સાધ્ય તો એક માત્ર સમતા જ છે. તેને તેઓ ભૂલી જાય છે. ચારિત્રની ક્રિયાઓ, શાસનપ્રભાવના વગેરે છોડવા નહીં. પણ તે કરતાં કરતાં જ સમતાની સિદ્ધિ માટે યત્ન કરવો.

યોગનો અભ્યાસ પણ સમતાના લાભ માટે જ છે. યોગ એટલે મોક્ષસાધક ક્રિયાઓ. યોગના અભ્યાસથી આત્મા બાહ્ય ભાવોથી વિરક્ત થઈ પોતાના સ્વરૂપની નજીકમાં રહેનારો થાય છે. જેમ જેમ યોગનો અભ્યાસ થાય છે તેમ તેમ આત્મસ્વરૂપ પ્રગટ થાય છે અને તેનાથી સમતા પ્રગટે છે. પણ કેટલાક મુનિજનો યોગના અભ્યાસ વડે પણ પોતાને યોગી તરીકે પ્રસિદ્ધ કરવા ઇચ્છે છે. તેઓ યોગના

सन्तुष्टा भवन्ति । योगाभ्याससाधनेन समता साध्येति तत्त्वं तु ते विस्मरन्ति । ततस्ते साम्यसिद्ध्यर्थं न यतन्ते । इत्थं ते साम्यमार्गाच्च्यवन्ते ।

श्रुतज्ञानं श्रामण्यपालनं योगाभ्यासश्च साम्यप्राप्त्युपायाः । साम्यं तूपेयम् । केचन मुनिजना उपेयं विस्मृत्योपायानेव सेवन्ते । इत्थं व्यवहारेण ते आराधनां कुर्वन्तोऽपि निश्चयेनाऽऽराधनामार्गाद्दूरे भवन्ति । साम्याप्त्यर्थं बहिर्मुखता त्याज्याऽन्तर्मुखेन च भवितव्यम् । उक्तञ्चाध्यात्मोपनिषदि - **'तेनाऽऽत्मदर्शनाकाङ्क्षी, ज्ञानेनान्तर्मुखो भवेत् । द्रष्टुर्दृगात्मता मुक्ति-र्दृश्यैकात्म्यं भवभ्रमः ॥२/५॥'** ॥१९॥

अवतरणिका - लोकानुवृत्तिपरः कथं बहिः प्लवते इति प्रदर्श्य प्रकारान्तरेण लोकानुवृत्तित्यागमुपदिशति -

मूलम् - स्वाधीनं स्वं परित्यज्य, विषमं दोषमन्दिरम् ।
अस्वाधीनं परं [१]मूढ !, समीकर्त्तुं किमाग्रहः ? ॥२०॥

अन्वयः - मूढ ! विषमं दोषमन्दिरं स्वाधीनं स्वं परित्यज्याऽस्वाधीनं परं समीकर्त्तुं

અભ્યાસને જ સાધ્ય માને છે. તેથી તેઓ યોગના અભ્યાસથી ખુશ થાય છે. યોગના અભ્યાસરૂપી સાધનથી સમતા સાધવાની છે, એ તત્ત્વને તો તેઓ ભૂલી જાય છે. તેથી તેઓ સમતાની સિદ્ધિ માટે પ્રયત્ન કરતાં નથી. આમ તેઓ સમતાના માર્ગમાંથી ઊતરી જાય છે.

શ્રુતજ્ઞાન, ચારિત્રપાલન અને યોગનો અભ્યાસ - આ સમતા પામવાના ઉપાયો છે. સામ્ય તો તેનાથી સાધવાનું છે. કેટલાક મુનિજનો સાધ્યને ભૂલી જઈને ઉપાયોને જ સેવે છે. આમ વ્યવહારથી તેઓ આરાધના કરતાં હોવા છતાં પણ નિશ્ચયથી આરાધનાના માર્ગથી દૂર છે. સામ્યની પ્રાપ્તિ માટે બહિર્મુખતા ત્યજવી અને અન્તર્મુખ બનવું. **અધ્યાત્મોપનિષદ્**માં કહ્યું છે, 'તેથી આત્માના દર્શન કરવાની ઇચ્છાવાળાએ જ્ઞાનથી અંતર્મુખ થવું. દ્રષ્ટાનું જ્ઞાનસ્વરૂપ એ મોક્ષ છે અને દૃશ્ય પદાર્થો સાથેની એકમેકતા એ ભવભ્રમણ છે. (૨/૫)' (૧૯)

અવતરણિકા - લોકોનું અનુવર્તન કરનાર શી રીતે માર્ગથી દૂર થાય છે, એમ બતાવી બીજી રીતે લોકોના અનુવર્તનનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે -

---

१. मूढाः - Fl

आग्रहः किम् (क्रियते) ? ॥२०॥

पद्यीया वृत्तिः - मूढ ! - मोहमोहितजीवस्य सम्बोधनम्, **विषमम्** - विचित्रस्वभावम्, **दोषमन्दिरम्** - दोषाणां मन्दिरम्-स्थानमिति दोषमन्दिरम्-दोषकोशमित्यर्थः, **स्वाधीनम्** - स्वतन्त्रम्, **स्वम्** - आत्मानं, **परित्यज्य** - मुक्त्वा, **अस्वाधीनम्** - पराधीनम्, **परम्** - स्वव्यतिरिक्तम्, **समीकर्त्तुम्** - साम्यामृतमग्नं विधातुम्, **आग्रहः** - निर्बन्धः, **किम्** - किमर्थम् ? **क्रियते** इत्यत्राध्याहार्यम् ।

जीवो मोहेन मोहितो वर्त्तते । ततः स्वात्मनः साधनां विमुच्य स पराँस्तारयितुं प्रयतते। तस्य स्वभावो विषमोऽस्ति । स कदाचिद् विषयेषु सजति, कदाचित्तेभ्यो विरज्यति । स कदाचित् क्रुध्यति कदाचित्तु क्षाम्यति । इत्थं मोहमूढः स विचित्रं चेष्टते । यदुक्तं **वीतरागस्तोत्रे षोडशे प्रकाशे कलिकालसर्वज्ञैः - 'क्षणं सक्तः क्षणं मुक्तः, क्षणं क्रुद्धः क्षणं क्षमी । मोहाद्यैः क्रीडयैवाहं, कारितः कपिचापलम् ॥४॥'** स दोषाणां भाण्डागारसमोऽस्ति । तस्मिन्सर्वेऽपि दोषाः सन्ति । दोषप्रभावेण तस्य स्वरूपं तिरोहितम् । स विषमो जातः । स स्वाधीनोऽस्ति । स कस्यचिदपि परस्याऽधीनो नास्ति। यदि स स्वात्मानं समीकर्त्तुमिच्छति तर्हि सुखेन तथा कर्त्तुं शक्नोति । स स्ववशे

शब्दार्थ - હે મૂઢ ! વિષમ (રાગદ્વેષ કરનાર), દોષોનું મંદિર અને પોતાને આધીન એવા પોતાને છોડીને પોતાને અસ્વાધીન એવા બીજાને સમ કરવાનો આગ્રહ શા માટે કરાય છે ? (૨૦)

પદ્યીયાવૃત્તિનો ભાવાનુવાદ - જીવ મોહથી મોહિત છે. તેથી પોતાની સાધનાને છોડીને તે બીજાને તારવા માટે પ્રયત્ન કરે છે. તેનો સ્વભાવ વિષમ છે. તે ક્યારેક વિષયોમાં આસક્ત થાય છે અને ક્યારેક તેમનાથી વિરક્ત થાય છે. તે ક્યારેક ગુસ્સે થાય છે અને ક્યારેક માફ કરે છે. આમ મોહથી મૂઢ એવો તે વિચિત્ર પ્રકારની ચેષ્ટાઓ કરે છે. **વીતરાગસ્તોત્રના સોળમા પ્રકાશમાં કલિકાલસર્વજ્ઞજીએ** કહ્યું છે - 'ક્ષણમાં સક્ત, ક્ષણમાં મુક્ત, ક્ષણમાં ક્રોધી, ક્ષણમાં ક્ષમાવાળો હું મોહ વગેરે વડે રમતથી જ વાંદરા જેવી ચપળતા કરાવાયો. (૪)' તે દોષોનો ભંડાર છે. તેનામાં બધા દોષો છે. દોષોના પ્રભાવથી તેનું સ્વરૂપ ઢંકાઈ ગયું છે. તે વિષમ બની ગયો છે. તે સ્વાધીન છે. તે બીજા કોઈને પરાધીન નથી. જો તે પોતાને સમ કરવા ઇચ્છે છે તો તે સુખેથી તેમ કરી શકે છે. તે પોતાના વશમાં જ છે. આમ

एवाऽस्ति । इत्थं संसारी जीवो रागादिभिः कलुषितोऽस्ति । स दोषैः पूर्णोऽस्ति । स स्वतन्त्रोऽस्ति । ततस्तेन स्वात्मनि समताया आधानं कर्त्तुं शक्यम् ।

परेऽपि संसारिजीवा रागादिभिः कलङ्किता दोषैश्च दूषिताः सन्ति, परन्तु ते तेषां वशे सन्ति, न त्वस्य संसारिजीवस्य वशे । ततस्तेन तेषां समीकरणं शक्यं स्यान्नवा । स तानुपदेशमेव दातुं शक्नोति । आत्मनः समीकरणप्रयासस्तु तैरेव कर्त्तव्यः । ते तु तथा कुर्युर्नवा । ते कदाचित्तस्योपदेशमेव न शृणुयुः । उपदेशश्रवणेऽपि ते कदाचित्तदनुसारेण न प्रवर्त्तेरन् । उपदेशानुसारेण प्रवर्त्तनेऽपि ते कदाचित् स्वात्मनि साम्यमापादयितुं न शक्नुयुः । ततस्तेषां प्रयासो विफलः स्यात् । तस्य स्वात्मा तु तस्य वशे एवाऽस्ति । ततो यदि तेन तत्र समताऽऽधानं कर्त्तुं निश्चयप्रयत्नौ कृतौ तर्हि सोऽवश्यं समताभावितो भवेत् । इत्थं तस्य यत्नः सफलः स्यात् ।

यः स्वाधीनं स्वं परित्यज्य पराधीनं परं समीकर्त्तुमभिषति स उभयभ्रष्टो भवति । तेन परोऽपि समो न जायते नापि स्वात्मा । ततः स दुर्लभं मानुष्यं जिनधर्मं च प्राप्य मुधा हारयति ।

સંસારી જીવ રાગ વગેરેથી કલુષિત છે. તે દોષોથી ભરેલો છે. તે સ્વતંત્ર છે. તેથી તેની માટે પોતાના આત્મામાં સમતાને લાવવી શક્ય છે.

બીજા પણ સંસારી જીવો રાગ વગેરેથી કલંકિત છે અને દોષોથી દૂષિત છે. પણ તેઓ તેમના વશમાં છે, આ સંસારી જીવના વશમાં નથી. તેથી તે તેમને સમ કરી શકે અથવા ન પણ કરી શકે. તે તેમને ઉપદેશ જ આપી શકે છે. આત્માને સમ કરવાનો પ્રયાસ તો તેમણે જ કરવાનો છે. તેઓ તો તેમ કરે કે ન પણ કરે. તેઓ કદાચ તેના ઉપદેશને જ ન સાંભળે. ઉપદેશ સાંભળવા છતાં તેઓ કદાચ તેને અનુસારે ન પ્રવર્તે. ઉપદેશ અનુસાર પ્રવર્તવા છતાં પણ તેઓ કદાચ પોતાના આત્મામાં સમતા ન લાવી શકે. તેથી તેનો પ્રયાસ નિષ્ફળ થાય. તેનો પોતાનો આત્મા તો તેના વશમાં જ છે. તેથી જો તેમાં સમતા લાવવા નક્કી કરાય અને પ્રયત્ન કરાય તો તે અવશ્ય સમતાથી ભાવિત થાય. આમ તેની મહેનત સફળ થાય.

જે પોતાને આધીન એવા પોતાને છોડીને પરાધીન એવા બીજાને સમ બનાવવા ઇચ્છે છે, તે ઉભયથી ભ્રષ્ટ થાય છે. તેનાથી બીજા પણ સમ થતાં નથી અને પોતાનો આત્મા પણ સમ થતો નથી. તેથી તે દુર્લભ એવું મનુષ્યપણું અને જૈન ધર્મ પામીને ફોગટ હારી જાય છે.

ततो ग्रन्थकारोऽत्र तस्मै उपदेशं ददाति-स्वाधीनं स्वं परित्यज्याऽस्वाधीनं परं समीकर्त्तुं किमर्थं त्वमाग्रहं कुरुषे ? इममाग्रहं मुञ्च । परतप्तिं त्यज । स्वात्मानं समीकर्त्तुं निश्चिनु । तथा प्रवर्त्तस्व । एवमात्मानं समं कुरु । यत्स्वसमीपे विद्यते तदेव परेभ्यो दातुं शक्यते । स्वयमसमस्त्वं कथं परान्समान्करिष्यसि ? प्रथममात्मानं समीकुरु । ततः परेषां समीकरणाय प्रयतस्व । एवं त्वया लब्धौ मानुष्यजिनधर्मौ सफलौ भविष्यतः । तव सर्वः प्रयासोऽपि सफलो भविष्यति ।

इदमत्र तात्पर्यम् - **स्वात्मनः साधनां परित्यज्य न केवलं परांस्तारयितुमेव प्रयतनीयम् । स्वात्मसाधनां कुर्वतैवाऽन्यतारणप्रयासः कर्त्तव्यः ॥२०॥**

अवतरणिका - लोकानुवृत्तिं त्यक्त्वा स्वात्मा समः कर्त्तव्य इत्युपदिष्टम् । अधुना स्वात्मा कथं समीभवतीति दर्शयति -

मूलम् - [१]वृक्षस्य छिद्यमानस्य[२], भूष्यमाणस्य [३]वाजिनः ।
यथा न [४]रोषस्तोषश्च, भवेद्योगी समस्तथा ॥२१॥

તેથી ગ્રંથકારશ્રી અહીં તેને ઉપદેશ આપે છે - પોતાને આધીન એવા પોતાને છોડીને જે પોતાને આધીન નથી, એવા પરને સમ કરવા માટે શા માટે તું આગ્રહ કરે છે ? આ આગ્રહ છોડી દે. પારકી ચિંતા છોડ. પોતાને સમ કરવાનો નિશ્ચય કર. તે રીતે પ્રવૃત્તિ કર. આમ આત્માને સમ કર. જે પોતાની પાસે હોય તે જ બીજાને આપી શકાય છે. પોતે અસમ એવો તું શી રીતે બીજાને સમ કરી શકીશ? પહેલા પોતાને સમ કર, પછી બીજાને સમ કરવા પ્રયત્ન કર. આમ તને મળેલા મનુષ્યભવ અને જૈન ધર્મ સફળ થશે. તારી બધી મહેનત પણ સફળ થશે.

અહીં તાત્પર્ય આવું છે - **પોતાના આત્માની સાધના છોડીને માત્ર બીજાને જ તારવાનો પ્રયત્ન ન કરવો. પોતાના આત્માની સાધના કરતાં કરતાં જ બીજાને તારવાનો પ્રયત્ન કરવો. (૨૦)**

અવતરણિકા - લોકોના અનુવર્તનનો ત્યાગ કરીને પોતાના આત્માને સમ કરવો - એવો ઉપદેશ આપ્યો. હવે પોતાનો આત્મા કેવી રીતે સમ થાય છે ? એ બતાવે છે -

---

१. नखस्य - C, H, II २. छेद्यमानस्य - A, B, C, E, F, G, J, K, LI ३. वा जनैः - DI ४. रोषतोषौ च - C, H, II

अन्वयः - यथा छिद्यमानस्य वृक्षस्य भूष्यमाणस्य (च) वाजिनः रोषस्तोषश्च न (भवति) तथा योगी समो भवेत् ॥२१॥

पद्मीया वृत्तिः - **यथा**शब्दो दृष्टान्तोपन्यासार्थः, **छिद्यमानस्य** - कृत्यमानस्य, **वृक्षस्य** - तरोः, **भूष्यमाणस्य** - अलङ्क्रियमाणस्य, '**च**' इत्यत्राध्याहार्यम्, **च**शब्दः समुच्चये, **वाजिनः** - अश्वस्य, **रोषः** - द्वेषः, **तोषः** - रागः, **च**शब्दो - समुच्चये, **न**शब्दो निषेधे, '**भवति**' इत्यत्राध्याहार्यम्, **तथा**शब्दो दार्ष्टान्तिकप्रदर्शने, **योगी** - साधकः, **समः** - समताभावितः, **भवेत्** - स्यात् ।

जनाः स्वप्रयोजननिष्पत्त्यर्थं कारणं विना वा वृक्षं छिन्दन्ति । तथापि वृक्षस्तेभ्यो न क्रुध्यति । स छेदनं सहते । वृक्षस्य चेतनत्वाद् रागद्वेषौ भवतः, परन्तु तस्याऽत्यव्यक्तचैतन्यवत्त्वादुपचारं कृत्वाऽत्रोक्तं छिद्यमानस्य वृक्षस्य द्वेषो न भवतीति । वृक्षश्छेदनस्य प्रतिक्रियां न दर्शयति ।

पशवो वस्त्रालङ्काराणि न परिदधति । यदि केनचित्कश्चिदश्वोऽलङ्कारैर्भूषितस्तर्ह्यपि सोऽश्वो न प्रमोदते ।

एवं योगिनोऽपि सर्वत्र समाः सन्ति । ते सुखे लीना न भवन्ति । ते दुःखे दीना न भवन्ति । ते इष्टेषु न रज्यन्ति । तेऽनिष्टेषु द्वेषं न कुर्वन्ति । तेऽनुकूलतायां हर्षं न कुर्वन्ति ।

शब्दार्थ - જેમ છેદાતાં વૃક્ષને અને શણગારાતાં ઘોડાને ગુસ્સો અને આનંદ થતો નથી, તેમ યોગી સમ હોય. (૨૧)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - લોકો પોતાના કાર્યને કરવા કે વિના કારણે પણ વૃક્ષને છેદે છે. છતાં પણ ઝાડ તે લોકો ઉપર ગુસ્સો કરતું નથી. તે છેદનને સહે છે. જો કે ઝાડ સચેતન હોવાથી, તેને રાગ-દ્વેષ થાય છે, પણ તેનું ચૈતન્ય ખૂબ જ અવ્યક્ત હોવાથી ઉપચાર કરીને અહીં કહ્યું કે છેદાતાં ઝાડને દ્વેષ થતો નથી. ઝાડ છેદનની પ્રતિક્રિયા દેખાડતું નથી.

પશુઓ કપડાં, અલંકાર વગેરે પહેરતાં નથી. જો કોઈક માણસ કોઈક ઘોડાને અલંકાર વગેરેથી શણગારે તો પણ તે ઘોડો ખુશ થતો નથી.

એમ યોગીઓ પણ બધે સમાન હોય છે. તેઓ સુખમાં લીન થતાં નથી. તેઓ દુઃખમાં દીન થતાં નથી. તેઓ ઈષ્ટમાં રાગ કરતાં નથી અને અનિષ્ટમાં દ્વેષ કરતાં

ते प्रतिकूलतायां खेदं न कुर्वन्ति । ते कर्मसिद्धान्तं सम्यग्विदन्ति । 'स्वस्वकर्मानुसारेणेयं जगतो व्यवस्था सम्यक्प्रवर्त्तते । कुत्रचिदप्यन्यायः पक्षपातो वा न भवति ।' इति विचार्य योगिनः कुत्रचिदपि रागद्वेषौ न कुर्वन्ति । **योगशतकेऽप्युक्तम्** - '**वासी-चंदणकप्पो, समसुह-दुक्खो मुणी समक्खाओ । भव-मोक्खापडिबद्धो, अओ य पाएण सत्थेसु ॥२०॥**' (**छाया** - वासि-चन्दनकल्पः, समसुखदुःखो मुनिः समाख्यातः । भवमोक्षाप्रतिबद्धः, अतश्च प्रायेण शास्त्रेषु ॥२०॥) यदुक्त**मुपदेशमालायाम्** - '**जो चंदणेण बाहुं आलिंपइ, वासिणा व तच्छेइ । संथुणइ जो अ निंदइ, महरिसिणो तत्थ समभावा ॥९२॥**' (**छाया** - यः चन्दनेन बाहुमालिम्पति, वासिना वा तक्ष्णोति । संस्तौति यश्च निन्दति, महर्षयस्तत्र समभावाः ॥९२॥) **ज्ञानसारे शमाष्टके**ऽप्युक्तम् - '**शमसूक्तसुधासिक्तं, येषां नक्तन्दिनं मनः । कदापि ते न दह्यन्ते, रागोरगविषोर्मिभिः ॥६७॥**'

योगी सर्वाञ्जीवान्समान् पश्यति । स सर्वान्पुद्गलान्समान्पश्यति । स सर्वान्प्रसङ्गान्समान्पश्यति । स सर्वान्कालान्समान्पश्यति । स सर्वाणि क्षेत्राणि समानि पश्यति । ततः स स्वयमपि तेषु समो भवति । अन्ये जीवा जीवान्विषमान्पश्यन्ति । ते पुद्गलान्विषमान्प-

---

નથી. તેઓ અનુકૂળતામાં હર્ષ કરતાં નથી, તેઓ પ્રતિકૂળતામાં ખેદ કરતાં નથી. તેઓ કર્મના સિદ્ધાન્તને બરાબર જાણે છે. 'પોતપોતાના કર્મો અનુસાર જગતની આ વ્યવસ્થા બરાબર ચાલે છે. ક્યાંય અન્યાય કે પક્ષપાત થતો નથી.' આમ વિચારી યોગીઓ ક્યાંય રાગદ્વેષ કરતાં નથી. **યોગશતક**માં કહ્યું છે - 'માટે જ શાસ્ત્રોમાં પ્રાયઃ રંધા અને ચંદનને વિષે સમાન, સુખ-દુઃખમાં સમાન, સંસાર અને મોક્ષને વિષે રાગ વિનાનો એવો મુનિ કહેવાયો છે' **ઉપદેશમાળામાં** કહ્યું છે - 'જે ચંદનથી બાહુને વિલેપન કરે છે કે રંધાથી તેને છોલે છે, જે સ્તુતિ કરે છે અને નિંદા કરે છે, મહર્ષિઓ તેમને વિષે સમભાવવાળા હોય છે. (૯૨)' **જ્ઞાનસાર**માં **શમાષ્ટક**માં પણ કહ્યું છે - 'જેમનું મન રાતદિવસ સમતાના અમૃતથી સિંચાયેલું હોય છે, તેઓ ક્યારે પણ રાગરૂપી સર્પના વિષના તરંગોથી બળતાં નથી. (૬૭)'

યોગી બધા જીવોને સમાન જુવે છે. તે બધા પુદ્ગલોને સમાન જુવે છે. તે બધા પ્રસંગોને સમાન જુવે છે. તે બધા કાળોને સમાન જુવે છે. તે બધા ક્ષેત્રોને સમાન જુવે છે. તેથી તે પોતે પણ તેમના વિષે સમ થાય છે. બીજા જીવો જીવોને વિષમ

श्यन्ति । ते प्रसङ्गान्विषमान्पश्यन्ति । ते कालान्विषमान्पश्यन्ति । ते क्षेत्राणि विषमाणि पश्यन्ति । ततस्ते स्वयमपि तेषु विषमा भवन्ति । तेऽनुकूलेषु तेषु रागं कुर्वन्ति प्रतिकूलेषु च तेषु द्वेषं कुर्वन्ति ॥२१॥

अवतरणिका - योगिनः समतां वर्णयित्वाऽधुना समताऽऽनन्दप्राप्त्यर्थं प्रभूतः परिश्रमः कर्त्तव्य इत्युपदिशति -

मूलम् - सूर्यो जनस्य तापाय, [१]सोमः शीताय [२]खिद्यते ।
[३]तद्योगी [४]सूर्यसोमाभः, सहजानन्दतां भजेत् ॥२२॥

अन्वयः - सर्यो जनस्य तापाय (खिद्यते), सोमः (जनस्य) शीताय खिद्यते, तत् सूर्यसोमाभो योगी सहजानन्दतां भजेत् ॥२२॥

पद्यीया वृत्तिः - सूर्यः - भास्करः, **जनस्य** - लोकस्य, **तापाय** - आतपदानाय, **खिद्यते** इति क्रियापदमत्राक्षेपणीयम्, **सोमः** - चन्द्रः, **जनस्येत्यत्राक्षेपणीयम्, शीताय** - शैत्यदानाय, **खिद्यते** - परिश्राम्यति, **तत्** -ततः, **सूर्यसोमाभः** - सूर्यश्च सोमश्चेति सूर्यसोमौ, तयोरिवाभातीति सूर्यसोमाभः, **योगी, सहजानन्दताम्** - पूर्वोक्तस्वरूपाम्, **भजेत्** - प्राप्नुयात् ।

जनाः शीतेनार्त्ता भवन्ति । ततस्तेभ्यस्तापदानाय सूर्योऽविरतं गगने परिभ्रमति । स

જુવે છે. તેઓ પુદ્ગલોને વિષમ જુવે છે. તેઓ પ્રસંગોને વિષમ જુવે છે. તેઓ કાળોને વિષમ જુવે છે. તેઓ ક્ષેત્રોને વિષમ જુવે છે. તેથી તેઓ પોતે પણ તેમને વિષે વિષમ બને છે. તેઓ અનુકૂળ એવા તેમની ઉપર રાગ કરે છે અને પ્રતિકૂળ એવા તેમની ઉપર દ્વેષ કરે છે. (૨૧)

અવતરણિકા - યોગીની સમતાનું વર્ણન કરીને હવે 'સમતાના આનંદને પામવા ઘણી મહેનત કરવી જોઈએ,' એવો ઉપદેશ આપે છે -

શબ્દાર્થ - સૂર્ય લોકોને તાપ આપવા શ્રમ કરે છે, ચન્દ્ર લોકોને ઠંડક આપવા શ્રમ કરે છે, તેથી સૂર્ય અને ચન્દ્ર જેવો યોગી સહજાનંદપણાને પામે છે. (૨૨)

---

१. सोमश्शीताय - KI २. खिद्यति - H, I, विद्यते - LI ३. यद्योगी - AI ४. सोमसूर्याभ्यां - C, H, I, सोमसूर्याभः - D, सूर्यसोमाभस्सहजा ... LI

क्षणमपि न विश्राम्यति । यद्यप्यत्र रात्रौ वयं सूर्यं न पश्यामस्तथापि स परस्मिन्क्षेत्रे परेभ्यस्तापं ददात्येव । जना अन्धकारेण पीड्यन्ते । ततस्तेभ्यः प्रकाशदानाय सूर्यो नित्यं गगने परिभ्रमति । जना घर्मणा पीड्यन्ते । ततस्तेभ्यः शैत्यदानाय चन्द्रः सततं व्योम्नि भ्रमति । स क्षणमपि न तिष्ठति । अनादिकालात्सूर्याचन्द्रमसौ तापशैतदानरूपं स्वीयं कार्यं विनापवादं सततं कुरुतः । भविष्यत्कालेऽपि तौ सततमेव स्वकार्यं करिष्यतः । योग्यपि सूर्यचन्द्रसमो भवति । स सततं स्वात्मनि विद्यमानाया रागद्वेषरिणतेर्ह्रासार्थं प्रयतते । स तत्र क्षणमपि न प्रमाद्यति । क्षणमपि प्रमादे कृते रागादिदोषा आत्मनि प्रविश्य तं पीडयन्ति । ततो योगी सदोषयोगपरो भवति येन सूक्ष्मोऽपि दोषस्तदात्मनि न प्रविशति । एवं सततप्रयत्नशीलेन योगिनाऽऽत्मनि विद्यमानः स्वाभाविक आनन्दः प्राप्यते । यः सततं प्रयतते सोऽवश्यं साध्यं साध्नोति । सूर्यस्य तापः स्वाभाविकः, न त्वौपाधिकः । एवं चन्द्रस्य शैत्यमपि स्वाभाविकं, न त्वौपाधिकम् । एवं मुनेरपि

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - લોકો ઠંડીથી પીડાય છે. તેથી તેમને તાપ આપવા માટે સૂરજ અટક્યા વિના ગગનમાં ભમે છે. તે એક ક્ષણ માટે પણ વિશ્રામ કરતો નથી. જો કે અહીં રાત્રે આપણને સૂર્ય દેખાતો નથી, છતાં પણ તે બીજા ક્ષેત્રમાં બીજાને તાપ આપે જ છે. લોકો અંધકારથી પીડાય છે. તેથી તેમને પ્રકાશ આપવા સૂર્ય હંમેશા આકાશમાં ભમે છે. લોકો ગરમીથી પીડાય છે. તેથી તેમને ઠંડક આપવા ચન્દ્ર સતત આકાશમાં ભમે છે. તે એક ક્ષણ માટે પણ સ્થિર રહેતો નથી. અનાદિકાળથી સૂર્ય અને ચંદ્ર તડકો અને ઠંડક આપવારૂપ પોતાનું કાર્ય અપવાદ વિના સતત કરે છે. ભવિષ્યમાં પણ તે બંને સતત પોતાનું કાર્ય કરશે. યોગી પણ સૂર્ય-ચંદ્ર જેવો છે. તે સતત પોતાના આત્મામાં રહેલી રાગદ્વેષની પરિણતિને ઘટાડવા પ્રયત્ન કરે છે. તે તેમાં એક ક્ષણનો પણ પ્રમાદ કરતો નથી. એક ક્ષણનો પણ પ્રમાદ કર્યે છતે રાગ વગેરે દોષો આત્મામાં પેસીને તેને પીડે છે. તેથી યોગી હંમેશા ઉપયોગવાળો હોય છે કે જેથી થોડો પણ દોષ તેના આત્મામાં પેસે નહીં. આમ સતત પ્રયત્નશીલ એવો યોગી આત્મામાં રહેલા સ્વાભાવિક આનંદને મેળવે છે. જે સતત પ્રયત્ન કરે છે, તે અવશ્ય સાધ્યને સાધે છે. સૂર્યનો તડકો સ્વાભાવિક છે, કોઈ ઉપાધિથી થયેલ નથી. એમ ચંદ્રની ઠંડક પણ સ્વાભાવિક છે, ઉપાધિથી થયેલ નથી. એમ મુનિનો પણ સમતાનો આનંદ સ્વાભાવિક જ છે, બીજી ઉપાધિથી થયેલ

समतानन्दः स्वाभाविक एव, न तु परौपाधिकः । सूर्यः स्वीयं तापमन्येभ्यो ददाति । चन्द्रः स्वीयं शैत्यमन्येभ्यो यच्छति । एवं समताभाग्योगी परानपि समताभाजः करोति। सूर्याचन्द्रमसौ लोकोपकारार्थं क्लेशं सहेते । एवं योग्यपि लोकोपकारार्थं क्लेशं सहते। जीवस्य सततं प्रयत्नकरणेनाऽऽन्तरशत्रूणां बलं हीयते । ततस्त आत्मानं विमुच्य पलायन्ते। तेनाऽऽत्मनः स्वाभाविक आनन्दः प्रकटीभवति ॥२२॥

अवतरणिका - अशुभध्यानत्यागेन समतानन्दं प्राप्यते । अतोऽशुभध्यानत्यागोपायं दर्शयति -

मूलम् - यथा गुडादिदानेन यत्किञ्चित्त्याज्यते शिशुः ।
[1]चलं चित्तं शुभध्याने-नाऽशुभं त्याज्यते तथा ॥२३॥

अन्वयः - यथा शिशुर्गुडादिदानेन यत्किञ्चित्त्याज्यते तथा चलं चित्तं शुभध्यानेनाऽशुभं (ध्यानं) त्याज्यते ॥२३॥

पद्मीया वृत्तिः - **यथा**शब्दो दृष्टान्तोपन्यासे, **शिशुः** - बालः, **गुडादिदानेन** - गुडः-मिष्टद्रव्यविशेषः, स आदौ येषां क्रीडनकपुस्तकादीनामिति गुडादयः, तेषां दानम्-

---

નથી. સૂર્ય પોતાનો તાપ બીજાને આપે છે. ચંદ્ર પોતાની ઠંડક બીજાને આપે છે. એમ સમતાવાળો યોગી બીજાને પણ સમતાવાળા કરે છે. સૂર્ય અને ચન્દ્ર લોકો ઉપર ઉપકાર કરવા માટે ક્લેશને સહન કરે છે. એમ યોગી પણ લોકો ઉપર ઉપકાર કરવા માટે ક્લેશ સહન કરે છે. જીવના સતત પ્રયત્ન કરવાથી અંદરના દુશ્મનોનું બળ ઘટે છે. તેથી તેઓ આત્માને છોડીને ભાગે છે. તેથી આત્માનો સ્વાભાવિક આનંદ પ્રગટ થાય છે. (૨૨)

અવતરણિકા - અશુભધ્યાનના ત્યાગથી સમતાનો આંનદ મળે છે. માટે અશુભધ્યાનને છોડવાનો ઉપાય બતાવે છે -

શબ્દાર્થ - જેમ બાળકને ગોળ વગેરે આપીને તેની પાસેથી કાંઈ પણ છોડાવાય છે, તેમ ચંચળ મનને શુભધ્યાન આપીને તેની પાસેથી અશુભધ્યાન છોડાવાય છે. (૨૩)

---

१. चलचित्तं - J।

अर्पणमिति गुडादिदानम्, तेन, **यत्किञ्चित्** - उपलाद्यशुभवस्तु, **त्याज्यते** - मोच्यते, **तथा**शब्दो दार्ष्टान्तिकप्रदर्शने, **चलं** - चञ्चलम्, **चित्तम्** - चेतः, **शुभध्यानेन** - शुभो विषयो यस्य ध्यानस्य तत् शुभध्यानम्, तेन, **अशुभम्** - अशुभविषयकम्, **ध्यान**मित्यत्राध्याहार्यम्, **त्याज्यते** - मोच्यते ।

बालोऽज्ञोऽस्ति । स स्वहिताहितं न जानाति । ततोऽहितमपि स हितबुद्ध्या गृह्णाति । स उपलं मुखे प्रक्षिपति । स शस्त्रैः क्रीडति । स विष्टायामङ्गुलिं क्षिपति । एवमाद्या अशुभप्रवृत्तयः स करोति । ताभिः स्वाऽहितं भविष्यतीति स न जानाति । तस्य माता तं तदशुभवस्तुप्रवृत्तिमोचनार्थं प्रज्ञापयति । परन्तु स तानि न मुञ्चति । स तदशुभवस्तु-प्रवृत्तिकरणायैवाऽऽग्रहं करोति । ततस्तस्य माता युक्तिं प्रयुनक्ति । सा तस्मै गुड-क्रीडनक-पुष्पादिकं ददाति । ततः स तान्यशुभवस्तूनि विमुच्य गुडादीन्गृह्णाति । एवं मात्रा गुडादिदानेन बालोऽशुभवस्तूनि त्याज्यते । ततस्तस्याऽहितं न भवति ।

चित्तं चञ्चलमस्ति । तत्सर्वत्र भ्रमति । तत्स्वहिताहितं न जानाति । ततस्तदशुभमपि ध्यायति । तेनाऽऽत्मनोऽहितं भविष्यतीति तन्न जानाति । कदाचित्तज्ज्ञानानमपि तदशुभमेव ध्यायति । ततस्तस्मै ध्यानार्थं शुभविषया दातव्याः । ततस्तदशुभध्यानं विमुच्य शुभं

पद्मीयावृत्तिनो भावानुवाद - બાળક અજ્ઞ હોય છે. તે પોતાના હિતને અને અહિતને જાણતો નથી. તેથી અહિતને પણ તે હિતની બુદ્ધિથી ગ્રહણ કરે છે. તે મોઢામાં પથ્થર નાંખે છે. તે શસ્ત્રો વડે રમે છે. તે વિષ્ટામાં આંગળી નાંખે છે. આવા પ્રકારની અશુભ પ્રવૃત્તિઓ તે કરે છે. તેમનાથી પોતાનું અહિત થશે, એમ તે જાણતો નથી. તેની માતા તેને તે ખરાબ વસ્તુ અને પ્રવૃત્તિ છોડવા માટે સમજાવે છે, પણ તે તેને છોડતો નથી. તે તે ખરાબ વસ્તુ અને પ્રવૃત્તિ કરવાનો જ આગ્રહ કરે છે. તેથી તેની માતા યુક્તિ કરે છે. તેણી તેને ગોળ, રમકડા, ફૂલ વગેરે આપે છે. તેથી તે તે અશુભ વસ્તુઓને છોડીને ગોળ વગેરે લઈ લે છે. આમ માતા ગોળ વગેરે આપીને બાળક પાસે ખરાબ વસ્તુ છોડાવે છે. તેથી તેનું અહિત થતું નથી.

ચિત્ત ચંચળ છે. તે બધે ભમે છે. તે પોતાના હિત અને અહિતને જાણતું નથી. તેથી તે ખરાબ વસ્તુનું પણ ધ્યાન કરે છે. તેનાથી પોતાનું અહિત થશે એમ તે જાણતું નથી. ક્યારેક તે જાણવા છતાં પણ અશુભનું જ ધ્યાન કરે છે. માટે તેને

ध्यायति। इत्थमात्मना शुभध्यानेन चित्तमशुभध्यानं त्याज्यते। ततस्तस्याऽहितं न भवति। यद्यप्यन्तेऽविकल्पावस्थैव साधनीया तथापि प्रथममशुभध्यानत्यागार्थं शुभध्यानमालम्बनीयम्। ततोऽन्ते शुभध्यानमपि विमुच्य निर्विकल्पेन भाव्यम्। शुभध्यानमेवमेव न भवति। तदर्थं शुभानुष्ठानेषु प्रवर्त्तनीयम्। शुभक्रियाकरणेन मनः शुभध्याने रमते। यथा पशवः सततमाहरन्ति तथा मनः सततं चिन्तयति। ततो यदा तदशुभं चिन्तयति तदा तस्मै चिन्तनार्थं शुभो विषयो दातव्यः। ततस्तदशुभचिन्तनं विमुच्य शुभं चिन्तयति ॥२३॥

अवतरणिका - अशुभध्यानेन क्लेशो जायते। मुनिस्तु क्लेशं न स्पृशतीति दर्शयति -

मूलम् - सर्वभूताविनाभूतं, स्वं पश्यन्सर्वदा मुनिः।
[१]मैत्र्याद्यमृतसम्मग्नः, क्व क्लेशांशमपि स्पृशेत् ? ॥२४॥

अन्वयः - मैत्र्याद्यमृतसम्मग्नः सर्वदा स्वं सर्वभूताविनाभूतं पश्यन् मुनिः क्लेशांशमपि क्व स्पृशेत् ? ॥२४॥

ધ્યાન કરવા માટે સારા વિષયો આપવા. તેથી તે અશુભ ધ્યાનને છોડીને શુભધ્યાન કરે છે. આમ આત્મા ચિત્તને શુભધ્યાન આપીને તેની પાસેથી અશુભધ્યાન છોડાવે છે. તેથી તેનું અહિત થતું નથી. જો કે છેલ્લે અવિકલ્પ અવસ્થા જ સાધવાની છે. છતાં પણ પહેલા અશુભધ્યાનને છોડવા શુભધ્યાનનું આલંબન લેવું. પછી અંતે શુભધ્યાનને પણ છોડીને નિર્વિકલ્પ થવું. શુભધ્યાન એમને એમ થતું નથી. તેની માટે સારા અનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. શુભક્રિયાઓ કરવા વડે મન શુભધ્યાનમાં રમે છે. જેમ પશુઓ સતત આહાર કરે છે, તેમ મન સતત વિચારે છે. તેથી જ્યારે તે ખરાબ વિચારતું હોય ત્યારે તેને વિચારવા માટે સારો વિષય આપવો. તેથી તે ખરાબ વિચારવાનું છોડીને સારું વિચારે છે. (૨૩)

અવતરણિકા - અશુભધ્યાનથી ક્લેશ થાય છે. મુનિ તો ક્લેશને અડતો નથી, એમ બતાવે છે -

શબ્દાર્થ - મૈત્રી વગેરે ભાવનાઓના અમૃતમાં ડૂબેલો, હંમેશા પોતાને બધા જીવોથી અભિન્ન જોતો મુનિ થોડા પણ ક્લેશને ક્યાંથી સ્પર્શે ? (અર્થાત્ ન સ્પર્શે.) (૨૪)

---

१. तथा चेत् चेष्टते ज्ञानी तदिहैव परं सुखम् ॥ -H,॥

पद्मीया वृत्तिः - **मैत्र्याद्यमृतसम्मग्नः** - मैत्र्यादौ यासां ता मैत्र्यादयः-पूर्वोक्ताश्चतस्रो भावनाः, ता एवामृतम्-सुधा, आत्मनो मरणाभावकारित्वात्, इति मैत्र्याद्यमृतम्, तत्र सम्मग्नः - सम्यग् मग्नः-लीन इति मैत्र्याद्यमृतसम्मग्नः, **सर्वदा** - सर्वकालम्, **स्वम्** - आत्मानम्, **सर्वभूताविनाभूतम्** - सर्वे-निखिलाश्च ते भूताः-जीवाश्चेति सर्वभूताः, तैरविनाभूतम्-अभिन्नमिति सर्वभूताविनाभूतम्, **पश्यन्** - चिन्तयन्, **मुनिः** - संयमी, **क्लेशांशम्** - क्लेशस्य-रागादिरूपस्यांशः-लव इति क्लेशांशः, तमिति क्लेशांशम्, **अपि**शब्दः क्लेशं तु नैव स्पृशति, परन्तु क्लेशस्यांशमपि न स्पृशतीति द्योतयति, **कथं** - कथम्, **स्पृशेत्** - स्वचित्ते आनयेत् ? न आनयेदित्यर्थः ।

मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थ्यरूपाश्चतस्रो भावनाः पूर्वमुक्ताः । यस्ता भावयति तस्य चित्तं सङ्क्लिष्टं न भवति । स सर्वावस्थासु प्रसन्नो भवति । उक्तञ्च **शास्त्रवार्तासमुच्चये श्रीहरिभद्रसूरिभिः** सूत्रिते - **'मैत्रीं भावयतो नित्यं, शुभो भावः प्रजायते । ततो भावोदकाज्जन्तोर्द्वेषाग्निरुपशाम्यति ॥१८॥'** सोऽशुभं न चिन्तयति । स शुभमेव चिन्तयति । ततोऽचिरेण स कर्मपञ्जराद् विमुच्याऽजरामरपदं प्राप्नोति । यदुक्तं **श्रीविजयसिंहसूरिविरचिते साम्यशतके** - **'मैत्र्यादिवासनामोद-सुरभीकृतदिङ्मुखम् । पुमांसं ध्रुवमायान्ति, सिद्धिभृङ्गाङ्गनाः स्वयम् ॥९८॥'** इत्थं भावितामिर्भावनाभिरात्मा मरणाभावमश्नुते । ततो मैत्र्यादिभावना अमृतरूपा उक्ताः । मुनिरेतासु भावनासु सम्यग्

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ રૂપ ચાર ભાવનાઓ પૂર્વે કહી છે. જે તેમને ભાવે છે, તેનું મન સંક્લિષ્ટ થતું નથી. તે બધી અવસ્થાઓમાં પ્રસન્ન રહે છે. **શ્રીહરિભદ્રસૂરિજી**એ રચેલ **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**માં કહ્યું છે - 'હંમેશા મૈત્રીની ભાવના કરનારાના (મનમાં) શુભ ભાવ ઉત્પન્ન થાય છે. તે ભાવરૂપી પાણીથી જીવનો દ્વેષરૂપી અગ્નિ શાન્ત થાય છે. (૧૮)' તે ખરાબ વિચારતો નથી. તે સારું જ વિચારે છે. તેથી તે ટૂંક સમયમાં કર્મોના પાંજરામાંથી છૂટીને અજરામર પદને પામે છે. **શ્રીવિજયસિંહસૂરિજી** વિરચિત **સામ્યશતક**માં કહ્યું છે - 'મૈત્રી વગેરે ભાવનાઓની સુગંધથી જેણે દિશાઓને સુગંધિત કરી છે એવા પુરુષ પાસે સિદ્ધિરૂપી ભમરીઓ સ્વયં અવશ્ય આવે છે. (૯૮)' આ રીતે ભાવેલી ભાવનાઓથી આત્મા મરણના અભાવને પામે છે. તેથી મૈત્રી વગેરે ભાવનાઓ અમૃતરૂપ કહી છે. મુનિ આ ભાવનાઓમાં સારી રીતે ડૂબે છે. જેમ પાણીમાં ડૂબેલા

मज्जति। यथा जले निमग्नस्य नरस्य सर्वमपि शरीरं जलेन प्लावितं भवति तथा भावनासु सम्मग्नो मुनिः सर्वथा भावनाभिर्भावितो भवति। भावनाभावितो मुनिः सर्वानपि जीवानात्मतुल्यान्पश्यति। अयं निजोऽयं पर इति स न चिन्तयति। स यथा स्वस्मिन् प्रवर्त्तते तथा परेष्वपि प्रवर्त्तते, यथा परेषु प्रवर्त्तते तथा स्वस्मिन्नपि प्रवर्त्तते। संसारिजीवा देहात्मनोरभेदं पश्यन्ति। ततस्ते देहात्मनोः समानरीत्या प्रवर्त्तन्ते। एवं मुनिः सर्वजीव-आत्मनामभेदं पश्यति। ततः स सर्वजीव-आत्मसु समानरीत्या प्रवर्त्तते। स कुत्रचिदपि रागं द्वेषं वा न करोति। ततस्तन्मनसि क्लेशो न भवति। रागद्वेषावेव क्लेशरूपौ। तस्य चित्तमन्यदोषैरपि न व्याप्यते। तस्य चित्ते क्लेशलेशोऽपि न भवति। यथा ब्राह्मणश्चण्डालं न स्पृशति, यथा सती परपुरुषं न स्पृशति तथा मुनिः क्लेशं न स्पृशति।

अयमत्र सङ्क्षेपः-भावनाभावितो मुनिरात्मपरयोरभेदं पश्यति, ततस्तच्चित्ते ईषदपि क्लेशो न जायते। ततोऽचिरात्स मुक्तिमाप्नोति ॥२४॥

માણસનું આખુંય શરીર પાણીથી ભીંજાઈ જાય છે, તેમ ભાવનાઓમાં સારી રીતે ડૂબેલો મુનિ ભાવનાઓથી સંપૂર્ણ રીતે ભાવિત બને છે. ભાવનાથી ભાવિત મુનિ બધા ય જીવોને પોતાની સમાન જુવે છે. આ મારો, આ બીજો, એમ તે વિચારતો નથી. તે જેમ પોતાને વિષે પ્રવર્તે છે, તેમ બીજાને વિષે પણ પ્રવર્તે છે, જેમ બીજાને વિષે પ્રવર્તે છે, તેમ પોતાને વિષે પણ પ્રવર્તે છે. સંસારી જીવો શરીર અને આત્માના અભેદને જુવે છે. તેથી તેઓ શરીર અને આત્માને વિષે સમાન રીતે પ્રવર્તે છે. એમ મુનિ બધા જીવો અને પોતાનો અભેદ જુવે છે. તેથી તે બધા જીવો અને આત્માને વિષે સમાન રીતે પ્રવર્તે છે. તે ક્યાંય રાગ કે દ્વેષ કરતો નથી. તેથી તેના મનમાં ક્લેશ થતો નથી. રાગ-દ્વેષ જ ક્લેશરૂપ છે. તેના મનમાં બીજા દોષો પણ આવતાં નથી. તેના મનમાં જરાય ક્લેશ થતો નથી. જેમ બ્રાહ્મણ ચંડાળને અડતો નથી, જેમ સતી સ્ત્રી પરપુરુષને અડતી નથી, તેમ મુનિ ક્લેશને અડતો નથી.

અહીં ટૂંકો અર્થ આ પ્રમાણે છે - ભાવનાથી ભાવિત મુનિને પોતાનામાં અને બીજામાં ભેદ દેખાતો નથી. તેથી તેના ચિત્તમાં થોડો પણ ક્લેશ થતો નથી. તેથી તે ટૂંક સમયમાં મોક્ષ પામે છે. (૨૪)

अवतरणिका - क्लेशांशमस्पृशन्मुनिरिहैव परमं सुखमनुभवति । दृष्टान्तेनैतत्समर्थयति -

मूलम् - [१]नाज्ञानाद्बालको वेत्ति, शत्रुमित्रादिकं यथा ।
[२]तथात्र चेष्टते ज्ञानी, [३]तदिहैव परं सुखम् ॥२५॥

अन्वयः - यथा बालकोऽज्ञानाच्छत्रुमित्रादिकं न वेत्ति तथा ज्ञानी अत्र चेष्टते, तदिहैव परं सुखम् (अनुभवति) ॥२५॥

पद्मीया वृत्तिः - यथाशब्दो दृष्टान्तोपन्यासे, **बालकः** - शिशुः, **अज्ञानात्** - ज्ञानाऽभावात्, **शत्रुमित्रादिकम्**-शत्रुः-अरिश्च मित्रम्-वयस्यश्चेति शत्रुमित्रे, ते आदौ यस्य स्वर्णाश्ममणिमृदादेरिति शत्रुमित्रादिकः, तं, **न**शब्दो निषेधे, **वेत्ति** - जानाति, **तथा**शब्दो दार्ष्टान्तिकोपन्यासे, **ज्ञानी** - तत्त्ववेत्ता, **अत्र** - जगति, **चेष्टते** - प्रवर्त्तते, **तत्** - तस्मात्कारणात्, **इह** - अमुत्र, **एव**शब्दो अन्यत्र परं सुखं व्यवच्छिनत्ति, **परम्** - सर्वातिशायि, **सुखम्** - आनन्दम्, **अनुभवती**त्यध्याहार्यम् ।

बालको विशिष्टज्ञानरहितो भवति । ततः स सर्वजीवान् समान् पश्यति । स शत्रोर्मित्रस्य वा स्वरूपं न जानाति । ततः स शत्रुमित्रयोर्भेदं न करोति । स सर्वपदार्थान्समान् पश्यति । स स्वर्णस्याऽश्मनो वा स्वरूपं न जानाति । ततः स स्वर्णाश्मनोर्भेदं न करोति । स मणेर्मृदो वा स्वरूपं न जानाति । ततः स मणिमृदोर्भेदं न करोति । स उपवनाऽवकरयोः

અવતરણિકા - ક્લેશના અંશને નહીં સ્પર્શતો મુનિ આ ભવમાં જ પરમ સુખને અનુભવે છે. દૃષ્ટાંત વડે આ વાતનું સમર્થન કરે છે -

શબ્દાર્થ - જેમ બાળક અજ્ઞાનને લીધે શત્રુ-મિત્ર વગેરેને જાણતો નથી, તેમ જ્ઞાની આ જગતમાં વર્તે છે. તેથી અહીં જ તે શ્રેષ્ઠ સુખને અનુભવે છે. (૨૫)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ- બાળકને વિશેષ જ્ઞાન હોતું નથી. તેથી તે બધા જીવોને સમાન જુવે છે. તેને દુશ્મનની કે મિત્રની ખબર પડતી નથી. તેથી તે દુશ્મન અને મિત્રનો ભેદભાવ કરતો નથી. તે બધા પદાર્થોને સમાન જુવે છે. તે સોનાને કે પથ્થરને જાણતો નથી. તેથી તે સોના અને પથ્થરનો ભેદ કરતો નથી. તે મણિ

---

१. नाज्ञातबालको - CI २. तथा च - A, F, J, L, तथा चेत् - C, D, H, I, KI ३. तदेवेह - DI

स्वरूपं न जानाति । ततः स उपवनाऽवकरयोर्भेदं न करोति । स सर्वप्रसङ्गान्समान्पश्यति । स जन्ममरणयोः स्वरूपं न वेत्ति । ततः स जन्ममरणयोर्भेदं न करोति । इत्थं बालोऽज्ञत्वात् शत्रुमित्रादिकस्य स्वरूपं न जानाति । ततः स सर्वत्र समदृष्टिर्भवति ।

ज्ञानी विशिष्टज्ञानवानस्ति । स शत्रुमित्रादिकस्य तात्त्विकं स्वरूपं वेत्ति । ततः स शत्रुमित्रयोः स्वर्णाश्मनोर्मणिमृदोरुपवनावकरयोः जन्ममरणयोः समदृष्टिर्भवति । ततः स कुत्रचिदपि रागद्वेषौ न करोति । स सर्वत्र समो भूत्वा प्रवर्त्तते । ततः स समतानन्दमनुभवति । ज्ञानी न केवलं सांसारिकपदार्थेष्वेव समो भवति, स भवमोक्षयोरपि समो भवति । रागद्वेषरहिताऽवस्था मोक्षः । ज्ञानी भवेऽपि निर्लेपो भवति । ज्ञानी भवेऽपि रागद्वेषाभ्यां विना प्रवर्त्तते । ततः स भवे वसन्नपि मोक्षानन्दमनुभवति । स मोक्षं नाभिलषति न वा भवं द्विष्यति । स सर्वत्राऽऽत्मानन्दमनुभवति । उक्तञ्च - **प्रशमरतौ 'निर्जितमदमदनानां, वाक्कायमनोविकाररहितानाम् । विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम् ॥२३८॥'**

અને માટીને જાણતો નથી. તેથી તે મણિ અને માટીનો ભેદ કરતો નથી. તેને બગીચા અને ઉકરડાની ખબર પડતી નથી. તેથી તે બગીચા અને ઉકરડાનો ભેદ કરતો નથી. તે બધા પ્રસંગોને સમાન જુવે છે. તેને જન્મ અને મરણની ખબર નથી. તેથી તે જન્મ અને મરણનો ભેદ કરતો નથી. આમ બાળક અજ્ઞ હોવાથી શત્રુ-મિત્ર વગેરેનું સ્વરૂપ જાણતો નથી. તેથી તે બધે સમાન દૃષ્ટિવાળો બને છે.

જ્ઞાની વિશેષ જ્ઞાનવાળો હોય છે. તે શત્રુ-મિત્ર વગેરેના સાચા સ્વરૂપને જાણે છે. તેથી તે શત્રુ-મિત્રને વિષે, સોના-પથ્થરને વિષે, મણિ-માટીને વિષે, બગીચા-ઉકરડાને વિષે, જન્મ-મરણને વિષે સમાન દૃષ્ટિવાળો બને છે. તેથી તે ક્યાંય રાગ કે દ્વેષ કરતો નથી. તે બધે સમાન થઈને પ્રવર્તે છે. તેથી તે સમતાના આનંદને અનુભવે છે. જ્ઞાની માત્ર સાંસારિક પદાર્થોને વિષે જ સમાન નથી હોતો, તે સંસાર અને મોક્ષને વિષે પણ સમાન હોય છે. રાગદ્વેષ વિનાની અવસ્થા તે મોક્ષ. જ્ઞાની સંસારમાં પણ નિર્લેપ હોય છે. જ્ઞાની સંસારમાં પણ રાગદ્વેષ વિના પ્રવર્તે છે. તેથી તે સંસારમાં રહેવા છતાં પણ મોક્ષના આનંદને અનુભવે છે. તે મોક્ષને ઝંખતો નથી અને સંસાર ઉપર દ્વેષ કરતો નથી. તે બધે આત્માના આનંદને અનુભવે છે. **પ્રશમરતિ**માં કહ્યું છે કે - 'મદ અને કામને જેમણે જીત્યા છે, મન-વચન-કાયાના વિકાર વિનાના, પારકી આશાથી પાછા ફરેલા એવા સાધુ ભગવંતોને અહીં જ મોક્ષ છે. (૨૩૮)'

अल्पज्ञानिनः शत्रुमित्रादेर्बाह्यं स्वरूपं विदन्ति, न तु तात्त्विकम्। ततस्ते शत्रुमित्रादिषु विषमं चेष्टन्ते। ततस्ते समतानन्दं नानुभवन्ति।

ज्ञानी विशिष्टज्ञानवान् सन्नप्यज्ञबालवत्सर्वत्र समो भवति। ततः स भवेऽपि मुक्तिसुखमनुभवति ॥२५॥

अवतरणिका - ज्ञानिनश्चेष्टा दर्शिता। अज्ञानी तु जनरञ्जनार्थं चेष्टते। ततस्तस्मै हितशिक्षां ददाति -

मूलम् - तोषणीयो जगन्नाथ-स्तोषणीयश्च सद्गुरुः।
तोषणीयस्तथा स्वात्मा, किमन्यैर्बत तोषितैः ॥२६॥

अन्वयः - जगन्नाथस्तोषणीयः सद्गुरुश्च तोषणीयस्तथा स्वात्मा तोषणीयः, अन्यैस्तोषितैः किं बत ? ॥२६॥

पद्यीया वृत्तिः - जगन्नाथः - जगतः-विश्वस्य नाथः-योगक्षेमकारक इति जगन्नाथः-परमात्मा, **तोषणीयः** - रञ्जितव्यः, **सद्गुरुः** - देवधर्मस्वरूपदर्शको धर्माचार्यः, **च**शब्दः समुच्चये, **तोषणीयः** - रञ्जितव्यः, **तथा**शब्दः समुच्चये, **स्वात्मा** - स्वीयो जीवः, **तोषणीयः** - रञ्जितव्यः, **अन्यैः** - एतत्त्रयव्यतिरिक्तैः, **तोषितैः** - रञ्जितैः, **किम्** - को लाभः ? न कोऽपीत्यर्थः, **बत**शब्दः किलार्थे।

અલ્પજ્ઞાનવાળા જીવો શત્રુ-મિત્ર વગેરેના બાહ્ય સ્વરૂપને જાણે છે, સાચા સ્વરૂપને જાણતાં નથી. તેથી તેઓ શત્રુ-મિત્ર વગેરેને વિષે ભેદભાવ રાખીને પ્રવર્તે છે. તેથી તેઓ સમતાના આનંદને અનુભવતાં નથી.

જ્ઞાની વિશેષ જ્ઞાનવાળો હોવા છતાં પણ અજ્ઞ બાળકની જેમ બધે સમાન હોય છે. તેથી તે સંસારમાં પણ મોક્ષના સુખને અનુભવે છે. (૨૫)

અવતરણિકા - જ્ઞાનીની ચેષ્ટા બતાવી. અજ્ઞાની તો લોકોને ખુશ કરવાની ચેષ્ટા કરે છે. તેથી તેને હિતશિક્ષા આપે છે -

શબ્દાર્થ - ભગવાનને ખુશ કરવા, સદ્ગુરુને ખુશ કરવા અને પોતાના આત્માને ખુશ કરવો. બીજાઓને ખુશ કરવાથી શું ફાયદો ? (૨૬)

---

१. .... तदा - DI

मुनिना परमात्मा तोषयितव्यः । परमात्मा वीतरागोऽस्ति । मुनिना स्वजीवने तदाज्ञा पालनीया । साधुजीवनस्य सर्वाः क्रियाः कुर्वता तेन जिनाज्ञा स्मरणीया । तेन सदा परमात्मभक्तिः कर्त्तव्या । एवं तेन परमात्मा तोषितो भवति । मुनिना स्वहृदये परमात्मा बहुमन्तव्यः । एवमपि तेन परमात्मा तोषितो भवति । मुनिना सद्गुरुरपि तोषयितव्यः । मुनिना गुर्विच्छानुसारेण जीवितव्यम् । तेन सदा गुर्वाज्ञा पालनीया । तेनाऽऽहारादि-भिस्तद्भक्तिः कर्त्तव्या । तेन सदा गुरोर्वर्णवादः कर्त्तव्यः । गुरुर्गीतार्थोऽस्ति । स लाभा-लाभौ जानाति । ततः स यद्भाषते तद्विचारं विनाऽनुष्ठेयम् । आपाततो हानिकरं भासमानमपि तद्वचनं परिणामतो लाभदायि भवति । मुनिना स्वमनोवाक्काया गुरवे समर्पणीयाः । तेन स्वीयमस्तित्वं गुरौ विलीनीकर्त्तव्यम् । एवं तेन गुरुः परमात्मस्वरूपो मन्तव्यः । एवं गुरुस्तोषितो भवति । गुर्वाराधनप्रकाराः **धर्माचार्यबहुमानकुलकादस्मद्रचिततट्टीकातश्च** ज्ञेयाः । मुनिना स्वात्माऽपि तोषणीयः । सम्प्रत्यात्मा विभावदशां प्राप्तः । ततस्तद्दोषाणां

पद्मीयावृत्तिनो भावानुवाद - મુનિએ પરમાત્માને ખુશ કરવા. પરમાત્મા વીતરાગ છે. મુનિએ પોતાના જીવનમાં તેમની આજ્ઞા પાળવી જોઈએ. સાધુ જીવનની બધી ક્રિયાઓ કરતાં તેણે ભગવાનની આજ્ઞા યાદ કરવી. તેણે હંમેશા પરમાત્માની ભક્તિ કરવી. એમ કરવાથી તેના વડે પરમાત્મા ખુશ થાય છે. મુનિએ પોતાના હૃદયમાં પરમાત્મા પ્રત્યે બહુમાન રાખવું. આમ કરવાથી પણ તેના વડે પરમાત્મા ખુશ થાય છે. મુનિએ સદ્ગુરુને પણ ખુશ કરવા. મુનિએ ગુરુની ઇચ્છા પ્રમાણે જીવવું. તેણે હંમેશા ગુરુદેવની આજ્ઞાનું પાલન કરવું. તેણે આહાર વગેરેથી તેમની ભક્તિ કરવી. તેણે હંમેશા ગુરુના ગુણાનુવાદ કરવા. ગુરુ ગીતાર્થ છે. તેઓ લાભાલાભને જાણે છે. તેથી તેઓ જે કહે તે વિચાર્યા વિના કરવું. પહેલી દૃષ્ટિએ નુકસાનકારી લાગતું એવું પણ તેમનું વચન પરિણામે લાભદાયી બને છે. મુનિએ પોતાના મન-વચન-કાયા ગુરુદેવને સોંપવા. તેણે પોતાનું અસ્તિત્વ ગુરુમાં ઓગાળી નાંખવું. તેણે ગુરુને પરમાત્મા સ્વરૂપ માનવા. એમ કરવાથી તેના વડે ગુરુ ખુશ થાય છે. ગુરુદેવની આરાધનાના પ્રકારો **ધર્માચાર્યબહુમાનકુલક**માંથી અને અમે રચેલ તેની **ટીકા**માંથી અને **ટીકાના ભાવાનુવાદ**માંથી જાણી લેવા. મુનિએ પોતાના આત્માને પણ ખુશ કરવો. હાલ આત્મા વિભાવદશાને પામેલો છે. તેથી તેના

क्षयः कर्त्तव्यः । ततः स निर्मलीभवति । मुनिनाऽऽत्मा समीकर्त्तव्यः । स भावनाभिर्भावनीयः । ततस्तत्र समतानन्दः प्रादुर्भवति । स संसारस्थोऽपि मुक्तिसुखमनुभवति । एवं तेन स्वात्मा तोषितो भवति ।

परमात्मा गुरुः स्वात्मा च यदि मुनिना तोषितास्तर्हि तेनान्येषां रञ्जनाय प्रयत्ना न कर्त्तव्याः । एतत्त्रितये तोषिते तेन सर्वं जगत्तोषितम् । तत एतत्त्रितयव्यतिरिक्तजगज्जनानां तोषणेन मुनेर्न कश्चिदपि लाभो भवति । यदि मुनिना सर्वं जगत्तोषितं परन्त्वेतत्त्रितयं न तोषितं तर्हि तज्जगत्तोषणं व्यर्थम् । एतत्त्रितयतोषणेन मुनेर्मुक्तिर्निश्चिता भवति । अन्ये तोषिताः सन्तः सांसारिकपदार्थान्दद्युः, न तु मुक्तिम् ।

अत्रेदं हृदयम् - **जगद्रञ्जनेन न कोऽपि लाभः । परमात्मगुर्वात्मान एव तोषणीयाः** ॥२६॥

अवतरणिका - अन्यैस्तोषितैर्न कोऽपि लाभ इति प्रतिपादितम् । अधुना तस्य कारणं प्रतिपादयति -

---

દોષોનો ક્ષય કરવો. તેથી તે નિર્મળ બને છે. મુનિએ આત્માને સમ બનાવવો. તેને ભાવનાઓથી ભાવિત કરવો. તેથી તેમાં સમતાનો આનંદ પ્રગટે છે. તે સંસારમાં હોવા છતાં પણ મોક્ષના સુખને અનુભવે છે. આમ તેના વડે આત્મા ખુશ થાય છે.

જો મુનિએ પરમાત્માને, ગુરુદેવને અને પોતાના આત્માને ખુશ કર્યા તો તેણે બીજાને ખુશ કરવાના પ્રયત્નો ન કરવા. આ ત્રણને ખુશ કરવાથી તેણે આખા જગતને ખુશ કર્યું છે. તેથી આ ત્રણ સિવાયના જગતના લોકોને ખુશ કરવાથી મુનિને કોઈ પણ લાભ નથી. જો મુનિ આખા જગતને ખુશ કરે, પણ આ ત્રણને ખુશ ન કરે તો તે જગતને ખુશ કરવું નકામું છે. આ ત્રણને ખુશ કરવાથી મુનિનો મોક્ષ નક્કી થઈ જાય છે. બીજાને ખુશ કરવાથી તેઓ સાંસારિક પદાર્થો આપે છે, મોક્ષ નહીં.

અહીં કહેવાનો ભાવ આવો છે - **જગતને ખુશ કરવાથી કોઈ લાભ નથી. પરમાત્મા, ગુરુદેવ અને આત્માને જ ખુશ કરવા.** (૨૬)

અવતરણિકા - બીજાને ખુશ કરવાથી કોઈ લાભ નથી એમ બતાવ્યું. હવે તેનું કારણ બતાવે છે -

मूलम् - कषायविषयाक्रान्तो, बहिर्बुद्धिरयं जनः ।
किं तेन [१]तुष्टरुष्टेन, तोषरोषौ च तत्र किम् ? ॥२७॥

अन्वयः - कषायविषयाक्रान्तोऽयं जनो बहिर्बुद्धिः, तेन तुष्टरुष्टेन किम् ? तत्र च तोषरोषौ किम् ? ॥२७॥

पद्यीया वृत्तिः - कषायविषयाक्रान्तः - कषायाश्च विषयाश्चेति कषायविषयाः-पूर्वोक्तस्वरूपाः, तैराक्रान्तः-पूर्ण इति कषायविषयाक्रान्तः, **अयम्** - जगति दृश्यमानः, **जनः** - लोकः, **बहिर्बुद्धिः** - बहिः-बाह्यभावेषु बुद्धिः-मतिर्यस्य स बहिर्बुद्धिः, **तेन** - बहिर्बुद्धिना जनेन, **तुष्टरुष्टेन** - तुष्टः-प्रसन्नः, रुष्टः-क्रुद्धः, तुष्टश्चासौ रुष्टश्चेति तुष्टरुष्टः, तेन, **किम्** - किं प्रयोजनम् ? न किमपीत्यर्थः, **तत्र** - बहिर्बुद्धौ जने, **चशब्दः** समुच्चये, **तोषरोषौ** - तोषः-रागश्च रोषः-द्वेषश्चेति तोषरोषौ, **किम्** - किमर्थम् ? निरर्थकावित्यर्थः ।

जगति वर्त्तमाना जनाः कषायविषयाभिलाषैः पूर्णाः । ततस्तेषां ज्ञानं रागद्वेषमिश्रमस्ति । ततस्ते यथावस्थितं तत्त्वं न पश्यन्ति । ते केवलान्बाह्यभावानेव पश्यन्ति न तु तेषां तात्त्विकं स्वरूपम् । ते बहिर्दृष्ट्या वस्तूनि दृष्ट्वा तेषु रागं द्वेषं वा कुर्वन्ति । तत्त्वदृष्टिस्तु तत्त्वं विचिन्त्य तत्र समो भवति । रागयुक्तकाचेन सर्वं रागयुक्तं दृश्यते । एवं कषायविषयाक्रान्तचेतसा केवला बाह्यभावा दृश्यन्ते । काचं विना सर्वं यथावस्थितं दृश्यते । एवं

शब्दार्थ - કષાયો અને વિષયોથી ભરાયેલો આ લોક બાહ્ય બુદ્ધિવાળો છે, તે ખુશ થાય કે નારાજ થાય તેનાથી શું ફાયદો ? તેની ઉપર પ્રેમ કે ગુસ્સો કરવાથી શું ફાયદો ? (૨૭)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - જગતમાં રહેલા લોકો કષાયો અને વિષયોની અભિલાષાથી ભરેલા છે. તેથી તેમનું જ્ઞાન રાગ-દ્વેષથી મિશ્ર છે. તેથી તેઓ સાચા તત્ત્વને જોતાં નથી, તેઓ માત્ર બાહ્ય ભાવોને જ જુવે છે. તેઓ તેમના સાચા સ્વરૂપને જોતાં નથી. તેઓ બાહ્યદૃષ્ટિથી વસ્તુઓને જોઈને તેમની ઉપર રાગ કે દ્વેષ કરે છે. તત્ત્વદૃષ્ટિવાળો તો તેમનું સ્વરૂપ વિચારીને તેમને વિષે સમાન બને છે. રંગવાળા કાચથી બધી વસ્તુ રંગીન દેખાય છે. એમ કષાયો અને વિષયોથી યુક્ત

---

१. रुष्टतुष्टेन - F, MI

तत्त्वदृशः सर्वं यथातत्त्वं पश्यन्ति । यदुक्तं **ज्ञानसारे तत्त्वदृष्ट्यष्टके - 'बाह्यदृष्टेः सुधासारघटिता भाति सुन्दरी । तत्त्वदृष्टेस्तु सा साक्षा-द्विण्मूत्रपिठरोदरी ॥४॥ लावण्यलहरीपुण्यं, वपुः पश्यति बाह्यदृग् । तत्त्वदृष्टिः श्वकाकानां, भक्ष्यं कृमिकुला-कुलम् ॥५॥ गजाश्वैर्भूपभुवनं, विस्मयाय बहिर्दृशः । तत्राश्वेभवनात्कोऽपि, भेदस्त-त्त्वदृशस्तु न ॥६॥ भस्मना केशलोचेन, वपुर्धृतमलेन वा । महान्तं बाह्यदृग् वेत्ति, चित्साम्राज्येन तत्त्ववित् ॥७॥'**

बहिर्बुद्धिर्जनो यदि रुष्यति तर्ह्यपि साधकस्य न काचिदपि हानिर्भवति । बहिर्बुद्धिर्जनो रोषवशेन साधकं तिरस्कुर्यात् प्रहरेद्वा । तथापि साधकस्य न किमपि हीयते, यतः स समतामग्नोऽस्ति । बहिर्बुद्धिर्जनो यदि तुष्यति तर्ह्यपि साधकस्य न कोऽपि लाभो भवति । तोषवशेन स साधकाय बाह्यवस्तूनि दद्यात् बाह्यानुकूलतां वा तस्य कुर्यात् । साधकस्य तु स्वभावलाभादन्यत्किञ्चिदपि प्राप्तव्यं नाऽवशिष्यते । ततो बहिर्बुद्धिजनदत्त-

---

ચિત્ત વડે માત્ર બાહ્યભાવો દેખાય છે. કાચ ન હોય તો બધું બરાબર દેખાય છે. એમ તત્ત્વદૃષ્ટિવાળા બધું સાચું સ્વરૂપ જુવે છે. **જ્ઞાનસાર**માં **તત્ત્વદૃષ્ટિ અષ્ટક**માં કહ્યું છે - 'બાહ્યદૃષ્ટિવાળાને સ્ત્રી અમૃતના સારથી ભરેલી લાગે છે, તત્ત્વદૃષ્ટિવાળાને તો તે સાક્ષાત્ વિષ્ટા અને મૂત્રની કોઠી જેવા પેટવાળી દેખાય છે. (૪) બાહ્યદૃષ્ટિવાળો શરીરને લાવણ્યની લહેરથી પવિત્ર જુવે છે. તત્ત્વદૃષ્ટિવાળો તેને કૂતરા અને કાગડાના ભક્ષ્યરૂપ અને કૃમિઓના સમૂહથી યુક્ત જુવે છે. (૫) હાથી-ઘોડાથી યુક્ત રાજાનો મહેલ બાહ્યદૃષ્ટિવાળાના આશ્ચર્ય માટે થાય છે. તત્ત્વદૃષ્ટિવાળાને તેમાં ઘોડા-હાથીના વન કરતા કોઈ પણ ભેદ દેખાતો નથી. (૬) બાહ્યદૃષ્ટિવાળો રાખથી, વાળના લોચથી કે શરીર ઉપર ધારણ કરેલા મેલથી મહાનને જાણે છે, તત્ત્વદૃષ્ટિવાળો જ્ઞાનના સામ્રાજ્યથી મહાનને જાણે છે. (૭)'

બાહ્યબુદ્ધિવાળા લોકો જો ગુસ્સે થાય તો પણ સાધકને કોઈ પણ હાનિ થતી નથી. બાહ્યબુદ્ધિવાળા લોકો ગુસ્સાથી સાધકનો તિરસ્કાર કરે અથવા તેની ઉપર પ્રહાર કરે, છતાં પણ સાધકનું કંઈ પણ બગડતું નથી, કેમકે તે સમતામાં મગ્ન હોય છે. બાહ્યબુદ્ધિવાળા લોકો જો ખુશ થાય તો પણ સાધકને કોઈ લાભ થતો નથી. ખુશ થઈને તેઓ સાધકને બાહ્ય વસ્તુઓ આપે કે બાહ્ય અનુકૂળતા કરી આપે. સાધકને તો સ્વભાવના લાભ સિવાય બીજું કંઈ પણ મેળવવાનું બાકી નથી. તેથી

बाह्यवस्तुभिस्तत्कृतबाह्यानुकूलताभिश्च साधकस्य न किमपि प्रयोजनम् । ततः साधकेन बहिर्बुद्धिजनस्य रञ्जनाय न प्रयतनीयम् । निपुणो हि नरस्तत्रैव प्रवर्त्तते यत्र लाभो भवति ।

बहिर्बुद्धिर्जनो यदा साधकस्याऽहितं करोति तदा स तु तत्र निमित्तमात्रमस्ति । साधकस्याशुभकर्मोदयेनैव तस्याऽहितं भवति । ततो बहिर्बुद्धिजने रोषकरणेन न कोऽपि लाभो भवति । ततः साधकेन स्वाशुभकर्मस्वेव कोपनीयम् । तेनाऽशुभकर्मणां निर्जरार्थं पुनर्बन्धनिवारणार्थञ्च यतनीयम् । बहिर्बुद्धिजनो यदा साधकस्य हितं करोति तदाऽपि स तु तत्र निमित्तमात्रमेव । साधकस्य शुभकर्मोदयेनैव तस्य हितं भवति । ततो बहिर्बुद्धिजने मोदनेनाऽपि न कोऽपि लाभः । साधकेन शुभकर्मोदयं तस्य च स्तोककालभावित्वं विचार्य समतामग्नेन भाव्यम् । इत्थं तेन बहिर्बुद्धिजने रोषतोषौ न कर्त्तव्यौ यथा परमात्मपार्श्वनाथेनोपसर्गकर्त्तरि कमठे उपसर्गरक्षितरि धरणेन्द्रे च रोषतोषौ न कृतौ । बहिर्बुद्धिजने रोषतोषाभ्यां साधकस्य न कोऽपि लाभो भवति, प्रत्युत तस्याऽहितमेव

બાહ્યબુદ્ધિવાળા લોકોએ આપેલી બાહ્ય વસ્તુઓની અને બાહ્ય અનુકૂળતાઓની સાધકને કંઈ પણ જરૂર નથી. માટે સાધકે બાહ્યબુદ્ધિવાળા લોકોને ખુશ કરવા પ્રયત્ન ન કરવો. હોંશિયાર માણસ ત્યાં જ પ્રવૃત્તિ કરે જ્યાં લાભ થાય.

બાહ્યબુદ્ધિવાળા લોકો જ્યારે સાધકનું અહિત કરે છે, ત્યારે તેઓ તો તેમાં માત્ર નિમિત્ત છે. સાધકના અશુભ કર્મોના ઉદયથી જ તેનું અહિત થાય છે. માટે બાહ્ય-બુદ્ધિવાળા લોકો ઉપર ગુસ્સો કરવાથી કંઈ પણ ફાયદો નથી. તેથી સાધકે પોતાના ખરાબ કર્મો ઉપર જ ગુસ્સો કરવો. તેણે અશુભ કર્મોની નિર્જરા માટે અને ફરી બંધ અટકાવવા માટે પ્રયત્ન કરવો. બાહ્યબુદ્ધિવાળા લોકો જ્યારે સાધકનું હિત કરે છે, ત્યારે પણ તેઓ તો તેમાં માત્ર નિમિત્ત જ છે. સાધકના શુભ કર્મોના ઉદયથી જ તેનું હિત થાય છે. માટે બાહ્યબુદ્ધિવાળા લોકો ઉપર ખુશ થઈને પણ કોઈ લાભ નથી. સાધકે શુભ કર્મોનો ઉદય અને તેનું થોડો સમય ટકવાપણું વિચારીને સમતામાં મગ્ન થવું. આમ તેણે બાહ્યબુદ્ધિવાળા લોકો ઉપર ગુસ્સો ન કરવો અને ખુશ ન થવું, જેમ પરમાત્મા પાર્શ્વનાથે ઉપસર્ગ કરનારા કમઠ ઉપર અને ઉપસર્ગથી બચાવનાર ધરણેન્દ્ર ઉપર રાગદ્વેષ ન કર્યા. બાહ્યબુદ્ધિવાળા લોકો પર રાગદ્વેષ કરવાથી સાધકને કોઈ પણ લાભ થતો નથી. ઊલટું તેનું અહિત જ થાય છે. જો

भवति। यदि साधक परमात्मानं गुरुं स्वात्मानञ्च तोषयेत्तर्हि तस्य मुक्तिरदूरवर्त्तिनी स्यात्। ततस्तेनैतत्त्रयतोषणार्थमेव प्रयत्नीयम्। तेन नान्यस्य कस्यचिदपि तोषणार्थं प्रयतनीयम्। तुष्टाः सन्त एते त्रय एव मुक्तिपुरीप्रापणेन तस्य हितं कुर्वन्ति, न तु परे।

अयमत्रोपदेशसारः-परमात्मा गुरुः स्वात्मा च तोषणीयाः, न तु बाह्यदृग्जनः ॥२७॥

अवतरणिका - जनेषु रोषतोषौ न कर्त्तव्यावित्युपदिष्टम्। अधुना तत्र जायमानस्य रोषस्य निवारणायोपायं दर्शयंति -

मूलम् - [१]असदाचारिणः प्रायो, लोकाः कालानुभावतः।
द्वेषस्तेषु न कर्त्तव्यः, [२]संविभाव्य भवस्थितिम् ॥२८॥

अन्वयः - कालानुभावतः लोकाः प्रायोऽसदाचारिणः (सन्ति)। (ततः) भवस्थितिं संविभाव्य तेषु द्वेषो न कर्त्तव्यः ॥२८॥

पद्यीया वृत्तिः - कालानुभावतः - कालस्य-अवसर्पिणीसत्कदुःषमनामपञ्चमारक-रूपस्याऽनुभावः-प्रभाव इति कालानुभावः, तस्मात्, **लोकाः** - जगज्जनाः, **प्रायः** - बाहुल्येन, **असदाचारिणः** - न सत्-शोभनमित्यसत्, तदाचरितुं शीलमेषामित्यसदाचारिणः-अशुभानुष्ठायिन इत्यर्थः, **सन्ती**त्यत्राध्याहार्यम्, **'ततः'** इत्यप्यत्राध्याहार्यम्, **भवस्थितिम्** -

---

સાધક પરમાત્માને, ગુરુને અને પોતાના આત્માને ખુશ કરે તો તેનો મોક્ષ નજીક થઈ જાય. માટે તેણે આ ત્રણને ખુશ કરવા માટે જ પ્રયત્ન કરવો. તેણે બીજા કોઈને પણ ખુશ કરવાનો પ્રયત્ન ન કરવો. ખુશ થયેલા આ ત્રણ જ મુક્તિપુરીમાં લઈ જઈને તેનું હિત કરે છે, બીજા નહીં.

અહીં ઉપદેશનો સાર આ પ્રમાણે છે - પરમાત્માને, ગુરુને અને પોતાના આત્માને ખુશ કરવા, બાહ્યદૃષ્ટિવાળા લોકોને નહીં. (૨૭)

અવતરણિકા - લોકો ઉપર રાગ-દ્વેષ ન કરવા એમ કહ્યું. હવે તેમના પર થતાં દ્વેષને નિવારવાનો ઉપાય બતાવે છે -

શબ્દાર્થ - કાળના પ્રભાવે લોકો પ્રાયઃ ખરાબ આચારવાળા હોય છે. તેથી સંસારનું સ્વરૂપ વિચારીને તેમની ઉપર દ્વેષ ન કરવો. (૨૮)

---

१. असदाचारिणो लोकाः प्रायः - C, H, I, असदाचरणा प्रायो लोकाः - DI २. सम्भाव्येमां भवस्थितिम् - C, H, II

भवस्य-संसारस्य स्थितिः-मर्यादेति भवस्थितिः, तां -भवस्थितिम्-संसारस्वरूपमित्यर्थः, **संविभाव्य** - सम्यग्विचार्य, **तेषु** - असदाचारिजनेषु, **द्वेषः** - तिरस्कारः, **न**शब्दो निषेधे, **कर्त्तव्यः** - कार्यः ।

अतीतकालेऽनन्तानि कालचक्राणि भूतानि । एष्यत्कालेऽप्यनन्तानि कालचक्राणि भविष्यन्ति । एकस्मिन्कालचक्रे एकोत्सर्पिणी भवत्येका चाऽवसर्पिणी । अवसर्पिण्यामुत्सर्पिण्यां च प्रत्येकं षडरकाः सन्ति । अवसर्पिण्याः षण्णामरकाणां नामान्येवम्-प्रथमः सुषमसुषमः, द्वितीयः सुषमः, तृतीयः सुषमदुःषमः, चतुर्थो दुःषमसुषमः, पञ्चमो दुःषमः, षष्ठश्च दुःषमदुःषमः । उत्सर्पिण्यामेतान्येव नामानि विपरीतक्रमेण ज्ञेयानि । अवसर्पिण्यां सर्वेऽपि भावा रसादिभिः क्रमशो हीयन्ते । उत्सर्पिण्यां सर्वेऽपि भावा रसादिभिः क्रमशो वर्धन्ते । अवसर्पिण्युत्सर्पिण्योर्विशेषस्वरूपं तु **लोकप्रकाशा**दिग्रन्थान्तरेभ्यो ज्ञेयम् । सम्प्रति पञ्चसु भरतक्षेत्रेषु पञ्चसु ऐरवतक्षेत्रेषु चावसर्पिण्याः पञ्चमोऽरकः प्रवर्त्तते । ततः सम्प्रति सर्वेऽपि भावाः प्रथमारकसत्कभावापेक्षया हीनतराः । लोका अपि साम्प्रतं दोषपूर्णाः सत्त्वहीनाश्च । ततस्ते शिष्टाः प्रवृत्तीर्न कुर्वन्ति, परन्त्वशिष्टप्रवृत्तिष्वेव रतिं कुर्वन्ति । ते परोपकारं न कुर्वन्ति, परन्तु स्वार्थमेव समीहन्ते । तत्कृते च ते परेष्वपकारमपि कुर्वन्ति ।

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - ભૂતકાળમાં અનંતા કાળચક્રો થયા. ભવિષ્યમાં પણ અનંતા કાળચક્રો થશે. એક કાળચક્રમાં એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણી થાય છે. અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં દરેકમાં છ-છ આરા હોય છે. અવસર્પિણીના છ આરાઓના નામ આ પ્રમાણે છે - પહેલો સુષમસુષમ, બીજો સુષમ, ત્રીજો સુષમદુઃષમ, ચોથો દુઃષમસુષમ, પાંચમો દુઃષમ અને છઠ્ઠો દુઃષમદુઃષમ. ઉત્સર્પિણીમાં આ જ નામો ઊંધા ક્રમથી જાણવા. અવસર્પિણીમાં બધી વસ્તુઓના રસ વગેરે ક્રમશઃ ઘટે છે. ઉત્સર્પિણીમાં બધી વસ્તુઓના રસ વગેરે ક્રમશઃ વધે છે. અવસર્પિણી અને ઉત્સર્પિણીનું વિશેષ સ્વરૂપ તો **લોકપ્રકાશ** વગેરે અન્ય ગ્રંથોમાંથી જાણી લેવું. હાલ પાંચ ભરતક્ષેત્રોમાં અને પાંચ ઐરવતક્ષેત્રોમાં અવસર્પિણીનો પાંચમો આરો ચાલે છે. માટે હાલ બધી વસ્તુઓ પહેલા આરાની વસ્તુઓ કરતાં ઊતરતી છે. લોકો પણ હાલ દોષોથી ભરેલા અને સત્ત્વ વિનાના છે. તેથી તેઓ સજ્જનોને છાજે એવી પ્રવૃત્તિઓ કરતાં નથી, પણ ખરાબ પ્રવૃત્તિઓમાં જ રચ્યાપચ્યા રહે છે. તેઓ પરોપકાર કરતાં નથી, પણ સ્વાર્થને જ ઇચ્છે છે અને તેની માટે તેઓ બીજાઓ ઉપર અપકાર પણ કરે છે. તેઓ ધર્મ કરતાં નથી, પણ પાપો જ તેમને

ते धर्मं न कुर्वन्ति, परन्तु पापान्येव बहुमन्यन्ते । ते परेषां गुणान्न पश्यन्ति, परन्तु तेषां दोषानेव पश्यन्ति । गुणाधिकेषु ते मत्सरं कुर्वन्ति । ते तान्दृष्ट्वा न प्रमोदन्ते । तेऽपराधिषु कुप्यन्ति, न तु तान् क्षाम्यन्ति । दीनान्दृष्ट्वाऽपि तेषां हृदयं न द्रवति । दोषदुष्टाँस्ते तिरस्कुर्वन्ति । ते तेषु माध्यस्थ्यं न धारयन्ति । किं बहुनोक्तेन ? ते मनसा वचसा कायेन चाऽशुभेष्वेव प्रवर्त्तन्ते, न तु शुभेषु । इत्थं तेऽसदाचारिणो भवन्ति । दुःषमकाले बाहुल्येन लोका एवम्प्रकाराः सन्ति । केचिदेतद्विपरीताः सदाचारिणोऽपि भवन्ति । परन्तु तेऽतिस्तोका एव ।

अयं जगतो नियम एव - अस्मिन्दुःषमकाले लोकाः प्राय एवम्प्रकारा एव भवन्तीति । ते कथमप्यसदाचारं परित्यज्य सदाचारिणो न भवन्ति । ततस्तेषु द्वेषो न कर्त्तव्यः । नदीपर्वतादिकं वीक्ष्य जनस्तेषु रागद्वेषौ न करोति, परन्तु तज्जगत्स्वरूपं मत्वा स्वीकरोति । जनः कर्मणो बन्धादिसिद्धान्तेषु द्वेषं न करोति, परन्तु जगत्स्वरूपं मत्वा तान्स्वीकरोति । तथा दुःषमकालेऽसदाचारिजनान् दृष्ट्वा तेषु द्वेषो न कर्त्तव्यो नापि तेषां प्रतीकारः

બહુ ગમે છે. તેઓ બીજાના ગુણો જોતાં નથી, પણ બીજાના દોષો જ જુવે છે. તેઓ ગુણથી અધિક જીવો ઉપર ઈર્ષ્યા કરે છે. તેઓ તેમને જોઈને ખુશ થતાં નથી, તેઓ અપરાધીઓ ઉપર ગુસ્સે થાય છે, પણ તેમને માફ કરતાં નથી. દીન જીવોને જોઈને પણ તેમનું હૃદય પીગળતું નથી. દોષથી દુષ્ટ જીવોનો તેઓ તિરસ્કાર કરે છે. તેઓ તેમના વિષે મધ્યસ્થ બનતાં નથી. વધુ તો શું કહેવું ? તેઓ મનથી, વચનથી અને કાયાથી ખરાબ કાર્યોમાં જ પ્રવૃત્તિ કરે છે, સારા કાર્યોમાં નહીં. આમ તેઓ અસદાચારી બને છે. દુઃષમકાળમાં મોટા ભાગના લોકો આવા હોય છે. કેટલાક આનાથી વિપરીત સદાચારી પણ હોય છે, પણ તે થોડા જ હોય છે.

આ જગતનો નિયમ જ છે કે આ દુઃષમકાળમાં લોકો પ્રાયઃ આવા જ હોય છે, તેઓ કોઈ પણ રીતે અસદાચારને છોડીને સદાચારી થતાં નથી. માટે તેમની ઉપર દ્વેષ ન કરવો. નદી-પર્વત વગેરેને જોઈને લોકો તેમની ઉપર રાગ-દ્વેષ કરતાં નથી, પણ તેમને જગતનું સ્વરૂપ માનીને સ્વીકારે છે. લોકો કર્મના બંધ વગેરે સિદ્ધાંતો ઉપર દ્વેષ કરતાં નથી, પણ જગતનું સ્વરૂપ માનીને તેમને સ્વીકારે છે. તેમ દુઃષમ-કાળમાં અસદાચારી લોકોને જોઈને તેમની ઉપર દ્વેષ ન કરવો, તેમનો પ્રતિકાર પણ ન કરવો, પણ જગતનું સ્વરૂપ સમજીને તેમને સ્વીકારવા. આમ સંસારનું સ્વરૂપ

कर्त्तव्यः, परन्तु जगत्स्वरूपं मत्वा ते स्वीकर्त्तव्याः । इत्थं भवस्थितिं विचिन्त्य प्रवर्त्तने कुत्रचिदपि रागद्वेषौ न भवतः । सर्वावस्थास्वात्मा शमरससिक्तो भवति ॥२८॥

अवतरणिका - बहिर्बुद्धिजने रोषतोषौ न कर्त्तव्यावित्युपदिष्टम् । अधुना रोषतोषाऽकरणस्य फलं प्रतिपादयति -

मूलम् - निःसङ्गो निर्ममः शान्तो, निरीहः संयमे रतः ।
यदा योगी भवेदन्त-स्तत्त्वमुद्भासते तदा ॥२९॥

अन्वयः - यदा योगी निःसङ्गो निर्ममः शान्तो निरीहः संयमे रतो भवेत्तदाऽन्तस्तत्त्व-मुद्भासते ॥२९॥

पद्मीया वृत्तिः - यदा - यस्मिन्काले, **योगी** - योगसमाराधको मुनिः, **निःसङ्गः** - निर्गतः सङ्गात्-रागादिति निःसङ्गः, **निर्ममः** - निर्गतः-ममकारात्-ममताया इति निर्ममः, **शान्तः** - समताऽमृतपूर्णः, **निरीहः** - निर्गता ईहा-इच्छा यस्मादिति निरीहः, **संयमे** - सप्तदशविधे पूर्वोक्ते साध्वाचारे, **रतः** - लीनः, **भवेत्** - स्यात्, **तदा** - तस्मिन्काले, **अन्तः** - आत्मनि, **तत्त्वम्** - आत्मस्वरूपं समतामृतमात्मारामता सहजानन्दतौदासीन्यं च, **उद्भासते** - उदयते ।

मुमुक्षुर्बाह्याभ्यन्तरसंसारं परित्यज्य योगी भवति । योगिन आत्मनि समतामृतस्योदयो भवति । धन-स्वजन-गृहापण-वेषादिर्बाह्यसंसारः । राग-द्वेष-विषय-कषायादिरभ्यन्तर-

---

વિચારીને પ્રવૃત્તિ કરવામાં ક્યાંય પણ રાગ-દ્વેષ થતાં નથી. બધી અવસ્થાઓમાં આત્મા સમતારસથી સિંચાય છે. (૨૮)

અવતરણિકા - બાહ્યબુદ્ધિવાળા લોકો ઉપર રાગ-દ્વેષ ન કરવા એમ કહ્યું. હવે રાગ-દ્વેષ ન કરવાનું ફળ બતાવે છે -

શબ્દાર્થ - જ્યારે યોગી સંગરહિત, મમતારહિત, શાંત, ઇચ્છારહિત અને સંયમમાં રત બને ત્યારે અંદરમાં તત્ત્વનો ઉદય થાય છે. (૨૯)

પદ્મીયાવૃત્તિનો ભાવાનુવાદ - મુમુક્ષુ બાહ્ય અને અભ્યંતર સંસારને છોડીને યોગી બને છે. યોગીના આત્મામાં સમતાના અમૃતનો ઉદય થાય છે. ધન-સ્વજન-ઘર-દુકાન-વેષ વગેરે બાહ્ય સંસાર છે. રાગ-દ્વેષ-વિષય-કષાય વગેરે અંદરનો સંસાર

संसारः । बाह्यसंसारत्यागमात्रेणैव मोक्षो न भवति । अभ्यन्तरसंसारत्यागेनैव मोक्षो भवति । बाह्यसंसारत्यागस्तु तत्र सहायभूतः । ततो न केवलं बाह्यसंसार एव त्यक्तव्यः, परन्त्वभ्यन्तरसंसारत्यागायाऽपि प्रयतनीयम् । सङ्गो मानसप्रतिबन्धरूपः । मुनिना कुत्रचिदपि सङ्गो न कर्त्तव्यः । गृहापणादिबाह्यवस्तूनां रागस्तेन त्यक्तः । संयमोपकरणेष्वपि तेन रागो न कर्त्तव्यः । सङ्गेन मुनिर्भवावटे पतति । मक्षिका निष्ठ्यूते सजति । ततश्च सा मृतिमाप्नोति । एवं मुनिरपि सङ्गेन भवकूपे पतित्वाऽनन्तानि जन्ममरणानि प्राप्नोति । मक्षिका निष्ठ्यूते सजति, न तूपले । एवं यदि मुनिर्बाह्यभावेषु सुखं मन्यते तर्हि तत्र सजति । तेन बाह्यभावा उपलसदृशा मन्तव्याः । तेन बाह्यभावेषु सुखं न मन्तव्यम् । ततस्तत्र तस्य सङ्गो न भवेत् । एवं मुनिर्निःसङ्गो भवेत् ।

मुनिना सर्वत्र ममतायास्त्यागः कर्त्तव्यः । मोहान्ममता प्रादुर्भवति । ममतया जीवोऽन्धीक्रियते । ममतया मनसि 'अयं निजोऽयं परः' इति विभागो भवति । ततो जीवः सर्वत्र पक्षपातयुक्तेन चित्तेन चिन्तयति । ततस्तस्य समता विचलति । स समो भवितुं न शक्नोति । ततश्चित्तं समीकर्त्तुं तटस्थेन भवितव्यम् । तत्कृते च ममतां परित्यज्य निर्ममेन

છે. બાહ્ય સંસાર છોડવા માત્રથી જ મોક્ષ થતો નથી. અંદરના સંસારને છોડવાથી જ મોક્ષ થાય છે. બાહ્ય સંસારનો ત્યાગ તો તેમાં મદદરૂપ છે. માટે માત્ર બાહ્ય સંસારનો જ ત્યાગ ન કરવો પણ અંદરનો સંસાર છોડવા પણ પ્રયત્ન કરવો જોઈએ. સંગ એટલે મનનો રાગ. મુનિએ ક્યાંય પણ સંગ ન કરવો. ઘર-દુકાન વગેરે બાહ્ય વસ્તુઓનો રાગ તેણે છોડ્યો છે. સંયમના ઉપકરણો ઉપર પણ તેણે રાગ ન કરવો. સંગથી મુનિ ભવસમુદ્રમાં પડે છે. માખી થૂંકમાં ચોંટે છે, તેથી તે મરી જાય છે. એમ મુનિ પણ સંગથી સંસારસમુદ્રમાં પડીને અનંત જન્મ-મરણ પામે છે. માખી થૂંકમાં ચોંટે છે, પથ્થર ઉપર નહીં. એમ જો મુનિ બાહ્ય ભાવોમાં સુખ માને તો ત્યાં મનથી ચોંટે. તેણે બાહ્ય ભાવો પથ્થર જેવા માનવા. તેણે બાહ્ય ભાવોમાં સુખ ન માનવું. તેથી ત્યાં તેનો સંગ નહીં થાય. આમ મુનિ નિઃસંગ થાય.

મુનિએ બધે મમતાનો ત્યાગ કરવો. મોહથી મમતા પ્રગટે છે. મમતાથી જીવ આંધળો કરાય છે. મમતાથી મનમાં 'આ મારો, આ પારકો' એવો વિભાગ થાય છે. તેથી જીવ બધે પક્ષપાતી ચિત્તથી વિચારે છે. તેથી તેની સમતા ડગી જાય છે. તે સમ બની શકતો નથી. તેથી ચિત્તને સમ કરવા તટસ્થ બનવું. તે માટે મમતાને

भाव्यम् । सर्वत्र निर्ममः सुखेनैव मोहमुच्छिनत्ति । उक्तञ्च **ज्ञानसारे मोहाष्टके** - '**अहं ममेति मन्त्रोऽयं, मोहस्य जगदान्ध्यकृत् । अयमेव हि नञ्पूर्वः, प्रतिमन्त्रोऽपि मोहजित् ॥४१॥**' **अध्यात्मकल्पद्रुमे समताधिकारे**ऽप्युक्तम् -'**निजः परो वेति कृतो विभागो, रागादिभिस्ते त्वरयस्तवाऽऽत्मन् ! । चतुर्गतिक्लेशविधानतस्तत्, प्रमाणय-न्नस्यरिनिर्मितः किम् ॥२२॥**' एवं मुनिर्निममो भवेत् ।

चित्तसमुद्रे रागद्वेषोर्मय उत्तिष्ठन्ति । तेन चित्तमशान्तं भवति । यदा चित्ते रागद्वेषोर्मयो न प्रादुर्भवन्ति तदा चित्तं शान्तं भवति । एवं मुनिना शान्तेन भवितव्यम् ।

लोभादिच्छा भवति । इच्छाव्यकुलो जीव इच्छां पूरयितुमिच्छति । स मन्यते इच्छापूरणे-नाऽहं सुखीभविष्यामीति । यथा यथा स इच्छां पूरयति तथा तथा तस्येच्छा वर्धते । एवं सोऽधिकं दुःखीभवति । तत इच्छा न पूरणीया, परन्त्विच्छोन्मूलनीया । निरीहः समतासुख-मनुभवति । यदुक्तं **ज्ञानसारे निःस्पृहाष्टके** - '**परस्पृहा महादुःखं, निःस्पृहत्वं**

છોડી નિર્મમ થવું. બધે નિર્મમ હોય એ સુખેથી મોહને ઉચ્છેદે છે. **જ્ઞાનસારમાં મોહાષ્ટક**માં કહ્યું છે - 'હું અને મારું' આ મોહનો જગતને આંધળો કરનાર મંત્ર છે. નકારપૂર્વકનો આ જ મંત્ર એ મોહને જીતનારો પ્રતિમંત્ર પણ છે. (૪૧)' **અધ્યાત્મકલ્પદ્રુમમાં સમતાધિકાર**માં પણ કહ્યું છે - 'હે આત્મન્ ! 'આ મારો કે આ પારકો' એવો વિભાગ રાગ વગેરેથી કરાયેલો છે. તે તો ચારે ગતિના દુઃખ આપનારા હોવાથી દુશ્મનો છે, તો પછી તેમને પ્રમાણ માનનારો તું શું દુશ્મનોથી બનેલો છે ? (૧૨૨)' આમ મુનિએ નિર્મમ થવું.

ચિત્તસમુદ્રમાં રાગ-દ્વેષના મોજા ઊછળે છે. તેથી ચિત્ત અશાંત બને છે. જ્યારે ચિત્તમાં રાગ-દ્વેષના મોજા ઊછળતાં નથી, ત્યારે ચિત્ત શાંત થઈ જાય છે. આમ મુનિએ શાંત થવું.

લોભથી ઇચ્છા થાય છે. ઇચ્છાથી વ્યાકુળ જીવ ઇચ્છાને પૂરવા ઇચ્છે છે. તે માને છે કે ઇચ્છા પૂરવાથી હું સુખી થઈશ. જેમ જેમ તે ઇચ્છાને પૂરે છે, તેમ તેમ તેની ઇચ્છા વધે છે. આમ તે વધુ દુઃખી થાય છે. માટે ઇચ્છાને પૂરવી નહીં, પણ ઇચ્છાને ઉખેડવી. ઇચ્છા વિનાનો જીવ સમતાસુખને અનુભવે છે. **જ્ઞાનસારમાં નિઃસ્પૃહાષ્ટક**માં કહ્યું છે - 'પરની સ્પૃહા એ મહાદુઃખ છે. નિઃસ્પૃહતા એ મહાસુખ

महासुखम् । एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥१२८॥' मुनिर्बाह्यलाभान्नाकाङ्क्षति । स स्वभावलाभमेवाऽभिलषति । स्वभावलाभस्त्विच्छात्यागेनैव भवति । ततो मुनिर्निरीहो भवति । उक्तञ्च **ज्ञानसारे निःस्पृहाष्टके** - **'स्वभावलाभात्किमपि, प्राप्तव्यं नावशिष्यते । इत्यात्मैश्वर्यसम्पन्नो, निःस्पृहो जायते मुनिः ॥१२१॥'**

जीवाः स्वेच्छया मनोवचःकायान्प्रवर्त्तयन्ति । ततस्त आपातरम्यमल्पकालस्थायि सुखं प्राप्य चिरकालं यावद्दुर्गतौ दुःखमनुभवन्ति । ततो दुःखनिरोधार्थं मनोवाक्कायानां निरोधः कर्त्तव्यः । अशुभमार्गेषु प्रवर्त्तमानास्ते निवारणीयाः शुभमार्गेषु च प्रवर्त्तयितव्याः । अयमेव संयमः । मुनिना तत्र रतेन भवितव्यम् । संयमरतो मुनिः काँश्चिदपि जीवान्न पीडयति । स सर्वेषां हितमेव चिन्तयति । यदुक्तं **ललितविस्तरायां** 'धम्मदयाणं' इति पदस्य **टीकायां श्रीहरिभद्रसूरिभिः** - **'साधुधर्म्मः पुनः सामायिकादिगतविशुद्धक्रियाभिव्यङ्ग्यः सकलसत्त्वहिताशयामृतलक्षणः स्वपरिणाम एव ।'**

इत्थं यदा मुनिर्निःसङ्गो निर्ममः शान्तो निरीहः संयमरतश्च भवति तदा स समो

છે. સુખ અને દુઃખનું આ સંક્ષેપમાં લક્ષણ કહ્યું છે.(૧૨૮)' મુનિ બાહ્ય લાભોને ઝંખતો નથી. તે સ્વભાવના લાભને જ ઇચ્છે છે. સ્વભાવનો લાભ તો ઇચ્છાના ત્યાગથી જ થાય છે. તેથી મુનિ ઇચ્છારહિત બને છે. **જ્ઞાનસારના નિઃસ્પૃહાષ્ટકમાં** કહ્યું છે - 'સ્વભાવના લાભ સિવાય કંઈ પણ મેળવવાનું બાકી નથી. આમ આત્માના ઐશ્વર્યથી યુક્ત મુનિ નિઃસ્પૃહ બને છે.(૧૨૧)'

જીવો પોતાની ઇચ્છાથી મન-વચન-કાયાને પ્રવર્તાવે છે. તેથી તેઓ શરૂઆતમાં સુંદર અને અલ્પકાળ રહેનારા સુખને પામીને લાંબા કાળ સુધી દુર્ગતિમાં દુઃખને અનુભવે છે. માટે દુઃખને દૂર કરવા મન-વચન-કાયાનો નિરોધ કરવો. અશુભ માર્ગોમાં પ્રવર્તતાં તેમને અટકાવવા અને શુભ માર્ગોમાં પ્રવર્તાવવા. આ જ સંયમ છે, મુનિએ તેમાં રત થવું. સંયમમાં રત મુનિ કોઈપણ જીવને પીડતો નથી. તે બધાના હિતને જ વિચારે છે. **ललितविस्तरामां** ધમ્મદયાણં પદની **ટીકામાં શ્રીહરિભદ્રસૂરિ મહારાજે** કહ્યું છે - 'સાધુધર્મ એટલે સામાયિક વગેરેમાં રહેલ વિશુદ્ધ ક્રિયાથી અભિવ્યક્ત થનાર બધા જીવોના હિતનો હાર્દિક અમૃત સ્વરૂપ પોતાનો પરિણામ જ.'

આમ જ્યારે મુનિ સંગરહિત, મમતારહિત, શાંત, ઇચ્છારહિત અને સંયમમાં

भवति, तदा तस्याऽऽत्मस्वरूपमाविर्भवति, तस्याऽऽत्मनि समतानन्दस्योदयो भवति । तेन दुःखान्धकारस्य विलयो भवति ॥२९॥

अवतरणिका - अन्तस्तत्त्वे उद्भासिते समतानन्दः प्राप्यते । अत उपमया समतानन्दं वर्णयति -

मूलम् - सद्वृक्षं प्राप्य निर्वाति, रवितप्तो यथाऽध्वगः ।
[1]मोक्षाध्वस्थस्तपस्तप्त-स्तथा[2] योगी [3]परं लयम् ॥३०॥

अन्वयः - यथा रवितप्तोऽध्वगः सद्वृक्षं प्राप्य निर्वाति तथा मोक्षाध्वस्थस्तपस्तप्तो योगी परं लयं (प्राप्य निर्वाति) ॥३०॥

पद्मीया वृत्तिः - **यथा**शब्दो दृष्टान्तोपन्यासे, **रवितप्तः** - रविना-सूर्येण तप्तः - तापपीडित इति रवितप्तः, **अध्वगः** - अध्वनि-मार्गे गच्छति-चलतीति अध्वगः, **सद्वृक्षं** - सन्-प्रभूतशाखापत्रादिसम्पन्नत्वेन शोभनश्चासौ वृक्षः-तरुश्चेति सद्वृक्षः, तम्, **प्राप्य** - लब्ध्वा, **निर्वाति** - विश्राम्यति, **तथा**शब्दो दार्ष्टान्तिकप्रदर्शने, **मोक्षाध्वस्थः** - मोक्षस्य-मुक्तेरध्वा मार्गो रत्नत्रयरूप इति मोक्षाध्वा, तत्र तिष्ठतीति मोक्षाध्वस्थः-रत्नत्रयाऽऽराधकः, **तपस्तप्तः** - तपसा-बाह्याभ्यन्तरभेदभिन्नेन तप्तः-श्रान्त इति तपस्तप्तः, **योगी** - पूर्वोक्तस्वरूपः, **परम्** - सर्वोत्तमम्, **लयम्** - साम्यरूपम्, **प्राप्य निर्वाती**त्यत्राऽध्याहार्यम् ।

२त બને છે ત્યારે તે સમાન બને છે, ત્યારે તેનું આત્મસ્વરૂપ પ્રગટે છે, તેના આત્મામાં સમતાના આનંદનો ઉદય થાય છે. તેથી દુઃખરૂપી અંધકારનો નાશ થાય છે. (૨૯)

અવતરણિકા - અંદરમાં તત્ત્વનો પ્રકાશ થવા પર સમતાનો આનંદ મળે છે. તેથી હવે ઉપમાથી સમતાના આનંદનું વર્ણન કરે છે -

શબ્દાર્થ - જેમ સૂરજથી તપેલો મુસાફર સારા વૃક્ષને પામીને ઠંડકને અનુભવે છે, તેમ મોક્ષના માર્ગમાં રહેલો, તપથી તપેલો યોગી સમતારૂપી સર્વોત્તમ લયને પામીને ઠંડક અનુભવે છે. (૩૦)

---

१. मोक्षाध्वगस्तपस्तप्त... C। २. ..... तप्त्वा - F। ३. लयं परम् - F, I, परलयम् - K।

पान्थो देशाद्देशान्तरं गच्छति । गमनेन स श्राम्यति । सूर्यस्याऽऽतपेन स ताप्यते । स तृषाकुलो भवति । तस्य गात्राणि वस्त्राणि च स्वेदेन क्लिद्यन्ति । स छायामभिलषति । एकस्मिन्देशे स एकं महान्तं वृक्षं पश्यति । स तस्याऽधो विशालां छायां पश्यति । ततः स मोदते । स शीघ्रं वृक्षदेशं गत्वा वृक्षस्याधः शीतलछायायामुपविशति । तेन तस्य तापः शाम्यति । तस्य तृषाऽपि शाम्यति । तस्य श्रमोऽप्यपगच्छति । तस्य गात्रवस्त्रयोः स्वेदः शुष्यति । इत्थं स तत्र सुंखमनुभवति ।

सम्यग्दर्शनं सम्यग्ज्ञानं सम्यक्चारित्रमिति मोक्षमार्गः । उक्तञ्च **तत्त्वार्थाधिगमसूत्रे प्रथमाध्याये - 'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ॥११॥' श्रीअध्यात्मबिन्दावप्युक्तं महोपाध्यायश्रीहर्षवर्धनगणिभिः - 'मुक्तेरध्वाऽयमेको भवति हि, किल दृग्-ज्ञान-वृत्तत्रयात्मा ... ॥४।४॥'** योग्येतानि त्रीण्याराधयति । स जिनोक्ततत्त्वानि श्रद्दधाति । स तानि न शङ्कते। स परदर्शनानि नाकाङ्क्षति । इत्यादिप्रकारैः स सम्यग्दर्शनमाराधयति । स शास्त्राण्यधीते । स परान्पाठयति । स शास्त्रार्थान् सूक्ष्मबुद्ध्या चिन्तयति ।

पद्मीयावृत्तिनो भावानुवाद - મુસાફર એક દેશમાંથી બીજા દેશમાં જાય છે. ચાલવાથી તે થાકી જાય છે. સૂરજના તડકાથી તે તપે છે. તે તરસ્યો થાય છે. તેના શરીર અને વસ્ત્રો પસીનાથી ભીના થાય છે. તે છાંયડાને ઝંખે છે. એક જગ્યાએ તે એક મોટા ઝાડને જુવે છે. તે તેની નીચે વિશાળ છાંયડાને જુવે છે. તેથી તે ખુશ થાય છે. તે જલ્દીથી ઝાડ પાસે જઈને ઝાડની નીચે ઠંડા છાંયડામાં બેસે છે. તેનાથી તેનો તાપ શાંત થાય છે. તેની તરસ પણ શમે છે. તેનો થાક પણ ઊતરે છે. તેના શરીર અને વસ્ત્રોનો પસીનો સુકાઈ જાય છે. આમ ત્યાં તે સુખ અનુભવે છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. **तत्त्वार्थाधिगमसूत्रના પહેલા અધ્યાય**માં કહ્યું છે - 'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષમાર્ગ છે (૧૧).' **મહોપાધ્યાયશ્રીહર્ષવર્ધનગણિએ અધ્યાત્મબિંદુ**માં કહ્યું છે - 'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ મોક્ષનો આ એક માર્ગ છે. (૪/૪)' યોગી આ ત્રણેની આરાધના કરે છે. તે ભગવાને કહેલા તત્ત્વો ઉપર શ્રદ્ધા રાખે છે. તે તેમની શંકા કરતો નથી. તે પરદર્શનોને ઝંખતો નથી. આવી રીતે તે સમ્યગ્દર્શનની આરાધના કરે છે. તે શાસ્ત્રો ભણે છે. તે બીજાને ભણાવે છે. તે

स परेभ्यो धर्मदेशनां ददाति । इत्यादिप्रकारैः स सम्यग्ज्ञानमाराधयति । स पञ्चसमितीः त्रिगुप्तीश्च पालयति । स प्रतिलेखन-प्रतिक्रमणादीन् सर्वान्संयमयोगान् यथाविधि समाचरति । इत्यादिप्रकारैः स सम्यक्चारित्रमाराधयति । स कर्मनिर्जरार्थं षड्विधं बाह्यं षड्विधमाभ्यन्तरं च तपः करोति । इत्थं योगी प्रकृष्टां साधनां करोति । ततस्तत्फलरूपां समतां स प्राप्नोति । स तस्यां लीनो भवति । स समतामवाप्य विश्राम्यति । स्वसाध्यसिद्धेः स आनन्दमवाप्नोति । इष्टदेशप्राप्त्या यथा जनस्तुष्यति तथा योगी परमां समतामवाप्य सहजमानन्दमनुभवति ॥३०॥

अवतरणिका - योगी समतानन्दं प्राप्नोतीति प्रतिपादितम् । ततः स यत्करोति तद्दर्शयति -

मूलम् - इति साम्यतनुत्राण-त्रातचारित्रविग्रहः ।
मोहस्य ध्वजिनीं धीरो, विध्वंसयति [१]लीलया ॥३१॥

[२]इति [३]श्रीयोगसारे साम्योपदेशस्तृतीयः प्रस्तावः ।

શાસ્ત્રના અર્થોને સૂક્ષ્મ બુદ્ધિથી વિચારે છે. તે બીજાને ધર્મની દેશનાઓ આપે છે. આવી રીતે તે સમ્યગ્જ્ઞાનની આરાધના કરે છે. તે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓને પાળે છે. તે પડિલેહણ-પ્રતિક્રમણ વગેરે સંયમના બધા યોગોને વિધિપૂર્વક આચરે છે. આવી રીતે તે સમ્યક્ચારિત્રની આરાધના કરે છે. તે કર્મનિર્જરા માટે છ પ્રકારનો બાહ્ય અને છ પ્રકારનો અભ્યંતર તપ કરે છે. આમ યોગી પ્રકૃષ્ટ સાધના કરે છે. તેથી તેના ફળરૂપ સમતાને તે પામે છે. તે તેમાં લીન થાય છે. તે સમતાને પામીને વિશ્રામ કરે છે. પોતાનું સાધ્ય સિદ્ધ થવાથી તે આનંદ પામે છે. ઈષ્ટ સ્થાને પહોંચીને જેમ માણસ ખુશ થાય છે, તેમ યોગી પરમ સમતા પામીને સહજ આનંદને અનુભવે છે. (૩૦)

અવતરણિકા - યોગી સમતાનંદને પામે છે એ બતાવ્યું. ત્યાર પછી તે જે કરે છે તે બતાવે છે -

---

१. हेलया - D। २. इति श्रीयोगसारे साम्योपदेशस्तृतीयोऽधिकारः - F, इति० तृतीयः साम्योपदेशप्रस्तावः - D, इति योगसारे साम्योपदेशस्तृतीयप्रस्तावः समाप्तः - G, इति योगसारः समाप्तः ।१। - H, I, साम्योपदेशः प्रस्तावः - K। ३. योगसारे - J, L।

अन्वयः - इति साम्यतनुत्राणत्रातचारित्रविग्रहो धीरो मोहस्य ध्वजिनीं लीलया विध्वंसयति ॥३१॥

पद्मीया वृत्तिः - इति - तृतीयप्रस्तावगतत्रिंशच्छ्लोकोक्तप्रकारेण, **साम्यतनुत्राणत्रात-चारित्रविग्रहः** - तनोः-शरीरस्य त्राणः-रक्षक इति तनुत्राणः-वर्म, साम्यम्-समतैव तनुत्राण इति साम्यतनुत्राणः, चारित्रम्-संयम एव विग्रहः-शरीरमिति चारित्रविग्रहः, साम्यतनुत्राणेन त्रातः-रक्षितश्चारित्रविग्रहो येन स साम्यतनुत्राणत्रातचारित्रविग्रहः, **धीरः** - धिया-तत्त्वदृष्ट्या राजते इति धीरः-तत्त्वज्ञानी, **मोहस्य** - मोहनीयकर्मविपाकरूपस्य सर्वजगत्पीडाकारिणः संसारबीजस्य, **ध्वजिनीम्** - सेनाम्, **लीलया** - अनायासेन, **विध्वंसयति** - नाशयति ।

युद्धे भटाः स्वशरीरे वर्म परिदधति । ततः शत्रुभिर्मुक्तानि शस्त्राणि तान् न पीडयन्ति । ततस्ते निर्भयीभूत्वा शत्रुभिः सह युध्यन्ते । शत्रुसैन्यं ते हेलया निहन्ति । तेषां विजयो भवति । चारित्रं योगिन आभ्यन्तरं शरीरम् । साम्यं योगिनो वर्मरूपम् । योग्यान्तरशत्रुभिः सह युद्धं करोति । मोह आन्तरशत्रूणां राजा । आन्तरशत्रवो योगिनं निर्दयं प्रहरन्ति । योगिनः संयमदेहः साम्यवर्मणा वर्मितो भवति । तत आन्तरशत्रुप्रहाराणां तस्मिन् कश्चिदपि प्रभावो न भवति । ते योगिनं मोहाकुलं कर्तुं न शक्नुवन्ति । प्रत्युत योग्येव साम्येन

शब्दार्थ - આ રીતે સમતાના કવચથી રક્ષાયેલા ચારિત્રરૂપી શરીરવાળો ધીર મુનિ મોહની સેનાનો રમતથી નાશ કરે છે. (૩૧)

पद्मीयावृत्तिनो भावानुवाद - યુદ્ધમાં સૈનિકો પોતાના શરીર ઉપર બખ્તર પહેરે છે. તેથી શત્રુઓએ છોડેલા શસ્ત્રો તેમને પીડતાં નથી. તેથી તેઓ નિર્ભય થઈને દુશ્મનો સાથે લડે છે. શત્રુઓની સેનાને તેઓ રમતમાં હણે છે. તેમનો વિજય થાય છે. ચારિત્ર એ યોગીનું અંદરનું શરીર છે. સમતા એ યોગીનું કવચ છે. યોગી અંદરના દુશ્મનો સાથે લડે છે. મોહ એ અંદરના શત્રુઓનો રાજા છે. અંદરના શત્રુઓ યોગી ઉપર નિર્દય રીતે પ્રહારો કરે છે. યોગીનું સંયમશરીર સમતારૂપી કવચથી આવરાયેલું છે. તેથી અંદરના દુશ્મનોના પ્રહારોની તેની ઉપર કોઈ પણ અસર થતી નથી. તેઓ તેને મોહથી આકુળ કરી શકતા નથી, ઊલટું યોગી જ

मोहराजसैन्यं निहन्ति । मोहराजस्य सैन्येऽष्टाविंशतिर्भटाः सन्ति । तद्यथा-मिथ्यात्वमोहनीयं मिश्रमोहनीयं सम्यक्त्वमोहनीयं षोडशकषाया नवनोकषायाश्च । मोहसैन्ये सर्वथा निहते योगी वीतरागत्वमश्नुते । ततोऽचिरेण शेषघातिकर्मत्रयमपि क्षीयते । ततो योगी सर्वज्ञः सर्वदर्शी च भवति । ततो जघन्यतोऽन्तर्मुहूर्त्तेनोत्कृष्टतो देशोनपूर्वकोटिवर्षकालेन शेषमघातिकर्मचतुष्टयं विनाश्य योगी मुक्तो भवति । इत्थं संसारवासस्य मूलकारणं मोहः । मोक्षप्राप्तेर्मूलकारणं मोहक्षयः ।

यावदात्मा साम्यवर्मितो न भवति तावत्स मोहप्रहाराणां वशे भवति । तदा मोह एव प्रभवति न त्वात्मा । स सततं मोहेन पीड्यते । मोहेन नष्टचेतनः स तत्त्वातत्त्वं न चेतयते । युद्धं कुर्वन्भटो यदि वर्मितो न भवेत्तर्हि युद्धे तस्य पराजयो मृत्युर्वा भवेत् । एवं साम्येनाऽवासित आत्मा मोहयुद्धे पराजयते । ततः स भवभ्रमणं करोति । युद्धं कुर्वन्भटो यदि वर्मितो भवेत्तर्हि स निर्भयो भूत्वा शत्रुणा सह युध्यते । स शत्रुं पराभूय

સમતાથી મોહરાજના સૈન્યને હણે છે. મોહરાજાના સૈન્યમાં અઠ્યાવીશ સૈનિકો છે. તે આ પ્રમાણે - મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, સોળ કષાયો અને નવ નોકષાયો. મોહની સેના સંપૂર્ણ રીતે હણાઈ જાય એટલે યોગી વીતરાગ બની જાય છે. પછી ટૂંક સમયમાં બાકીના ત્રણ ઘાતિકર્મોનો પણ ક્ષય થાય છે. તેથી યોગી સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે. પછી જઘન્યથી અંતર્મુહૂર્તમાં અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોડ વર્ષમાં બાકીના ચાર અઘાતિ કર્મોનો નાશ કરીને યોગી મુક્ત થાય છે. આમ સંસારમાં રહેવાનું મૂળ કારણ મોહ છે. મોક્ષપ્રાપ્તિનું મૂળ કારણ મોહનો ક્ષય છે.

જ્યાં સુધી આત્માની ઉપર સમતાનું કવચ હોતું નથી, ત્યાં સુધી તે મોહના પ્રહારોને વશ થાય છે. ત્યારે મોહ જ બળવાન બને છે, આત્મા નહીં. તે સતત મોહથી પીડાય છે. મોહથી તેની ચેતના નષ્ટ થવાથી તે તત્ત્વાતત્ત્વને જાણતો નથી. યુદ્ધ કરનારા સૈનિકે જો બખ્તર ન પહેર્યું હોય તો યુદ્ધમાં તેનો પરાજય કે મૃત્યુ થાય. એમ સમતાથી વાસિત નહીં થયેલો આત્મા મોહ સાથેના યુદ્ધમાં હારી જાય છે. તેથી તે સંસારમાં ભમે છે. યુદ્ધ કરનારા સૈનિકે જો બખ્તર પહેર્યું હોય તો તે નિર્ભય થઈને દુશ્મન સાથે લડે છે. તે દુશ્મનને હરાવીને કે હણીને વિજય મેળવે

हत्वा वा विजयं प्राप्नोति । एवं साम्यभावितात्मा मोहयुद्धे निर्भयो भूत्वा मोहभटान्हन्ति । ततः स वीतरागो भवति । उक्तञ्च **साम्यशतके श्रीविजयसिंहसूरिभिः - 'साम्यब्रह्मास्त्र-मादाय, विजयन्तां मुमुक्षवः । मायाविनीमिमां मोहरक्षोराजपताकिनीम् ॥९५॥'**

इत्थं साम्यात्तिर्मोहहननोपायरूपाऽस्ति । ततः सर्वप्रथमं साम्यप्राप्त्यर्थं प्रयतनीयम् ॥३१॥

इति श्रीयोगसारे तृतीयस्य साम्योपदेशप्रस्तावस्य पद्मीया वृत्तिः सम्पूर्णतामिता ।



છે. એમ સમતાથી ભાવિત થયેલો આત્મા મોહ સાથેના યુદ્ધમાં નિર્ભય થઈને મોહના સૈનિકોને હણે છે. તેથી તે વીતરાગ બને છે. **સામ્યશતક**માં **શ્રીવિજયસિંહ-સૂરિજી**એ કહ્યું છે - 'હે મુમુક્ષુઓ ! સામ્યરૂપી બ્રહ્માસ્ત્રને લઈને મોહરૂપી રાક્ષસરાજની માયાવી સેનાને જીતો. (૯૫)'

આમ સમતાની પ્રાપ્તિ એ મોહને હણવાનો ઉપાય છે. માટે સૌથી પહેલા સમતાની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો. (૩૧)

આમ શ્રીયોગસારના સમતાનો ઉપદેશ આપનારા ત્રીજા પ્રસ્તાવની પદ્મીયા વૃત્તિનો ભાવાનુવાદ પૂર્ણ થયો.





पूर्वमहर्षिविरचितः

योगसारः

पद्मीयवृत्ति-तद्गुर्जरभावानुवाद-विभूषितः

प्रथमो भागः

समाप्तः

नाञ्चलो मुखवस्त्रं न, न राका न चतुर्दशी।
न श्राद्धादिप्रतिष्ठा वा, तत्त्वं किन्त्वमलं मनः ।।२/२४।।

- योगसारः

ઉપરના વસ્ત્રના છેડારૂપ અંચલ એ તત્ત્વ નથી,
મુહપત્તિ એ તત્ત્વ નથી, પૂનમ એ તત્ત્વ નથી,
ચૌદસ એ તત્ત્વ નથી કે
શ્રાવક વગેરેએ કરેલી પ્રતિષ્ઠા એ તત્ત્વ નથી,
પણ નિર્મળ મન એ તત્ત્વ છે. (૨/૨૪)

- યોગસાર

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106

MULTY GRAPHICS
(022) 23875222, 23884222